


# આગમ મનીષી
# શ્રી તિલોકચંદ જૈન દ્વારા સંપાદિત
# મીઠી મીઠી લાગે મહાવીરની દેશના
## : તત્ત્વશાસ્ત્ર – 3 :

નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર, ઔપપાતિક સૂત્ર,
પ્રજ્ઞપ્તિ સૂત્ર, વૈજ્ઞાનિક વિચારણાઓ

# જૈનાગમ નવનીત – ૭

# મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના

તત્ત્વશાસ્ત્ર ખંડ–3

આગમ મનીષી
શ્રી ત્રિલોકમુનિજી મ. સા.

: ગુજરાતી ભાષાંતર :
૧. બા.બ્ર. પૂ. શૈલાબાઈ મ. સ.
૨. મણીબહેન રાઘવજી શાહ, પ્રાગપર (કચ્છ)



## તત્ત્વ શાસ્ત્ર : ખંડ–3

## નંદી સૂત્ર

**પ્રસ્તાવના :–**

નંદીસૂત્ર અંગબાહ્ય અને ઉત્કાલિક સૂત્ર છે. વર્તમાનમાં અંગબાહ્યના વિવિધ વિભાગ પ્રચલિત છે. યથા– ઉપાંગ, છેદ, મૂળસૂત્ર ઈત્યાદિ. જેમાં નંદી સૂત્ર ચાર મૂળ સૂત્રોમાં ગણાય છે.

આ સૂત્રમાં મુખ્યત: પાંચ જ્ઞાનનું તાત્ત્વિક અને વિસ્તૃત વર્ણન છે. જ્ઞાન મોક્ષમાર્ગનું મુખ્ય અંગ છે. તેથી જ્ઞાનના વર્ણનયુક્ત આ સૂત્રને મૂળ સૂત્રોમાં માનવામાં આવેલ છે. જ્ઞાન આત્માને વાસ્તવિક આનંદ આપે છે. તેથી આ સૂત્રનું 'નંદી' એટલે આનંદ આપનારું, એ સાર્થક નામ છે.

**રચનાકાર :–** આ સૂત્રની રચના દેવવાચક શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરી છે. તેઓ આચાર્ય શ્રી દુષ્યગણિના શિષ્ય હતા. તેઓએ સમસ્ત જૈનાગમોને વીર સંવત ૯૮૦ માં લિપિ બદ્ધ કરાવ્યા હતા. નંદી સૂત્રની રચનાના સમયે તેઓ ઉપાધ્યાય પદ પર હતા. શાસ્ત્ર લેખનના સમયે તેઓ આચાર્ય પદ પર હતા. એ સમયે ભાષા શૈલીમાં ઉપાધ્યાય પદ માટે વાચક શબ્દનો પ્રયોગ થતો હતો અને આચાર્ય પદ માટે ગણિ શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો. તેમજ યુગપ્રધાન માટે ક્ષમાશ્રમણ શબ્દનો પ્રયોગ થતો હતો. અતઃ નંદી સૂત્રના રચયિતા દેવ વાચક જ સૂત્ર લેખન કરાવનારા દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ હતા.

વર્તમાનમાં આચાર્ય શ્રી આત્મારામજી મ.સા. પહેલાં ઉપાધ્યાય પદમાં પ્રસિદ્ધ હતા. પછી આચાર્ય પદે પ્રસિદ્ધિ પામ્યા. આ નંદી સૂત્રના એક સંપાદનમાં ભૂમિકા લેખકના રૂપમાં ઉપાધ્યાય શ્રી આત્મારામજી મ.સા. છે. એવં અન્ય કોઈ જગ્યાએ ''આચાર્ય શ્રી આત્મારામજી મ.સા.'' એવા લેખો પણ પ્રાપ્ત થાય છે. કાળાંતરે આ બન્ને નામોમાં ભિન્નતા દેખાશે. પરન્તુ વાસ્તવમાં બન્ને નામ એક જ વ્યક્તિના છે.

વર્તમાનમાં આચાર્ય શ્રી હસ્તીમલજી મ.સાહેબે અનેક આગમોનું સંપાદન કર્યું હતું. તેઓ જ્યારે આગમનું સંપાદન કરતા હતા ત્યારે ઉપાધ્યાયપદ પર હતા. તેઓની દરેક કૃતિ ઉપર ઉપાધ્યાય પદ અંકિત છે. જોકે તેઓ પાછળથી ઘણા વર્ષો આચાર્ય પદ પર રહી આચાર્ય તરીકે પ્રસિદ્ધિ પામેલ છે. આચાર્ય અવસ્થામાં પણ તેમણે આગમોનું અને ઈતિહાસ ગ્રંથોનું સંપાદન કર્યું છે. આ રીતે ઉપાધ્યાય અંકિત અને આચાર્ય અંકિત તે બધા ગ્રંથો અને આગમો એક જ વ્યક્તિના

સંપાદિત છે એ સત્ય છે. તેમજ દેવવાચક અને દેવર્દ્ધિગણિ તે એક જ વ્યક્તિના બે ઉપાધિયુક્ત નામ છે.

આચાર્ય શ્રી દૂષ્યગણિના શિષ્ય શ્રી 'દેવ વાચક' અપર નામ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જ નંદી સૂત્રના રચયિતા છે. કલ્પસૂત્રના રચયિતા પણ દેવર્દ્ધિગણિને માનવામાં આવેલ છે અને તેમાં દેવર્દ્ધિગણિની સ્તુતિમાં ગુણગ્રામયુક્ત વંદના પણ કરાઈ છે.

**રચિત સંકલિત અથવા ઉદ્ધૃત :–** દ્વાદશાંગીની રચના ગણધર કરે છે અને એના અવલંબનથી બહુશ્રુત પૂર્વધર શ્રમણો અન્ય સૂત્રોને ઉદ્ધૃત કે સંકલિત કરે છે. અથવા એ જ ગણધર કૃત એક અથવા અનેક આગમોનો આધાર લઈને નૂતન સૂત્રની રચના કરે છે. અતઃ અંગબાહ્ય સૂત્રોના સંકલન કર્તા બહુશ્રુત ભગવંત એક અપેક્ષાએ રચયિતા છે. મૌલિક રચના ગણધરોની જ માનવી જોઈએ. કારણ કે એમના આધારે રચેલા ગ્રંથ જ આગમની પ્રામાણિકતામાં સમાવેશ પામી શકે છે. અતઃ ગણધરો સિવાય અન્ય બહુશ્રુતોને અપેક્ષાએ રચનાકર્તા, સંકલનકર્તા યા ઉદ્ધૃતકર્તા કહી શકાય છે.

નંદી સૂત્રને ઉત્કાલિક સૂત્રમાં ગણવામાં આવ્યું છે. બહુશ્રુતો દ્વારા પોતાની શૈલીમાં રચિત આગમ ઉત્કાલિક કહેવાય છે. અર્થાત્ ઉત્કાલિક કહેવાથી નંદી સૂત્રને ઉદ્ધૃત કહેવાની અપેક્ષાએ રચિત કહેવું વિશેષ યોગ્ય છે.

**વિષય :–** નંદી સૂત્રના પ્રારંભમાં ૫૦ ગાથાઓમાં તીર્થંકર, સંઘ અને બહુશ્રુત યુગપ્રધાન પૂર્વધરોની સ્તુતિ ગુણગ્રામ તથા વિનય ભક્તિ અને વંદના કરેલ છે. પશ્ચાત્ ભેદ-પ્રભેદ યુક્ત પાંચ જ્ઞાનનું વિસ્તૃત વર્ણન છે. અંતમાં દ્વાદશાંગીનો પરિચય આપવામાં આવ્યો છે.

**પરિમાણ :–** આ સૂત્રમાં વિભાગ, અધ્યયન, ઉદ્દેશક આદિ કંઈ નથી. આ તેની સ્વયંની અલગ વિશેષતા છે. ઉપલબ્ધ આ સૂત્રને ૭૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે. વાસ્તવમાં ગણતરી કરવાથી ૨૦૬૮૬ અક્ષર થાય છે જેના ૬૪૬ શ્લોક થાય છે અને ૧૪ અક્ષર શેષ રહે છે. આ પ્રકારે જ્ઞાત થાય છે કે લેખનકાળમાં અપેક્ષાએ અનુમાનથી શ્લોક સંખ્યા અંકિત કરવામાં આવી છે. જે પરંપરાથી આજ સુધી તે જ રૂપે માન્ય કરવામાં આવે છે.

**સંસ્કરણ :–** નંદી સૂત્ર પર પ્રાચીન ચૂર્ણિ એવં ટીકાઓ પ્રકાશિત છે. અન્ય પણ મૂળ કે અર્થ સહિત તથા વિવેચન યુક્ત અનેક સંસ્કરણ પ્રકાશિત થયેલ છે. મંગલકારી એવં આનંદકારી સમજીને આ સૂત્રનો સ્વાધ્યાય શ્રમણ, શ્રમણોપાસક વર્ગ કરે છે. તેથી આ સૂત્ર જૈન સમાજમાં ખૂબ જ પ્રસિદ્ધ છે.

*આગમ મનીષી તિલોક મુનિ*



## નંદી સૂત્રનો સારાંશ

### સ્તુતિ ગુણગ્રામ :–

(૧) જગતગુરુ, જગતનાથ, જગતબંધુ, જગતપિતામહ, સંપૂર્ણ ચરાચર પ્રાણીઓના વિજ્ઞાતા અંતિમ તીર્થંકર પ્રભુ મહાવીરનો જય હો.

(૨) જગતમાં ભાવ ઉદ્યોત કરવાવાળા, દેવ દાનવોથી વંદિત, બધા કર્મોથી મુક્ત, એવા પ્રભુ વીતરાગ ભગવાન મહાવીરના શાસનનું કલ્યાણ હો.

(૩) (૧) નગરની ઉપમાવાળા, (૨) ચક્રની ઉપમાવાળા, (૩) રથની ઉપમાવાળા, (૪) કમળની ઉપમાવાળા, (૫) ચંદ્રની, (૬) સૂર્યની (૭) સમુદ્રની (૮) મેરુની ઉપમાવાળા મહાસંઘનો સદા જય હો અને એવા ગુણાગર સંઘને વંદન હો.

(૪) આદિ તીર્થંકર ઋષભદેવથી લઈ ચરમ તીર્થંકર ભગવાન વર્ધમાન સ્વામી તથા સમસ્ત ગણધરોને વંદન હો.

(૫) નિર્વાણ માર્ગના પથ પ્રદર્શક, સંપૂર્ણ પદાર્થોનું સમ્યગ્ જ્ઞાન કરાવનારા, કુદર્શન-મિથ્યામતના મદને નષ્ટ કરનારા, એવા જિનેન્દ્ર ભગવાનનું શાસન જયવંત હો.

(૬) ભગવાનના શાસનને ગતિમાન રાખનારા એવા પટ્ટધર શિષ્ય તથા કાલિકશ્રુત અને એના અર્થ પરમાર્થ(અનુયોગ) ને ધારણ કરનારા બહુશ્રુતોને (જ્ઞાનીને) વંદન નમસ્કાર હો.

જેમાં (૧) સુધર્મા સ્વામી (૨) જંબૂસ્વામી બંને મોક્ષગામી છે. શેષ દેવલોકગામી બહુશ્રુત ભગવંત છે. તેઓ આ પ્રમાણે છે– (૩) પ્રભવ (૪) શય્યંભવ (૫) યશોભદ્ર (૬) સંભૂતિ વિજય (૭) ભદ્રબાહુ (૮) સ્થૂલીભદ્ર (૯) મહાગિરિ (૧૦) સુહસ્તી (૧૧) બલિસ્સહ (૧૨) સ્વાતિ (૧૩) શ્યામાર્ય (૧૪) શાંડિલ્ય (૧૫) સમુદ્ર (૧૬) મંગૂ (૧૭) ધર્મ (૧૮) ભદ્રગુપ્ત (૧૯) વજ્ર (૨૦) રક્ષિત (૨૧) નન્દિલ (૨૨) નાગહસ્તિ (૨૩) રેવતીનક્ષત્ર (૨૪) બ્રહ્મદીપિકસિંહ (૨૫) સ્કંદિલાચાર્ય (૨૬) હિમવંત (૨૭) નાગાર્જુન (૨૮) ગોવિંદ (૨૯) ભૂતદિન્ન (૩૦) લોહિત્ય (૩૧) દૂષ્યગણી. એ સિવાય બીજા પણ જે કાલિક શ્રુતના અર્થ–પરમાર્થ ને ધારણ કરનારા અનુયોગધર શ્રમણ થયા છે તે સર્વને પ્રણામ કરીને જ્ઞાનની પ્રરૂપણા કરું છું. ઉપરોક્ત નામો, ન તો એકાંત ગુરુ પરંપરાના છે, ન સ્થવિર પરંપરાના છે, ન તો પાટ પરંપરાના છે પરંતુ સર્વે નામો સંમિશ્રિત છે. મુખ્યત્વે યુગપુરુષ, પ્રસિદ્ધિ પ્રાપ્ત, અનુયોગધરોના નામ સ્મરણ કરીને સૂત્રકારે શેષ સર્વ અનુયોગધરોને અંતિમગાથામાં પ્રણામ-વંદન કર્યા છે.

**ટિપ્પણી :–** અંતિમ નામ અનુયોગધર દૂષ્યગણિનું છે. સ્વયંનું નામ પણ સૂત્રકારે મૂળ પાઠમાં રાખ્યું નથી. ટીકાકાર ચૂર્ણિકારે સ્પષ્ટ કર્યું છે કે દૂષ્યગણિના શિષ્ય

દેવવાચક દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ આ સ્તુતિના રચનાકાર છે તથા તેઓ જ આ સૂત્રના રચયિતા છે.

**યોગ્યાયોગ્ય શ્રોતાઓના ચૌદ દષ્ટાંત :–**

(૧) મુદ્‌ગશૈલ એટલે મજબૂત પથ્થર. જેમ ચીકણા ગોળ પથ્થર પર સતત સાત દિવસ અને રાત પુષ્કલાવર્ત મેઘ વરસ્યા પછી પણ તે અંદરથી ભીંજાતો નથી. તેમ લાખ પ્રયત્ન કર્યા પછી પણ જેના હૃદયમાં શિક્ષા ઉતરતી નથી; તેવા શ્રોતાઓ શાસ્ત્ર, શિક્ષા, ઉપદેશ કે વચન શ્રવણ કરવા માટે અયોગ્ય છે.

(૨) પાણીના ઘડા ચાર પ્રકારના હોય છે– (૧) ઉપરથી મુખ પર ફૂટેલા (૨) વચમાંથી ફૂટેલા (૩) નીચેથી ફૂટેલા (૪) અખંડ. આ ચાર પ્રકારોમાંથી પાણી ધારણ કરવા માટે ચોથા પ્રકારનો ઘડો શ્રેષ્ઠ છે. બાકી ત્રણ પ્રકારના ઘડા પાણી ધારણ કરવા માટે અયોગ્ય છે. એજ પ્રમાણે જે શ્રોતાઓ સર્વે જ્ઞાન, શિક્ષા ગ્રહણ કરી શકે છે, તેઓ શ્રેષ્ઠ છે.

(૩) જેવી રીતે ચાળણીમાંથી પાણી નીકળી જાય છે, તેવી રીતે સાંભળ્યુ ન સાંભળ્યું કરી હૃદયમાં જેઓ ગુણને ગ્રહણ કરતા નથી તેઓ શ્રોતા તરીકે સંપૂર્ણ અયોગ્ય છે.

(૪) જેમ ઘી ગાળવાની ગળણી ઘીને જવા દઈ કીટુ રાખી લે છે તેમ જે ગુણોને છોડી દોષોને સ્વયંના હૃદયમાં રાખે છે; તેઓ શાસ્ત્ર શ્રવણ માટે અયોગ્ય છે.

(૫) જેમ હંસ દૂધ અને પાણીના મિશ્રણમાંથી ફક્ત દૂધને પીએ છે તેમ જેઓ ફક્ત ગુણને ગ્રહણ કરે છે અને અવગુણને છોડી દે છે તેઓ ઉપદેશ કે શાસ્ત્ર શ્રવણ ને યોગ્ય છે.

(૬) જેમ તળાવના પાણીને ભેંસ હલાવીને ડહોળું કરી નાખે છે તથા એજ ડહોળું પાણી સ્વયં પીએ છે તથા બીજાને પણ પીવું પડે છે, તેમ અવિનિત શિષ્ય સ્વયં શાસ્ત્ર કે શિક્ષણ ગ્રહણ કરતો નથી અને બીજાને પણ ગ્રહણ કરવા દેતો નથી. તેઓ શાસ્ત્ર શ્રવણ માટે અયોગ્ય છે.

(૭) નદી કિનારે જેમ બકરી શાંતિથી ઘૂંટણ ટેકવીને પાણીને હલાવ્યા વગર સ્વચ્છ પાણી પીએ છે. તેવી રીતે જેઓ સ્વયં શાંતિથી જ્ઞાન શ્રવણ કરે છે તથા બીજાને શાંતિથી જ્ઞાન શ્રવણ કરવા દે છે, તેઓ શ્રેષ્ઠ શ્રોતા છે.

(૮) જેમ મચ્છર શરીર પર બેસીને શરીરને કષ્ટ આપે છે, તેમ જે શ્રોતા આચાર્ય તથા ઉપદેશક ને કષ્ટ આપે છે તે અયોગ્ય શ્રોતા છે.

(૯) જેમ જળો શરીરને કષ્ટ આપ્યા વિના ગંદુ લોહી પી જાય છે અને શરીરમાં લોહીનું પરિભ્રમણ વ્યવસ્થિત રાખે છે. તેમ જેઓ આચાર્યને કષ્ટ આપ્યા વિના ઈશારા માત્રથી ઉપદેશ ગ્રહણ કરે છે તેઓ શાસ્ત્રજ્ઞાન ગ્રહણ કરવા યોગ્ય છે.

(૧૦) જેમ બિલાડી દૂધના તપેલાને ઢોળીને ધૂળયુક્ત દૂધ પી જાય છે. તેમ જે



અહંકારવશ આચાર્યની શાસ્ત્રોક્ત વાત સાંભળી ન સાંભળી કરીને આજુબાજુની મિથ્યા વાતોમાં રસ ધરાવે છે તે શ્રોતા પણ અયોગ્ય છે.

(૧૧) વિશિષ્ટ પ્રકારનો ઉંદર વાસણમાંથી થોડું દૂધ પીએ છે તથા આજુબાજુ ચાટીને સાફ કરે છે અને ફરી પાછું દૂધ પીએ છે. તેવી રીતે જે શિષ્ય આચાર્યનો ઉપદેશ સાંભળીને મનન કરે છે, ફરી સાંભળે છે અને હૃદયમાં ઉતારે છે. તેવા શ્રોતા ઉપદેશ કે જ્ઞાનને યોગ્ય છે.

(૧૨) ચાર બ્રાહ્મણોને એક ગાય દક્ષિણામાં મળી. વારાફરથી ચારે બ્રાહ્મણ એક-એક દિવસ ગાયને દોહતા હતા અને ગાયનું દૂધ વાપરતા. પરંતુ બીજે દિવસે ગાયનો વારો બીજાનો છે એમ વિચારી ગાયને ઘાસચારો દેતા નહીં કે સાર સંભાળ રાખતા નહીં તેથી બિચારી ગાય મરી ગઈ. તેવી રીતે આચાર્યની સેવા કરવામાં જેઓ આળસ કરે કે ઉદાસીન રહે તથા સેવાનું કાર્ય અન્યના ભરોસે રાખે તેઓ ઉપદેશ ગ્રહણ કરવાને અયોગ્ય છે.

(૧૩) વાસુદેવ શ્રીકૃષ્ણની પાસે એક દિવ્ય ભેરી હતી અને એ વિઘ્ન વિનાશક તથા રોગ વિમુક્ત કરનારી હતી. ભેરીને વગાડવાથી આસપાસના વર્તુળમાં જ્યાં સુધી ભેરીનો અવાજ પહોંચે ત્યાં સુધી કોઈ બીમાર થતો નથી અને બીમાર હોય તો સ્વસ્થ થઈ જતું. એ ભેરીના અવાજની અસર છ મહિના સુધી રહેતી. ફરી પાછી છ મહિને ભેરી વગાડવામાં આવતી. ભેરીની પ્રશંસા સાંભળીને લોકો દૂર દૂરથી આ વર્તુળ(નગરમાં)માં રહેવા આવતા. પરંતુ તેઓને આ નગરમાં છ મહિના સુધી રહેવું મુશ્કેલ લાગતું તેથી ભેરી રક્ષક ગુપ્ત રીતે પુરસ્કાર લઈને તે ભેરીનો નાનો ટુકડો તોડીને આગંતુકને આપી દેતો અને ત્યાં ગમે તે લાકડાના ટુકડા જોડીને ભેરી વગાડતો. તેથી ભેરીનો અવાજ મંદ પડતો ગયો તથા ભેરીનો રોગ નાશક પ્રભાવ પણ મંદ પડતો ગયો. ભેરીનું નિરીક્ષણ કરતાં ભેદ ખુલી ગયો અને ભેરી રક્ષકને રજા અપાઈ ગઈ. વિદ્યા અને દેવની આરાધના કરીને શ્રીકૃષ્ણએ બીજી ભેરી પ્રાપ્ત કરી લીધી અને નવો ભેરી રક્ષક રાખ્યો. જેમ ભેરી ને ખંડિત કરનારો રક્ષક અયોગ્ય છે, તેમ શાસ્ત્રવિનાની વાતો, ધર્મગ્રંથો વિઢ્ઢના વાક્યો, અહીં તહીંથી સાંભળેલી વાતો ઉચ્ચારે તેવા શિષ્યો અયોગ્ય છે. પ્રભાવહીન ભેરીની જેમ શાસ્ત્રોને જે વિકૃત કરે તેવા શ્રોતાઓ પણ અયોગ્ય છે. બીજો ભેરી રક્ષક યોગ્ય વ્યક્તિ હતો અને એ રક્ષકથી રાજા ઘણો ખુશ હતો. કૃષ્ણ મહારાજાએ એને આજીવિકાની રકમ ખૂબ વધારી આપી. તેવી રીતે યોગ્ય શિષ્ય જિનવાણીની રક્ષા કરે અને જન્મ જન્માંતરો સુધી સુખનો ભોક્તા બને.

(૧૪) એક રબારી અને રબારણ ઘીના ઘડા ગાડામાં ભરી નગર તરફ વેચવા લઈ જતા હતાં. ગાડામાંથી ઉતરતી વેળાએ બન્નેની અસાવધાનીથી ઘી ભરેલો ઘડો જમીન પર ઢોળાઈ ગયો. બન્ને એક-બીજા પર આક્ષેપ, પ્રત્યાક્ષેપ કરવા લાગ્યા,

પણ કોઈએ પોતાની ભૂલ સ્વીકારી નહીં ને વિવાદ વધતો ગયો. તેટલામાં નીચે પડેલું ઘી કુતરો ચાટી ગયો. થોડીવાર પછી બન્ને શાંત થયા ને ઘી વેચીને ઘર તરફ ચાલવા લાગ્યા. ત્યાં સુધીમાં રાત પડી ગઈ હતી અને અંધારામાં ચોરોએ બન્નેનું મેળવેલું ધન લૂંટી લીધું. આવી રીતે એ લોકોનું ધન પણ ગયું ને ઘી પણ ગયું. જે શિષ્ય સ્વયંની ભૂલ ગુઢના કહેવા છતાં પણ સ્વીકારતો નથી ને કલહ કંકાશ કરે છે તે શ્રુત જ્ઞાનરૂપી ઘીની સંપત્તિ ખોઈ નાખે છે. એવા શિષ્ય અયોગ્ય છે.

જે આહીર દંપતિ શીઘ્ર પોતાની ભૂલ સ્વીકારી ઘીના ઘડાને સંભાળી લે અને શીઘ્ર વેચીને દિવસના સમયે જ ઘરે પહોંચી જાય છે, તેને વધારે નુકસાન થતું નથી. તેમ જે શિષ્ય શીઘ્ર પોતાની ભૂલ સ્વીકારી આચાર્યના ચિત્તની આરાધના કરે છે તે શ્રુતગ્રહણને યોગ્ય છે.

**શ્રોતાના ત્રણ પ્રકાર છે :– (૧) જાણિયા(જ્ઞાયિકા) :–** તત્વ જિજ્ઞાસુ, ગુણજ્ઞ, બુદ્ધિમાન, શ્રદ્ધાવાન, આત્માન્વેષી, ગુણોને ગ્રહણ કરીને દોષોને છોડી દે તેવા તથા હંસ સમાન સહજ સ્વભાવવાળા શ્રોતા પ્રથમ જ્ઞાયિકા-સમજદાર પરિષદમાં આવે છે.

**(૨) અજ્ઞાયિકા :–** જેઓ અબુધ બાળકની જેમ સરળ હૃદયના હોય છે તેઓ કોઈ પણ પ્રકારના મત મતાંતરથી દૂર હોય છે. તેઓ હીરાની ખાણમાંથી નીકળેલા અણઘડ હીરા જેવા હોય છે. તેને હીરાઘસુ ઈચ્છે તેવા નિત નવા ઘાટ આપે છે. તેવી રીતે આવા શ્રોતાઓને આચાર્યનો ઉપદેશ અંતરમાં ઊતરી જાય છે, તેઓ ગુણવાન, સન્માર્ગગામી, સંયમી, વ્રતી, વિદ્વાન, તપસ્વી બની શકે છે. આવા સરળ સ્વચ્છ હૃદયના અબોધ શ્રોતા અજ્ઞાયિકા–અજાણ પરિષદમાં આવે છે.

**(૩) દુર્વિદગ્ધા :–** જેમ ગામડાનો કોઈ અજ્ઞાની પંડિત શાસ્ત્રોક્ત જ્ઞાન ધરાવતો નથી પરન્તુ સ્વયંને મહાપંડિત, જ્ઞાની સમજે છે તથા અનાદર તથા અપમાનના ભયથી જ્ઞાની પંડિત પાસેથી જ્ઞાન ગ્રહણ કરતો નથી. તેવા શ્રોતાઓ વાયુ ભરેલી મશક જેવા ખાલી હોય છે. આવા અભિમાની, અવિનીત, દુરાગ્રહી, ખોટી મનમાની કરનારા પંડિત શ્રોતાઓની ગણતરી ત્રીજી દુર્વિદગ્ધા પરિષદમાં આવે છે. પ્રથમ શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) શાસ્ત્ર શ્રવણ કરવા માટે યોગ્ય છે. બીજી શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) પણ શાસ્ત્ર શ્રવણ કરવા યોગ્ય છે.

પરંતુ ત્રીજી શ્રેણીના શ્રોતાઓ(પરિષદ) સર્વથા શાસ્ત્ર શ્રવણ કરવા અયોગ્ય છે. તેઓ શાસ્ત્રનો ખરો અર્થ-પરમાર્થ સમજી શકતા નથી. તેમજ તેઓ શાસ્ત્રજ્ઞાનથી સ્વયંનું તથા અન્યનું કાંઈ પણ હિત કરી શકતા નથી. બલ્કે, તે જ્ઞાનને અહિતકારી બનાવી દે છે.



## પાંચ જ્ઞાન

જ્ઞાન આત્માનો નિજ ગુણ છે. જે જ્ઞાનાવરણીય કર્મથી આવરિત (આચ્છાદિત) થઈને વિભિન્ન રૂપે દષ્ટિ ગોચર થાય છે. જૈનાગમોમાં જ્ઞાનના પાંચ પ્રકાર બતાવ્યા છે. તે આ પ્રમાણે છે– (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન. એ પાંચ જ્ઞાનને આવરણ કરનારા જ્ઞાનાવરણીય કર્મ પણ પાંચ પ્રકારના કહ્યા છે– (૧) મતિજ્ઞાનાવરણીય-કર્મ (૨) શ્રુતજ્ઞાનાવરણીયકર્મ (૩) અવધિજ્ઞાનાવરણીયકર્મ (૪) મનઃપર્યવ-જ્ઞાનાવરણીયકર્મ.

આ ચાર કર્મ પ્રકૃતિઓનો જેટલો ક્ષયોપશમ વધતો જાય એટલું જ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવજ્ઞાન વધતું જાય છે અને આ ચારેય કર્મોનો ઉદય વધતો જાય છે ત્યારે તે ચારેય જ્ઞાન ઘટતા જાય છે.

(૫) કેવળજ્ઞાનાવરણીય કર્મ પ્રકૃતિનો તો એક સાથે ક્ષય થાય છે, તેનો ક્ષયોપશમ થતો નથી; ક્ષય થવાથી કેવળજ્ઞાન(અને સાથે કેવળ દર્શન પણ) પ્રગટ થાય છે. ચાર જ્ઞાનમાં ઘટાડો, વધારો અને લોપ થયા કરે છે પરંતુ કેવળજ્ઞાનમાં એવી કોઈ અવસ્થા હોતી નથી. તે ઉત્પન્ન થયા પછી સદા અને સર્વને એક સરખું રહે છે. પછી ક્યારેય નષ્ટ થતું નથી. એ આત્માનું સ્થાયી અને પરિપૂર્ણ જ્ઞાન છે.

આ પાંચ જ્ઞાનનો ક્રમ જે બતાવવામાં આવેલ છે તે અન્ય આગમોમાં વર્ણિત છે. અપેક્ષાથી અહીં નંદી સૂત્રમાં જ્ઞાનના ભેદ આ પ્રમાણે કહ્યા છે– પ્રત્યક્ષજ્ઞાન અને પરોક્ષ જ્ઞાન. પ્રત્યક્ષ જ્ઞાન બે પ્રકારના છે– ઇંદ્રિય પ્રત્યક્ષ અને નોઇંદ્રિય પ્રત્યક્ષ. ઇંદ્રિય પ્રત્યક્ષના પાંચ પ્રકાર છે. જેમ કે– (૧) શ્રોતેન્દ્રિય પ્રત્યક્ષ (૨) ચક્ષુ ઇંદ્રિય પ્રત્યક્ષ (૩) ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ (૪) રસનેન્દ્રિય પ્રત્યક્ષ (૫) સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ. નોઇંદ્રિય પ્રત્યક્ષ ૩ પ્રકારના છે–(૧) અવધિજ્ઞાન (૨) મનઃ પર્યવ જ્ઞાન (૩) કેવળ જ્ઞાન. પરોક્ષ જ્ઞાન બે પ્રકારના છે–(૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન

અહીં સારાંશ ઉપક્રમમાં ઉપર બતાવેલ પ્રસિદ્ધ ક્રમથી પાંચ જ્ઞાનનું વર્ણન કરવામાં આવે છે.

**(૧) મતિજ્ઞાન :–** આ જ્ઞાન આભિનિબોધિક જ્ઞાનના નામથી પણ આગમમાં ઓળખાવાય છે, પરંતુ તેનું મતિજ્ઞાન એ નામ પણ લઘુ, સરળ અને આગમ સમ્મત છે. આ જ્ઞાન આત્માને મન અને ઇંદ્રિયોના અવલંબનથી થાય છે અર્થાત્ જોવું, સાંભળવું, સૂંઘવું, ચિંતન કરવું તેમજ બુદ્ધિજન્ય જે પણ જ્ઞાન હોય છે તે મતિજ્ઞાન છે.

**મતિજ્ઞાનના મુખ્ય બે પ્રકાર છે–** ૧. શ્રુતનિશ્રિત ૨. અશ્રુતનિશ્રિત. (૧)

મન અને ઈંદ્રિયોના નિમિત્ત(યોગ)થી અર્થાત્ જોવા, સાંભળવા, વિચારવાના નિમિત્તથી થનાર મતિજ્ઞાન શ્રુતનિશ્રિત કહેવાય છે અને (૨) ચાર બુદ્ધિ દ્વારા થનાર મતિજ્ઞાન અશ્રુતનિશ્રિત કહેવાય છે.

**શ્રુત નિશ્રિત મતિજ્ઞાન :–** આ જ્ઞાનની ચાર અવસ્થા છે યથા– અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. (૧) કોઈપણ વસ્તુ કે વિષયને સર્વપ્રથમ ઈન્દ્રિય દ્વારા ગ્રહણ કરવા અર્થાત્ સામાન્ય રીતે જોવું તથા સાંભળવું ઈત્યાદિને અવગ્રહ કહે છે. (૨) એના પર વિચારણા કરવી કે શું છે ? કયાં છે ? કેવો છે ? વગેરેને ઈહા કહે છે. (૩) વિચારણા કરતાં-કરતાં તે શબ્દ કે રૂપ આદિને એક નિર્ણિત રૂપ આપવાને (આ નથી, એમજ છે) અવાય કહેવાય છે. (૪) આ નિર્ણિત કરેલા વિષય અથવા તત્ત્વને થોડા સમય કે લાંબા સમય સુધી સ્મૃતિમાં ધરવાને ધારણા કહેવાય છે.

**ઉદાહરણ :–** (૧) કોઈ મનુષ્ય દૂરથી દેખાય છે, તેને અવગ્રહ કહે છે. (૨) આ મનુષ્ય પર ચિંતન કરવું કે કયાંનો છે ? કોણ છે ? કેવો છે ? એનું નામ ગૌતમ છે કે પારસ છે ? ઈત્યાદિ પૂર્વ વિચારણા કરવાને ઈહા કહેવાય છે.(૩) આ મનુષ્ય ગૌતમ છે, એમ નિર્ણય લેવાય, તેને અવાય કહે છે. (૪) આ મનુષ્ય અથવા પ્રસંગ ને અમુક વર્ષ યાદ રાખવાને ધારણા કહે છે. અહીં રૂપનું ઉદાહરણ આપ્યું છે. તે જ રીતે ગંધ, શબ્દ, રસ, સ્પર્શના વિષયમાં સમજવું.

અવગ્રહ એક સમયનો હોય છે. ઈહા, અવાય, અંતર્મુહૂર્તના હોય છે. અને ધારણા ઉત્કૃષ્ટ સંખ્યાત અસંખ્યાત વર્ષની હોય છે. સંખ્યાત અસંખ્યાત વર્ષ પછી પૂર્વની વાત સ્મૃતિ પટ પર રહી શકે છે અથવા સ્મરણ કરવાથી સ્મૃતિમાં આવી શકે છે.

**જાતિસ્મરણ જ્ઞાન :–** ધારણાના ફળ સ્વરૂપ વ્યક્તિનું અનુભવ જ્ઞાન વધે છે અને એના પરિણામ સ્વરૂપ ઘણાં જીવોને જાતિસ્મરણ જ્ઞાન થાય છે. આ જ્ઞાનથી જીવ સ્વયંના જન્મ જન્માંતરોની વાતો(ઘટનાઓ) જાણી શકે છે. પૂર્વભવોની અનેક ઘટનાઓ એની સ્મૃતિમાં આવી શકે છે. આ જાતિ સ્મરણ જ્ઞાન મતિજ્ઞાનનો એક પ્રકાર છે. જાતિસ્મરણ દ્વારા સેંકડો ભવનું જ્ઞાન થાય છે. આમાં પણ એક નિયમ છે કે પૂર્વમાં લગાતાર સંજ્ઞી પંચેન્દ્રિય ના ભવ કર્યા હોય તો તેનું જ્ઞાન થાય છે. પરંતુ વચમાં કોઈ અસન્ની નો ભવ કર્યો હોય તો જાતિ સ્મરણજ્ઞાન અવસ્થિત થઈ જાય છે. આવી રીતે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા ઈત્યાદિ ચાર પ્રકારના શ્રુત નિશ્રિત અર્થાત્ ઈન્દ્રિયજન્ય મતિ જ્ઞાન છે. તદ્ઉપરાંત એના મૂળ ભેદ ૨૮ છે અને વિષયની અપેક્ષાએ ૩૩૬ ભેદ છે. (નંદી સૂત્રમાં દર્શાવેલ ૪ બુદ્ધિને ઉમેરતાં ૩૪૦ ભેદ થાય છે.)

**(૨) અશ્રુત નિશ્રિત મતિજ્ઞાન :–** આ જ્ઞાન બુદ્ધિની અપેક્ષા રાખે છે. બુદ્ધિના ચાર પ્રકાર કહેલ છે. તેથી આ અશ્રુત નિશ્રિત મતિ જ્ઞાનના ચાર પ્રકાર છે. બુદ્ધિના ચાર પ્રકાર આ પ્રમાણે છે– (૧) અભ્યાસના પ્રયાસ વગર ક્ષયોપશમના કારણે



અચાનક જેની સ્વતઃ ઉપજ થાય કે સૂઝ બૂઝ પેદા થાય તેને **ઔત્પાતિકી બુદ્ધિ** કહે છે. (૨) ગુરુ આદિની સેવા ભક્તિ વિનયથી જે ઉન્નત બુદ્ધિ પ્રાપ્ત થાય છે તેને **વૈનયિકી બુદ્ધિ** કહે છે. (૩) શિલ્પ કલા આદિ કોઈ કાર્યના અભ્યાસથી ઉત્પન્ન થયેલ બુદ્ધિને **કર્મજા બુદ્ધિ** કહે છે. (૪) ચિરકાળ પર્યંત પરસ્પર પર્યાલોચન, વિચારણા કરવાથી અથવા ઉંમરના વધવાની સાથે પ્રાપ્ત અનુભવ જન્ય બુદ્ધિને **પારિણામિકી બુદ્ધિ** કહે છે. અથવા અનુમાનિત યોજના મુજબ કાર્ય કરીને ચોક્કસ પરિણામ આપનારી બુદ્ધિને **પારિણામીકી બુદ્ધિ** કહે છે. એ ચારે પ્રકારની બુદ્ધિને ક્રિયાત્મક રૂપથી સમજવા માટે સૂત્રમાં કેટલાક દષ્ટાંતોનો સંકેત કરવામાં આવેલ છે. તે દષ્ટાંત આ પ્રકાશનના કથા શાસ્ત્ર નામના પ્રથમ ભાગમાં આપ્યા છે.

**વિશેષ :–** અવગ્રહ, ઈહા, અવાયથી જે વસ્તુનો નિર્ણય થાય છે તે નિર્ણયમાં જ્યારે નૂતન ધર્મને જાણવાની અભિલાષા થાય છે ત્યારે પુનઃ વિચારણા દ્વારા નૂતન ઈહા થાય છે, એવી સ્થિતિમાં તે પૂર્વનો અવાય આ નૂતન ઈહાને માટે અવગ્રહ બની જાય છે. આ પ્રકારે વિશેષ-વિશેષ નૂતન ધર્મની અપેક્ષા પૂર્વ-પૂર્વના અવાય પણ અવગ્રહ બની જાય છે. અર્થાત્ અપેક્ષાથી અવાય પણ અવગ્રહથી પુનઃ પ્રારંભ થાય છે. સામાન્યથી વિશેષ વિશેષતર નૂતન ધર્મ (ગુણ)ની જિજ્ઞાસાથી એમ થાય છે.

**મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દ :–** (૧) ઈહા (૨) અપોહ (૩) વિમર્શ (૪) માર્ગણા (૫) ગવેષણા (૬) સંજ્ઞા (૭) સ્મૃતિ (૮) મતિ (૯) પ્રજ્ઞા (૧૦) બુદ્ધિ.

**મતિજ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– મતિજ્ઞાની અપેક્ષાએ સર્વદ્રવ્ય જાણે છે, પરન્તુ જોઈ શકતા નથી. (૨) ક્ષેત્રથી– મતિજ્ઞાની અપેક્ષાએ સર્વ ક્ષેત્ર જાણી શકે છે, પરન્તુ જોઈ શકતા નથી. (૩) કાળથી– મતિજ્ઞાની અપેક્ષાએ સર્વે કાળ જાણી શકે છે, પણ જોઈ શકતા નથી. (૪) ભાવથી– મતિજ્ઞાની અપેક્ષાએ સર્વે ભાવોને જાણી શકે છે, પણ જોઈ શકતા નથી. આ તેનો ઉત્કૃષ્ટ વિષય છે. જઘન્ય, મધ્યમ મતિજ્ઞાન આનાથી ઓછું વિવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને જાણે છે.

**(૨) શ્રુતજ્ઞાન :–** અધ્યયન, શ્રવણ, વાંચન, ચિંતન, ઈત્યાદિથી જે અક્ષર વિન્યાસરૂપ જ્ઞાન થાય છે અથવા ઈંગિત આકાર સંકેત દ્વારા જે અનુભવ અભ્યાસયુક્ત જ્ઞાન થાય છે, એ સર્વેને શ્રુતજ્ઞાન કહેવાય છે. તેમાં બધી ઈન્દ્રિય, મન તથા બુદ્ધિનો ઉપયોગ થાય છે. આ જ્ઞાન લૌકિક કે લોકોત્તર શાસ્ત્રમય હોય છે અથવા કોઈપણ ભાષા અક્ષર–સમૂહ સંકેતમય હોય છે.

શ્રુતજ્ઞાન મતિપૂર્વક થાય છે. અર્થાત્ અધ્યયન કે અક્ષરરૂપ જ્ઞાનથી પૂર્વ ઈન્દ્રિય યા મન સંબંધિત વસ્તુનું જ્ઞાન અને બુદ્ધિ પ્રાપ્ત થયા પછી શ્રુતજ્ઞાન થાય છે. અતઃ જ્ઞાનક્રમમાં પણ પ્રથમ મતિજ્ઞાન અને પછી શ્રુતજ્ઞાન લેવામાં આવ્યું છે.

શ્રુતજ્ઞાનના ૧૪ પ્રકાર છે. એના અધ્યયન દ્વારા શ્રુતજ્ઞાન સહજ રીતે ખૂબ

જ સ્પષ્ટતાથી સમજી શકાય છે. તે આ પ્રમાણે છે– (૧) અક્ષરશ્રુત (૨) અનક્ષરશ્રુત (૩) સન્નીશ્રુત (૪) અસન્નીશ્રુત (૫) સમ્યક્શ્રુત (૬) મિથ્યાશ્રુત (૭) સાદિકશ્રુત (૮) અનાદિકશ્રુત (૯) સપર્યવસિતશ્રુત (૧૦) અપર્યવસિતશ્રુત (૧૧) ગમિકશ્રુત (૧૨) અગમિકશ્રુત (૧૩) અંગ પ્રવિષ્ટશ્રુત (૧૪) અનંગ પ્રવિષ્ટશ્રુત. અક્ષરશ્રુત તથા અનક્ષરશ્રુતમાં સંપૂર્ણશ્રુત જ્ઞાનનો સમાવેશ થાય છે. પરંતુ સામાન્ય બુદ્ધિ ધરાવતા જીવોને વિભિન્ન પાસાઓથી અર્થ પરમાર્થને સમજવામાં સરળતા રહે એ હેતુથી અહીં સાત પ્રકારે બે-બે ભેદ કરીને ૧૪ ભેદ કર્યા છે.

**(૧) અક્ષરશ્રુત :–** આના ત્રણ ભેદ છે– સંજ્ઞા અક્ષરશ્રુત, વ્યંજન અક્ષરશ્રુત અને લબ્ધિ અક્ષરશ્રુત. (૧) અક્ષરોની આકૃતિ અર્થાત્ વિભિન્ન લિપિઓમાં લખાયેલ અક્ષરને 'સંજ્ઞાશ્રુત' કહે છે. (૨) અક્ષરના જે ઉચ્ચારણ કરાય છે, તેને 'વ્યંજનશ્રુત' કહેવાય છે. (૩) શ્રોતેન્દ્રિય આદિના ક્ષયોપશમના નિમિતે જે ભાવરૂપમાં શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે તેને 'લબ્ધિ અક્ષરશ્રુત' કહે છે.

અક્ષર શબ્દની પર્યાલોચના થકી જે અર્થનો બોધ થાય છે તેને 'લબ્ધિ' અક્ષર શ્રુત કહે છે. એ જ ભાવ શ્રુત છે. સંજ્ઞા અને વ્યંજન દ્રવ્યશ્રુત છે અને ભાવ-શ્રુતનું કારણ છે.

**(૨) અનક્ષરશ્રુત :–** જે શબ્દ અક્ષરાત્મક(વર્ણાત્મક) ન હોય પરન્તુ ધ્વનિ માત્ર હોય જેમ કે– ખાંસવું, છીંકવું, થુંકવું, લાંબો ✓ાસ લેવો–છોડવો, સીટી, ઘંટડી બ્યુગલ વગાડવા વગેરે. કોઈ પણ આશય સંકેત દ્વારા સૂચિત કરાય છે તે સર્વે અનક્ષરશ્રુત છે. વગર પ્રયોજને કરાયેલ ધ્વનિ કે શબ્દ અનક્ષરશ્રુત ન કહેવાય.

**મતિજ્ઞાન એવં શ્રુતજ્ઞાનમાં સંબંધ વિચારણા :–** મતિજ્ઞાન કારણ છે, શ્રુતજ્ઞાન કાર્ય છે. મતિજ્ઞાન સામાન્ય છે. શ્રુતજ્ઞાન વિશેષ છે. મતિજ્ઞાન મૂક છે, શ્રુતજ્ઞાન મુખરિત(બોલતું) છે. મતિજ્ઞાન અનક્ષર છે. શ્રુતજ્ઞાન અક્ષર પરિણત છે. ઈન્દ્રિય અને મનથી જે જ્ઞાન અનુભૂતિ રૂપે થાય છે ત્યારે તેને મતિજ્ઞાન કહે છે, પરન્તુ એ જ્ઞાન જ્યારે અક્ષરરૂપ સ્વયં અનુભવ કરે છે, કે બીજાને પોતાનો અભિપ્રાય ચેષ્ટાથી બતાવે છે, ત્યારે તે અનુભવ અને ચેષ્ટા આદિ શ્રુતજ્ઞાન કહેવાય છે. અતઃ મતિજ્ઞાન શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ સંબંધી ચિંતનના અનુભવથી થાય છે. જ્યારે શ્રુતજ્ઞાનમાં શબ્દ વગેરેની અનુભૂતિ અક્ષરના રૂપમાં કરાય છે. આમ, અક્ષરરૂપે સ્વયં અનુભવ કરવો અને બીજાને અક્ષર કે અનક્ષર(ધ્વનિ) દ્વારા અનુભવ કરાવવો તેને શ્રુત જ્ઞાન કહેવાય છે.

**(૩–૪) સન્નીશ્રુત અસન્નીશ્રુત :–** સન્નીને થનારું જ્ઞાન સન્નીશ્રુત કહેવાય છે અને અસન્નીને થનારું જ્ઞાન અસન્નીશ્રુત કહેવાય છે. અસન્ની જીવોમાં અવ્યક્ત ભાવશ્રુત હોય છે. જ્યારે સન્ની જીવોનું ભાવ શ્રુતજ્ઞાન સ્પષ્ટ(વ્યક્ત) હોય છે.

**(૫) સમ્યક્શ્રુત :–** તીર્થંકર ભગવંતો દ્વારા પ્રણીત અર્થને ગણધરો શાસ્ત્રરૂપે



ગૂંથે તે 'સમ્યક્શ્રુત' છે. આ શાસ્ત્રો પર આધારિત અન્ય દશ પૂર્વધારી પર્યંતના બહુશ્રુત આચાર્યો દ્વારા રચિત શાસ્ત્ર પણ 'સમ્યક્શ્રુત' છે. વ્યક્તિગત સ્મૃતિની અપેક્ષાએ દશપૂર્વથી લઈને ચૌદ પૂર્વધારી જ્ઞાનીના ઉપયોગ સાથે ઉક્ત શાસ્ત્ર સમ્યક્શ્રુત છે. એનાથી ઉતરતા જ્ઞાનવાળાના શાસ્ત્ર સમ્યક્શ્રુત રૂપ પણ હોય છે અને અસમ્યક્ પણ હોય છે. આનું કારણ સ્મૃતિ દોષપણ હોઈ શકે. દશપૂર્વથી ઓછા જ્ઞાનવાળા મિથ્યાદષ્ટિ હોઈ શકે.

એના આધારે એમ સમજાય છે કે દશપૂર્વ જ્ઞાનધારીઓથી ઓછા જ્ઞાની દ્વારા રચિત શાસ્ત્ર એકાંત સમ્યક્શ્રુત નથી હોતા, એને આગમકોટિમાં નહીં ગણવા.

**(૬) મિથ્યાશ્રુત :–** અજ્ઞાની મિથ્યા દષ્ટિ દ્વારા સ્વયંની સ્વચ્છંદ બુદ્ધિથી અર્થાત્ સર્વજ્ઞોની વાણીનો આધાર લીધા વગર જે શાસ્ત્રની રચના થાય છે તે 'મિથ્યાશ્રુત' છે.

**(૭–૧૦) સાદિ સાંત, અનાદિ અનંત શ્રુત :–** કોઈ પણ વ્યક્તિની અપેક્ષાએ, ભરત આદિક્ષેત્રની અપેક્ષાએ, ઉત્સર્પિણી આદિ કાળની અપેક્ષાએ શ્રુત 'સાદિ સાંત' હોય છે.પરંપરાની અપેક્ષાએ, સમસ્ત ક્ષેત્રોની અપેક્ષાએ, સંપૂર્ણકાળની અપેક્ષાએ શ્રુત અનાદિ અનંત હોય છે. ભવી જીવોનું શ્રુત 'સાદિ સાંત' હોય છે. અભવી જીવોનું અસમ્યક્ શ્રુત અનાદિ અનંત હોય છે. કારણ કે ભવીને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયા પછી શ્રુતજ્ઞાન નથી હોતું. કેવળ જ્ઞાન આત્માનો નિજ ગુણ છે. એનું અસ્તિત્વ બધા જીવોમાં હોય છે. કર્માવરણને કારણે એનો અનંતમો ભાગ સર્વે જીવોમાં અનાવરિત હોય છે. જો એમ ન હોય તો જીવ અજીવમાં પરિણમે. પરંતુ આવું થતું નથી. કેવળ જ્ઞાનને અહીં 'પર્યાયઅક્ષર' શબ્દ દ્વારા કહેવાયું છે.

**(૧૧–૧૨) ગમિકશ્રુત અગમિકશ્રુત :–** દષ્ટિવાદ નામનું બારમું અંગ સૂત્ર 'ગમિકશ્રુત' છે. શેષ અગિયાર અંગ 'અગમિકશ્રુત' છે. જેમાં એક વાક્ય યા આલાપક વારંવાર આવે છે તેને ગમિક કહેવાય છે. જે શાસ્ત્રમાં પુનઃ પુનઃ એક સરખા પાઠ નથી આવતા તેને 'અગમિક' કહેવાય છે.

**(૧૩–૧૪) અંગ પ્રવિષ્ટ અને અંગબાહ્ય :–** બાર અંગ સૂત્ર 'અંગ પ્રવિષ્ટશ્રુત' છે. એ સિવાયના સર્વે સમ્યગ્ શાસ્ત્ર અંગબાહ્ય 'અનંગપ્રવિષ્ટ' શ્રુત છે. અંગ બાહ્યના બે ભેદ છે– (૧) આવશ્યક સૂત્ર (૨) તેનાથી અતિરિકત સૂત્ર. એકલા આવશ્યક સૂત્રને અલગ રાખવામાં આવ્યું છે. કારણ કે એની રચના પ્રારંભમાં ગણધર દ્વારા કરવામાં આવે છે. આવશ્યક સિવાય અતિરિકત શ્રુતના બે ભેદ છે. (૧) કાલિકશ્રુત (૨) ઉત્કાલિક શ્રુત. પ્રથમ પ્રહર અને ચતુર્થ પ્રહરમાં જેનો સ્વાધ્યાય આદિ કરાય તેને 'કાલિકશ્રુત' કહે છે અને જેનો ચારે પ્રહરમાં સ્વાધ્યાય આદિ કરાય તેને 'ઉત્કાલિકશ્રુત' કહે છે. અંગ પ્રવિષ્ટ બધા આગમો કાલિક હોય છે. આવશ્યક સૂત્ર ઉત્કાલિક સૂત્ર(નોકાલિક નોઉત્કાલિક સૂત્ર) છે. ચારે પ્રહરમાં તથા અસજ્ઝાયમાં પણ તેનું વાંચન(સ્વાધ્યાય) થાય છે.

**અંગ પ્રવિષ્ટ સૂત્રોના નામ :–** (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(ભગવતીસૂત્ર) (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાસકદશા (૮) અંતકૃતદશા (૯) અનુત્તરોપપાતિક (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક (૧૨) દષ્ટિવાદ(પૂર્વજ્ઞાન). આનો વિષય પરિચય સમવાયાંગ સૂત્રના સારાંશમાં છે. સમવાયાંગ અને નંદી સૂત્રમાં આપેલ આ વિષય પરિચયમાં થોડી ભિન્નતા છે, તે પાછળ પરિશિષ્ટમાં જોવું.

**અંગબાહ્ય કાલિક સૂત્ર :–** ઉત્તરાધ્યયન, નિશીથ, દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, જમ્બૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, ચંદ્ર પ્રજ્ઞપ્તિ, નિરિયાવલિકાદિ પાંચ વર્ગ અર્થાત્ ઉપાંગ સૂત્ર, મહાનિશીથ, ઋષિભાષિત, દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ, ક્ષુલ્લિકા વિમાન પ્રવિભક્તિ ઈત્યાદિ ૧૦ અર્થાત્ સંક્ષેપિક દશા, દેવિંદ પરિયાપનિકા, નાગ પરિયાપનિકા, ઉત્થાન શ્રુત, સમુત્થાન શ્રુત.

**અંગ બાહ્ય ઉત્કાલિક સૂત્ર :–** દશવૈકાલિક, ઔપપાતિક, રાજપ્રશ્નીય, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદી, અનુયોગ દ્વાર, સૂર્યપ્રજ્ઞપ્તિ, કલ્પાકલ્પ, ચુલ્લ-કલ્પશ્રુત, મહાકલ્પશ્રુત, મહાપ્રજ્ઞાપના, પ્રમાદાપ્રમાદ, દેવેન્દ્રસ્તવ, તન્દુલ-વૈચારિક, ચન્દ્રવિદ્યા, પૌઢષી મંડળ, મંડળ પ્રવેશ, વિદ્યાચરણ–વિનિશ્ચય, ગણિવિદ્યા, ધ્યાન વિભક્તિ, મરણ વિભક્તિ, આત્મ વિશુદ્ધિ, વીતરાગ શ્રુત, સંલ્લેખનાશ્રુત, વિહાર કલ્પ, ચરણવિધિ, આતુરપ્રત્યાખ્યાન, મહાપ્રત્યાખ્યાન.

અંગ પ્રવિષ્ટ સૂત્રોની સંખ્યા બાર છે. અંગ બાહ્ય સૂત્રોની કોઈ સંખ્યા બતાવી નથી. કયારેક વધી જાય છે તો કયારેક ઘટી જાય છે. પ્રત્યેક તીર્થંકરના શાસનમાં અલગ અલગ સંખ્યા રહે છે તથા એક તીર્થંકરના શાસનમાં પણ પ્રારંભમાં ૧-૨ હોય, ફરી નવા બનતા રહેવાથી વધે અને ક્યારેક વિલુપ્ત-વિચ્છેદ થવાથી ઘટી જાય છે. તેથી અહીં સૂત્રમાં અંગબાહ્યની કે કાલિક ઉત્કાલિકની સંખ્યા કહેલ નથી.

તીર્થંકરની ઉપસ્થિતિમાં એમના સર્વે શિષ્યો વીતરાગવાણીના આધારે પોતાનું વ્યક્તિગત સંકલન કરે છે. તેને પ્રકીર્ણશ્રુત કહે છે. આની સંખ્યા જેટલા સાધુ હોય તેટલી હોય છે. યથા ચોવીસમા તીર્થંકરની પ્રકીર્ણકશ્રુત સંખ્યા ૧૪ હજારની કહી છે. પ્રથમ તીર્થંકરના પ્રકીર્ણક સૂત્રોની સંખ્યા ૮૪૦૦૦ ની કહી છે. આનો સમાવેશ "અંગ બાહ્ય કાલિક યા ઉત્કાલિક સૂત્રમાં થાય છે.

**શ્રુતજ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા બધા દ્રવ્યને જાણે–દેખે છે. (૨) ક્ષેત્રથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા સર્વે ક્ષેત્રને જાણે–દેખે છે. (૩) કાળથી– ઉપયોગ દ્વારા શ્રુતજ્ઞાની સર્વેકાળને જાણે-દેખે છે. (૪) ભાવથી– શ્રુતજ્ઞાની ઉપયોગ દ્વારા સર્વે ભાવોને જાણે-દેખે છે. આ કથન ઉત્કૃષ્ટ માટે છે. જઘન્ય, મધ્યમ, માટે થોડું ઓછું દ્રવ્ય-ક્ષેત્ર આદિ સમજવું. શ્રુતજ્ઞાનથી સ્પષ્ટ જાણી શકાય છે. પરંતુ જોવું ચિત્ર વગેરેની અપેક્ષાએ સમજવું. આ પાઠમાં



કયાંક-કયાંક પ્રતોમાં ભેદ પણ છે. અન્ય આગમોમાં અને અન્ય પ્રતોમાં **ण पासइ** છે. તેનો અર્થ થાય કે શ્રુતજ્ઞાની જાણી શકે છે પણ જોઈ શકતો નથી. પરંતુ એકાંત એવું નથી. કોઈ દ્રવ્ય આદિ પ્રત્યક્ષ હોય તો તે જોઈ શકે છે.

**શ્રુત જ્ઞાનની અધ્યયન તથા શ્રવણ વિધિ :–**

**અધ્યયનના આઠ ગુણ :–** (૧) વિનય યુક્ત સાંભળવું (૨) શંકાઓનું પૂછીને સમાધાન કરવું (૩) ફરી સમ્યક્ પ્રકારથી સાંભળવું (૪) અર્થ અભિપ્રાય ગ્રહણ કરવો. (૫) પૂર્વાપર અવિરોધ વિચારણા કરવી (૬) પુનઃ સત્ય માનવું (૭) નિશ્ચિત કરેલા અર્થને હૃદયમાં ધારણ કરવો (૮) એ જ પ્રમાણે આચરવું.

**શ્રવણ વિધિ :–** (૧) મૌન રહી એકાગ્રચિત્તથી સાંભળવું (૨) ‘હું’કાર અથવા ‘જી હા’ આદિ કહેવું (૩) ‘સત્યવચન’ **तहत्ति** ઈત્યાદિ બોલવું (૪) પ્રશ્ન પૂછવા (૫) વિચાર વિમર્શ કરવો (૬) સાંભળેલા તથા સમજાવેલા શ્રુતમાં પારંગત થવું (૭) પ્રતિપાદન કરવામાં સમર્થ થવું.

**અધ્યાપન વિધિ :–** આચાર્ય, ઉપાધ્યાય, ગુઢ આદિ પહેલા સૂત્રોચ્ચારણ શીખવે. પછી સામાન્ય અર્થ અર્થાત્ શબ્દોની સૂત્ર સ્પર્શી નિર્યુક્તિ(શબ્દાર્થ) બતાવે. પશ્ચાત્ ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર આદિ એ સર્વેનો આશય વ્યાખ્યા સહિત બતાવે. આ ક્રમ પ્રમાણે અધ્યયન કરાવવાથી ગુઢ શિષ્યને પારંગત બનાવી શકે છે.

**(૩) અવધિજ્ઞાન :–** આ જ્ઞાન મન અને ઈન્દ્રિયોની સહાયતાની અપેક્ષા નથી રાખતું. પણ આત્મા દ્વારા રૂપી પદાર્થો નો સાક્ષાત્કાર કરે છે. આ જ્ઞાનમાં માત્ર રૂપી પદાર્થોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા છે, અરૂપીને નહિ. તે આ જ્ઞાનની મર્યાદા છે. બીજા શબ્દોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવની મર્યાદા સાથે આ જ્ઞાન રૂપી દ્રવ્યોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા ધરાવે છે. અહીં અવધિ શબ્દ મર્યાદાના અર્થમાં પ્રયુક્ત થયો છે.

**અવધિ જ્ઞાનના બે પ્રકાર :–** આ જ્ઞાન ચાર ગતિના જીવોને હોય છે. નરકગતિ અને દેવગતિના જીવોમાં આ જ્ઞાન ‘ભવ પ્રત્યયિક’ હોય છે અર્થાત્ બધાને જન્મના સમયથી તે મૃત્યુ પર્યંત રહે છે. સમ્યગ્દષ્ટિનું આ જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય છે અને મિથ્યા દષ્ટિનું આ જ્ઞાન અવધિ અજ્ઞાન કહેવાય છે અથવા ‘વિભંગ જ્ઞાન’ કહેવાય છે. તિર્યંચ અને મનુષ્યમાં ક્ષયોપશમ અનુસાર કોઈ કોઈને આ જ્ઞાન ઉત્પન્ન થાય છે, બધાને નહીં. એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય અને અસન્ની પંચેન્દ્રિયના જીવોમાં આ જ્ઞાન નથી હોતું , સન્ની પંચેન્દ્રિયમાં જ હોય છે.

(૧) મનુષ્ય, તિર્યંચના આ જ્ઞાનને **ક્ષાયોપશમિક અવધિજ્ઞાન** કહેવાય છે. (૨) દેવ નારકીના આ જ્ઞાનને **ભવ પ્રત્યયિક અવધિ જ્ઞાન** કહેવાય છે.

**અવધિજ્ઞાનના છ ભેદ :–** જ્ઞાન દર્શન ચારિત્ર સંપન્ન અણગારને અને ક્યારેક

શ્રમણોપાસકને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન સમુત્પન્ન થાય છે. એના છ પ્રકાર છે. (૧) અનુગામિક– જે સાથે ચાલે છે. (૨) અનાનુગામિક– જે સાથે ચાલતું નથી. (૩) વર્ધમાન– જે વધતું જાય છે. (૪) હીયમાન– જે ઘટતું જાય છે. (૫) પ્રતિપાતી– જે ઉત્પન્ન થઈને નાશ પામે છે. (૬) અપ્રતિપાતી– જે સંપૂર્ણ ભવમાં નાશ પામતું નથી, તેમ ઘટતું પણ નથી.

**(૧) અનુગામિક અવધિજ્ઞાન :–** આ અવધિજ્ઞાનમાં કોઈને આગળ દેખાય, કોઈને પાછળ દેખાય, કોઈને જમણી બાજુ તો કોઈને ડાબી બાજુ દેખાય છે. આ અવધિજ્ઞાન જયાં ઉત્પન્ન થયું હોય ત્યાંથી તે અવધિજ્ઞાની જયાં જાય ત્યાં તેની સાથે અવધિજ્ઞાન જાય છે. જ્યારે અવધિજ્ઞાની ઈચ્છે ત્યારે તે દિશામાં પોતાની સીમામાં અવધિજ્ઞાનમાં જોઈ શકે છે. ઉદાહરણ :– કોઈને રાજકોટના ૫૦૦ માઈલના વર્તુળમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે અવધિ જ્ઞાની સૂરત જાય તો ત્યાંથી પણ ૫૦૦ માઈલના વર્તુળમાં જોઈ શકે છે પરંતુ એની સીમાથી દૂર અવધિજ્ઞાનમાં જોઈ શકાતું નથી. આ જ્ઞાન ઉત્કૃષ્ટ સંખ્યાતા અસંખ્યાતા યોજનનું હોઈ શકે છે. દેવ–નારકીના અવધિજ્ઞાનથી ચારેબાજુ જોઈ શકાય છે. તિર્યંચ અને મનુષ્ય એક તરફ કે ચારે તરફ જાણી–દેખી શકે છે.

**(૨) અનાનુગામિક અવધિજ્ઞાન :–** જેમ કોઈને રાજકોટમાં ૫૦૦ માઈલનું અવધિજ્ઞાન થયું. તે વ્યક્તિ તે ક્ષેત્રની મર્યાદામાં રહીને અવધિજ્ઞાનથી જાણી-દેખી શકે. તેની બહાર જાય તો ત્યાંથી કંઈ જાણી-દેખી શકે નહીં.

**(૩) વર્ધમાન અવધિજ્ઞાન :–** પ્રશસ્ત અધ્યવસાયો તથા ચારિત્રની વિશુદ્ધતાથી જે અવધિજ્ઞાનીના આત્મ પરિણામ વિશુદ્ધતર થતા જાય છે, તેમનું અવધિજ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે અને સર્વે દિશામાં વૃદ્ધિ થાય છે. તેના ક્ષેત્રમાં, કાળમાં અને દ્રવ્ય-પર્યાયોમાં પણ વૃદ્ધિ થાય છે. તેને વર્ધમાન અવધિજ્ઞાન કહે છે. અવધિજ્ઞાનનું જઘન્ય ક્ષેત્ર સૂક્ષ્મ નિગોદના અપર્યાપ્તાની અવગાહના જેટલું હોય છે તથા વધતાં-વધતાં અલોકમાં લોક જેટલા અસંખ્ય ખંડ જેટલી સીમા જોવાની તેની ક્ષમતા થઈ જાય છે. કલ્પના કરો કે અગ્નિકાયના જીવોને ઉત્કૃષ્ટ સંખ્યામાં મેઢ પર્વતથી એક દિશામાં ક્રમશઃ ગોઠવીએ તો તે અલોકમાં ખૂબ દૂર સુધી પહોંચી જશે. આ કતાર ને ચારે તરફ ફેરવતા જે મંડલાકાર ક્ષેત્ર બને, તેટલું ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનનું ક્ષેત્ર સમજવું. જે અસંખ્ય લોક પ્રમાણ બની જાય છે.

અવધિજ્ઞાનના ક્ષેત્રની વૃદ્ધિ સાથે કાળની વૃદ્ધિ કયા ક્રમથી થાય છે તેને સમજવાની તાલિકા આ પ્રમાણે છે–

| | ક્ષેત્ર | | કાળ |
|---|---|---|---|
| (૧) | એક અંગુલનો અસંખ્યાતમો ભાગ જોવે. | (૧) | આવલિકાનો અસંખ્યાતમો ભાગ જોવે. |
| (૨) | અંગુલનો સંખ્યાત. ભાગ જોવે. | (૨) | આવલિકાનો સંખ્યાતમો ભાગ જોવે |
| (૩) | એક અંગુલ | (૩) | આવલિકાથી થોડુંક ઓછું |
| (૪) | અનેક અંગુલ | (૪) | એક આવલિકા |
| (૫) | એક હસ્ત પ્રમાણ | (૫) | એક મુહૂર્તથી થોડું ઓછું. |
| (૬) | એક કોસ(ગાઉ) | (૬) | એક દિવસથી થોડું ઓછું. |
| (૭) | એક યોજન | (૭) | અનેક દિવસ |
| (૮) | પચ્ચીસ યોજન | (૮) | એક પક્ષથી થોડું ઓછું |
| (૯) | ભરત ક્ષેત્ર | (૯) | અર્ધ માસ |
| (૧૦) | જંબૂદ્વીપ | (૧૦) | એક માસથી થોડું વધુ |
| (૧૧) | અઢી દ્વીપ | (૧૧) | એક વર્ષ |
| (૧૨) | રૂચકદ્વીપ | (૧૨) | અનેક વર્ષ |
| (૧૩) | સંખ્યાતદ્વીપ | (૧૩) | સંખ્યાત કાળ |
| (૧૪) | સંખ્યાત અસંખ્યાત દ્વીપ સમુદ્ર | (૧૪) | પલ્યોપમ આદિ અસંખ્ય કાળ |



**(૪) હીયમાન અવધિજ્ઞાન :–** સાધકને અપ્રશસ્ત યોગ, સંકિલષ્ટ પરિણામ આવે ત્યારે અવધિજ્ઞાનનો વિષય ઘટતો જાય છે. એ સર્વે દિશાઓથી ઘટે છે.

**(૫) પ્રતિપાતી અવધિજ્ઞાન :–** અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને ઉત્કૃષ્ટ સંપૂર્ણ લોકના વિષયનું અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ વિનષ્ટ થઈ શકે છે. આને પ્રતિપાતી અવધિજ્ઞાન કહે છે.

**(૬) અપ્રતિપાતિ અવધિજ્ઞાન :–** લોકની સીમાથી આગળ વધીને જ્યારે અવધિજ્ઞાનની ક્ષમતા અલોકમાં જાણવા-દેખવા યોગ્ય વધી જાય છે ત્યારે તે અવધિજ્ઞાન અપ્રતિપાતિ થઈ જાય છે. અર્થાત્ તે આખા ભવમાં ક્યારેય નષ્ટ થતું નથી, પતિત થતું નથી; આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી રહે છે અથવા તો કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ જાય ત્યારે તે તેમાં વિલીન થઈ જાય છે.

**અવધિજ્ઞાનનો જઘન્ય ઉત્કૃષ્ટ વિષય :–** (૧) દ્રવ્યથી– જઘન્ય અનંત રૂપી દ્રવ્ય જુએ અને જાણે, ઉત્કૃષ્ટ સર્વરૂપી દ્રવ્ય જુએ અને જાણે. (૨) ક્ષેત્રથી– જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને જુએ અને જાણે, ઉત્કૃષ્ટ લોક જેટલા અસંખ્યાતા ખંડ પ્રમાણ ક્ષેત્ર અલોકમાં જુએ અને જાણે. (૩) કાળથી– જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ જુએ અને જાણે, ઉત્કૃષ્ટ અસંખ્યાત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ પ્રમાણ ભૂત ભવિષ્ય જુએ અને જાણે.

(૪) ભાવથી– જઘન્ય ઉત્કૃષ્ટ અનંત પર્યાય જુએ અને જાણે. પરન્તુ જઘન્યથી ઉત્કૃષ્ટનો વિષય અનંત ગુણો છે, એમ સમજવું. તોપણ સર્વ પર્યાયથી અનંતમો ભાગ જુએ.

**(૪) મનઃપર્યવજ્ઞાન :–** (૧) મનની પર્યાયોને જાણનારું મનઃપર્યવજ્ઞાન છે.

ભાષા વર્ગણાની જેમ મન વર્ગણા પણ રૂપી છે. વચન યોગ દ્વારા ભાષા વર્ગણાનું ભાષારૂપમાં પરિણમન થાય છે. તેવી રીતે મનોયોગ દ્વારા મન વર્ગણાના પુદ્ગલનું મનરૂપમાં પરિણમન થાય છે. મનરૂપમાં પરિણત એ પુદ્ગલોને ઓળખવા તે મનઃપર્યવજ્ઞાનનો વિષય છે.

(૨) જે રીતે શ્રવણેન્દ્રિયનો વિષય છે, કોઈના વચનને શ્રવણ કરવું, તે રીતે મનઃ પર્યવજ્ઞાનનો વિષય છે કોઈના મનને જાણી લેવું. કોઈ વ્યક્તિ વચન દ્વારા કોઈની નિંદા કરે અથવા કોઈની પ્રશંસા કરે તથા વચમાં એ વ્યક્તિ સંબંધિત નામ લે એ સાંભળવાનો વિષય છે. પરંતુ આ વ્યક્તિ કોણ છે, કઈ જાતિની છે, એનો વક્તા સાથે શું સંબંધ છે ? નિંદા અથવા પ્રશંસાનુ કારણ અથવા નિમિત્ત શું છે ? વગેરે જ્ઞાન વક્તાના તાત્પર્યાર્થથી સમજાય અથવા સ્વયંના ચિંતન કે ક્ષયોપશમથી જાણી શકાય, તેવી રીતે મનઃપર્યવજ્ઞાન દ્વારા મન પરિણત પર્યાયોનું જ્ઞાન થાય છે. અન્ય વિષયોનું જ્ઞાન મનના પર્યાયના અનુપ્રેક્ષણ દ્વારા થાય અથવા અન્ય અનુભવ બુદ્ધિ આદિથી અથવા તો તેની આગળ-પાછળના મનથી જાણી શકાય છે.

(૩) આ મનઃપર્યવજ્ઞાન ફક્ત મનુષ્યને થાય છે, અન્ય ત્રણ ગતિમાં નથી હોતું. તે દ્રવ્ય અને ભાવથી સંયમ પર્યાયમાં જ થાય છે. ફક્ત દ્રવ્ય સંયમ હોય તો નથી થતું અથવા ફકત ભાવ સંયમ હોય પણ દ્રવ્ય સંયમ ન હોય તો પણ નથી થતું. સંયમી પણ જ્યારે અપ્રમત્તયોગમાં હોય ત્યારે તેને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. પ્રમત્ત અવસ્થામાં મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન નથી થતું. સાતમા ગુણસ્થાનમાં ઉત્પન્ન થાય છે. એકથી છ ગુણ સ્થાનમાં ઉત્પન્ન થતું નથી.

(૪) જેમ વચન અથવા ભાષાના દ્રવ્ય અને ભાવ એવા કોઈ વિકલ્પ નથી હોતા તેમ મનના પણ દ્રવ્યને ભાવનો આગમમાં કોઈ વિકલ્પ કહ્યો નથી. આની પ્રક્રિયા પૂર્ણ ભાષા પરિણમનની જેમ છે. જેવી રીતે ભાષાનો રૂપી, અરૂપી વિકલ્પ નથી હોતો તેવી રીતે મનના રૂપી અરૂપી વિકલ્પ નથી હોતા. એ બન્ને રૂપી હોય છે. ગ્રંથોમાં મનના દ્રવ્ય અને ભાવ વિકલ્પ બતાવ્યા છે. પરંતુ એની કોઈ આવશ્યકતા કે ઉપયોગિતા નથી.

(૫) આ મનઃપર્યવજ્ઞાન બે પ્રકારના હોય છે– **૧.** ૠજુમતિ મનઃપર્યવજ્ઞાન **૨.** વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન. ૠજુમતિની અપેક્ષાએ વિપુલમતિ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને વિશુદ્ધ વિપુલ અને નિર્મલરૂપથી વધુ જાણે છે, દેખે છે અને ક્ષેત્રમાં અઢી અંગુલ ક્ષેત્ર એનું વધુ હોય છે. સામાન્ય બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન ૠજુમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય અને વિશિષ્ટ બુદ્ધિવાળાનું મનઃપર્યવજ્ઞાન વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

**(૬) મનઃપર્યવ જ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– મનઃપર્યવજ્ઞાની સન્ની જીવો (દેવ મનુષ્ય તિર્યંચ)ના મનના(મનરૂપમાં પરિણત પુદ્ગલોના) અનંત અનંત પ્રદેશી સ્કંધોને જાણે દેખે છે.

(૨) ક્ષેત્રથી– મનઃ પર્યવજ્ઞાની જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે છે, ઉત્કૃષ્ટ નીચે ૧૦૦૦ યોજન, ઉપર ૯૦૦ યોજન તથા ચારે દિશામાં ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં રહેલા સન્ની દેવ મનુષ્ય તિર્યંચોના વ્યક્ત મનના ભાવને જાણે દેખે છે.(જે પ્રકારે અસ્પષ્ટ શબ્દ સાંભળી શકાતા નથી તે પ્રકારે અસ્પષ્ટ મનને જાણી-દેખી શકાતા નથી.)

(૩) કાળથી– જઘન્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી જોઈ શકે છે. ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સમયના ભૂત અને ભવિષ્યના મનને જાણી દેખી શકે છે.જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને કથનની અપેક્ષાએ તો એક જ છે, પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટ વધારે છે એમ સમજી લેવું જોઈએ(જો જઘન્ય ઉત્કૃષ્ટ વાસ્તવમાં સમાન જ હોય તો તેને આગમમાં જઘન્ય ઉત્કૃષ્ટ નહીં કહેતા અજઘન્ય અનુત્કૃષ્ટ કહેવાય છે.) (૪) ભાવથી– મનઃપર્યવજ્ઞાની અનંત ભાવોને જાણી શકે છે, જોઈ શકે છે.

**પરિશેષ વાર્તા :–**

**પ્રશ્ન :–** જો અવધિજ્ઞાની રૂપી પદાર્થોને જાણે છે તો શું તે સ્વયંની સીમામાં રહેલા જીવોના મનને જાણી-દેખી શકે છે ?

**ઉત્તર :–** હા જાણી-દેખી શકે છે. આને દષ્ટાંત દ્વારા સમજીએ. એક ટપાલઘરમાં ઘણી વ્યક્તિ કામ કરતી હોય છે. પરંતુ કોઈ વ્યક્તિ તારની અનુભવી હોય છે. કોઈને તાર વિષે અનુભવ નથી પણ તેને શ્રોતેન્દ્રિય તો છે જ તેથી તાર સંદેશાના ટિક ટિક અવાજને સાંભળી શકે છે પરંતુ સમજી શકતી નથી. તેવી રીતે તેટલું અંતર અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની વચ્ચે રહેલું છે. અથવા એક ડોકટર ચક્ષુરોગનો નિષ્ણાત છે અને બીજો સંપૂર્ણ શરીરનો ચિકિત્સક છે. તે આંખની ચિકિત્સા પણ કરે છે, પરંતુ આંખના વિષયમાં ચક્ષુ વિશેષજ્ઞની ચિકિત્સા તથા શરીર નિષ્ણાતની ચિકિત્સામાં અંતર હોવું સ્વાભાવિક છે. તેવીજ રીતે અવધિજ્ઞાની દ્વારા મનના પુદ્ગલને જાણવામાં ને મનઃપર્યવજ્ઞાની દ્વારા મનના પુદ્ગલને જોવા અને જાણવામાં ઘણું અંતર હોય છે, એમ સમજવું જોઈએ.

**પ્રશ્ન :–** ૠજુમતિ અને વિપુલમતિ બન્ને લગભગ સરખા છે. તો આ વિભાગને કેમ સમજવા ?

**ઉત્તર :–** જેમ કે બે વિદ્યાર્થીઓએ એક જ વિષયની પરીક્ષા આપી. એક પ્રથમ શ્રેણીમાં આવે છે બીજો દ્વિતીય શ્રેણીમાં આવે છે. તેથી સ્પષ્ટ છે કે પ્રથમશ્રેણી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીનું જ્ઞાન વિશેષ છે. એની શ્રેણી આગળ છે. ભવિષ્યમાં પણ એનો પ્રવેશ પ્રથમ આવશે. એવી રીતે ૠજુમતિ અને વિપુલમતિમાં ફેર સમજવો.

ઋજુમતિનું જ્ઞાન એ જ ભવમાં નષ્ટ થઈ શકે છે. જ્યારે વિપુલમતિનું જ્ઞાન આખા ભવ સુધી રહે છે. આ તેની વિશેષતા છે. કોઈ ધારણા થકી વિપુલમતિ એજ ભવમાં મોક્ષ પામે છે. જ્યારે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાનીને ભવિષ્યમાં અનેક ભવ પણ કરવા પડે છે. સામાન્ય અંતરપણ કયારેક મહત્ત્વનું થઈ જાય છે. જેમ કે ચુંટણીમાં એક મત ઓછો પડયો તો બીજા પાંચ વર્ષ રાહ જોવી પડે. એવી જ વિશેષતા બન્ને પ્રકારના મનઃપર્યવ જ્ઞાનમાં છે. તેથી બે પ્રકાર કહ્યા છે.

**અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની તુલના :–**

(૧) અવધિજ્ઞાનની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે.

(૨) અવધિજ્ઞાન બધા પ્રકારના રૂપી દ્રવ્યોનો વિષય કરે છે. જ્યારે મનઃપર્યવ જ્ઞાન ફક્ત મનોદ્રવ્યોનો વિષય કરે છે.

(૩) અવધિજ્ઞાન ચારેય ગતિમાં હોય છે, મનઃ પર્યવ જ્ઞાન ફક્ત મનુષ્ય ગતિમાં જ હોય છે.

(૪) અવધિજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી નષ્ટ થતું નથી પરંતુ વિભંગજ્ઞાનમાં પરિવર્તિત થાય છે જ્યારે મનઃપર્યવજ્ઞાન મિથ્યાત્વ આવ્યા પછી સમાપ્ત થઈ જાય છે.

(૫) અવધિજ્ઞાનની સાથે અવધિ દર્શન હોય છે, મનઃપર્યવજ્ઞાનની સાથે કોઈ દર્શન નથી હોતું.

(૬) અવધિજ્ઞાન આગામી ભવમાં સાથે જાય છે. મનઃપર્યવજ્ઞાન પરભવમાં સાથે જતું નથી.

(૭) મનઃપર્યવ જ્ઞાનનો વિષય દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવથી અલ્પ છે, અવધિજ્ઞાનનો વિષય અત્યંત વિશાળ છે. અર્થાત્ અવધિજ્ઞાની સંપૂર્ણ શરીરના ચિકિત્સક સમાન છે, તો મનઃપર્યવ જ્ઞાની કોઈ એક અંગના વિશેષજ્ઞની સમાન છે.

**(૫) કેવળજ્ઞાન :–** કેવળજ્ઞાન આત્માનો નિજ ગુણ-સ્વભાવ છે. અનાદિકાળથી આત્મા જ્ઞાનાવરણીય કર્મથી આવૃત્ત છે. જ્યારે આત્મા સદનુષ્ઠાનરૂપ તપ સંયમ દ્વારા મોહ કર્મનો ક્ષય કરીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મોનો એક સાથે ક્ષય કરે છે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે અને કેવળદર્શન પણ ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન આવરણ રહિત અને સંપૂર્ણ જ્ઞાન છે. આ જ્ઞાન દ્વારા રૂપી અરૂપી સમસ્ત પદાર્થો તથા સમસ્ત પર્યાયોનું જ્ઞાન થાય છે. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ક્યારે ય પણ નષ્ટ થતું નથી અર્થાત્ આ અપ્રતિપાતિ જ્ઞાન છે. મનુષ્ય દેહ છૂટ્યા પછી પણ આ જ્ઞાન યથાવત્ આત્મામાં રહે છે. અનંત સિદ્ધો અને હજારો મનુષ્યનું કેવળ જ્ઞાન એક જ હોય છે; એમાં કોઈ ભેદ કે વિભાગ નથી હોતા.

કેવળજ્ઞાની મનુષ્ય અને સિદ્ધોની અવસ્થાઓ વિભિન્ન હોય છે. એ



અપેક્ષાએ કેવળજ્ઞાનીના ભેદ–વિકલ્પ ઉપચારથી હોય છે. પરન્તુ વાસ્તવમાં કેવળ જ્ઞાનના કોઈ ભેદ વિકલ્પ હોતા નથી એ સ્પષ્ટ છે. કેવળજ્ઞાન સાદિ અનંત છે અર્થાત્ એક દિવસ આ જ્ઞાન પ્રકટ થાય છે, તેથી સાદિ છે અને તે સદા તથા સર્વદા રહેશે તેથી અનંત છે. પાંચ પદોમાં પ્રથમ અને બીજા પદમાં અર્થાત્ અરિહંત અને સિદ્ધોને કેવળજ્ઞાન હોય છે. શેષ ત્રણ પદમાં કોઈકને હોય છે અને કોઈકને નથી હોતું.

**કેવળજ્ઞાનનો વિષય :–** (૧) દ્રવ્યથી– કેવળજ્ઞાની રૂપી અરૂપી સર્વ દ્રવ્યોને જાણે અને જુએ (૨) ક્ષેત્રથી– સર્વ લોક અલોકને જાણે, જુએ(૩) કાળથી– સંપૂર્ણ ભૂત ભવિષ્યને જાણે-જુએ (૪) ભાવથી– સર્વે દ્રવ્યોની સર્વે પર્યાયોને, અવસ્થા-ઓને જાણે-જુએ. કેવળજ્ઞાનથી સંપૂર્ણ પદાર્થો અને ભાવોને જાણીને કેવળી થોડા તત્ત્વોનું જ કથન વાણી દ્વારા કરે છે. તેમનો આ વચન યોગ હોય છે. એમનું આ પ્રવચન, સાંભળનારા માટે શ્રુતજ્ઞાન બની જાય છે.

મતિ આદિ ચાર જ્ઞાન એક સાથે એક વ્યક્તિમાં હોઈ શકે છે. કેવળ જ્ઞાન એકલું જ હોય છે. શેષ ચારે જ્ઞાન કેવળજ્ઞાનમાં વિલીન થઈ જાય છે. જેમ કોઈ મકાનની એક દિશામાં ચાર દરવાજા છે, તેને હટાવીને આખી દિશા ખુલ્લી કરીને જ્યારે એક જ પહોળો માર્ગ બનાવી દેવામાં આવે છે, ત્યારે તેમાં પ્રવેશ દ્વાર ૪ અથવા ૫ નહીં પરંતુ એક જ માર્ગ કહેવામાં આવે છે. ચાર દરવાજાઓના ચાર માર્ગ પણ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે. એ જ રીતે એક કેવળજ્ઞાનમાં જ ચારે ય જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે. કેવળજ્ઞાનથી વિશેષ કોઈ જ્ઞાન હોતું નથી. આ સર્વોપરી જ્ઞાન છે અને આત્માની સર્વશ્રેષ્ઠ નિજ સ્વભાવ અવસ્થા છે. કેવળ જ્ઞાનને પ્રાપ્ત કરવા સંપૂર્ણ તપ, સંયમની સાધનાનો સ્વીકાર કરવો જરૂરી છે.

**॥ નંદી સૂત્ર સારાંશ સંપૂર્ણ ॥**

**પરિશિષ્ટ–૧ :**

## ભગવતી સૂત્ર અને નંદીસૂત્રમાં જ્ઞાનનો વિષય

*મતિ જ્ઞાનને બાદ કરતાં ચાર જ્ઞાનનો વિષય બન્ને સૂત્રોમાં સરખો છે. મતિજ્ઞાન માટે નંદી સૂત્રમાં 'અપેક્ષાએ મતિજ્ઞાની સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવને જાણે કિંતુ દેખે નહીં,' આવું વિધાન કરવામાં આવેલ છે. જ્યારે ભગવતીસૂત્રમાં 'અપેક્ષાથી જાણે અને દેખે' એમ કહેવામાં આવ્યું છે.*

*જ્યાં અપેક્ષા શબ્દનો પ્રયોગ કરવામાં આવે ત્યાં જાણવાનું અને જોવાનું બન્નેનો સ્વીકાર કરવો ઉચિત જ હોય. તેથી ભગવતીસૂત્રનો પાઠ શુદ્ધ જણાય છે.*

કારણ કે અપેક્ષા શબ્દ લગાડીને પણ મૂળમાં જોવાનો નિષેધ કરવો અને પછી ટીકામાં સ્પષ્ટીકરણ કરવું કે અમુક અપેક્ષાથી જુએ અને અમુક અપેક્ષાથી ન પણ જુએ, એ બરાબર નથી.

તેથી એમ માની લેવું જોઈએ કે ભગવતી સૂત્રનું કથન બરાબર છે અને નંદીના પાઠમાં કયારેય પણ જોવાના શબ્દ સાથે 'નો' ઉમેરવામાં આવી ગયો છે. કદાચ તે લિપિ દોષથી આવ્યો કે કયારેક સમજના ભ્રમથી આવી ગયો હોય.

અપેક્ષા શબ્દ લાગવાથી બહુજ શકયતા તેમાં સમાઈ જાય છે. અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્રને જાણવાનું બન્ને સૂત્રોમાં મતિજ્ઞાન માટે તો પાઠ છે જ અને શ્રુત- જ્ઞાન માટે પણ બન્ને સૂત્રોમાં સર્વ દ્રવ્ય ક્ષેત્ર કાળભાવને અપેક્ષાથી જાણવું જોવું એમ સરખું જ કહેવામાં આવ્યું છે,(ઉપયોગ હોય ત્યારે) પરિણામ એ થયું કે નંદીમાં મતિજ્ઞાનનો પાઠ ભગવતી સૂત્રની જેમજ હોવો જોઈએ.

આ લિપિ દોષ ટીકાકારોના જમાના પૂર્વથી જ આવી ગયેલ છે, છતાં પણ ભગવતી સૂત્રના પાઠને જોઈ જાણી એને સુધારી લેવો જોઈએ.

**સાર :–** મતિજ્ઞાની અપેક્ષાથી સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને જાણે–જુવે છે.

**મ મ મ મ મ**

## પરિશિષ્ટ – ૨ :

## નંદીસૂત્ર અને સમવાયાંગ સૂત્રમાં દ્વાદશાંગી–પરિચય

સમવાયાંગ સૂત્રમાં વિષય–વર્ણન કંઈક વધારે અને વિસ્તારથી કહેવામાં આવ્યું છે અને નંદીમાં કંઈક સંક્ષિપ્ત કથન છે. આ સિવાય ઘણી ખરી સમાનતા છે. થોડીક જ ભિન્નતા છે. જેમ કે–

(૧) નંદીમાં ભગવતીની પદ સંખ્યા બે લાખ અઠયાસી હજાર છે. જ્યારે સમવાયાંગમાં ચોર્યાસી હજાર છે.

(૨) નંદીમાં અંતગડ સૂત્રના આઠ વર્ગ અને આઠ ઉદ્દેશન કાલ કહેવાયા છે, અધ્યયન કહ્યા નથી. જ્યારે સમવાયાંગમાં સાત વર્ગ, ૧૦ અધ્યયન અને દસ ઉદ્દેશન કાલ કહ્યા છે.

(૩) નંદીમાં અનુત્તરોપપાતિક સૂત્રના ત્રણ વર્ગ અને ત્રણ ઉદ્દેશન કાલ કહ્યા છે. સમવાયાંગમાં દસ અધ્યયન દસ ઉદ્દેશનકાલ અને ત્રણ વર્ગ કહ્યા છે.



### ઠાણાંગસૂત્રમાં કંઈક પરિચય અને તેની વિચારણા :–

૧. ઉપાસકદશા ૨. અંતગડદશા ૩. અનુત્તરોપપાતિકદશા ૪. પ્રશ્ન-વ્યાકરણ ૫. વિપાકસૂત્ર. આ સૂત્રોના અધ્યયનોની સંખ્યા અને નામ દસમા ઠાણામાં આવેલ છે.

નંદી અને સમવાયાંગમાં સૂત્રોના પરિચયમાં અધ્યયનોની સંખ્યા તો છે પરંતુ અધ્યયનોના નામ કયાંય પણ નથી.

વર્તમાનમાં ઉપલબ્ધ અને આ શાસ્ત્રોમાં કહેવાયેલ અધ્યયનોની સંખ્યા અને નામોમાં તફાવત અને સરખાપણું આ પ્રકારે છે–

(૧) ઉપરના પાંચ સૂત્રોની અધ્યયન સંખ્યા ઠાણાંગમાં ૧૦-૧૦ જ કહેલ છે. જ્યારે સમવાયાંગમાં ચાર સૂત્રોની દસ-દસ કહેલ છે અને પ્રશ્નવ્યાકરણની ૪૫ કહેલ છે. જ્યારે નંદીમાં ફક્ત વિપાક અને ઉપાસકદશા એ બે સૂત્રોની જ અધ્યયન સંખ્યા દસ-દસ કહેલ છે. બે સૂત્ર અંતગડ અને અનુત્તરોપપાતિકની અધ્યયન સંખ્યા જ કહેલ નથી અને પ્રશ્નવ્યાકરણ સૂત્રની ૪૫ અધ્યયન સંખ્યા કહેલ છે.

(૨) છતાં પણ વર્તમાનમાં ઉપલબ્ધ અંતગડસૂત્રના નેવું અધ્યયનો છે અને અનુત્તરોપપાતિકના તેત્રીસ અધ્યયનો છે. બાકીના ત્રણ સૂત્રોના દસ-દસ અધ્યયન મળે છે.

(૩) ઠાણાંગમાં કહેલ ઉપાસક દશાના દસ અધ્યયનોના નામો વર્તમાનમાં પણ એજ મળે છે. જ્યારે વિપાકના નામો અને અનુત્તરોપપાતિકના નામોમાં ભિન્નતા છે અને પ્રશ્ન વ્યાકરણના દશ અધ્યયનો બધાય જુદા મળે છે.

આ તફાવતોના કારણોની ઘણી રીતથી કલ્પનાઓ કરવામાં આવે છે. છતાં શાસ્ત્રોમાં કોઈ કારણનો સંકેત પણ મળતો નથી.

**સાર :–** ઉપાસકદશા સૂત્રના સંબંધમાં બધી સરખામણી છે. વિપાકસૂત્રના અધ્યયનના નામોમાં જુદાપણુ છે અને ત્રણ સૂત્રોનું વર્ણન જોતા જે મળે છે તે ઘણું જુદુંજ છે. આથી ફલિત થાય છે કે ત્રણ અંગ આગમોનું પૂરેપૂરું બદલાયેલું રૂપ મળે છે અને વિપાક સૂત્રના કેટલાક અધ્યયનોમાં પરિવર્તન દેખાય છે. બાકી સાત અંગસૂત્રોની કોઈપણ પ્રકારની વિભિન્નતાની આ પરિચય સૂત્રોમાં ચર્ચા નથી.

આચારાંગ સૂત્રના પાછલા બે અધ્યયન ભાવના અને વિમુક્તિ ''બંધદશા સૂત્ર''ના સાતમા, આઠમા અધ્યયન છે, એમ ઠાણાંગ સૂત્રમાં કહેલ છે. તેનું કારણ એ છે કે નિશીથ અધ્યયનને આચારાંગથી અલગ પાડવામાં આવ્યું છે. જેથી આ અધ્યયનોનું કંઈક પરિવર્તન થયેલ છે અને આચારાંગની અધ્યયન સંખ્યાની પૂર્તિ કરવામાં આવેલ છે. મતલબ એ કે બંધદશા સૂત્રના જ ભાવના અને વિમુક્તિ નામક સાતમા આઠમા અધ્યયન આચારાંગમાં રાખવામાં આવેલ છે.

*આગમોમાં આવા પરિવર્તનો માટે કોઈ સંકેત પણ ન હોવાથી નિશ્ચિત કાંઈ પણ કહી શકાતુ નથી. અનુમાન અને શક્યતાઓ જ દર્શાવી શકાય, તે જ ઉપર કહેવાયું છે.*

## પરિશિષ્ટ યુક્ત નંદી સૂત્ર સંપૂર્ણ

### આગમમનિષી શ્રી તિલોકમુનિજી મ. સા.

**દીક્ષાના છત્રીસ ચાતુર્માસ :–** (૧) પાલી (૨) ઈન્દોર (૩) પાલી (૪) ગઢસિવાના (૫) જયપુર (૬) પાલી (૭) ખીચન (૮) મંદસૌર (૯) નાથદ્વારા (૧૦) જોધપુર (૧૧) બાલોતરા (૧૨) રાયપુર (એમ.પી.) (૧૩) આગર (૧૪) જોધપુર (૧૫) મહામંદિર (૧૬) જોધપુર (૧૭) બ્યાવર (૧૮) બાલોતરા (૧૯) જોધપુર (૨૦) અમદાવાદ (૨૧) આબુ પર્વત (૨૨) સિરોહી (૨૩) આબુ પર્વત (૨૪) મસૂદા (૨૫) ખેડબ્રહ્મા (૨૬) આબુ પર્વત (૨૭) મદનગંજ (૨૮) માણસા (૨૯) પ્રાગપર(કચ્છ) (૩૦) સુરેન્દ્રનગર (૩૧) થી (૩૫) રોયલ પાર્ક, રાજકોટ. (૩૬) આરાધના ભવન, વૈશાલીનગર, રાજકોટ.

***કુલ :*** *ચાર મધ્યપ્રદેશમાં, દશ ગુજરાતમાં, એકવીસ રાજસ્થાનમાં*

*વર્તમાનમાં – આરાધના ભવન વૈશાલીનગર..... જાન્યુઆરી ૨૦૦૩*



# અનુયોગદ્વાર સૂત્ર

**પ્રસ્તાવના :–**

*સાંસારિક પ્રાણી અજ્ઞાન, મિથ્યાત્વ અને મોહ અવસ્થાના કારણે ચાર ગતિમાં ભ્રમણ કર્યા કરે છે. આ સ્થિતિમાંથી ઉગારવાવાળી માત્ર તીર્થંકર પ્રભુની વાણી છે. જેના શ્રવણ મનન અધ્યયન દ્વારા જીવને રાહત સાંપડે છે. આજે તીર્થંકર પ્રભુની વાણી આગમ રૂપમાં ગૂંથેલી એજ ગુણસભર ઉપલબ્ધ છે. અનેક મુમુક્ષુ પ્રાણીઓ આગમોના માધ્યમ વડે સન્માર્ગને પ્રાપ્ત કરે છે. શ્રમણ તથા શ્રમણો- પાસક વર્ગ આજે પણ આ આગમોના આધારે ધર્મ શ્રદ્ધાળુ પુણ્યવાન જીવોને ત્યાગ વૈરાગ્ય અને જ્ઞાન વૃદ્ધિ કરાવવા માટે ધર્મોપદેશ આપે છે. આગમ આપણા મૌલિક સૂત્રરૂપ છે. એના અર્થ અને વ્યાખ્યા–વિશ્લેષણ પણ એ આગમોના ભાવોને સંક્ષેપમાં તથા વિસ્તારમાં સમજવા માટે સહાયભૂત છે. પ્રાચીનકાળમાં એ અર્થ તથા વ્યાખ્યાઓને માટે "અનુયોગ" શબ્દનો પ્રયોગ કરવામાં આવતો હતો.*

***સૂત્ર નામ તથા અર્થ વિચારણા :–*** *સૂત્રને અનુરૂપ અર્થ અને વ્યાખ્યા યોજવી એ "અનુયોગ" કહેવાય છે. સૂત્રના એ અર્થો, વ્યાખ્યાઓ અને વિશ્લેષણ રૂપ અનુયોગને કહેવાની સમજાવવાની જે પદ્ધતિ હોય છે, રીત હોય છે, અર્થાત્ જે ભંગ, ભેદ, આદિ ક્રમોના અવલંબન લઈને આગમ શબ્દો અને સૂત્રોની વ્યાખ્યા (અનુયોગ) કરવામાં આવે તેને અનુયોગ પદ્ધતિ કહેવાય છે. આ પદ્ધતિમાં જે ભંગભેદનું અવલંબન લેવામાં આવે છે, તેના મુખ્ય ભંગભેદોને "દ્વાર" કહેવામાં આવે છે. દ્વારનો અર્થ છે, સૂત્ર વ્યાખ્યામાં પ્રવેશવાનો મુખ્ય માર્ગ. પછી જે ભેદાનુભેદ કરવામાં આવે છે, તેને "ઉપદ્વાર" કહે છે. તે ભંગ, ભેદાનુભેદ, વિકલ્પ, ઉપદ્વાર કોઈ પણ શબ્દ વડે કહી શકાય છે.*

*પ્રસ્તુત સૂત્રમાં સૂત્રો અને શબ્દોના અર્થની વ્યાખ્યાન પદ્ધતિ ચાર મુખ્ય દ્વારોથી બતાવવામાં આવી છે. એટલે જ આનું સાર્થક નામ "અનુયોગ દ્વાર સૂત્ર" રાખવામાં આવ્યું છે. આ સૂત્ર તમામ આગમો અને તેની વ્યાખ્યાઓને સમજવાની ચાવીરૂપ છે.*

***સૂત્રનો વિષય :–*** *આ સૂત્રમાં પ્રથમ પાંચ જ્ઞાનોથી મંગલાચરણ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ આવશ્યક, શ્રુત, સ્કંધ, અધ્યયન અને સામાયિક આ પાંચ શબ્દોને ઉદાહરણરૂપમાં લઈને વ્યાખ્યા પદ્ધતિને ક્રિયાન્વિત કરવામાં આવી છે.*

*વ્યાખ્યા પદ્ધતિના ભેદ-પ્રભેદોની પ્રચુરતાના કારણે આ સૂત્રને સમજવું અન્ય આગમો કરતાં વધારે અઘરું છે. એટલે આ સૂત્ર સર્વ સામાન્ય લોકો માટે સુરુચિપૂર્ણ નથી. તેમ છતાં જૈન દર્શન અને પ્રાચીન વ્યાખ્યાઓને સમજવામાં સફળતા પ્રાપ્ત કરવા મેધાવી શિષ્યો માટે ખૂબ ઉપયોગી અને વિશેષ મહત્ત્વપૂર્ણ સૂત્ર છે. કારણ કે પ્રાચીન ચૂર્ણિ, નિર્યુક્તિ, ટીકા વગેરેના અધ્યયનથી એમ જણાય છે કે તેના પ્રારંભમાં વિવેચન કરવાની એજ પદ્ધતિ અપનાવેલ છે. જે આ સૂત્રમાં ભેદ-પ્રભેદો દ્વારા બતાવવામાં આવી*

છે. વ્યાખ્યાઓમાં આવી પદ્ધતિ શ્વેતાંબર જૈન આગમો સિવાય દિગમ્બર જૈન આગમ ''ષટ્‌ખંડાગમ'' આદિની ટીકાઓમાં પણ જોવા મળે છે. આનાથી પણ આ સૂત્રોક્ત અનુયોગ પદ્ધતિની મહત્તા તથા આવશ્યકતાનું અનુમાન કરી શકાય છે.

**અનુયોગ દ્વાર સૂત્રનું વિષય સંકલન :–**

(૧) જ્ઞાનના ભેદો – મતિ આદિ.
(૨) શ્રુતજ્ઞાનના ઉદ્દેશ આદિ.
(૩) આવશ્યક સૂત્રનું, શ્રુતનું, સ્કંધનું અનુક્રમથી નિક્ષેપ દ્વારા પ્રરૂપણ.
(૪) અનુયોગના ચાર દ્વાર તથા પ્રથમ ઉપક્રમ દ્વારનું વિભાગ વર્ણન.
(૫) આનુપૂર્વી વિસ્તાર.
(૬) એકથી દસ નામ વર્ણન વડે વિવિધ ભાવોનું નિરૂપણ નામાનુપૂર્વી.
(૭) ચાર પ્રમાણ સ્વરૂપ
(૮) માન, ઉન્માનના ભેદ અને સ્વરૂપ
(૯) ત્રણ પ્રકારના અંગુલ
(૧૦) જીવોની અવગાહના
(૧૧) સ્થિતિ
(૧૨) પાંચ શરીરના બંધ-મુક્તનું વર્ણન.
(૧૩) પ્રત્યક્ષ પ્રમાણ વગેરે ભાવ પ્રમાણ.
(૧૪) સંખ્યાત, અસંખ્યાત વર્ણન
(૧૫) પલ્યોપમ અને સાગરોપમનું માપ(ડાલા–પાલા વર્ણન)
(૧૬) અર્થાધિકાર
(૧૭) સમવતાર
(૧૮) ચાર નિક્ષેપ દ્વાર
(૧૯) અનુગમ દ્વાર નિરૂપણ
(૨૦) સામાયિક સ્વરૂપ
(૨૧) નય પ્રરૂપણ

**નોંધ :–** આ બધા અનુયોગ દ્વાર સૂત્રમાં વર્ણવેલા વિષયો છે. જીવોની અવગાહના, સ્થિતિ, બદ્ધ-મુક્ત શરીરોના વર્ણન, પ્રજ્ઞાપના સૂત્રમાં હોવાથી અહીં આ પુષ્પમાં સામેલ કર્યા નથી.

**આગમોમાં આ સૂત્રનું સ્થાન :–** વ્યાખ્યા પદ્ધતિનું સૂચક એવું આ અનુયોગદ્વાર સૂત્ર અંગ બાહ્ય ઉત્કાલિક સૂત્ર છે, એમ નંદી સૂત્રની સૂત્ર સૂચિમાં દર્શાવવામાં આવ્યું છે. હાલમાં શ્વેતાંબર સ્થાનકવાસી પરંપરામાં આને મૂળ સૂત્રોમાં ગણી લેવામાં આવ્યું છે. જ્યારે શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરામાં આને ચૂલિકા સૂત્રમાં ગણવામાં આવ્યું છે. આ સૂત્રમાં મુખ્યપણે 'આવશ્યકસૂત્ર' તથા 'સામાયિક આવશ્યક' પર અનુયોગ પદ્ધતિથી



વ્યાખ્યાનું કથન ચાર મુખ્ય દ્વારો વડે કરવામાં આવ્યું છે. તેની સાથે સાથે પ્રસંગોપાત બીજા પણ જાણવા યોગ્ય વિષયો (તત્ત્વો)ની છણાવટ કરવામાં આવી છે.

આવી છણાવટમાં સાંસ્કૃતિક સામગ્રીઓનું પણ વર્ણન છે. જેમ કે– સંગીતના સાત સૂર, સ્વરસ્થાન, ગાયકના લક્ષણ, ગ્રામ, મૂર્ચ્છનાઓ, સંગીતના ગુણ અને દોષ, નવ રસ, સામુદ્રિક લક્ષણ, ઉત્તમ પુરુષના લક્ષણ, ચિન્હ ઈત્યાદિ. નિમિત્તના સંબંધમાં પણ કંઈક પ્રકાશ પાડવામાં આવેલ છે. જેમ કે આકાશ દર્શન તથા નક્ષત્ર વગેરે પ્રશસ્ત હોય ત્યારે સુવૃષ્ટિ થાય અને અપ્રશસ્ત હોય તો દુષ્કાળ વગેરે થાય છે.

**સૂત્ર અને સૂત્રકાર :–** આના રચનાકાર આર્યરક્ષિત મનાય છે. તે મુજબ આ સૂત્રની રચના વીર(નિર્વાણ) સંવત ૫૯૨ની તથા વિક્રમ સંવત ૧૨૨ની આસપાસ મનાય છે.

આગમ પ્રભાવક શ્રી પુણ્યવિજયજી મ.સા.નું એવું મંતવ્ય છે કે અનુયોગ દ્વાર સૂત્રની રચના આર્યરક્ષિતે જ કરી છે એવું નિશ્ચયપણે કહી ન શકાય. તેથી ઉપાચાર્યશ્રી દેવેન્દ્રમુનિજીએ આ સૂત્રની રચના વીર નિર્વાણ પછી ૮૨૭ વર્ષે થઈ છે એવો ઉલ્લેખ પણ કર્યો છે. સાચા નિર્ણયના અભાવે પણ એટલું તો અવશ્ય માનવું પડે કે નંદી સૂત્રની રચના થઈ તે પહેલાં આ સૂત્રની રચના થઈ હોવી જોઈએ. આ સૂત્ર એક શ્રુત સ્કંધ છે. આમાં અધ્યયન ઉદ્દેશા નથી. આ સૂત્રનો ૧૮૯૨ શ્લોક પ્રમાણ મૂળ પાઠ માનવામાં આવે છે.

આ સૂત્ર પર જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ તથા જિનદાસ ગણિ મહત્તર એમ બે પ્રાચીન આચાર્યોની ચૂર્ણિ નામની વ્યાખ્યા ઉપલબ્ધ છે. આચાર્ય હરિભદ્રસૂરી તથા હેમચંદ્રાચાર્યની પ્રાચીન ટીકાઓ પણ મોજૂદ છે. વીસમી સદીમાં આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ સાહેબે ૩૨ સૂત્રો પર સંસ્કૃતમાં વ્યાખ્યા રચી હતી જે બધી જ પ્રકાશિત ઉપલબ્ધ છે. આચાર્ય શ્રી અમોલક ઋષિજી મ.સાહેબે ૩૨ સૂત્રોનો હિંદી અનુવાદ પ્રકાશિત કરાવેલ છે.

આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પણ હિંદી વિવેચન સહિત ૩૨ આગમો પ્રકાશિત થયેલ છે. આગમ નવનીત પ્રકાશન સમિતિ સિરોહીથી પણ ૩૨ આગમોના નવનીત(સારાંશ) પ્રકાશિત થયા છે. એના જ આધારે આ ગુજરાતીમાં સારાંશ તૈયાર થયો છે.

**ઉપસંહાર :–** આ સૂત્રમાં ખૂબ જ ગંભીર અને જટિલ વિષયો છે. તેનું યથા– સંભવ સરળ અને સાદી ભાષામાં સારાંશ રૂપમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. નય-નિક્ષેપનું વર્ણન ખુલાસાવાર કરવામાં આવ્યું છે. જેનો અનુભવ વાચક પોતે જ કરશે એવો પૂર્ણ વિશ્વાસ છે.

**આગમ મનીષી**
**ત્રિલોકમુનિ**

## અનુયોગ એક ચિંતન

**અનુયોગની પરંપરા :–** ભગવાનના શાસનમાં મેધાવી શિષ્યોને કાલિકશ્રુતરૂપ અંગસૂત્રોના મૂળપાઠની સાથે યથાસમયે એના અનુયોગ–અર્થ વિસ્તારની વાંચણી પણ અપાતી હતી. તેને શ્રમણ કંઠસ્થ કરતા અને તેઓ અનુયોગયુક્ત કાલિક શ્રુતને ધારણ કરનારા કહેવાતા.

નંદી સૂત્રના પ્રારંભમાં આવા અનેક અનુયોગ ધારક સ્થવિરોની સ્તુતિ કરીને નમસ્કાર કર્યા છે. ત્યાં અંતિમ પચાસમી ગાથામાં એવા મહાપુરુષોનું સ્મરણ કરવામાં આવ્યું છે કે જેમના નામો આગળની ૪૯ ગાથાઓમાં ન લઈ શકાયાં હોય અને જે સૂત્રકારના અનુભવથી અજ્ઞાત શ્રુતધરો પહેલાં થઈ ગયા હોય; તેમને પણ વંદન કરવામાં આવેલ છે. તે ગાથા આ છે–

**जे अण्णे भगवंते, कालिय सुय आणुओगिए धीरे ।**
**ते पणमिउण सिरसा, णाणस्स परूवणं वोच्छं ॥५०॥**

આમ કાલિક શ્રુત(અંગસૂત્ર) તથા તેના અનુયોગ 'વિસ્તૃત વિશ્લેષણની પરંપરા' ભગવાનના શાસનમાં નંદી સૂત્ર કર્તા શ્રી દેવર્ધિગણી ક્ષમાશ્રમણ સુધી મૌખિક ચાલતી રહી. આને કારણે ક્ષમાશ્રમણે નંદીસૂત્રમાં ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ કરીને ગણધર, જિન પ્રવચન તથા સુધર્મા સ્વામીથી દેવ દુષ્યગણિ સુધીના ૩૧ સ્થવિરોની સ્તુતિ કરીને વંદના કરી છે. આ દેવ દુષ્યગણિ, દેવર્ધિગણીના દીક્ષા ગુરુ અથવા વાચનાચાર્ય હતા.

ત્યારબાદ સૂત્રોને લિપિબદ્ધ કરવાનો ક્રમ દેવર્ધિગણિથી શરૂ થયો, જે વિધિવત્ અને સ્થાયી રીતે કરવામાં આવેલ છે. તેમના પહેલાં પણ આ ક્રમની શરૂઆત થઈ હશે પણ તે તેટલી મહત્ત્વની કે વ્યાપક ન થઈ શકી. સૂત્રને લિપિબદ્ધ કરવાનું આ કાર્ય ખૂબ જ અઘરું હતું. વળી અનુયોગ–અર્થ વ્યાખ્યાનને લિપિબદ્ધ કરવાનું તો તે સમયે કલ્પનાતીત જ ગણાતું. એટલે એનું આલેખન સ્થગિત કરવામાં આવ્યું. સંતોષ એમ માનવામાં આવ્યો કે અર્થ વ્યાખ્યાન કરવાની પદ્ધતિ તો અનુયોગ દ્વાર સૂત્રમાં સુરક્ષિતપણે ગૂંથેલી છે, તેટલી તો લિપિબદ્ધ છે જ. તેમજ સૂત્રોના સામાન્ય જરૂરી ઉપયોગી અર્થ અને ક્વચિત્ અનુયોગ પણ ગુરુ પરંપરાથી મૌખિક ચાલ્યા કરે છે.

દેવર્ધિગણિ ક્ષમાશ્રમણને હજુ ૪૦–૫૦ વર્ષ પણ પૂરા નહિ થયા હોય ત્યાં તો વ્યાખ્યાઓને લિપિબદ્ધ કરવાનું કાર્ય શરૂ થઈ ગયું હતું. પરંતુ આ કાર્ય એક સાથે સામુહિક રૂપથી નહોતું મંડાયું; વ્યક્તિગત રીતે થોડા થોડા સમયે



શરૂ થતું રહ્યું અને લખાતું રહ્યું. તેના પ્રારંભકર્તા વરાહમિહિરના ભાઈ, બીજા ભદ્રબાહુ સ્વામી હતા. તેમણે જે દસ સૂત્રો ઉપર વ્યાખ્યાઓ લખી તેનું નામ 'નિર્યુક્તિ' રાખેલું. પછીથી આગળ ઉપર આવશ્યક્તાનુસાર વ્યાખ્યાઓ ઉપર વ્યાખ્યાઓ વિસ્તૃત સ્પષ્ટ અર્થવાળી લખવામાં આવી. આમ કંઠસ્થ વ્યાખ્યાઓને ગ્રંથસ્થ કરવામાં આવતા, તેમના ભાષ્ય, ચૂર્ણિ, અવચૂરી, દિપિકા, ટીકા, ટબ્બા વગેરે નામો રાખવામાં આવ્યા. નામકરણ ગમે તે હોય પરંતુ આ બધા સૂત્રોની વ્યાખ્યાઓ સૂત્રોના અર્થ અને વિશ્લેષણરૂપ જ છે અને તે પ્રાચીનકાળમાં સૂત્રના અનુયોગરૂપે ઓળખાતી હતી.

આજે પણ શબ્દ કોષમાં અનુયોગ શબ્દનો અર્થ પરમાર્થ મળે છે. તેમાં પણ પ્રમુખ અર્થ એ છે કે અનુયોગ અર્થાત્ સૂત્રોના અર્થ તથા વિસ્તૃત વ્યાખ્યાઓ. એ વ્યાખ્યાઓની વિશેષ ક્રમિક પદ્ધતિ હોય છે તેને જ 'અનુયોગ પદ્ધતિ' કહેવાય છે.

પ્રસ્તુત અનુયોગ દ્વાર સૂત્રમાં મુખ્યપણે એ અનુયોગ પદ્ધતિને પ્રયોગાત્મક રૂપથી રજૂ કરવામાં આવી છે. તેથી આ સૂત્રનું અનુયોગ દ્વાર સૂત્ર સાર્થક નામ રાખવામાં આવ્યું છે. આમા જે પદ્ધતિ દર્શાવવામાં આવી છે, તેવીજ રીતે નિર્યુક્તિ ભાષ્યોમાં પણ સૂત્રના અર્થનું વ્યાખ્યાન પ્રાયઃ તે પદ્ધતિને અવલંબિત છે, જે આજે પણ જોવા મળે છે.

આ પ્રકારે આ સૂત્રની મૌલિકતા અને આવશ્યકતા અત્રે સ્પષ્ટ કરવામાં આવેલ છે. પરંતુ ઈતિહાસના પાનાઓમાં આ વિષે કેટલીક ભ્રામક પરંપરાઓ પ્રવર્તે છે, જેના વિશે થોડીક બાબતો અહીં રજૂ કરવી આવશ્યક છે જેમ કે– ''આર્ય રક્ષિતે સ્મૃતિ દોષને ધ્યાનમાં રાખીને સૂત્રમાંથી તેના અનુયોગનો છેદ કરી નાખ્યો, જે વિચ્છેદ થઈ ગયું. તથાપિ સંકેત દર્શન માટે આ અનુયોગ દ્વાર સૂત્રની રચના કરી.''

પરંતુ આ કથન નંદીસૂત્ર સંબંધી ઉપર કરવામાં આવેલ ચર્ચાથી અલગ છે. અનુયોગધર આચાર્ય તો આર્ય રક્ષિત પણ હતા તથા દુષ્યગણિ પણ હતા અને એવા અન્ય પણ અનુયોગધર દેવર્ધિગણી ક્ષમાશ્રમણના સમયે મોજૂદ હતા. તેઓને પણ અંતિમ ગાથામાં યાદ કરીને સત્કારિત, સન્માનિત કરી નમન કરવામાં આવેલ છે. જો અનુયોગ વિચ્છેદ થયું હોત તો તેના પછી બીજા અનેક બહુશ્રુત અનુયોગધર કઈ રીતે થાત ? પરંતુ ઈતિહાસના નામે આવી અણઘડ પરંપરાઓનો પ્રવાહ ચાલ્યા કરે છે. આવી ઘણી બાબતોનો સંગ્રહ કરી તેને એક સ્વતંત્ર ઐતિહાસિક પરિશિષ્ટના રૂપમાં રજૂ કરવાનો સંકલ્પ છે. **જેના માટે જુઓ અનુસંધાન પરિશિષ્ટ વિભાગ ખંડ–૮.**

કાળાંતરે કોઈ એક યુગમાં મૌલિક સૂત્રોને પણ ચાર અનુયોગમાંથી કોઈ પણ એક અનુયોગમાં કલ્પિત કરવામાં આવ્યા છે. પણ ખરેખર તો અનુયોગ

શબ્દ તો અર્થ અથવા વ્યાખ્યાને માટે છે, મૂળ સૂત્ર માટે નહીં.

વર્તમાનકાળમાં સૂત્રના અંશોનું વિષયોમાં વિભાજન કરવામાં આવે છે. તે વિષયવાર વર્ગીકરણને પણ અનુયોગ અથવા અનુયોગ પદ્ધતિ કહેવામાં આવે છે. આવા વિભાજન કાર્યો કરનારા વિદ્વાનોને 'અનુયોગ પ્રવર્તક' પણ કહેવામાં આવે છે. પરંતુ આ અનુયોગ શબ્દનો પ્રયોગ કેવળ રૂઢપ્રયોગ બની ગયો છે. વાસ્તવમાં આ કાર્યો આગમોના વિષયોનું વર્ગીકરણ છે, અનુયોગ નથી. પરંતુ એક પ્રણાલિકા શરૂ થઈ અને તે પ્રચલિત થઈ ગઈ. પ્રમાણો વડે યુક્ત અનુયોગ શબ્દ સંબંધી જાણકારી માટે **જુઓ ચરણાનુયોગ ભાગ–૨ ની પ્રસ્તાવના, પૃષ્ટ–૭૪ અથવા આ જ લેખમાં આગળ વાંચો.**

વાસ્તવમાં સૂત્રોના અર્થ પરમાર્થને યથાર્થરૂપમાં ક્રમશઃ પૂર્ણ રીતે ધારણ કરનારને 'અનુયોગધર' કહેવાય છે. અને આવા અર્થ પરમાર્થને સ્વગણ તથા અન્ય ગણના સેંકડો હજારો શ્રમણ શ્રમણીઓ ને સમજાવનાર, ભણાવનારને 'અનુયોગ પ્રવર્તક' કહેવાય છે. ક્યારેક આવી જ રીતે કોઈ 'અનુયોગ પ્રવર્તક' વિશેષ વિખ્યાત બની જાય છે અને લાંબી ઉંમરના કારણે અધિકાંશરૂપથી તેમના દ્વારા સમજાવવામાં આવેલ તે પરમાર્થ, બધા ગણોની પરંપરાઓમાં પ્રવર્તમાન થઈ જાય છે. ત્યારે તે પરમાર્થ વાચના અનુયોગ પ્રવર્તકના નામથી પ્રસારિત થયા કરે છે, જે કેટલાય યુગો સુધી પ્રખ્યાત રહે છે. આ જ રીતે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પૂર્વે અનુયોગધર સ્કંધિલાચાર્ય થયા હતા. તેમણે વિશેષ રૂપથી ઉપર જણાવ્યા મુજબ અનુયોગને પ્રવર્તાવ્યું હતું. તેમની પરંપરા ખૂબ જ વિશાળ પણે વિસ્તરી અને દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સમય સુધીમાં પૂર્ણપણે વ્યાપક બની હતી. આ કારણે જ નંદી સૂત્રની એક ગાથામાં જણાવ્યું છે કે...

**जेसिं इमो अणुओगो, पयरइ अज्जावि अड्ढ भरहम्मि ।**
**बहु नयर–निग्गय जसे, ते वंदे खंदिलायरिए ॥३७॥**

આ ગાથાથી એ વાત સ્પષ્ટ થાય છે કે સૂત્રોના અનુયોગ વિચ્છેદ નહોતા ગયા પરંતુ સંપૂર્ણ અર્ધ ભરતમાં પ્રચલિત હતા. દેવર્દ્ધિગણિ તથા સ્કંદિલાચાર્ય આ બંને શ્રી આર્યરક્ષિત પછી સેંકડો વર્ષ વીત્યા બાદના આચાર્ય હતા અને તેઓ પણ અનુયોગધર તથા અનુયોગ પ્રવર્તક હતા. અતઃ અનુયોગના વિચ્છેદ થવાની કે વિચ્છેદ કરવાની જે વાત ઈતિહાસમાં છે તે ભ્રામક અને કાલ્પનિક છે; આ બાબત સૂત્ર પ્રમાણથી જ સ્પષ્ટ થઈ જાય છે.

**અનુયોગ શબ્દની ઉપલબ્ધ વ્યાખ્યાઓ :–** અભિધાન રાજેન્દ્ર કોષના પ્રથમ ભાગમાં અનુયોગ શબ્દના અનેક અર્થ તથા એના પ્રયોગની વિસ્તૃત વ્યાખ્યા પૃષ્ટ ૩૪૦ થી ૩૬૦ સુધી છે. જે અનેક આગમો તથા ગ્રંથોમાંથી મેળવેલ છે. તેના થોડા અંશ અહીં આપવામાં આવે છે–



(૧) अणु सूत्रं, महान अर्थः, ततो महतो अर्थस्य अणुना सूत्रेण योगो, अनुयोगः। પૃષ્ટ–૩૪૦/૨.

(૨) अनुयोगो–व्याख्यानम् । પૃષ્ટ–૩૫૪/૧.

(૩) अनुरूपो योगः सूत्रस्य अर्थेन सार्द्धं अनुरूपः संबंध, व्याख्यानमित्यर्थः। પૃષ્ટ–૩૫૫/૨૨.

(૪) आर्य वज्राद् यावत् अपृथक्त्वे सति **सूत्र व्याख्यारूप** एकोप्यनुयोगः क्रियमाणः प्रतिसूत्रं चत्वारि द्वाराणि भाषते । अर्थात् चरण करणादिश्चतुरोपि प्रतिपादयति इत्यर्थः । पृथक्त्वानुयोग करणादेव व्यवछिन्नः । ततः प्रभृति एक–एक चरण करणादीनामन्यतरो अर्थः प्रति सूत्रं व्याख्यायते, न चत्वारोपि इत्यर्थः ।

(૫) अनुयोगो– अर्थः व्याख्यानम् । પૃષ્ટ–૩૫૮/૨, પંક્તિ–૧, ૨.

(૬) अध्ययनार्थ कथनविधिः अनुयोगः । 'અનુયોગ દ્વાર' પૃષ્ટ–૩૫૮.

(૭) महापुरस्य इव सामायिकस्स अनुयोगार्थं व्याख्यानार्थं द्वाराणि इति अनुयोग द्वाराणि ।

(૮) **अणुओगद्दाराइं महापुरस्सेव तस्स चत्तारि ।**
**अणुओगो त्ति तदत्थो, दाराइं तस्स उ महाइं ॥**– 'અનુયોગદ્વાર' પૃષ્ટ–૩૫૮/૨.

(૯) **संहिता य पदं चैव, पयत्थो, पदविग्गहो ।**
**चालणा य पसिद्धी य, छव्विहं विद्धि लक्खणं ॥** પૃષ્ટ–૩૫૫/૧૯.

(૧૦) तं च अनुयोगो यद्यपि अनेक ग्रंथ विषयः संभवति तथापि प्रतिशास्त्रं प्रति अध्ययनं, प्रति उद्देशकं, प्रति वाक्यं प्रति पदं च उपकारित्वाद् । કોશ પૃષ્ટ–૩૫૯/૧. અનુયોગ દ્વાર ટીકામાંથી.

(૧૧) अनुयोगिन– अनुयोगो व्याख्यानाम्, प्ररूपणा इति यावत्; स यत्र अस्ति अनुयोगी–आचार्य । अणुओगी लोगाणं संसय णासओ दढं होति । अणुयोगधरः अनुयोगिकः ।

(૧૨) अणुयोग परः – सिद्धांत व्याख्याननिष्ठः ।

(૧૩) નંદી સૂત્ર, ગાથા–૩૨, મલયગિરી ટીકામાં– 'कालिकश्रुतानुयोगिकान्', कालिकश्रुतानुयोगे व्याख्याने नियुक्ताः कालिकश्रुतानुयोगिकाः तान् । अथवा कालिकश्रुतानुयोग येषां विद्यते इति कालिकश्रुतानुयोगिनः ।

(૧૪) **अणुओगे य निओगा, भास विभास य वत्तियं चेव ।**
**एए अणुओगस्स उ, नामा एगट्ठिया पंच ॥** બૃહ.ભા., કોષ પૃષ્ટ–૩૪૪

अणुओयणं अणुओगो, सुयस्स नियएण जमभिधेएण ।
वावारो वा जोगो, जो अणुरूवो अणुकूलो वा ॥ પૃષ્ટ–૩૪૪
सुत्तत्थो खलु पढमो, बीओ निज्जुत्ति मीसिओ भणिओ ।
तइओ य निरवसेसो, एस विही भणिय अणुओगे ॥

પૃષ્ટ–૩૪૫/૧૪.

આ ઉપર્યુકત ઉદ્ધરણોમાં સૂત્રના અર્થને સંક્ષિપ્ત કે વિસ્તૃત કહેવાની પદ્ધતિને અર્થાત્ વ્યાખ્યા કરવાની પદ્ધતિઓને અનુયોગ શબ્દ વડે સુસંગત કરવામાં આવી છે.

**નંદી સૂત્રમાં અનુયોગ શબ્દનો પ્રયોગ :–**

(૧) रयणकरण्डगभूओ अणुओगो रक्खिओ जेहिं (૩૨)
(૨) अयलपुरा निक्खंते कालियसुय अणुओगिए धीरे ।
बंभद्दीवग–सीहे, वायग पयमुत्तमं पत्ते ॥ (૩૬)
(૩) जेसिं इमो अणुओगो, पयरइ अज्जावि अड्ढ भरहम्मि (૩૭)
(૪) कालिय सुय अणुओगस्स धारए, धारए य पुव्वाणं ।
हिमवंत खमासमणे, वंदे नागज्जुणायरिए ॥ (૩૯)
(૫) गोविंदाणं पि णमो, अणुओगे विउल धारणिंदाणं (૪૧)
(૬) सीलगुण गद्दियाणं अणुओग जुगप्पहाणाणं (૪૮)

નંદીસૂત્રની આ ગાથાઓથી એમ નિષ્કર્ષ નીકળે છે કે કાલિકસૂત્રની જે સંક્ષિપ્ત કે વિસ્તૃત વ્યાખ્યા કરવામાં આવે છે, તેની એક વિશેષ પદ્ધતિ હોય છે. જે આગમકાળથી સૂત્રોની સાથે જ શિષ્યોને સમજાવવામાં આવતી હતી. એ વિસ્તૃત વ્યાખ્યાની સાથે સૂત્ર વિશાળ બની જતા હતા. એમને કંઠસ્થ કરવાનું ક્રમશઃ અઘરું થવા લાગ્યું. અનુયોગ પદ્ધતિ દ્વારા એ વ્યાખ્યાઓથી યુક્ત કાલિક સૂત્રોને ધારણ કરનારા બહુશ્રુત આચાર્યોને ઉક્ત નંદી સૂત્રની ગાથાઓમાં અનુયોગધર, અનુયોગરક્ષક, અનુયોગિક, અનુયોગ પ્રધાન વગેરે વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

અહીં ગાથામાં વપરાયેલ અનુયોગ–વ્યાખ્યા પદ્ધતિ પહેલાથી પ્રચલિત હતી, જેનું રક્ષણ અને ધારણ યુગ પ્રધાન આચાર્યોએ કર્યું હતું. માટે આ ગાથાઓમાંથી અનુયોગનું પૃથક્કરણ કે નવીનીકરણનો કોઈ પણ સંકેત સમજવો એ ભ્રામક વિચાર છે.

ગાથા ૩૭મી અનુસાર નંદી સૂત્રકારના સમયમાં જે સૂત્રોની વ્યાખ્યાઓ કંઠસ્થ પરંપરામાં ઉપલબ્ધ હતી એ બધી જ વ્યાખ્યાઓ સ્કંદિલાચાર્ય દ્વારા



વ્યવસ્થિત પણે નિશ્ચિત કરવામાં આવી હતી.

અભિધાન રાજેન્દ્ર કોષ આધારિત નં–૪ અનુસાર પ્રત્યેક અધ્યયનના દરેક સૂત્રની વ્યાખ્યાઓ મુખ્ય રૂપથી એક અનુયોગ વડે કરવામાં આવતી હતી, સાથે સાથે ચારેય અનુયોગોના આધાર વડે પણ કરવામાં આવતી હતી. અર્થાત્ એ સૂત્રમાં કયા તત્ત્વનું કથન હોઈ શકે ? એનો સંયમાચરણ સંબંધ કયો હોઈ શકે ? એના દષ્ટાંતો કયા છે ? ઈત્યાદિ યથાસંભવ બે, ત્રણ કે ચાર અનુયોગોમાં ઘટિત કરીને વિશેષ મેધાવી શ્રમણોને શીખવવામાં આવતું હતું.

આ રીતે એક અનુયોગાત્મક સંક્ષિપ્ત વ્યાખ્યાનું અધ્યયન સામાન્ય બુદ્ધિમાન શિષ્યને તથા અનેક અનુયોગાત્મક વ્યાખ્યા અને અનુયોગ પદ્ધતિથી અધ્યયન વિશેષ બુદ્ધિમાન પ્રજ્ઞાવાન શિષ્યોને કરાવવામાં આવતું હતું અને આ જ પ્રણાલિકા આગળ જતાં પણ દેવર્દ્ધિગણિ સુધી ચાલતી રહી અને આંશિક રૂપમાં આજે પણ આ જ ક્રમ ચાલે છે.

**આર્ય રક્ષિતે શું કર્યું ? – ઈતિહાસ અને આગમ :–**

આર્યરક્ષિતના સમયમાં અપૃથકત્વાનુયોગ પ્રચલિત હતો. જેમાં પ્રત્યેક સૂત્રની વ્યાખ્યા– (૧) ચરણ–કરણ (૨) ધર્મકથા, (૩) ગણિત (૪) દ્રવ્ય–તત્ત્વદષ્ટિ અને અનુયોગ પદ્ધતિ દ્વારા કરવામાં આવતી હતી. આ વ્યાખ્યા પદ્ધતિ અત્યંત ક્લિષ્ટ હતી. એનું અધ્યયન સ્મૃતિની તીક્ષ્ણતા પર અવલંબિત હતું. અર્થ–વાંચણીની સાથે આ વ્યાખ્યા પદ્ધતિનું પણ આવશ્યક સ્થાન હતું. એવું કહેવાય છે કે શિષ્યોની સુવિધા તથા ભવિષ્યનો વિચાર કરીને આર્ય રક્ષિતે અર્થ–વાંચણીમાંથી આ ક્લિષ્ટ વ્યાખ્યા પદ્ધતિને અલગ તારવવાનો સંકલ્પ કર્યો હતો. જેનું તાત્પર્ય એ હતું કે સૂત્રની સાથે તેના સામાન્ય–વિશેષ અર્થ અને તે સૂત્રના આશયને સ્પષ્ટ કરનારી એક મૌલિક અનુયોગાત્મક વ્યાખ્યાને રાખવામાં આવે. તે ઉપરાંત ચાર અનુયોગોથી યુકત જે વિસ્તૃત વ્યાખ્યા પ્રત્યેક સૂત્રની સાથે સંબંધિત છે, તેને અલગ કરી દેવામાં આવે. તેનું પણ કોઈ પ્રતિભાવંત શિષ્ય અધ્યયન કરતા રહેશે. સામાન્ય રૂપથી તે પદ્ધતિનું અધ્યયન અધ્યાપન નહીં રહે. આ સંકલ્પને તેઓએ સંઘ સંમતિથી કાર્યાન્વિત કર્યો.

પરંતુ આ એક કલ્પના માત્ર છે. વર્ષોથી જિનશાસનની પરંપરા મુજબ ગુરુ પોતાના શિષ્યોની પાત્રતા મુજબ જ જ્ઞાન આપે. કેમ કે કેટલાક સાધુ-સાધ્વીઓ સામાન્ય બુદ્ધિવાળા કે વૃદ્ધપણ હોઈ શકે. એ બધા માટે એક સરખી પદ્ધતિ ન હતી કે બધાયને ચારેય અનુયોગ યુક્ત પદ્ધતિથી જ અધ્યયન કરવું પડશે. અર્થાત્ તે સમયમાં પણ યોગ્યતા પ્રમાણે જ અર્થ, પરમાર્થ, અનુયોગ પદ્ધતિ વડે અધ્યયન કરાવવામાં આવતું હતું.

આર્ય રક્ષિતે મૌલિક સૂત્રોને અનુયોગોમાં વિભાજિત નથી કર્યા

કે અનુયોગ વિચ્છેદ પણ નથી કર્યા, પરંતુ અનુયોગ દ્વાર સૂત્રની સ્વતંત્ર રચના કરીને અનુયોગ પદ્ધતિને સુરક્ષિત કરી. જેના માટે નંદીસૂત્રમાં કહેવાય છે કે–

**रयणकरंडगभूओ अणुओगो रक्खिओ जेहिं ॥**

ઈતિહાસકારોના મંતવ્ય પ્રમાણે ચાર અનુયોગરૂપ પ્રત્યેક સૂત્રની ક્લિષ્ટ વ્યાખ્યા પદ્ધતિને વ્યાખ્યામાંથી અલગ તારવવામાં આવી હતી, પરંતુ નંદીસૂત્રની મૌલિક ગાથાઓમાં અનુયોગ સંબંધી જે કથનો આપ્યા છે તેમાં ઈતિહાસકારોના મંતવ્ય સાથે કોઈ તાર્કિક આશય બંધ બેસતો નથી. ઉલટું નંદી સૂત્રમાં દર્શાવેલ એ આશય ઈતિહાસકારોના ચિંતનથી વિપરીત છે. નંદીસૂત્ર અનુસાર આર્ય રક્ષિતે અનુયોગ પદ્ધતિની ચાવીરૂપ એક શાસ્ત્ર અનુયોગ દ્વાર સૂત્રની ગૂંથણી કરીને અનુયોગની રક્ષા કરી છે. ટૂંકમાં, તેમણે અનુયોગ પદ્ધતિને સુરક્ષિત કરીને સામાન્ય જનભોગ્ય બનાવી છે. સાથે સાથે નંદી સૂત્ર અનુસાર અનુયોગ પ્રચલન, અનુયોગ ધર તથા અનુયોગ પ્રવર્તકની પરંપરા અખંડપણે ચાલી રહી છે. એને પૃથક્ કરવાની કે વિચ્છેદ કરવાની કોઈ ગંધ માત્ર પણ નંદી સૂત્રમાં જોવા મળતી નથી.

માટે નંદીસૂત્રના કર્તાની દષ્ટિમાં સૂત્રોથી અનુયોગનો પૃથક્કરણ કે વિચ્છેદ અથવા પ્રત્યેક મૂળસૂત્રોનું અનુયોગોમાં વિભાગીકરણ વગેરે કોઈ વાર્તા કે વાતાવરણ હતું નહીં. તેથી સંભવ છે કે પાછળથી(દેવર્ધિગણીના સેંકડો વર્ષ પછી) અર્થભ્રમ તથા પરંપરાભ્રમથી અનુયોગ પૃથક્કરણ તથા પ્રત્યેક મૌલિક સૂત્રને અનુયોગોમાં વિભાજિત કરવાની પ્રથાઓ ઉદ્ભૂત થઈ, પ્રચલિત થઈ અને પુષ્ટ થઈ. તે જ માન્યતાઓને વાંચીને તેનું ચિંતન-મનન કરતા રહેવાથી પ્રાયઃ ભ્રામક કલ્પનાઓને જ વેગ મળતો રહ્યો છે અને આ રીતે આવી ભ્રામક પરંપરા ઈતિહાસના નામે ચાલતી રહી તેમજ આજે પણ ચાલ્યા કરે છે. તેનું આગમ આધારથી ચિંતન કરવું જોઈએ.

**સમાન વિષયોના અનુયોગ :–** સામાન્ય રીતે વાચક વિષયાનુસાર વર્ગીકરણને વાંચવામાં વિશેષ રુચિ રાખે છે. વળી સમજવા માટે પણ એક વિષયનું સંપૂર્ણ વર્ણન એક સાથે વાંચવા મળે તો તે અત્યન્ત સુવિધાજનક રહે છે. સ્વાધ્યાય કરનારા વાચકો તથા અન્વેષક વિદ્યાર્થીઓ માટે તો વર્ગીકૃત કરેલા વિષયોનું સંકલન અત્યન્ત ઉપયોગી સાબિત થાય છે.

અને એટલા માટે જ વર્ગીકૃત વિષયોનું સંકલન ખૂબ જ આવશ્યક અને ઉપયોગી માનવામાં આવે છે. આગમોમાં પણ અધિકાંશ આવી જ પદ્ધતિનું અવલંબન લીધેલ છે. દષ્ટાંત તરીકે ઠાણાંગ સૂત્ર, સમવાયાંગ સૂત્ર.

વિષયોનું વિભાજન અનેક દષ્ટિકોણથી થાય છે. અને તે વિભાજન કર્તાના દષ્ટિકોણ પર નિર્ભર છે. જેમ કે– (૧) જીવ દ્રવ્યના વિષયનો અલગ વિભાગ



કરવો પણ તેમાં કોઈ ગતિ કે દંડકના વિભાજનનું લક્ષ ન રાખવું.(૨) ગતિઓની અપેક્ષાએ વિભાજન કરવું પરંતુ તેમાં દંડકોના ક્રમ કે વ્યુત્ક્રમનું લક્ષ ન રાખવું. (૩) દંડકોની અપેક્ષાએ વિભાજન કરવું પરંતુ તેમાં ૧૨ દેવલોક, ૭ નરક કે પાંચ તિર્યંચનું વિભાજન ન કરવું, વગેરે સ્થૂળ કે સૂક્ષ્મ અથવા સૂક્ષ્મતર અપેક્ષિત વિભાજન ઉપયોગિતા અનુસાર કરી શકાય છે.

અથવા– (૧) પ્રાયશ્ચિત વિધાનોને એક સૂત્રમાં કહેવા, (૨) લઘુ, ગુઢ, માસિક, ચોમાસી વગેરે વિભાગોના ક્રમથી કથન કરવા, (૩) તેમાં પણ પાંચ મહાવ્રતોની અપેક્ષાએ વિભાજન કરવું (૪) સમિતિ, ગુપ્તિ, દીક્ષા, સંઘ વ્યવસ્થા, સ્વાધ્યાય આદિ વિભાગોને અલગ–અલગ તારવીને વિભાજન કરવું, ઈત્યાદિ અનેક પ્રકારે વિભાજન કરી શકાય છે.

આગમોમાં કરવામાં આવેલ વિભાજન પદ્ધતિ પણ એક સાપેક્ષ પદ્ધતિ છે. જેમ કે–

(૧) આચારાંગ પ્રથમ શ્રુતસ્કંધમાં સંયમના પ્રેરક વિષયો છે.

(૨) આચારાંગના બીજા શ્રુતસ્કંધમાં સાધુના અતિ આવશ્યક આચાર સંબંધી વિષય છે.

(૩) સૂત્રકૃતાંગના પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રથમ અધ્યયન સિવાયના બાકી બધા અધ્યયનોમાં સાધ્વાચારનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૪) દશવૈકાલિક સૂત્રમાં મુનિ જીવનનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(૫) જ્ઞાતાસૂત્રથી વિપાકસૂત્ર સુધીના અંગ સૂત્રોમાં વિવિધ ધર્મકથાઓ છે.

(૬) પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પાંચ આશ્રવ અને પાંચ સંવરના વિષયનું સવિસ્તાર સંકલન છે.

(૭) નંદીમાં જ્ઞાનના એક જ વિષયનું વિસ્તૃતીકરણ છે.

(૮) ચાર છેદ સૂત્રોમાં પણ પ્રમુખ આચાર સંબંધી વિષયોનું સંકલન છે. જેમાં નિશીથ સૂત્રમાં તો પૂર્ણરૂપે પ્રાયશ્ચિત્ત વિધાનોનું સંકલન છે.

આ જ પ્રકારે અન્ય ઉપાંગ વગેરે કેટલાય સૂત્રોમાં આગમકારની દષ્ટિએ ભિન્ન ભિન્ન વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. ઠાણાંગ, સમવાયાંગનું સંકલન સંખ્યાની પ્રધાનતાને લઈને કરવામાં આવ્યું છે અને એટલે જ તેમાં વિષયોની વિભિન્નતા છે. ભગવતી સૂત્રમાં વિવિધ વિષયોની પ્રશ્નોતરીનું સુંદર સંકલન છે. ઉત્તરાધ્યયન સૂત્ર વિવિધ વિષયોના ગદ્યપદ્યાત્મક ઉપદેશી સૂત્રોમાં ગૂંથેલું છે.

નિષ્કર્ષ એ છે કે આગમોની રચના પદ્ધતિની વિષય ગૂંથણી એક-એક વિષયના સ્વતંત્ર સંકલનવાળી છે. તેમ છતાં ઘણી જગ્યાએ ઠાણાંગ, સમવાયાંગ,

ભગવતી સૂત્ર વગેરે અનેક આગમોમાં વિવિધ વિષયો છૂટા છવાયા ભરપૂર પડેલા છે. અતઃ વિષયોના સૂક્ષ્મ સૂક્ષ્મતર વિભાજનની જિજ્ઞાસાવાળાઓને એનું અધ્યયન કરવામાં થોડીક તકલીફ પડે તેમ આજના ચિંતકોનું માનવું છે.

એટલે સૂત્ર પાઠોનું વિભાજન પણ એક વિશિષ્ટ વિભાજનની પૂર્તિ માટે કરવામાં આવ્યું ત્યાં સુધી આ વાત ખરી છે. પરંતુ તેને અનુયોગ કહેવા એ કદાપિ ઉપયુક્ત નથી. આગમમાં આવા એક વિષયના વર્ણન સમૂહ માટે "ગંડિકા" શબ્દનો ઉપયોગ થયો છે.

બારમા અંગ સૂત્રના ચોથા વિભાગનું નામ "અનુયોગ" છે. એનો આશય એ છે કે તે વિભાગમાં જે કોઈ પણ વિષયની ગૂંથણી છે તે સંબંધી બહુમુખી વિસ્તૃત ચર્ચા પણ કરી છે અને એક વિષય કે એક વ્યક્તિ સંબંધી વિષયોનું પણ એક સાથે સંકલન કરવામાં આવ્યું છે. આમ એક વિષયના એક સાથે સંકલન રૂપ વિશિષ્ટ પદ્ધતિને અહીં 'ગંડિકા' કહેલ છે અને વિસ્તૃત વર્ણન થવાથી તેને માટે અનુયોગ શબ્દ વાપરવામાં આવેલ છે અને એટલા માટે આ ચોથા વિભાગને અનુયોગ કહેવામાં આવેલ છે. જ્યારે તે વિભાગમાં જે જુદા–જુદા વિષયોના ઉપવિભાગો છે તેને ગંડિકા + અનુયોગ = ગંડિકાનુયોગ કહેવામાં આવેલ છે. યથા–

**પ્રથમાનુયોગ** = तीर्थंकरादिनः पूर्व भवादि व्याख्यान ग्रंथः । **ગંડિકા** = एकार्थाधिकारा ग्रंथ पद्धतिरित्यर्थ : । **ગંડિકાનુયોગ** = भरत नरपति वंशजानां निर्वाण गमन, अणुत्तर विमान गमन वक्तव्यता 'व्याख्यान ग्रंथः' ।

**ગંડિકાનુયોગ :–** ગંડિકાનો અર્થ છે– સમાન વકતવ્યતાવાળી વાકય પદ્ધતિ. અનુયોગ અર્થાત્ વિસ્તૃત અર્થ પ્રગટ કરવાવાળી વિધિ. એક સરખા વિષયોના સંગ્રહવાળા ગ્રંથના અધ્યયનનું નામ છે 'ગંડિકા' અને એનો જે અર્થ વિસ્તાર સંયુકત છે, તેનું નામ છે અનુયોગ. એટલે કે– જે ગ્રંથ કે વિભાગમાં ફક્ત તીર્થંકરોનું વર્ણન છે તથા તેના વિષય વિસ્તારો છે તે વિભાગ તીર્થંકર ગંડિકાનુયોગ કહેવાય છે. આ પ્રકારે અનેક ગંડિકાઓ કહેલી છે. દા.ત. (૧) કુલકર ગંડિકાનુયોગ (૨) તીર્થંકર ગંડિકાનુયોગ (૩) ગણધર ગંડિકાનુયોગ (૪) ચક્રવર્તી ગંડિકાનુયોગ (૫) દશાર્હ ગંડિકાનુયોગ (૬) બલદેવ ગંડિકાનુયોગ (૭) વાસુદેવ ગંડિકાનુયોગ (૮) હરિવંશ ગંડિકાનુયોગ (૯) ઉત્સર્પિણી ગંડિકાનુયોગ (૧૦) અવસર્પિણી ગંડિકાનુયોગ વગેરે.

આ પ્રકારના વર્ણનથી એમ સ્પષ્ટ થાય છે કે એક વિષયના સંકલનને 'ગંડિકા' કહેવું જોઈએ અને તેના વિસ્તૃત વર્ણનને અથવા કોઈ પણ સૂત્રના અર્થ વ્યાખ્યાનને 'અનુયોગ' કહેવું જોઈએ. જ્યારે વિસ્તૃત વર્ણનવાળા એક સરખા વિષય સંકલનને અર્થાત્ અનુયોગ યુક્ત ગંડિકાને "ગંડિકાનુયોગ" કહેવું જોઈએ.



અતઃ કોઈપણ સૂત્રને જ 'અનુયોગ' કહેવું કે સૂત્ર પાઠના વિભાજનને 'ગંડિકા' કહેવાના બદલે તેને પણ 'અનુયોગ' જ કહેવું; એવી કથન પ્રવૃત્તિ આગમ સમ્મત નથી, પરંતુ તે એક ભ્રામક પ્રવાહથી ચાલતી કથન પ્રવૃત્તિ છે.

**ચાર અનુયોગ :–** શ્વેતાંબર પરંપરામાં (૧) ચરણકરણાનુયોગ, (૨) ધર્મકથાનુ– યોગ, (૩) ગણિતાનુયોગ, (૪) દ્રવ્યાનુયોગ એ ચાર ભેદ માત્ર નામ રૂપે જ મળે છે. આ નામો પણ ૩૨ કે ૪૫ આગમોના મૂળ પાઠમાં નથી મળતા અર્થાત્ ઠાણાંગસૂત્રના ચોથા ઠાણામાં પણ નથી અને સ્વયં અનુયોગદ્વાર સૂત્રમાં પણ અનુયોગના આ ચાર પ્રકાર ક્યાંય પણ દર્શાવવામાં આવ્યા નથી. અનુયોગ દ્વાર સૂત્રમાં અનુયોગના ચાર દ્વાર કહ્યા છે. જે– (૧) ઉપક્રમ (૨) નિક્ષેપ (૩) અનુગમ અને (૪) નય છે.

ધર્મકથાનુયોગ આદિ ચાર નામો તો એકી સાથે આચારાંગસૂત્રની ટીકામાં મળે છે. આ ચારેય અનુયોગ પણ સૂત્રની વ્યાખ્યાઓની વિશેષ પદ્ધતિ સાથે સંબંધિત છે, પરંતુ મૌલિક સૂત્રરૂપ નથી. આજકાલ આના માટે અર્થ વિચારની વાસ્તવિક અપેક્ષાને છોડીને આનો કેવળ સૂત્રોના મૂળ પાઠના વિભાજનરૂપે ઉપયોગ કરાય છે કે "અમુક આગમ અમુક અનુયોગ છે કે અમુક સૂત્ર અમુક અનુયોગરૂપ છે." આવો એક પ્રવાહ રૂઢિ પ્રયોગમાં સત્ય બની ગયો છે. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે સૂત્રોના વ્યાખ્યાન વિવેચનને અનુયોગ સમજવો જોઈએ. તે વિવેચન અને તેની વિવેચન પદ્ધતિને અનુયોગ અને અનુયોગ પદ્ધતિ કહેવી જોઈએ. પરંતુ **મૌલિક આગમ સૂત્રોને અમુક અનુયોગ કે અમુક અનુયોગરૂપ આ આગમ છે, એમ કહેવું જોઈએ નહીં.** આ જ આ અનુયોગ વિષયની ચર્ચા કરવાનો મુખ્ય સાર છે. ઈતિ શુભમ્. સુજ્ઞેષુ કિં બહુના.

**આગમ મનીષી**
**ત્રિલોકમુનિ**

# અનુયોગદ્વાર સૂત્રનો સારાંશ

## અનુયોગનો વિષય :–

જ્ઞાનના પાંચ પ્રકાર છે. (૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.

આ પાંચમાંથી ચાર જ્ઞાનનો અનુયોગ થતો નથી. કારણ કે એ ચાર જ્ઞાન શીખી કે શીખવાડી શકાતા નથી. ફક્ત શ્રુતજ્ઞાન અભ્યાસનો વિષય બની શકે છે, શીખવાડી શકાય છે. કારણ કે (૧) ઉદ્દેશ– ભણાવવું તથા કંઠસ્થ કરાવવાનું (૨) સમુદ્દેશ– કંઠસ્થ કરેલા જ્ઞાનને સ્થિર કરાવવાનું તથા તેને શુદ્ધ કરવાનું (૩) અનુજ્ઞા– અન્યને ભણાવવાનો અધિકાર, આજ્ઞા, તથા અનુમતિ આપવાનું (૪) અનુયોગ– વાચના દેવાનું અર્થાત્ વિશેષરૂપથી સમજાવવાનું.

સામાન્ય અર્થ, વિશેષાર્થ કે અનુયોગ પદ્ધતિથી વસ્તુ તત્ત્વનું વિશ્લેષણ કરવું વગેરે શ્રુતજ્ઞાનમાં જ થાય છે. તે સિવાય મતિ આદિ ચારે ય જ્ઞાન ક્ષયોપશમ દ્વારા સ્વતઃ પ્રાપ્ત થાય છે. તે ચારેયને પ્રાપ્ત કરવા કોઈ વિશેષ અધ્યયન કે અધ્યાપન અથવા અનુયોગ વ્યાખ્યાન કરવા પડતા નથી. શ્રુતજ્ઞાનમાં– આવશ્યક સૂત્ર, આવશ્યક સિવાય અંગશાસ્ત્ર, અંગબાહ્ય કાલિક, ઉત્કાલિક શાસ્ત્ર ઈત્યાદિ સર્વેયનો અનુયોગ થાય છે.

કોઈ પણ એક સૂત્રનું અનુયોગ પદ્ધતિથી વ્યાખ્યાન સમજી લીધા પછી તે પદ્ધતિ દ્વારા અન્ય સૂત્રોનું જ્ઞાન સ્વાભાવિક રીતે ખૂબ સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. તેથી અહીં શ્રમણ નિર્ગ્રંથોના ઉભયકાળમાં ઉપયોગમાં આવનારા અને આચારાંગ સૂત્ર, આદિ અંગ સૂત્રોથી પણ પ્રથમ અધ્યયન–અભ્યાસ કરાવતા એવા આવશ્યક સૂત્રનો અનુયોગ કરવામાં આવે છે.

આવશ્યકસૂત્ર એક શ્રુતસ્કંધ છે અને તેમાં અનેક અધ્યયનો છે. આ કથનમાં પ્રયુક્ત (૧) આવશ્યક (૨) શ્રુત (૩) સ્કંધ અને (૪) અધ્યયન એ ચાર શબ્દોનો અનુયોગ કરવામાં આવ્યું છે.

## 'આવશ્યક'નો અનુયોગ :–

**નામ આવશ્યક :–** આવશ્યક સૂત્ર અંગબાહ્ય ઉત્કાલિક સૂત્ર છે. 'આવશ્યક' એ આ સૂત્રનું ગુણનિષ્પન્ન નામ છે. કારણ કે અવશ્યકરણીય આદિ ગુણો એમાં ઘટિત થાય છે. કોઈપણ વસ્તુનું ગુણસંપન્ન અથવા ગુણરહિત નામ રાખવું એ ઐચ્છિક અને એના પરિચયને માટે હોય છે. યથા– મહાન વીરતાના ગુણથી સંપન્ન વ્યક્તિનું નામ મહાવીર રાખી શકાય છે તથા શક્તિહીન, ડરપોક(બીકણ) વ્યક્તિનું નામ પણ મહાવીર રાખી શકાય છે. આ નામકરણ સ્થાયી હોય છે. તદ્નુસાર કોઈનું



પણ 'આવશ્યક' નામ હોઈ શકે છે.

**સ્થાપના આવશ્યક :–** કોઈ પણ વસ્તુ યા રૂપમાં કોઈપણ વ્યક્તિ અથવા વસ્તુની કલ્પના કરીને તેમાં સ્થાપિત કરવું તેને સ્થાપના કહે છે. આ સ્થાપના સત્યરૂપમાં પણ હોઈ શકે છે અને અસત્યરૂપમાં પણ હોઈ શકે છે. આ અપેક્ષિત સીમિત યા અસીમિત કાળ માટે હોઈ શકે છે. પ્રસ્તુત પ્રકરણમાં એનો પ્રસંગ નથી.

**દ્રવ્ય આવશ્યક :–** (૧) અક્ષરશુદ્ધિ તથા ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત અને વાચના આદિ ચારે દ્વારા શીખેલું 'આવશ્યક શાસ્ત્ર' જો અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત હોય તો તે દ્રવ્ય આવશ્યક આગમ છે.

(૨) ભૂતકાળમાં આવશ્યક શાસ્ત્ર શીખેલ વ્યક્તિનું મૃત શરીર અથવા ભવિષ્યમાં જે આવશ્યક શાસ્ત્રને શીખશે એનું શરીર પણ ઉપચારથી દ્રવ્ય આવશ્યક છે. યથા– ઘૃતકુંભ, જળકુંભ વગેરે.

(૩) સાંસારિક લોકો પ્રાતઃકાલીન જે આવશ્યક ક્રિયાઓ સ્નાન, મંજન, વસ્ત્રાભરણ પૂજાપાઠ, ખાવુંપીવું, ગમનાગમન વગેરે નિત્ય ક્રિયાઓ કરે છે, તે પણ 'દ્રવ્ય-આવશ્યક' ક્રિયા છે.

(૪) સંન્યાસી તાપસ વગેરે પ્રાતઃકાળે ઉપલેપન, સમાર્જન, પ્રક્ષાલન,ધૂપદીપ, અર્ચા, તર્પણ આદિ નિત્ય આવશ્યક પ્રવૃત્તિઓ કરે છે, એ પણ દ્રવ્ય આવશ્યક ક્રિયાઓ છે.

(૫) જે નિર્ગ્રંથ શ્રમણ પર્યાયમાં રહીને પણ શ્રમણ ગુણોથી રહિત છે, અત્યંત સ્વચ્છ વસ્ત્રોથી સજ્જ હોય છે ને જિનાજ્ઞા તથા શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરે છે, સ્વચ્છંદ વિચરણ કરે છે; તેઓ ઉભયકાળમાં વિધિયુક્ત આવશ્યક(પ્રતિક્રમણ) કરે છે તે પણ દ્રવ્ય આવશ્યક ક્રિયા કહેવાય છે.

**ભાવ આવશ્યક :–** એના બે પ્રકાર છે. (૧) ભાવ આવશ્યક આગમતઃ (૨) ભાવ આવશ્યક નોઆગમતઃ

(૧) અક્ષર શુદ્ધિ તથા ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત, ગુરૂપદિષ્ટ વાચના સહિત તથા અનુપ્રેક્ષા અને ઉપયોગપૂર્વક જે આવશ્યક છે તે "ભાવ આવશ્યક આગમતઃ" છે.
(૨) ભાવ આવશ્યક નોઆગમતઃના(અર્થાત્ ક્રિયારૂપ આવશ્યકના) ત્રણ પ્રકાર છે– (૧) યથાસમય રામાયણ મહાભારત આદિનું ઉપયોગ સહિત વાંચન શ્રવણ કરવું તેને 'ભાવ આવશ્યક લૌકિક' ક્રિયા કહેવાય છે. (૨) સંન્યાસી, તાપસ યજ્ઞ, હવન, જાપ, વંદના, અંજલી વગેરે ઉપયોગ સહિત જે ક્રિયાઓ કરે છે તેને 'કુપ્રાવચનિક ભાવ આવશ્યક' ક્રિયા કહેવાય છે. (૩) જે શ્રમણ નિર્ગ્રંથો સંયમ પર્યાયમાં ભગવદાજ્ઞાનુસાર વિચરણ કરતાં એકાગ્રચિત્તથી સંપૂર્ણ ઉપયોગ રાખીને ઉભયકાળમાં પ્રતિક્રમણ કરે છે, અન્ય કોઈ પણ ચિંતનમાં મનને પ્રવૃત્ત રાખતા

નથી; તેવા શ્રમણની તે પ્રવૃત્તિને 'લોકોત્તરિક ભાવ આવશ્યક' ક્રિયા કહેવાય છે. એ ત્રણેય 'નો આગમતઃ ભાવ આવશ્યક' છે.

**આવશ્યકના પર્યાયશબ્દ :–** (૧) આવશ્યક (૨) અવશ્યકરણીય (૩) ધ્રુવનિગ્રહ (૪) વિશોધિ (૫) છ અધ્યયન સમૂહ (૬) ન્યાય (૭) આરાધના (૮) માર્ગ. આ અલગ-અલગ ઉચ્ચારણ એવં અક્ષરવાળા એકાર્થક આવશ્યકના પર્યાયવાચી શબ્દ છે. એ પ્રકારે શ્રમણ અને શ્રમણોપાસકો દ્વારા ઉભય સંધ્યામાં કરવા યોગ્ય આવશ્યકનું આ અનુયોગ સ્વરૂપ છે.

**'શ્રુત'નો અનુયોગ :–**

**નામ :–** કોઈ પણ આગમશાસ્ત્ર અથવા શાસ્ત્ર વાક્યો, જે શ્રુત સંજ્ઞાથી કહેવામાં આવે છે અથવા પરિચય માટે યથેચ્છ વસ્તુનું નામ 'શ્રુત' રખાય છે, તેને 'નામશ્રુત' કહેવાય છે.

**સ્થાપના :–** કોઈ પણ વસ્તુ અથવા રૂપમાં 'આ શ્રુત છે' એમ આરોપ, કલ્પના અથવા સ્થાપના કરાય તેને "સ્થાપનાશ્રુત" કહે છે.

**દ્રવ્ય :–** (૧) અક્ષરશુદ્ધિ અને ઉચ્ચારણ શુદ્ધિથી યુક્ત, ગુરૂપદિષ્ટ વાચના આદિ ચારેયથી સહિત, શીખેલું પરંતુ અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત શાસ્ત્રને 'દ્રવ્યશ્રુત' આગમ કહે છે. (૨) ભૂતકાળમાં 'શ્રુત' શીખેલી વ્યક્તિનું મૃત શરીર અને ભવિષ્યમાં શીખનાર નું વર્તમાન શરીર ઉપચારથી 'દ્રવ્યશ્રુત' છે. (૩) તાડપત્રો, કાગળના પાનામાં અને પુસ્તકોમાં લખેલા શાસ્ત્રો પણ 'દ્રવ્યશ્રુત' છે. (૪) 'શ્રુત' માટે આગમભાષામાં 'સુયં અને સુત્તં' શબ્દ પ્રયોગ કરાય છે અને કપાસ, ઊન વગેરેના દોરાને પણ 'સુત્ત' શબ્દનો પ્રયોગ કરાય છે. આથી અનેક પ્રકારના વસ્ત્રોના દોરા પણ 'દ્રવ્યસૂત્ર' છે.

**ભાવ :–** (૧) અક્ષર શુદ્ધિ ઉચ્ચારણશુદ્ધિ વગેરેની સાથે અનુપ્રેક્ષા અને ઉપયોગ સહિત જે શ્રુત છે તે 'ભાવશ્રુત' આગમ છે.

(૨) અજ્ઞાની, મિથ્યાદષ્ટિઓ વગેરે દ્વારા સ્વચ્છંદ બુદ્ધિથી રચિત મત મતાંતરીય શાસ્ત્રગ્રંથો, ૭૨ કલાઓ, વ્યાકરણ, રામાયણ, મહાભારત, સાંગોપાંગ વેદ આ સર્વે ''લૌકિક ભાવ શ્રુત'' છે.

(૩) સર્વજ્ઞોકત નિર્ગ્રંથ પ્રવચનરૂપ આચારાંગ પ્રમુખ બાર અંગ સૂત્ર આદિ આગમોકત ચારિત્ર ગુણ સંપન્ન શ્રમણ દ્વારા કંઠસ્થ તથા ઉપયોગ યુક્ત છે, તે 'લોકોત્તરિક ભાવ શ્રુત' ક્રિયારૂપ છે.

**શ્રુતનાપર્યાય શબ્દ :–** (૧) શ્રુત (૨) સૂત્ર (૩) ગ્રંથ (૪) સિદ્ધાંત (૫) શાસન (૬) આજ્ઞા (૭) વચન (૮) ઉપદેશ (૯) પ્રજ્ઞાપના (૧૦) આગમ. આ સર્વે શ્રુતના પર્યાયવાચી શબ્દ છે



**'સ્કંધ'નો અનુયોગ :–**

**નામ, સ્થાપના :–** કોઈનું સ્કંધ નામ રાખ્યુ હોય તેને 'નામ સ્કંધ' કહેવાય છે અને કોઈને આ સ્કંધ છે એમ આરોપિત, કલ્પિત યા સ્થાપિત કર્યું હોય તેને 'સ્થાપના સ્કંધ' કહે છે.

**દ્રવ્ય :–** (૧) શ્રુતના વિભાગરૂપ સ્કંધને અથવા 'સ્કંધ' એ પદને શુદ્ધ અક્ષર અને ઉચ્ચારણ યુક્ત ગુરૂપદિષ્ટ વાચના વગેરે સહિત શીખ્યું છે, પરંતુ અનુપ્રેક્ષા અને ઉપયોગ રહિત છે, તે 'દ્રવ્યસ્કંધ' છે. (૨) ભૂતકાળમાં જેણે 'સ્કંધ'ને જાણ્યું, શિખ્યું હતું તેનું મૃત શરીર અથવા ભવિષ્યમાં જે શીખશે વાંચશે તેનું વર્તમાન શરીર ઉપચારથી 'દ્રવ્યસ્કંધ' છે. (૩) હાથી, ઘોડા વગેરેનો સ્કંધ 'સચિત્તદ્રવ્ય' સ્કંધ છે. (૪) દ્વિપ્રદેશી સ્કંધ યાવત્ અનંત પ્રદેશી સ્કંધ એ 'અચિત્ત દ્રવ્ય સ્કંધ' છે. (૫) સેનાના સ્કંધાવાર(વિભાગ) એ 'મિશ્ર દ્રવ્ય સ્કંધ' છે. એમાં શસ્ત્ર આદિ અચિત તથા હાથી, ઘોડા, મનુષ્ય આદિ સચિત્ત હોય છે.

**ભાવ :–** (૧) દ્રવ્ય સ્કંધમાં કહેલ ઉચ્ચારણ શુદ્ધિ આદિ દ્વારા શીખેલું, અને એની સાથે અનુપ્રેક્ષા એવં ઉપયોગથી યુક્ત સ્કંધ 'ભાવ સ્કંધ આગમતઃ' (આગમરૂપ) છે.

(૨) સામાયિક વગેરે છ અધ્યયનોના સમુદાયરૂપ 'આવશ્યક શ્રુત સ્કંધ' જે ચારિત્ર ગુણથી સંપન્ન શ્રમણોને ઉપયોગ યુકત હોય તે 'ભાવસ્કંધ નોઆગમતઃ' (ક્રિયારૂપ) છે.

**પર્યાય શબ્દ :–** (૧) ગણ (૨) કાય (૩) નિકાય (૪) સ્કંધ (૫) વર્ગ (૬) રાશિ (૭) પુંજ (૮) પિંડ (૯) નિકર (૧૦) સંઘાત (૧૧) આકુલ (૧૨) સમૂહ.

**'અધ્યયન'નો અનુયોગ :–**

નામ સ્થાપના આદિ આવશ્યકની સમાન સમજવા. આવશ્યક સૂત્રના છ અધ્યયન છે. એના નામ અને અર્થ આ પ્રકારે છે.

(૧) સામાયિક– સાવદ્ય યોગ અર્થાત્ પાપ કાર્યોથી નિવૃત્તિ લેવી.

(૨) ચતુર્વિંશતિ સ્તવ– પાપના આચરણનો ત્યાગ કરી સિદ્ધ બુદ્ધ મુક્ત થયેલા પરમ ઉપકારી ધર્મ પ્રવર્તક તીર્થંકરોની સ્તુતિ કરવી.

(૩) વંદના– ગુણવાનોની અર્થાત્ સાવદ્યયોગ ત્યાગની સાધના કરવા તત્પર એવા શ્રમણ વર્ગની વિનય પ્રતિપત્તિ અર્થાત્ આદર, સન્માન અને બહુમાન કરવું.

(૪) પ્રતિક્રમણ– સંયમ સાધનામાં પ્રમાદ વશ ઉત્પન્ન થતી સ્ખલના અને અતિ-ચારોની શુદ્ધ બુદ્ધિથી તથા વૈરાગ્ય ભાવનાથી નિંદા, ગર્હા કરી પ્રમાદથી મુક્ત થઈ જવું, તેને છોડી દેવો.

(૫) કાયોત્સર્ગ– જેવી રીતે શરીર પર લાગેલા ઘાવ પર મલમ-પટ્ટી લગાડીએ

તેવી રીતે સંયમ સાધનામાં આવેલ શિથિલતાને દૂર કરવા માટે સંકલ્પિત ✓ાસો-✓ાસ પ્રમાણ સમય સુધી શરીર પરથી મમત્વભાવ, રાગભાવને દૂર કરી મન, વચન કાયાની પ્રવૃત્તિને રોકવી, ધ્યાન મુદ્રામાં રહેવું.

(૬) પ્રત્યાખ્યાન– સ્ખલિત સંયમને વિશેષ પુષ્ટિ આપવા તથા તજ્જનિત કર્મ બંધનો ક્ષય કરવા માટે નવકારશી વગેરે તપ દ્વારા નિર્જરા ગુણોને ધારણ કરવા.

**અનુયોગના દ્વારોનું વર્ણન :–** અનુયોગના મુખ્ય ચાર દ્વાર છે. યથા– ૧. ઉપક્રમ ૨. નિક્ષેપ ૩. અનુગમ ૪. નય.

(૧) ઉપક્રમ– જ્ઞાતવ્ય વિષયની પ્રારંભિક ચર્ચા કરવી અને પદાર્થોને નિક્ષેપ યોગ્ય બનાવવા.

(૨) નિક્ષેપ– નામ સ્થાપના આદિ ભેદથી સૂત્રગત પદોનું વ્યવસ્થાપન કરવું.

(૩) અનુગમ– સૂત્રનો અનુકૂળ અર્થ કરવો. એનાથી વસ્તુના યોગ્ય સ્વરૂપનું જ્ઞાન થાય છે.

(૪) નય– વસ્તુના શેષ ધર્મોને અપેક્ષા દૃષ્ટિએ ગૌણ કરીને મુખ્યરૂપથી કોઈ એક અંશ(ધર્મ) ગ્રહણ કરનારો બોધ એ 'નય' છે.

**(૧) ઉપક્રમ દ્વારનું વર્ણન :–** ઉપક્રમના ૬ પ્રકાર છે યથા– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ ૬. ભાવ.

**દ્રવ્ય ઉપક્રમ :–** સચિત્ત, સજીવ મનુષ્ય પશુ ઈત્યાદિને અને અચિત્ત પુદ્ગલ ગોળ, સાકર, વગેરેને ઉપાય વિશેષથી પુષ્ટકરવા, ગુણ વૃદ્ધિ કરવી, એ 'પરિકર્મ દ્રવ્ય ઉપક્રમ' છે. શસ્ત્રથી જીવોનો વિનાશ અને પ્રયત્ન વિશેષથી પુદ્ગલોના ગુણધર્મોનો વિનાશ કરવો એ 'વસ્તુ વિનાશ દ્રવ્ય ઉપક્રમ' છે.

**ક્ષેત્ર ઉપક્રમ :–** ભૂમિને હળ વગેરેના પ્રયોગ વડે ઉપજાઉ બનાવવી એ 'પરિકર્મ વિષયક ક્ષેત્ર ઉપક્રમ' છે અને હાથી વગેરેને બાંધીને ભૂમિને વેરાન બનાવવી એ 'વિનાશ વિષયક ક્ષેત્ર ઉપક્રમ' છે.

**કાળ ઉપક્રમ :–** જળઘડી, રેતઘડી ઈત્યાદિ દ્વારા સમયનું યથાર્થ જ્ઞાન થાય છે તે 'પરિકર્મરૂપ કાળ ઉપક્રમ' છે અને નક્ષત્ર આદિની ગતિથી જે કાળનો વિનાશ (વ્યતીત થવો) તે 'વિનાશરૂપ કાળ ઉપક્રમ' છે.

**ભાવ ઉપક્રમ :–** (૧) ઉપક્રમના અર્થ સ્વરૂપનું સાચુ જ્ઞાન હોવું અને એમાં ઉપયોગ સહિત હોવું એ 'આગમ રૂપ(આગમતઃ) ભાવ ઉપક્રમ' છે.

(૨) ઉપક્રમનો અર્થ છે અભિપ્રાય. માટે અભિપ્રાયનું યથાવત્ પરિજ્ઞાન તે 'ભાવ ઉપક્રમ પ્રવૃત્તિ' છે. આ અભિપ્રાય જાણવારૂપ ભાવ ઉપક્રમ પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને હોય છે. વેશ્યા આદિ દ્વારા અન્યનો અભિપ્રાય જાણવો અપ્રશસ્ત છે અને શિષ્ય દ્વારા ગુઢનો અભિપ્રાય જાણવો પ્રશસ્ત છે. લૌકિક દૃષ્ટિની અપેક્ષાએ આ



ઉપક્રમ વર્ણન છે.

**અન્ય અપેક્ષાએ (શાસ્ત્રીય દૃષ્ટિએ) ઉપક્રમ :–** ઉપક્રમના છ પ્રકાર છે– ૧. આનુપૂર્વી ૨. નામ ૩. પ્રમાણ ૪. વક્તવ્યતા ૫. અર્થાધિકાર ૬. સમવતાર.

**(૧) આનુપૂર્વી ઉપક્રમ :–** આનુપૂર્વીના દશ પ્રકાર છે. ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ક્ષેત્ર ૫. કાળ ૬. ઉત્કીર્તન ૭. ગણના ૮. સંસ્થાન ૯. સમાચારી ૧૦. ભાવાનુપૂર્વી.

આનુપૂર્વી, અનુક્રમ એવં પરિપાટી એ ત્રણે એકાર્થક શબ્દ છે. અર્થાત્ એકની પાછળ બીજું એવી પરિપાટીને આનુપૂર્વી કહે છે.

**દ્રવ્યાનુપૂર્વી :–** (૧) કોઈ વિવક્ષિત(ઈચ્છિત)પદાર્થ ને પહેલા વ્યવસ્થાપિત કર્યા પછી પૂર્વાનુપૂર્વી ઈત્યાદિ ક્રમથી અન્યોન્ય પદાર્થોને રાખવા એ દ્રવ્યાનુપૂર્વી છે. એને 'ઉપનિધિકી આનુપૂર્વી' કહે છે.

(૨) પદાર્થોને પૂર્વાનુપૂર્વી આદિ ક્રમની અપેક્ષા રાખ્યાવિના વ્યવસ્થાપિત કરવા અથવા સ્વભાવત : સ્કંધોનું વ્યવસ્થાપિત થઈ જવું, કોઈપણ ક્રમથી જોડાઈ જવું એ પણ દ્રવ્યાનુપૂર્વી છે. એને 'અનૌપનિધિકી આનુપૂર્વી' કહે છે.

(૩) આનુપૂર્વી એ છે કે જ્યાં આદિ, મધ્ય અને અન્તનું વ્યવસ્થાપન હોય. એટલે જ પરમાણુ અનાનુપૂર્વી છે. દ્વિપ્રદેશી સ્કંધમાં આદિ(પ્રથમ) અને અંત છે પરંતુ મધ્ય ન હોવાથી, તે અનાનુપૂર્વી નહીં પણ 'અવક્તવ્ય' છે. ત્રિપ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સ્કંધ આનુપૂર્વી છે.

(૪) આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યના એકવચન, બહુવચનના ભેદથી અસંયોગી ૬ ભંગ હોય છે. આ ૬ દ્વારા દ્વિસંયોગી ભંગ બનાવતાં ૧૨ ભંગ બને છે. તેમજ ત્રણ સંયોગી ભંગ ૮ બને છે. આ રીતે કુલ ૨૬ ભંગ બને છે. આ ભંગ વિકલ્પ આ પ્રમાણે છે. અસંયોગી ૬ ભંગ– **૧.** આનુપૂર્વી **૨.** અનાનુપૂર્વી **૩.** અવક્તવ્ય **૪.** આનુપૂર્વિઓ **૫.** અનાનુપૂર્વીઓ **૬.** અનેક અવક્તવ્ય. દ્વિસંયોગી ૧૨ ભંગ– **૧.** આનુપૂર્વી એક અનાનુપૂર્વી એક **૨.** આનુપૂર્વી એક અનાનુપૂર્વી અનેક **૩.** આનુપૂર્વી અનેક અનાનુપૂર્વી એક **૪.** આનુપૂર્વી અનેક અનાનુપૂર્વી અનેક. આ પ્રમાણે જ ચાર ભંગ આનુપૂર્વી તથા અવક્તવ્યની સાથે હોય છે અને ચાર ભંગ અનાનુપૂર્વી તથા અવક્તવ્યની સાથે હોય છે. કુલ ૧૨ ભંગ છે. ત્રણ સંયોગી ૮ ભંગ થાય છે. યથા–

૧. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય એક.
૨. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય અનેક.
૩. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય એક.
૪. આનુપૂર્વી એક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય અનેક.

૫. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય એક.
૬. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી એક, અવક્તવ્ય અનેક.
૭. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય એક.
૮. આનુપૂર્વી અનેક, અનાનુપૂર્વી અનેક, અવક્તવ્ય અનેક.

એ ૬ + ૧૨ + ૮ = ૨૬ ભંગ હોય છે. આ ભંગ બનાવવાની વિધિ અન્યત્ર પણ આ જ રીતે જાણી લેવી જોઈએ. આ વિધિથી પરમાણુ, દ્વિપ્રદેશી સ્કંધ અને ત્રણ પ્રદેશી સ્કંધ; આ ત્રણના સંયોગથી ૨૬ ભંગ જાણવા જોઈએ.

(૫) આનુપૂર્વી આદિ દ્રવ્યોનો 'અસ્તિત્વ' આદિ દ્વારા વિચાર કરવો એ 'અનુગમ' છે અર્થાત્ અનુકૂલ વિશેષ જ્ઞાન છે. જેમ કે– **૧.** આનુપૂર્વી આદિ ત્રણેયનું અસ્તિત્વ છે. **૨.** દ્રવ્ય સંખ્યાથી અનંત છે. **૩.** અનેક દ્રવ્યોની અપેક્ષાએ આનુપૂર્વી આદિ સર્વ લોકમાં છે અને એક દ્રવ્યની અપેક્ષાએ લોકના સંખ્યાતમા ભાગ આદિ અલગ–અલગ રૂપમાં છે. **૪.** તેવી જ રીતે 'સ્પર્શના' સાધિક હોય છે. **૫.** સ્થિતિ બધાની જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અસંખ્યકાલની છે અને બહુત્વની અપેક્ષાએ શાશ્વત છે. **૬.** અંતર જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અનંતકાળનું છે. પરંતુ પરમાણુનો અસંખ્યકાળ છે. બહુત્વની અપેક્ષાએ અંતર નથી. **૭.** શેષ દ્રવ્યોના અનેક અસંખ્યાતમા ભાગમાં આનુપૂર્વી દ્રવ્ય હોય છે. દ્વિપ્રદેશી તથા પરમાણુ દ્રવ્ય અસંખ્યાતમા ભાગમાં હોય છે. **૮.** આનુપૂર્વી આદિ દ્રવ્ય પારિણામિક ભાવમાં હોય છે. **૯.** દ્વિપ્રદેશી સ્કંધ દ્રવ્ય બધાથી થોડા છે, તેનાથી પરમાણુ વિશેષાધિક છે અને ત્રણ પ્રદેશી આદિ સ્કંધ દ્રવ્ય અસંખ્યગણા છે. પ્રદેશની અપેક્ષાએ બધાથી થોડા પરમાણુ અપ્રદેશ, દ્વિપ્રદેશીના પ્રદેશ વિશેષાધિક એનાથી ત્રણ પ્રદેશી આદિ સ્કંધોના પ્રદેશ અનંત ગણા છે.

(૬) નૈગમ અને વ્યવહાર નયથી ઉપરોકત ૨૬ ભંગ થાય છે અને સંગ્રહ નયથી આનુપૂર્વી આદિના સાતભંગ થાય છે. કારણ કે બહુવચનની વિવક્ષા આમાં અલગ હોતી નથી. તે ભંગ આ પ્રમાણે છે– **૧.** આનુપૂર્વી **૨.** અનાનુપૂર્વી **૩.** અવક્તવ્ય **૪.** આનુપૂર્વી અનાનુપૂર્વી **૫.** આનુપૂર્વી અવક્તવ્ય **૬.** અનાનુપૂર્વી અવક્તવ્ય **૭.** આનુપૂર્વી અનાનુપૂર્વી અવક્તવ્ય. અન્ય વર્ણન પણ સંગ્રહ નય દ્વારા સમજવું. પરન્તુ તેમાં બહુવચન સંબંધી કોઈ વિકલ્પ દ્રવ્ય, પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, સ્થિતિ આદિમાં નહિ સમજવો. આ અનૌપનિધિકી આનુપૂર્વીનું વર્ણન થયું.

**પૂર્વાનુપૂર્વી આદિના ભંગ :–** ઔપનિધિકી દ્રવ્ય આનુપૂર્વી ત્રણ પ્રકારની હોય છે. યથા– (૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી (૩) અનાનુપૂર્વી (બન્નેથી ભિન્ન સ્વરૂપવાળી). યથા– છ દ્રવ્યોને ક્રમથી રાખવા પૂર્વાનુપૂર્વી છે. ઉલટા ક્રમથી રાખવા પશ્ચાનુપૂર્વી છે. ૬ દ્રવ્યોના અનાનુપૂર્વીના ભંગ આ પ્રમાણે છે– ૧×૨×૩×૪×૫×૬ = ૭૨૦ આમાં બે ઓછા કરવાથી ૭૧૮ અનાનુપૂર્વીના ભંગ જાણવા.



આ જ રીતે પંચ પરમેષ્ઠીના પદોથી એક પૂર્વાનુપૂર્વી એક પશ્ચાનુપૂર્વી અને ૧૧૮ (૧×૨×૩×૪×૫ = ૧૨૦ – ૨ = ૧૧૮) અનાનુપૂર્વીના ભંગ બને છે.

**ક્ષેત્રાનુપૂર્વી :–** દ્રવ્યાનુપૂર્વીની જેમ સંપૂર્ણ વર્ણન છે. આમાં ત્રણ પ્રદેશો આદિના અવગાઢ સ્કંધ આનુપૂર્વી છે. એક પ્રદેશવગાઢ સ્કંધ અનાનુપૂર્વી છે અને દ્વિ પ્રદેશાવગાઢસ્કંધ અવકતવ્ય છે. અલ્પબહુત્વમાં અહીં અનંતગુણના સ્થાને અસંખ્ય ગુણ જ હોય છે. કારણ કે અવગાહના ઉત્કૃષ્ટ અસંખ્ય પ્રદેશની હોય છે, અનંત-પ્રદેશની ન હોય.

પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી અહીં ઉર્ધ્વલોક, અધોલોક તીરછા-લોકની અપેક્ષાએ કહેવી. પછી અધોલોકની સાત નરક, તીરછા લોકના અસંખ્ય દ્વીપ સમુદ્ર અને ઉર્ધ્વ લોકના ૧૫ સ્થાન(૧૨ દેવલોક, ૧ ગ્રૈવેયક, ૧ અણુત્તર દેવ, ૧ સિદ્ધશિલા)ની પૂર્વાનુપૂર્વી આદિ કહી શકાય છે.

**કાળાનુપૂર્વી :–** દ્રવ્યાનુપૂર્વીની સમાન સંપૂર્ણ વર્ણન છે. એમાં એક સમયની સ્થિતિવાળું દ્રવ્ય અનાનુપૂર્વી છે, બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય અવક્તવ્ય છે અને ત્રણ સમયથી અસંખ્ય સમય સુધીની સ્થિતિવાળા દ્રવ્ય આનુપૂર્વી છે. ક્ષેત્ર અવગાહનાની જેમ કાળ સ્થિતિ પણ અસંખ્ય છે, માટે અનંત નહિ કહેવું. એક સમયની સ્થિતિ ***યાવત્*** અસંખ્ય સમયની સ્થિતિની અપેક્ષાએ પૂર્વાનુપૂર્વી આદિ કહેવું જોઈએ. અથવા સમય, આવલિકા, આણ–પાણ, થોવ, લવ, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, ૠતુ, અયન, વર્ષ, યુગ, સોવર્ષ, હજાર વર્ષ, લાખ વર્ષ, પૂર્વાંગ, પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, ***યાવત્*** શીર્ષ પ્રહેલિકાંગ, શીર્ષ પ્રહેલિકા, પલ્યોપમ, સાગરોપમ, અવસર્પિણી, ઉત્સર્પિણી, પુદ્ગલ પરાવર્તન, અતીતકાળ, અનાગતકાળ, સર્વકાળ, આ ૫૩ પદોથી પણ કહી શકાય છે.

**ઉત્કીર્તન આનુપૂર્વી :–** એના પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદ છે, જે ભગવાન ૠષભ દેવ આદિ ભગવાન મહાવીર પર્યન્ત ૨૪ તીર્થંકરોની અપેક્ષાએ કહેવી જોઈએ.

**ગણનાનુપૂર્વી :–** એના પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદ છે. જે એક, દસ, સો, હજાર, દસ હજાર, લાખ, દસ લાખ, કરોડ, દસ કરોડ, અરબ સુધી. આ દસ પદોની અપેક્ષાએ કહેવી જોઈએ.

**સંસ્થાન આનુપૂર્વી :–** છ સંસ્થાનોની અપેક્ષાએ કહી શકાય છે.

**સમાચારી આનુપૂર્વી :–** 'આવસ્સહિ' આદિ દસ સમાચારીની અપેક્ષાએ કહી શકાય.

**ભાવાનુપૂર્વી :–** એ છ ભાવોની અપેક્ષાએ કહી શકાય છે, ૧. ઉદય, ૨. ઉપશમ, ૩. ક્ષાયિક, ૪. ક્ષાયોપશમિક, ૫. પારિણામિક ૬. મિશ્ર સંયોગી(સન્નિપાતિક) ભાવ. આ આનુપૂર્વી અધિકાર પૂર્ણ થયો.

**(૨) નામ ઉપક્રમ :–** નામ ઉપક્રમના દસ પ્રકાર છે. યથા– એક નામ, બે નામ, ત્રણ નામ ***યાવત્*** દસ નામ.

**એક નામ :–** દ્રવ્ય ગુણ પર્યાયના જે નામ લોકમાં રૂઢ થયેલા છે તે બધાની 'નામ' એક સંજ્ઞા હોવાથી સર્વે એક નામ છે.

**બે નામ :–** એકાક્ષર 'શ્રી' આદિ, બે અક્ષર 'દેવી' આદિ અથવા જીવ અજીવ એ બે 'નામ' છે. વિશેષિત, અવિશેષિત ભેદરૂપ અપેક્ષાએ બે નામ અનેક પ્રકારના થાય છે. જેમ કે– જીવ અવિશેષિત અને નારકી ઇત્યાદી વિશેષિત. નારકી અવિશેષિત, રત્નપ્રભા ઇત્યાદિ વિશેષિત. એ રીતે ભેદાનુભેદ કરતાં અનુત્તર દેવ અવિશેષિત, વિજય, વૈજયંત વિશેષિત છે. આ બે નામ છે. તે જ રીતે અજીવ દ્રવ્યમાં સમજવું.

**ત્રણ નામ :–** દ્રવ્ય, ગુણ, પર્યાય આ ત્રણ નામ છે. એમાં દ્રવ્યના ૬ ભેદ, ગુણના વર્ણાદિ પાંચ ભેદ તેમજ ૨૫ ભેદ અને પર્યાયના એક ગુણ કાલા ***યાવત્*** અનંત ગુણ કાલા ઇત્યાદિ અનંત ભેદ છે.

સ્ત્રી, પુરુષ, નપુંસક આ પણ ત્રણ નામ છે. સ્ત્રી નામના અંતમાં સ્વર આ, ઈ, ઊ હોય છે. પુરુષ નામના અંતમાં આ, ઈ, ઊ, ઓ હોય છે. નપુંસક નામના અંતમાં અં,ઈં, ઉં હોય છે. જેમ કે – ૧. માળા, લક્ષ્મી, વધૂ, ૨. રાજા, ગિરી, ૩. ધન્નં, અચ્છિં, મહું.

**ચાર નામ :–** નામ ચાર પ્રકારથી બને છે. ૧. આગમથી, ૨. લોપથી, ૩. પ્રકૃતિથી ૪. વિકારથી.

**ઉદાહરણ :–**

(૧) પદ્માનિ, પયાંસિ, કુંડાનિ, (૨) તેડત્ર રથોડત્ર (અ નો લોપ) (૩)અગ્નિ એતૌ, પટૂ ઈમૌ (એમાં સંધી નથી. પ્રકૃતિ ભાવ થવાથી), (૪)દંડસ્ય + અગ્રં = દંડાગ્રં (એક વર્ણના સ્થાન પર અન્ય વર્ણ.)

**પાંચ નામ :–** ૧. કોઈ વસ્તુનો બોધ કરાવનાર શબ્દ યા નામ તે નામિક નામ છે. ૨. **खलु** આદિ નૈપાતિક નામ છે. ૩. **धावति** આદિ તિગંત ક્રિયાઓ આખ્યાતિક નામ છે. ૪. **परि** ઇત્યાદિ ઉપસર્ગ ઔપસર્ગિક નામ છે. ૫. 'સંયત' ઇત્યાદિ મિશ્ર સંયોગી નામ છે. તેમાં ઉપસર્ગ પણ છે, નામિક પણ છે.

**છ નામ :–** (૧) **ઉદય ભાવ**–આઠ કર્મોનો ઉદય. જેમાં જીવ ઉદય નિષ્પન્ન– મનુષ્યત્વ, ત્રસત્વ, દેવત્વ વગેરે અને અજીવ ઉદય નિષ્પન્ન– શરીર વગેરે.

**(૨) ઉપશમ ભાવ :–** મોહનીય કર્મના ઉપશમથી ઉપશમ સમકિત, ઉપશમ-શ્રેણી, ઉપશાંત મોહ ગુણસ્થાન, ઉપશમ ચારિત્ર લબ્ધિ.

**(૩) ક્ષાયિક ભાવ :–** આઠ કર્મ તથા તેની સમસ્ત પ્રકૃતિઓના ક્ષયથી ઉત્પન્ન



થયેલ ભાવ.

**(૪) ક્ષાયોપશમિક ભાવ :–** જ્ઞાનાવરણીય આદિ ચાર ઘાતી કર્મોના ક્ષય અને ઉપશમને ક્ષાયોપશમિક ભાવ કહે છે. ચાર જ્ઞાન, પાંચ ઇન્દ્રિયો, ત્રણ દર્શન, ચાર ચારિત્ર, ગણિ, વાચક, વગેરે પદવી. ઉદય પ્રાપ્ત કર્મનો ક્ષય, અનુદીર્ણના વિપાકો-દયની અપેક્ષાએ ઉદયાભાવ(ઉપશમ), આ પ્રકારે ક્ષયથી ઉપલક્ષિત ઉપશમ જ ક્ષયોપશમ કહેવાય છે. ઉપશમમાં પ્રદેશોદય નથી હોતો, પરંતુ ક્ષયોપશમમાં પ્રદેશોદય હોય છે. વિપાકોદય નથી હોતો.

**(૫) પારિણામિક ભાવ :–** સાદિ પારિણામિક– વાદળા, સંધ્યા, પર્વત, ઇન્દ્રધનુષ, વિજળી, હવા વર્ષા વગેરે. અનાદિ પારિણામિક– જીવત્વ, ભવીત્વ, અભવીત્વ, લોક, અલોક અને ધર્માસ્તિકાય વગેરે.

**(૬) સન્નિપાતિક (સંયોગી-મિશ્ર) ભાવ :–** પૂર્વોકત પાંચ ભાવો વડે દ્વિક સંયોગી વગેરે ૨૬ ભંગ બને છે. તેને સન્નિપાતિક ભાવ કહેવાય છે.

**છવ્વીસ ભંગ :– દ્વિસંયોગી ભંગ ૧૦ :–** ૧. ઉદય-ઉપશમ ૨. ઉદય-ક્ષય ૩. ઉદય-ક્ષયોપશમ, ૪. ઉદય-પારિણામિક ૫. ઉપશમ-ક્ષય, ૬. ઉપશમ-ક્ષયોપશમ, ૭. ઉપશમ-પારિણામિક ૮. ક્ષય-ક્ષયોપશમ ૯. ક્ષય-પારિણામિક ૧૦. ક્ષયોપશમ-પારિણામિક.

**ત્રિસંયોગી ભંગ ૧૦ :–** ૧. ઉદય-ઉપશમ-ક્ષય ૨. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ ૩. ઉદય-ઉપશમ-પારિણામિક ૪. ઉદય-ક્ષય-ક્ષયોપશમ ૫. ઉદય-ક્ષય-પારિણામિક ૬. ઉદય-ક્ષયોપશમ-પારિણામિક ૭. ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ ૮. ઉપશમ-ક્ષય-પારિણામિક, ૯. ઉપશમ-ક્ષયોપશમ-પારિણામિક ૧૦. ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

**ચારસંયોગી ભંગ ૫ :–** ૧. ઉદય-ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ ૨. ઉદય-ઉપશમ-ક્ષય-પારિણામિક ૩. ઉદય-ઉપશમ-ક્ષયોપશમ-પારિણામિક ૪. ઉદય-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક ૫. ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

**પાંચ સંયોગી એક ભંગ :–** ઉદય-ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ-પારિણામિક.

આ ૨૬ ભંગોમાંથી જીવમાં ૬ ભંગ પ્રાપ્ત થાય છે. શેષ ૨૦નું ભંગરૂપે અસ્તિત્વ માત્ર સમજવું. તે છ ભંગ આ પ્રમાણે છે–

૧) ક્ષાયિક, પારિણામિક– સિદ્ધોમાં.
૨) ઉદય, ક્ષયોપશમ, પારિણામિક– સામાન્યરૂપથી સંસારી જીવોમાં.
૩) ઉદય, ક્ષાયિક, પારિણામિક– ભવસ્થ કેવળીમાં (ગુણસ્થાન ૧૩-૧૪મા)
૪) ઉદય, ક્ષય, ક્ષયોપશમ, પારિણામિક– ક્ષાયિક સમકિતી સામાન્ય જીવમાં
૫) ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, પારિણામિક– ઉપશમ સમકિતી સામાન્ય જીવમાં.

૬) ઉદય, ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ, પારિણામિક– ક્ષાયિક સમ્યગ્ દષ્ટિ જીવને ઉપશમ શ્રેણીમાં.

અહીં **૧.** ગતિઓને ઉદયમાં **૨.** ઉપશમ સમકિત, ઉપશમ શ્રેણીને ઉપશમમાં **૩.** ઈન્દ્રિયોને ક્ષયોપશમમાં **૪.** ક્ષાયિક સમકિત, ક્ષપક શ્રેણી, કેવળ જ્ઞાનને ક્ષયમાં **૫.** જીવત્વ ભવીત્વ આદિ પારિણામિકમાં સમજવા.

**સાત નામ :–** સાત સ્વર છે. તે આ પ્રમાણે છે :–

**૧) ષડ્જ સ્વર :–** કંઠ, વક્ષસ્થળ, તાલુ, જિવ્હા, દાંત, નાસિકા; આ છ સ્થાનોના સંયોગથી આ સ્વર ઉત્પન્ન થાય છે, જિવ્હાગ્રથી ઉચ્ચારિત થાય છે, યથા– મયૂરનો શબ્દ, મૃદંગનો શબ્દ. આ સ્વરવાળો મનુષ્ય આજીવિકા, પુત્ર, મિત્ર આદિથી સંપન્ન સુખી હોય છે.

**૨) વૃષભ સ્વર :–** બળદની ગર્જના જેવો. આ સ્વર વક્ષસ્થલમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– કુકડાનો સ્વર, ગૌમુખી વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળો મનુષ્ય ઐ✓ર્યશાળી હોય છે. તે સેનાપતિત્વ, અને ધનધાન્ય આદિ ભોગસામગ્રી ને પ્રાપ્ત કરે છે.

**૩) ગાંધાર સ્વર :–** આ સ્વર કંઠમાંથી ઉચ્ચારિત થાય છે. યથા– હંસનો સ્વર, શંખનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય શ્રેષ્ઠ આજીવિકા પ્રાપ્ત કરે છે, કલાકોવિદ હોય છે, કવિ બુદ્ધિમાન અને અનેક શાસ્ત્રોમાં પારંગત હોય છે.

**૪) મધ્યમ સ્વર :–** આ સ્વર જિવ્હાના મધ્યભાગથી ઉચ્ચારિત થાય છે. તે ઉચ્ચનાદ રૂપ હોય છે. યથા– ઘંટાનો સ્વર, ઝાલરનો સ્વર. આ સ્વરવાળા સુખૈષી(સુખી) જીવ હોય છે. મનોજ્ઞ ખાતા પીતા હોય છે તેમજ અન્યને ખવડાવે, પીવડાવે છે તથા દાન કરે છે.

**૫) પંચમ સ્વર :–** નાભિ, વક્ષસ્થળ, હૃદય, કંઠ અને મસ્તક ;આ પાંચ સ્થાનના સંયોગ વડે અને નાસિકામાંથી ઉચ્ચારિત થાય છે. યથા– વસંતઋતુમાં કોયલનો શબ્દ, ગોધિકા વાજિંત્રનો સ્વર. આ સ્વરવાળા રાજા, શૂરવીર, સંગ્રાહક અને અનેક મનુષ્યના નાયક હોય છે.

**૬) ધૈવત સ્વર :–** પૂર્વોક્ત બધા સ્વરોનું અનુસંધાન કરનારો આ સ્વર દાંત અને હોઠના સંયોગ વડે ઉચ્ચારિત થાય છે. યથા– ક્રૌંચ પક્ષીનો સ્વર, નગારાનો અવાજ. આ સ્વરવાળો મનુષ્ય કલહ પ્રિય તથા હિંસક, નિર્દયી હોય છે.

**૭) નિષાદ સ્વર :–** આ સ્વર બધા સ્વરોનો પરાભવ કરનારો છે. ભૃકુટી ખેંચીને મસ્તકમાંથી એનું ઉચ્ચારણ થાય છે. યથા– હાથીનો અવાજ, મહાભેરીનો અવાજ. આ સ્વરવાળા મનુષ્ય ચાંડાલ, ગોઘાતક, મુક્કેબાજ, ચોર અને આવા જ મોટા પાપ કરનારા હોય છે. આ સાત સ્વરો પૂર્ણ થયા.



**ગાયન :–** શબ્દોનું સ્પષ્ટ ઉચ્ચારણ, શુભ મધુર સ્વર, ઉતાર-ચઢાવથી સંપન્ન, ગેય રાગથી યુક્ત ગાવું વિગેરે ગાયનના ગુણ છે. ડરીને, ઉતાવળથી, ✓ાસ લેતા, નાકના સંયોગથી કટુ સ્વર અને તાલ વિરુદ્ધ ગાવું ઇત્યાદિ ગાયનના દોષ છે.

ગાયકનું ગીતના સ્વરમાં મૂર્ચ્છિત જેવા થઈ જવું 'ગીતની મૂર્ચ્છના' કહેવાય છે. આ મૂર્ચ્છના ૨૧ છે. એના સાત-સાતના સમૂહને ગ્રામ કહે છે. સાત સ્વરોના ત્રણ ગ્રામ અને ૨૧ મૂર્ચ્છના હોય છે.

ગાયન પણ સત્ય, ઉપઘાત આદિ ૩૨ દોષો રહિત, વિશિષ્ટ અર્થયુક્ત, અલંકારોથી યુક્ત, ઉપસંહારથી યુકત અને અલ્પ પદ, અલ્પ અક્ષરવાળું, પ્રિયકારી હોવું જોઈએ. શ્યામ સ્ત્રી મધુર ગાય છે. કાળી સ્ત્રી ખર(રૂક્ષ) સ્વરમાં ગાય છે અને ગૌરવર્ણા ચતુરાઈથી ગાય છે, કાણી વિલંબિત સ્વરમાં તથા આંધળી શીઘ્રગતિ સ્વરમાં ગાય છે.

**આઠ નામ :–** શબ્દોની આઠ વચન વિભક્તિઓના આઠ નામ છે.

(૧) પ્રથમા (કર્તા) જાતિ અને વ્યક્તિના નિર્દેશમાં વપરાય છે.
(૨) દ્વિતીયા (કર્મ) જેનાપર ઉપદેશ, ક્રિયાનું ફળ મળે.
(૩) તૃતીયા (કરણ) ક્રિયાના સાધકતમ કારણમાં વપરાય.
(૪) ચતુર્થી (સંપ્રદાન) જેને માટે દાન દેવાની ક્રિયા હોય છે તે.
(૫) પંચમી (અપાદાન) જેનાથી અલગ થવાનો બોધ થાય છે.
(૬) છઠ્ઠી (સંબંધ) સ્વામીત્વનો સંબંધ બતાવનારી.
(૭) સપ્તમી (આધાર) ક્રિયાના આધાર સ્થાનનો બોધ કરાવનારી
(૮) અષ્ટમી (સંબોધન) સંબોધિત(આમંત્રણ) કરનારી.

યથા– (૧) આ, તે, હું, (૨) આને કહો, તેને બોલાવો, (૩) એના દ્વારા કરવામાં આવેલ, મારાથી કહેવામાં આવેલ, (૪) તેના માટે આપો, તેના માટે લઈ જાઓ, જિને✓રને માટે મારા નમસ્કાર હો, (૫) વૃક્ષપરથી ફળ નીચે પડ્યું , અહીંયાથી દૂર કરો, (૬) તેની વસ્તુ, તેનું મકાન, તેનું ખેતર, (૭) છતની ઉપર, ભૂમિ પર, પુસ્તકમાં, ઘરમાં, (૮) અરે ! ભાઈઓ ! બેનજી ! હે સ્વામી ! હે નાથ ! વગેરે.

**નવ નામ :–** કાવ્યોના નવ રસ છે. તે નવ નામ છે. તે આ પ્રમાણે છે– (૧) વીરરસ (૨) શૃંગારરસ (૩) અદ્‌ભુતરસ (૪) રૌદ્રરસ (૫) ભયાનક રસ (૬) બીભત્સ રસ (૭) હાસ્યરસ (૮) કરુણરસ (૯) પ્રશાંત રસ. અનેક સહકારી કારણોથી અંતરાત્મામાં ઉત્પન્ન થતાં ઉલ્લાસ યા વિકારની અનુભૂતિને રસ કહેવાય છે. માટે જે કાવ્યના ગાવાથી કે સાંભળવાથી આત્મામાં વીરતા, હાસ્ય, શૃંગાર વગેરે ભાવની અનુભૂતિ થાય છે તે, તે કાવ્યનો રસ કહેવાય છે. એક કાવ્યમાં એક અથવા અનેક રસ હોઈ શકે છે.

**દસ નામ :–** નામકરણ દસ પ્રકારના હોય છે. યથા– (૧) ગુણ નિષ્પન્ન નામ– શ્રમણ, તપસ્વી, પવન, (૨) ગુણ રહિત નામ– સમુદ્દગ, સમુદ્ર, પલાશ, ઈન્દ્રગોપ, કીડા (૩) આદાનપદ નિષ્પન્ન નામ– પ્રારંભિક પદથી અધ્યયન આદિનું નામ ભકતામર, પુચ્છિસ્સુણં. (૪) પ્રતિપક્ષપદ નિષ્પન્ન નામ– અલાબુ, અલત્તક. (૫) પ્રધાનપદ નિષ્પન્ન નામ– આમ્રવન વગેરે. (૬) અનાદિ સિદ્ધાંત નિષ્પન્ન નામ– ધર્માસ્તિકાય આદિ. (૭) નામ નિષ્પન્ન નામ– મૃગાપુત્ર, પાંડુપુત્ર, પાંડુસેન. (૮) અવયવ નિષ્પન્ન નામ– પક્ષી, દ્વિપદ, ચતુષ્પદ, જટાધારી આદિ. (૯) સંયોગ નિષ્પન્ન નામ– ગોપાલક, દંડી, રથિક, નાવિક, મારવાડી, હિન્દુસ્તાની, પંચમારક, (પાંચમા આરાના મનુષ્ય), હેમંતક, વસંતક, ચૌમાસી, સંવત્સરી, જ્ઞાની, સંયમી, ક્રોધી.

**૧૦મું પ્રમાણ નિષ્પન્ન નામ–** એના ચાર પ્રકાર છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ. (૧) કોઈનું 'પ્રમાણ' નામ રાખ્યું તે નામ પ્રમાણ નિષ્પન્ન. (૨) સ્થાપના નિષ્પન્ન નામ– ૨૮ નક્ષત્રો અને એના દેવતાઓના નામ. અનેક પ્રકારના કુળ નામ– ઉગ્રકુળ, ભોગકુળ, ઈક્ષ્વાકુકુળ. અનેક પ્રકારના પાસંડ નામ– શ્રમણ, પાંડુરંગ, ભિક્ષુ, પરિવ્રાજક, તાપસ વગેરે. અનેક પ્રકારના ગણ નામ– મલ્લગણ વગેરે આ બધા સ્થાપના પ્રમાણ નિષ્પન્ન નામની અંદર સમાય છે. (૩) દ્રવ્ય પ્રમાણ નિષ્પન્ન નામ– ધર્માસ્તિકાયાદિ છે. (૪) ભાવ પ્રમાણ નિષ્પન્ન નામમાં સમાસ, તદ્ધિત, ધાતુજ, નિરુક્તિજ એ ચારેય અને એના અનેક ભેદાનુભેદ તથા ઉદાહરણ પણ કહેલ છે.

સમાસ સાત છે– **૧.** દ્વંદ્વ **૨.** બહુવ્રીહિ **૩.** કર્મધારય **૪.** દ્વિગુ **૫.** તત્પુરુષ **૬.** અવ્યયીભાવ **૭.** એક શેષ અર્થાત્ સમાસ નિષ્પન્ન નામ સાત પ્રકારના છે.

તદ્ધિત નિષ્પન્ન નામ આઠ પ્રકારના છે– **૧.** કર્મથી– વ્યાપારી, શિક્ષક, **૨.** શિલ્પથી– કાષ્ઠકાર, સુવર્ણકાર, ચિત્રકાર, **૩.** શ્લોકથી– શ્રમણ, બ્રાહ્મણ, **૪.** સંયોગથી– રાજ જમાઈ, **૫.** સમીપ નામ–બેનાતટ **૬.** સંયૂથ નામ– ટીકાકાર, શાસ્ત્રકાર, તરંગવતીકાર **૭.** ઐશ્ર્વર્યનામ – શેઠ, સાર્થવાહ, સેનાપતિ, **૮.** અપત્યનામ– રાજમાતા, તીર્થંકર માતા. ધાતુથી નિષ્પન્ન નામ ધાતુજ કહેવાય છે. નિરુક્ત નિષ્પન્નનામ– મહિષ, ભ્રમર, મુસળ, કપિત્થ. આ દસ નામ પ્રકરણ પૂર્ણ થયું.

**(૩) 'પ્રમાણ' ઉપક્રમ :–** આ ચાર પ્રકારના છે. યથા– (૧) દ્રવ્ય પ્રમાણ (૨) ક્ષેત્ર પ્રમાણ (૩) કાલ પ્રમાણ (૪) ભાવ પ્રમાણ. દ્રવ્ય પ્રમાણના પાંચ પ્રકાર છે યથા–

**(૧) માન પ્રમાણ :–** ધાન્યને માપવા માટેનું સૌથી નાનું માપ 'મુઠ્ઠી' છે. બે મુઠ્ઠી = પસલી, બે પસલી = એક ખોબો, ચાર ખોબા = એક કુલક, ચાર કુલક = એક પ્રસ્થ, ચાર પ્રસ્થ = એક આઢક, ચાર આઢક = એક દ્રોણ, સાઠ આઢક = નાની



કુંભી, ૮૦ આઢક = મધ્યમ કુંભી, એકસો આઢક = મોટી કુંભી, આઠ મોટી કુંભી = એક બાહ.

તરલ પદાર્થ માપવાનું સૌથી નાનું માપ 'ચતુઃષષ્ઠિકા (૪ પળ = પા શેર) બે ચતુઃષષ્ઠિકા = એક બતીસિકા (અડધોશેર) બે બતીસિકા = એક સોળસિકા (એક શેર), બે સોળસિકા = એક અષ્ઠ ભાગિકા (૨ શેર.) બે અષ્ટભગિકા = એક ચર્તુભાર્ગિકા (ચાર શેર), બે ચર્તુભાગિકા = અધમણ (આઠ શેર), બે અધમણ= એક મણ (૧૬ શેર = ૨૫૬ પળ). એક પળ એક છટાંકને કહે છે. ૨૫૬ પળનો એક મણ થાય છે. એનાથી દૂધ, ઘીનું માપ કરાય છે.

**(૨) ઉન્માન પ્રમાણ :–** ત્રાજવાથી તોલ કરી વસ્તુની માત્રાનું જ્ઞાન કરવું તેને ઉન્માન પ્રમાણ કહે છે. માપવાનું (જોખવાનું) સૌથી નાનું માપ કાટલું (તોલું) અર્ધ કર્ષ હોય છે, બે અર્ધ કર્ષ = એક કર્ષ, બે કર્ષ= એક અર્ધપલ, બે અર્ધપલ = એક પલ (એક પલ એક છટાંક અથવા પાંચ તોલાનો સૂચક છે) એકસો પાંચ પલ = એક તુલા [પાઠાંતરે ૧૦૦ પલ અને કયાંક ૫૦૦ પલ પણ છે.] દસ તુલા = અર્ધો ભાર, બે અર્ધાભાર = એક ભાર; એનાથી ગોળ, ખાંડ, સાકર વગેરે દ્રવ્યનું વજન કરાય છે. આ માપ તોલ અપેક્ષિત ક્ષેત્ર કાળના છે. કાળાંતર અથવા ક્ષેત્રાંતરથી માપ તોલની ગણતરી અલગ–અલગ ન્યૂનાધિક પણ હોઈ શકે છે. થોડાક સમય પૂર્વે છટાંક, શેર, મણ વગેરે પ્રચલિત હતા. આજકાલ ગ્રામ, કિલો, ક્વિન્ટલમાં વજન કરાય છે.

**(૩) અવમાન પ્રમાણ :–** એનાથી જમીન વગેરેનું માપ કરાય છે. આનો સૌથી નાનો એકમ હાથ હોય છે. ચાર હાથ = એક ધનુષ્ય; ધનુષ, દંડ, યુગ, નાલિકા, અક્ષ, મૂસળ આ બધા એક માપના હોય છે. દશ નાલિકા = એક રજ્જુ; આનાથી ભૂમિની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, ઊંડાઈ મપાય છે. વર્તમાનમાં ગજ, ફૂટથી માપ કરાય છે અથવા મીટર થી જમીન મપાય છે.

**(૪) ગણિમ પ્રમાણ :–** ગણતરી, સંખ્યામાં કોઈ પણ પદાર્થની માત્રાના જ્ઞાનને 'ગણિમ પ્રમાણ' કહે છે. એનાથી રૂપિયા, પૈસા સંપત્તિનું અને ગણતરી કરી શકાય એવા પદાર્થોનું જ્ઞાન કરાય છે. એનો જઘન્ય(નાનામાં નાનો) એકમ એક છે. પછી ક્રમશઃ બે, ત્રણ, ચાર એમ કરોડ સુધી સમજવું. સૂત્રમાં ૧, ૧૦, ૧૦૦, ૧૦૦૦, ૧૦,૦૦૦ ૧,૦૦,૦૦૦, ૧૦ લાખ, ૧ કરોડ આ સંખ્યા આપી છે. અધિકતમ ૧૯૪ અંક પ્રમાણ સંખ્યા ગણના પ્રમાણમાં છે. (૫૪ અંક અને ૧૪૦ મીંડા). એના પછી ઉપમા પ્રમાણ છે.

**(૫) પ્રતિમાન પ્રમાણ :–** સોના, ચાંદી અને મણિ, મોતી આદિને નાના કાંટામાં તોલીને પ્રમાણમાન જાણી શકાય છે. આ પ્રતિમાન પ્રમાણ છે. બહુમૂલ્ય વસ્તુઓને તોલા, માસા, રતિ આદિ નાના તોલાથી તોળાય છે. ગોળ, સાકર વગેરેને મોટા

કાંટામાં મોટા તોલ માપથી તોળાય છે. આ પ્રતિમાન પ્રમાણ અને ઉન્માન પ્રમાણમાં અંતર સમજવું. પ્રતિમાન માપ આ પ્રમાણે છે–

| | | |
|---|---|---|
| ૫ ગુંજા (રતિ) | = | ૧ કર્મ માસક (માસા) |
| ૪ કાંકણી | = | ૧ કર્મ માસક (માસા) |
| ૩ નિષ્પાવ | = | ૧ કર્મ માસક (માસા) |
| ૧૨ માસા | = | ૧ મંડળ |
| ૪૮ કાંકણી | = | ૧ મંડળ |
| ૧૬ માસા | = | ૧ તોલા (સોના મહોર) |

**ક્ષેત્ર પ્રમાણ :–** એનો જઘન્ય એકમ 'અંગુલ' છે. અંગુલ ત્રણ પ્રકારના હોય છે. યથા– **(૧) આત્માંગુલ–** જે કાળમાં જે મનુષ્ય હોય છે, તેમાં પણ જે પ્રમાણ યુક્ત પુરુષ હોય છે, તેના અંગુલને આત્માંગુલ કહેવાય છે.

પ્રમાણયુક્ત પુરુષ તે હોય છે જે સ્વયંના અંગુલથી એકસો આઠ અંગુલ પ્રમાણ હોય છે અથવા ૯ મુખ પ્રમાણ હોય છે. એક દ્રોણ જેટલું તેના શરીરનું આયતન હોય છે અને અર્ધભાર પ્રમાણ જેનું વજન હોય છે. દ્રોણ અને અર્ધભારમાં પ્રાયઃ ૬૪ શેરનું પરિમાણ હોય છે.

**(૨) ઉત્સેધાંગુલ :–** ૮ વાળાગ્ર = એક લીખ, આઠલીખ = એક જૂ , આઠ જૂ = એક જવમધ્ય, આઠ જવમધ્ય = એક ઉત્સેધાંગુલ અર્થાત્ ૮×૮×૮×૮ = ૪૦૯૬ વાળના ગોળ ભારા. એનો જેટલો વિસ્તાર(વ્યાસ) હોય છે, એને એક ઉત્સેધાંગુલ કહેવાય છે. આ અંગુલ લગભગ અડધા ઈંચ બરાબર હોય છે, એવું અનુમાન છે. જેથી ૧૨ ઈંચ = ૨૪ અંગુલ = ૧ હાથ = ૧ ફૂટ હોય છે.

**(૩) પ્રમાણાંગુલ :–** ચક્રવર્તીના કાંકણીરત્નના ૬ તલિયા અને ૧૨ હાંસ હોય છે. પ્રત્યેક હાંસ એક ઉત્સેધાંગુલ પ્રમાણ હોય છે. ઉત્સેધાંગુલથી હજારગણો પ્રમાણાંગુલ હોય છે. શ્રમણ ભગવાન મહાવીરના અંગુલ ઉત્સેધાંગુલથી બમણા હોય છે. અર્થાત્ ૮૧૯૨(વાળના) કેશનો ગોળ ભારો બનાવવાથી જેટલો વિસ્તાર થાય, તેટલો ભગવાન મહાવીર સ્વામીનો અંગુલ હોય છે. એમ ૪૦૯૬૦૦૦ વાળના ગોળાના બનાવેલ ભારાનો જેટલો વિસ્તાર થાય છે, તેટલો એક પ્રમાણાંગુલ અર્થાત્ અવસર્પિણીના પ્રથમ ચક્રવર્તીનો અંગુલ હોય છે.

**યોજન :–** ૧૨ અંગુલ = એક વેંત, બે વેંત = એકહાથ, ચારહાથ = એક ધનુષ, બે હજાર ધનુષ = એક ગાઉ, ચાર ગાઉ = એક યોજન. આ માપ ત્રણે પ્રકારના અંગુલમાં સમજવા. આ પ્રકારે યોજન પર્યંત બધા માપ ત્રણ પ્રકારના હોય છે. તેમાં આત્માંગુલથી તે કાળના ક્ષેત્ર, ગ્રામ, નગર, ઘર વગેરેના માપ કરાય છે. ઉત્સેધાંગુલથી ચાર ગતિના જીવોની અવગાહનાનું માપ કહેવાય છે. પ્રમાણાંગુલથી શા✓ત પદાર્થો અર્થાત્ દ્વીપ, સમુદ્ર, પૃથ્વીપિંડ, વિમાન, પર્વત, ફૂટ વગેરેની લંબાઈ,



પહોળાઈ, ઊંચાઈ કહેવાય છે.

અપેક્ષાએ લોકમાં ત્રણ પ્રકારના રૂપી પદાર્થ છે– (૧) મનુષ્ય કૃત ગ્રામ, નગર, મકાન ઈત્યાદિ. (૨) કર્મ કૃત શરીર ઈત્યાદિ. (૩) શા✓ત સ્થાન. આ ત્રણેયના માપ કરવા માટે ઉપરોક્ત ત્રણ પ્રકારના અંગુલથી લઈને યોજન પર્યંતના માપનો ઉપયોગ કરાય છે. [અહીં ચારે ગતિના જીવોની અવગાહના વિસ્તારથી બતાવેલ છે, તે માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૧, સારાંશ ખંડ–૬]

**પરમાણુથી અંગુલનું માપ :–** સૂક્ષ્મ પરમાણુ અને વ્યવહારિક પરમાણુના ભેદથી પરમાણુ બે પ્રકારના છે. સૂક્ષ્મ પરમાણુ અવર્ણ્ય છે. તે અતિ સૂક્ષ્મ, અવિભાજ્ય, પુદ્ગલનો અંતિમ એક પ્રદેશ હોય છે. તેનો આદિ, મધ્ય, અંત તે સ્વયં છે. એવા અનંતાનંત પરમાણુનો એક વ્યવહારિક પરમાણુ થાય છે. તે પણ સૂક્ષ્મ હોય છે. તલવાર વગેરેથી અવિચ્છેદ્ય છે. અગ્નિ એને બાળી શકતી નથી. હવા એને ઉડાડી શકતી નથી. એવા અનંત વ્યવહારિક પરમાણુના માપની ગણના આ પ્રકારે કરાય છે.

| | | |
|---|---|---|
| અનંત વ્યવહાર પરમાણુ | = | ૧ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા. |
| ૮ ઉત્શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા |
| ૮ શ્લક્ષ્ણ શ્લક્ષ્ણિકા | = | ૧ ઊર્ધ્વ રેણુ |
| ૮ ઊર્ધ્વ રેણુ | = | ૧ ત્રસ રેણુ |
| ૮ ત્રસ રેણુ | = | ૧ રથ રેણુ |
| ૮ રથ રેણુ | = | ૧ વાળ (દેવકુરુ મનુષ્યનો) |
| ૮ વાળ (દેવકુરુ) | = | ૧ વાળ (હરિવર્ષ મનુષ્યનો) |
| ૮ વાળ (હરિવર્ષ) | = | ૧ વાળ (હેમવત મનુષ્યનો) |
| ૮ વાળ (હેમવત) | = | ૧ વાળ (મહાવિદેહના મનુષ્યનો) |
| ૮ વાળ (મહાવિદેહ) | = | ૧ વાળ (ભરતક્ષેત્રના મનુષ્યનો) |
| ૮ વાળ | = | ૧ લીખ |
| ૮ લીખ | = | ૧ જૂ |
| ૮ જૂ | = | ૧ જવમધ્ય |
| ૮ જવ મધ્ય | = | ૧ ઉત્સેધાંગુલ |

૧૨ અંગુલ= ૧ વેંત, ૨ વેંત = હાથ, ૨ હાથ = ૧ કુક્ષી, ૨ કુક્ષી = ૧ ધનુષ.

**કાળ પ્રમાણ :–** કાળનો જઘન્ય એકમ 'સમય' છે. એ અતિ સૂક્ષ્મ અને અવિભાજ્ય છે. આંખના પલકારા જેટલા સમયમાં અસંખ્ય સમય પસાર થઈ જાય છે. આવા અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. સંખ્યાત આવલિકાનો એક ✓ાસો✓ાસ થાય છે. વૃદ્ધાવસ્થા અને વ્યાધિ રહિત પુરુષના ✓ાસો✓ાસને અહીંયા પ્રમાણ માન્યું છે. આ ✓ાસો✓ાસને 'પ્રાણ' કહેવાય છે.

| | | |
|---|---|---|
| ૭ પ્રાણ | = | એક સ્તોક, |

| | | |
|---|---|---|
| ૭ સ્તોક | = | એક લવ, |
| ૭૭ લવ | = | એક મુહૂર્ત |
| ૧ મુહૂર્ત | = | ૩૭૭૩ શ્વાસોશ્વાસ(પ્રાણ) હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૧,૬૭,૭૭,૨૧૬ આવલિકા. |
| ૧ પ્રાણ | = | ૪૪૪૬ સાધિક આવલિકા. |
| ૧ સેકન્ડ | = | ૫૮૨૫ $\frac{૧૯}{૪૫}$ આવલિકા. |
| ૧ પ્રાણ | = | $\frac{૨૮૮૦}{૩૭૭૩}$ સેકન્ડ હોય છે. |
| ૧ મુહૂર્ત | = | ૨૮૮૦ સેકન્ડ |
| ૧ મુહૂર્ત | = | ૪૮ મિનિટ, એક મિનિટ = ૬૦ સેકન્ડ |
| ૩૦ મુહૂર્ત | = | ૧ દિવસ |
| ૮૪ લાખ વર્ષ | = | એક પૂર્વાંગ |
| ૮૪ લાખ પૂર્વાંગ | = | એક પૂર્વ. |

ત્યાર પછી પ્રત્યેક કાળ સંજ્ઞા એક બીજાથી ૮૪ લાખ ગણી હોય છે. અંતમાં શીર્ષ પ્રહેલિકાંગથી શીર્ષ પ્રહેલિકા ૮૪ લાખ ગણી હોય છે. આટલી સંખ્યા સુધી ગણિતનો વિષય મનાય છે. તે પછીની સંખ્યા ઉપમા દ્વારા કહેવાય છે. ઉત્કૃષ્ટ સંખ્યાતાની સંખ્યા ઉપમા દ્વારા પૂર્ણ થાય છે. એ ઉત્કૃષ્ટ સંખ્યામાં એક અધિક થતાં જઘન્ય અસંખ્યાતા થાય છે.

**ઉપમા દ્વારા કાળ ગણના પ્રમાણ :–** (૧) પલ્યોપમ અને સાગરોપમ રૂપ બે પ્રકારની ઉપમા દ્વારા કાળની ગણના કરાય છે. પલ્યોપમની ગણના ઉપમાથી સમજતા સાગરોપમની ગણના સહજમાં સમજાય છે. કારણ કે કોઈપણ પ્રકારના પલ્યોપમથી એનું સાગરોપમ દસ ક્રોડાક્રોડ ગણું હોય છે. માટે અહીં પલ્યોપમનું વર્ણન કરાય છે.

(૨) ઉપમા ગણનાનો પલ્યોપમ ત્રણ પ્રકારનો હોય છે– **૧.** ઉદ્ધાર પલ્યોપમ **૨.** અદ્ધા પલ્યોપમ **૩.** ક્ષેત્ર પલ્યોપમ. આ ત્રણેમાં સૂક્ષ્મ અને વ્યવહાર(બાદર)ના બે-બે ભેદ હોય છે.

(૩) **૧.** ઉદ્ધાર પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર એક-એક સમયમાં કઢાય છે. **૨.** અદ્ધા પલ્યોપમની ઉપમામાં વાલાગ્ર ૧૦૦ વર્ષે કાઢવામાં આવે છે અને **૩.** 'ક્ષેત્ર પલ્યોપમ'માં વાલાગ્રોના આકાશ પ્રદેશોની ગણના હોય છે. એક આકાશ પ્રદેશ એક સમયમાં કાઢવો.

**૪.** 'ઉદ્ધાર બાદર પલ્યોપમ'માં એક દિવસથી સાત દિવસ સુધીના જુગલિયાના વાળ અખંડ ભરાય છે તથા કઢાય છે. જ્યારે 'સૂક્ષ્મ'માં એ એક-એક વાળના અસંખ્ય ખંડ કરીને ભરાય છે અને કઢાય છે. સૂક્ષ્મ પણક જીવોની અવગાહનાથી અસંખ્યગણી અને નિર્મલ આંખોથી જે નાનામાં નાની વસ્તુ જોઈ શકાય, તેનો અસંખ્યાતમો ભાગ હોય, એવા અસંખ્ય ખંડ વાલાગ્રના સમજવા.



૫. એવું જ અંતર બાદર અદ્ધા પલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમમાં સમજવું.

૬. બાદર 'ક્ષેત્રપલ્યોપમ'માં અખંડ વાલાગ્રોના અવગાહન કરેલ આકાશ પ્રદેશોનો હિસાબ હોય છે અને સૂક્ષ્મમાં અસંખ્ય ખંડ કરેલા વાળાગ્રના અવગાઢ અને અનવગાઢ બન્ને પ્રકારના અર્થાત્ પલ્ય ક્ષેત્રના સમસ્ત આકાશ પ્રદેશ ગણાય છે.

૭. ત્રણ પ્રકારના બાદર(વ્યવહાર) પલ્યોપમ કેવળ સૂક્ષ્મને સમજવા માટે છે અને લોકમાં એનો બીજો કોઈ ઉપયોગ નથી.

૮. સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમથી દ્વીપ સમુદ્રોનું માપ થાય છે. અર્થાત્ અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમય છે, તેટલા લોકમાં દ્વીપ સમુદ્ર છે.

૯. સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ સાગરોપમથી ચાર ગતિના જીવોની ઉંમરનું કથન કરાય છે. અહીં ચારે ગતિના જીવોની સ્થિતિ વિસ્તારથી બતાવેલ છે. – ***તે માટે જુઓ પ્રજ્ઞાપના સૂત્ર પદ–૪ અને સારાંશ ખંડ–૬.***

૧૦. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમથી દૃષ્ટિવાદ અંગસૂત્રમાં વર્ણવેલા દ્રવ્યોનું માપ કરાય છે.

**પલ્યની ઉપમા :–** લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ આ ત્રણેમાં સમાન, ધાન્ય વગેરે માપવાના પાત્ર ને પલ્ય કહે છે. અહીંયા સ્વીકાર કરેલા પાત્રને(ખાડાને) પણ ત્રણેની સમાનતાને કારણે પલ્ય કહેવાય છે.

ઉત્સેધાંગુલથી એક યોજન લાંબો, પહોળો, ઊંડો ગોળાકાર તે પલ્ય હોય છે. જેની સાધિક ત્રણ યોજનની પરિધિ હોય છે. તેમાં સાત દિવસના નવજાત બાળકોના વાળ ઠાંસી-ઠાંસીને ખીચોખીચ સઘન એવી રીતે ભરી દેવામાં આવે કે જરાક પણ ખાલી જગ્યા(સ્થૂળ દૃષ્ટિની અપેક્ષાએ) ન રહે. તેવા ભરેલા તે વાળોને સમયે સમયે અથવા સો-સો વર્ષે એક-એક કાઢવામાં આવે છે.

એ રીતે વાળો કાઢતાં આખો પલ્ય ખાલી થઈ જવામાં જેટલો સમય લાગે તેને પલ્યોપમ કહેવામાં આવે છે. આગળ ૯ પ્રકારના પલ્યોપમનું વર્ણન આવશે. સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમના વર્ણનથી એ સ્પષ્ટ થાય છે કે આવા ખીચોખીચ ભરેલા સ્થાનમાં પણ સૂક્ષ્મ દૃષ્ટિથી અનેક આકાશ પ્રદેશ ખાલી રહી જાય છે. એને એક દૃષ્ટાંત દ્વારા સમજવું જોઈએ, જેમ કે–

એક મોટા કોઠીમાં કોળા ફળ ભર્યા, પછી હલાવી હલાવીને બિજોરાના ફળ ભર્યા, પછી હલાવીને બીલીના ફળ, એમ ક્રમશઃ નાના-નાના ફળ, આંબળા, બોર, ચણા, મગ, સરસવ ભર્યા તે પણ તેમાં સમાઈ ગયા. તો પણ ક્યાંક થોડી ખાલી

જગ્યા રહી જાય છે. પછી હલાવી હલાવીને રેતી નાખશો તો તે પણ સમાઈ જશે. ત્યાર પછી તેમાં પાણી નાંખશો તો તે પણ સમાઈ જશે.

જે પ્રમાણે સાગનું લાકડું સઘન નક્કર હોય છે, તેમાં આપણને કયાંય પોલાણ નથી દેખાતી. છતાં જો તેમાં ઝીણી ખીલી લગાડવામાં આવે તો તેને સ્થાન મળી જાય છે. તેમાં સઘન દેખાવા છતાં પણ આકાશ પ્રદેશ અનવગાઢ રહે છે. એવી જ રીતે એક યોજનના એ પલ્યમાં વાળોથી અનવગાઢ આકાશ પ્રદેશ રહી જાય છે.

**દ્રવ્ય :–** અરૂપી અજીવ દ્રવ્ય(ભેદની અપેક્ષાએ) દસ છે. રૂપી અજીવ દ્રવ્ય અનંત છે. પરમાણુ પણ અનંત છે ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધ પણ અનંત છે. જીવ દ્રવ્ય અનંત છે. નારકી,દેવ, મનુષ્ય અસંખ્ય-અસંખ્ય છે. તિર્યંચ અનંત છે. ત્રેવીસ દંડકના જીવ અસંખ્ય છે. વનસ્પતિના જીવ અનંત છે. સિદ્ધ અનંત છે.

સંસારી જીવોમાં પ્રત્યેક જીવને શરીર હોય છે. તે શરીર પાંચ છે. યથા– ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ. એમાં નારકી, દેવતામાં ત્રણ ત્રણ શરીર હોય છે. મનુષ્યમાં પાંચ અને તિર્યંચમાં ચાર શરીર હોય છે. આ બધા શરીરોની સંખ્યા પણ જીવ દ્રવ્યોની સંખ્યા સમાન ૨૩ દંડકમાં અસંખ્ય અને વનસ્પતિમાં અનંત હોય છે. ***વિશેષ સ્પષ્ટતા માટે જુઓ– પ્રજ્ઞાપના સૂત્ર પદ–૧૨***

**ભાવ પ્રમાણ :–** એના ત્રણ ભેદ છે– (૧) ગુણ (૨) નય (૩) સંખ્યા. ગુણના બે ભેદ– જીવ અને અજીવ. અજીવના વર્ણાદિ ૨૫ ભેદ છે અને જીવ ગુણ પ્રમાણના ચાર ભેદ છે. યથા– ૧. પ્રત્યક્ષ ૨. અનુમાન ૩. ઉપમાન ૪. આગમ.

**પ્રત્યક્ષ :–** પાંચ ઇન્દ્રિય અને અવધિ, મનઃપર્યવજ્ઞાન, કેવળ જ્ઞાન, એ પ્રત્યક્ષ પ્રમાણ છે.

**અનુમાન :–** અનુમાન પ્રમાણને સમજવા એના પાંચ અવયવને ઓળખવા જોઈએ. એનાથી અનુમાન પ્રમાણ સુસ્પષ્ટ થાય છે. કયારેક એમાં બે અવયવથી વિષય સ્પષ્ટ થાય છે અર્થાત્ અનુમાન સિદ્ધ થઈ જાય છે અને કયારેક પાંચે ય અવયવોથી. યથા– રત્ન મોંઘા હોય છે, જેમ કે મૂંગા, માણેક આદિ. એમાં બે અવયવ પ્રયુક્ત છે– પ્રતિજ્ઞા અને ઉદાહરણ. પાંચ અવયવનું ઉદાહરણ– (૧) અહીંયા અગ્નિ છે. (૨) કારણ કે ધુમાડો દેખાય છે. (૩) જ્યાં-જ્યાં ધુમાડો હોય છે ત્યાં ત્યાં અગ્નિ હોય છે. (૪) યથા– રસોઈ ઘર (૫) આથી અહીંયા પણ ધુમાડો હોવાથી અગ્નિ છે.

૧. પ્રથમ પ્રતિજ્ઞા કરાય છે જેમાં સાધ્યનું કથન હોય છે. ત્યારબાદ ૨. એનો તર્ક, હેતુ, કારણ, મુખ્ય આધાર કહેવાય છે. ૩. પછી એ હેતુ માટે વ્યાપ્તિ અપાય છે. ત્યારબાદ ૪. એ હેતુવાળા સરખા ઉદાહરણ અપાય છે. ૫. પછી એનો ઉપસંહાર કરી પોતાનું સાધ્ય સ્થિર કરાય છે. પાંચ અવયવ– ૧. સાધ્ય ૨. હેતુ ૩. વ્યાપ્તિ ૪. ઉદાહરણ ૫. નિગમન(ઉપસંહાર).



આ અનુમાન ભૂત ભવિષ્ય, વર્તમાન ત્રણે કાળ સંબંધી હોય છે. અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને હોય છે. કેટલાક અનુમાનના ઉદાહરણ આ પ્રમાણે છે–

(૧) આ પુત્ર મારો જ છે કારણ કે એના હાથ પર જે ઘાનું ચિન્હ છે તે મારા દ્વારા થયેલું છે. (૨) પરિચિત અવાજ સાંભળીને કહેવું કે અમુક વ્યક્તિ કે અમુક જનાવરનો અવાજ છે. (૩) ગંધ, સ્વાદ સ્પર્શથી ક્રમશઃ જાણવું કે અમુક અત્તર કે ફૂલ છે. અમુક ખાદ્ય પદાર્થ યા મિશ્રિત વસ્તુ છે. યા અમુક જાતિનું આસન છે. (૪) શિંગડાથી ભેંસને, શિખાથી કુકડાને, પૂંછથી વાંદરાને, પીંછાથી મોરને, અનુમાન કરી સત્ય જાણી શકાય છે. (૫) ધુમાડાથી અગ્નિ, બતક પક્ષીથી પાણી, વાદળોથી વર્ષાનું અનુમાન કરી શકાય. (૬) ઈંગિત-આકાર, નેત્ર વિકારથી ભાવોના આશયનું અનુમાન કરી શકાય છે. (૭) એક સિક્કાના અનુભવથી અનેક સિક્કાને ઓળખવું. એક ચોખો રંધાવાથી અનેક ચોખા રંધાવાની ખબર પડવી અથવા અનુમાન કરવું. એક સાધુને જોઈને અન્ય સર્વે એ વેશ વાળા એક પંથના સાધુ છે એમ જાણવું (૮) કોઈ એક પદાર્થનું એટલું વિશેષ પરિચય જ્ઞાન થઈ જાય કે એક સરખા અનેક પદાર્થોમાં તેને રાખી દેવામાં આવે છતાં પણ તેને કોઈ વિશેષતાના આધારે અલગ ઓળખી લે, તે વિશેષ દૃષ્ટ સાધર્મ્ય અનુમાન છે. (૯) વનોમાં પુષ્કળ લીલુ ઘાસ જોઈને સારા વરસાદનું અનુમાન કરવું, તેનાથી વિપરીત જોઈ અનાવૃષ્ટિનું અનુમાન કરવું. (૧૦) ઘરોમાં પ્રચુર ખાદ્ય સામગ્રી જોઈને અનુમાન કરવું કે અહીં હમણાં સુભિક્ષ છે. (૧૧) હવા, વાદળા અથવા અન્ય લક્ષણથી અનુમાન કરવું કે અહીં હમણાં જ વરસાદ થશે અથવા એનાથી વિપરીત લક્ષણો આકાશમાં જોઈને અનુમાન થાય કે અહીં વરસાદ નહીં થાય.

**ઉપમાન પ્રમાણ :–** કોઈપણ પદાર્થના અજ્ઞાત સ્વરૂપને ઓળખવા માટે જ્ઞાત વસ્તુની ઉપમા દઈને સમજાવાય છે. તે ઉપમાવાળી વસ્તુ અપેક્ષિત કોઈ એક ગુણ અથવા અનેક ગુણોમાં સમાન હોઈ શકે છે. અનુકૂળ અને પ્રતિકૂળ બન્ને પ્રકારની ઉપમાઓ હોય છે. જેમ કે– (૧) સૂર્ય જેવો જ દીપક અથવા આગિયો હોય છે.(પ્રકાશની અપેક્ષા) (૨) જેવી ગાય તેવી જ નીલગાય હોય છે. (૩) કાબર ચીતરી ગાયનો વાછરડો જેવો હોય છે તેવો સફેદ ગાયનો વાછરડો નથી હોતો. (૪) જેવો કાગડો કાળો હોય છે, તેવી દૂધની ખીર નથી.

**આગમ પ્રમાણ :–** લૌકિક અને લોકોત્તરના ભેદથી આગમ બે પ્રકારના છે. સુત્તાગમ, અર્થાગમ, તદુભયાગમની અપેક્ષાએ ત્રણ પ્રકારના છે. આત્માગમ, અનંતરાગમ અને પરંપરાગમના ભેદથી પણ આગમ ત્રણ પ્રકારના હોય છે. મહાભારત, રામાયણ ***યાવત્*** ચાર વેદ સાંગોપાંગ એ લૌકિક આગમ છે. ૧૨ અંગ અને અંગબાહ્ય, કાલિક, ઉત્કાલિક શાસ્ત્ર લોકોત્તર આગમ છે.

તીર્થંકરોને અર્થાગમ આત્માગમ છે. ગણધરોને સૂત્ર આત્માગમ છે, અર્થ

અનંતરાગમ છે. ગણધરના શિષ્યોને સૂત્ર અનંતરાગમ છે, અર્થ પરંપરાગમ છે. શેષ શિષ્યાનુશિષ્યોને સૂત્ર અર્થ બન્ને પરંપરાગમ છે.

પ્રાચીન કાળમાં ધર્મ શાસ્ત્રરૂપમાં માન્ય પોત પોતાના આગમ સાહિત્ય કંઠોપકંઠ પ્રાપ્ત કરીને સ્મૃતિમાં રખાતા હતા. તે સાંભળીને પ્રાપ્ત કર્યું હોવાથી તેને શ્રુત કહેવાય છે. આગમ શબ્દ પણ શ્રુતના અર્થનો વાચક છે. કારણ કે **आगच्छतीति आगम** = ગુઢ પરંપરાથી જે ચાલ્યું આવે છે તે આગમ છે. જીવાદિ પદાર્થોનું જ્ઞાન સારી રીતે જેનાથી થાય તે આગમ છે. વીતરાગ સર્વજ્ઞ સર્વદર્શી આપ્ત પુરૂષો દ્વારા પ્રણીત શ્રુત 'આગમ' કહેવાય છે. લોકમાં જે પ્રસિદ્ધિ પ્રાપ્ત પુરૂષો છે, તેઓના દ્વારા બનાવવામાં આવેલ શ્રુત 'લૌકિક આગમ' છે અને ગુણ સંપન્ન આપ્ત પુરૂષો દ્વારા પ્રરૂપિત શ્રુત 'લોકોત્તર આગમ' કહેવાય છે.

**(૨) નય પ્રમાણ :–** ભિન્ન-ભિન્ન અપેક્ષાએ એક દેશ(અંશ) અથવા અનેક દેશની વિવક્ષાથી જે વસ્તુ તત્ત્વનો બોધ કરાય છે અથવા આશય સમજાવાય છે તે નય પ્રમાણ છે. તે સાત પ્રકારના છે. જેનું વિશેષ વિસ્તૃત વર્ણન ચોથા અનુયોગ દ્વારમાં આગળ કરવામાં આવ્યું છે.

**(૩) સંખ્યા પ્રમાણ :–** આઠ ભેદોની વિવક્ષાએ સંખ્યા પ્રમાણનું કથન કરવામાં આવે છે, એનો આગમિક શબ્દ **संखप्पमाण** છે. અતઃ 'શંખ' શબ્દને અપેક્ષિત કરીને પણ કથન કરવામાં આવ્યું છે. આઠ પ્રકાર– ૧. નામ ૨. સ્થાપના ૩. દ્રવ્ય ૪. ઉપમા ૫. પરિમાણ ૬. જાણણા ૭. ગણના ૮. ભાવ સંખા.

**(૧.૨) નામ સ્થાપના :–** કોઈનું 'શંખ' નામ રાખ્યુ હોય તે નામ 'શંખ' છે અથવા કોઈપણ રૂપમાં એ 'શંખ' છે, એવી સ્થાપના, કલ્પના અથવા આરોપ કરાય તે 'સ્થાપના શંખ' છે.

**(૩) દ્રવ્ય સંખ (સંખ્યા) :–**

૧. જેણે સંખ(સંખ્યા)ને સારી રીતે શીખી લીધી છે પરન્તુ એમાં અનુપ્રેક્ષા ઉપયોગ નથી તે દ્રવ્ય સંખ(સંખ્યા) છે.

૨. સંખના જાણકારના ભૂત ભવિષ્યનું શરીર દ્રવ્ય સંખ(સંખ્યા) છે.

૩. જે આગળના અનંતર ભવમાં શંખ(બે ઈન્દ્રિયજીવ) થવાવાળો છે, આયુબંધ નથી કર્યો તે એક ભવિક સંખ છે.

૪. જેણે 'શંખ' બનવાનો આયુ બંધ કરી લીધો છે તે બદ્ધાયુ શંખ છે.

૫. જે 'શંખ' ભવમાં જવા માટે અભિમુખ છે, જેનું આયુ સમાપ્ત થવામાં છે અથવા વાટેવહેતામાં છે. તે અભિમુખ શંખ છે.

૬. એક ભવિક શંખની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વ હોય છે. બદ્ધાયુષ્ક શંખની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનો ત્રીજો ભાગ.



અભિમુખ શંખની સ્થિતિ જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની(મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષા) હોય.

**(૪) ઉપમા :–** સત્-અસત્ પદાર્થોથી સત્-અસત્ વસ્તુ કે વ્યક્તિને ઉપમિત કરી શકાય છે. યથા– તીર્થંકરોના વક્ષસ્થળને કપાટની ઉપમા આપવી, આયુષ્યને પલ્યોપમ સાગરોપમ દ્વારા બતાવવું. ખર વિશાણની ઉપમા, પત્ર અને કિશલય (કૂંપળ)માં વાર્તા કરવાની કલ્પના વગેરે.

**(૫) પરિમાણ :–** શ્રુતના પર્યવ, અક્ષર, પદ, ગાથા, વેષ્ટક, શ્લોક પ્રમાણનું નિરૂપણ કરવું, 'પરિમાણ' સંખનું કથન છે. અહીંયા 'સંખ' શબ્દ વિચારણા અર્થમાં આવેલ છે.

**(૬) જાણણા :–** શબ્દને જાણવાવાળો શાબ્દિક. તેવી જ રીતે ગણિતજ્ઞ, કાળજ્ઞ, વૈદ્યક, આદિ 'જ્ઞાન સંખ્યા'ના ઉદાહરણ છે.

**(૭) ગણણા :–** એના ત્રણ ભેદ છે– (૧) સંખ્યાત (૨) અસંખ્યાત (૩) અનંત. સંખ્યાતના ત્રણ ભેદ છે– (૧) જઘન્ય (૨) મધ્યમ (૩) ઉત્કૃષ્ટ.

અસંખ્યાતના ૯ ભેદ છે– (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્ત અસંખ્યાત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્ત અસંખ્યાત (૭-૯) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–અસંખ્યાતા અસંખ્યાત.

અનંતના આઠ ભેદ છે– (૧-૩) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–પરિત્તાનંત (૪-૬) જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ–યુક્તાનંત (૭-૮) જઘન્ય અને મધ્યમ–અનંતાનંત.

(૧) સંખ્યાત– જઘન્ય સંખ્યાતા બેનો અંક છે. મધ્યમાં બધી સંખ્યાઓ છે અર્થાત્ શીર્ષ પ્રહેલિકા સુધી તો છે જ. આગળ પણ અસત્કલ્પનાથી ઉપમા દ્વારા બતાવવામાં આવનારી સમસ્ત સંખ્યા પણ મધ્યમ સંખ્યાત છે. જયાં સુધી ઉત્કૃષ્ટ સંખ્યાતની સંખ્યા ન આવે ત્યાં સુધી તે સર્વે મધ્યમ સંખ્યાત છે. ઉત્કૃષ્ટ સંખ્યાતની ઉપમા આ પ્રમાણે છે–

**ઉત્કૃષ્ટ સંખ્યાતા :–** ઉત્કૃષ્ટ સંખ્યાતાને ચાર પલ્યની કલ્પના દ્વારા સમજી શકાય છે. યથા– (૧) અનવસ્થિત પલ્ય (૨) શલાકા પલ્ય (૩) પ્રતિશલાકા પલ્ય (૪) મહાશલાકા પલ્ય. ચારે ય પલ્યની લંબાઈ પહોળાઈ જંબૂદ્વીપ પ્રમાણ હોય છે. ઊંચાઈ ૧૦૦૮ $\frac{1}{2}$ યોજન હોય છે. ત્રણ પલ્ય સ્થિત રહે છે. પ્રથમ અનવસ્થિત પલ્યની લંબાઈ પહોળાઈ બદલાય છે. ઊંચાઈ તે જ રહે છે.

**શલાકા પલ્ય ભરવો :–** અનવસ્થિત પલ્યમાં સરસવના દાણા શિખા સુધી ભરવા. પછી એક-એક દાણો એક-એક દ્વીપ સમુદ્રમાં નાખવો. જ્યાં અનવસ્થિત પલ્ય ખાલી થઈ જાય તે દ્વીપ કે સમુદ્ર જેટલો લાંબો અને પહોળો અનવસ્થિત પલ્ય

બનાવવામાં આવે અને તેને ભરીને એનાથી આગળના દ્વીપ સમુદ્રમાં એક-એક સરસવનો દાણો નાખતા જાય. તે પણ જ્યાં ખાલી થઈ જાય, ત્યાંના દ્વીપ સમુદ્ર જેટલો લાંબો તથા પહોળો અનવસ્થિત પલ્ય બનાવી લેવો. પહેલો અનવસ્થિત પલ્ય ખાલી થવાની સાક્ષીરૂપ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. આ ક્રમથી અનવસ્થિત પલ્ય બનાવતા જવું અને આગળ આગળના દ્વીપ સમુદ્રમાં એક એક દાણો નાખતા રહેવું. અનવસ્થિત પલ્ય ખાલી થાય કે તરત જ એક દાણો 'શલાકા પલ્ય'માં નાખતા રહેવું.

**પ્રતિશલાકા પલ્ય ભરવો :–** જ્યાં શલાકા પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં અનવસ્થિત પલ્ય તે દ્વીપ જેટલો લાંબો તથા પહોળો બનાવી ભરીને રાખવો. પછી શલાકા પલ્ય ઉપાડીને તેમાંથી આગળના દ્વીપ સમુદ્રોમાં એક એક દાણો નાખવો અને અંતમાં સાક્ષીરૂપ એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. 'શલાકા પલ્ય'ને ખાલી કરીને રાખવો. હવે ફરી એ ભરેલા અનવસ્થિત પલ્યને ઉપાડવો અને આગળ ના નવા દ્વીપ સમુદ્રથી દાણા નાખવાની શરૂઆત કરવી. ખાલી થયા પછી એક દાણો 'શલાકા પલ્ય'માં નાખવો. ફરી એ દ્વીપ સમુદ્ર જેટલો મોટો અનવસ્થિત પલ્ય બનાવવો, ભરવો અને ખાલી કરવો તથા એક દાણો શલાકા પલ્યમાં નાખવો. આમ કરતાં-કરતાં જ્યારે 'શલાકા પલ્ય' ભરાઈ જાય ત્યારે એને પણ આગળના દ્વીપ સમુદ્રોમાં દાણા નાખી ને ખાલી કરવો અને એક-એક દાણો 'પ્રતિશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી કરતાં એક સમય 'પ્રતિ શલાકા પલ્ય' પણ ભરાઈ જશે.

**મહાશલાકા પલ્ય ભરવો :–** સંપૂર્ણ ભરેલા એ 'પ્રતિશલાકા પલ્ય'ને ઉપાડીને આગળના દ્વીપ સમુદ્રોમાં એક-એક દાણો નાખવો અને ખાલી થયા પછી તેને ખાલી રાખવો. એક દાણો સાક્ષીરૂપે 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આ વિધિથી અનવસ્થિત પલ્યથી શલાકા પલ્ય ભરવો. શલાકા પલ્યથી પ્રતિશલાકા પલ્ય ભરવો. પછી એક દાણો 'મહાશલાકા પલ્ય'માં નાખવો. આમ કરતાં-કરતાં એક સમય 'મહાશલાકા પલ્ય' પણ ભરાઈ જશે. ફરી એ જ ક્રમથી પ્રતિશલાકા અને શલાકા પલ્ય પણ ભરવો અર્થાત્ ત્રણે અવસ્થિત પલ્ય પૂર્ણ ભરાઈ જાય ત્યાં તે દ્વીપ સમુદ્ર જેટલો અનવસ્થિત પલ્ય બનાવીને સરસવના દાણાથી ભરી લેવો.

ચારેય પલ્યમાં ભરેલા દાણા અને અત્યાર સુધી દ્વીપ સમુદ્રમાં નાખેલા બધા દાણા મળીને જે સંખ્યા બને એમાંથી એક ઓછો કરતાં જે સંખ્યા આવે તેને જ ઉત્કૃષ્ટ સંખ્યાતા સમજવું જોઈએ.

ઉત્કૃષ્ટ સંખ્યાતાનું પરિમાણ સંપૂર્ણ થયું. પ્રચલિત ભાષાથી આ 'ડાલા-પાલા' નો અધિકાર પૂર્ણ થયો.

**અસંખ્યાતાનું પ્રમાણ :–** (૧) જઘન્ય પરિત્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક અધિક.



(૨) મધ્યમ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા.

(૩) ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતા– જઘન્ય પરિત્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે અને એટલી વાર ગુણાકાર કરતાં જે સંખ્યા આવે, તેમાં એક ઓછું કરતાં ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાત થાય છે. યથા– પાંચને પાંચથી પાંચવાર ગુણાકાર કરીને એક ઓછું કરવાથી ૩૧૨૪ સંખ્યા આવે છે. (૫×૫×૫×૫×૫=૩૧૨૫-૧ =૩૧૨૪).

(૪) જઘન્ય યુક્તા અસંખ્યાતા– ઉત્કૃષ્ટ પરિત્તા અસંખ્યાતાથી એક અધિક.

(૫) મધ્યમ યુક્તા અસંખ્યાતા– જઘન્ય અને ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતાની વચલી બધી સંખ્યા.

(૬) ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતા– જઘન્ય યુક્તા અસંખ્યાતાની સંખ્યાને એજ સંખ્યા વડે એટલી વાર ગુણાકાર કરીને તેમાંથી એક ઓછું કરતાં જે સંખ્યા આવે તે ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાત છે.

(૭) જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત– ઉત્કૃષ્ટ યુક્તા અસંખ્યાતથી એક અધિક.

(૮) મધ્યમ અસંખ્યાતા અસંખ્યાત– જઘન્ય અને ઉત્કૃષ્ટ અસંખ્યાતા-અસંખ્યાતની વચલી બધી સંખ્યા.

(૯) ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત– જઘન્ય અસંખ્યાતા અસંખ્યાત સંખ્યાને એજ સંખ્યા વડે એટલી જ વાર ગુણાકાર કરીને એક ઓછું કરતાં જે રાશિ આવે તે ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાત છે.

**અનંતનું પ્રમાણ :–** (૧) જઘન્ય પરિત્તા અનંત– ઉત્કૃષ્ટ અસંખ્યાતા અસંખ્યાતથી એક અધિક. આ રીતે અસંખ્યાતના ૯ ભેદ જે ઉપર બતાવ્યા છે તે જ પ્રમાણે અનંતના આઠ ભેદ સમજવા જોઈએ. એના નામ– (૨) મધ્યમ પરિત્તા અનંત (૩) ઉત્કૃષ્ટ પરિત્તા અનંત (૪) જઘન્ય યુક્તા અનંત (૫) મધ્યમ યુક્તા અનંત (૬) ઉત્કૃષ્ટ યુક્તા અનંત (૭) જઘન્ય અનંતા અનંત (૮) મધ્યમ અનંતા અનંત. અનંતનો નવમો ભેદ નથી. અર્થાત્ લોકની અધિકતમ દ્રવ્ય ગુણ યા પર્યાયની સમસ્ત સંખ્યા આઠમા અનંતમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. અતઃ નવમા ભેદની આવશ્યકતા નથી.

**ભાવ શંખ :–** જે જીવ બેઈન્દ્રિય શંખના ભવમાં છે અને તે આયુષ્ય આદિ કર્મ ભોગવી રહેલ છે તે ભાવ શંખ છે.

ઉપક્રમદ્વારનો આ ત્રીજો 'પ્રમાણદ્વાર' સંપૂર્ણ થયો.

**(૪) વક્તવ્યતા :–** અધ્યયન આદિના પ્રત્યેક અવયવનું વિવેચન કરવું. એમાં પોતાના જિનાનુમત સિદ્ધાંતનું કથન કરવું એ સ્વમત વક્તવ્યતા છે અને અન્યમતના

સિદ્ધાંતોનું કથન કરવું પરમત વક્તવ્યતા છે.

આ કથન ૬ વિશેષણોવાળું હોઈ શકે છે– (૧) સામાન્ય અર્થ વ્યાખ્યાન, (૨) પ્રાસંગિક વિષયનું લક્ષણ આદિ યુક્ત કથન, (૩) કંઈક વિસ્તારથી પ્રરૂપણ, (૪) દષ્ટાંત દ્વારા વિષયને સ્પષ્ટ રૂપથી સમજાવવો. (૫) દષ્ટાંતને પુનઃ ઘટિત કરવું, (૬) ઉપસંહાર કરવો અર્થાત્ અંતમાં વિવેચનનો જે આશય છે એ સિદ્ધાંત સારને પુનઃ સ્થાપિત કરવો.

**(૫) અર્થાધિકાર :–** જે અધ્યયનનો વર્ણ્ય વિષય છે એના અર્થનું કથન કરવું અર્થાધિકાર કહેવાય છે. યથા– આવશ્યક સૂત્રના પ્રથમાદિ અધ્યયનનો અર્થ બતાવવો જેમ કે સામાયિક = સાવદ્યયોગોનો ત્યાગ કરવો. ચતુર્વિંશતિસ્તવ– ચોવીસ તીર્થંકરોના ગુણ ગ્રામ કરવા. ઈત્યાદિ અર્થાધિકાર છે.

**(૬) સમવતાર :–** બધા દ્રવ્ય આત્મભાવની અપેક્ષા સ્વયંના અસ્તિત્વમાં રહેલા છે, એ આત્મ સમવતાર છે. આધાર આશ્રયની અપેક્ષા પર વસ્તુમાં સમવસૃત થવાથી એનો પર સમવતાર પણ થાય છે. યથા– કુંડામાં બોર, ઘરમાં સ્તંભ.

૧૦૦ ગ્રામનું માપ આત્મભાવથી સ્વમાં અવતરિત છે અને પર-સમવતારની અપેક્ષા ૨૦૦ ગ્રામમાં પણ રહેલું છે. જંબૂદ્વીપ આત્મભાવથી સ્વમાં અવતરિત છે. અને પર સમવતારની અપેક્ષા તિરછા લોકમાં રહેલો છે. એવી રીતે કાળના સમય, આવલિકા, મુહૂર્ત, વર્ષ વગેરે માટે સમવતારમાં સમજી લેવું. એવી રીતે ક્રોધાદિ જીવત્વાદિનો સમવતાર સમાવેશ પણ સમજી લેવો. આ છ પ્રતિદ્વારો યુક્ત અનુયોગનો પ્રથમ 'ઉપક્રમ દ્વાર' સંપૂર્ણ થયો.

**(૨) નિક્ષેપ દ્વાર :–** ઈષ્ટ વસ્તુનો નિર્ણય કરવા માટે અપ્રાસંગિકનું નિરાકરણ અને પ્રસંગ પ્રાપ્તનું વિધાન કરવું એ નિક્ષેપ છે. આવશ્યક સૂત્રના નિક્ષેપ પછી 'અધ્યયન'ના નિક્ષેપનો પ્રસંગ હોવાથી અહીં સર્વ પ્રથમ ૧. 'અધ્યયન'નો નિક્ષેપ કરાય છે. ત્યાર પછી ૨. અક્ષીણ ૩. આય અને ૪. ક્ષપણા નો નિક્ષેપ છે. નિક્ષેપ ઓછામાં ઓછું ચાર દ્વારોથી કરાય છે. અધિક કરવો ઐચ્છિક પ્રસંગાનુસાર હોય છે.

**અધ્યયન :–** નામ, સ્થાપના અને દ્રવ્ય અધ્યયનનું કથન પૂર્વમાં વર્ણવેલ આવશ્યક આદિની સમાન છે.

**ભાવ :–** અધ્યયનનું જ્ઞાન અને એમાં ઉપયુક્ત થવા પર ભાવ અધ્યયન છે. સામાયિક આદિ અધ્યયનમાં ચિત્ત લગાડવું નવા કર્મોનો બંધ નહીં કરવો. પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરવો એ ભાવ ક્રિયાત્મક(નો આગમતઃ) અધ્યયન છે.

**અક્ષીણ :–** નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર ભેદોથી એનો નિક્ષેપ પૂર્વવત્ સમજવો.

**ભાવ અક્ષીણ :–** જે જ્ઞાતા ઉપયોગ યુક્ત છે તે ભાવ અક્ષીણ છે. જેવી રીતે



દીપક બીજા દીપકને પ્રગટાવીને પણ સ્વયં ક્ષીણ થતો નથી, તે રીતે આચાર્ય વગેરે અન્યને જ્ઞાન આપે છે, છતાં સ્વયંનું જ્ઞાન ઓછું થતું નથી તે ભાવ અક્ષીણ છે.

**આય :–** તેનો પણ ચાર ભેદોથી નિક્ષેપ છે. નામ સ્થાપના પૂર્વવત્ છે. પશુ-પક્ષી, ધન-સમ્પતિ, આભૂષણ-અલંકાર યુક્ત આશ્રિત વ્યક્તિ લૌકિક દ્રવ્ય આય છે. શિષ્ય, ઉપકરણ વગેરે પણ દ્રવ્ય આય છે.

**ભાવ આય :–** જ્ઞાન, શ્રુત જ્ઞાન, દર્શન એવં ચારિત્રની પ્રાપ્તિ અને અભિવૃદ્ધિ.

**ક્ષપણા :–** ચાર દ્વારોથી ક્ષપણાનો નિક્ષેપ કરાય છે. કર્મોનો વિશેષ વિશેષતર ક્ષય કરવો ભાવ ક્ષપણા છે. કષાયનો ક્ષય કરવો પણ પ્રશસ્ત ભાવ ક્ષપણા છે અને જ્ઞાનાદિને ઘટાડવું અપ્રશસ્ત ભાવ ક્ષપણા છે. સામાયિક અધ્યયનનો પ્રસંગ હોવાથી હવે સામાયિકનો નિક્ષેપ કરાય છે.

**સામાયિક નિક્ષેપ પ્રરૂપણા :–** પ્રથમ અધ્યયનનું નામ સામાયિક છે. એટલા માટે નામ નિષ્પન્ન નિક્ષેપના અધિકારમાં સામાયિકનું પ્રરૂપણ છે. નામ સ્થાપના એવં દ્રવ્ય એ ત્રણ નિક્ષેપનું વર્ણન પૂર્વવત્ છે.

**ભાવ નિક્ષેપ :– (૧) સ્વરૂપ– ૧.** જેનો આત્મા તપ સંયમ નિયમમાં લીન હોય. **૨.** જે ત્રસ સ્થાવર સર્વ પ્રાણીઓ પ્રતિ સમભાવ ધારણ કરે અર્થાત્ સદા એનું રક્ષણ કરે, પણ તેને હણે નહિં એને ભાવ સામાયિક થાય છે, એમ સર્વજ્ઞોનું કથન છે.

**(૨) શ્રમણ–** શ્રમણ આજીવન સામાયિકમાં હોય છે. સામાયિક યુક્ત શ્રમણ તેને કહેવાય છે, જે કોઈપણ જીવને દુઃખ ન પહોંચાડે, દુઃખ આપનારાનું અનુમોદન ન કરે, કોઈ પણ પ્રાણી પ્રતિ રાગદ્વેષ ન રાખે, સર્વે પર 'સમ' રહે એ જ ખરા શ્રમણ કહેવાય છે.

**(૩) ઉપમાઓ–** સામાયિકવાન જે શ્રમણ હોય છે, તેનો આત્મા મહાન હોય છે. એની મહાનતા પ્રગટ કરવા ઉપમાઓ આ પ્રમાણે છે– **૧.** સર્પવત્ પરગૃહમાં રહેવાવાળો. **૨.** પરિષહ ઉપસર્ગોને સહન કરવામાં પર્વત સમ અડોલ. **૩.** અગ્નિ સમ તેજસ્વી અથવા જ્ઞાનાદિથી અતૃપ્ત. **૪.** સમુદ્રની જેમ મર્યાદામાં રહેનાર, ગંભીર, ગુણ રત્નોથી પરિપૂર્ણ. **૫.** આકાશની જેમ નિરાલંબન – જેને કોઈના પણ આશ્રયનો પ્રતિબંધ નથી. **૬.** વૃક્ષની સમાન, કાપવા તથા પૂજવામાં સમ પરિણામ અર્થાત્ નિંદા, પ્રશંસા, માન, અપમાનમાં સમવૃત્તિ રાખનાર. **૭.** ભ્રમરની જેમ અનેક ઘરોમાંથી આહાર પ્રાપ્ત કરનાર. **૮.** મૃગની જેમ હંમેશાં સંસાર ભ્રમણરૂપ કર્મ બંધથી ભયભીત. **૯.** પૃથ્વી સમ સર્વ દુઃખ, કષ્ટ સહન કરવામાં સમર્થ, સક્ષમ. **૧૦.** જળ કમળવત્ ભોગોથી નિર્લિપ્ત. **૧૧.** સૂર્ય સમાન જગતના પ્રાણીઓને પ્રતિપૂર્ણ જ્ઞાન પ્રકાશ આપનાર. **૧૨.** હવાની જેમ અપ્રતિહત, બેરોકટોક મોક્ષમાર્ગમાં ગતિ કરનાર.

આ પ્રકારે સુમનવાળો અને પાપ મનથી રહિત બધી પરિસ્થિતિઓમાં સદા સમભાવ રાખનારા, વિષમ નહીં બનનારા અર્થાત્ સદા ગંભીર, શાંત, અને પ્રસન્ન મન રહેનારને 'શ્રમણ' કહેવાય છે, તે ભાવ સામાયિકવાન હોય છે.

આ બીજો 'નિક્ષેપદ્વાર' પૂર્ણ થયો.

## ચાર નિક્ષેપોનું રહસ્ય અને વ્યવહાર

આ નિક્ષેપ દ્વારમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર દ્વારોથી વસ્તુનું કથન કરી શકાય. તો પણ નામ સ્થાપના માત્ર જ્ઞેય છે, એનાથી વસ્તુની પૂર્તિ થતી નથી. ત્રીજા દ્રવ્ય નિક્ષેપમાં એ વસ્તુનું કંઈક અંશે અસ્તિત્વ હોય છે. પરંતુ એમાં પણ એ વસ્તુની પૂર્ણ પ્રયોજન સિદ્ધિ થતી નથી. ભાવ નિક્ષેપમાં કહેવાયેલ પદાર્થ વાસ્તવમાં પરિપૂર્ણ અસ્તિત્વમાં હોય છે, એનાથી એ પદાર્થ સંબંધી પ્રયોજનની સિદ્ધિ થાય છે. યથા– (૧) કોઈનું નામ ઘેવર અથવા રોટી રખાય છે તો એનાથી ક્ષુધા પૂર્તિ થતી નથી. (૨) કોઈ વસ્તુમાં રોટી અથવા ઘેવર જેવો આકાર કલ્પિત કરીને એને 'ઘેવર છે' અથવા તે 'રોટલી છે' એવી કલ્પના, સ્થાપના કરવામાં આવે તો એનાથી ક્ષુધાશાંતિ સંભવ નથી. (૩) જે રોટલી અથવા ઘેવરનો લોટ કે મેંદો પડ્યો હોય અથવા રોટલી અને ઘેવરને પાણીમાં ઘોળી દઈ વિનષ્ટ કરી દેવાથી, રોટી કે ઘેવર જેવી તૃપ્તિ થઈ શકતી નથી. (૪) શુદ્ધ પરિપૂર્ણતાવાળી રોટલી અને ઘેવર જ વાસ્તવિક રોટલી અથવા ઘેવર છે. એનાથી ક્ષુધા શાંતિ અને તૃપ્તિ સંભવ છે. તેથી ચારે નિક્ષેપમાં કહેવાઈ ગયેલા પદાર્થને એક સરખો સમજવાની ભૂલ ન કરવી જોઈએ. ભાવ નિક્ષેપનું મહત્ત્વ અલગ સમજવું. દ્રવ્ય નિક્ષેપનું કિંચિંત્ માત્રામાં મહત્ત્વ હોય છે. નામ સ્થાપના નિક્ષેપ પ્રાયઃ આરોપિત, કલ્પિત જ હોય છે. તેને ભાવ નિક્ષેપની બરોબર ન ગણી શકાય.

આનાથી સ્પષ્ટ છે કે કોઈ પણ વ્યક્તિ યા મહાન આત્માનો ફોટો, તસ્વીર, મૂર્તિ વગેરેમાં એ ગુણવાન વ્યક્તિને યોગ્ય વસ્ત્રાભૂષણ, સ્નાન, શૃંગાર, આહાર અને સત્કાર, સન્માન વગેરેનો વ્યવહાર કરવો એ નિક્ષેપની અવહેલના અને દુરુપયોગ કરવા બરાબર સમજવું જોઈએ તથા એવું કરવું કે એની પ્રેરણા અથવા પ્રરૂપણા કરવી તે પણ સૂત્ર વિરુદ્ધ પ્રરૂપણા છે, એમ સમજવું.

**(૩) અનુગમ દ્વાર :–** પદચ્છેદ આદિ કરીને સૂત્રની સામાન્ય વ્યાખ્યા કરવી તેમજ વિસ્તારથી સૂત્રના આશયને સરળ એવં સ્પષ્ટ કરવો એ 'અનુગમ' છે.

(૧) અસ્ખલિત શુદ્ધાક્ષર યુક્ત ઉચ્ચારણ કરાવવું. (૨) સુબંત, તિઙંત પદોનું જ્ઞાન કરાવવું. (૩) એ શબ્દોના અર્થ બતાવવા, (૪) સમાસ જ્ઞાન, સંધિજ્ઞાન દ્વારા પદ વિગ્રહ કરવો, (૫) શંકા ઉત્પન્ન કરીને અર્થ સમજાવવો (૬) વિવિધ યુક્તિઓ દ્વારા સૂત્રોક્ત યુક્તિ અથવા અર્થને સિદ્ધ કરી, યોગ્ય રીતે સમજાવવું.



મેધાવી શિષ્યોને અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પ્રતિપૂર્ણ, પ્રતિપૂર્ણઘોષ, કંઠોષ્ઠ વિપ્રમુક્ત તથા ગુરુવાચનોપગત રૂપે સૂત્રના ઉચ્ચારણ શ્રવણ કરવા માત્રથી અર્થાધિકારનું જ્ઞાન થઈ જાય છે. કોઈ શિષ્યોને ગ્રહણ ન થઈ શકે તો ઉપરોકત ૬ યુક્તિઓ વડે સરળ સુગમ રીતે સમજાવી શકાય છે. બીજા પણ અનેક દ્વારોથી વિચારણા કરીને વિષયની વિસ્તૃત જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. અહીં પ્રથમ અધ્યયનરૂપ સામાયિકના બહુમુખી તત્ત્વજ્ઞાન વિસ્તાર માટે ૨૬ દ્વારોથી તેનું વર્ણન કર્યું છે.

**૨૬ દ્વારથી સામાયિકનો અનુગમ :–**

(૧) ઉદ્દેશ– સામાન્ય કથન, યથા– એ આવશ્યક સૂત્રનું પ્રથમ અધ્યયન છે.
(૨) સમુદ્દેશ– નામોલ્લેખ, યથા– એનું નામ 'સામાયિક' છે.
(૩) નિર્ગમ– સામાયિકની અર્થોત્પત્તિ તીર્થંકરોથી, સૂત્રોત્પત્તિ ગણધરોથી.
(૪) ક્ષેત્ર– સમય ક્ષેત્રમાં અથવા પાવાપુરીમાં એનો આરંભ.
(૫) કાલ– ચતુર્થારક યા વૈશાખ સુદ અગીયારસ.
(૬) પુરુષ– તીર્થંકર, વર્તમાનમાં શ્રમણ ભગવાન મહાવીર.
(૭) કારણ– ગૌતમ આદિએ સંયત ભાવની સિદ્ધિ માટે શ્રવણ કર્યું.
(૮) પ્રત્યય– કેવળજ્ઞાન હોવાથી તીર્થંકર ભગવાને પ્રરૂપણ કર્યું.
(૯) લક્ષણ– 'સમ્યક્ત્વ સામાયિક'નું લક્ષણ શ્રદ્ધા છે. 'શ્રુત સામાયિક'નું લક્ષણ તત્ત્વજ્ઞાન છે. 'ચારિત્ર સામાયિક'નું લક્ષણ સર્વ સાવદ્ય વિરતિ છે.
(૧૦) નય– સાત નયથી સામાયિકનું સ્વરૂપ સમજવું.
(૧૧) સમવતાર– લક્ષણદ્વારમાં કહેલી કઈ સામાયિક કયા નયમાં સમાવિષ્ટ થાય છે.
(૧૨) અનુમત– મોક્ષમાર્ગ રૂપ સામાયિક કઈ છે ? નયોની દૃષ્ટિમાં.
(૧૩) શું છે ?– કયા નયોની દૃષ્ટિમાં સામાયિક 'જીવ દ્રવ્ય' છે અને કયા નયોની દૃષ્ટિમાં સામાયિક 'જીવનો ગુણ' છે ?
(૧૪) કેટલા પ્રકાર ? દર્શન, શ્રુત અને ચારિત્રસામાયિક એ ત્રણ મુખ્ય ભેદ કરીને ભેદાનુભેદ કરવા.
(૧૫) કોને ? સમસ્ત પ્રાણિઓ પર સમભાવ રાખનારા તપ સંયમવાનને સામાયિક હોય છે.
(૧૬) ક્યાં ?– ક્ષેત્ર, દિશા, કાલ, ગતિ, ભવી, સન્ની, શ્વાસોશ્વાસ, દૃષ્ટિ અને આહારકના આશ્રયથી સામાયિકનું કથન કરવું.
(૧૭) શેમાં ?– સમ્યક્ત્વ સામાયિક સર્વ દ્રવ્ય પર્યાયમાં, શ્રુત અને ચારિત્ર સામાયિક સર્વે દ્રવ્યોમાં હોય છે, સર્વ પર્યાયોમાં નહિ. દેશ વિરતિ સામાયિક, સર્વ દ્રવ્યોમાં પણ નહીં અને સર્વે પર્યાયોમાં પણ નથી હોતી.
(૧૮) કેવી રીતે ? મનુષ્યત્વ, આર્યક્ષેત્ર, આરોગ્ય, આયુષ્ય, બુદ્ધિ, ધર્મ શ્રવણ,

શ્રદ્ધા, આદિ પ્રાપ્ત કર્યા પછી સામાયિક પ્રાપ્ત થાય છે.
(૧૯) સ્થિતિ– જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ શ્રુત અને સમ્યક્ત્વ સામાયિક સાધિક ૬૬ સાગરોપમ, ચારિત્ર સામાયિક દેશોન ક્રોડ પૂર્વ.
(૨૦) કેટલા ? શ્રુત અને સમ્યક્ત્વ સામાયિકવાળા ઉત્કૃષ્ટ અસંખ્ય હોય છે. દેશવિરતિ સામાયિકવાળા પણ અસંખ્ય હોય છે. ચારિત્ર–સર્વવિરતિ સામાયિક-વાળા અનેક હજાર કરોડ હોય છે.
(૨૧) અંતર– અનેક જીવોની અપેક્ષા અંતર નથી. એક જીવની અપેક્ષા જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અર્દ્ધ પુદ્ગલ પરાવર્તનકાલનું અંતર હોય છે.
(૨૨) અવિરહ– શ્રુત અને સમ્યક્ત્વ સામાયિકવાળા આવલિકાના અસંખ્યાતમાં ભાગ સુધી નિરંતર નવા હોઈ શકે છે અને ચારિત્ર સામાયિકવાળા આઠ સમય સુધી નિરંતર હોઈ શકે છે.
(૨૩) ભવ– દેશવિરતિ અને સર્વ વિરતિ સામાયિક લગાતાર આઠ ભવોમાં આવી શકે છે.
(૨૪) આકર્ષ– સર્વવિરતિ સામાયિક અનેક સો વાર અને અન્ય સામાયિક અનેક હજારવાર એક ભવમાં આવી શકે છે. અનેક ભવોની અપેક્ષા સર્વ વિરતિ સામાયિક અનેક હજાર વાર અને શેષ સર્વે સામાયિક અસંખ્ય હજારો વાર આવે છે.
(૨૫) સ્પર્શ– સમ્યક્ત્વ અને ચારિત્ર સામાયિક વાળા સમસ્ત લોકને સ્પર્શ કરે.(કેવળી સમુદ્ઘાતની અપેક્ષા) અન્ય સામાયિકવાળા સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે રાજૂ–પ્રમાણ લોકને સ્પર્શ કરે.
(૨૬) નિરુક્તિ– પર્યાય વાચી શબ્દ. સમ્યગ્દષ્ટિ, અમોહ, શોધિ, સદ્ભાવ, દર્શન, બોધિ, અવિપર્યય સુદષ્ટિ ઈત્યાદિ સામાયિકના એકાર્થક શબ્દ છે.

**(૪) અનુયોગનો ચોથો નય દ્વાર :–** વસ્તુને વિભિન્ન દષ્ટિઓથી સમજવા માટે અથવા એના મૂળસુધી પ્રવેશ કરવા માટે એ વસ્તુની 'નય' દ્વારા વિચારણા કરાય છે. અપેક્ષાએ 'નય'ના વિવિધ પ્રકાર હોય છે, અથવા તો જેટલા વચન માર્ગ છે, જેટલા આશયથી વસ્તુનું કથન કરી શકાય છે, તેટલા નય હોય છે. અર્થાત્ પ્રત્યેક વસ્તુમાં અનંત ધર્મ(ગુણ) રહેલા હોય છે; એમાંથી એક સમયમાં અપેક્ષિત કોઈ એક ધર્મનું કથન કરી શકાય છે. એ એક ધર્મના કહેવાની અપેક્ષાવાળા વચનને નય કહેવાય છે. અતઃ અનંત ધર્માત્મક વસ્તુઓની અપેક્ષા નયોની સંખ્યા પણ અનંત છે. તેમ છતાં કોઈપણ વસ્તુને સરળતાથી સમજવા માટે એ અનેક ભેદોનો સંગ્રહ કરી સીમિત ભેદોમાં સમાવિષ્ટ કરીને કથન કરવું આવશ્યક છે. આ જ કારણે ઉક્ત અનેક ભેદોનો સમાવેશ સાત નયોમાં કરવામાં આવેલ છે. તે ઉપરાંત સંક્ષિપ્ત અપેક્ષાથી બબ્બે ભેદ પણ કરવામાં આવે છે. યથા– દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય; નિશ્ચય નય અને વ્યવહાર નય. જ્ઞાન નય એવં ક્રિયા નય. અતિ સંક્ષેપ વિધિથી તે સાત ભેદોને આ બે-બેમાં સમાવિષ્ટ કરીને પણ કથન કરી



દેવામાં આવે છે. સૂત્રોક્ત સાત નય આ પ્રકારે છે– (૧) નૈગમ નય (૨) સંગ્રહ નય (૩) વ્યવહાર નય (૪) ઋજુ સૂત્ર નય (૫) શબ્દ નય (૬) સમભિરૂઢ નય (૭) એવંભૂત નય.

**(૧) નૈગમ નય :–** આ નયમાં વસ્તુના સામાન્ય અને વિશેષ ઉભય ધર્મોના અલગ-અલગ અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવે છે. અર્થાત્ કોઈ વસ્તુમાં અંશ માત્ર પણ પોતાનો વાચ્ય ગુણ હોય તો પણ એને સત્યરૂપમાં સ્વીકાર કરાય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાલનો પણ અલગ-અલગ સ્વીકાર કરાય છે. અર્થાત્ જે થઈ ગયું છે, જે થઈ રહ્યું છે, જે થવાનું છે, એને સત્યરૂપમાં આ નય સ્વીકાર કરે છે. ન + એક + ગમ = નૈગમ – જેમાં વિચાર ફકત એક નહિ પણ અનેક પ્રકારોથી કરાય છે. વસ્તુઓના ધર્મોનું અલગ-અલગ અસ્તિત્વ સ્વીકાર કરવાવાળો આ નય છે. તીર્થંકર આદિ મહાપુરુષોના જન્મ દિનનો સ્વીકાર કરીને ઉજવાય છે તે પણ નૈગમ નયથી સ્વીકાર કરાય છે. આ નય ચારે ય નિક્ષેપોનો સ્વીકાર કરે છે.

**(૨) સંગ્રહનય :–** આ નયમાં વસ્તુના સામાન્ય ધર્મનો સ્વીકાર કરાય છે. અલગ-અલગ ભેદોથી વસ્તુને ભિન્ન ભિન્નરૂપે સ્વીકાર નહીં કરતા, સામાન્ય ધર્મથી જાતિવાચકરૂપથી વસ્તુનો સંગ્રહ કરીને એને એક વસ્તુરૂપ સ્વીકાર કરીને કથન કરવામાં આવે છે. એની વિભિન્નતાઓ અને વિશેષતાઓને એક રૂપ સ્વીકાર કરીને આ નય કથન કરે છે. અર્થાત્ આ નય યુક્ત કથનમાં સામાન્ય ધર્મની વિવિક્ષાની પ્રમુખતા રહે છે અને વિશેષ ધર્મ ગૌણ હોય છે. આ નય ભેદ-પ્રભેદોને ગૌણ કરે છે અને સામાન્ય-સામાન્યને ગ્રહણ કરે છે. આવું કરતાં એ વિશેષને પણ ગ્રહણ કરે છે પરંતુ વિશેષ ધર્મને સામાન્ય ધર્મરૂપમાં સ્વીકાર કરીને એમાં અનેક વસ્તુઓને સંગ્રહિત કરે છે. યથા– 'ઘડા' દ્રવ્યનું કથન કરીને બધાજ ઘડાનો સ્વીકાર કરાયો છે. ભલે તે નાનો હોય કે મોટો હોય અથવા એક કે અનેક રંગનો હોય અથવા તેમાં અનેક ગુણ ભેદ કે મૂલ્યભેદ કેમ ન હોય, પરંતુ ઘડો એ ઘડો છે અને ભેદ, પ્રભેદ અને અલગ અલગ વસ્તુનો સ્વીકાર એમાં નથી હોતો. જ્યારે 'વાસણ' દ્રવ્યનો બોધ પણ બધી જાતના વાસણોને એકમાં સમાવિષ્ટ કરીને કરાય છે. અલગ-અલગ જાતિ યા અલગ-અલગ પદાર્થોની ભિન્નતાની અપેક્ષા આ નયમાં રખાતી નથી. આ નય વિશેષનો ગ્રાહક નથી, તોપણ ત્રણે ય કાળની અવસ્થા અને ચારે ય નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૩) વ્યવહાર નય :–** વ્યવહારમાં ઉપયુક્ત જે પણ વસ્તુનો વિશેષ વિશેષતર ગુણ ધર્મ છે તેને સ્વીકાર કરનારો આ વ્યવહાર નય છે. એ નયવસ્તુની સામાન્ય સામાન્યતર ધર્મની અપેક્ષા રાખતો નથી. પોતાના લક્ષિત વ્યવહારોપયુક્ત વિશેષધર્મને સ્વીકાર કરવાની અપેક્ષા રાખે છે. એ ત્રણે ય કાળની વાતનો અને ચારે નિક્ષેપોનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય જીવોને જીવ શબ્દથી કહેશે તો આ નય

એને નારકી દેવતા આદિ વિશેષ ભેદથી કહેશે.

**(૪) ઋજુ સૂત્ર નય :–** આ નય ભૂત-ભવિષ્યનો સ્વીકાર નથી કરતો. ફક્ત વર્તમાન ગુણધર્મનો સ્વીકાર કરે છે અર્થાત્ વર્તમાનમાં જે પદાર્થનું સ્વરૂપ કે અવસ્થા કે ગુણ છે તેને એ નય માનશે અને કહેશે પરંતુ શેષ અવસ્થાની અપેક્ષા કરતો નથી. આ નય ફક્ત ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે.

**(૫) શબ્દનય :–** કાલ, કારક, લિંગ, વચન, સંખ્યા, પુરુષ, ઉપસર્ગ આદિ શબ્દોના જે અર્થ પ્રસિદ્ધ થાય, તેનો સ્વીકાર કરવાવાળો નય એ શબ્દ નય છે.

એક પદાર્થને કહેવાવાળા પર્યાયવાચી શબ્દોને એકાર્થક એક રૂપમાં આ નય સ્વીકાર કરી લે છે. અર્થાત્ શબ્દોને વ્યુત્પત્તિ અર્થથી, રૂઢ પ્રચલનથી અને પર્યાયવાચી રૂપમાં પણ સ્વીકાર કરે છે.

**(૬) સમભિરૂઢ નય :–** પર્યાયવાચી શબ્દોમાં નિરૂક્તિ ભેદથી જે ભિન્ન અર્થ હોય છે એને અલગ-અલગ સ્વીકાર કરનારો એવંભૂત નય છે. શબ્દ નય શબ્દોની અપેક્ષા રાખે છે. અર્થાત્ સર્વે શબ્દોને અને એના પ્રચલનને માને છે, પરન્તુ આ નય એ શબ્દોના અર્થની અપેક્ષા રાખે છે. પર્યાય શબ્દોના વાચ્યાર્થવાળા પદાર્થોને ભિન્ન ભિન્ન માને છે. આ નય વિશેષનો સ્વીકાર કરે છે. સામાન્યને નથી માનતો; વર્તમાન કાળને માને છે અને એક ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરે છે.

**(૭) એવંભૂત નય :–** અન્ય કોઈપણ અપેક્ષા યા શબ્દ અથવા શબ્દાર્થ આદિનો સ્વીકાર નહીં કરતાં એ જ અર્થમાં ઉપયુક્ત(ઉપયોગ સહિત) અવસ્થામાં એ નય વસ્તુનો સ્વીકાર કરે છે; અન્ય અવસ્થામાં વસ્તુનો સ્વીકાર કરતો નથી, સમભિરૂઢ નય તો અર્થ ઘટિત હોવાથી એ વસ્તુનો અલગ સ્વીકાર કરી લે છે. પરંતુ આ નય તો અર્થની જે ક્રિયા છે તેમાં વર્તમાન વસ્તુનો જ સ્વીકાર કરે છે અર્થાત્ ક્રિયાન્વિત રૂપમાં જ શબ્દ અને વાચ્યાર્થવાળી વસ્તુનો સ્વીકાર કરે છે. આ પ્રકારે આ નય શબ્દ, અર્થ અને ક્રિયા ત્રણેને જુએ છે. વસ્તુના જે નામ અને અર્થ છે, તેવી જ તેની ક્રિયા અને પરિણામની ધારા હોય, વસ્તુ સ્વયંના ગુણધર્મમાં પૂર્ણ હોય અને પ્રત્યક્ષ દેખાય, સમજાય તેને જ તે એવંભૂત નય વસ્તુરૂપમાં સ્વીકાર કરે છે. એક અંશ પણ ઓછો હોય તો તે આ નયને સ્વીકાર્ય નથી.

આ પ્રકારે આ નય સામાન્યને સ્વીકારતો નથી, વિશેષને સ્વીકારે છે. વર્તમાનકાળ એવં ભાવનિક્ષેપનો સ્વીકાર કરે છે.

## દૃષ્ટાંતો દ્વારા પુનઃ નયસ્વરૂપ વિચારણા

**નૈગમ નય :–** આ નયમાં વસ્તુ સ્વરૂપને સમજવામાં કે કહેવામાં તેના સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ બન્નેની પ્રધાનતાનો સ્વીકાર હોય છે. ભૂત, ભવિષ્ય, વર્તમાન



સર્વે અવસ્થાને પ્રધાનતા આપીને તેનો સ્વીકાર કરે છે. વસ્તુના વિશાળરૂપથી પણ તે વસ્તુનો સ્વીકાર કરે છે અને વસ્તુના એક અંશથી પણ તે વસ્તુનો સ્વીકાર કરવામાં આવે છે. આ નયના અપેક્ષા-સ્વરૂપને સમજવા માટે ત્રણ દૃષ્ટાંત આપ્યા છે. યથા– ૧. નિવાસનું ૨. પ્રસ્થક નામના કાષ્ઠ પાત્રનું ૩. ગામનું.

(૧) એક વ્યક્તિએ બીજી વ્યક્તિને પૂછ્યું કે આપ ક્યાં રહો છો ? તો એના પ્રશ્નના ઉત્તરમાં તે કહે કે હું લોકમાં રહું છું અથવા તિરછા લોકમાં રહું છું અથવા જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં હિન્દુસ્તાનમાં, આ રીતે ગુજરાત, રાજકોટ, કાલાવડ રોડ, ઓમાનવાળા ઉપાશ્રય, બીજા માળે વગેરે કોઈપણ ઉત્તર આપે. નૈગમ નય તે બધી અપેક્ષાઓને સત્ય યા પ્રમુખતાથી સ્વીકાર કરે છે.

(૨) કાષ્ઠપાત્ર બનાવવા માટે લાકડા કાપવા જંગલમાં જતી વખતે કોઈના પૂછવા પર તે વ્યક્તિ કહે કે પ્રસ્થક(કાષ્ઠ પાત્ર) લેવા જઈ રહ્યો છું. વૃક્ષ કાપતી વખતે, પાછા આવતી વખતે, છોલતી વખતે, સુધારતી વખતે અને પાત્ર બનાવતી વખતે, આ પ્રકારે સર્વે અવસ્થાઓમાં એનું પ્રસ્થક બનાવવાનું કહેવું નૈગમ નય સત્ય સ્વીકાર કરે છે.

(૩) જયપુર જનારો વ્યક્તિ જયપુરની સીમામાં પ્રવેશ કરતાં કહે કે જયપુર આવી ગયું, નગર કે બગીચામાં પ્રવેશતાં કહે જયપુર આવી ગયું, શહેરમાં પહોંચતાં, પ્રવેશતાં, મોટા રસ્તા પર પહોંચતાં અને તેમાં પણ લાલ ભવનમાં બેસતાં, પોતાના સાથીઓને કહે કે આપણે જયપુરમાં બેઠા છીએ. આ સર્વે અવસ્થાઓના વાક્ય પ્રયોગોને નૈગમ નય વગર સંકોચે સત્ય સ્વીકાર કરી લે છે. આ નૈગમ નયની અપેક્ષા છે. આ પ્રકારે દ્રવ્ય પર્યાય સામાન્ય અને વિશેષ તથા ત્રણે કાળને સત્ય સ્વીકાર કરનારો નૈગમ નય છે.

**સંગ્રહ નય :–** નૈગમ નય સામાન્ય અને વિશેષ બન્નેની ઉપયોગિતાનો સ્વીકાર કરે છે. સંગ્રહ નય ફક્ત સામાન્યનો સ્વીકાર કરે છે, વિશેષને ગૌણ કરે છે. સામાન્ય ધર્મથી અનેક વસ્તુઓને એકમાં જ સ્વીકાર કરવાવાળો સંગ્રહ નય છે. યથા– ભોજન લાવો. આ કથનમાં રોટલી, શાક, મિઠાઈ, દહીં, નમકીન ઈત્યાદિ સર્વે પદાર્થોને ગ્રહણ કરી એને આદેશ અપાય તેને સંગ્રહ નય કહે છે. એવી જ રીતે અહીં વનસ્પતિઓ છે. તેમ કહેવાથી લીલું ઘાસ, છોડ, વેલ, આંબાનું વૃક્ષ આદિ અનેકોના સમાવેશ યુક્ત કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. એ પ્રકારે દ્રવ્યથી ૬ દ્રવ્યોનું, જીવથી ચાર ગતિના જીવોનું કથન સંગ્રહ નયની અપેક્ષાએ છે. આ પ્રકારે આ નય એક શબ્દમાં અનેક પદાર્થોનો સંગ્રહ કરે છે. વિશેષ વિશેષતર ભેદ-પ્રભેદોની અપેક્ષા રાખતો નથી.

**વ્યવહાર નય :–** સામાન્ય ધર્મોને છોડીને વિશેષ ધર્મોને ગ્રહણ કરી વસ્તુનું કથન કરવાવાળો અને ભેદ-પ્રભેદ કરી વસ્તુનું કથન કરનારો વ્યવહાર નય છે. જેમ કે

દ્રવ્યને છ ભેદથી, એમાં પણ જીવ દ્રવ્યને ચાર ગતિથી, પછી જાતિથી, કાયાથી, પછી દેશ વિશેષથી કથન કરે છે.

જેમકે સંગ્રહ નય મનુષ્ય જાનવર આદિ અથવા તેના સમૂહને આ જીવ છે, એવા સામાન્ય ધર્મની પ્રમુખતાથી કથન કરે. જ્યારે વ્યવહાર નય આ મનુષ્ય ભારતવર્ષના રાજસ્થાન પ્રાંતના જયપુર નગરનો બ્રાહ્મણ જાતિનો ત્રીસ વર્ષનો જુવાન છે, એવું કહેશે. એ રીતે વિશેષ ધર્મ કથન તથા આશયને વ્યવહાર નય પ્રમુખ કરે છે.

(૧) નૈગમ નય સામાન્ય અને વિશેષ બન્નેને ઉપયોગી સ્વીકારે છે. (૨) સંગ્રહ નય સામાન્યને ઉપયોગી સ્વીકાર કરે છે. (૩) વ્યવહાર નય વિશેષ (વ્યવહારિક) અવસ્થા સ્વીકાર કરીને કથન કરે છે. આ ત્રણ નયને દ્રવ્યાર્થિક નય કહે છે. આ નય ત્રણે કાળને સ્વીકારે છે.

**ઋજુસૂત્ર નય :–** ફક્ત વર્તમાનકાળને પ્રમુખતા આપવાવાળો યા સ્વીકાર કરનારો આ નય ઋજુસૂત્ર નય છે. આ વર્તમાનની ઉપયોગિતા સ્વીકાર કરે છે. ભૂત અને ભાવીના ધર્મોની, અવસ્થાઓની અપેક્ષા રાખતો નથી. કોઈ વ્યક્તિ પહેલાં દુઃખી હતો, પછી એનું ભવિષ્ય પણ દુઃખી હશે, પરંતુ અત્યારે વર્તમાનમાં સુખી છે, સુખનો અનુભવ કરી રહ્યો છે. તેને ભૂત અને ભવિષ્યના દુઃખનો અત્યારે શું સંબંધ ? આથી તે વ્યક્તિને સુખી કહેવામાં આવશે. કોઈ પહેલાં રાજા હતો, હમણાં ભિખારી બની ગયો છે. પછી ફરી ક્યારેક રાજા બનશે. પરંતુ અત્યારે તે ભીખારીપણાનો અનુભવ કરી રહ્યો છે. અતઃ એને ભૂતકાળ અને રાજાપણાનો અત્યારે કંઈ જ સંબંધ નથી. અત્યારે તો એ ભિખારી જ કહેવાશે. કોઈ વ્યક્તિ મુનિ બન્યો હતો, અત્યારે તે ગૃહસ્થ છે, ફરી મુનિ બની જશે. વર્તમાનમાં તે ગૃહસ્થરૂપમાં છે. પૂર્વ અને ભાવી મુનિપણાનો એને કોઈ આત્માનંદ નથી. અતઃ આ નય વર્તમાન અવસ્થામાં વસ્તુ સ્વરૂપને દેખે છે, જાણે છે અને કથન કરે છે.

**શબ્દ નય :–** શબ્દથી પદાર્થોનું જ્ઞાન થાય છે. એટલા માટે આ નય પદાર્થોને કોઈપણ પ્રકારે બોધ કરાવનાર શબ્દોનો સ્વીકાર કરે છે. તે શબ્દ જે પદાર્થનો બોધ કરાવે છે તેને આ નય પ્રધાનતા આપીને સ્વીકાર કરે છે. આ નય વર્તમાનને સ્વીકાર કરે છે. યથા 'જિન' શબ્દ જે વર્તમાનમાં રાગદ્વેષ વિજેતા છે એને એ ગ્રહણ કરે છે. પરંતુ ભવિષ્યમાં કોઈ જિન થશે એ દ્રવ્ય 'જિન'નો સ્વીકાર કરતો નથી. તેવી રીતે કોઈનું નામ 'જિન' છે, એ નામ જિનનો પણ સ્વીકાર કરતો નથી. પ્રતિમા, યા ચિત્ર પર કોઈ 'જિન'ની સ્થાપના કરી તે 'સ્થાપના જિન'ને પણ આ નય સ્વીકાર કરતો નથી . આ પ્રકારે આ નય કેવલ ભાવ નિક્ષેપનો સ્વીકાર કરે છે. નામ, સ્થાપના એવં દ્રવ્યનિક્ષેપને આ નય સ્વીકાર કરતો નથી.

જે શબ્દ જે વસ્તુનું કથન કરવાની અર્થ યોગ્યતા અથવા બોધકતા ધરાવે છે



એના માટે એ શબ્દનો પ્રયોગ કરવો શબ્દ નય છે. શબ્દ– યોગિક, રૂઢ અને યોગિકરૂઢ પણ હોય છે. તે જે-જે શબ્દના બોધક હોય છે, તેને આ નય ઉપયોગી સ્વીકાર કરે છે. યથા ૧– 'પાચક' આ યૌગિક નિઢક્ત શબ્દ છે. એનો અર્થ રસોઈયો, રસોઈ કરનારો હોય છે. ૨– 'ગૌ' આ રૂઢ શબ્દ છે. એનો અર્થ છે– જવાની ક્રિયા કરનારો. પરંતુ બળદ અથવા ગાય જાતિ માટે એનો અર્થ રૂઢ થયો છે. અતઃ શબ્દનય એનો પણ સ્વીકાર કરે છે. ૩– 'પંકજ' યૌગિક પણ છે અને રૂઢ પણ છે. એનો અર્થ છે કીચડમાં ઉત્પન્ન થનારું 'કમળ'. પરંતુ કીચડમાં તો દેડકો, શેવાળ આદિ ઘણી વસ્તુઓ ઉત્પન્ન થાય છે. એને નહીં સમજતા ફક્ત 'કમળ'ને જ સમજવામાં આવે છે. આ રીતે 'પંકજ' એ યૌગિકરૂઢ શબ્દ છે. એનાથી કમળનો જ બોધ થાય છે. શબ્દ નય એનો પણ સ્વીકાર કરે છે.

એ પ્રકારે વિભિન્ન રીતે અર્થનો બોધક અને સર્વે શબ્દોની ઉપયોગિતા કરનારો એ 'શબ્દનય' છે.

**સમભિરૂઢ નય :–** આ નય પણ એક પ્રકારનો શબ્દનય છે. એનું સ્વરૂપ પણ શબ્દનયની સમાન સમજવું જોઈએ. વિશેષતાએ છે કે આ રૂઢ શબ્દ આદિને પદાર્થનો અર્થ બોધક તરીકે સ્વીકાર કરતો નથી, ફક્ત યૌગિક, નિઢકત શબ્દ જે અર્થને કહે છે તે પદાર્થનો જ આ નય સ્વીકાર કરે છે. અર્થાત્ રૂઢ શબ્દનો સ્વીકાર નથી કરતો, સાથે પર્યાયવાચી શબ્દ છે એને પણ એકરૂપમાં સ્વીકાર નથી કરતો પરન્તુ ભિન્ન ભિન્ન રૂપમાં એનો સ્વીકાર કરે છે. અર્થાત્ એ પર્યાયવાચી શબ્દોનો જે નિઢક્ત અર્થ હોય છે એ શબ્દથી એ પદાર્થનો સ્વીકાર કરે છે અને બીજા પર્યાયવાચી શબ્દને વાચ્ય પદાર્થથી એનો અલગ સ્વીકાર કરે છે. યથા– જિન, કેવળી, તીર્થંકર આ જિને✓રના જ બોધક શબ્દ છે એવં એકાર્થક રૂપમાં પણ છે. તો પણ એ નય એનો અલગ-અલગ અર્થમાં અલગ-અલગ સ્વીકાર કરશે. આ પ્રકારે આ નય નિરૂક્ત અર્થની પ્રધાનતાએ શબ્દનો પ્રયોગ તે પદાર્થ માટે કરે છે તથા આવો પ્રયોગ કરવો ઉપયોગી માને છે. એ પર્યાય શબ્દને અલગ-અલગ પદાર્થનો બોધક માને છે. જિન, અર્હત, તીર્થંકર, કેવળી એ ભિન્ન-ભિન્ન ગુણ-વાળા પદાર્થના બોધક છે.

**એવંભૂત નય :–** જે શબ્દનો જે અર્થ છે અને તે અર્થ જે પદાર્થનો બોધક છે તે પદાર્થ જ્યારે એ અર્થનો અનુભવ કરાવે, એ અર્થની ક્રિયાશીલ અવસ્થામાં હોય ત્યારે એ માટે એ શબ્દનો પ્રયોગ કરવો, એ આ એવંભૂત નયનો આશય છે. અર્થાત્ જે દિવસે જે સમયે તીર્થની સ્થાપના કરી તે સમયે તીર્થંકર શબ્દનો પ્રયોગ કરવો. જે સમયે સુરાસુર દ્વારા પૂજા કરાય છે તે સમયે અર્હત્ કહેવું, કલમથી જ્યારે લખવાનું કાર્ય કરાય છે ત્યારે એને માટે 'લેખની' શબ્દનો પ્રયોગ કરવો. સમભિઢઢ નય નિઢક્ત અર્થવાળા શબ્દનો સ્વીકાર કરે છે અને એવંભૂત નય પણ

એનો સ્વીકાર કરે છે. પરંતુ એ ભાવ યા ક્રિયામાં પરિણત વસ્તુ માટે એ શબ્દનો પ્રયોગ કરવાનો સ્વીકાર કરે છે; એ એની વિશેષતા છે.

આ પ્રકારે આ નય કેવળ શુદ્ધ ભાવ નિક્ષેપનો જ સ્વીકાર કરવાનું કથન કરે છે.

આ સાતે નય પોતપોતાની અપેક્ષાએ વચન પ્રયોગ અને વ્યવહાર કરે છે, એ અપેક્ષાએ જ એ નય કહેવાય છે. અન્ય અપેક્ષાનો સ્પર્શ કરતા નથી, ઉપેક્ષા રાખે છે, માટે તે નય કહેવાય છે. જો એ નયો બીજી અપેક્ષાનું ખંડન, વિરોધ કરે તો એ નય વચન નયની સીમાનું ઉલ્લંઘન કરીને દુર્નય બની જાય છે અર્થાત્ એની નયરૂપતા કુનયતામાં બદલાઈ જાય છે. આવા કુનયને કારણે અનેક વિવાદ તથા મત મતાંતર કે નિન્હવ આદિ ઉત્પન્ન થાય છે. નયમાં ક્લેશ ઉત્પાદકતા નથી. દુર્નયમાં કલેશોત્પાદકતા છે. યથા–

બે વ્યક્તિઓએ એક ઢાલ જોઈ. બન્ને અલગ અલગ દિશામાં દૂર ઉભા હતા. ઢાલ એક બાજુ સુવર્ણ યુક્ત હતી તો બીજી બાજુ ચાંદીના રસયુક્ત બનાવેલી હતી. જો આ બન્ને વ્યક્તિ નયથી બોલે તો એક કહેશે 'ઢાલ સુર્વણ મય છે' તો બીજો કહેશે 'ઢાલ ચાંદીમય છે'. આમ કહી બન્ને પોતાના કથનના અનુભવમાં શાંત રહે તો એ નય છે. એક બીજાની નિંદા કરે કે અરે તું ગાંડો થઈ ગયો છે, જોતો નથી આ ઢાલ પીળી સોનાની દેખાય છે. બીજો કહેશે તારી આંખોમાં પીળિયો (કમળો) છે, ઢાલ તો ચાંદી જેવી સ્વચ્છ સફેદ દેખાય છે, તો આ દુર્નય છે. દુર્નયમાં ઝઘડા છે, લડાઈ છે.

અહીંયા જો સ્યાદ્વાદ, અનેકાંતવાદ આવીને ઊભો રહી જાય તો તે કહેશે કે ઢાલ સફેદ પણ છે, પીળી પણ છે. સોનારૂપ પણ છે, ચાંદીરૂપ પણ છે; તો શાંતિ થઈ જશે. આ પ્રકારે નય અને દુર્નયને ઓળખીને નય સુધી સીમિત રહેવું જોઈએ અથવા એના પર સર્વ રીતે ચિંતન કરીને અનેકાંતવાદમાં જવું જોઈએ. પરંતુ એકાંતવાદ અથવા દુર્નયનો આશરો કયારે ય ન લેવો જોઈએ. દુર્નયરૂપ એકાંતવાદના મિથ્યાત્વથી ક્લેશ તથા દુઃખની પ્રાપ્તિ થાય છે અને નયવાદ, અનેકાંતવાદથી શાંતિ અને આનંદની પ્રાપ્તિ થાય છે.

એક વ્યક્તિ કોઈનો પિતા છે તો પુત્રની અપેક્ષાએ તેને પિતા કહેવું નય છે. પરંતુ એ પિતા જ છે, કોઈનો ભાઈ, પુત્ર, મામા, આદિ નથી એવું કથન કરવું એ દુર્નય છે. મોક્ષમાર્ગમાં શ્રદ્ધાનું સ્થાન અતિ મહત્ત્વશીલ બતાવ્યું છે, એ નય છે. પરંતુ જ્ઞાન યા ક્રિયાનું ખંડન, નિષેધ કરવો, એ દુર્નય છે. એ પ્રકારે જ્ઞાનનું મહત્ત્વ બતાવતાં તે કથનનો વિસ્તાર કરવો નય છે, પરંતુ તેની સાથે ક્રિયાનો નિષેધ નહીં હોવો જોઈએ. ક્રિયાનો નિષેધ જો જ્ઞાનના મહત્ત્વ કથનની સાથે આવી જાય છે તો તે દુર્નય છે. અથવા કયારેક ક્રિયાનું મહત્ત્વ બતાવી વિસ્તારથી તેનું કથન કરી શકાય. પણ તેની સાથે જ્ઞાનનો નિષેધ કરે કે તેને નિરર્થક કહે તો તે પણ દુર્નય થઈ



જાય છે.

માટે પોતાની અપેક્ષિત કોઈપણ અપેક્ષાનું કથન કરવું નય છે. બીજાની અપેક્ષાઓને વિષયભૂત ન બનાવવો એ પણ નય છે. પરંતુ અન્યની અપેક્ષાને લઈને વિવાદ કરવો, અન્ય સર્વે અપેક્ષાઓને અથવા કોઈ પણ અપેક્ષાને ખોટી યા નિરર્થક કહેવી દુર્નય છે. સ્યાદ્વાદ-અનેકાંતવાદ જૈનધર્મની સમન્વય મૂલકતાનો બોધક છે, તે નયોનો સમન્વય કરે છે. પ્રત્યેક વિષય કે વસ્તુને અનેક ધર્મોથી, અનેક અપેક્ષાથી જોઈ-જાણીને એનું ચિંતન કરવું અને નિર્ણય લેવો એ સમ્યગ્ અનેકાંત સિદ્ધાંત છે અને એનાથી સમભાવ સામાયિકની પ્રાપ્તિ થાય છે.

અનેકાંતવાદ, નયથી સ્વયંની ભિન્ન વિશેષતા રાખે છે. તે બન્નેને એક નહીં સમજવા જોઈએ. કારણ કે નય સ્વયંની અપેક્ષા દષ્ટિને મુખ્ય બતાવી, અન્ય દષ્ટિને ગૌણ કરી વસ્તુનું પ્રતિપાદન કરે છે; અન્ય દષ્ટિની ઉપેક્ષા કરે છે. જ્યારે સ્યાદ્વાદ, અનેકાંતવાદ સર્વ દષ્ટિઓને સન્મુખ રાખીને, સર્વ સત્ય આશયોને અને વિભિન્ન ધર્મોને અપેક્ષાએ જુએ છે; કોઈને ગૌણ કે કોઈને મુખ્ય પોતાની દષ્ટિએ કરતો નથી.

ટૂંકમાં, નય પોતાનામાં મસ્ત છે, બીજાની અપેક્ષા નથી રાખતો તેમજ તિરસ્કાર પણ નથી કરતો અને અનેકાંતવાદ બધાની અપેક્ષા રાખીને એની સાથે ઉદારતાથી વર્તે છે; જ્યારે દુર્નય સ્વને સર્વસ્વ સમજીને અન્યનો તિરસ્કાર કરે છે.

આ પ્રકારે નય, દુર્નય એવં અનેકાંતવાદને સમજીને સમન્વય દષ્ટિ પ્રાપ્ત કરી સમભાવ રૂપ સામાયિકને પ્રાપ્ત કરવી જોઈએ.

આ ચોથો નય દ્વાર સંપૂર્ણ થયો.

**અનુયોગદ્વાર સૂત્ર સારાંશ સંપૂર્ણ**

*મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના આઠ ભાગોના સેટનું મૂલ્ય જાન્યુઆરી ૨૦૦૩ થી એક માત્ર : રૂા. ૪૦૦/– (પોસ્ટેજ સહિત) છે. અન્ય કોઈપણ વિકલ્પ છે નહિ.*

# ઔપપાતિક સૂત્ર

**પ્રસ્તાવના :–**

પ્રત્યેક ભવી પ્રાણીને સંસાર પરિભ્રમણમાંથી મુક્ત થવાની ઈચ્છા હોય છે. તેમાં દેવ, ગુઢ અને શાસ્ત્ર અનન્ય સહયોગી છે. તીર્થંકર પ્રભુના સદુપદેશથી ગણધર ભગવંતોએ ૧૨ અંગસૂત્રોની રચના કરી. તત્પશ્ચાત્ મૂર્ધન્ય આચાર્ય ભગવંતોએ તેના આધારે અનેક રચનાઓ પ્રસ્તુત કરી, જેનો અંગ બાહ્ય શાસ્ત્રોમાં સમાવેશ કરવામાં આવ્યો. નંદીસૂત્રમાં અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય એમ બે પ્રકાર આગમના કહેલ છે તથા અંગ બાહ્યના પણ બે વિભાગ કરેલ છે– કાલિક અને ઉત્કાલિક. આ પ્રસ્તુત ઔપપાતિક સૂત્ર ઉત્કાલિક અંગ બાહ્ય સૂત્ર છે. પ્રચલિત પરંપરામાં તેને પ્રથમ ઉપાંગ સૂત્ર તરીકે માનવામાં આવે છે. ઉપાંગોની સંખ્યા પણ ૧૨ માનવામાં આવે છે. ઉપાંગ અને ઉપાંગોની સંખ્યા એ બંને ભ્રમથી પ્રચલિત થયેલી એક કલ્પના જ છે. વાસ્તવમાં 'ઉપાંગસૂત્ર' નામનું એક સ્વતંત્ર સૂત્ર છે. તેના નિરયાવલિકા આદિ પાંચ વર્ગ છે. ભ્રમથી તેને જ પાંચ ઉપાંગ સૂત્ર માનીને તથા ઔપપાતિક આદિ સાત સૂત્ર જોડીને બાર સૂત્ર ઉપાંગ કહેવાય છે. સાથોસાથ તેને ૧૨ અંગસૂત્રો સાથે સંબંધિત કરવાની વિચારણા પણ પ્રસ્તુત કરવામાં આવે છે. પરંતુ તેને ભ્રમપૂર્ણ, અસત્ કલ્પના માત્ર જ સમજવું.

ઔપપાતિકનો અર્થ છે નારક અને દેવોમાં ઉપપાત–જન્મ અને સિદ્ધિ આ ઔપપાતિક સૂત્રનો વિષય બે અધ્યાય(પ્રકરણ)ના રૂપમાં માનવામાં આવે છે. પ્રથમનું નામ સમવસરણ છે અને બીજાનું નામ ઉપપાત છે. પ્રથમ સમવસરણમાં નગરી, ઉદ્યાન, ચૈત્ય, વૃક્ષ, રાજા, ભગવાન મહાવીરનું શરીર, તેમની શિષ્ય સંપદા, પરિષદમાં દેવ, મનુષ્ય તથા નરેન્દ્રનું આગમન, મૌલિક ઉપદેશ, વ્રત ધારણ, પરિષદ વિસર્જન આદિ વર્ણન છે. બીજા વિભાગમાં અસંયત જીવોનું, પરિવ્રાજકોનું તથા કુશ્રમણોનું દેવોમાં ઉત્પન્ન થવાનું વર્ણન છે. સુશ્રમણો અને સુશ્રાવકોના આચાર, ગુણ તથા આરાધનાનું વર્ણન છે. અંતમાં આરાધક સુવ્રતી જીવોની દેવગતિ તથા સિદ્ધગતિ, કેવલી સમુદ્‌ઘાત, સિદ્ધ સ્વરૂપ એવં સુખોનું વર્ણન છે.

**વિશેષતાઓ :–** આમાં એકબાજુ જ્યાં સામાજિક, રાજનૈતિક, નાગરિક ચર્ચાઓ છે તો બીજી બાજુ ધાર્મિક, દાર્શનિક, સાંસ્કૃતિક તથ્યોનું સુંદર



પ્રતિપાદન છે. આ સૂત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે ભગવતી આદિ અંગ આગમોમાં પણ આ સૂત્રને જોવાનો સંકેત કરેલ છે. તેનું કારણ એ છે કે આ સૂત્રમાં અનેક વિષયોનું વિસ્તારથી વર્ણન છે, જ્યારે અન્ય સૂત્રોમાં સંક્ષિપ્ત કથન છે. આ સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના સમસ્ત અંગોપાંગોનું ઉપમાયુક્ત વર્ણન છે. સમવસરણનું પણ જીવંત ચિત્રણ થયેલું છે. ભગવાનની ઉપદેશવિધિ પણ અહીં સુરક્ષિત છે. તપનું સુંદર વિશ્લેષણ ભેદ-પ્રભેદો દ્વારા કરવામાં આવેલ છે. આમાં વૈદિક અને શ્રમણ પરંપરાના પરિવ્રાજકો, તાપસો એવં શ્રમણોની આચાર સંહિતા પણ આપેલી છે. વળી તેમાં અંબડ સંન્યાસીનું રોચક વર્ણન છે. અંતમાં સિદ્ધાવસ્થાનું સાંગોપાંગ સ્વરૂપ સમજાવેલ છે. આ સૂત્રનું પરિમાણ ૧૨૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવે છે.

**સંસ્કરણ :–** આ સૂત્રના સમયે–સમયે અનેક સંસ્કરણ પ્રકાશિત થયા છે. જેમાં અભયદેવ સૂરિ કૃત સંસ્કૃત ટીકા, આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા. કૃત સંસ્કૃત ટીકા તથા અનેક હિન્દી, ગુજરાતી, અર્થ યુક્ત પ્રકાશન થયા છે. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી વિવેચન યુક્ત સુંદર પ્રકાશન થયેલ છે. પ્રસ્તુત પ્રકાશનમાં પણ આ સંસ્કરણના આધારે સારાંશ આપવાનો ઉપક્રમ કરેલ છે.

**આગમ મનીષી**

**ત્રિલોક મુનિ**

# ઔપપાતિક સૂત્રનો સારાંશ

## પ્રથમ પ્રકરણ – સમવસરણ

**૧. ચંપાનગરી–** અંગદેશની રાજધાની ચંપાનગરી મહાન વૈભવશાળી, સમૃદ્ધ અને સુરક્ષિત હતી, મનોહર હતી. ત્યાંની પ્રજા પણ ધન-વૈભવથી આબાદ હતી. ગાય, ભેંસ, ઘેટાં, મરઘાં, સાંઢ આદિ પશુ-પક્ષીઓ પણ ત્યાં વિપુલ પ્રમાણમાં હતા. નગરીની બહારના રસ્તાઓની બંને બાજુ શેરડી, જવ, ચોખાના ખેતરો હતાં. નગરી આમોદ-પ્રમોદના અનેક સાધનોથી યુક્ત હતી.

ચોર, ડાકૂ, લૂંટારા, લાંચીયા, ખીસાકાતરુ ઈત્યાદિ તે નગરીમાં નહોતા. તેથી તે નગરી ઉપદ્રવ મુક્ત, સુખ શાંતિમય હતી. ત્યાં ભિક્ષુઓને ભિક્ષા સરળતાથી મળી રહેતી. સઘન વસ્તી હોવા છતાં નગરીમાં ખૂબ શાંતિ હતી.

નટ, નર્તક, પહેલવાન, મલ્લ, મુક્કાબાજ, મશ્કરીયા, કથાકાર, ખેલાડી, સંગીતકાર, હાસ્યકાર આદિ અનેક કલાકારોથી આ નગરી પરિપૂર્ણ હતી.

તે નગરી બાગબગીચા, કૂવા, વાવડી, તળાવ આદિ જળાશયોથી સંપન્ન હતી. તે નગરીની ચારે તરફ ખૂબ વિશાળ અને ઊંડી ખાઈ હતી. તે ધનુષાકાર કોટથી(ગઢથી) ઘેરાયેલી હતી. તે કોટ પણ કાંગરા, અટ્ટાલિકાઓ, બારીઓ અને સઘન દરવાજાઓ(નગરદ્વારો) તથા તોરણોથી સુશોભિત હતો. નગરી શિલ્પાચાર્યોથી નિર્માયેલી હતી અને અનેક પ્રકારના શસ્ત્રાસ્ત્રોથી પરિપૂર્ણ હતી.

બજાર, વ્યાપાર ક્ષેત્ર, શિલ્પીઓ, કારીગરોના આવાસથી આ નગરી સુખ-સુવિધાપૂર્ણ હતી. તે નગરીના ત્રિભેટે, ચૌભેટે અને જ્યાં અનેક રસ્તાઓ ભેગા થતા તે સ્થાને વિવિધ દુકાનો હતી. હાથી, ઘોડા, રથ, શિબિકા, પાલખી, ડોળી, વાહનો આદિ પ્રચુર માત્રામાં ત્યાં ઉપલબ્ધ હતા. ઉત્તમ, વિશાળ તેમજ સ્વચ્છ ભવનોથી તે નગરી શોભાયમાન હતી. આમ વૈભવયુક્ત તે નગરી અનિમેષ દૃષ્ટિએ જોવાલાયક હતી, ચિત્તને પ્રસન્ન કરવાવાળી હતી, મનોજ્ઞ અને મનોહર હતી.

**૨. પૂર્ણભદ્ર યક્ષાયતન :–** ચંપાનગરીની બહાર ઈશાન ખૂણામાં એક યક્ષાયતન હતું. પૂર્વ પરંપરાથી ચાલ્યું આવતું આ યક્ષાયતન પૂર્ણભદ્ર ચૈત્યના નામથી પ્રસિદ્ધ હતું. તે લોકોની માન્યતાઓ મનાવવાનું સ્થાન હતું, કેટલાક લોકોની આજીવિકાનું સાધન હતું. તે છત્ર, ઘંટા, ધ્વજા, પતાકાયુક્ત હતું. ત્યાં ભૂમિને ચંદનના છાપા લગાડેલા રહેતા; તાજા ફૂલ અને લાંબી માળાઓ લટકતી રહેતી હતી. લોબાનના ધૂપ આદિથી સદાય તે મહેકતું રહેતું. ત્યાં નટ, નર્તક, જલ્લ, મલ્લ, મુકકાબાજ, મંખ, તુંબી વીણાવાદક, પૂજારી, ભાટ આદિ બેઠા રહેતા. નગરવાસીઓ અને



જનપદમાં તેની કીર્તિ ફેલાયેલી હતી. તે યક્ષાયતનના પૂર્ણભદ્ર દેવને અનેક લોકો ચંદન આદિથી અર્ચનીય, સ્તુતિ આદિ દ્વારા વંદનીય અને નમન કરવા યોગ્ય નમસ્કરણીય માનતા હતા. વસ્ત્રાદિથી સત્કાર કરવા યોગ્ય, મનથી સન્માન દેવા યોગ્ય, કામનાઓ પૂર્ણ કરનારા મંગલમય, અવાંછનીય સ્થિતિઓને નષ્ટ કરનારા, દૈવી શક્તિ સંપન્ન, લોકોની અભિલાષાઓને જાણનારા અને વિનયપૂર્વક ઉપાસના કરવા યોગ્ય માનતા હતા, દિવ્ય સત્ય અને સત્યફળ દેનારા માનતા હતાં. ઘણા લોકો અભિલાષાની પૂર્તિ અર્થે તેની પૂજા કરતા. તેના નામથી હજારો લોકો દાન દેતા હતા. [આ પૂર્ણભદ્ર દેવ દક્ષિણ દિશાના યક્ષ જાતીય વ્યંતરોના સ્વામી ઈન્દ્ર છે.]

**૩. વનખંડ(બગીચો) :–** પૂર્ણભદ્ર યક્ષાયતન ચારે તરફ વિશાળ વનખંડથી ઘેરાયેલું હતું. વૃક્ષ, લતા આદિની સઘનતાના કારણે તે વનખંડ ક્યારેક કાળી આભાવાળું તો ક્યારેક લીલી આભાવાળું દેખાતું હતું; શીતલ અને સ્નિગ્ધ વાતાવરણવાળું હતું; સુંદર વર્ણ આદિ ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત હતું. તે વૃક્ષોની છાયા પણ ઉક્ત ગુણોથી યુક્ત હતી. સઘન છાયાને કારણે તે વનખંડ મહામેઘ સમૂહની છાયા સમાન રમણીય, આનંદદાયક લાગતું હતું.

**૪. વૃક્ષો :–** તે વનખંડના વૃક્ષ ઉત્તમ મૂળ, કંદ, સ્કંધ, શાખા, પ્રશાખા, પાંદડા, પુષ્પ, ફળ તથા બીજ યુક્ત હતા. વૃક્ષોનું પ્રત્યેક અંગ સુંદર, સુડોળ તથા મનમોહક હતું. વૃક્ષોની મોહકતાના કારણે વિવિધ પક્ષીઓના કલરવ તથા ભમરાઓનું કર્ણપ્રિય ગુંજન ત્યાં થતું. તેની છાયા તથા સુવાસ આનંદદાયક હતા. તે વૃક્ષો ફળફૂલોથી પૂર્ણ રહેતા હતા. તેના ફળ સ્વાદિષ્ટ, નિરોગી અને નિષ્કંટક હતા. ત્યાં વિભિન્ન પ્રકારની સુંદર ધ્વજાઓ ફરકતી રહેતી હતી. તે વનખંડમાં ચારે તરફ ગોળ અને લાંબી વાવડીઓ હતી. તેમાં જાળી ઝરૂખા સહિત સુંદર જાલીઘર બનેલા હતા. તે વૃક્ષ અત્યંત તૃપ્તિકારક તથા સુવાસ ફેલાવતા હતા, જેની મહેક દૂર-સુદૂર સુધી ફેલાતી હતી.

તે વનખંડ અનેકાનેક પુષ્પ, ગુચ્છ, લતાકુંજ, મંડપ, વિરામસ્થાનથી યુક્ત હતું અને તેની ભૂમિને ગોબરથી લીંપી સ્વચ્છ રાખવામાં આવતી હતી. ગોરોચન અને લાલ સુંદર માર્ગોથી યુક્ત હતું. ત્યાં કેટલીક ધ્વજાઓ ફરકતી હતી. તે વૃક્ષ રથ, વાહન, ડોળી, પાલખીઓને રાખવા માટે ઉપયુક્ત વિસ્તારવાળા હતા. આ પ્રકારે તે વૃક્ષ રમણીય, મનોરમ, દર્શનીય, અભિરૂપ-મનોજ્ઞ, પ્રતિરૂપ-મનમાં વસી જાય તેવા હતા.

**૫. અશોકવૃક્ષ :–** આ વનખંડની મધ્યમાં સુંદર અને વિશાળ અશોક વૃક્ષ હતું. તેનો ઘેરાવો ખૂબ વિસ્તૃત હતો. તેના કંદ, પાંદડા, પ્રવાલ, સુશોભિત હતા. તેના નવા પાંદડા તામ્રવર્ણવાળા આકર્ષિત હતા. તે વૃક્ષ બધી જ ઋતુઓમાં પાંદડા, મંજરી અને ફૂલોથી ખીલેલું રહેતું, પુષ્પ અને ફળોના કારણે ઝૂકેલું રહેતું હતું.

પોપટ, મોર, મેના, કોયલ, ચકોર, તેતર, સારસ, હંસ આદિ પક્ષીઓના મધુર સ્વરોથી તે ગુંજતું હતું. ભ્રમરો અને મધમાખીઓનો સમૂહ ત્યાં મધના લોભથી ગુંજારવ કરતો હતો. જેથી તે સ્થાન મદમસ્ત, ચિત્તાકર્ષક હતું. તે અશોકવૃક્ષ રમણીય, સુખપ્રદ, દર્શનીય, મનોજ્ઞ હતું. આ અશોકવૃક્ષ તિલક, લકુચ, ક્ષત્રોપ, શિરીષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોદ્રવ, ચંદન, અર્જુન, લીમડો, કુટજ, કદંબ, સવ્ય, ફણસ, દાડમ, શાલ, તાલ, તમાલ, પ્રિયક, પ્રિયંગુ, પુરોપગ, રાજવૃક્ષ, નન્દીવૃક્ષ ઈત્યાદિ અનેક વૃક્ષોથી ઘેરાયેલું હતું. તે વૃક્ષો પણ ઉત્તમ કોટીની વિવિધ લતાઓથી વેષ્ટિત(વીંટળાયેલા) હતા. તે લતાઓ બધી જ ઋતુઓમાં ફાલીફૂલી રહેતી.

**૬. શિલાપટ્ટક :–** અશોકવૃક્ષની નીચે થડની પાસે ચબૂતરાની જેમ એકઠી થયેલી માટી ઉપર એક શિલાપટ્ટક હતું. જેની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ સપ્રમાણ હતી. ચમકતો શ્યામવર્ણવાળો શિલાપટ્ટક અષ્ટકોણીય તથા કાચ જેવો સ્વચ્છ હતો. તેની ઉપર મનુષ્ય, મગર, પક્ષી, સર્પ, કિન્નર, અષ્ટાપદ, હાથી, ઘોડા, બળદ, વનલતા, પદ્મલતાના ચિત્રો ચિત્રિત હતા. તેનો સ્પર્શ ખૂબ કોમળ લાગતો હતો. તેનો આકાર સિંહાસન જેવો હતો; જે સુખપ્રદ, દર્શનીય, મનોજ્ઞ અને અતિમનોજ્ઞ હતો.

**૭. ચંપાધિપતિ કુણિક રાજા :–** તે ચંપાનગરીના કુણિક રાજા મહાહિમવાન પર્વતની સમાન મહત્તા, પ્રધાનતા, વિશિષ્ટતા યુક્ત હતા. તેના પ્રત્યેક અંગ શ્રેષ્ઠ લક્ષણોથી યુક્ત હતા. તે રાજા ઘણા લોકો દ્વારા સન્માનિત અને પૂજિત હતા. તેના અનુશાસનવર્તી અન્યોન્ય રાજાઓ દ્વારા તેનો રાજયાભિષેક થયો હતો. તે સ્વભાવે કરૂણાશીલ, સ્થાપિત મર્યાદાઓનું પાલન કરનારા, બધાને અનુકૂળતા દેનારા અને તેઓને સ્થિર રાખનારા હતા. તે મનુષ્યમાં ઈન્દ્ર સમાન હતા, રાષ્ટ્ર માટે પિતૃતુલ્ય, પ્રતિપાલક, હિતકારક, કલ્યાણકારક, પથપ્રદર્શક હતા. વૈભવ, સેના, શક્તિ આદિની અપેક્ષાએ મનુષ્યોમાં તે શ્રેષ્ઠ હતા. તે સિંહની સમાન બળવાન, નિર્ભય અને નિડર હતા, વાઘની સમાન શૂરવીર, ક્રોધમાં સર્પ તુલ્ય, શ્વેત કમળ જેવા કોમળ હૃદયી, ગંધ હસ્તી સમાન અજેય હતા.

તેના રાજયમાં મોટા મોટા ભવન, આસન, રથ, ઘોડા, સવારીઓ, વાહનો આદિ પુષ્કળ પ્રમાણમાં હતાં. વિપુલ સોના-ચાંદીના ભંડારો હતા; દાસ-દાસીઓ, ગાય-ભેંસ, વિપુલ ખજાનો, અન્ન ભંડાર, શસ્ત્ર ભંડાર તેમજ પ્રભૂત સેના હતી. તે સમૃદ્ધ, પ્રભાવયુક્ત અને સુપ્રસિદ્ધ હતા. તેમણે સીમાવર્તી રાજાઓને સ્વાધીન કરી રાખ્યા હતા. તે રાજાઓ વિરોધ કરનારાઓને પ્રાયઃ નષ્ટ કરી દેતા, તેનો માનભંગ કરતા, દેશનિકાલ કરતા અર્થાત્ પોતાના પ્રભાવથી પરાજિત કરી દેતા. આ રીતે કુણિક રાજા અકાલ, મહામારી આદિ ઉપદ્રવોથી રહિત, ક્ષેમકારી, વિઘ્નરહિત રાજયના શાસક હતા.



**૮. ધારણી મહારાણી :–** કોણિક રાજાની ધારણી નામની રાણી હતી. તેણીના હાથપગ સુકોમળ હતા; બધી જ ઈન્દ્રિયો પ્રતિપૂર્ણ હતી. તેણી સૌભાગ્ય સૂચક ઉત્તમ લક્ષણો(તલ-મસા આદિ ચિહ્નો)થી યુક્ત હતી; શીલ, સદાચાર, પતિવ્રતા આદિ ગુણોથી સંપન્ન હતી; દૈહિક દેખાવ, વજન, ઊંચાઈ આદિની દષ્ટિથી પરિપૂર્ણ, શ્રેષ્ઠ તથા સર્વાંગ સુંદર હતી. તેણીનું વ્યક્તિત્વ ચંદ્ર સમાન સૌમ્ય અને પ્રિય હતું. તે પરમ રૂપવતી હતી. તેણીના દેહનો મધ્યભાગ હથેળી જેટલો અને પેટ પર થનારી ત્રણ પ્રશસ્ત રેખાઓથી યુક્ત હતો. તેણીના કાનમાં કુંડળ શોભતા હતા. તેણીનું મુખ શરદપૂર્ણિમાના ચંદ્ર સમાન નિર્મળ, પરિપૂર્ણ તથા સૌમ્ય હતું. તેણીની વેશભૂષા જાણે શૃંગારના ઘર સ્વરૂપ હતી. તેણીની ચાલ, હાસ્ય, ભાષા, કૃતિ અને દૈહિક ચેષ્ટાઓ શ્રેષ્ઠ હતી. લાલિત્યપૂર્ણ આલાપ-સંલાપમાં તે ચતુર હતી. તેણી સમગ્ર લોક વ્યવહારમાં કુશળ હતી. આ પ્રકારે તેણી મનોરમ, દર્શનીય, મનોજ્ઞ અને મનોહર હતી. તેણી કુણિક રાજા સાથે મનુષ્ય સંબંધી ઉદાર સુખો ભોગવતી રહેતી હતી.

**૯. પ્રવૃત્તિ નિવેદક :–** કુણિક રાજાએ પ્રચુર વેતન આપી એક એવી વ્યક્તિને નિયુક્ત કરી હતી કે જે ભગવાન મહાવીર સ્વામીના પ્રતિદિન વિહારાદિ ક્રમની પ્રવૃત્તિની જાણકારી આપે. તે પ્રવૃત્તિ નિવેદક વ્યક્તિએ પોતાના તરફથી ભોજન તથા વેતન પર અન્ય અનેક માણસો નિયુક્ત કર્યા હતા, જેઓ ભગવાનના વિહારાદિ કાર્યક્રમને જણાવતા રહેતા.

**૧૦. કુણિકની રાજયસભા :–** કુણિક રાજાનું એક બહિર્વર્તી રાજયસભા ભવન હતું. અનેક ગણનાયક, વિશિષ્ટ જનસમૂહના નેતા, ઉચ્ચ આરક્ષક અધિકારી, અધીનસ્થ રાજા, ઐશ્વર્યશાળી પ્રભાવશાળી યુવરાજ, રાજય સન્માનિત સુવર્ણ-પટ્ટધારી વિશિષ્ટ નાગરિક, જાગીરદાર, મોટા પરિવારોના પ્રમુખ, મંત્રીગણ, મહામંત્રી, જ્યોતિષી, દ્વારપાળ, રાજ્યાધિષ્ઠાયક, પરામર્શક, સેવક, નાગરિક, વેપારી, શેઠ, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ(સીમા રક્ષક) ઈત્યાદિ વિશિષ્ટ પુરુષોથી ઘેરાયેલા રાજા કુણિક રાજસભા ભવનમાં સિંહાસન ઉપર શોભાયમાન થતા હતા.

**૧૧. ભગવાન મહાવીર સ્વામીનું વર્ણન :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ધર્મની આદિ કરવાવાળા સ્વયં સંબુદ્ધ તીર્થંકર હતા. પુરુષોત્તમ આદિ નમોત્થુણં પઠિત ગુણોથી યુક્ત હતા. તેઓ રાગાદિ વિજેતા, કેવળજ્ઞાન યુક્ત, સાત હાથની ઊંચાઈવાળા, સમચઉરંસ સંઠાણ તથા વજ્રઋષભનારાચ સંઘયણ યુક્ત, શરીરના અંતર્વર્તી પવનના ઉચિત વેગથી યુક્ત, નિર્દોષ ગુદા યુક્ત, કબૂતર જેવી પાચન શક્તિવાળા હતા. તેમના પેટ અને પીઠની નીચેના બન્ને પડખા તથા જંઘાઓ સુશોભનીય હતી. તેમનું મુખકમળ સુરભિમય નિશ્વાસથી યુક્ત હતું. ઉત્તમ ત્વચા

યુક્ત, નિરોગી, ઉત્તમ, પ્રશસ્ત અત્યંત શ્વેત માંસ યુક્ત, જલ્લ, મલ અને ડાઘ રહિત તેમનું શરીર હતું. તેથી તેમના પ્રત્યેક અંગોપાંગ નિઢવલેપ, સ્વચ્છ અને તેજોમય હતા.

શ્રેષ્ઠ લક્ષણોયુક્ત ઉન્નત તેમનું મસ્તક હતું. શ્યામવર્ણવાળા, મુલાયમ ચમકતા વાંકળીયા વાળ તેમના મસ્તક ઉપર હતા. તેમના મસ્તકનું શિખર છત્રાકાર, ગુમડા ફોડકી કે ઘાવના ચિહ્નોથી રહિત હતું, તેમના અંગોપાંગ-અર્ધચંદ્રાકાર લલાટ, પૂર્ણચંદ્ર સમ મુખ, સુશોભિત કાન, ભરાવદાર ગાલ, ધનુષાકાર ભ્રમર, પુંડરીક કમળ સમાન શ્વેત નયન, પદ્મકમળ સમાન વિકસિત આંખ, ગરૂડની ચાંચ જેવી લાંબી નાસિકા, બિંબફળ સમાન હોઠ, ગાયના દૂધ તથા શંખ જેવી સફેદ દંતશ્રેણી હતી. તેમના જીભ અને તાળવું તપેલા સુવર્ણ જેવા લાલ હતા; દાઢી-મૂછના વાળ સ્થિર રહેતા, તેમની હડપચી માંસલ હતી, તેમની ગ્રીવા ચાર આંગળ પહોળી ઉત્તમ શંખ સમાન ત્રિવલીયુક્ત હતી.

તેમના શ્રેષ્ઠ હસ્તી સમાન ખભા, ગોળ લાંબી ભુજાઓ, મજબૂત સ્નાયુઓ, નાગરાજની સમાન વિસ્તીર્ણ દીર્ઘ બાહુ, લાલાશ યુક્ત હથેળીઓ, ઉન્નત-કોમળ સુગઠિત હાથ અને નિષ્છિદ્ર આંગળીઓ હતી. તેમની હથેળીમાં ચન્દ્ર, સૂર્ય, ચક્ર, દક્ષિણાવર્ત સ્વસ્તિક આદિની શુભ સૂચક રેખાઓ હતી. તેમનું વક્ષસ્થળ(છાતી) સુવર્ણશિલાના તળિયા જેવું સ્વચ્છ, પ્રશસ્ત, સમતલ, વિશાળ તથા સ્વસ્તિક ચિહ્ન યુક્ત હતું. માંસલતાને કારણે તેમના હૃદયની પાંસળીઓ દેખાતી નહોતી. શરીર સુવર્ણની સમાન દીપ્ત, સુંદર, રોગરહિત, સુનિષ્પન્ન અને ઉત્તમ પુઢષના ૧૦૦૮ લક્ષણ યુક્ત હતુ. તેમનો પાર્શ્વભાગ નીચે તરફ ક્રમશઃ સાંકડો હતો. તેમની છાતી અને પેટ ઉપર રોમરાજી હતી. તેમના ઉદરની નીચેના બન્ને પડખાઓ સુનિષ્પન્ન હતા. તેમનું માછલી જેવું ઉદર હતું. તેમની નાભિ ગોળ સુંદર અને વિકસિત હતી. શ્રેષ્ઠ સિંહની કમર જેવી ગોળ ઘેરાવવાળી તેમની કમર હતી.

શ્રેષ્ઠ ઘોડાના ગુપ્તાંગ જેવો ગુહ્યભાગ(ગુદા અને પુઢષ ચિહ્ન) હતો, જે સદાય નિર્લેપ રહેતો. હાથીની સૂંઢ જેવી સુગઠિત તેમની જંઘા હતી. ડબ્બાના ઢાંકણ જેવા સુંદર તેમના ઘુંટણો હતા. મૃગ સમાન ગોળ તેમની પીંડીઓ હતી. તેમના પગ મનોજ્ઞ હતા, પગની આંગળીઓ ક્રમશઃ અનુપાતિક રૂપમાં સુંદર હતી, ત્રાંબા જેવા લાલ નખ હતા. પગના તળીયા લાલ કમળના પાંદડા સમાન સુકુમાર-કોમળ હતા. તેમાં, પર્વત, નગર, મગર, સાગર, ચંદ્ર, સ્વસ્તિક જેવા મંગલ ચિહ્નોની રેખાઓ અંકિત હતી.

તેમનું અસાધારણ રૂપ હતું. તેમનું તેજ નિર્ધૂમ અગ્નિ સમાન હતું. તે પ્રાણાતિપાત આદિ આશ્રવ રહિત, મમતા રહિત અને અકિંચન હતા તથા નિઢપલેપ(કર્મબંધથી રહિત) હતા. તેઓ નિર્ગ્રન્થ પ્રવચનના ઉપદેશક, ધર્મ



શાસનના નાયક, ચોત્રીસ અતિશય, પાંત્રીસ સત્યવચનાતિશય યુક્ત હતા. આકાશગત ચક્ર, છત્ર, ચામર, સ્વચ્છ સ્ફટિક યુક્ત પાદપીઠ-સિંહાસન અને ધર્મધ્વજ તેમની આગળ ચાલી રહ્યા હતા.

આ પ્રકારે શ્રમણ ભગવાન મહાવીર ૧૪,૦૦૦ સાધુ, ૩૬,૦૦૦ સાધ્વીજીઓના પરિવાર સહિત વિચરતાં, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ચંપાનગરીની બહાર ઉપનગરમાં પહોંચ્યા.

**૧૨. સૂચના અને વંદન :–** કુણિકને પોતાના સેવક દ્વારા સૂચના મળી કે આપ જેમની આકાંક્ષા કરો છો, પ્રાર્થના કરો છો, જેનું નામ સાંભળવા માત્રથી હર્ષિત થાવ છો તે જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ચંપાનગરીના ઉપનગરમાં પધાર્યા છે. આ સાંભળીને કુણિક રાજા અત્યંત પ્રસન્ન થયા. તેના રોમરોમ ખીલી ઉઠયા. તે આદરપૂર્વક સિંહાસન ઉપરથી નીચે ઉતર્યા. પાદુકા, છત્ર, ચામર, તલવાર એવં મુગટ આદિ રાજચિહ્નોને ઉતારી(અલગ કરી) જે દિશા તરફ ભગવાન મહાવીર બિરાજી રહ્યા હતા તે તરફ ૭-૮ પગલા આગળ ચાલીને ભક્તિભાવ યુક્ત હાથ જોડી ડાબો ઢીંચણ ઊંચો રાખી બેઠા; બેસીને ત્રણ વખત મસ્તક ભૂમિ ઉપર અડાડી પ્રથમ સિદ્ધને અને ત્યાર પછી મહાવીર સ્વામીને નમોત્થુણંના પાઠથી વંદન-નમસ્કાર કર્યા. ત્યાર પછી પૂર્વાભિમુખે સિંહાસન પર બેસી તેમણે એક લાખને આઠ રજત મુદ્રાઓ ભેટ સ્વરૂપે સેવકને પ્રદાન કરી; તદુપરાંત ઉત્તમ વસ્ત્રાદિથી સત્કાર કરી કહ્યું– 'હે દેવાનુપ્રિય ! જ્યારે પ્રભુ ચંપાના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધારે ત્યારે સૂચના કરજો.'

બીજે જ દિવસે ભગવાન મહાવીર શિષ્ય પરિવાર સાથે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા.

**૧૩. શ્રમણ ભગવાન મહાવીરની સંપદા :–** શ્રમણ ભગવાન મહાવીરના ૧૪,૦૦૦ અંતેવાસી શિષ્ય હતા. તેમાં કેટલાક રાજા, મહારાજા, મંત્રી, મહામંત્રી, શેઠ, સાર્થવાહ, કુમાર, રાજકર્મચારી, સુભટ, યોદ્ધા, સેનાપતિ, અધિકારી, શેઠ, ગર્ભશ્રીમંત શેઠ, આદિ ઉત્તમ જાતિ-કુળ-ગુણ યુક્ત હતા. જેઓએ સંસારી ભોગ સુખોને કિંપાક ફળ સમાન દુઃખદાયી જાણી, જીવનને પાણીના પરપોટા સમાન, ઝાકળ બિંદુની જેમ નાશવંત, ચંચળ જાણી પ્રાપ્ત ઋદ્ધિ-સંપદા, ઘર-પરિવારનો ત્યાગ કરી, જાણે કે બધી સાંસારિક સમૃદ્ધિ વસ્ત્ર ઉપર લાગેલી રજની સમાન ખંખેરી, ત્યાગ કરી, મુંડિત થઈ, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની સમીપે આત્મકલ્યાણની સાધના માટે શ્રમણ દીક્ષા અંગીકાર કરી. જેમાંના કેટલાકને પ્રવ્રજયા અંગીકાર કર્યાને માસ, અર્ધમાસ, બે-ત્રણ-ચાર માસ થયા હતા. કેટલાકને તેથી વધુ માસ કે વર્ષો થયા હતા અર્થાત્ વિભિન્ન દીક્ષા પર્યાયવાળા અનેકાનેક શ્રમણો હતા.

કેટલાક શ્રમણો મતિ અને શ્રુત એમ બે જ્ઞાનના ધારક હતા. કેટલાક અવધિજ્ઞાની તો કેટલાક મનઃપર્યવજ્ઞાની તો કેટલાક કેવળજ્ઞાન-દર્શનના ધારક સર્વજ્ઞ-સર્વદર્શી હતા. કોઈ શ્રમણ ઉત્કૃષ્ટ મનબળ, કોઈ વચનબળ તો કોઈ કાયબળના ધારક હતા. કેટલાક ખેલૌષધિ આદિ લબ્ધિજન્ય વિશેષતાઓના ધારક હતા. કોઈ શ્રેષ્ઠ બુદ્ધિ, બીજ બુદ્ધિ, પટબુદ્ધિ, પદાનુસારી બુદ્ધિના સ્વામી હતા. કેટલાક કાન સિવાયની અન્ય ઈન્દ્રિયો દ્વારા પણ શબ્દ શ્રવણ કરવામાં સક્ષમ હતા. કેટલાક અન્ય વિશેષ લબ્ધિઓથી યુક્ત હતા. કોઈ કોઈ રત્નાવલી, કનકાવલી, એકાવલી, લઘુસિંહનિષ્ક્રીડિત, મહાસિંહ નિષ્ક્રીડિત, ભદ્ર પ્રતિમા, મહાભદ્ર પ્રતિમા, સર્વતોભદ્ર પ્રતિમા, આયંબિલ વર્ધમાન તપ આદિ ઉગ્ર તપના ધારક હતા. કેટલાક આકાશગામિની વિદ્યાના કે વૈક્રિય લબ્ધિના ધારક હતા.

**૧૪. સ્થવિરોનાં ગુણો :–** ભગવાન મહાવીરના અંતેવાસી કેટલાક સ્થવિર ભગવંત(જ્ઞાન ચારિત્રમાં વૃદ્ધ) જાતિ સંપન્ન, કુલ સંપન્ન, બલ સંપન્ન, વિનય સંપન્ન, જ્ઞાન સંપન્ન, દર્શન સંપન્ન, ચારિત્ર સંપન્ન, લજજા સંપન્ન, લાઘવ-નિરહંકાર ભાવ સંપન્ન, ઓજસ્વી, તેજસ્વી, વર્ચસ્વી, યશસ્વી, ક્રોધજયી, માનજયી, માયાજયી, લોભજયી, ઈન્દ્રિયજયી, નિદ્રાજયી, પરિષહજયી, જન્મ-મરણના ભયથી રહિત, સંયમ ગુણ પ્રધાન, કરણ પ્રધાન, ચારિત્ર પ્રધાન, દશ પ્રકારના યતિધર્મ યુક્ત, નિગ્રહ પ્રધાન, નિશ્ચય પ્રધાન, આર્જવ, માર્દવ, લાઘવ સંપન્ન, શાંત, દાંત, ગુપ્તિ પ્રધાન, વિદ્યા, મંત્ર, વેદ, બ્રહ્મચર્ય, નય, નિયમ, સત્ય, શૌર્ય, કીર્તિ, લજ્જા, તપ, અનિદાન, અલ્પ ઉત્સુક, અનુપમ મનોવૃત્તિ યુક્ત હતા. જેઓ વીતરાગ મહાવીર પ્રભુના પ્રવચનને પ્રમાણભૂત માનીને ચાલતા હતા.

**૧૫. ગુણનિષ્પન્ન અણગાર :–**ભગવાન મહાવીરના અંતેવાસી ઘણા અણગાર હતા. તેઓ ઈર્યા, ભાષા, એષણા સમિતિ યુક્ત, ભંડોપકરણ રાખવામાં અને મળમૂત્ર ત્યાગવામાં યત્નાયુક્ત હતા. તેઓ મન, વચન, કાયાથી ગુપ્ત હતા. તેઓ બ્રહ્મચારી, અકિંચન, નિઢપલેપ; ક્રોધ, દ્વેષ, રાગ, પ્રેમ અને પ્રશંસાથી રહિત; નિર્ગ્રંથ, શંખ સમાન નિરંગણ, વાયુ સમાન અપ્રતિહત, છલ-કપટ રહિત, કાચબાની જેમ ગુપ્તેંદ્રિય, સૌમ્ય, કોમળ, તેજયુક્ત, લેશ્યાયુક્ત, સમુદ્ર જેવા ગંભીર, મેરૂ સમાન અડોલ, પરિષહોમાં અચલ, ભારંડ પક્ષી સમાન અપ્રમત્ત, હાથી સમાન શક્તિશાળી, સિંહ સમાન અપરાજેય, પૃથ્વી સમાન સહિષ્ણુ, જ્ઞાન તથા તપતેજથી દીપતા હતા. તેઓ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની આસક્તિથી રહિત હતા. તે સાધુઓ વર્ષાવાસના ચાર મહિના છોડીને આઠ મહિનામાં ગામમાં એક રાત અને નગરમાં પાંચ રાત( એક અઠવાડિયું અને પાંચ અઠવાડિયા એટલે ૨૯ દિવસ) રહેતા હતા. તેઓ ચંદનની જેમ અપકાર કરવાવાળા ઉપર પણ ઉપકારની વૃત્તિ રાખનારા અનાસક્ત, મોક્ષાભિગામી અને કર્મોનો નાશ કરનારા હતા. આ નિર્ગ્રન્થ



મુનિઓ છ બાહ્ય અને છ આભ્યંતર કુલ બાર પ્રકારના તપને યથાયોગ્ય ધારણ કરનારા હતા. આ પ્રમાણે તપસંયમથી આત્માને ભાવિત કરનારા ગુણ સંપન્ન શિષ્યો હતા.

**૧૬. અણગારોની જ્ઞાનારાધના :–** કેટલાક શ્રમણ આચારાંગ સૂત્રને કંઠસ્થ કરનારા તો કેટલાક શ્રમણ સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ આદિને કંઠસ્થ કરી ધારણ કરનારા હતા અને કેટલાક શ્રમણો અગિયાર અંગસૂત્રો અથવા સંપૂર્ણ દ્વાદશાંગીને ધારણ કરનારા હતા. તે શ્રમણો ઉદ્યાનમાં જુદા-જુદા સ્થાને નાના-મોટા સમૂહોમાં વિભક્ત રહેતા હતા. કોઈ શ્રમણો વાચના દેતા, તો કોઈ આગમ ભણતા, ભણાવતા; કોઈ શંકાનું સમાધાન કરતા, તો કોઈ સ્વાધ્યાયનું પુનરાવર્તન કરતા, કોઈ ચિંતન-મનન કરતા, તો કોઈ વિવિધ ધર્મકથા કરતા. જ્યારે કેટલાક શ્રમણો વિશિષ્ટ આસને સ્થિર થઈ ધ્યાન ધરતા હતા.

તેઓ સંસારને મહા સમુદ્રની ઉપમાવાળો સમજી તેના ભવભ્રમણ રૂપ ભયથી ઉદ્વિગ્ન થઈ વિરક્ત ભાવમાં લીન રહેતા. તેઓ સંયમ-તપને ધર્મનૌકા સમજી તેના દ્વારા આત્માની સમ્યક્ રીતે રક્ષા કરતા થકા મોક્ષ પ્રાપ્તિના હેતુએ સમ્યક્ પરાક્રમ કરતા હતા.

**૧૭. સમવસરણમાં દેવોનું આગમન :–** ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં ભગવાન સમોસર્યા. ભવનપતિ અસુરકુમારદેવો પોતાની ઋદ્ધિ સંપદા અને દિવ્યરૂપે ભગવાનની સેવામાં પહોંચ્યા. તેમણે ભગવાનને ત્રણ વખત આદક્ષિણા પ્રદક્ષિણાપૂર્વક વંદન નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક હાથ જોડી પર્યુપાસના કરવા લાગ્યા.

નાગકુમાર આદિ શેષ નવનિકાયના દેવો પણ સમવસરણમાં આવ્યા. તેવી જ રીતે પિશાચ, ભૂતાદિ અને આણપન્નક આદિ વ્યંતરદેવો આવી પર્યુપાસના કરવા લાગ્યા.

બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનિશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ એવં અંગારક તથા અન્ય ગ્રહ, નક્ષત્ર, તારા, ચલ અચલ બધા પ્રકારના જ્યોતિષી દેવો સમવસરણમાં આવ્યા.

સૌધર્મ, ઈશાનાદિ ૧૨ દેવલોકના વૈમાનિક દેવ પોતાની ઋદ્ધિ, સંપદા, દ્યુતિથી યુક્ત પોતપોતાના વિમાનોથી આવ્યા અને વંદન-નમસ્કાર કરી વિનય-ભક્તિ સહિત પર્યુપાસના કરવા લાગ્યા અર્થાત્ ઉપદેશ સાંભળવા માટે બેસી ગયા. આ બધા દેવોની સાથે તેમની દેવીઓ પણ સમવસરણમાં આવી ઉપરોક્ત વિધિપૂર્વક બેસી દેશના સાંભળવા લાગી.

**૧૮. જનસમુદાયનું સમવસરણમાં આગમન :–** ચંપાનગરીના ત્રિભેટે, ચૌટે,

દ્વારે તેમજ ગલીઓમાંથી મનુષ્યનો કોલાહલ થઈ રહ્યો હતો. એકબીજા પરસ્પર વાર્તાલાપ કરી રહ્યા હતા કે– દેવાનુપ્રિય ! ધર્મના પ્રરૂપક ભગવાન મહાવીર ગ્રામાનુગ્રામ વિચરણ કરતા થકાં આપણા ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યમાં પધાર્યા છે, સમવસૃત થયા છે. માટે હે દેવાનુપ્રિયો ! જે ભગવાનનું નામ સાંભળવું દુર્લભ છે, તેની સન્મુખ જવું, દર્શન કરવા, વંદન-નમસ્કાર કરી ભગવદ્‌વાણીનો લાભ લેવો, પર્યુપાસના કરવી; ખરેખર મહાભાગ્યની વાત છે ! તે મહાપ્રભુ મંગલ છે, તીર્થરૂપ છે, કલ્યાણકર છે, દેવરૂપ છે; ચાલો તેમની પર્યુપાસના કરીએ. આપણા ભવોભવના સંચિત કર્મ ક્ષય થશે; આપણને મોક્ષ લાભ મળશે. આવું વિચારી બધા સજ્જનો નિત્ય ક્રિયાથી નિવૃત્ત થઈ ઉત્તમ વસ્ત્રાલંકારથી યુક્ત થયા. આરક્ષક અધિકારી, તેમના પુત્રાદિ, રાજાનો મંત્રીવર્ગ, પરામર્શ મંડલના સદસ્યો, ક્ષત્રિયો, રાજકર્મચારીઓ, બ્રાહ્મણો, ભાટવર્ગ, યોદ્ધાઓ; લિચ્છવીવંશી, મલ્લવી વંશી, ઈક્ષ્વાકુવંશી, કુઢવંશી, સૈનિકો, મલ્લ, ગણરાજ્યના સદસ્યો, ઐશ્વર્યશાળી, પ્રભાવશાળી પુરુષો, વિશિષ્ટ નાગરિકો, જાગીરદારો, શ્રેષ્ઠીઓ, શેઠ, સેનાપતિઓ અને સાર્થવાહોએ નિર્ણય કર્યો કે આપણે ભગવાનની સમક્ષ જઈ વંદન-નમસ્કાર કરી, ઉપાસના કરીએ; વ્રત અંગીકાર કરીએ, ઈત્યાદિ વિચારી કેટલાક ઘોડા ઉપર બેસી, કેટલાક હાથી ઉપર તો કેટલાક શિબિકા(પાલખી)માં તો કેટલાક પગે ચાલી, મધુર ઘોષણા કરતાં નગરીની વચ્ચેથી નીકળી જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં સમોસરણમાં આવી ભગવાનને વંદન-નમસ્કાર કરી પર્યુપાસના કરવા લાગ્યા.

**૧૯. કુણિક રાજાનું સમવસરણમાં આગમન :–** કુણિક રાજાના દરબારી પ્રવૃત્તિનિવેદકને જ્યારે ભગવાનના પદાર્પણની જાણ થઈ, ત્યારે તે પણ નિત્ય-ક્રિયાથી નિવૃત્ત થઈ કુણિક રાજાના દરબારમાં ઉપસ્થિત થયા; પ્રણામ કરી ભગવાનના પદાર્પણની સૂચના આપી. રાજા હર્ષિત થયા; યથાવિધિ નમોત્થુણંથી વંદના કરી સિંહાસન ઉપર આરૂઢ થયા અને પ્રવૃત્તિ નિવેદકને સાડા બાર લાખ રજતમુદ્રાઓ પ્રીતિદાન રૂપે આપી, ઉત્તમ વસ્ત્રાદિથી તેનો સત્કાર કર્યો.

ત્યાર પછી રાજાએ સેના નાયકને બોલાવી આદેશ કર્યો કે મારા માટે હસ્તિરત્નને સુસજ્જિત કરો, રાણીઓ માટે પાલખીઓ સજાવો, રસ્તા ઉપર પાણીનો છંટકાવ કરો, સુગંધિત અત્તર આદિનો છંટકાવ કરો; નગરીને સ્વચ્છ સુગંધિત કર્યા પછી તોરણ-માળા આદિથી સુસજ્જિત કરો અને મારી આજ્ઞાનું પાલન કર્યાની મને જાણ કરો. ત્યાર પછી હું ભગવાનને વંદન કરવા જઈશ. તે સેનાનાયક રાજાજ્ઞા પ્રમાણે કાર્ય સમાપન કરી રાજા સમક્ષ હાજર થયા; ચતુરંગિણી સેના તથા વાહનાદિ સજ્જ કર્યાની સૂચના કરી.

રાજા કુણિકે વ્યાયામ તથા મર્દનકાર્યથી નિવૃત્ત થઈ, સ્નાન કર્યા બાદ શ્રેષ્ઠ વસ્ત્રો પરિધાન કર્યા, પવિત્ર માળાઓ ધારણ કરી, ગોશીર્ષ ચંદનનો લેપ કરી,



અત્તર આદિ લગાડી, રત્નજડિત સુવર્ણ અલંકારો પહેર્યા; મુગટ, નવસરો હાર, બાહુ કંકણ, મુદ્રિકાઓ, કુંડલાદિ ધારણ કર્યા; ઉત્તરીય પહેરીને કોરંટની માળાઓ ધારણ કરી; જાણે રાજા કલ્પવૃક્ષ ન હોય તેવા શોભી રહ્યા હતા. વિશાળ જન-સમુદાયના જયજયકારની વચ્ચે રાજા હસ્તિરત્ન પર આરૂઢ થયા, ચારે તરફ ચામર ઢોળાવા(વિંઝાવા) લાગ્યા. તે સમયે એવું મનોરમ દશ્ય લાગતું હતું કે ચારે તરફના વાદળોમાંથી નીકળેલા ગ્રહ, નક્ષત્ર, તારાની વચ્ચે આકાશને દેદીપ્યમાન કરનારો ચંદ્ર સ્થિર ન હોય !

ત્યાર પછી સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કળશ, મત્સ્ય, દર્પણ આ આઠ મંગલ આગળ રવાના કર્યા. ત્યાર પછી જળ ભરેલા કળશ, જારીઓ, દિવ્ય છત્ર, પતાકા, ચામર અને ઊંચે લહેરાતી વિજય વૈજયન્તી આદિ ધ્વજા લઈ રાજપુરુષો ચાલ્યા. ત્યાર પછી આજ્ઞાપાલક છત્ર, ઉત્તમ સિંહાસનાદિ લઈને ચાલ્યા, લાઠીધારી, ભાલાધારી, સૈનિકો ચાલ્યા. ૧૦૮ શ્રેષ્ઠ જાતિના ઘોડા, ૧૦૮ હસ્તિરત્ન, ૧૦૮ રથ રવાના કર્યા. અર્ધ ભરતને જીતવામાં સક્ષમ એવા મહાબલી, ચક્રવર્તી તુલ્ય બંભસારપુત્ર કુણિક રાજાએ પૂર્ણભદ્ર ચૈત્ય તરફ પ્રસ્થાન કર્યું.

તેની પાછળ ચતુરંગિણી સેના અભિવાદન, પ્રશસ્તિ, જયજયકાર કરતી ચાલી રહી હતી. રસ્તામાં નગરજનોએ અપૂર્વ ઉત્સાહ સાથે તેમનું સ્વાગત કર્યું. તેઓ સ્વાગતગીત-ગાન કરતાં રાજાનું અભિવાદન કરી રહ્યા હતા. તેમના અભિવાદનને હાથ ઊંચા કરી ઝીલતા થકા સૌની કુશળતા પૂછતા થકા મહારાજા ચંપા નગરીની વચ્ચેથી પસાર થઈ જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું, જ્યાં ભગવાનનું સમવસરણ હતું ત્યાં આવ્યા. તેઓ ભગવાનના અતિશયોને નિહાળી હસ્તિરત્ન ઉપરથી નીચે ઉતર્યા. તેમણે તલવાર, છત્ર, મુગટ, ચામરાદિ રાજચિહ્નોને દૂર કર્યા. મહારાજાએ પાદરક્ષક ઉતારી સજીવ પદાર્થ દૂર કર્યા, અભિમાન સૂચક અજીવ પદાર્થ પણ દૂર કર્યા. સીવ્યા વગરના વસ્ત્રનું ઉત્તરાસન રાખી, ધર્મનાયક પર દષ્ટિ પડતાં જ હાથ જોડી, મનને એકાગ્ર કરી પાંચે અભિગમનું અનુપાલન કરી રાજા કુણિક ભગવાન સમક્ષ ઉભા રહ્યા.

તેમણે ભગવાનને ત્રણ વખત આવર્તન આપી, વંદન-નમસ્કાર કર્યા અને મન, વચન, કાયાથી પર્યુપાસના કરી. તેઓ હાથ-પગ સંકોચી, પલાંઠી વાળી સાંભળવાની ઉત્સુક્તા પૂર્વક ભગવાન સન્મુખ મુખ રાખી, હાથ જોડી સ્થિર થઈ બેઠા. ભગવાન જે કહે તે સત્ય છે, પરમાર્થ છે, ઈચ્છિત છે, તહત્ત ઈત્યાદિ પ્રકારના વચન બોલતા થકા તીવ્ર ધર્માનુરાગમાં અનુરક્ત થઈ દેશના સાંભળવા લાગ્યા.

**૨૦. રાણીઓનું આગમન :–** સુભદ્રા આદિ રાણીઓ પણ દાસીઓથી ઘેરાયેલી રથમાં આરૂઢ થઈ, ચંપા નગરીની વચ્ચેથી પસાર થઈ, પૂર્ણભદ્ર ચૈત્યમાં આવી. તેણીઓ ભગવાનના અતિશયો જોઈ રથમાંથી નીચે ઉતરી (૧) સચિત્તનો ત્યાગ

(૨) અચિત્ત અયોગ્યનો ત્યાગ(વિવેક). (૩) વિનમ્રતાની સાથે ઝૂકવું(અંજલી યુક્ત)(૪) અનિમેષ દષ્ટિએ જોવું (૫) મનને એકાગ્ર કરવું. આ પાંચ અભિગમોની સાથે ભગવાનને ત્રણ વખત વંદના કરી, રાજા કુણિકને આગળ રાખીને બેઠા. અર્થાત્ રાજાની પાછળ જ બેઠા પરંતુ સ્ત્રી પરિષદમાં જઈને બેઠા નહીં. આ રીતે તે રાણીઓએ પરિજનો સહિત ભગવાનની પર્યુપાસના કરી.

**૨૧. ભગવાનની ધર્મદેશના :–** ભગવાને વિશાળ પરિષદને ધર્મોપદેશ આપ્યો. મધુર, ગંભીર સ્વરયુક્ત, સ્પષ્ટ ઉચ્ચારણ યુક્ત, શ્રોતાઓની ભાષામાં પરિણત થનારી એક યોજન સંભળાય તેવી ઉચ્ચ સ્વરવાળી અર્ધમાગધી ભાષામાં ભગવાને ધર્મકથન કર્યું. ઉપસ્થિત બધા જ આર્ય-અનાર્ય જનોએ અગ્લાન ભાવે, ભેદભાવ વિનાના ધર્મનું શ્રવણ કર્યું. ભગવાન દ્વારા ફરમાવાયેલી અર્ધમાગધી ભાષા તે બધા આર્ય-અનાર્ય શ્રોતાઓની ભાષામાં બદલાઈ ગઈ.

**ધર્મદેશનાનો પ્રકાર**– આ સમસ્ત સંસાર એક લોક છે. તેની બહાર અલોકનું અસ્તિત્વ છે. આ પ્રમાણે જીવ, અજીવ, બંધ, મોક્ષ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, વેદના, નિર્જરા આદિ તત્ત્વ છે. તીર્થંકર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, નૈરયિક(નરક), તિર્યંચયોનિક જીવ, માતા, પિતા, ઋષિ, દેવ, દેવલોક, સિદ્ધિ, સિદ્ધ, પરિનિર્વાણ, પરમશાંતિ, પરિનિવૃત્ત આ બધાનું લોકમાં અસ્તિત્વ છે. પ્રાણાતિપાત, મૃષાવાદ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, રતિ-અરતિ, માયામૃષા, મિથ્યા દર્શન શલ્ય આ અઢાર પાપ છે.

પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ; ક્રોધથી વિરત, માનથી વિરત, માયાથી વિરત, લોભથી વિરત, રાગથી વિરત, દ્વેષથી વિરત, કલહથી વિરત, અભ્યાખ્યાનથી વિરત, પૈશુન્યથી વિરત, પરપરિવાદથી વિરત, રતિ-અરતિથી વિરત, માયામૃષાથી વિરત અને મિથ્યા દર્શન શલ્ય વિવેક; આ અઢાર પાપથી નિવૃત્તિ પણ લોકમાં જ છે. બધા પદાર્થોમાં અસ્તિભાવ પોતપોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી છે અને નાસ્તિ ભાવ પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ,ભાવની અપેક્ષાએ છે. છતાં એ બધા પોતપોતાના સ્વરૂપમાં છે. દાન, શીલ, તપ આદિ ઉત્તમ કર્મ ઉત્તમ ફળ દેનારા છે. પાપમય કર્મ દુઃખમય ફળ દેનારા છે. જીવ પુણ્ય પાપનો સ્પર્શ કરે છે, બંધ કરે છે. જીવ ઉત્પન્ન થાય છે. સંસારી જીવોને જન્મ-મરણ છે. શુભકર્મ અને અશુભકર્મ બન્ને ફળયુક્ત છે, નિષ્ફળ જતા નથી.

**નિર્ગ્રંથ પ્રવચનનું મહાત્મ્ય :–** આ નિર્ગ્રંથ પ્રવચનમય ઉપદેશ સત્ય છે, અનુત્તર છે, કેવલી દ્વારા ભાષિત અદ્વિતીય છે, સર્વથા નિર્દોષ છે, પ્રતિપૂર્ણ છે, ન્યાયયુક્ત છે, પ્રમાણથી અબાધિત છે, માયાદિ શલ્યોનો નિવારક છે, સિદ્ધિનો માર્ગ-ઉપાય



છે, મુક્તિ-કર્મ ક્ષયનો હેતુ છે, નિર્યાણ–પારમાર્થિક સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે, નિર્વાણપદને માટે જન્મ-મરણના ચક્રરૂપ સંસારથી પ્રસ્થાન કરવાનો આ જ માર્ગ છે, વાસ્તવિક, પૂર્વાપર વિરોધથી રહિત અર્થાત્ કુતર્કોથી અબાધિત છે, વિચ્છેદ રહિત છે અને બધા દુઃખોને ક્ષીણ કરવાનો સાચો શ્રેષ્ઠ માર્ગ છે. તેમાં સ્થિર જીવ સિદ્ધિ-સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે, કેવળ જ્ઞાની થાય છે, જન્મ મરણથી મુક્ત થાય છે, પરમ શાંતિમય થઈ જાય છે, બધા દુઃખોનો અંત કરે છે. જેને એક જ મનુષ્ય ભવ ધારણ કરવાનો બાકી રહ્યો છે તેવા નિર્ગ્રંથ પ્રવચનના આરાધક દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેઓ અત્યંત વિપુલ ઋદ્ધિથી પરિપૂર્ણ લાંબા આયુષ્ય-વાળા દેવ થાય છે, જે અસાધારણ રૂપવાળા હોય છે.

જીવ ચાર કારણે નરકનો બંધ કરે છે – (૧) મહાઆરંભ (૨) મહાપરિગ્રહ (૩) પંચેન્દ્રિય વધ (૪) માંસભક્ષણ.

જીવ ચાર કારણે તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થાય છે– (૧) માયાપૂર્ણ આચરણ (૨) અસત્ય ભાષણ યુક્ત માયાચરણ (૩) ઉત્કંચનતા(ધૂર્તતા) (૪) વંચકતા (ઠગાઈ).

જીવ ચાર કારણે મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થાય છે– (૧) પ્રકૃતિની ભદ્રતા (૨) પ્રકૃતિની વિનીતતા (૩) કઢણાશીલતા (૪) ઈર્ષાનો અભાવ.

જીવ ચાર કારણે દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. (૧) સરાગ સંયમ (૨) સંયમાસંયમ (૩) અકામ નિર્જરા (૪) બાલ તપ.

નરકમાં જનારા નારકી વિવિધ દુઃખમય વેદના પામે છે. તિર્યંચમાં જીવો શારીરિક, માનસિક સંતાપ પ્રાપ્ત કરે છે. મનુષ્ય જીવન અનિત્ય છે; વ્યાધિ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ અને વેદનાદિ કષ્ટોથી વ્યાપ્ત છે. દેવલોકમાં દેવ ઋદ્ધિ અને અનેક દૈવિક સુખો પ્રાપ્ત કરે છે. આ પ્રકારે ચારગતિ, સિદ્ધ તથા છ જીવનિકાયના જીવો અલગ-અલગ છે. કેટલાક જીવ કર્મબંધ કરે છે. કોઈ તેનાથી મુક્ત થાય છે. કોઈ કલેશ પામે છે. પણ અનાસક્ત રહેનારી કેટલીક વ્યક્તિ દુઃખોનો અંત કરે છે. આર્તધ્યાનથી પીડિત ચિત્તવાળા જીવ દુઃખ પ્રાપ્ત કરે છે. વૈરાગ્યને પ્રાપ્ત કરનારા જીવ કર્મ દલનો નાશ કરે છે. રાગ સહિત કરવામાં આવેલા કર્મોનો વિપાક પાપપૂર્ણ હોય છે. ધર્માચરણ દ્વારા સંપૂર્ણ કર્મોથી રહિત થતાં જ જીવ સિદ્ધાવસ્થાને પ્રાપ્ત કરે છે.

ધર્માચરણના બે પ્રકાર છે– (૧) આગાર ધર્મ (૨)અણગારધર્મ. અણગાર ધર્મમાં માનવ સંપૂર્ણ રૂપે, સર્વાત્મભાવથી સાવદ્યકર્મોનો પરિત્યાગ કરી, મુંડિત થઈ મુનિ અવસ્થામાં પ્રવ્રજિત થાય છે. સંપૂર્ણ પણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ તથા રાત્રિભોજનથી વિરત થાય છે. આ અણગારનો સામાયિક સંયમ ધર્મ છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત થઈ આગમ પ્રમાણની

પ્રમુખતાથી પ્રવૃત્તિ કરનારા સાધુ–સાધ્વી આરાધક થાય છે.

આગાર ધર્મના ૧૨ પ્રકાર છે– ૫ અણુવ્રત ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રત.

**પાંચ અણુવ્રત :–** સ્થૂલ પ્રાણાતિપાતનો ત્યાગ, સ્થૂલ મૃષાવાદનો ત્યાગ, સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ, સ્વદાર સંતોષ અને ઈચ્છા પરિમાણ.

**ત્રણ ગુણવ્રત :–** દિશાઓમાં જવાની મર્યાદા, ઉપભોગ પરિભોગનું પરિમાણ તથા અનર્થદંડ વિરમણ.

**ચાર શિક્ષાવ્રત :–** સામાયિક, દેશાવગાસિક(દૈનિક પ્રવૃત્તિઓમાં નિવૃત્તિભાવની વૃદ્ધિનો અભ્યાસ), પૌષધ, અતિથિ સંવિભાગ. અંતિમ સમયે સંલેખના– આમરણ અનશન કરી આરાધના પૂર્વક દેહ ત્યાગ કરવો, શ્રાવક જીવનની સાધનાનું પર્યવસાન છે. આ આગાર સામાયિક ધર્મ છે. આ ધર્મના અનુસરણમાં પ્રયત્નશીલ આગમ આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરનારા શ્રાવક-શ્રાવિકા આજ્ઞાના આરાધક થાય છે.

આ પ્રમાણે સિદ્ધાંતોનું કથન, આચારધર્મ, ચારગતિ બંધ, અઢાર પાપનો ત્યાગ, શ્રાવકવ્રત, સાધુવ્રત તથા મુક્તિગમન સુધીનું પૂર્ણ અને વિસ્તૃત વિશ્લેષણ યુક્ત ભગવાનનું પ્રવચન સદાય મનનીય છે.

**૨૨. પરિષદ વિસર્જન :–** વિશાળ માનવ પરિષદે શ્રમણ ભગવાન મહાવીરની ધર્મદેશના સાંભળી. તેમાંથી કેટલાક હળુકર્મી જીવોએ દીક્ષા અંગીકાર કરી તો કેટલાકે શ્રાવકના બાર વ્રતો સ્વીકાર્યા. શેષ પરિષદમાંથી કેટલાકે ભગવાનને વંદન-નમસ્કાર કર્યા અને કહ્યું કે– ''આપ દ્વારા સારી રીતે કહેવાયેલું, સુભાષિત, સુવિનીત, સુભાવિત, નિર્ગ્રંથ પ્રવચન શ્રેષ્ઠ છે. આપે ધર્મની વ્યાખ્યા કરતાં જે વિશ્લેષણ કરી સમજાવ્યું, વિરતિ અથવા નિવૃત્તિનું નિરૂપણ કર્યું, પાપકર્મ ન કરવાનું વિવેચન કર્યું; આ પ્રમાણે ઉપદેશ બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ આપી ન શકે.'' આ પ્રમાણે કહી ક્રમશઃ પરિષદનું વિસર્જન થયું. ત્યાર પછી કુણિક રાજા આસનથી ઉઠયા, ત્રણ વખત આવર્તનપૂર્વક, વંદન-નમસ્કાર કરી ઉપરોક્ત શ્રદ્ધા-કીર્તનના ભાવ વ્યક્ત કરી રાજધાની તરફ વળ્યા. રાણીઓ પણ ઉઠી, વંદના કરી, ગુણગ્રામ કરી રાજભવનો તરફ પાછી વળી.

## દ્વિતીય પ્રકરણ – ઉપપાત

**(૧) ગૌતમ સ્વામી :–** પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જ્યેષ્ઠ શિષ્ય હતા. સાત ફૂટની તેમની અવગાહના–ઊંચાઈ હતી. સમચઉરંસ સંઠાણ, વજ્રઋષભનારાચ સંઘયણ યુક્ત તેમનું શ્રેષ્ઠ શરીર હતું. તેઓ અનુપમ શ્રેષ્ઠ શક્તિ સંપન્ન હતા. તેઓ ગૌરવર્ણવાળા અને વિપુલ તપ કરનારા હતા. તેઓ સાધનામાં સશક્ત, વિશાળ ગુણોના ધારક, કઠોરતમ બ્રહ્મચર્યવ્રતની



વિશુદ્ધ પાલના કરનારા હતા; શરીર મમત્વના ત્યાગી હતા; તેજોલેશ્યા આદિ વિવિધ લબ્ધિઓના ધારક હતા. તેઓ અવધિજ્ઞાની અને મનઃપર્યવજ્ઞાની શ્રમણ શિરોમણી હતા. તેઓ બાર અંગના ધારક, ચૌદ પૂર્વધારી, અદ્વિતીય મતિશ્રુતજ્ઞાની હતા. તે શ્રમણ ગૌતમ ભગવાન મહાવીર સ્વામીના દષ્ટિ ક્ષેત્રમાં વિશિષ્ટ ધ્યાનમુદ્રાના આસને બેસી ધ્યાન ધરતા. તેમનું તે ધ્યાન અનુપ્રેક્ષા અને પ્રેક્ષા ધ્યાન રૂપ હતું. તે ધ્યાનના માધ્યમથી તેમને જિજ્ઞાસા ઉત્પન્ન થતી અને અવિલંબ ભગવાન પાસે જતા, વિનયપૂર્વક સમાધાન પ્રાપ્ત કરી લેતા. તે સમાધાનના કેટલાક ઉદાહરણો આ પ્રમાણે છે–

**(૨) પાપકર્મનો બંધ :–** અસંયત, અવિરત, પાપકર્મોનો ત્યાગ ન કરનારો, વિવિધ પાપક્રિયા કરનારો, ઈન્દ્રિયોને કાબૂમાં ન રાખનારો, એકાંત પાપી, અજ્ઞાની, ભાવ નિદ્રામાં સુષુપ્ત જીવ પ્રાયઃ પાપકર્મનું જ ઉપાર્જન કરે છે. તે મોહવર્ધક પાપ કર્મનું જ ઉપાર્જન કરે છે, મોહકર્મનું વેદન કરતો હોવા છતાં ફરી ફરી મોહનીયકર્મનો બંધ કરે છે. અંતતોગત્વા દસમા ગુણસ્થાનકે ગયા પછી જ મોહનીયકર્મનો બંધ અટકે છે. ત્યાર પછી માત્ર વેદનીય કર્મનો જ બંધ થાય છે.

**(૩) અસંયતની ગતિ :–** અસંયત જીવ જે ત્રસપ્રાણીની ઘાતમાં અનુરક્ત રહે છે તે મૃત્યુ પામી નરકમાં જાય છે. જે ત્રસપ્રાણીની ઘાતમાં લીન નથી રહેતા, તેમાંથી કોઈ દેવ પણ બની શકે છે, તો કોઈ અન્યગતિઓમાં પણ જાય છે. દેવગતિમાં કોણ કોણ, કેવા અજ્ઞાની(અસંવૃત) જીવ જાય છે તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**(૪) અકામ કષ્ટસહનથી ગતિ :–** જે અજ્ઞાની જીવ કોઈ પણ પ્રકારની ધાર્મિક પ્રેરણા વિના અશુભ કર્મના ઉદયથી અને પરિસ્થિતિવશ ભૂખ, તરસ, સહન કરે છે, બ્રહ્મચર્ય પાળે છે, સ્નાન નથી કરતા, ઠંડી-ગરમી સહન કરે છે, ડાંસ મચ્છરના ડંખ તથા મેલ-પરસેવાના પરીષહને સહન કરે છે, તે અલ્પ સમય યા અધિક સમય સુધી આ પ્રકારના દુઃખો ભોગવી વ્યંતર જાતિના ભૂત, પિશાચ, યક્ષ, રાક્ષસ આદિ દેવ બને છે. ત્યાં ૧૦,૦૦૦ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે. તેમનું દેવ બનવું આરાધક ભાવે નહિ પરંતુ સંસાર ભ્રમણની કોટીનું હોય છે.

**(૫) દારૂણ દુઃખથી ગતિ :–** જે કોઈ પ્રકારના અપરાધમાં આવવાથી રાજ્ય પુરુષો દ્વારા વિભિન્ન યાતનાઓ ભોગવી મૃત્યુ પામે છે, વિરોધીઓ દ્વારા રીબાવીને મારી નાંખવામાં આવે છે, કોઈ-કોઈ જાતે જ દુઃખથી ગભરાઈ આત્મહત્યા કરે છે, જેથી અચાનક ઘટનાગ્રસ્ત થઈ મૃત્યુ પામે છે, અંતિમ સમયે રૌદ્રધ્યાન તથા સંકિલષ્ટ પરિણામોમાં મૃત્યુ ન પામે તો એટલે કે સામાન્ય આર્ત્તધ્યાનમાં મૃત્યુ પામે તો વ્યંતર દેવમાં ઉત્પન્ન થાય છે. ત્યાં જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ૧૨,૦૦૦ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે. તેનો આ દેવભવ પણ ભવભ્રમણરૂપ જ હોય છે.

**(૬) ભદ્ર સ્વભાવથી ગતિ :–** જે સ્વભાવથી ભદ્ર, ઉપશાંત, અલ્પ ક્રોધ, માન, માયા, લોભવાળા છે; નમ્ર, સરલ, વિનીત સ્વભાવવાળા છે; માતાપિતાની સેવા કરે છે, તેમની આજ્ઞાનો અનાદર કરતા નથી, અલ્પ ઈચ્છાવાળા, અલ્પ પરિગ્રહી, અલ્પારંભી, અલ્પ પાપની પ્રવૃત્તિ કરનારા, જીવન નિર્વાહ અલ્પ આરંભથી કરનારા, વ્રત નિયમ ધર્માચરણ ન કરનારા પણ મૃત્યુ પામી વ્યંતર જાતિના દેવ બની ઉત્કૃષ્ટ ૧૪,૦૦૦ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે.

**(૭) અકામ કષ્ટ સહનથી સ્ત્રીઓની ગતિ :–** જે સ્ત્રીઓ પતિથી ત્યજાયેલી હોય, બાળ વિધવા હોય, જે રાજ અંતઃપુરમાં રહેતી હોય, જેનો પતિ પરદેશ હોય, બીજો પતિ ન કરી શકતી હોય; પરિસ્થિતિ વશ ખાવું, પીવું, પહેરવું આદિ સુખ ભોગ ન કરી શકતી હોય; સંયોગ ન મળવાથી શ્રૃંગાર, સ્નાન, ધૂપ, માળા આદિનો ઉપયોગ ન કરતી હોય; મેલ, પરસેવા, ડાંસ મચ્છરના ડંખને સહેતી હોય; ભૂખ, તરસ, ઠંડી ગરમીને સહન કરતી હોય; અલ્પ આરંભ, પરિગ્રહથી જીવન નિર્વાહ કરતી હોય, અલ્પ ઈચ્છાવાળી હોય; આ પ્રમાણે અકામ (અનિચ્છાએ) બ્રહ્મચર્યનું પાલન કરનારી હોય તે મૃત્યુ પામી વ્યંતર દેવમાં ઉત્કૃષ્ટ ૬૦,૦૦૦ વર્ષનું આયુષ્ય પ્રાપ્ત કરે છે. આ દેવભવ ધર્મારાધનાનો ન થતાં સંસાર ભ્રમણનું જ કારણ બને છે.

**(૮) ખાદ્ય દ્રવ્યોના ત્યાગી આદિ બાળજીવોની ગતિ :–** એક દિવસના ભોજનમાં પાણીથી અધિક એક દ્રવ્ય લેવાવાળા, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ અને અગિયાર દ્રવ્ય લેનારા, ગોસેવાના વિશેષ વ્રત અને પ્રદર્શન કરનારા, ગૃહસ્થ ધર્મ, અતિથિ સેવા, દાનાદિથી યુક્ત, ગૃહસ્થ ધર્મને જ શ્રેષ્ઠ માનનારા અને તેનું અનુસરણ કરનારા, ધર્મકથા સાંભળવાવાળા, ભક્તિમાર્ગી, અનાત્મવાદી, ક્રિયાવિરોધી, વૃદ્ધ, તાપસ, શ્રાવક, ધર્મશાસ્ત્રના શ્રોતા, બ્રાહ્મણાદિ, નવ વિગય તથા મદ્યમાંસના ત્યાગી, માત્ર સરસવના તેલનું વિગય વાપરનારા હોય છે. તેવા મનુષ્ય અલ્પ ઈચ્છા, અલ્પ પરિગ્રહ, અલ્પ પાપ પ્રવૃત્તિઓથી જીવન ચલાવનારા ત્યાંથી મૃત્યુ પામી વ્યંતર દેવનું ઉત્કૃષ્ટ ૮૪,૦૦૦ વર્ષનું આયુષ્ય પામે છે. બાળ ભાવ અને અજ્ઞાન દશાના કારણે ધર્મના આરાધક નથી હોતા તેથી તેમની આ દેવ અવસ્થા ભવ ભ્રમણની અવસ્થા છે.

**(૯) વાનપ્રસ્થ સાધકોની ગતિ :–** ગંગાનદીના કિનારે વાનપ્રસ્થ તાપસ રહે છે. તેનામાં કોઈ અગ્નિહોત્રી હોય છે, કોઈ વસ્ત્રધારી તો કોઈ પૃથ્વી શયનવાળા હોય છે. તેમાં કોઈ શ્રાદ્ધ કરનારા, પાત્ર ધારણ કરનારા, કંઠી ધારણ કરનારા, ફળાહારી, પાણીમાં એક વખત કે વારંવાર ડૂબકી લગાડી સ્નાન કરનારા, પાણીમાં ડૂબ્યા રહી સ્નાન કરનારા, માટીનો લેપ લગાડી સ્નાન કરનારા, ગંગાના દક્ષિણ તટપર રહેનારા, ઉત્તર તટપર રહેનારા, શંખ વગાડી ભિક્ષા લેનારા, ગંગા તટ



ઉપર ઉભા રહી અવાજ કરી ભિક્ષા લેનારા, બહુ લાંબા સમય સુધી માત્ર એક જ મૃગ અથવા હાથી આદિનું માંસ ખાનારા, દંડને ઊંચો રાખી ચાલનારા, દિશાપ્રોક્ષી– દિશાઓમાં પાણી છાંટી ફળ-ફૂલ એકઠા કરનારા અને પ્રાપ્ત આહારમાંથી દાન કરી ખાનારા, ગુફાવાસી, જલ-તટવાસી, પાણીમાં નિવાસ કરનારા, વૃક્ષ નીચે રહેનારા, કેવળ જળાહારી, કેવળ વાયુ ભક્ષી, શેવાળ, મૂળ, કંદ, ત્વચા, પત્ર, પુષ્પ, ફળ, બીજનો આહાર કરનારા, નીચે પડેલા મૂળ, કંદાદિ મળે તો જ એનો આહાર કરનારા, પંચાગ્નિ તાપથી શરીરને આતાપના દેવાવાળા.

આવા સાધક વિવિધ પ્રકારના નિયમ યુક્ત વાનપ્રસ્થ પર્યાયનું પાલન કરવાવાળા ઉત્કૃષ્ટ જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમનું ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમનું આયુષ્ય હોય છે. તેઓ પણ બાલ ભાવ અને અજ્ઞાન દશામાં હોવાના કારણે અર્થાત્ શુદ્ધ નિર્વદ્ય ધર્મને ન સમજવાથી, ધર્મના આરાધક ન હોવાથી તેમનો દેવભવ પણ મોક્ષ હેતુક થતો નથી, સંસાર ભ્રમણ રૂપ જ હોય છે.

**(૧૦) કાંદર્પિક શ્રમણોની ગતિ :–** જે શ્રમણ પ્રવ્રજિત થઈને વિવિધ હાંસી-મજાકમાં ઉટપટાંગ આલાપ-સંલાપમાં, ભાંડ જેવી ચેષ્ટા કરનારા, અન્યને હસાનારા, ગાન યુક્ત ક્રીડામાં અને નૃત્યવૃત્તિમાં વિશેષ અભિરૂચિ રાખી પ્રવૃત્ત થાય છે અને તેમાં જ આનંદ માનતા રહે છે. આ પ્રકારે મોહરૂપ અને મોહવર્ધન દશામાં રહેતા થકા આલોચના–પ્રતિક્રમણ ન કરવાથી તે વિરાધક થાય છે. પ્રથમ સૌધર્મ દેવલોકમાં કાંદર્પિક હાસ્યપ્રિય અને નોકર દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં એક લાખ વર્ષ અધિક એક પલ્યોયમની સ્થિતિ મેળવે છે.

**(૧૧) પરિવ્રાજકોની ગતિ :–** પરિવ્રાજકોના અનેક પ્રકાર હોય છે. (૧) પચ્ચીસ તત્વોને માનનારા અને અનાત્મત્વાદી, અનીશ્વરવાદી, સાંખ્ય મતાવલંબી(પાંચ મહા ભૂત, અગિયાર ઈન્દ્રિય, પાંચ તન્માત્રાઓ, પુરૂષ, પ્રકૃતિ, બુદ્ધિ, અહંકાર આ પચીસ તત્ત્વ માનનારા) (૨) હઠ યોગ અનુષ્ઠાતા યોગી (૩) મહર્ષિ કપિલના મતાવલંબી (૪) ભૃગુઋષિની પરંપરાના અનુયાયી 'ભાર્ગવ' (૫) ગુફા, પર્વત, આશ્રમ, દેવસ્થાનમાં રહેનારા, માત્ર ભિક્ષા હેતુએ વસ્તીમાં જનારા 'હંસ પરિવ્રાજક' (૬) નદીના તટે અથવા નદીના સંગમ સ્થાને રહેતા 'પરમહંસ', મૃત્યુ સમયે વસ્ત્ર, ઘાસ આદિનો પણ ત્યાગ કરી દેનારા (૭) ગામમાં એક રાત અને શહેરમાં પાંચ રાત રહી પ્રાપ્ત ભોગોનો સ્વીકાર કરનારા 'બહૂદક' (૮) ગૃહસ્થા-વસ્થામાં રહેતા થકા ક્રોધ, લોભ, મોહ અને અહંકારનો ત્યાગ કરનારા કુટીવ્રતી યા કુટીચરી (૯) નારાયણમાં ભક્તિશીલ પરિવ્રાજક – 'કૃષ્ણ પરિવ્રાજક' તથા આઠ બ્રાહ્મણ પરિવ્રાજક અને આઠ ક્ષત્રિય પરિવ્રાજક છે.

**આઠ બ્રાહ્મણ પરિવ્રાજક–** કર્ણ, કરકંડ, અંબડ, પારાશર, કૃષ્ણ, દ્વિપાયન,

દેવગુપ્ત, નારદ. **આઠ ક્ષત્રિય પરિવ્રાજક–** શીલધી, શશિધર, નગ્ન, ભગ્નક, વિદેહ, રાજરાજ, રાજરામ, બલ.

આ પરિવ્રાજક ચાર વેદ, ઈતિહાસ, નિઘંટુ, છ અંગોમાં નિષ્ણાત, વ્યાકરણ, જ્યોતિષ આદિ બ્રાહ્મણ યોગ્ય શાસ્ત્રો, ગ્રંથોમાં સુપરિપક્વ જ્ઞાન યુક્ત હોય છે.

આ પરિવ્રાજક દાનધર્મની અને સ્વચ્છતામૂલક ધર્મની પ્રરૂપણા વિશ્લેષણ કરી યુક્તિપૂર્વક સમજાવે છે. તેઓ એવું કથન કરે છે કે દરેક વસ્તુને માટી અને પાણીથી શુદ્ધ કરી પવિત્ર બનાવાય છે. સ્નાનાદિથી દેહને પવિત્ર બનાવી આપણે આપણા મતાનુસાર સ્વર્ગગામી થઈશું.

**(૧૨) પરિવ્રાજકોની આચાર પ્રણાલી :–** (૧) વાવડી, તળાવ, નદી આદિમાં પ્રવેશ ન કરવો, માર્ગમાં વચ્ચે આવી જાય તો છૂટ (૨) વાહનોનો પ્રયોગ ન કરવો. (૩) હાથી, ઘોડા, ગધેડા, આદિની સવારીનો પણ ત્યાગ, પરવશતા તથા બળાત્કારનો આગાર. (૪) બધા પ્રકારના ખેલ, નૃત્ય, કુતૂહલ, મનોરંજન, વીણા, વાજિંત્ર અને દર્શનીય સ્થળો કે પદાર્થોને જોવા સાંભળવા કલ્પતા નથી. (૫) લીલી વનસ્પતિનો સ્પર્શ કરવો, તોડવી, કચડવી, પાંદડા, શાખા આદિને ઊંચા-નીચા કરવા, વાળવા અકલ્પનીય છે. (૬) બધા જ પ્રકારની વિકથાઓ, હાનિપ્રદ વિકથા કરવી કલ્પતી નથી. (૭) તુંબડા, લાકડા તથા માટી આ ત્રણ સિવાયના અન્ય પ્રકારના પાત્ર કે પાત્રબંધન રાખવા કલ્પતા નથી. (૮) વીંટીથી લઈ ચૂડામણી પર્યંત કોઈ પણ પ્રકારના આભૂષણ પહેરવાનો નિષેધ. (૯) ભગવા રંગના વસ્ત્ર સિવાય કોઈપણ રંગના વસ્ત્ર કલ્પતા નથી. (૧૦) કનેર(કરેણ)ના ફૂલની માળા સિવાય બીજી કોઈપણ માળા ન વાપરવી. (૧૧) ગંગાની માટી સિવાય કોઈપણ જાતના ચંદન કે કેસરનો લેપ કરવો કલ્પતો નથી. (૧૨) પરિવ્રાજકોને પીવા માટે એક શેર પાણી અને હાથ, પગ, પાત્રાદિ ધોવા ચાર શેર(કિલો) પાણી ગ્રહણ કરવું કલ્પે છે. તે પણ સ્વચ્છ, નિર્મળ, વહેતું તથા ગાળેલું પાણી લેવું કલ્પે છે. તે જળ પણ કોઈ ગૃહસ્થ આપે તો જ લે, જાતે લઈ શકતા નથી.

આ પ્રકારના આચારનું પાલન કરતા થકા તે ઉત્કૃષ્ટ પાંચમાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની દસ સાગરોપમની સ્થિતિ હોય છે. શુદ્ધ, નિષ્પાપ ધર્મથી અનભિજ્ઞ, અજ્ઞાત હોવાથી તેઓ ધર્મના આરાધક થતા નથી.

**(૧૩) અંબડ પરિવ્રાજકના શિષ્ય :–** બ્રાહ્મણ પરિવ્રાજકોમાં અંબડનું કથન છે. તે અંબડની કથા આ પ્રમાણે છે– અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્ય હતા. એકદા વિચરણ કરતા થકા શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનો સમાગમ થયો. નિર્ગ્રંથ પ્રવચનનું શ્રવણ કરી બાર વ્રત ધારણ કરવાની રુચિ જાગી. ભગવાને તેમને શ્રાવકના બાર વ્રત ધરાવ્યા. આથી અંબડ પરિવ્રાજક નિર્ગ્રંથ પ્રવચનનો સ્વીકાર કરી શ્રાવકધર્મનું પાલન કરતા થકા પરિવ્રાજક પર્યાયમાં વિચરણ કરવા લાગ્યા.



છતાં શ્રાવક વ્રતની આરાધનામાં કોઈ ઢકાવટ ન આવી. કયારેક અંબડ પરિવ્રાજક એકલા પણ વિચરતા હતા.

એક વખત અંબડના ૭૦૦ શિષ્યોએ કંપિલપુરથી પુરિમતાલ નગર તરફ પ્રસ્થાન કર્યું. ત્યારે સાથે લીધેલું પાણી વચ્ચે જ પૂરું થઈ ગયું. જેઠ મહિનાની સખત ગરમી હતી. બધા તૃષાથી સંતપ્ત હતા. શોધ કરવા છતાં સંયોગવશાત્ પાણી દેનારા કોઈ ન મળ્યા. બધાનો અફર નિર્ણય હતો કે આપદ્કાળમાં પણ અદત્ત ગ્રહણ ન કરવું. તેઓ ગંગા નદીની નજીક પહોંચી ગયા. ગરમીના કારણે મનુષ્યનું આવાગમન બંધ હતું. અંતે બધાએ ગંગાની રેતીમાં પાદપોપગમન સંથારો લેવાનો નિર્ણય કર્યો.

તેમણે પોતાના ભંડોપકરણ– વસ્ત્રપાત્રાદિ ૧૪ ઉપકરણોનો ત્યાગ કર્યો. તેઓએ રેતીમાં જ પલ્યંકાસને બેસી બંને હાથ જોડી સિદ્ધ ભગવાનને નમોત્થુણંના પાઠથી વંદના કરી. ત્યાર પછી બીજી વખત નમોત્થુણંના પાઠથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન કર્યા. ત્યાર પછી પોતાના ધર્મગુરુ ધર્માચાર્ય અંબડ સંન્યાસીને ભાવપૂર્વક વંદન કર્યા.

ત્યાર પછી મોટેથી બોલ્યા કે– અમે પ્રથમ અંબડ પરિવ્રાજકની સમીપે જીવનભર સ્થૂલ હિંસા, જૂઠ, ચોરી, પરિગ્રહનો ત્યાગ કર્યો હતો અને સંપૂર્ણ મૈથુનનો ત્યાગ કર્યો હતો. હવે અમે શ્રમણ ભગવાન મહાવીર સમીપે(પરોક્ષ સાક્ષીએ) સંપૂર્ણ હિંસા, જૂઠ, ચોરી આદિ અઢાર પાપનો યાવજ્જીવન ત્યાગ કરીએ છીએ, ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીએ છીએ, અતિપ્રિય આ શરીરનો પણ ત્યાગ કરીએ છીએ. આ પ્રકારે વિસ્તૃત વિધિપૂર્વક સંલેખનાના પાઠથી પાદપોપગમન સંથારો ધારણ કરી સમય વ્યતીત કરવા લાગ્યા. યથા સમયે આયુષ્ય પૂર્ણ કરી તે ૭૦૦ શિષ્યો પાંચમા દેવલોકમાં દસ સાગરોપમની સ્થિતિમાં ઉત્પન્ન થયા. તે અંબડના શિષ્યો ધર્મના આરાધક થયા. કારણકે પરિવ્રાજક પર્યાયમાં રહેતા થકા નિષ્પાપ, નિરવદ્ય ધર્મને સમજ્યા હતા અને યથાશક્તિ પાલન પણ કર્યું હતું.

**(૧૪) અંબડ પરિવ્રાજક :–** અંબડ સંન્યાસી પરિવ્રાજકપણામાં એકલા જ વિચરણ કરતા હતા. સાથે શ્રાવકના બાર વ્રતનું પણ પાલન કરતા હતા. છટ્ઠ છટ્ઠનું નિરંતર તપ કરવાથી અને આતાપના લેવાથી તેમને અવધિજ્ઞાન અને વૈક્રિયલબ્ધિ ઉત્પન્ન થયા હતા. પોતાના બળ અને શક્તિથી લોકોને આશ્ચર્ય પમાડવા એક સાથે સો ઘરે જતા. ગોચરી લેતા(ભોજન લેતા) અને રહેતા. આ વાતની ચર્ચા ગામમાં થઈ રહી હતી. ભિક્ષાર્થે પધારતા ગૌતમ સ્વામી એ પણ આ વાત સાંભળી હતી.

અંબડ સંન્યાસી નિર્ગ્રંથ પ્રવચનમાં અતૂટ શ્રદ્ધા રાખતા થકા શ્રાવક પર્યાયનું

પાલન કરતા અને સંપૂર્ણ બ્રહ્મચર્ય પણ પાળતા. સાથે સાથે પરિવ્રાજક પર્યાયનું પણ પાલન કરતા હતા. વિશેષતા એ છે કે તેઓ આધાકર્મી, ઉદ્દેશિક, મિશ્ર, ક્રીત, પૂતિકર્મ, અધ્યવપૂર્વક, ઉધાર, અનિસૃષ્ટ, અભિહડ, સ્થાપિત, રચિત દોષોથી યુક્ત આહાર ગ્રહણ નહોતા કરતા. કંતાર ભક્ત, દુર્ભિક્ષભક્ત, ગ્લાન ભક્ત, બાદલિક ભક્ત, પાહુણક ભક્ત, આદિ દોષવાળા આહાર પાણી ગ્રહણ નહોતા કરતા. કંદમૂળ, પત્ર, પુષ્પ, ફળ, બીજ પણ ગ્રહણ નહોતા કરતા. તેમણે ચાર પ્રકારના અનર્થ દંડનો યાવજ્જીવન ત્યાગ કર્યો હતો.

તેઓ પીવા માટે તેમજ હાથ-પગ પાત્ર ધોવા માટે બે શેર પાણી ગ્રહણ કરતા હતા તથા સ્નાન માટે ચાર શેરથી અધિક પાણી નહોતા લેતા. પાણી ગ્રહણમાં પણ સંપૂર્ણ નિયમોનું પાલન કરતા હતા.

અંબડ સંન્યાસી અરિહંત અને અરિહંતના શ્રમણો સિવાય કોઈને સવિધિ વંદન નહોતા કરતા. આ પ્રમાણે અંબડ પરિવ્રાજક પોતાના પૂર્વવેશ અને ચર્યાની સાથે શ્રાવકવ્રતની આરાધના કરી અંતિમ સમયે એક માસનો સંથારો કરી આયુષ્ય પૂર્ણ કરી આરાધક બની પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાં દસ સાગરોપમનું આયુષ્ય મેળવ્યું.

દેવભવ પૂર્ણ થતાં અંબડનો જીવ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્તમ કુળમાં જન્મ લેશે. દઢપ્રતિજ્ઞ નામ રાખવામાં આવશે, ૭૨ કળામાં પારંગત થશે, યૌવનવય પ્રાપ્ત થતા માતા-પિતા તેને ભોગનું આમંત્રણ આપશે છતાં તેનો અસ્વીકાર કરશે. તેઓ અનેક વર્ષનું શુદ્ધ શ્રામણ્ય પાળી કેવળજ્ઞાન, કેવળ દર્શનની પ્રાપ્તિ કરશે, અનેક વર્ષ સુધી કેવળ પર્યાયનું પાલન કરી કર્મક્ષય કરી સિદ્ધ બુદ્ધ અને મુક્ત થશે. મુક્ત થવા માટે સાધુએ નિમ્ન કઠોરતમ નિયમોનું પાલન કરવું પડે છે. યથા– (૧) નગ્ન ભાવ–શરીર સંસ્કારનો ત્યાગ. (૨) મુંડભાવ–ગૃહાદિ પરિગ્રહ તથા મમત્વનો ત્યાગ. (૩) સ્નાન ન કરવું. (૪) દાતણ આદિ ન કરવું. (૫) કેશલુંચન કરવું. (૬) અખંડ બ્રહ્મચર્યનું પાલન. (૭) છત્ર ત્યાગ. (૮) પાદરક્ષકનો ત્યાગ. (૯) ભૂમિ શયન કરવું. પાટ અથવા કાષ્ટના ટુકડા ઉપર સુવું. (૧૦) ઘર ઘરથી ભિક્ષા લેવી. (૧૧) લાભાલાભમાં સંતુષ્ટ રહેવું (૧૨) બીજા દ્વારા થયેલ હીલના, નિંદા, ગર્હા, તાડન, તર્જન, પરાભવ(તિરસ્કાર), વ્યથા(પરિતાપ) આ બધી પરિસ્થિતિમાં સમભાવ કેળવવો.

અન્ય કોઈ ઊંચા-નીચા રાગ-દ્વેષાત્મક સંકલ્પ-વિકલ્પ ન કરવા. તે સિવાય નાની મોટી ઈન્દ્રિય વિરોધી કષ્ટકારક પરિસ્થિતિ, ૨૨ પરીષહ, દેવ-મનુષ્ય કે તિર્યંચકૃત ઉપસર્ગ આદિનો સમભાવથી સ્વીકાર કરી શાંત, પ્રસન્ન રહેવું. ઈત્યાદિ મન અને તનની પ્રતિકૂળ સ્થિતિઓનો પ્રતિકાર ન કરતાં તે અવસ્થામાં જ્ઞાતા દષ્ટા બની સમભાવ રાખવો.



આ બધા મન અને તનના કષ્ટ સાધ્ય નિયમોને સાધક સર્વથા કર્મમુક્ત થવા જ ધારણ કરે છે.

**(૧૫) ગુઢ પ્રત્યનીક શ્રમણોની ગતિ :–** જે શ્રમણ નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રવ્રજિત થયા બાદ કાલાંતરે અહંભાવમાં આવી આચાર્ય, ઉપાધ્યાય, કુલ, ગણ, ગુઢ આદિનો તિરસ્કાર, અપકીર્તિ કરે છે, નિર્ગ્રંથ પ્રવચનથી વિપરીત પ્રરૂપણા કરે છે, જેથી પોતે ભ્રમણામાં પડે છે અને અન્યને ભ્રમમાં નાખે છે; આ પ્રકારે અભિનિવેશિક મિથ્યાત્વ યુક્ત શ્રમણ પર્યાયનું પાલન કરે છે; તેવા સાધક મૃત્યુ સમયે તે દોષોની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના જ આયુષ્યપૂર્ણ કરી ઉત્કૃષ્ટ છઠ્ઠા દેવલોકમાં કિલ્વિષક દેવોના રૂપમાં તેર સાગરની સ્થિતિએ ઉત્પન્ન થાય છે. તે મિથ્યા મતિ હોવાથી બાલ ભાવના કારણે ધર્મના આરાધક થતા નથી. તેથી આ દેવભવ સંસાર ભ્રમણનો જ સમજવો.

**(૧૬) આજીવિક ગોશાલક મતાવલંબીની ગતિ :–** આજીવિક મતના શ્રમણ કોઈ બે ઘરના અંતરે તો કોઈ ત્રણ, ચાર, પાંચ, છ, સાત ઘરના અંતરે ભિક્ષા લે છે. કોઈ ફક્ત કમળના ડંઠણ(ડીંટીયા) લે છે. કોઈ પ્રત્યેક ઘરથી ભિક્ષા લેનારા, આકાશમાં વિજળી ચમકે ત્યારે ભિક્ષા ન લેનારા, માટીના મોટા વાસણમાં પ્રવિષ્ટ થઈ તપ કરનારા ઈત્યાદિ વિવિધ વિહાર ચર્યા અને તપ કરનારા ગોશાલક મતાવલંબી કાળ કરી ઉત્કૃષ્ટ ૧૨મા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં તેમની ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિ હોય છે. તે પણ મિથ્યાત્વાભિભૂત અજ્ઞાન દશામાં હોવાથી ધર્મના આરાધક થતા નથી.

**(૧૭) આત્મોત્કર્ષક કુશીલ શ્રમણોની ગતિ :–** જે શ્રમણ નિર્ગ્રંથ પ્રવચનમાં પ્રવ્રજિત થઈ કાલાંતરે મહિમા, પૂજા, માન-પ્રતિષ્ઠાથી અભિભૂત થઈ સ્વયંના ગુણાનુવાદ અને અન્યના અવગુણ ગાય છે, દોરા-ધાગા, રક્ષા પોટલી, યંત્ર-મંત્ર-તંત્ર આદિ ચમત્કાર પૂર્ણ વૃત્તિઓથી લોકોને આકર્ષિત કરે છે; આ પ્રકારના કુશીલ આચરણથી યુક્ત થઈ શ્રમણ પર્યાયનું પાલન કરે છે એવા સાધક મૃત્યુ પર્યંત આ દોષોનો પરિત્યાગ, આલોચના પ્રતિક્રમણ આદિ ન કરતાં આયુષ્ય પૂર્ણ કરી ઉત્કૃષ્ટ બારમા દેવલોકમાં આભિયોગિક(નોકર) દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમની સ્થિતિ પામે છે. તે સાધકોની શુદ્ધ, નિરતિચાર સંયમની આરાધના ન હોવાથી તેને પણ વિરાધક કહ્યા છે.

**(૧૮) નિન્હવોની ઉત્પત્તિ :–** જે શ્રમણ નિર્ગ્રંથ ધર્મમાં પ્રવ્રજિત થયા બાદ અહંભાવમાં આવી તીર્થંકરના સિદ્ધાંતોની ઉપેક્ષા કરી વિપરીત પ્રરૂપણા કરે છે; કુતર્ક અને બુદ્ધિ બળથી અભિનિવેષિક મિથ્યાત્વને પુષ્ટ કરે છે; સાથે બીજાને પણ અસત્ પ્રરૂપણાથી ભાવિત કરે છે; મિથ્યામતમાં જોડે છે. તેઓ બાહ્યાચારથી શ્રમણ પર્યાયમાં હોય છે; તેવા સાધક વિશુદ્ધ દ્રવ્ય શ્રમણાચારનું પાલન કરી

(મિથ્યાત્વ ભાવો હોવા છતાં) ઉત્કૃષ્ટ નવગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમનું આયુષ્ય પ્રાપ્ત કરે છે.

વર્તમાનમાં ૨૪મા તીર્થંકરના શાસનમાં ૭ નિન્હવ થયા. (૧) જમાલી (૨) તિષ્યગુપ્તાચાર્ય (૩) અષાઢાચાર્યના શિષ્ય (૪) અશ્વમિત્ર (૫) ગંગાચાર્ય (૬) રોહગુપ્ત (૭) ગોષ્ઠામાહિલ – તેઓએ જિનોક્ત, આગમોક્ત સિદ્ધાંતોની વિપરીત પ્રરૂપણા કરી હતી. તે સાત નિહ્નવોનું વિવરણ આ પ્રમાણે છે–

**(૧) બહુરતવાદ :–** ઘણા સમય પછી કાર્ય પૂર્ણ થાય છે. કરતાં ને કર્યું ન કહેવાય, આ વિચારધારા જમાલીની હતી. તેઓ ભગવાન મહાવીરના જમાઈ હતા, વૈરાગ્યભાવે દીક્ષિત થયા. તેઓએ એક વખત સ્વતંત્ર વિહરવાની ભગવાન પાસે આજ્ઞા માગી, ભગવાને મૌન રાખ્યું છતાં ૫૦૦ શ્રમણોને લઈ વિહાર કર્યો. તેમણે કઠોર આચાર અને તપશ્ચર્યા કરી. શ્રાવસ્તી નગરીમાં જમાલીને પિત્તજવરની પીડા થઈ, અસહ્ય વેદના થઈ, પથારી કરવા સાધુઓને નિર્દેશ કર્યો. તેમને એક એક પળ પણ ભારે થવા લાગી. સાધુઓને પૂછ્યું– પથારી તૈયાર છે ? જવાબ મળ્યો– પથારી થઈ રહી છે, થઈ નથી. આ સાંભળી તેમણે વિચાર કર્યો કે એક સમયમાં કાર્ય નિષ્પન્ન થતું નથી. ભગવાને કહ્યું છે કે ''કરતા તે કર્યું'' તેમ કહેવું, તે મોટી ભૂલ છે. વેદના શાંત થયા છતાં તે પોતાના વિચારને છોડી ન શકયા. જમાલી ભગવાન સમીપે ગયા. તેમણે ભગવાન મહાવીર તથા ગૌતમ સ્વામી સાથે વાર્તાલાપ કર્યો. જમાલી એ જીદ ન છોડી અને જુદા થઈ ગયા. કેટલાક શિષ્યો તેમની સાથે ગયા તો કેટલાક ભગવાનની પાસે જ રહ્યા. આ ઘટના ભગવાનના કેવળજ્ઞાન પ્રાપ્તિના ૧૪ વર્ષ પછી થઈ.

**(૨) જીવપ્રાદેશિકવાદ :–** એક પ્રદેશ પણ ઓછો હોય તો જીવ જીવત્વયુક્ત કહેવાતો નથી. અંતિમ પ્રદેશથી પૂર્ણ હોય ત્યારે જ જીવ, જીવ કહેવાય છે. તેથી તે એક પ્રદેશ જ જીવ છે આ સિદ્ધાન્તના પ્રવર્તક તિષ્યગુપ્તાચાર્ય હતા. તે ભગવાનના મોક્ષગમન પછી ૧૬ વર્ષે થયા.

**(૩) અવ્યકતવાદ :–** સાધુ આદિના સંદર્ભમાં આખુંય જગત અવ્યક્ત છે. અમુક સાધુ છે કે દેવ, કંઈ કહી શકાતું નથી. તેના પ્રવર્તક આચાર્ય આષાઢના શિષ્યો મનાય છે. આચાર્ય આષાઢ શ્વેતાંબિકા નગરીમાં હતા. શિષ્યોને યોગ સાધના શીખવાડી રહ્યા હતા. અચાનક તેમનો દેહાંત થયો, દેવ બન્યા. શિષ્યોનો અભ્યાસ અટકે નહીં તેથી મૃત શરીરમાં તે દેવે પુનઃ પ્રવેશ કર્યો, અલ્પ સમયમાં જ તે ક્રિયા થઈ ગઈ. કોઈને આ ઘટનાનો ખ્યાલ ન રહ્યો. શિષ્યોને અભ્યાસ કરાવી દેવરૂપે દેહમાંથી નીકળ્યા. શ્રમણોને બધી પરિસ્થિતિ કહી ક્ષમાયાચના કરી કે દેવરૂપ અસંયત હોવા છતાં મેં સંયતાત્માઓને વંદન કરાવ્યા. તેમ કહી પોતાના સ્થાને ચાલ્યા ગયા. શ્રમણોના ચિત્તમાં સદાય સંદેહ રહ્યો કે કોણ દેવ ને કોણ સાધુ ? તે



અવ્યક્ત છે. તેથી તેઓ શ્રમણ વ્યવહાર છોડી દુરાગ્રહમાં ફસાયા. તેમણે વીર નિર્વાણ પછી ૧૧૪ માં વર્ષે આ મત ચાલ્યો.

**(૪) સામુચ્છેદિક વાદ :–** કૌંડિલ નામના આચાર્ય હતા. તેમના શિષ્ય અશ્વમિત્ર હતા. શિષ્યને પૂર્વનું જ્ઞાન શીખવાડી રહ્યા હતા. પર્યાય સ્વરૂપનું પ્રકરણ ચાલી રહ્યું હતું. પ્રથમ સમયના નારક સમુચ્છિન્ન થશે પછી બીજા સમયના નારક સમુચ્છિન્ન થશે. દ્રવ્યની અપેક્ષાએ તે જ નારક જીવ તે સમયની પર્યાયમાં રહેશે તેમણે તે સમય પર્યાયાત્મક દષ્ટિથી જ સમુચ્છિન્નતાનું કથન કર્યું હતું પણ અશ્વમિત્રે તે પકડી લીધું કે ''નારક આદિ ભાવોનો એકાંતે પ્રતિક્ષણ સમુચ્છેદ, વિનાશ થતો રહે છે.'' તેમણે આ પ્રરૂપણા વીર નિર્વાણ પછી ૨૨૦ વર્ષે ચાલુ કરી.

**(૫) દ્વૈક્રિય વાદ :–** શીતલતા અને ઉષ્ણતા આ બે ક્રિયાની અનુભૂતિ એક જ સમયે એક વ્યક્તિને થાય છે– આ દ્વૈક્રિયવાદ છે. ગંગાચાર્ય તેના પ્રવર્તક હતા. ગંગમુનિ ધનગુપ્તના શિષ્ય હતા. તે એક વખત પોતાના ગુઢની સેવામાં જઈ રહ્યા હતા, માર્ગમાં ઉલ્લુકા નદીના પાણીમાં ચાલીને નદી પાર કરી રહ્યા હતા. માથા ઉપર સૂર્યના તાપથી ઉષ્ણતા અને પગમાં પાણીની શીતળતાનો અનુભવ થઈ રહ્યો હતો. ગંગમુનિ વિચારવા લાગ્યા– આગમોમાં બતાવ્યું છે કે એક સાથે બે ક્રિયાની અનુભૂતિ થતી નથી પણ હું તો પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. ભગવાનના નિર્વાણ બાદ ૨૨૮ વર્ષ પછી આ નિન્હવ થયા. આગમ તત્વ એ છે કે એક જીવને **એક સાથે** બે ક્રિયાનો અનુભવ થઈ શકે છે પરંતુ **એક સૂક્ષ્મ સમય**માં જીવને એક જ ઉપયોગ હોય છે.

**(૬) ત્રૈરાશિક વાદ :–** જીવ, અજીવ, નોજીવ (જીવ પણ નહી અને અજીવ પણ નહીં) એવો ત્રૈરાશિકવાદ આચાર્ય રોહગુપ્તે સ્વીકાર્યો હતો. તે અંતરંજિકા નામની નગરીમાં આચાર્ય શ્રીગુપ્તની સેવામાં જઈ રહ્યો હતો, રસ્તામાં પોટ્ટશાલ પરિવ્રાજક પોતાની વિદ્યાઓનો ચમત્કાર બતાવી રહ્યો હતો. તે વાદ કરવા બધાને આમંત્રણ આપી રહ્યો હતો. રોહગુપ્તે આમંત્રણનો સ્વીકાર કર્યો. પોટ્ટશાલ વૃશ્ચિકી, સર્પિણી, મૂષિકી, વિદ્યાઓનો સાધક હતો. તેમણે ચાલાકી કરી. અને રોહગુપ્તના સિદ્ધાંતોને જ માન્ય કરી બતાવ્યું કે રાશિ બે છે– જીવ, અજીવ. રોહગુપ્ત ખંડન ન કરી શકે તે હેતુએ જ તેણે આમ કહ્યું હતું. રોહગુપ્ત પણ બે રાશિ જ માનતા હતા. પણ પોટ્ટશાલની વાત માની લેવાથી પરાજિત થવું પડે તેથી વિરોધ કરતા સાથે કહ્યું– જગતમાં રાશિ ત્રણ છે– જીવ, અજીવ, નોજીવ અજીવ. આ પ્રરૂપણા તર્કની સાથે સિદ્ધ કરી વિજયી થયા. ગુઢદેવ શ્રીગુપ્તે આ તર્કને અમાન્ય કર્યો, તેમને પુનઃ રાજસભામાં જઈ પ્રતિવાદ કરવાનું કહ્યું. પણ હવે તો પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઉભો થયો. તેમણે ગુર્વાજ્ઞાનું પાલન ન કર્યું. ત્યારથી ત્રિરાશિકવાદ શરૂ કર્યો. વીર નિર્વાણના ૫૪૪ વર્ષ પછી આ નિહ્નવ થયા.

**(૭) અબદ્ધિકવાદ :–** ''કર્મ જીવની સાથે બંધાતા નથી પણ કંચુકની જેમ સ્પર્શમાત્ર કરી સાથે લાગ્યા રહે છે.'' ગોષ્ઠામાહિલ આ મતના પ્રવર્તક હતા. દુર્બલિકા પુષ્યમિત્ર આર્યરક્ષિતના ઉત્તરાધિકારી હતા, વિન્ધ્ય નામના શિષ્યને કર્મપ્રવાદના બંધાધિકારનો અભ્યાસ કરાવી રહ્યા હતા. તે સમજાવી રહ્યા હતા કે જેવી રીતે દિવાલ ઉપર ભીની માટીના ગોળાને ફેંકવાથી ચીટકી જાય છે તેવી જ રીતે કેટલાક કર્મ આત્માની સાથે ચીટકી જાય છે. સૂકી માટીના ગોળાને દિવાલ ઉપર ફેંકતા દિવાલનો સ્પર્શ કરી નીચે પડી જાય છે, તેવી રીતે કેટલાક કર્મ સ્પર્શ માત્ર જ કરે છે, ગાઢરૂપે બંધાતા નથી. ગોષ્ઠામાહિલે આ કથન સાંભળ્યું તો અપેક્ષાની ઉપેક્ષા કરી શંકિત થઈ ગયા કે જો આત્મા અને કર્મ એકાકાર થઈ જાય તો તે જુદા થઈ શકતા નથી. તેથી આ જ ન્યાય યુક્ત છે કે કર્મ આત્માની સાથે બંધાતા નથી, માત્ર સ્પર્શ કરે છે. પુષ્યમિત્રે તેમને બહુ સમજાવ્યા પણ પોતાની જિદ ઉપર તે અડગ રહ્યા. વીર નિર્વાણના ૬૦૯ વર્ષ બાદ ગોષ્ઠામાહિલે આ મત પ્રવર્તાવ્યો.

**(૧૯) સંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિય શ્રાવકની ગતિ :–** પાંચે ય જાતિના સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયને યથાયોગ્ય ચિંતન મનન કરવાથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેનાથી તેઓ શ્રાવકના વ્રત સ્વીકારી પોતાની યોગ્યતા અને ક્ષમતા અનુસાર પાલન કરે છે. સામાયિક, પૌષધોપવાસ આદિ પણ અનુકૂળતા પ્રમાણે કરે છે. તેઓ શ્રમણોપાસક પર્યાયનું પાલન કરતાં કરતાં સમાધિપૂર્વક આયુષ્યપૂર્ણ કરી ઉત્કૃષ્ટ આઠમા દેવલોક સુધી જઈ શકે છે. તેઓ નિર્ગ્રંથ પ્રવચન અને શ્રાવક ધર્મના આરાધક થાય છે. દેવલોકમાં તેઓનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૮ સાગરોપમનું હોય છે. તેઓ ૧૫ ભવથી વધારે સંસારમાં પરિભ્રમણ કરતા નથી.

**(૨૦) શ્રમણોપાસક મનુષ્યોની ગતિ :–** કેટલાક મનુષ્યો ધર્મપ્રેમી, ધર્મશ્રદ્ધા-વાળા, ધર્માનુયાયી, ધાર્મિકવૃત્તિવાળા અને ધર્મ સંસ્કારોવાળા સદાચારી તથા સંતોષી હોય છે. અલ્પારંભ, અલ્પ પરિગ્રહથી જીવન ચલાવે છે. તેઓ હિંસા આદિ મિથ્યાત્વ સુધીના ૧૮ પાપ સ્થાનકોના આંશિક ત્યાગી હોય છે અર્થાત્ અમુક અંશે મર્યાદા કરી હોય છે. આ પ્રકારના આરંભ સમારંભ કરવા-કરાવવા, ભોજનાદિ બનાવવું-બનાવડાવવું, પદાર્થોને કૂટવા, પીસવા; કોઈને મારવું, પીટવું, તાડના તર્જના કરવી, વધ બંધન કરવા, કોઈને દુઃખ દેવું ઈત્યાદિ ક્રિયાના આંશિક ત્યાગી હોય છે. સ્નાન, અભ્યંગન, વિલેપન, ઉબટન, શ્રૃંગાર, અલંકાર, માળા તેમજ મનોજ્ઞ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શના સુખોના દેશથી ત્યાગી અને મર્યાદિત આગારવાળા હોય છે. તે શ્રમણોપાસક પરપીડાકારી સાવદ્ય યોગોના અંશતઃ ત્યાગી અને મર્યાદિત આગારવાળા હોય છે.

આવા શ્રમણોપાસક જીવ, અજીવ તત્વના જ્ઞાતા; પુણ્યપાપને અનુભવ



પૂર્વક સમજીને આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષના વિષયમાં કુશળ; દેવ, દાનવના ડગાવ્યા છતાં ડગે નહિ; નિર્ગ્રંથ પ્રવચનમાં શંકા, કાંક્ષા આદિ દોષોથી રહિત; નિર્ગ્રંથ પ્રવચનના(સિદ્ધાંતોના) અર્થ, પરમાર્થના જાણકાર હોય છે. તેમની હાડ–હાડની મિજ્જામાં ધર્મપ્રેમ વણાયેલો હોય છે. નિર્ગ્રંથ પ્રવચનને જ જીવનમાં અર્થ-પરમાર્થરૂપે સમજે છે, શેષ અન્યકૃત્યોને આત્મા માટે નિષ્પ્રયોજન રૂપ સમજે છે. તેમને દાન દેવાની પૂર્ણ ભાવના હોય છે, તે કારણે તેમના ઘરના દરવાજા સદાય ખુલ્લા રહે છે. કોઈ પણ યાચક તેમના દરવાજેથી ખાલી હાથે પાછો જતો નથી. વિશેષ પ્રયોજન વિના કોઈના ઘરમાં કે અંતઃપુરમાં તેઓ પ્રવેશ ન કરે. તેઓ મહિનામાં છ પ્રતિપૂર્ણ પૌષધ કરે; શ્રમણ નિર્ગ્રંથોને કલ્પનીય આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, રજોહરણ, ઔષધ, ભેષજ, મકાન, પાટ, ઘાસ આદિ પરમ ભક્તિ અને વિવેકપૂર્વક પ્રતિલાભતાં શ્રમણોપાસક પર્યાયમાં વિચરણ કરે છે. અંતિમ સમયે યથાવસરે તેઓ અનશનનો સ્વીકાર કરે છે. અંતે આલોચના, પ્રતિક્રમણ કરી, સમાધિ ભાવે પંડિત મરણને પ્રાપ્ત કરી, ઉત્કૃષ્ટ બારમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે. ત્યાં વધુમાં વધુ ૨૨ સાગરોપમની સ્થિતિ પ્રાપ્ત કરે છે. તે શ્રમણોપાસક આરાધક થઈને ઉત્કૃષ્ટ પંદર ભવથી અધિક ભ્રમણ કરતા નથી. એટલેકે પંદર ભવમાં મોક્ષ ગામી બને છે.

**નિર્ગ્રંથ સુશ્રમણોની ગતિ :–** શ્રમણ નિર્ગ્રંથ શ્રેષ્ઠ ધર્મી, ધર્માનુરાગી, ધાર્મિક જીવન જીવવાવાળા હોય છે. ૧૮ પાપના સંપૂર્ણ ત્યાગી હોય છે. સાથે સાથે કરવું, કરાવવું, પકવવું, પકાવવું, આરંભ, સમારંભ, કૂટવું, પીસવું, તેમજ તેઓ પર-પરિતાપકારી કૃત્યોના ત્યાગી હોય છે. સ્નાન, શરીરસુશ્રુષા, માળા, અલંકાર આદિ પ્રવૃત્તિઓના પણ તેઓ ત્યાગી હોય છે. તેઓ ઈન્દ્રિયોના વિષયો શબ્દ, રૂપ આદિના પૂર્ણ ત્યાગી હોય છે.

આવા અણગાર પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ યુક્ત હોય છે. તેઓ ઈન્દ્રિયોને વશમાં રાખનારા, વિષયોમાં અનાસક્ત, નિયમોપનિયમયુક્ત, બ્રહ્મચર્યનું પાલન કરનારા, નિર્મમત્વી, અકિંચન, ભાવગ્રંથીઓથી રહિત અને આશ્રવ રહિત હોય છે. કર્મ બંધથી રહિત હોય છે. તેઓ સૂત્રોક્ત ૨૨ ઉપમાઓના ગુણોથી યુક્ત હોય છે. શાસ્ત્રાજ્ઞાનને જ સર્વસ્વ સમજી જીવનની માનસિક, વાચિક તથા કાયિક દરેક પ્રવૃત્તિ કરનારા હોય છે.

આ પ્રમાણે વિચરણ કરતા કેટલાક શ્રમણોને કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થાય છે. તેઓ અનેક વર્ષો સુધી કેવળી પણે વિચરી અંતે ભક્ત પ્રત્યાખ્યાન, સંલેખના કરી, સંપૂર્ણ કર્મનો ક્ષય કરી મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

કેટલાક શ્રમણ જીવન પર્યંત છદ્મસ્થ અવસ્થામાં જ વિચરણ કરે છે અને અંતિમ ક્ષણે સંથારો કરી તે સ્થિતિમાં જ કેવળજ્ઞાન કેવળ દર્શન પ્રાપ્ત કરી સિદ્ધ

થાય છે.

જયારે કેટલાક શ્રમણ સંયમનું આરાધન કરી ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય છે, ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય પ્રાપ્ત કરે છે. ત્યાંથી ચ્યવી તેઓ એક ભવ મનુષ્યનો કરી સિદ્ધ(મુક્ત) થાય છે.

ધર્મના આરાધક શ્રમણ-શ્રમણોપાસક જઘન્ય પહેલા દેવલોકમાં બે પલ્યની સ્થિતિએ ઉત્પન્ન થાય છે. ધર્મના વિરાધક અહીં વર્ણવેલા બધાજ જઘન્ય ભવન-પતિ તથા વ્યંતરમાં દસ હજાર વર્ષની સ્થિતિએ ઉત્પન્ન થાય છે, તેમજ અન્ય ત્રણ ગતિમાં પણ જાય છે.

**કેવલી સમુદ્ઘાત :–** બધાજ કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાત કરતા નથી. જે કેવળીને છ મહિનાથી વધુ આયુષ્ય બાકી હોય ત્યારે કેવળ જ્ઞાન, કેવળ દર્શન થયા હોય તેઓ કેવળી સમુદ્ઘાત કરતા નથી.

છ મહિનાથી ઓછું આયુષ્ય હોય અથવા તો જીવનની અંતિમ ક્ષણોમાં કેવળજ્ઞાન થયું હોય તેમજ જે કેવળીને આયુષ્ય અને અન્ય કર્મની અત્યધિક અસમાનતા હોય તે કેવળી કર્મોને સમ અવસ્થામાં કરવા માટે કેવળી સમુદ્ઘાત કરે છે. જેને સ્વભાવિક કર્મોની અસમાનતા ન હોય તેમને કેવળી સમુદ્ઘાત કરવાની આવશ્યકતા રહેતી નથી. કેવળી સમુદ્ઘાતમાં આત્મપ્રદેશ બહાર નીકળીને ક્રમશઃ સંપૂર્ણ લોકમાં ફેલાઈ, ફરીને ક્રમશઃ શરીરસ્થ થઈ જાય છે. આ પ્રક્રિયામાં માત્ર આઠ સમય જ લાગે છે.

આ કેવળી સમુદ્ઘાત યોગ નિરોધ અવસ્થાના અધિકતમ અંતર્મુહૂર્ત પહેલાં થઈ જાય છે. પછી કેવળી સંપૂર્ણ યોગનો નિરોધ કરી શરીરની ૨/૩ અવગાહનામાં આત્મપ્રદેશોને અવસ્થિત કરી દે છે. તે અવસ્થિત અવસ્થામાં પાંચ લઘુ અક્ષર ઉચ્ચાર જેટલો સમય રહે છે. તેને ૧૪ મું ગુણસ્થાન કહેવામાં આવે છે. તે સમય પછી તે અયોગી કેવળી સંપૂર્ણ કર્મક્ષય કરી, ઔદારિક, તેજસ, કાર્મણ શરીરનો ત્યાગ કરી શાશ્વત સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે.

**સિદ્ધોનું સ્વરૂપ :–** જેવી રીતે અગ્નિથી બળેલા બીજ ફરીને અંકુરિત નથી થતા તેવી રીતે સંપૂર્ણ કર્મબીજ બળી જવાના કારણે સિદ્ધને પુનઃ સંસારમાં અવતરવું પડતું નથી.

વજ્રઋષભનારાચ સંઘયણવાળા અને બધાજ સંઠાણવાળા મનુષ્ય સિદ્ધ થઈ શકે છે. જઘન્ય બે હાથ, ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્ય સિદ્ધ થઈ શકે છે. જઘન્ય સાધિક આઠ વર્ષ(ગર્ભ સહિત નવ વર્ષ) ઉત્કૃષ્ટ એક કરોડ પૂર્વની સ્થિતિવાળા સિદ્ધ બની શકે છે.

બધા દેવલોકથી ઉપર સિદ્ધ શિલા છે, જે પૃથ્વીકાયની છે, ૪૫ લાખ



યોજનના વિસ્તારવાળી ગોળાકાર છે, કિનારે માખીની પાંખ જેટલી પાતળી છે, અને વચ્ચે આઠ યોજન જાડી છે. તેનું ઉપરનું તળિયું સમતલ છે અને નીચેનું છત્રાકારે ગોળ છે. તે સિદ્ધશિલા સર્વાર્થસિદ્ધ મહાવિમાનથી ૧૨ યોજન ઉપર છે. તે સિદ્ધશિલાથી ઉપર ઉત્સેધાંગુલના એક યોજન સુધી લોક છે. ત્યાર પછી અલોક છે. લોકના અંતિમ કિનારેથી લોકની અંદર ૩૩૩ ધનુષ્ય અને ૩૨ અંગુલ સુધીના ક્ષેત્રમાં અનંતાનંત સિદ્ધ ભગવંતો રહેલા છે. તે બધાયના આત્મા અવગાહનાના ઉપલા કિનારા અલોકથી સ્પર્શેલા છે.

તે સિદ્ધ ભગવાન ત્યાં સાદિ અનંતકાળ સુધી અરૂપી શુદ્ધાત્મ સ્વભાવમાં સ્થિર રહે છે. સિદ્ધોના આત્મપ્રદેશોની અવગાહના જઘન્ય એક હાથ આઠ અંગુલ, ઉત્કૃષ્ટ ૩૩૩ ધનુષ્ય ને ૩૨ અંગુલ તથા મધ્યમ બધી અવગાહનાઓ હોય છે. ૪૫ લાખ યોજન ક્ષેત્રમાં કોઈપણ સ્થાન સિદ્ધ પ્રદેશોથી ખાલી નથી પરંતુ પ્રત્યેક પ્રદેશ ઉપર અનંત સિદ્ધોના આત્મપ્રદેશો રહેલા છે.

એક દીપકના પ્રકાશની સાથે સેંકડો દીપકોનો પ્રકાશ પણ તે જ દીપકના પ્રકાશમાં રહી શકે છે. જ્યારે આ રૂપી પુદ્ગલ પ્રકાશને રહેવામાં ક્યાંય મુશ્કેલી આવતી નથી તો અરૂપી આત્મપ્રદેશ અનંત સિદ્ધોના એકમાં અનેક વ્યાપ્ત થઈ જાય તેમાં સંદેહને સ્થાન રહેતું નથી. અર્થાત્ આવી રીતે અનંતાનંત સિદ્ધ ભગવાન એક સાથે રહે છે.

બધા સિદ્ધોની અવગાહના એક સરખી હોતી નથી. અંતિમભવમાં મનુષ્ય દેહની જે અવગાહના અને સંઠાણ હોય છે તેના બે તૃતીયાંશ અંશ જેટલી પ્રત્યેક સિદ્ધની પોત પોતાની અલગ અલગ અવગાહના હોય છે.

તે ત્યાં સ્થિર રહેતાં લોક, અલોકના બધા ભાવોને, દ્રવ્ય ગુણ પર્યાયોને કેવળજ્ઞાનથી જાણે છે અને કેવળ દર્શનથી જુએ છે. આ જ્ઞાન અને દર્શન બે આત્મગુણો જ સિદ્ધોમાં હોય છે. તેનો ઉપયોગ સાકારોપયોગ અને અનાકારોપ-યોગ કહેવાય છે.

**સિદ્ધોના સુખનું જ્ઞાન :–** સિદ્ધોના સુખને આપણે પ્રત્યક્ષ જાણી શકતા નથી કેમકે તે અરૂપી હોવાથી પરોક્ષ હોય છે. તેથી તેમને ઉપમા દ્વારા જાણવા જોઈએ.

સિદ્ધોને જે અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે તે મનુષ્ય કે દેવને પણ પ્રાપ્ત થતું નથી. કારણ મનુષ્ય અને દેવોના સુખ બાધાઓથી ભરપૂર તથા વિનાશી હોય છે. કલ્પના કરવામાં આવે કે દેવોના જીંદગીભરના બધા જ સુખોને એકઠા કરવામાં આવે અને તેને અનંતી વખત વર્ગાવર્ગિત ગુણવામાં આવે તો પણ તે મોક્ષ સુખની તોલે ન આવે.

અન્ય કલ્પનાએ– એક સિદ્ધના સંપૂર્ણ સુખને અનંતવર્ગથી ભાગવામાં

આવે અને જે સુખરાશિ ભાગફળના રૂપમાં આવે તે પણ એટલી અધિક હોય છે કે સંપૂર્ણ આકાશમાં સમાઈ શકતી નથી.

જેમ કોઈ અસભ્ય વનવાસી પુરુષ નગરના અનેક વિધ ગુણોના સુખને જાણતો-સમજતો હોવા છતાં પણ પોતાના સાથી અન્ય વનવાસીઓને તે સુખ સુવિધાને જંગલની કોઈ શ્રેષ્ઠ વસ્તુની ઉપમા આપીને પણ હકીકતે સમજાવી શકતો નથી કારણ કે જંગલમાં ઉપમા આપી શકે તેવી કોઈ વસ્તુ નથી, તેમ સર્વજ્ઞ-સર્વદર્શી તીર્થંકર, કેવળજ્ઞાની ભગવંત પણ છદ્મસ્થોને સાંસારિક પદાર્થોની ઉપમાથી, સિદ્ધોના વાસ્તવિક સુખોને જાણતા હોવા છતાં સમજાવી શકતા નથી. માત્ર શ્રદ્ધા ઉત્પન્ન કરાવવા માટે અંશતઃ સમજાવી શકે છે. હકીકતમાં સિદ્ધોના સુખ અનુપમ છે. તેને ઉપમા આપવા માટે સંસારમાં કોઈ પદાર્થ નથી. અહીં પણ અપેક્ષાએ સૂક્ષ્માંશમાં ઉપમા દ્વારા શ્રદ્ધા ઉત્પન્ન કરાવવાનો પ્રયત્ન કર્યો છે.

જેવી રીતે કોઈ પુરુષ પોતાની ઈચ્છાનુસાર સર્વ ગુણો-વિશેષતાઓથી યુક્ત સ્વાદિષ્ટ ભોજન કરી, ભૂખ, તરસથી મુક્ત થઈ અપરિમિત તૃપ્તિ, ઈચ્છિત આનંદનો અનુભવ કરે છે; તે રીતે સદાય પરમ તૃપ્તિ યુક્ત, અનુપમ શાંતિયુક્ત સિદ્ધપ્રભુ વિઘ્ન રહિત, શાશ્વત, પરમસુખમાં નિમગ્ન રહે છે.

તે સર્વ દુઃખોથી પાર થઈ ચૂકયા છે અર્થાત્ તેઓએ સંપૂર્ણ દુઃખના મૂળને નષ્ટ કરી નાખ્યું છે. જન્મ, જરા અને મૃત્યુના બંધનથી સર્વથા મુક્ત થયા છે. તેથી તે સિદ્ધ પરમાત્મા અનુપમ સુખ સાગરમાં સદા માટે અવસ્થિત છે.

**॥ ઔપપાતિક સૂત્ર સારાંશ સંપૂર્ણ ॥**

**મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશનાના**
**આઠે ય ભાગ ત્રણ વર્ષમાં**
**પ્રકાશિત થઈ જશે.**
**(ઈ.સ. ૨૦૦૨ થી ૨૦૦૪ ડિસેમ્બર સુધીમાં)**



## જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર

**પ્રસ્તાવના :–**

*આ લોક ૧૪ રાજુ પ્રમાણ છે. તેમાં જીવ પરિભ્રમણ કરતો રહે છે. ઉર્ધ્વલોક, તિર્છાલોક અને અધોલોકમાં પણ પરિભ્રમણ કરી રહ્યો છે. તિરછાલોકમાં અસંખ્યાતા દ્વીપ સમુદ્ર છે, તેમાં પણ જીવો જન્મ-મરણ કરી રહ્યા છે. પરંતુ તે દ્વીપ સમુદ્રોની મધ્યમાં અઢીદ્વીપ અને બે સમુદ્રો છે. તેમાં જીવો જન્મ મરણ પણ કરી રહ્યા છે અને મુકત પણ થઈ શકે છે. આ અઢીદ્વીપની વચ્ચોવચ્ચ અથવા બધા દ્વીપ સમુદ્રોની વચ્ચેના કેન્દ્રસ્થાને જંબૂદ્વીપ છે. આ સંપૂર્ણ તિરછાલોકની પણ મધ્યમાં છે અને તેમાં જ આપણું નિવાસ સ્થાન દક્ષિણ ભરતનો પ્રથમ ખંડ છે. તેથી મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય આ ક્ષેત્રરૂપ આપણા નિવાસસ્થાન સંબંધિત ભૌગોલિક જાણકારી પણ હોવી આવશ્યક છે. આગમોમાં આધ્યાત્મિક જ્ઞાનની સાથે અન્ય વિષય લોકસ્વરૂપ, જીવાદિ સ્વરૂપ આદિના જ્ઞાનને પણ મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવેલ છે. તેને પણ અપેક્ષાથી અધ્યાત્મનું સહયોગી જ્ઞાન માનેલ છે. લોક અલોક ક્ષેત્ર તેમજ જગત પદાર્થોનું સત્ય સાત્વિક જ્ઞાન પણ આત્મામાં પરમ સંતુષ્ટિ તેમજ આનંદદાયક છે. સમ્યક્ શ્રદ્ધાનને પુષ્ટ કરનાર પણ થાય છે.*

***સૂત્રનામ :–*** *આ જ ઉપક્રમમાં આ જંબૂદ્વીપ પ્રજ્ઞાપ્તિ આગમરૂપે ઉપલબ્ધ છે. તે અંગ બાહ્ય કાલિક સૂત્ર છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં તેની પરિગણના કરેલ છે. જંબૂદ્વીપના સંબંધમાં વિવિધ પ્રકારનું જ્ઞાન કરાવનાર હોવાથી આ સૂત્રનું નામ પણ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ રાખવામાં આવેલ છે.*

***રચનાકાર :–*** *આ સૂત્રનો રચનાકાળ અને એના રચનાકાર અજ્ઞાત છે. તેમ છતાં આ સૂત્ર આગમ લેખનકાળની પહેલાનું રચાયેલું છે તેમજ સર્વસંમત પ્રમાણિક શાસ્ત્ર છે. પરંપરાથી આ સૂત્ર પૂર્વધર જ્ઞાની બહુશ્રુત ભગવંત દ્વારા રચિત માનવામાં આવે છે.*

***આકાર સ્વરૂપ :–*** *તેના અધ્યાયોને વક્ષસ્કાર કહેલ છે. જેની સંખ્યા ૭ છે. તે સિવાય તેમાં કોઈ વિભાગ કે પ્રતિવિભાગ નથી. આ આખું સૂત્ર એક જ શ્રુતસ્કંધરૂપ છે અને આ સૂત્રનું પરિમાણ ૪૧૪૬ શ્લોક તુલ્ય માનવામાં આવે છે.*

***સૂત્ર વિષય :–*** *આ સૂત્રમાં જંબૂદ્વીપ સંબંધી વિસ્તૃત વર્ણન એક સાથે ઉપલબ્ધ છે. જેમાં ભરતક્ષેત્ર, કાળચક્રના છ-છ આરા, ચક્રવર્તી દ્વારા છ ખંડનું સાધવું તેમજ તેની ઋદ્ધિ, જંબૂદ્વીપમાં આવેલા બધા પર્વત, નદી, ક્ષેત્ર, દ્રહ, કૂટ, વાવડીઓ, ભવન, જંબૂ સૂદર્શન તેમજ કૂટ શાલ્મલિ નામના શા✓ત વૃક્ષ*

*તથા તે બધાનો ગણિતયોગ, તીર્થંકરનો જન્માભિષેક આદિ વિષયોનું વિસ્તૃત સ્પષ્ટ વર્ણન છે. અંતમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા જ્યોતિષી સંબંધી જ્ઞાન પણ આપેલ છે, કે જે જ્યોતિષગણ રાજ પ્રજ્ઞપ્તિ(સૂર્ય પ્રજ્ઞપ્તિ)નો સંક્ષિપ્ત સાર માત્ર છે. આ રીતે આ સૂત્રમાં જંબૂદ્વીપના ક્ષેત્રીય, પ્રવૃત્તીય તેમજ જ્યોતિષી મંડલ સંબંધી વિષયોનું સુંદર સંકલન છે. આ એક જ સૂત્ર દ્વારા આત્મ સાધકને પોતાના ક્ષેત્ર સંબંધી વિવિધ પ્રકારના તત્ત્વોનો પરિબોધ થઈ શકે છે.*

***વિવિધ સંસ્કરણ :–*** *આ સૂત્ર પર પ્રાચીન આચાર્યોએ ચૂર્ણિ ટીકારૂપ વ્યાખ્યા લખી હતી પરંતુ તે આજ ઉપલબ્ધ નથી. આચાર્ય મલયગિરીની ટીકા પણ આ સૂત્ર પર ઉપલબ્ધ નથી. વિક્રમ સંવત ૧૬૬૦માં શાંતિચંદ્ર ગણિ દ્વારા રચિત સંસ્કૃત ટીકા કલકતા, મુંબઈથી પ્રકાશિત ઉપલબ્ધ છે. તે ઉપરાંત આચાર્યશ્રી ઘાસીલાલજી મ.સા. શ્રી અમોલક ઋષિજી મ.સા. દ્વારા સંપાદિત આ શાસ્ત્ર પ્રકાશિત ઉપલબ્ધ છે. આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી પણ તેનું હિંદી વિવેચન યુક્ત સંસ્કરણ નીકળેલ છે, જેમાં સંપાદક મહોદયે પ્રાયઃ સરલાર્થ જ કર્યો છે. વિવેચન કરવાની મહેનત નહીંવત્ કરેલ છે.*

***પ્રસ્તુત સંસ્કરણ :–*** *આધુનિક યુગની સંક્ષિપ્ત રૂચિના અનુસંધાનમાં આગમના સંક્ષિપ્ત હિંદી સારાંશોનું પ્રકાશન આગમ નવનીતનારૂપમાં અને મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના ના નામે કરેલ છે, જે જૈન સ્વાધ્યાયી જગતમાં એક વિશિષ્ટ ઉપયોગી ઉપલબ્ધિ છે. તેના જ ક્રમમાં આ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિસૂત્ર સારાંશ પાઠકોની સેવામાં પ્રસ્તુત છે. તેના વિષયના પ્રતિપાદન ઉપરાંત વિષયને સમજવા માટે તેમજ શીઘ્ર જાણવા-જોવાની સુવિધાને માટે તેને અનુરૂપ ચાર્ટ પણ આપેલ છે. જેનું અધ્યયન કરીને આગમપ્રેમી તત્ત્વજિજ્ઞાસુ પાઠક પૂર્ણ સંતોષનો અનુભવ કરી શકશે. એ જ આશા સાથે...*

**આગમ મનીષી**

**ત્રિલોકમુનિ.**



# જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિનો સારાંશ

## પ્રથમ વક્ષસ્કાર

સંપૂર્ણ લોકના ત્રણ વિભાગ છે. ઉર્ધ્વલોક, અધોલોક અને તિરછાલોક. તિરછાલોકમાં રત્નપ્રભા નરક પૃથ્વી પિંડની છતનો ઉપરી ભાગ જ તિરછાલોકનો સમભાગ છે. આની ઉપર અસંખ્ય દ્વીપ સમુદ્ર છે, જે એકની પછી બીજો એમ ક્રમશઃ ગોળાઈમાં ઘેરાએલા છે. જેમાં પહેલો મધ્યનો દ્વીપ પૂર્ણ ચંદ્રના આકારે, થાળીના આકાર જેવો ગોળ છે. શેષ સર્વે દ્વીપ સમુદ્ર એકબીજાને ઘેરાયેલા હોવાથી વલયાકારે, ચૂડીના આકારમાં રહેલા છે.

વચમાં થાળીના આકારનો જે ગોળ દ્વીપ છે, તે જંબૂદ્વીપ છે. આ સંપૂર્ણ તિરછાલોકનું મધ્ય કેન્દ્ર બિન્દુ છે. ચારે દિશાઓનો પ્રારંભ પણ આ દ્વીપની વચ્ચોવચમાં સ્થિત મેઢ પર્વતથી થાય છે. આ જંબૂદ્વીપનું વર્ણન આ પ્રમાણે છે–

**જંબૂદ્વીપ :–** તિરછાલોકની વચ્ચોવચ્ચ સમભૂમિ પર સ્થિત આ જંબૂદ્વીપ એક લાખ યોજન લાંબો, એક લાખ યોજન પહોળો, પરિપૂર્ણ ગોળ ચક્રાકાર, થાળીના આકાર અથવા પૂર્ણ ચન્દ્રમાના આકાર જેવો છે. આમાં મુખ્ય ૬ લાંબા પર્વત છે, જે આ દ્વીપના પૂર્વી કિનારાથી પશ્ચિમી કિનારા સુધી લાંબા છે. જેનાથી આ દ્વીપના મુખ્ય સાત વિભાગ(ક્ષેત્ર) થાય છે. ૧ ભરતક્ષેત્ર, ૨ હેમવંતક્ષેત્ર, ૩ હરિવર્ષક્ષેત્ર, ૪ મહાવિદેહ ક્ષેત્ર, ૫ રમ્યક્વાસક્ષેત્ર, ૬ હેરણ્યવંત ક્ષેત્ર ૭ ઐરાવત ક્ષેત્ર. એમાં પ્રથમ ભરતક્ષેત્ર દક્ષિણ દિશામાં છે. ત્યાર પછી બીજા ત્રીજા એમ ક્રમશઃ ઉત્તર દિશામાં છે. અંતમાં ઐરાવત ક્ષેત્ર આ દ્વીપના અંતિમ ઉત્તરીભાગમાં સ્થિત છે.

**જગતી :–** જમ્બૂદ્વીપની ચારે તરફ કોટ છે. જેને 'જગતી' કહેવાય છે. આ જગતી ૩,૧૬,૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ ૧૩ ૧/૨ અંગુલ ગોળ પરિધિ (પરિક્ષેપ)માં છે. આઠ યોજન એની ઊંચાઈ છે. ઊંચાઈના મધ્યભાગમાં ચારે તરફ ઝરુખા છે. તેને ગવાક્ષ કટક (જાળીમય ગોખલા) કહેવાય છે. આ ઝરુખા સર્વત્ર ૫૦૦ ધનુષ પહોળા, અર્ધા યોજન ઉંચા એવં ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીશ યોજન ત્રણ કોશ એક સો અઠયાવીશ ધનુષ સાડાતેર અંગુલ ગોળાઈ(પરિધિ)વાળા છે.

**પદ્મવરવેદિકા :–** જગતી ઉપર મધ્યમાં પદ્મવર વેદિકા છે. આ વેદિકા ૫૦૦ ધનુષ પહોળી અને અર્ધો યોજન ઊંચી છે. એની ગોળાઈ જગતીની પરિધિની સમાન છે. જગતીના શિખરતળની વચમાં આ વેદિકા હોવાથી જગતીના બે વિભાગ થયા છે. આ બન્ને વિભાગોને પદ્મવર વેદિકાનો એક અંદરનો ભાગ તથા બીજો બાહ્ય ભાગ કહેવાય છે. આ વેદિકા તો ૫૦૦ ધનુષની જાડી નક્કર છે. પોલાણ-વાળી નથી, તો પણ અંદરનો ભાગ કહેવાનો મતલબ એ છે કે જમ્બૂદ્વીપની અંદરની

તરફનો ભાગ અને બીજો જમ્બૂદ્વીપની બહારનો લવણ સમુદ્ર તરફવાળો વિભાગ. આ વેદિકાના વર્ણનમાં સ્તંભ આદિના પણ કથન છે. જેનાથી ખ્યાલ આવે છે કે ત્યાં અંદરના તેમજ બહારના બરામદા(પરસાળ)રૂપ વિભાગ પણ છે. જેમાં અનેક રૂપોના યુગલ જોડી બનેલા છે.

**વનખંડ :–** આ પદ્મવર વેદિકાના અંદરના અને બાહ્ય બન્ને વિભાગોમાં આ વેદિકાના મધ્યમાં બે યોજન પહોળાઈવાળા વનખંડ(બગીચા), બાગ છે. તેઓ પણ પરિધિમાં જગતી જેટલા છે. એ વન મણિ તૃણોથી સુશોભિત છે. એ વનખંડોમાં જળસ્થાન, પર્વતગૃહ, મંડપ, બેસવા સુવાના આસન, શિલાપટ્ટ વગેરે પૃથ્વીકાયના છે. અહીં ઘણાં બધા વાણવ્યંતર દેવ ફરવા, મોજમસ્તી કરવા શોખથી આવે છે, ભ્રમણ કરે છે.

**વેદિકાના ગવાક્ષ કટક :–** પદ્મવર વેદિકારૂપ આ ભિતિ પર ગવાક્ષ કટકની સમાન વિવિધ જાળિયા, જાળઘર છે યથા– હેમજાળ, ગવાક્ષજાળ, ખિંખિણિ (ઘટિકા) જાળ, મણિજાળ, કનકજાળ, રયણ જાળથી ચારે તરફ ઘેરાયેલા છે. આ જાળઘર વગેરે વિવિધ મણિરત્ન હાર આદિથી સુસજ્જિત છે. તેઓ પરસ્પર સ્પર્શ કરતા(અડીને આવેલા) નથી પરન્તુ તેઓ એટલા બધા નજદીકમાં છે કે હવાની લહેરથી આપસમાં સ્પર્શ થતાં, ટકરાતા અત્યંત સુરીલો મધુર ધ્વનિ થયા કરે છે. પદ્મવર વેદિકા પર અનેક વૃક્ષ એવં લતાઓ છે, અનેક પદ્મકમળ ઘણી જગ્યા છે. તેથી તેને પદ્મવર વેદિકા કહેવામાં આવે છે. આ પ્રકારે સુન્દર, ભવ્ય જંબૂદ્વીપની આ જગતી સમભૂમિ પર ૧૨ યોજન પહોળી, મધ્યમાં આઠ યોજન અને શિખરતળ પર ચાર યોજન પહોળી છે. અર્થાત્ ઉપરની તરફ જાડાઈ ક્રમશઃ ઘટતી જાય છે. આઠ યોજન ઊંચાઈ સુધી આઠ યોજન જાડાઈ ઘટતી ગઈ છે. તેને ગોપુચ્છ સંસ્થાન કહે છે.

**જગતીમાં ચાર દ્વાર :–** જંબૂદ્વીપની આ જગતીમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ ચારે દિશાઓમાં ચાર દ્વાર છે. એમનું પરસ્પર અંતર ૭૯૦૫૨ યોજન અને દેશોન બે કોશનું છે.

ચારે દ્વારોના વિજય દેવ આદિ એક-એક માલિક દેવ છે. એમની વિજયા આદિ એક-એક રાજધાની અન્ય જંબૂદ્વીપમાં છે. દ્વાર એવં માલિક દેવોના નામ એક સરખા છે. યથા– ૧. વિજય ૨. વૈજયંત ૩. જયંત ૪. અપરાજિત. રાજધાનીના નામ વિજયા, વૈજયંતા, જયંતા, અપરાજિતા છે.

**ભરતક્ષેત્ર :–** જંબૂદ્વીપના દક્ષિણી કિનારા પર ભરતક્ષેત્ર આવેલું છે. અર્થાત્ આપણે જે ક્ષેત્રમાં નિવાસ કરી રહ્યા છીએ તે આ ભરતક્ષેત્ર છે. તેના ઉત્તરી કિનારા પર ચુલ્લ હિમવંત પર્વત છે. શેષ ત્રણે દિશાઓના કિનારે ગોળાકાર લવણ સમુદ્ર છે. સમુદ્ર અને ભરતક્ષેત્રની વચમાં આઠ યોજનની ઊંચી જગતી છે. જગતીમાં રહેલા છિદ્રો દ્વારા સમુદ્રી જળ ભરતક્ષેત્રના કિનારાપર આવ્યા છે. આ સમુદ્રી



જળમાં ત્રણે દિશાઓમાં એક એક કરીને ત્રણ તીર્થ આવેલા છે. એમના નામ પૂર્વમાં માગધ તીર્થ, દક્ષિણમાં વરદામ તીર્થ અને પશ્ચિમમાં પ્રભાસ તીર્થ છે. આ ત્રણે તીર્થોમાં એમના અધિપતિ દેવ રહે છે. આ લવણ સમુદ્રી જળને વર્તમાન વ્યવહારમાં લવણની ખાડી, પ્રશાંત મહાસાગર, હિન્દ મહાસાગર વગેરે કહે છે.

**વૈતાઢ્ય પર્વત :–** આ ભરતક્ષેત્રની મધ્યમાં વૈતાઢ્ય પર્વત છે. જે પૂર્વ-પશ્ચિમ લાંબો છે. એના બન્ને કિનારા જગતીને ભેદીને લવણ સમુદ્રને સ્પર્શ કરે છે. આ પર્વત ચાંદીમય પૃથ્વીનો ૫૦ યોજન જાડો અને ૨૫ યોજન ઊંચો છે. એ મધ્યમાં સ્થિત હોવાથી તેના દ્વારા ૫૨૬ $\frac{૬}{૧૯}$ યોજન પહોળુ ભરતક્ષેત્ર બે વિભાગોમાં વિભાજિત છે. તે પ્રત્યેક ભાગ ૨૩૮ $\frac{૩}{૧૯}$ યોજનના પહોળા છે અને લંબાઈમાં કિનારા (જગતી) સુધી છે.

**વિદ્યાધર શ્રેણી :–** દસ યોજન ઉપર જવાથી આ પર્વત બન્ને બાજુમાં જાડાઈમાં એક સાથે ૧૦-૧૦ યોજન ઘટી જાય છે. જેથી ૧૦-૧૦ યોજનની બન્ને બાજુમાં સમતલ ભૂમિ છે. ત્યાં વિદ્યાધર મનુષ્યોના નગર છે અને વિદ્યાધર મનુષ્ય ત્યાં નિવાસ કરે છે. અતઃ આ બન્ને ક્ષેત્રને વિદ્યાધર શ્રેણી કહેલ છે, ઉત્તરની વિદ્યાધર શ્રેણીમાં ૬૦ નગર છે. દક્ષિણની શ્રેણીમાં ૫૦ નગર છે. અહીં મનુષ્ય વિદ્યા સમ્પન્ન હોય છે.

**આભિયોગિક શ્રેણી :–** એજ પ્રકારે વિદ્યાધર શ્રેણીથી દસ યોજન ઉપર જતાં ત્યાં પણ ૧૦-૧૦ યોજન પહોળી સમભૂમિ બન્ને બાજુ છે. આમાં વાણવ્યંતર જાતિના દેવોના ભવન છે અને તે દેવ શક્રેન્દ્રના લોકપાલોના આભિયોગિક દેવ છે. એટલે આ બન્ને શ્રેણિઓને આભિયોગિક શ્રેણી કહેવાય છે. વ્યંતરમાં પણ મુખ્યત્વે અહીં ૧૦ જાંભક દેવોના નિવાસ સ્થાન છે.

**શિખર તલ :–** આભિયોગિક શ્રેણીથી પાંચ યોજન ઉપર જતાં વૈતાઢ્ય પર્વતનો શિખર તલ આવે છે, જે દસ યોજન પહોળો છે. આ શિખર તલ પદ્મવર વેદિકા એવં વન ખંડથી ઘેરાએલ છે અર્થાત્ શિખર તલના બન્ને કિનારા પર વેદિકા (પાલી-ભિતિ) છે અને આ બન્ને વેદિકાઓની પાસે એક એક વનખંડ છે. આ વનખંડોમાં વાવડીઓ,પુષ્કરણિઓ, આસન, શિલાપટ્ટ મંડપ, પર્વત ગૃહ આદિ છે. વેદિકા વન ખંડોની પહોળાઈ જમ્બૂદ્વીપની જગતીના ઉપર કહેલ પદ્મવર વેદિકા એવં વનખંડની સમાન છે. એમની લંબાઈ એવં શિખર તલની લંબાઈ આ પર્વતની લંબાઈ જેટલી છે. બન્ને વિદ્યાધર શ્રેણીમાં, બન્ને અભિયોગિક શ્રેણીમાં અને સમભૂમિ પર થી બન્ને બાજુ આ પ્રકારે પદ્મવર વેદિકા એવં વનખંડ છે.

**કૂટ :–** શિખરતલ પર પૂર્વથી પશ્ચિમ તરફ ક્રમશઃ ૯ કૂટ આ પ્રકારે છે–

(૧) સિદ્ધાયતન કૂટ (૨) દક્ષિણાર્દ્ધ ભરત કૂટ (૩) ખંડ પ્રપાત ગુફા કૂટ (૪) માણિભદ્રકૂટ (૫) વૈતાઢ્ય કૂટ (૬) પૂર્ણ ભદ્ર કૂટ (૭) તિમિ[illegible] ગુફા કૂટ (૮)

ઉત્તરાર્દ્ધ ભરત કૂટ (૯) વૈશ્રમણ કૂટ.

આ કૂટ ૬ ૧/૪ યોજન ઊંચા છે અને મૂલમાં આટલી જ લંબાઈ, પહોળાઈ-વાળા છે અને એમની ગોળાઈ(પરિધિ) પહોળાઈથી ત્રણ ગણી સાધિક છે. ઉપર ક્રમશઃ પહોળાઈ ઓછી હોય છે. અતઃ ગોપુચ્છ સંસ્થાનના આ કૂટ છે. એમની ચોતરફ વૈતાઢ્ય પર્વતના શિખર તલ પર વનખંડ અને પદ્મવર વેદિકા છે. એવં કૂટના શિખર તલ પર પણ પદ્મવર વેદિકા એવં વનખંડ તથા વાવડીઓ સરોવર આદિ દેવોના આમોદ પ્રમોદના સ્થાન છે. કૂટ શિખરોના મધ્ય ભાગમાં એક એક પ્રાસાદાવતંસક છે જેમાં એ કૂટના માલિક દેવના રહેવા માટે પ્રાસાદ છે. તે એક કોશ ઊંચો અર્ધો કોશ લાંબો પહોળો ગોળ છે. એની વચમાં ૫૦૦ ધનુષ્ય લાંબો, ૨૫૦ ધનુષ પહોળો ચબૂતરો છે. એના પર સિંહાસન આદિ છે. એક પલ્યોપમ સ્થિતિના માલિક દેવ અહીં પોતાના પરિવાર સહિત રહે છે. એમને ચાર અગ્ર-મહિષી, ૪૦૦૦ સામાનિક દેવ, ૧૬૦૦૦ આત્મ રક્ષક દેવ, ત્રણ પરિષદ, સાત અનિકા(સેના) અને સેનાપતિ આદિ પરિવાર છે.

આ દેવોની રાજધાની દક્ષિણમાં અન્ય જંબૂદ્વીપમાં એમની જગતીથી ૧૨૦૦૦ યોજન અંદર છે. રાજધાનીનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં વર્ણિત વિજય-દેવની રાજધાનીની સમાન છે.

મણિભદ્ર, વૈતાઢ્ય, પૂર્ણભદ્ર આ ત્રણે કૂટ સુવર્ણમય છે, શેષ રત્નમય છે. બે ગુફાના નામવાળા કૂટોના માલિક દેવોના નામ કૃતમાલક અને નૃતમાલક છે. શેષ ૬ દેવોના નામ કૂટની સમાન છે. સિદ્ધ કૂટ પર વચમાં એક સિદ્ધાયતન છે, જે એક કોશ લાંબુ , અર્ધો કોશ પહોળુ અને એક કોશ ઊંચુ છે. એના ત્રણ દ્વાર ત્રણ દિશામાં છે અને એક દિશા બંધ છે. જે તરફ સિદ્ધાયતનમાં ૧૦૮ જિન પ્રતિમા છે. એમની બન્ને બાજુમાં બે બે ચમર ધારક પ્રતિમા છે. પાછળ છત્ર ધારક બે-બે પ્રતિમાઓ છે. આગળ બન્ને બાજુમાં નાગ, યક્ષ, ભૂત આદિની મનોરમ મૂર્તિઓ છે, ઘંટ, કળશ, પુષ્પ, મયૂરપિચ્છો, ધૂપદાન આદિ પણ ત્યાં વ્યવસ્થિત રાખ્યા છે. સિદ્ધ કૂટ પર માલિક દેવ નથી હોતા. આ કૂટ મધ્યમાં દેશે ઉણા પાંચ યોજન પહોળા અને ઉપર તલ પર ત્રણ યોજન સાધિક લાંબા પહોળા હોય છે.

**ગુફાઓ :–** વૈતાઢ્ય પર્વતના પૂર્વી ભાગમાં અને પશ્ચિમી ભાગમાં એમ બે ગુફાઓ છે જે વૈતાઢ્ય પર્વતના ઉત્તરી કિનારાથી દક્ષિણી કિનારા સુધી ૫૦ યોજનની લાંબી છે, ૧૨ યોજન પહોળી છે અને ૮ યોજન ઊંચી છે. ગુફાઓની ઉત્તર દક્ષિણ બન્ને બાજુમાં એક એક દ્વાર છે, જેનો પ્રવેશ ૪ યોજનનો છે. પૂર્વી ગુફાની અંદર પૂર્વી કિનારે અને પશ્ચિમી ગુફાની અંદર પશ્ચિમી કિનારે ક્રમશઃ ગંગા, સિંધુ નદી ભિત્તિની અંદર નીચે વહે છે. એની સામેની દિશાની ભિત્તિમાંથી ઉમગજલા અને નિમગજલા નામની બે નદીઓ નીકળે છે. જે પૂર્ણ ગુફાના ૧૨ યોજન ક્ષેત્રને પાર



કરી ગંગા સિંધુ નદીમાં મળી જાય છે. આ નદિઓ ૩-૩ યોજનની પહોળી છે અને એમનું પરસ્પરનું અંતર ૨-૨ યોજનનું છે. પૂર્વી ગુફાનું નામ ખંડ પ્રપાત છે અને પશ્ચિમી ગુફાનું નામ તમિશ્ર ગુફા છે. બન્ને ગુફાઓ અંધકાર પૂર્ણ એવં સદા બંધ દરવાજા વાળી છે. ચક્રવર્તીના સેનાપતિ રત્ન એમાં પ્રવેશ હેતુ એક એક તરફથી દરવાજા ખોલે છે અને બહાર નીકળવા માટે બીજી દિશાનો દરવાજો સ્વતઃ ખુલી જાય છે. આ બન્ને ગુફાઓનો એક-એક માલિક દેવ છે. ખંડપ્રપાત ગુફાના કૃતમાલક દેવ અને તમિશ્ર ગુફાના નૃતમાલક દેવ છે.

**વૈતાઢ્યનામ :–** ભરતક્ષેત્રના બે વિભાગ કરવાવાળો હોવાથી તેને વૈતાઢ્ય કહ્યો છે. વૈતાઢ્યગિરિ કુમાર નામક મહર્દ્ધિક દેવ પલ્યોપમની સ્થિતિવાળા એમના માલિક દેવ છે. તેથી આ નામ શાશ્વત છે. આ નામ કોઈના દ્વારા અપાયેલું નથી.

**ગંગા સિંધુ નદી :–** ચુલ્લ હિમવંત પર્વતની લંબાઈ, પહોળાઈની મધ્યમાં એક પદ્મદ્રહ છે. જે પૂર્વ પશ્ચિમ ૧૦૦૦ યોજન લાંબો, ઉત્તરદક્ષિણ ૫૦૦ યોજન પહોળો છે. એના પૂર્વી કિનારાથી ગંગા નદી નીકળે અને પશ્ચિમી કિનારાથી સિંધુ નદી નીકળે છે. આ નદિઓ ૫૦૦-૫૦૦ યોજન પર્વત પર સીધી વહે છે. પછી ગંગાવર્ત કૂટ અને સિન્ધુઆવર્ત કૂટ પાસેથી દક્ષિણની તરફ વળાંક લઈ પર્વતના દક્ષિણી કિનારાથી ભરત ક્ષેત્રમાં પર્વતના નિતંબ(તળેટી)માં આવેલા ગંગા કુંડ અને સિંધુ કુંડમાં પડે છે. પડવાના સ્થાન પર આ નદિઓ એક જિહ્વાકાર માર્ગથી નીકળે છે તે ૬ ૧/૪ યોજનનો પહોળો, ૧/૨ યોજન લાંબો, ૧/૨ કોશ મોટો હોય છે. અર્થાત્ તે જિવ્હા પર્વતથી ૧/૨ યોજન બહાર નીકળેલી હોવાથી પાણી ૧૦૦ યોજન સાધિક નીચે પડે છે.

બન્ને કુંડોના દક્ષિણી તોરણથી બન્ને નદી ૬ ૧/૪ યોજનના વિસ્તારથી તથા ૧/૨ કોશની જાડાઈથી પ્રવાહિત થાય છે. દક્ષિણની તરફ આગળ વધતાં ઉતરાર્ધ ભરત ક્ષેત્રમાં થઈ વૈતાઢ્ય પર્વતની ખંડપ્રપાત ગુફાની નીચેથી ગંગા નદી અને તમિશ્ર ગુફાની નીચેથી સિંધુ નદી નીકળે છે. વૈતાઢ્ય પર્વતને ઉત્તરદિશાથી ભેદી દક્ષિણ દિશાથી બન્ને નદીઓ પર્વતથી બહાર નીકળે છે. દક્ષિણાર્ધ ભારતના ૧/૨ ભાગ સુધી સીધી દક્ષિણમાં વહેતી ગંગાનદી પૂર્વની તરફ અને સિંધુ નદી પશ્ચિમની તરફ વળાંક લઈ લે છે. આગળ જઈને બન્ને નદિઓ ક્રમશઃ પૂર્વી લવણ સમુદ્ર અને પશ્ચિમી લવણ સમુદ્રમાં મળી જાય છે. બન્ને નદિઓ ભરત ક્ષેત્રની કુલ ૧૪,૦૦૦ અન્ય નદીઓને પોતાનામાં સમાવિષ્ટ કરી સમુદ્રમાં ૬૨ ૧/૨ યોજન વિસ્તાર અને સવા યોજનની ઊંડાઈથી મળે છે. નદિઓના બન્ને કિનારા પર વેદિકા અને વનખંડ છે.

**ભરતક્ષેત્રના છ ખંડ :–** આ પ્રકારે આ બન્ને નદીઓના ભરતક્ષેત્રમાં વહેવાથી ઉત્તર ભરતના અને દક્ષિણ ભરતના ત્રણ ત્રણ વિભાગ થઈ જાય છે. અર્થાત્ વૈતાઢ્ય પર્વતના કારણે બે વિભાગ અને નદિઓના કારણથી છ વિભાગ બને છે.

તે ભરતક્ષેત્રના છ ખંડ કહેવાય છે.

દક્ષિણ ભરતની મધ્યમાં વચ્ચોવચ વિનીતા નગરી છે. એજ પહેલો ખંડ છે. જે સૌથી મોટો ખંડ છે. સિંધુ નદીના નિષ્કુંટવાળો વિભાગ બીજો ખંડ છે. ત્રીજો ખંડ ઉત્તર ભરતમાં સિંધુ નિષ્કુંટ છે. ચોથો ખંડ ઉત્તર ભરતનો મધ્યમ વિભાગ છે. પાંચમો ખંડ ગંગાનિષ્કુંટ ઉત્તર ભરતનો છે અને છટ્ઠો ખંડ દક્ષિણ ભરતનો ગંગાનિષ્કુંટ(ખુણો) છે. આ છએય ખંડોમાં મનુષ્ય પશુ આદિ નિવાસ કરે છે. એમાંથી દક્ષિણ ભરતમાં આવેલા પહેલા, બીજા, છટ્ઠા ખંડ પર વાસુદેવ, બલદેવનું રાજ્ય હોય છે અને છએય ખંડો પર ચક્રવર્તીનું એક છત્ર રાજ્ય હોય છે. આ છ ખંડોમાં અને વિદ્યાધરોની બન્ને શ્રેણીઓમાં ઉત્સર્પિણી અવસર્પિણી ના ૬ આરાનું પ્રવર્તન હોય છે. ત્રીજો અને પાંચમો ખંડ સમાન છે. તે બીજા, ચોથા અને છટ્ઠા ખંડથી મોટા છે.

**ઋષભકૂટ પર્વત :–** ઉત્તર ભરતના વચલા ખંડમાં વચ્ચોવચ ચુલ્લ હિમવંત પર્વતની પાસે ઋષભ કૂટ નામક પર્વત છે. આઠ યોજન ઊંચો એવં મૂલમાં આઠ (૧૨) યોજનના વિસ્તારવાળો છે. ઉપર ક્રમશઃ પહોળાઈ ઓછી હોય છે. શિખર તલ ચાર યોજનના પહોળા છે. સર્વત્ર ગોળ છે. અતઃ ત્રિગુણી સાધિક પરિધિ છે. સમ ભૂમિ પર એવં શિખર તલ પર પદ્મવર વેદિકા અને વનખંડ છે. શિખર તલની વચમાં એક ભવન છે. જે એક કોશ લાંબુ $\frac{1}{2}$ કોશ પહોળુ અને દેશોન એક કોશ ઊંચુ છે. એમાં મહર્દ્ધિક દેવ સપરિવાર રહેતા હોય છે, જે આ ઋષભકૂટ પર્વતના માલિક દેવ છે. ગોપુચ્છાકાર કૂટના સમાન આકારવાળા હોવાથી એના નામ સાથે કૂટ શબ્દ જોડવામાં આવેલ છે. અહીં કૂટને સમભૂમિ પર વિષ્કંભના માટે ૧૨ યોજન પણ પાઠાંતરથી લખ્યા છે જે લિપિ દોષ માત્ર છે. સમસ્ત કૂટ જેટલા ઊંચા હોય છે, તેટલા જ મૂળમાં પહોળા હોય છે.

**નોંધ :–** ગંગા સિંધુ નદીઓનું વર્ણન ચોથા વક્ષસ્કારમાં આપવામાં આવ્યું છે.

## બીજો વક્ષસ્કાર

**ઉત્સર્પિણી અવસર્પિણી :–** સમય આવલિકાથી લઈને પલ્યોપમ સાગરોપમનું કાળમાન અનુયોગદ્વાર સૂત્ર પુષ્પ ૨૩માં આપવામાં આવેલ છે. ૧૦ ક્રોડા ક્રોડ સાગરોપમનો એક ઉત્સર્પિણીકાળ હોય છે અને એટલો જ અવસર્પિણી કાળ હોય છે, ઉત્સર્પિણી કાળમાં જીવોની અવગાહના, આયુ, શારીરિક સંયોગ આદિ ક્રમિક વધતા જાય અને પુદ્‌ગલ સ્વભાવ પણ વર્ધમાન અવસ્થાને પ્રાપ્ત થતા હોય છે. આ કારણે આ ૧૦ ક્રોડા ક્રોડ સાગર કાળમાનને ઉત્સર્પિણી(વિકાસ માન) કાળ કહેવાય છે.

આનાથી વિપરીત અવસર્પિણી કાળમાં ઉક્ત જીવ અને પુદ્‌ગલના ગુણો–



સ્વભાવોમાં ક્રમિક હ્રાસ(હાનિ) થતી રહે છે. એટલા માટે આ ૧૦ ક્રોડ ક્રોડ કાળ માનને અવસર્પિણી(હાયમાનકાળ) કહેલ છે.

**અવસર્પિણી કાલ :–** તેના ૬ વિભાગો છે, જેમાં ક્રમિક હાનિ થતી હોય છે. આ ૬ વિભાગોને ૬ આરા કહે છે. આ ૬ આરાના નામ આ પ્રકારે છે– (૧) સુખમ સુખમ (૨) સુખમ (૩) સુખમ દુઃખમ (૪) દુઃખમ સુખમ (૫) દુઃખમ (૬) દુઃખમ દુઃખમ.

**(૧) 'સુખમ-સુખમ' પહેલો આરો :–** આ આરો ૪ ક્રોડા ક્રોડ સાગરોપમનો હોય છે. આ કાળમાં ભરતક્ષેત્રના પૃથ્વી પાણી અને વાયુ મંડલના તથા પ્રત્યેક પ્રાકૃતિક પદાર્થોના સ્વભાવ અતિ ઉત્તમ, સુખકારી એવં સ્વાસ્થ્યપ્રદ હોય છે. મનુષ્યોની તથા પશુ પક્ષીઓની સંખ્યા અલ્પ હોય છે. જલ સ્થાનોની એવં દસ પ્રકારના વિશિષ્ટ વૃક્ષોની બહુલતા હોય છે. આ વિશિષ્ટ વૃક્ષ ૧૦ જાતિના હોય છે. એનાથી મનુષ્યો આદિના જીવન સંબંધી આવશ્યકતાની પૂર્તિ થાય છે. આ કાળમાં ખેતી, વ્યાપાર આદિ કર્મ હોતા નથી; નગર, મકાન, વસ્ત્ર, વાસણ આદિ હોતા નથી; ભોજન રાંધવાનું, સંગ્રહ કરવાનું હોતું નથી, અગ્નિ પણ આ કાળમાં ઉત્પન્ન થતો નથી. ઈચ્છિત ખાદ્ય પદાર્થ વૃક્ષોથી પ્રાપ્ત થઈ જાય છે. નિવાસ અને વસ્ત્રના કાર્ય પણ વૃક્ષ અને વૃક્ષની છાલ, પત્ર આદિથી થઈ જાય છે. પાણી માટે અનેક સુંદર જલ સ્થાન સરોવર આદિ હોય છે. દસ વૃક્ષોનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં જુઓ.

**યુગલ મનુષ્ય :–** આ સમયમાં સ્ત્રી, પુરુષ સુંદર એવં પૂર્ણ સ્વસ્થ હોય છે. એમને જીવન ભર ઔષધ, ઉપચાર વૈદ્ય આદિની આવશ્યકતા રહેતી નથી, માનુષિક સુખ ભોગવતા જીવનભરમાં એમને કેવલ એક જ યુગલ ઉત્પન્ન થાય છે. અર્થાત્ એમને એક પુત્ર અને એક પુત્રી એક સાથે જન્મે છે. 'અમે બે, અમારા બે'નો આધુનિક સરકારી સિદ્ધાંત એ સમયે સ્વાભાવિક પ્રવહમાન હોય છે. એ યુગલ પુત્ર પુત્રીનું ૪૯ દિવસ માતા પિતા પાલન કરે છે. પછી તે સ્વનિર્ભર સ્વાવલંબી બની જાય છે. ૬ મહિના થાય ત્યારે તેમના માતા પિતા છીંક એવં બગાસાના નિમિત્તે લગભગ સાથે મરી જાય છે. પછી તે યુગલ ભાઈ બહેનના રૂપમાં સાથે સાથે વિચરણ કરે છે અને યૌવન વય પ્રાપ્ત થતાં સ્વતઃ પતિ પત્નીનું રૂપ ધારણ કરી લે છે.

**યુગલ શરીર :–** તે સમયના મનુષ્યની ઉંમર ૩ પલ્યોપમની હોય છે અને ક્રમિક ઘટતાં ઘટતાં પ્રથમ આરાની સમાપ્તિ સુધી ૨ પલ્યોપમની થઈ જાય છે. તે મનુષ્યોના શરીરની અવગાહના ૩ કોશની હોય છે. સ્ત્રી પુરુષથી ૨-૪ અંગુલ નાની હોય છે. આ અવગાહના પણ ઘટતાં ઘટતાં પહેલા આરાના અંતમાં ૨ કોશ (ગાઉ) થઈ જાય છે. આ યુગલ મનુષ્યોના શરીર વજ્રઋષભનારાચ સંહનન-

વાળા હોય છે. તેનું સંસ્થાન સુંદર સુડોલ સમચોરસ હોય છે. એમના શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે.

**ક્ષેત્ર એવં યુગલ સ્વભાવ :–** આ યુગલ મનુષ્યને ત્રણ દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. એમનો આહાર પૃથ્વી, પુષ્પ અને ફલ રૂપ હોય છે. આ પદાર્થોનો આસ્વાદ ચક્રવર્તીના ભોજનથી પણ અધિક સ્વાદિષ્ટ હોય છે. સોના ચાંદી અને ઝવેરાત જ્યાં ત્યાં પડ્યા હોય પરંતુ કોઈના ઉપયોગમાં આવતા નથી. તે મનુષ્ય વૈર ભાવથી રહિત હોય છે. તીવ્ર અનુરાગ પ્રેમ બંધન પણ એમને નથી હોતા. તેઓ પગે વિહાર વિચરણ કરતા હોય છે અર્થાત્ ઉપલબ્ધ હાથી, ઘોડા આદિ પર સવારી કરતા નથી. પશુના દૂધ આદિ પદાર્થોનો પણ તે મનુષ્ય ઉપયોગ કરતા નથી. હિંસક પશુ, સિંહ આદિ પણ આ મનુષ્યને જરા પણ બાધા-પીડા પહોંચાડતા નથી. ધાન્ય આદિ પણ એમના ઉપયોગમાં આવતા નથી. ત્યાંની ભૂમિ સ્વચ્છ નિર્મલ કંટક આદિ થી રહિત હોય છે. ડાંસ, મચ્છર, માંકડ આદિ ક્ષુદ્ર જંતુ હોતા નથી. સર્પ આદિ પણ ભદ્ર પ્રકૃતિવાળા હોય છે. ત્યાંના દસ વિશિષ્ટ વૃક્ષોને વ્યવહાર ભાષામાં કલ્પવૃક્ષ કહે છે. આ ઉપરાંત પણ અનેક જાતિના વૃક્ષ એ કાળમાં હોય છે.

તે યુગલ મનુષ્ય અલ્પેચ્છાવાળા, ભદ્ર, વિનીત, ગુપ્ત, સંગ્રહવૃતિ રહિત અને વૃક્ષની શાખાની વચ્ચે નિવાસ કરનારા હોય છે. તે સમયે ઘણા વૃક્ષ મહેલ એવં હવેલી આદિના સદશ હોય છે. રાજા,માલિક,નોકર,સેવક આદિ એ સમયે હોતા નથી. નાચ, ગાન, મહોત્સવ આદિ થતા નથી. વાહન યાન આદિ હોતા નથી. મિત્ર, સખા, ભાઈ, બહેન, માતા, પિતા, પતિ, પત્ની, પુત્ર, પુત્રી એટલા સંબંધ હોય છે. કાકા, મામા, નાના, દાદા, દૌહિત્ર, પૌત્ર, પુત્ર વધૂ, ફૈબા, ભત્રીજા, માસી, આદિ સંબંધ હોતા નથી. મૂલ પાઠમાં પુત્રવધૂનો શબ્દ લિપિ પ્રમાદ આદિ કોઈ કારણથી પ્રવિષ્ટ થઈ ગયો લાગે છે. કારણ કે ૬ મહિનાના ભાઈ બહેનમાં પતિ પત્નિના ભાવ ન હોઈ શકે. ૬ મહિના પછી માતા પિતા જીવિત રહેતા નથી. તે મનુષ્ય જીવનમાં કોઈ પણ પ્રકારના કષ્ટ દુઃખ ભોગવતા નથી. સહજ શુભ પરિણામોથી મરીને તે દેવ ગતિમાં જાય છે. તેઓ દેવગતિમાં ભવનપતિથી લઈને પહેલા બીજા દેવલોક સુધી જન્મે છે, આગળ જતા નથી. તેઓ પોતાની સ્થિતિથી ઓછી સ્થિતિના દેવ બની શકે છે, વધારે સ્થિતિના નહીં અર્થાત્ તે યુગલ મનુષ્ય ત્રણ પલ્યથી અધિક સ્થિતિના દેવ નથી બની શકતા. દશ હજાર વર્ષથી લઈને ૩ પલ્ય સુધી કોઈ પણ સ્થિતિ પ્રાપ્ત કરી શકે છે. અન્ય કોઈ પણ ગતિમાં તે જતા નથી. તિર્યંચ યુગલ પણ આજ રીતે જીવન જીવે છે અને દેવલોકમાં જાય છે. એમની ઉત્કૃષ્ટ અવગાહના મનુષ્યથી બે ગણી હોય છે અને જઘન્ય અનેક ધનુષની હોય છે. ત્યાં સામાન્ય તિર્યંચ પણ અનેક જાતિના હોય છે.

આ રીતે પ્રથમ આરાનું વર્ણન પૂર્ણ થયું. તે કાળ ૪ ક્રોડા ક્રોડી સાગરોપમ



સુધી ચાલે છે. તે સમયના સ્ત્રી પુરુષના શરીરનું વિસ્તૃત વર્ણન પ્રશ્નવ્યાકરણ સૂત્રના સારાંશમાં જુઓ.

**(૨) 'સુખમ' બીજો આરો :–** પહેલો આરો પૂર્ણ થતાં બીજો આરો શરૂ થાય છે. બધા રૂપી પદાર્થોના ગુણોમાં અનંત ગણી હાનિ થાય છે. આ આરાની શરૂઆતમાં મનુષ્યની ઉંમર બે પલ્યોપમ અને અંતમાં એક પલ્યોપમની હોય છે. અવગાહના પ્રારંભમાં બે કોશ અને અંતમાં એક કોશ હોય છે. એમના શરીરમાં ૧૨૮ પાંસળીઓ હોય છે. તેમને બે દિવસે આહારની ઈચ્છા ઉત્પન્ન થાય છે. માતા પિતા, પુત્ર ને પુત્રીનો ઉછેર ૬૪ દિવસ કરે છે. આ બધા પરિવર્તન ક્રમિક હોય છે એવું સમજવું. શેષ વર્ણન પ્રથમ આરાની સમાન છે. તિર્યંચનું વર્ણન પણ પ્રથમ આરાની સમાન છે. આ આરો ૩ ક્રોડા ક્રોડી સાગરોપમ સુધી ચાલે છે.

**(૩) 'સુખમ-દુઃખમ' ત્રીજો આરો :–** બીજો આરો પૂર્ણ થતાં ત્રીજો આરો શરૂ થાય છે. બધા રૂપી પદાર્થોના ગુણોમાં અનંતગણી હાનિ થાય છે. પ્રારંભમાં મનુષ્યોની ઉંમર એક પલ્યોપમની હોય છે, અંતમાં એક કરોડ પૂર્વની હોય છે. તેમની અવગાહના પ્રારંભમાં એક કોશની હોય છે, અંતમાં ૫૦૦ ધનુષની હોય છે. તેમના શરીરમાં ૬૪ પાંસળીઓ હોય છે. એક દિવસે આહારની ઈચ્છા થાય છે. પુત્રપુત્રીનો ઉછેર ૭૯ દિવસ કરે છે. શેષ વર્ણન પ્રથમ આરાની સમાન છે.

આ આરાના બે તૃતીયાંશ ભાગ સુધી ઉક્ત વ્યવસ્થામાં ક્રમિક હાનિ થતી હોવાનું વર્ણન સમજવું. પરંતુ પાછળના એક તૃતીયાંશ(૧/૩) ભાગમાં પલ્યોપમનો આઠમો ભાગ બાકી રહે ત્યારે અક્રમિક હાનિ વૃદ્ધિનો મિશ્રણ કાળ ચાલે છે. દસ વિશિષ્ટ વૃક્ષોની સંખ્યા ઓછી થવા લાગે છે. યુગલ વ્યવસ્થામાં પણ પાછું અંતર આવવા લાગે છે. આ રીતે મિશ્રણ કાળ ચાલતાં-ચાલતાં ૮૪ લાખ પૂર્વ જેટલો સમય આ આરાનો રહે છે, ત્યારે લગભગ પૂર્ણ પરિવર્તન થઈ જાય છે. અર્થાત્ યુગલકાલથી કર્મ ભૂમિકાળ આવી જાય છે. ત્યારે ખાવાપીવા, રહેણી કરણી, કાર્ય-કલાપ, સંતાનોત્પત્તિ, શાંતિ, સ્વભાવ, પરલોકગમન વગેરેમાં અંતર આવી જાય છે. ચારે ગતિ અને મોક્ષગતિ ચાલુ થઈ જાય છે. શરીરની અવગાહના અને ઉંમરનો પણ કોઈ ધ્રુવ કાયદો રહેતો નથી સંહનન સંસ્થાન બધા(છએ) પ્રકારના થઈ જાય છે.

**કુલકર વ્યવસ્થા :–** પાછળના ૧/૩ ભાગમાં અને પૂર્ણ કર્મભૂમિ કાળના થોડા વર્ષ પૂર્વ વૃક્ષોની કમી વગેરેને કારણે અને કાળ પ્રભાવના કારણે કયારેક કયાંક પરસ્પર વિવાદ કલહ પેદા થવા લાગે છે. ત્યારે આ યુગલ પુરુષોમાં કોઈ ન્યાય કરવા-વાળું પંચ કાયમ કરી દેવાય છે. તેમને કુલકર કહ્યા છે. આ કુલકરોની વ્યવસ્થા ૫-૭-૧૦-૧૫ પેઢી લગભગ ચાલે છે. ત્યાં સુધીમાં તો પ્રથમ તીર્થંકર ઉત્પન્ન થઈ જાય છે. કુલકરોને કઠોર દંડ નીતિ નહોતી ચલાવવી પડતી. સામાન્ય ઉપાલંભ

માત્રથી અથવા અલ્પ સમજાવટથી એમની સમસ્યા હલ થઈ જતી. આ કુલકરોની ત્રણ નીતિ કહેલ છે. હકાર, મકાર, ધિક્કાર આવા શબ્દોના પ્રયોગથી આ યુગલ મનુષ્ય લજ્જિત ભયભીત અને વિનયોવનત થઈને શાંત થઈ જાય છે. આ વર્તમાન અવસર્પિણી કાળના ત્રીજા આરામાં થયેલા ૧૪ કુલકરોના નામ છે. (૧) સુમતિ, (૨) પ્રતિશ્રુતિ (૩) સીમંકર (૪) સીમંધર (૫) ક્ષેમકર (૬) ક્ષેમંધર (૭) વિમલ-વાહન (૮) ચક્ષુષ્માન (૯) યશોવાન (૧૦) અભિચંદ્ર (૧૧) ચન્દ્રાભ (૧૨) પ્રસેન-જીત (૧૩) મરૂદેવ (૧૪) નાભિ.

ત્યાર પછી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાન પણ થોડો સમય કુલકર અવસ્થામાં રહ્યા. તેઓ ૮૩ લાખ પૂર્વ સંસારાવસ્થામાં રહ્યા. આ પ્રકારે પ્રત્યેક અવસર્પિણીના ત્રીજા આરાની મિશ્ર કાળની અવસ્થા તેમજ વ્યવસ્થા સમજવી જોઈએ.

**પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ :–** નાભી અને મરૂદેવી પણ યુગલ પુરુષ અને સ્ત્રી હતા. પરંતુ મિશ્રણ કાલ હોવાથી એમના અનેક વર્ષોની ઉંમર અવશેષ રહેવા છતાં ભગવાન ઋષભ દેવનો ઈક્ષ્વાકુ ભૂમિમાં જન્મ થયો હતો. તે સમય સુધી નગર આદિનું નિર્માણ નહોતું થયું. ૬૪ ઈન્દ્ર આદિ આવ્યા અને યથાવિધિ જન્માભિષેક કર્યો. બાલ્યકાળ બાદ ભગવાને યૌવન અવસ્થામાં પ્રવેશ કર્યો, કુલકર બન્યા પછી રાજા બન્યા. વીસ લાખ પૂર્વની વયે રાજા બન્યા. ૬૩ લાખ પૂર્વ સુધી રાજા રૂપમાં રહ્યા. કુલ ૮૩ લાખ પૂર્વ સંસારાવસ્થામાં રહ્યા. તેમણે લોકોને કર્મ ભૂમિની યોગ્યતાના અનેક કર્તવ્યો, કાર્યકલાપોનો બોધ દીધો. પ્રભુએ પુરુષોની ૭૨ કળા, સ્ત્રીઓની ૬૪ કળા, શિલ્પ, વ્યાપાર, રાજનીતિ આદિની વિવિધ નૈતિક સામાજિક વ્યવસ્થાઓ અને સંસાર વ્યવહારોના જ્ઞાન-વિજ્ઞાન પ્રદાન કર્યા. શક્રેન્દ્રએ વૈશ્રમણ દેવ દ્વારા દક્ષિણ ભરતના મધ્ય સ્થાનમાં વિનિતા નગરીનું નિર્માણ કરાવ્યું અને ભગવાનનો રાજ્યાભિષેક કર્યો. અન્ય પણ ગામ નગરોનું નિર્માણ થયું. રાજ્યોના વિભાજન થયા. ભગવાન ઋષભ દેવના ૧૦૦ પુત્ર થયા. એ બધાને અલગ-અલગ ૧૦૦ રાજ્ય આપી રાજા બનાવી દીધા. ભગવાનને બે પુત્રીઓ થઈ, બ્રાહ્મી અને સુંદરી. જેમનો ભરત અને બાહુબલીની સાથે યુગલરૂપમાં જન્મ થયો હતો.

ભગવાન ઋષભદેવની વિવાહ વિધિનું વર્ણન સૂત્રમાં નથી. વ્યાખ્યા ગ્રંથોમાં બતાવવામાં આવ્યું છે કે મિશ્રણ કાલના કારણે સુનંદા અને સુમંગલા નામક બે કુંવારી કન્યાઓના સાથે યુગલરૂપમાં ઉત્પન્ન બાળકોનું મૃત્યુ થવાથી તે કન્યાઓને કુલકર નાભિના સંરક્ષણમાં પહોંચાડવામાં આવી. તે બન્ને ઋષભદેવ ભગવાનની સાથે સંચરણ કરતી હતી. યોગ્ય વય થતાં શક્રેન્દ્રે પોતાનો જીતાચાર જાણીને કે ''અવસર્પિણીના પ્રથમ તીર્થંકરનું પાણિગ્રહણ કરાવવું મારું કર્તવ્ય છે.'' ભરત-



ક્ષેત્રમાં આવીને દેવ દેવીઓના સહયોગથી સુમંગલા અને સુનંદા નામની કુંવારી કન્યાઓની સાથે ભગવાનની વિવાહ વિધિ સમ્પન્ન કરી.(તીર્થંકરોના જન્મ વિશિષ્ટ હોય છે એની સાથે કોઈ બાલિકા ગર્ભમાં કે જન્મમાં હોય તેમ થતું નથી. તેઓના જન્મ મહોત્સવના વર્ણનમાં પણ બીજી બાલિકાનું વર્ણન નથી.)

**ભગવાન ઋષભદેવની દીક્ષા :–** ૮૩ લાખ પૂર્વ (૨૦+૬૩) કુમારાવસ્થા અને રાજ્યકાલના વ્યતીત થતાં ગ્રીષ્મ ઋતુના પહેલા મહિનાના પહેલા પક્ષમાં ચૈત્ર વદી નવમીના દિવસે ભગવાને વિનીતા નગરીની બહાર સિદ્ધાર્થવન નામક ઉદ્યાનમાં દીક્ષા અંગીકાર કરી. દીક્ષા મહોત્સવ ૬૪ ઈન્દ્રોએ કર્યો. તેની સાથે ૪૦૦૦ વ્યક્તિઓએ પણ સંયમ અંગીકાર કર્યો. એક વર્ષ પર્યંત ભગવાને દેવદુષ્ય વસ્ત્ર ધારણ કર્યું, ખભા પર રાખ્યું. એક વર્ષ સુધી મૌન અને તપ અભિગ્રહ ધારણ કર્યો. પ્રથમ પારણું એક વર્ષે રાજા શ્રેયાંસકુમારના હાથે થયું. ૧૦૦૦ વર્ષ સુધી તપ સંયમથી આત્માને ભાવિત કરતા ભગવાને વિચરણ કર્યું. ૧૦૦૦ વર્ષ વ્યતીત થતાં પુરિમતાલ નગરીની બહાર શકટમુખ ઉદ્યાનમાં ધ્યાનાવસ્થામાં અટ્ઠમની તપસ્યામાં ફાગણ વદી ૧૧ એ ઋષભદેવ ભગવાનને કેવલ જ્ઞાન કેવલ દર્શન ઉત્પન્ન થયું.

ભગવાને ઉપદેશ આપવાનું શરૂ કર્યું; ચાર તીર્થની સ્થાપના કરી; ૮૪ ગણ, ૮૪ ગણધર, ઋષભસેન પ્રમુખ ૮૪૦૦૦ શ્રમણ, બ્રાહ્મી સુંદરી પ્રમુખ ૩ લાખ શ્રમણીઓ, શ્રેયાંસ પ્રમુખ ત્રણ લાખ પાંચ હજાર શ્રાવક અને સુભદ્રા પ્રમુખ પાંચ લાખ ૬૪ હજાર શ્રાવિકાઓ થઈ. ભગવાનની અસંખ્ય પાટ સુધી કેવલ જ્ઞાન પ્રાપ્ત થતું રહ્યું; તેને યુગાન્તરકૃત ભૂમિ કહેવાય છે. અને ભગવાનના કેવલ જ્ઞાન ઉત્પત્તિના અંતર્મુહૂર્ત બાદ મોક્ષ જવાનો પ્રારંભ થયો તેને પર્યાયાન્તર કૃત ભૂમિ કહેવાય છે.

આ પ્રકારે ભગવાન ઋષભદેવ આ અવસર્પિણી કાળના પ્રથમ રાજા, પ્રથમ શ્રમણ, પ્રથમ તીર્થંકર, પ્રથમ કેવલી થયા. પાંચ સો ધનુષનું એમનું શરીરમાન હતુ. એક લાખ પૂર્વ સંયમ પર્યાય, ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ જીવન એમ ૮૪ લાખ વર્ષ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી માઘવદી ૧૩ ના દિવસે ૧૦ હજાર સાધુઓની સાથે ૬ દિવસની તપસ્યામાં અષ્ટાપદ પર્વત પર ભગવાન ઋષભદેવે પરમ નિર્વાણને પ્રાપ્ત કર્યું. દેવોએ ભગવાન તથા શ્રમણોના શરીરનો અગ્નિ સંસ્કાર કર્યો. એ દિવસથી ત્રીજા આરા ના ૮૯ પક્ષ (૩ વર્ષ ૮½ મહીના) અવશેષ હતા. આ રીતે ઋષભદેવ ભગવાનનું વર્ણન કહેવામાં આવ્યું છે. બધા અવસર્પિણીના ત્રીજા આરાના અંતિમ ભાગનું વર્ણન અને પ્રથમ તીર્થંકરનું વર્ણન યથાયોગ્ય નામ પરિવર્તન આદિની સાથે તે જ રીતે સમજી લેવું. આ ત્રીજો આરો બે ક્રોડા ક્રોડી સાગરોપમનો હોય છે.

**(૪) 'દુઃખમ સુખમ' ચોથો આરો :–** પ્રથમ તીર્થંકરના મોક્ષ જવાના ૩ વર્ષ, સાડા આઠ મહિના બાદ ચોથા આરાની શરૂઆત થાય છે. પૂર્વઅપેક્ષા પદાર્થોના ગુણ ધર્મમાં અનંતગણી હાનિ થાય છે. આ આરામાં મનુષ્યની અવગાહના અનેક ધનુષની અર્થાત્ ૨ થી ૫૦૦ ધનુષની હોય છે, ઉંમર આરાની શરૂઆતમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનું હોય છે અને આરાના અંતમાં જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાધિક સો વર્ષ અર્થાત્ ૨૦૦ વર્ષથી કંઈક ઓછું હોય છે. ૬ સંહનન ૬ સંસ્થાન એવં આરાની શરૂઆતમાં ૩૨, અંતમાં ૧૬ પાંસળી મનુષ્યના શરીરમાં હોય છે. ૭૨ કળા, ખેતી, વ્યાપાર, શિલ્પકર્મ, મોહભાવ, વૈર, વિરોધ, યુદ્ધ, સંગ્રામ, રોગ, ઉપદ્રવ આદિ અનેક કર્મભૂમિજન્ય અવસ્થા હોય છે. આ કાલમાં ૨૩ તીર્થંકર ૧૧ ચક્રવર્તી થાય છે. એક તીર્થંકર અને એક ચક્રવર્તી ત્રીજા આરામાં થઈ જાય છે. ૯ બલદેવ, ૯ વાસુદેવ ૯ પ્રતિવાસુદેવ આદિ વિશિષ્ટ પુરુષ થાય છે. આ કાળમાં જન્મેલા મનુષ્ય ચાર ગતિમાં અને મોક્ષ ગતિમાં જાય છે. આ સમયે યુગલકાળ નથી હોતો તેથી હિંસક જાનવર એવં ડાંસ મચ્છર આદિ ક્ષુદ્ર જીવ જંતુ મનુષ્યોના માટે કષ્ટ પ્રદ હોય છે. રાજા, પ્રજા, શેઠ, માલિક, નોકર, દાસ આદિ ઉચ્ચ-નિમ્ન અવસ્થાઓ હોય છે. કાકા, મામા, નાના, દાદા, દાદી, પૌત્ર, પ્રપૌત્ર માસી, ફૈબા આદિ ઘણાં સંબંધ હોય છે અને જે જે ભાવોનો પ્રથમ આરામાં નિષેધ કર્યો છે તે બધા ભાવ આ આરામાં મળી રહે છે.

આ આરાના ૭૫ વર્ષ સાડા આઠ મહિના અવશેષ રહે ત્યારે ૨૪માં તીર્થંકરનો જન્મ થાય છે અને ૩ વર્ષ સાડા આઠ મહિના રહે ત્યારે ૨૪માં તીર્થંકર નિર્વાણને પ્રાપ્ત થાય છે. આ આરો એક ક્રોડા ક્રોડી સાગરોપમમાં ૪૨૦૦૦ વર્ષ ઓછાનો હોય છે .

**(૫) 'દુઃખમ' પાંચમો આરો :–** ૨૪માં તીર્થંકરના મોક્ષ જવાના ૩ વર્ષ સાડા આઠ મહિના થયા પછી પાંચમા દુઃખમ આરાની શરૂઆત થાય છે. આ આરાઓના નામ સાથે સુખ દુઃખના સ્વભાવ પણ સ્પષ્ટ થાય છે. અર્થાત્ પહેલા બીજા આરા સુખમય હોય છે. દુઃખની કોઈ ગણના ત્યાં નથી હોતી. ત્રીજામાં અલ્પ દુઃખ છે અર્થાત્ અંતમાં મિશ્રણ કાળ અને કર્મભૂમિજ કાળમાં દુઃખ, કલેશ, કષાય, રોગ, ચિંતા આદિ હોય છે. ચોથા આરામાં સુખ અને દુઃખ બન્ને છે અર્થાત્ કેટલાક મનુષ્ય સંપૂર્ણ જીવનભર માનુષિક સુખ ભોગવે છે. પુણ્યથી પ્રાપ્ત અપાર ધન રાશિમાં સંતુષ્ટ રહે છે અને પછી દીક્ષા લઈને આત્મ કલ્યાણ કરે છે. અધિક માનવ સંસાર પ્રપંચ, જીવન વ્યવસ્થા, કષાય, કલેશમાં પડયા રહે. આના અનંતર પાંચમો આરો દુઃખમય છે અર્થાત્ આ કાળમાં સુખની કોઈ ગણતરી નથી માત્ર દુઃખ ચોતરફ ઘેરો કરે છે. સુખી દેખાવાવાળા માત્ર દેખાવ પૂરતા હોય છે. વાસ્તવમાં તે પણ ડગલે અને પગલે તન, મન, ધન, જનના દુઃખોથી વ્યાપ્ત હોય છે. પૂર્વની અપેક્ષા આ આરામાં પુદ્ગલ સ્વભાવમાં અનંતગણી હાનિ હોય છે. મનુષ્યોની સંખ્યા અધિક હોય છે. ઉપભોગ, પરિભોગની સામગ્રી હીનાધિક થતી રહે છે. દુષ્કાળ દુર્ભિક્ષ થતાં રહે છે. રોગ, શોક, ઘડપણ, મહામારી, જન સંહાર, વૈર-વિરોધ, યુદ્ધ-સંગ્રામ થતા રહે છે. જન સ્વભાવ પણ ક્રમશઃ અનૈતિક, હિંસક, ક્રૂર બનતો જાય છે. રાજા, નેતા પણ પ્રાયઃ અનૈતિક અને કર્તવ્ય ચ્યુત અધિક હોય છે. તેઓ પ્રજાના પાલનની અપેક્ષા શોષણ અધિક કરે છે. ચોર, ડાકુ, લૂંટારા, દુર્વ્યસની આદિ લોકો વધારે હોય છે. ધાર્મિક સ્વભાવના લોકો ઓછા હોય છે. ધર્મના નામે ઢોંગ ઠગાઈ કરનારા પણ ઘણા હોય છે.



આ આરામાં જન્મનાર ચારે ગતિમાં જાય છે. મોક્ષ ગતિમાં જતા નથી. ૬ સંઘયણ, ૬ સંસ્થાનવાળા હોય છે એવં પ્રારંભમાં ૧૬ અને અંતમાં ૮ પાંસળી માનવ શરીરમાં હોય છે. અવગાહના અંતમાં ઉત્કૃષ્ટ બે હાથ અને પ્રારંભમાં તેમજ મધ્યમાં અનેક હાથ હોય છે. અનેક હાથથી ૭ કે ૧૦ હાથ પણ હોઈ શકે છે. એક હાથ લગભગ એક ફૂટનો માનવામાં આવે છે. ઉંમર શરૂઆતમાં તેમજ મધ્યમાં ઉત્કૃષ્ટ ૨૦૦ વર્ષથી કાંઈ ઓછી હોઈ શકે છે. અંતમાં ઉત્કૃષ્ટ ૨૦ વર્ષ હોય છે. આ કાળમાં મનુષ્યોમાં વિનય, શીલ, ક્ષમા, લજ્જા, દયા, દાન, ન્યાય, નૈતિકતા, સત્યતા આદિ ગુણોની અધિકતમ હાનિ હોય છે અને એનાથી વિપરીત અવગુણોની અધિકતમ વૃદ્ધિ હોય છે. ગુરુ અને શિષ્ય પણ અવિનીત, અયોગ્ય તેમજ અલ્પજ્ઞ હોય છે. ચારિત્રનિષ્ઠા ક્રમશઃ ઓછી થતી જાય છે, ચારિત્રહીન અધિક હોય છે. ધાર્મિક, સામાજિક અને રાજકીય મર્યાદા લોપક વધતા જાય છે અને મર્યાદા પાલક ઘટતા જાય છે. આ આરામાં દસ બોલોનો વિચ્છેદ થાય છે. ભગવાન મહાવીર સ્વામી અંતિમ તીર્થંકરના મોક્ષ ગયા બાદ ગૌતમ સ્વામી, સુધર્મા સ્વામી, જંબુ સ્વામી, સુધી ૧૨+૮+૪૪ = ૬૪ વર્ષ સુધી કેવલજ્ઞાન રહ્યું. ત્યાર પછી આ આરાના અંતિમ દિવસ સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ધર્મની આરાધના કરનારા અને દેવલોકમાં જનારા હોય છે.

**વિચ્છેદના દસ બોલ :–** (૧) પરમ અવધિજ્ઞાન, (૨) મનઃપર્યવ જ્ઞાન (૩) કેવળ જ્ઞાન (૪-૬) છેલ્લા ત્રણ ચારિત્ર, (૭) પુલાક લબ્ધિ (૮) આહારક શરીર (૯) જિન કલ્પ (૧૦) બે શ્રેણી ઉપશમ અને ક્ષપક.

કેટલાક ભિક્ષુ પડિમા, એકલ વિહાર, સંહનન આદિનો વિચ્છેદ કહે છે. પરંતુ આ કથન આગમથી સંમત નથી પરંતુ વિપરીત પણ થાય છે. ભગવાન મહાવીરના શાસનમાં ૧૦૦૦ વર્ષ બાદ સંપૂર્ણ પૂર્વ જ્ઞાનનો મૌલિકરૂપમાં વિચ્છેદ થયો. આંશિક રૂપાંતરિત અવસ્થામાં અત્યારે પણ ઉપાંગ છેદ આદિમાં વિદ્યમાન છે. ૨૧ હજાર વર્ષ સુધી ભગવાન મહાવીરનું શાસન ઉતાર ચઢાવથી ઝોલા ખાતા ખાતા પણ ચાલશે. સર્વથા(આત્યંતિક વિચ્છેદ) ભગવાનના શાસનના મધ્યાવધિમાં

નહિ થાય. પરંતુ છટ્ઠો આરો શરૂ થતાં પાંચમા આરાના અંતિમ દિવસે પ્રથમ પ્રહરમાં જૈન ધર્મ, બીજા પ્રહરમાં અન્ય ધર્મ, ત્રીજા પ્રહરમાં રાજ ધર્મ, ચોથા પ્રહરમાં અગ્નિનો વિચ્છેદ થશે. આ પ્રકારનું વર્ણન બધા અવસર્પિણીના પાંચમા આરાનું સમજવું. આ આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે.

**(૬) છટ્ઠો 'દુઃખમ દુઃખમ' આરો :–** આ આરો પણ ૨૧૦૦૦ વર્ષનો હોય છે. આ કાળ મહાન દુઃખ પૂર્ણ હોય છે. આ સમયે જોવા પૂરતું પણ સુખ હોતું નથી. આ ઘોર દુઃખોનું વર્ણન નરકના દુઃખોની સ્મૃતિ કરાવનારું હોય છે. આ આરાનું વર્ણન ભગવતી સૂત્ર શ. ૭ ઉ.૬ માં જુઓ.

**ઉત્સર્પિણી કાળ :–** આ કાળ પણ ૧૦ ક્રોડા ક્રોડ સાગરોપમનો હોય છે. આમાં પણ ૬ આરા(વિભાગ) હોય છે. જેમના નામ અવસર્પિણીના સમાન હોય છે. પરંતુ ક્રમ એનો ઉલ્ટો હોય છે. યથા– પહેલા આરાનું નામ 'દુઃખમ દુઃખમ' હોય છે અને છટ્ઠા આરાનું નામ 'સુખમ સુખમ' હોય છે.

**(૧) પહેલો 'દુઃખમ દુઃખમ' આરો :–** ઉત્સર્પિણીના પહેલા આરાનું વર્ણન અવસર્પિણીના છટ્ઠા આરાના અંતિમ સ્વભાવના સમાન છે અર્થાત્ છટ્ઠા આરાની શરૂઆતમાં જે પ્રલયનું વર્ણન છે તે અહીં નહીં સમજવું કિંતુ એ આરાના મધ્ય અને અંતમાં જે ક્ષેત્ર એવં જીવોની દશા છે, તેજ અહીં સમજવી આ આરો ૨૧૦૦૦ વર્ષનો હોય છે.

ઉત્સર્પિણી કાળનો પ્રારંભ શ્રાવણ વદી એકમનો હોય છે. શેષ આરા કોઈ પણ દિવસ કે મહિનામાં પ્રારંભ થઈ શકે છે. આનો કોઈ નિયમ નથી કારણ કે આગમમાં એવું કથન નથી. આમ છતાં એવા નિયમ માનવાથી આગમ વિરોધ પણ થાય છે. યથા– ઋષભ દેવ ભગવાન માઘ મહિનામાં મોક્ષ પધાર્યા એના ત્રણ વર્ષ અને સાડા આઠ મહિના બાદ શ્રાવણ વદી એકમ કોઈપણ ગણિતમાં નથી આવતી. અતઃ ચોથો આરો કોઈપણ દિવસે પ્રારંભ થઈ શકે છે. એમ જ બીજા આરા પણ સમજવા. મૂળપાઠમાં કેવળ ઉત્સર્પિણીનો પ્રારંભ શ્રાવણ વદી એકમથી કહેલ છે. અન્ય આરા માટે મનકલ્પિત ન માનવું જ શ્રેયસ્કર છે.

**(૨) બીજો 'દુઃખમ' આરો :–** ૨૧+૨૧ = ૪૨ હજાર વર્ષનો મહાન દુઃખમય સમય વ્યતીત થયા પછી ઉત્સર્પિણીના બીજા આરાની શરૂઆત થાય છે. આની શરૂઆત થતાં જ (૧) સાત દિવસ પુષ્કર સંવર્તક મહામેઘ મુસળધાર જલ વૃષ્ટિ કરશે. જેથી ભરતક્ષેત્રની દાહકતા તાપ આદિ સમાપ્ત થઈને ભૂમિ શીતલ થઈ જશે. (૨) પછી સાત દિવસ સુધી ક્ષીર મેઘ વર્ષા કરશે. જેથી અશુભ ભૂમિમાં શુભ વર્ણ, ગંધ રસ આદિ ઉત્પન્ન થશે. (૩) પછી સાત દિવસ નિરંતર ધૃત મેઘ વૃષ્ટિ કરશે. જેથી ભૂમિમાં સ્નેહ સ્નિગ્ધતા ઉત્પન્ન થશે. (૪) આના પછી અમૃત મેઘ પ્રકટ થશે. તે પણ સાત દિવસ રાત નિરંતર વર્ષા કરશે. જેથી ભૂમિમાં



વનસ્પતિને ઉગાડવાની બીજ શક્તિ ઉત્પન્ન થશે. (૫) આના પછી રસ મેઘ પ્રકટ થશે તે પણ સાત દિવસ મૂસળધાર વૃષ્ટિ કરશે જેથી ભૂમિમાં વનસ્પતિને માટે તીખાં-કડવા મધુર આદિ રસ ઉત્પન્ન કરવાની શક્તિનો સંચાર થશે.

આ પ્રકારે પાંચ સપ્તાહની નિરંતર વૃષ્ટિ બાદ આકાશ વાદળોથી સાફ થઈ જશે. ત્યારબાદ ભરતક્ષેત્રમાં વૃક્ષ, લતા, ગુચ્છ, તૃણ, ઔષધિ, હરિયાળી આદિ ઉગવા લાગશે અને ક્રમશઃ શીઘ્ર વનસ્પતિનો વિકાસ થઈ જવાથી તે ક્ષેત્ર મનુષ્યોનો સુખપૂર્વક વિચરણ કરવા યોગ્ય થઈ જશે. અર્થાત્ થોડા જ મહિના અને વર્ષોમાં ભરતક્ષેત્રનો ભૂમિ ભાગ વૃક્ષ, લતા, ફળ, ફૂલ આદિથી યુક્ત થઈ જશે.

અહીં કેટલાક લોકો એવા ભ્રામક અર્થની કલ્પના કરે છે કે વૃષ્ટિ થતાં જ ભૂમિ વૃક્ષાદિથી યુક્ત થઈ જાય છે. એવું કથન અનુપયુક્ત છે કારણ કે વૃક્ષોથી યુક્ત થવામાં વર્ષો લાગે છે અને વનસ્પતિ ગુચ્છ ગુલ્મ લતા આદિને ફળ ફૂલ લાગવામાં પણ મહિનાઓ લાગે છે. કારણ કે તે પ્રાકૃતિક છે, કોઈ જાદુ મંતર યા કરામત તો નથી કે એક જ દિવસમાં ૪૨ હજાર વર્ષથી ઉજ્જડ બનેલી જમીનમાં વર્ષા બંધ થતા જ ફળ, ફૂલ, વૃક્ષ આદિ તૈયાર થઈ જાય. કાલાંતરે જ્યારે પૃથ્વી વૃક્ષ, લતા, ફળ, ફૂલ આદિથી યુક્ત થઈ જશે ત્યારે વૈતાઢ્ય પર્વતના ગુફાવાસી માનવ જોશે કે હવે અમારા માટે ક્ષેત્ર સુખપૂર્વક રહેવા વિચરવા યોગ્ય છે. આ ક્ષેત્રમાં જીવન નિર્વાહ યોગ્ય અનેક વૃક્ષ, લતા, છોડ, વેલ અને અનેક ફળ, ફૂલ આદિ વિપુલ માત્રામાં ઉપલબ્ધ થવા લાગ્યા છે, ત્યારે એમનામાંથી કોઈ સભ્ય સંસ્કારના માનવ ભેગા મળીને મંત્રણા કરશે કે "હવે વિવિધ પ્રકારના ખાદ્ય પદાર્થ ઉપલબ્ધ થવા લાગ્યા છે તેથી હવે આપણામાંથી કોઈ માનવ માંસાહાર નહીં કરે અને જે કોઈ આ નિયમનો ભંગ કરશે તે અમારા સમાજથી દેશનિકાલ માનવામાં આવશે અને કોઈ વ્યક્તિ એ માંસાહારીની સંગતિ નહીં કરે. એની પાસે પણ નહીં જાય, બધા એને ઘૃણા નફરત કરશે. એના પડછાયાને સ્પર્શના પણ નહીં કરે." આ ઘટના મધ્યમ ખંડના આર્યભૂમિના કોઈ એક સ્થલના મનુષ્યો માટે સમજવી. છ ખંડમાં બધેય એમ થતું નથી. તીર્થંકરો વિચરે ત્યારે પણ સર્વત્ર એમ થતું નથી. આ પ્રકારની એક વ્યવસ્થાને માનવ કાયમ કરી જીવન યાપન કરશે. શેષ વર્ણન અવસર્પિણીના પાંચમા આરાના સમાન છે. ધર્મ પ્રવર્તન આ આરામાં નથી હોતું. તો પણ માનવ ચારે ગતિમાં જવાવાળા હોય છે. જ્યારે આની પહેલા ૪૨ હજાર વર્ષોમાં માનવ પ્રાયઃ નરક તિર્યંચમાં જ જાય. આ બીજા આરામાં ધર્મ પ્રવર્તન નથી હોતું તો પણ મનુષ્યોના નૈતિક ગુણોનો ક્રમિક વિકાસ થાય છે અવગુણોનો હ્રાસ થાય છે. આ પ્રકારે ૨૧ હજાર વર્ષના કાળનો બીજો આરો વ્યતીત થાય છે.

***ટિપ્પણ :– આ બીજા આરાની આગમિક સ્પષ્ટ વર્ણન વાળી નિરંતર પાંચ સાપ્તાહિક વૃષ્ટિને સાત સાપ્તાહિક માની એવં કાલાંતરથી માનવ દ્વારા***

***લેવાતી માંસાહાર નિષેધની પ્રતિજ્ઞાને લઈને કેટલાક એક તરફી દષ્ટિવાળા અર્ધ ચિંતક લોકો આને સંવત્સરીનો ઉદ્‌ગમ કહી બેસે છે. કયાં શ્રમણ વર્ગ દ્વારા નિરાહાર મનાવવામાં આવતી ધાર્મિક પર્વરૂપ સંવત્સરી અને કયાં સચિત વનસ્પતિ કંદ મૂલાદિ ખાનારા અસંયત ધર્મ રહિત કાળવાળા માનવોનું જીવન ! સંવત્સરીનો સુમેળ જરા પણ નહીં હોવા છતાં પોતાને વિદ્વાન માનનારા શાસ્ત્રના નામથી એ અવ્રતી સચિત ભક્ષી માનવો દ્વારા ચલાવવામાં આવતી સામાજિક સામાન્ય વ્યવસ્થાને સંવત્સરી માની એનું અનુસરણ સ્વયં કરવું સાથે તીર્થંકર ભગવાન ગણધરો અને વ્રતી શ્રમણોને આનું અનુસરણ કરનારા બતાવવામાં આ વિદ્વાનો માત્ર બુદ્ધિની હાંસી ઉડાડવાનું કાર્ય કરે છે. ઋષિ પંચમીનો ઉદ્‌ગમ તો ઋષિ મહર્ષિઓ દ્વારા ધર્મ પ્રવર્તનની સાથે થાય છે. એને ભુલાવી પાંચ સપ્તાહના સાત સપ્તાહ કરીને અને વર્ષા બંધ થતા જ વૃક્ષોની, વેલોની, ફળોની, ધાન્યોની અસંગત કલ્પના કરીને; અવ્રતી, સચિત ભક્ષી લોકોની નકલથી સંવત્સરીને ખેંચતાણ કરી, ધર્મ પ્રણેતા તીર્થંકર સાથે જોડીને આત્મ સંતુષ્ટી કરી, જાણે આગમોથી સંવત્સરી પર્વનું બહુ મોટું પ્રમાણ ૪૯ દિવસનું શોધી કાઢ્યું હોય ! આવા બુદ્ધિમાનોની બુદ્ધિ પર આશ્ચર્ય અને અનુકંપા ઉત્પન્ન થાય છે. પરંતુ આ પંચમ કાલના પ્રભાવથી આવી કેટલીય કલ્પનાઓ, ગાડરિયા પ્રવાહરૂપે પ્રવાહિત થતી હોય છે અને થતી રહેશે. સાચા ચિંતન અને જ્ઞાનનો સંયોગ મહાન ભાગ્યશાળીઓને જ પ્રાપ્ત થાય છે.***

**(૩) ત્રીજો દુઃખમ-સુખમ આરો :–** અવસર્પિણી કાળના ચોથા આરાની સમાન આ ત્રીજો આરો હોય છે. આના ત્રણ વર્ષ સાડા આઠ મહીના વીતવા પર પ્રથમ તીર્થંકર માતાના ગર્ભમાં આવે છે, નવ મહીના સાડા સાત દિવસે જન્મ લે છે, પછી યથાસમય દીક્ષા ધારણ કરે છે અને કેવલજ્ઞાન થાય છે. ચાર તીર્થની સ્થાપના કરે છે. ધર્મ પ્રવર્તન કરે છે. ત્યારે ૮૪ હજાર વર્ષથી વિચ્છેદ થયેલ જિન ધર્મ પુનઃ પ્રારંભ થાય છે. ઉપદેશ શ્રવણ કરીને કેટલાય જીવ શ્રમણ બનશે, કેટલાય ગૃહસ્થ ધર્મ અંગીકાર કરશે. શેષ સંપૂર્ણ વર્ણન પૂર્વ વર્ણિત ચોથા આરાની સમાન સમજવું. આ આરો એક ક્રોડા ક્રોડ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઓછો હોય છે. આમાં પુદ્‌ગલ સ્વભાવ, ક્ષેત્ર સ્વભાવમાં ક્રમિક ગુણ વર્ધન થાય છે.

**(૪) ચોથો સુખમ-દુઃખમ આરો :–** આ આરાના ત્રણ વર્ષ સાડા આઠ મહીના વ્યતીત થવા પર અંતિમ ૨૪મા તીર્થંકરનો જન્મ થાય છે. એમની ઉંમર ૮૪ લાખ પૂર્વ હોય છે. ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ જીવનમાં રહે છે અને એક લાખ પૂર્વ સંયમ પાલન કરે છે. સંપૂર્ણ વર્ણન ઋષભ દેવ ભગવાનના સમાન સમજવું. કિંતુ વ્યાવહારિક જ્ઞાન શિખવાડવું, ૭૨ કળા શિખવાડવી આદિ વર્ણન અહીં નહીં



સમજવું. કારણ કે અહીં કર્મ ભૂમિ કાળ તો પહેલાથી જ છે. આના પછી યુગલ કાલ આવે છે. અંતિમ તીર્થંકરના મોક્ષ ગયા બાદ ક્રમશઃ શીઘ્ર સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા અને ધર્મનો તથા અગ્નિનો વિચ્છેદ થઈ જાય છે. ૧૦ પ્રકારના વિશિષ્ટ વૃક્ષ ઉત્પન્ન થાય છે. માનવ પોતાના કર્મ, શિલ્પ, વ્યાપાર આદિથી મુક્ત થઈ જાય છે. એમ ક્રમિક યુગલ કાળ રૂપમાં પરિવર્તન થતું જાય છે. પલ્યોપમના આઠમા ભાગ સુધી કુલકર વ્યવસ્થા અને મિશ્રણ કાલ ચાલે છે. પછી કુલકરોની આવશ્યકતા પણ રહેતી નથી. ધીરે ધીરે મિશ્રણ કાળથી પરિવર્તન થઈને શુદ્ધ યુગલ કાળ થઈ જાય છે. પૂર્ણ સુખમય શાંતિમય જીવન થઈ જાય છે. શેષ વર્ણન અવસર્પિણીના ત્રીજા બીજા અને પહેલા આરાની સમાન ઉત્સર્પિણીના ચોથા, પાંચમા અને છટ્ઠા આરાનું છે તથા કાળમાન પણ એજ પ્રકારે છે. અર્થાત્ આ ચોથો આરો બે ક્રોડા ક્રોડ સાગરોપમનો હોય છે. પછી પાંચમો આરો ત્રણ ક્રોડા ક્રોડ સાગરોપમનો અને છટ્ઠો આરો ચાર ક્રોડા ક્રોડ સાગરોપમનો હોય છે. પાંચમા આરાનું નામ સુખમ આરો અને છટ્ઠા આરાનું નામ સુખમ-સુખમ છે.

**ટિપ્પણ :–** આ ૬ આરા રૂપ ઉત્સર્પિણી અવસર્પિણી કાળ પાંચ ભરત, પાંચ ઐરાવત તેમ દસ ક્ષેત્રોમાં હોય છે. શેષ– પાંચ કર્મ ભૂમિ રૂપ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૩૦ અકર્મ ભૂમિમાં અને ૫૬ અંતરદ્વીપોમાં આ કાલ પરિવર્તન થતું નથી. આ ૯૧ ક્ષેત્રોમાં સદા એક સરખો કાળ પ્રવર્તમાન હોય છે. યથા–

૫ મહાવિદેહમાં :– અવસર્પિણીના ચોથા આરાનો પ્રારંભકાલ

૫ દેવકુઢ – ૫ ઉત્તરકુઢમાં :– અવસર્પિણીના પ્રથમ આરાનો પ્રારંભકાલ

૫ હરિવર્ષ – ૫ રમ્યક્વર્ષમાં :– બીજા આરાનો પ્રારંભકાલ

૫ હેમવય – ૫ હેરણ્યવયમાં :– ત્રીજા આરાનો પ્રારંભકાલ

૫૬ અંતર દ્વીપોમાં ત્રીજા આરાના અંતિમ વિભાગનો શુદ્ધ યુગલ કાલ, અર્થાત્ મિશ્રણ કાલનો પૂર્વવર્તી કાળ.

## ત્રીજો વક્ષસ્કાર

**ભરત ચક્રવર્તી :–** દક્ષિણ ભરતક્ષેત્રના મધ્ય, જગતી એવં વૈતાઢય પર્વત બન્નેથી ૧૧૪ ૧૧/૧૯ યોજન દૂર વિનીતા નગરી હતી. જે શક્રેન્દ્રની આજ્ઞાથી વૈશ્રમણ દેવની બુદ્ધિ દ્વારા ભગવાન ઋષભ દેવને માટે નિર્માણ કરવામાં આવી હતી. તે ૧૨ યોજન લાંબી ૯ યોજન પહોળી દ્વારિકા જેવી પ્રત્યક્ષ દેવલોક ભૂત ઋદ્ધિ સમૃદ્ધિથી સંપન્ન હતી. ત્યાં ભગવાન ઋષભદેવના જ્યેષ્ઠ પુત્ર ભરત સ્વયં ભગવાન દ્વારા પ્રદત્ત રાજ્યના કુશલ સંચાલન એવં રાજય ઋદ્ધિના ભોગોપભોગ કરતા સુખપૂર્વક રહેતા હતા.

એક સમયે આ ભરત રાજાની આયુધશાળામાં(શસ્ત્રાગારમાં) ચક્ર રત્ન ઉત્પન્ન થયું, જે એક હજાર દેવો દ્વારા સેવિત હતું. આયુધશાળાના અધિકારીએ ભરત રાજાને ખુશખબર આપ્યા. ભરત રાજાએ સિંહાસનથી ઉતરી પાદુકા ઉતારી મુખ પર ઉત્તરાસંગ કરી હાથ જોડી આયુધશાળાની દિશામાં ૭-૮ પગલા જઈને ડાબો ઘૂંટણ ઊંચો રાખી જમણો ઘૂંટણ જમીન પર રાખી ચક્ર રત્નને પ્રણામ કર્યા. પછી આયુધશાળાના અધિકારીને મુકુટ સિવાય આભૂષણ એવં વિપુલ ધન પ્રીતિદાનમાં દીધું. એને સત્કારિત સન્માનિત કરી અર્થાત્ ધન્યવાદ આપી વિદાય કર્યા; પછી સિંહાસન પર પૂર્વાભિમુખ બેઠા.

રાજાએ નગરી સજાવવાનો આદેશ આપ્યો અને સભા વિસર્જિત કરી, સ્વયં પણ સ્નાનાદિ કરી, વિભૂષિત થઈને તૈયાર થઈ ગયા. પછી મંત્રીમંડળ તથા પ્રમુખજનોથી પરિવૃત થઈ ઐશ્વર્ય સાથે આયુધશાળા તરફ પ્રસ્થાન કર્યું. આયુધ-શાળામાં પ્રવેશ કરતા ભરત રાજાને જેવું ચક્ર રત્ન દષ્ટિગોચર થયું કે તરત જ એને પ્રણામ કર્યા પછી નજીક પહોંચી ચક્ર રત્નને પ્રમાર્જન, જલ સિંચન, ચંદન અનુલેપન કર્યા; પુષ્પમાળા, વસ્ત્ર, આભૂષણ આદિ સમર્પિત કરી પૂજન સન્માન કર્યુ. પછી સ્વચ્છ સફેદ ચોખાથી સ્વસ્તિક આદિ મંગલોનું આલેખન કર્યું. પછી એની સમક્ષ સુગન્ધિત વિવિધ પુષ્પો અર્પણ કર્યા. ધૂપ આદિ સંપૂર્ણ પૂજન વિધિ પૂર્ણ કરી; પૂર્વોક્ત વિધિથી ડાબો ઘૂંટણ ઊંચો કરી પ્રણામ કર્યા; ત્યાર પછી ત્યાંથી પાછા ફરી રાજસભામાં આવ્યા અને અષ્ટ દિવસીય પ્રમોદની ઘોષણા કરી તથા મહોત્સવની વ્યવસ્થા કરાવી.

મહામહિમાનો મહોત્સવ પૂર્ણ થતાં ચક્રરત્ન આયુધશાળામાંથી સ્વતઃ નીકળી માગધ તીર્થની દિશામાં આકાશમાં ચાલવા લાગ્યું. ભરત ચક્રવર્તીએ પણ પૂર્ણ તૈયારીની સાથે દિગ્વિજય માટે સૈન્ય બલ સહિત પ્રસ્થાન કર્યું. ચક્ર દ્વારા પ્રદર્શિત માર્ગથી પોતાના હસ્તિરત્ન પર આરૂઢ થઈ ભરત રાજા માર્ગમાં યથાસ્થાને પડાવ કરતાં પૂર્વ દિશામાં આગળ વધવા લાગ્યા. અનેક નગરો, રાજ્યો આદિમાં પોતાના વિજય પતાકા ફરકાવતા ભરત રાજા ગંગા નદીના કિનારે કિનારે થઈ જ્યાં ગંગા નદી સમુદ્રમાં પ્રવેશ કરે છે એની પાસે માગધ તીર્થ છે ત્યાં પહોંચ્યા. ચક્ર રત્ન પણ યથાસ્થાને આકાશમાં સ્થિર થઈ ગયું(પછી આયુધશાળા બની જતાં એમાં પહોંચી જાય છે.)

વાર્ધિકરત્નએ પડાવમાં રહેવાની બધી વ્યવસ્થા કરી અને પૌષધશાળાની તથા આયુધશાલા આદિની રચના કરી. ભરત રાજાએ પૌષધશાળામાં જઈને યથા વિધિ અટ્ઠમ કર્યા પછી અશ્વ રથ પર આરૂઢ થઈને ચતુરંગિણી સેના સહિત માગધ તીર્થ પાસે આવ્યા, રથની ધુરી પાણીને સ્પર્શે ત્યાં સુધી પાણીમાં પ્રવેશ કર્યો. પછી ધનુષ ઉઠાવી પ્રત્યંચા ખેંચી આ પ્રકારે કહ્યું કે 'હે નાગકુમાર સુવર્ણ કુમાર



આદિ દેવો ! જે મારા આ બાણની મર્યાદાથી બહાર છે એમને હું પ્રણામ કરું છું અને મારા બાણની સીમામાં છે તે મારા વિષયભૂત છે, એમ કહી બાણ છોડયું. જે ૧૨ યોજન જઈને માગધ તીર્થાધિપતિ દેવના ભવનમાં પડ્યું. એને દેખતા જ પહેલા તો દેવ અત્યંત કુપિત થયા. પરંતુ બાણની પાસે આવીને એને ઉઠાવીને જોયું, એમાં અંકિત શબ્દ વાંચ્યા તો એમનો ગુસ્સો શાંત થઈ ગયો અને પોતાના કર્તવ્ય જીતાચાર એમની સ્મૃતિમાં આવી ગયા. તે તરત વિવિધ ભેટણુ લઈને ભરત રાજાની સેવામાં ઉપસ્થિત થયા. આકાશમાં રહી હાથ જોડી રાજાને જય વિજય શબ્દોથી વધાવ્યા, સન્માનિત કર્યા અને કહ્યું કે આપના દ્વારા જીતવામાં આવેલ દેશનો હું નિવાસી છું, આપનો આજ્ઞાવર્તી સેવક છું. પછી ભરતરાજાએ એની ભેટનો સ્વીકાર કર્યો અને એને સત્કારિત સન્માનિત કરી વિદાય કર્યા. પછી પોતાના આવાસમાં જઈને રાજાએ પારણું કર્યું. પછી ત્યાં માગધ તીર્થ વિજયનો અષ્ટાન્હિકા મહોત્સવ મનાવ્યો. પછી ચક્રરત્ને આયુધશાળામાંથી નીકળીને દક્ષિણ દિશામાં પ્રસ્થાન કર્યું. ભરત ચક્રવર્તી પણ માર્ગમાં દિગ્વિજય કરતા ચક્ર દ્વારા નિર્દિષ્ટ માર્ગ પાર કરવા લાગ્યા. ચક્રરત્ન વરદામ તીર્થ પાસે આવીને આકાશમાં સ્થિત થઈ ગયું. આ તીર્થ દક્ષિણ દિશામાં વિનીતા નગરીની દક્ષિણે સીધાણમાં છે અને જંબૂદ્વીપની જગતીના દક્ષિણી વૈજયંત દ્વારની સીધાણમાં છે. માગધ તીર્થ વિજયની સમાન અટ્ઠમનું , બાણ ફેંકવાનું , દેવ આવવાનું આદિ વર્ણન એ જ પ્રકારે સમજવું. અષ્ટ દિવસીય મહોત્સવના અનંતર ચક્રરત્ને ત્યાંથી પ્રસ્થાન કર્યું.

હવે ચક્રરત્ન દક્ષિણ ભરતથી પશ્ચિમ ભરતની તરફ ચાલવા માંડ્યુ. માર્ગની આસપાસના ક્ષેત્રોમાં વિજય પતાકા ફરકાવતા ભરતરાજા પશ્ચિમ દિશામાં સિંધુ નદીના સમુદ્રમાં પ્રવેશ કરવાના સ્થાનની નજીક પ્રભાસ તીર્થ પાસે પહોંચી ગયા. ચક્રરત્ન આકાશમાં સ્થિર થઈ ગયા પછી ત્યાં પ્રભાસ તીર્થાધિપતિના અટ્ઠમ આદિ વિધિ પૂર્ણ કરી ભરત રાજાએ તેને પોતાના અધીનસ્થ બનાવ્યા અને ત્યાં પણ આઠ દિવસનો મહોત્સવ મનાવ્યો.

મહોત્સવ પૂર્ણ થતાં ચક્રરત્ન પૂર્વ દિશામાં સિંધુ દેવીના ભવનની તરફ રવાના થયું. સિંધુ નદીના કિનારે કિનારે ચાલતા આસપાસના ક્ષેત્રો પર વિજય પ્રાપ્ત કરતા ભરત રાજા સિંધુ નદીના વળાંકના સ્થાન પર પહોંચી ગયા; જ્યાં સિંધુ દેવીનું ભવન છે. સિંધુ નદી વૈતાઢય પર્વતની નીચેથી નીકળી દક્ષિણ દિશામાં વિનીતા નગરીની સીધ સુધી ચાલે છે. પછી પૂર્વની તરફ વળી જાય છે. આ વળાંક પર સિંધુ દેવીનું ભવન છે ત્યાં પડાવ નાંખ્યો; અટ્ઠમ કર્યો; સિંધુ દેવીનું સ્મરણ કરી પૌષધ પૂર્ણ કર્યો; દેવીનું આસન ચલાયમાન થયું અર્થાત્ અંગ સ્ફુરણ થયું. પોતાના જ્ઞાનનો ઉપયોગ લગાવી દેવીએ ભરત રાજાના આગમનને જાણ્યું અને વિવિધ ભેટણા લઈને પહોંચ્યા અને નિવેદન કર્યું કે હું તમારી આજ્ઞાકારી સેવિકા

(દાસી) છું. પછી ભરત રાજાએ આ દેવીને સત્કારિત સમ્માનિત કરી વિસર્જિત કર્યા.

ત્યાં સિંધુ નદીના એ વળાંકથી ઉત્તર પૂર્વ દિશામાં આગળ વધ્યા. યથા– ક્રમથી માર્ગના તથા આસપાસના ક્ષેત્રોને પોતાના વિષયભૂત બનાવી ભરત મહારાજા વૈતાઢય પર્વતના મધ્ય સ્થાનની નજીક પહોંચ્યા. વૈતાઢયગિરિકુમારનું સ્મરણ કરતાં પૌષધ યુક્ત અઠ્ઠમ કરવાથી તે દેવ પણ ભરત રાજાની સેવામાં ઉપસ્થિત થયા અને અધીનતા સ્વીકારી, ભેટણા દઈ યથાસ્થાન ચાલ્યા ગયા.

ત્યાંથી સ્કંધાવારે પશ્ચિમદિશામાં પ્રયાણ કર્યું અને તિમિશ્રા ગુફાની નજીક પહોંચી સ્થાયી પડાવ કર્યો. ભરત રાજાએ તિમિશ્રા ગુફાના માલિક દેવ કૃતમાલીની મનમાં અવધારણા કરી અઠ્ઠમ કર્યો. આસન કંપન આદિ સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ સમજવું; ત્યારપછી અઠ્ઠાઈ મહોત્સવ મનાવ્યો.

ત્યાર પછી ભરત રાજાએ સુષેણ નામના સેનાપતિ રત્નને બોલાવી બે દિશામાં સિંધુ નદીથી એવં બે દિશામાં ક્રમશઃ સાગર અને વૈતાઢય પર્વતથી ઘેરાયેલ નિષ્કૂટ ક્ષેત્ર(બીજા ભરતખંડ)માં જઈને બધા ક્ષેત્રોને જીતી પોતાની આજ્ઞા શિરોધાર્ય કરવાનો આદેશ દીધો. આ ભરતક્ષેત્રના છ ખંડમાંથી બીજો નાનો ખંડ છે. અત્યાર સુધી પહેલો મોટો ખંડ(મધ્યખંડ), ત્રણ તીર્થો, સિંધુ દેવી, વૈતાઢય ગિરિકુમાર દેવ અને કૃતમાલ દેવની વિજય યાત્રાની વચમાં આવેલા બધા ક્ષેત્ર જીતી લીધા હતા. કોઈક ક્ષેત્ર ખંડપ્રપાત ગુફાની આસપાસ અવશેષ રહ્યા, તે પહેલા ખંડમાં પાછા ફરતી વખતે જીતી લેવાય. માટે હવે ક્રમથી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા અને પછી છઠ્ઠો ખંડ સાધવામાં(જીતવામાં) આવે છે.

સુષેણ સેનાપતિએ આજ્ઞા મળતાં પૂર્ણ તૈયારી સાથે ચર્મરત્ન આદિ લઈને હસ્તિરત્ન પર આરૂઢ થઈને પ્રસ્થાન કર્યું. સિંધુ નદીની પાસે પહોંચી, ચર્મરત્ન લઈને નાવરૂપમાં તૈયાર કરી સંપૂર્ણ સ્કંધાવાર સહિત સિંધુ નદીને પાર કરી, સિંધુ નિષ્કુટ(બીજા ભરતખંડ)માં પહોંચી, દિશા વિદિશાઓમાં પડાવ કરતા વિજય પતાકા ફરકાવતાં, એ ખંડના ગ્રામ, નગર, રાજ્ય, દેશ આદિના અધિપતિઓને પોતાની આજ્ઞામાં કર્યા, અધીનસ્થ બનાવ્યા અને ભરત ચક્રવર્તીની આજ્ઞા પૂર્ણ કરીને સેનાપતિ સુષેણ પાછા ફર્યા. ચર્મ રત્ન દ્વારા સિંધુ નદીને પાર કરી ભરત રાજા પાસે પહોંચી એમને જય વિજય શબ્દથી વધાવ્યા અને કાર્ય સિદ્ધ થયાની ખુશ ખબર સાથે પ્રાપ્ત ભેટોને સમર્પિત કરી. પછી રાજા ભરતે સેનાપતિને સત્કારિત, સમ્માનિત કરી વિસર્જિત કર્યા. સેનાપતિ પણ વસ્ત્રમય પડાવવાળા આવાસ (તંબુ)માં પહોંચી અને સ્નાન ભોજન નૃત્યગાન આદિ વિવિધ માનુષિક કામ ભોગોનું સેવન કરતાં સુખપૂર્વક રહેવા લાગ્યા. અહીં સુધી બે ખંડ સાધવારૂપ કાર્ય અર્થાત્ મંજિલ પૂર્ણ થઈ જાય છે. અતઃ ચક્રવર્તી અહીં થોડા દિવસ વિશ્રાંતિ-



રૂપમાં નિવાસ કરે છે.

કેટલાક સમય પછી ભરત ચક્રવર્તીએ સુષેણ સેનાપતિને બોલાવીને તમિસ્ત્રા ગુફાના દ્વાર ખોલવાનો આદેશ દીધો. સેનાપતિએ પૌષધયુક્ત અઠ્ઠમ કર્યો. સુસજ્જિત થઈને વિશાળ જનમેદની અને સેના સહિત દ્વાર પાસે પહોંચ્યા, દ્વારને દેખતા જ પ્રણામ કર્યા, મોર પીંછીથી પ્રમાર્જન કર્યું, પછી યથાવિધિ પૂજન કર્યું. પુનઃ શિરસાવર્ત પ્રણામ કર્યા. પછી દંડ રત્ન હાથમાં લીધું. સાત આઠ પગલા પાછા સરકયા પછી દંડ રત્નથી દ્વાર પર ત્રણ વાર જોરથી પ્રહાર કર્યા. જેથી મોટા અવાજ સાથે જોડાયેલા એ દરવાજાના બન્ને વિભાગ અંદર તરફ સરકતા બન્ને બાજુની પાછળની ભીંત પાસે જઈને થોભ્યા. બન્ને બાજુના દ્વાર વિભાગનું અંતર એવં દ્વારનો પ્રવેશ માર્ગ સર્વત્ર સમાન ૪ યોજનનો થઈ ગયો.

દ્વાર ખોલીને સેનાપતિ ભરત ચક્રવર્તી પાસે આવ્યો. જય વિજયના શબ્દોથી વધાવ્યા એવં દ્વાર ખોલી દીધાનું નિવેદન કર્યું. ત્યારે ભરત ચક્રવર્તીનું ચક્રરત્ન આયુધશાળાથી નીકળીને આકાશમાં ચાલવા લાગ્યું. ભરત ચક્રવર્તી પોતાના હસ્તિરત્ન પર આરૂઢ થયા. હાથીના મસ્તક પર જમણી બાજુ મણિરત્ન (ગુફામાં પ્રકાશ કરનાર) બાંધી દીધો. પછી ચક્ર નિર્દિષ્ટ માર્ગથી રાજા ચાલતા ગુફાની પાસે પહોંચ્યા અને દક્ષિણી દ્વારથી ગુફામાં પ્રવેશ કર્યો.

તમિસ્ત્રા નામક ગુફા સઘન અંધકારમય હતી. કારણ કે તે ૫૦ યોજન લાંબી હતી. અતઃ ચક્રવર્તીએ સ્થાયી પ્રકાશ માટે કાંગણિ રત્ન હાથમાં લીધું અને એના દ્વારા પ્રત્યેક યોજનના અંતરે ગુફાની બન્ને બાજુની ભીંતો પર કુલ ૪૯ મંડલ બનાવ્યા. તે મંડલ ચક્રની ધરીના આકારથી પ્રતિપૂર્ણ ચંદ્રના આકારવાળા ૫૦૦ ધનુષની લંબાઈ પહોળાઈ એવં સાધિક ત્રણ ગણી પરિધિવાળા બનાવ્યા હતા. બંગડીના જેવા વલયાકાર બનાવેલ ન હતા. પ્રત્યેક મંડલ ગુફાના એક યોજન ક્ષેત્રને પ્રકાશિત કરે છે. અર્થાત્ અર્ધો-અર્ધો યોજન બન્ને બાજુ અને ઉપર આઠ યોજન તથા સામે ૧૨ યોજન આ મંડલ પ્રકાશ ફેલાવે છે.

પહેલું મંડલ દ્વાર પર પ્રવેશ મુખથી એક યોજન દૂર, બીજું દ્વારની પાછળ એને રોકવાવાળા તોડક પર, અર્થાત્ દ્વારની આલંબન ભીંત પર, ત્રીજુ મંડલ ત્રીજા યોજનની સમાપ્તિ પર, ચોથું મંડલ ચોથા યોજનની સમાપ્તિ પર ગુફાની એક ભીંત પર, પાંચમું મંડલ પાંચમા યોજનની સમાપ્તિ પર બીજી ભીંત પર એમ ક્રમશઃ છઠ્ઠું પ્રથમ ભીંત પર, સાતમું બીજી ભીંત પર, આ પ્રકારે ૮, ૧૦, ૧૨, ૧૪, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૪, ૨૬, ૨૮, ૩૦, ૩૨, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૨, ૪૪, ૪૬ મું મંડલ પ્રથમ ભીંત પર એવં ૯, ૧૧, ૧૩, ૧૫, ૧૭, ૧૯, ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૯, ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૧, ૪૩, ૪૫ મું મંડલ બીજી ભીંત પર બનાવ્યું. ૪૭ અને ૪૮મું ઉત્તર દિશાના દરવાજાના બન્ને તોડક પર એક એક બનાવ્યા.

પછી ૪૯ મું મંડલ ઉત્તરી દ્વારના બન્ને વિભાગના ખુલી જવાથી એક વિભાગ પર બનાવ્યું.

તમિસ્રા ગુફામાં ૨૧ યોજન ચાલ્યા પછી ત્રણ યોજનની પહોળાઈ(પાટ) વાળી ઉમગ જલા નદી પાસે પહોંચ્યા. ભરત ચક્રવર્તીની આજ્ઞાથી વાર્ધિક રત્ન(શ્રેષ્ઠ શિલ્પી)એ તે નદી પર પુલ બનાવી દીધો. જે અનેક સ્તંભો પર સ્થિત ઉપર બન્ને બાજુ ભીંત યુક્ત હતો. જે યથાયોગ્ય પહોળો એવં ત્રણ યોજન લાંબો હતો. પુલ બન્યા પછી એ ઉમગજલા નદીને પાર કરી ચક્રવર્તી આગળ વધ્યા. બે યોજન ચાલ્યા બાદ ફરી ત્રણ યોજનના વિસ્તારની નિમગજલા નદી પાસે પહોંચ્યા. એજ પ્રકારે પુલ બનાવવામાં આવ્યો અને બીજી નદી પણ પાર કરી.

આ બન્ને નદિઓ પૂર્વી ભીંતમાંથી પ્રવાહિત થાય છે અને પશ્ચિમી ભીંતના નીચે ચાલવાવાળી સિંધુ નદીમાં સમાવિષ્ટ થઈ જાય છે. ઉમગજલા નદીમાં કોઈ પણ પદાર્થ યા જીવ પડી જાય તો એને તે ત્રણવાર ઘુમાવીને બહાર એકાંતમાં ફેંકી દે છે અને નિમગજલા નદી ત્રણ વાર ઘુમાવીને અંદર નીચે પાણીમાં સમાવિષ્ટ કરી દે છે. આ કારણે બન્નેના નામ સાર્થક છે.

આ બન્ને નદિઓએ મળીને ૩+૩+૨ કુલ આઠ યોજન ક્ષેત્રનું અવગાહન કર્યું છે. આ નદિઓના સ્થાન પર ચક્રવર્તી ગુફાની ભીંત પર વૈક્રિયથી મંડલ કરી શકે અથવા પુલની ભીંત પર પણ કરી શકે છે. સૂત્રમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

બન્ને નદિઓને પાર કરી ભરત ચક્રવર્તી સેના સહિત ગુફાના ઉત્તરી દ્વાર તરફ આગળ વધ્યા ગુફાનું ઉત્તરી દ્વાર સ્વતઃ ખુલી ગયું અને ચક્રવર્તીના અગ્ર વિભાગની સેના ગુફામાંથી બહાર નીકળવા લાગી. ત્યારે એ ક્ષેત્રના(ચોથા ખંડના) મ્લેચ્છ અનાર્ય આપાત કિરાત જાતિના મનુષ્યોએ યુદ્ધ કરીને સામનો કર્યો અને ચક્રવર્તીની અગ્રિમ ભાગની સેનાને પરાસ્ત કરી દીધી. પછી સુષેણ સેનાપતિ અશ્વરત્ન પર આરૂઢ થઈને અસિરત્ન લઈને યુદ્ધ ભૂમિમાં ઉતર્યા, આપાત કિરાતોની હાર થઈ. તે અનેક યોજન દૂર ભાગી ગયા અને જઈને પરસ્પર ભેગા થઈને તેઓએ સિંધુ નદીની વાળુ રેતીમાં મેઘમુખ નામક નાગકુમાર જાતિના કુલ દેવતાનું સ્મરણ કરી નિર્વસ્ત્ર થઈને અઠ્ઠમની આરાધના કરી. દેવનું આસન ચલાયમાન થયું. દેવ આવ્યા એવં એમના આગ્રહથી ૭ દિવસની ઘોર વૃષ્ટિ ચક્રવર્તીની સેના પર કરી. ચક્રવતીએ ચર્મરત્નથી નાવા અને છત્ર રત્નથી છત્ર કરીને સંપૂર્ણ સૈન્યની સુરક્ષા કરી.

સાત દિવસ બાદ ભરત રાજાને ઉપદ્રવની આશંકા થઈ, ત્યારે એમના ચિંતનથી ૧૬૦૦૦ દેવ સાવધાન થયા અને જાણકારી કરી; તે મેઘમુખ નાગકુમાર દેવોને ત્યાંથી ભગાડી દીધા, ઉપદ્રવ સમાપ્ત થયો. પોતાના કુલ દેવતા મેઘમુખ નાગકુમારોના કહેવા પર તે કિરાતોએ ભરત ચક્રવર્તીનું આધિપત્ય સ્વીકાર કર્યું.



સત્કાર, સમ્માન કર્યા તથા ક્ષમા માંગી.

ભરત ચક્રવર્તીએ ગુફાની બહાર નીકળીને યથાસ્થાન પડાવ નાખ્યો અને સેનાપતિ ને ઉત્તરી ભરતક્ષેત્રના સિંધુ નિષ્કુંટને જીતવા માટે મોકલ્યો. દક્ષિણી ભરતના સિંધુ નિષ્કુંટની વિજય યાત્રાની સમાન અહીં પણ સંપૂર્ણ વર્ણન જાણવું. વિજય યાત્રા પછી થોડો સમય ત્યાં વિશ્રામ કર્યો.

પછી યથાસમય ચક્રરત્ન રવાના થયું. ભરત રાજા ઉત્તરી ભરતક્ષેત્રના મધ્ય ખંડમાં વિજય પતાકા ફરકાવીને ચુલ્લ હિમવંત પર્વતના મધ્યભાગમાં તળેટીમાં પહોંચ્યા. ત્યાં ચક્રવર્તીએ અઠ્ઠમ કરીને ચુલ્લ હિમવંતકુમાર દેવના ભવનમાં માગધ તીર્થની સમાન જ નામાંકિત બાણ ફેંક્યું. જે ચુલ્લ હિમવંત પર્વતના શિખર તલ પર રહેલા ભવનમાં પહોંચી ગયું. દેવનું વર્ણન માગધ તીર્થાધિપતિ દેવની સમાન જાણવું ***યાવત્*** એણે કહ્યું કે હું આપનો સીમાવર્તી વિષયવાસી દેવ છું, દાસ છું. રાજાએ એને પણ સમ્માનિત કરી વિદાય કર્યો. પછી ભરત ચક્રવર્તી ત્યાં નિકટવર્તી ઋષભકૂટ પર પહોંચ્યા. જ્યાં બધા ચક્રવર્તી પોતાના નામ લખતા હોય છે. એ પરંપરા અનુસાર ભરત ચક્રવર્તીએ પણ કાંગણી રત્ન દ્વારા પોતાનું નામ એવં પરિચય લખ્યા કે "હું ભરત ક્ષેત્રના અવસર્પિણીના ત્રીજા આરાનો પ્રથમ ચક્રવર્તી રાજા ભરત છું. મેં ભરતક્ષેત્રને જીતી લીધું છે. કોઈ પણ મારો પ્રતિશત્રુ નથી." ત્યાર બાદ અઠ્ઠમનું પારણું કર્યું.

ચક્ર રત્નના પ્રસ્થાન કરવા પર રાજા સેના સહિત દક્ષિણ દિશામાં આગળ વધ્યા. ઉત્તર ભરતના અનેક ક્ષેત્રો પર પોતાનું આધિપત્ય કરતા થકા વૈતાઢય પર્વત પાસે પહોંચ્યા. ત્યાં નમિ વિનમિ નામક વિદ્યાધરોના પ્રમુખ રાજાઓનું સ્મરણ કરીને અઠ્ઠમ કર્યો. વિદ્યાધર રાજાઓને અંગ સ્ફુરણ અને મતિજ્ઞાનનો ઉપયોગ લગાવતા સ્થિતિનો આભાસ થઈ ગયો. બન્ને બાજુની વિદ્યાધર શ્રેણીના બન્ને પ્રમુખ રાજા પરસ્પર મંત્રણા કરીને ભરત ચક્રવર્તીની સેવામાં ભેટણા લઈને પહોંચ્યા. જેમાં વિનમિ રાજા સ્ત્રી રત્ન લઈને ઉપસ્થિત થયા. ચક્રવર્તીએ પૂર્વોક્ત વિધિ અનુસાર એમને વિસર્જિત કર્યા. તદનંતર ચક્રરત્ન ગંગાનદીની ગંગા દેવીના ભવન તરફ ઉત્તર પૂર્વમાં ચાલ્યું. સિંધુ દેવીના સમાન અહીં ગંગા દેવીનું વર્ણન જાણવું.

ગંગાદેવીના અઠ્ઠાઈ મહોત્સવના અનંતર ચક્રદેશિત માર્ગથી ભરત ચક્રવર્તી ગંગા નદીના કિનારે કિનારે ચાલતા દક્ષિણ દિશામાં આગળ વધ્યા. ક્રમશઃ વિજિત ક્ષેત્ર પાર કરીને ખંડ પ્રપાત ગુફા પાસે પહોંચ્યા. ત્યાં લાંબા વખતના પડાવ હેતુ વાર્ધિક રત્નને આદેશ કર્યો.

તદનંતર ઉત્તર ભરત ખંડના ગંગા નિષ્કૂટ સાધન(વિજય) કરવા સેનાપતિ રત્નને આદેશ દીધો. સિંધુ નિષ્કૂટની જેમ આ પાંચમાં ખંડને પણ સેનાપતિએ

ચર્મ રત્નથી નદી પાર કરી વિજિત કર્યો તથા સર્વત્ર વિજય પતાકા ફરકાવી ભરત ચક્રવર્તીની સેવામાં આવીને નિવેદન કર્યું, અર્થાત્ જય વિજયથી ભરત ચક્રવર્તીને વધાવ્યા અને સફળતા ખુશ ખબર તેમજ આજ્ઞા પાલન કરી લીધા ની જાણકારી આપી.

થોડા દિવસ વિશ્રાંતિ બાદ ચક્રવર્તીએ સેનાપતિ રત્નને ખંડપ્રપાત ગુફાનું દ્વાર ખોલવાનો આદેશ દીધો. સુષેણ સેનાપતિએ યથાવત્ આદેશનું પાલન કર્યું. અટ્ઠમ આદિ બધુ વર્ણન તમિ ગુફાના દ્વાર ખોલવા સમાન જાણવું. આ ગુફામાં પણ ઉમગજલા અને નિમગજલા બે નદિઓ પર પુલ બનાવવામાં આવ્યો. ૪૯ માંડલા બનાવવા આદિ વર્ણન જાણવું. નદિઓ પાર કરી દક્ષિણ તરફ આગળ વધવા પર ખંડપ્રપાત ગુફાનો દક્ષિણી દરવાજો સ્વતઃ ખુલી જાય છે.

ચક્રવર્તીની સંપૂર્ણ સેના ગુફાના દ્વારથી બહાર નીકળી અને ગંગા નદીના પશ્ચિમી કિનારા પર સૈન્ય શિવિર સ્થાપિત કર્યો. અહીં ભરત ચક્રવર્તીએ નવ નિધિનો અટ્ઠમ કર્યો. અટ્ઠમ અને સ્મરણથી તે નિધિઓ ચક્રવર્તીને વશવર્તી થઈ જાય છે. નિધિ સાધ્યા બાદ અટ્ઠાઈ મહોત્સવ મનાવવામાં આવ્યો. આ નિધિઓ ગંગા નદીના સમુદ્રમાં પ્રવેશ કરવાના સ્થાન પર ભૂમિમાં સ્થિત રહે છે. તેની સાધના ખંડપ્રપાત ગુફાની બહાર નીકળી યથા સ્થાન પર થાય છે.

તદનંતર દક્ષિણી ભરતનો ગંગા નિષ્કુંટ અર્થાત્ છટ્ઠો ખંડ સાધવા માટે સુષેણ સેનાપતિને આદેશ દીધો. સેનાપતિની વિજય યાત્રા અને ગંગાનદી પાર કરવી વગેરેનું વર્ણન પૂર્વ નિષ્કુંટ વિજય યાત્રાની સમાન છે. ***યાવત્*** તે સેનાપતિ વસ્ત્રના તંબૂ રૂપ પોતાના નિવાસમાં સુખપૂર્વક રહેવા લાગ્યા.

થોડા સમય પછી ચક્રરત્ન રાજધાની વિનીતાની તરફ પશ્ચિમ દક્ષિણ દિશામાં રવાના થયું. આસપાસના માર્ગના ક્ષેત્રોને પોતાને આધીન કરતા થકા ચક્રવર્તીનો વિજય સ્કંધવાર વિનીતા તરફ આગળ વધવા લાગ્યો. યોજન-યોજન પર પડાવ કરતા ભરત ચક્રવર્તી રાજાનો સૈન્ય સમૂહ વિનીતા નગરીની નિકટ પહોંચી ગયો. પડાવ અને પૌષધશાળા તૈયાર કરવામાં આવી. રાજાએ વિનીતા પ્રવેશ નિમિત્તે અટ્ઠમ કર્યો; પછી વિશાલ સરઘસની સાથે નગરીમાં પ્રવેશ કર્યો. ચતુરંગિણી સેના અને નવ નિધિઓ નગરીની બહાર રહ્યા. બાકી બધી મંગલ સામગ્રી તથા ઋદ્ધિ સંપદાની સાથે રાજા ભરત ચક્રવર્તી હસ્તિરત્ન પર આરૂઢ થઈને નગરીના રાજમાર્ગો પરથી પોતાના આવાસ પ્રાસાદાવંતસક-રાજભવનની તરફ આગળ વધ્યા. જય-જયના ઘોષ સાથે અને અનેક વિજયના નારા સાથે ચક્રવર્તી રાજા ભરત પોતાના ભવનના દ્વાર પર પહોંચ્યા. હસ્તિરત્નથી ઉતરી ચક્રવર્તી રાજાએ યથાક્રમે બધાને સમ્માનિત સત્કારિત કર્યા. જેમ કે— ૧૬ હજાર દેવો, ૩૨ હજાર રાજાઓ, સેનાપતિ રત્ન, ગાથાપતિ રત્ન, વર્ધકી રત્ન, પુરોહિત રત્ન, ૩૬૦ રસોઈયા, ૧૮ શ્રેણી પ્રશ્રેણીના સામાન્ય રાજાઓ, ઈ✓ર આદિ સાર્થવાહ પર્યન્તનો;



સ્ત્રીરત્ન ઈત્યાદિ પ્રમુખ જનોનો સત્કાર, સન્માન કરી વધાવ્યા. પછી પોતાના ભવનમાં પ્રવેશ કર્યો; પારિવારિક અને મિત્રજનોને કુશલક્ષેમ પૃચ્છા કરી. પછી સ્નાન અને વિશ્રાંતિ બાદ અટ્ઠમનું પારણું કર્યું.

આ પ્રકારે ચક્રવર્તીના ૬ ખંડ સાધનની આ વિજય યાત્રા સાઠ હજાર વર્ષે પૂર્ણ થઈ. જેમાં ચાર ગુફાઓની પાસે નિષ્કુંટોની વિજય યાત્રાના સમયે વધારે લાંબા સમયનો પડાવ રહ્યો. તે ઉપરાંત સંપૂર્ણ સમય ચાલવામાં અને થોડો રોકાવામાં જ પૂર્ણ થયો.

થોડા સમય બાદ ભરત રાજાએ રાજ્યાભિષેક મહોત્સવ રાખ્યો. મહોત્સવ વ્યવસ્થાનો આદેશ આભિયોગિક દેવોને દીધો અને બધા રાજા આદિને નિર્દેશ કર્યો. પછી પોતે પૌષધ શાળામાં જઈને અષ્ટમ ભક્ત પૌષધ(અટ્ઠમ) અંગીકાર કર્યો.

રાજાની આજ્ઞાનુસાર રાજધાની વિનીતાની બહાર ઉત્તરપૂર્વ દિશામાં રાજ્યાભિષેક મંડલ તૈયાર કરવામાં આવ્યું. દેવની બુદ્ધિ એવં શક્તિથી નિર્મિત હજારો સ્તંભોથી યુક્ત તે મંડલ સમવસરણની જેમ અત્યંત આકર્ષણ યુક્ત એવં મનોહર હતું. પૌષધ પૂર્ણ કરી ભરત ચક્રવર્તી મંડપમાં પહોંચ્યા. ત્યાં એમની રાજ્યાભિષેક વિધિ પ્રારંભ થઈ. રાજાઓ આદિ દ્વારા યથાક્રમથી વૈક્રિયકૃત અને સ્વભાવિક કલશોમાં ભરેલા સુગંધી જળ થી ભરત રાજાનો રાજ્યાભિષેક કર્યો અને શુભ શબ્દોથી, મંગલ કામનાઓથી, જય જયકારના શબ્દોથી, મસ્તક પર અંજલી કરતાં, સ્તુતિ દ્વારા ભરત ચક્રવર્તીનું મહાન સમ્માન કર્યું. પછી ચંદનના અનુલેપથી અને પુષ્પમાલાઓથી સન્માનિત કર્યા. ત્યાર પછી બે સુંદર વસ્ત્ર યુગલ પહેરાવ્યા અને વિવિધ આભૂષણોથી અલંકૃત,વિભૂષિત કર્યા. આ પ્રકારે મહાન રાજ્યાભિષેક થઈ જવા પર ભરત રાજા, સ્ત્રી રત્નયુક્ત ૬૪ હજાર ઋતુ કલ્યાણિક અને ૬૪ હજાર જનપદ કલ્યાણિક સ્ત્રિઓની સાથે અભિષેક મંડપની નીચે ઉતરી હસ્તિરત્ન પર આરૂઢ થયા. સંપૂર્ણ ઋદ્ધિ સંપદાની સાથે રાજાએ નગરમાં પ્રવેશ કર્યો. રાજમાર્ગોથી જતાં રાજભવનમાં પહોંચ્યા. યથાસમય ભોજન મંડપમાં સુખાસન પર બેસીને રાજાએ અટ્ઠમનું પારણું કર્યું, તદનંતર ૧૨ વર્ષનો પ્રમોદ ઘોષિત કર્યો. આના પછી પુનઃ સ્ત્રીરત્ન અને ઉપરોકત બધાનો સત્કાર સન્માન કરી આગંતુકોને વિદાય કર્યા. વિદાય કર્યા બાદ રાજા પોતાના રાજ્ય ઐ✓ર્યનો તથા માનુષિક સુખોનો ઉપભોગ કરતા રહેવા લાગ્યા.

**ભરત ચક્રવર્તીની રાજ્ય સંપદા :–** પૂર્વ વર્ણિત દેવ અને રાણીઓ આદિના ઉપરાંત બત્રીસ વિધિથી યુક્ત ૩૨૦૦૦ નાટક, ૮૪ લાખ અ✓, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ રથ, ૯૬ કરોડ પાયદળ સેના, ૭૨૦૦૦ નગર, ૩૨૦૦૦ દેશ, ૯૬ કરોડ ગામ, ૯૯ હજાર દ્રોણમુખ ૪૮૦૦૦ પટ્ટન(પાટણ), ૨૪૦૦૦ કસ્બા, ૨૪૦૦૦ મડંબ, ૨૦૦૦૦ ખાણો, ૧૬૦૦૦ ખેડા(ખેટક) ૧૪૦૦૦ સંબાહ, ૫૬

જલનગર, ૪૯ જંગલી પ્રદેશવાળા રાજય, છ ખંડ યુક્ત સંપૂર્ણ ભરત ક્ષેત્ર, ગંગા-સિંધુ નદી, ચુલ્લહિમવંત પર્વત, ઋષભ કૂટ, વૈતાઢ્ય પર્વત, એની બે ગુફાઓ, બે વિદ્યાધર શ્રેણિઓ, માગધ, વરદામ, પ્રભાસ તીર્થ, ૧૪ રત્ન, ૯ નિધિ આદિ ઋદ્ધિ મહા પુણ્ય પ્રભાવથી ભરત ચક્રવર્તીને આધીન એવં વિષય ભૂત હતી.

**ચૌદ રત્ન :–** (૧) ચક્રરત્ન (૨) દંડરત્ન (૩) અસિરત્ન (૪) છત્રરત્ન આ ચારે ય એકેન્દ્રિય રત્ન શસ્ત્રાગાર શાળામાં ઉત્પન્ન થાય છે. અર્થાત્ દેવ સંહરણ કરીને ત્યાં પ્રતિષ્ઠિત કરે છે. (૫) ચર્મરત્ન (૬) મણિરત્ન (૭) કાંગણિરત્ન આ ત્રણે શ્રીઘર-લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે. આ કુલ સાત એકેન્દ્રિય રત્નોના સ્થાન છે. ચર્મરત્ન ચર્મની સમાન હોય છે પરંતુ પૃથ્વીકાયમય હોય છે. (૮) સેનાપતિ રત્ન (૯) ગાથાપતિરત્ન (૧૦) વાર્ધિકરત્ન (૧૧) પુરોહિતરત્ન એ ચાર મનુષ્ય રત્ન રાજધાનીમાં ઉત્પન્ન થાય છે અર્થાત્ વિનીતામાં ઉત્પન્ન થયા. (૧૨) અ✓રત્ન (૧૩) હસ્તિરત્ન આ બે તિર્યંચ પંચેન્દ્રિય રત્ન વૈતાઢય પર્વતની તળેટીમાં ઉત્પન્ન થાય છે. (૧૪) સ્ત્રીરત્ન વિદ્યાધરોની ઉત્તરી શ્રેણીમાં ઉત્પન્ન થાય છે.

**નવ નિધિઓ :–** નવ નિધિઓ શ્રી ઘરમાં લક્ષ્મી ભંડારમાં ઉત્પન્ન થાય છે. છ ખંડ સાધ્યા પછી નિધિઓના મુખ લક્ષ્મી ભંડારમાં થઈ જાય છે. તે મુખ સુરંગની સમાન હોય છે. જે નિધિઓ અને લક્ષ્મી ભંડારનું જોડાણ કરે છે. આ નિધિઓ શા✓ત છે. પેટીના આકારની છે. તેમની લંબાઈ ૧૨ યોજન, પહોળાઈ ૯ યોજન અને ઊંચાઈ ૮ યોજનની છે. આ માપ પ્રત્યેક નિધિનું છે. આ નવ નિધિઓ ચક્રવર્તી દ્વારા અઠ્ઠમની આરાધના કરવાથી પોતાના અધિષ્ઠાતા દેવોની સાથે તે ચક્રવર્તીની સેવામાં ઉપસ્થિત થઈ જાય છે. આ શા✓ત નિધિઓના મૂળસ્થાન ગંગામુખ સમુદ્રી કિનારા પર છે. નિધિઓના નામ અનુસાર એમના માલિક દેવોના નામ હોય છે. તે દેવ એક પલ્યોપમની સ્થિતિવાળા હોય છે. આ નિધિઓની બાહ્ય ભીંતો પણ વિવિધ વર્ણના રત્નોથી જડાયેલી હોય છે.

**(૧) નૈસર્પ નિધિ :–** ગ્રામ નગર આદિને વસાવવાની વિધિ એવં સામગ્રીથી યુક્ત હોય છે.

**(૨) પાંડુક નિધિ :–** નારિયેળ આદિ, ધાન્ય આદિ, સાકર ગોળ આદિ, ઉત્તમ શાલિ આદિ સંબંધી ઉત્પાદનની વિધિઓ, સામગ્રીઓ અને બીજોથી યુક્ત હોય છે. તેમજ આ પદાર્થોનો આમાં સંગ્રહ એવં સંરક્ષણ પણ થઈ શકે છે.

**(૩) પિંગલક નિધિ :–** પુઢષો, સ્ત્રીઓ, હાથી, ઘોડા આદિના વિવિધ આભૂષણોના ભંડાર યુક્ત એવં એમને બનાવવામાં, ઉપયોગમાં લેવાની વિધિ-ઓથી યુક્ત હોય છે.

**(૪) સર્વ રત્ન નિધિ :–** બધા પ્રકારના રત્નોના ભંડાર રૂપ આ નિધિ છે.



**(૫) મહાપદ્મ નિધિ :–** બધા પ્રકારના વસ્ત્રોના ભંડારરૂપ તથા વસ્ત્ર ઉત્પાદન કરવાની, રંગવાની, ધોવાની અને ઉપયોગમાં લેવાની વિધિઓથી યુક્ત હોય છે. તેમજ તત્સંબંધી અનેક પ્રકારની સાધન-સામગ્રીથી યુક્ત હોય છે.

**(૬) કાલ નિધિ :–** જ્યોતિષ શાસ્ત્ર જ્ઞાન, વંશોની ઉત્પતિ વગેરે ઐતિહાસિક જ્ઞાન, એકસો પ્રકારના શિલ્પનું તથા વિવિધ કર્મોનું જ્ઞાન દેનારી હોય છે. તેમજ તે સંબંધી વિવિધ સાધનો અને ચિત્રો આદિથી યુક્ત હોય છે.

**(૭) મહાકાલ નિધિ :–** લોખંડ, સોનુ, ચાંદી, મણિ, મુક્તા આદિની ખાણોની જાણકારીથી યુક્ત હોય છે. તેમજ તેવા પદાર્થોના ભંડારરૂપ હોય છે.

**(૮) માણવક નિધિ :–** યુદ્ધ નીતિઓ અને રાજનીતિઓનું જ્ઞાન દેનારી તેમજ વિવિધ શસ્ત્રાસ્ત્ર કવચ આદિના ભંડારરૂપ આ નિધિ છે.

**(૯) સંખ નિધિ :–** નાટક, નૃત્ય આદિ કલાઓના ભંડાર રૂપ તેમજ તેને ઉપયોગી સામગ્રીથી યુક્ત આ નિધિ હોય છે. તે ઉપરાંત ધર્મ, અર્થ, કામ, મોક્ષ પ્રતિપાદક કાવ્યો એવં અન્ય અનેક કાવ્યો, સંગીતો, વાદ્યોને દેનારી અને આ કલાઓનું જ્ઞાન કરાવનારી અને વિવિધ ભાષાઓ, શૃંગારોનું જ્ઞાન કરાવનારી આ નિધિ છે.

આ બધી નિધિઓ સુવર્ણમય ભીંતોવાળી રત્ન જડિત હોય છે તથા તે ભીંતો અનેક ચિત્રો, આકારોથી પરિમંડિત હોય છે. આ નિધિઓ આઠ ચક્રો પર (પૈડા પર) અવસ્થિત રહે છે.

**ભરત ચક્રવર્તીને કેવલ જ્ઞાન :–** કથાઓમાં ભરત બાહુબલીના યુદ્ધનું વર્ણન, બાહુબલીની દીક્ષા, ૯૯ ભાઈઓ તથા બે બહેનો(બ્રાહ્મી સુંદરી)ની દીક્ષા, ભરતની ધાર્મિકતા, રાજ્યમાં અનાશક્તિ આદિનું વિવિધ વર્ણન પ્રાપ્ત થાય છે. તે વર્ણન તે ગ્રંથોમાં જોવું. અહીં શાસ્ત્રમાં ઉક્ત વર્ણન કોઈપણ કારણે ઉપલબ્ધ થતું નથી. કેવલજ્ઞાન પ્રાપ્તિનું વર્ણન શાસ્ત્રમાં આ પ્રમાણે છે–

એકવાર ભરત ચક્રવર્તી સ્નાન કરીને, વિવિધ શૃંગાર કરીને, સુસજ્જિત, અલંકૃત, વિભૂષિત થઈને પોતાના અરીસા મહેલમાં પહોંચ્યા અને સિંહાસન પર બેસીને પોતાના શરીરને જોતાં વિચારોમાં લીન બની ગયા. અરીસા મહેલ હોય કે કલા મંદિર હોય, વ્યક્તિના વિચારોનો પ્રવાહ સદા સ્વતંત્ર છે; તે ગમે ત્યાં વળાંક લઈ શકે છે. ભરત ચક્રવર્તી પોતાના વિભૂષિત શરીરને જોતાં ચિંતન ક્રમમાં વધતાં-વધતાં વૈરાગ્ય ભાવોમાં પહોંચ્યા, શુભ અને પ્રશસ્ત અધ્યવસાયોની અભિવૃદ્ધિ થતાં, લેશ્યાઓ વિશુદ્ધ વિશુદ્ધતર થવાથી, તેના મોહ કર્મ યુક્ત સર્વ ઘાતિકર્મોનો ક્ષય થયો અને ત્યાં જ તેને કેવલજ્ઞાન કેવલદર્શન ઉત્પન્ન થઈ ગયો.

આ રીતે ભરત ચક્રવર્તી અરીસા મહેલમાં જ ભરત કેવલી બની ગયા. જિનમતાનુસાર એક બાજુ વિચારોનો વેગ ધ્યાનમાં ઊભેલા મુનિને સાતમી નરકમાં

જવા યોગ્ય બનાવી દે છે. જ્યારે બીજી બાજુ આ જ વિચાર પ્રવાહ વ્યક્તિને રાજભવન અને અરીસા મહેલમાં સર્વજ્ઞ સર્વદર્શી બનાવી શકે છે. એવું પણ વર્ણન મળી આવે છે કે ભરત ચક્રવર્તીના દાદી એટલે ભગવાન ઋષભદેવની માતાને તો હાથી પર બેઠા જ કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું હતું.

ત્યાર પછી ભરત કેવલીએ પોતાના આભૂષણ આદિ ઉતારી પંચ મુષ્ઠિલોચ કર્યો અને અરીસા મહેલથી નીકળ્યા. અંતઃપુરમાં થઈ વિનીતા નગરીથી બહાર નીકળ્યા અને ૧૦ હજાર રાજાઓને પોતાની સાથે દીક્ષિત કરી મધ્યખંડમાં વિચરણ કરવા લાગ્યા. અંતમાં અષ્ટાપદ પર્વત પર સંલેખના (પાદપોપગમન) સંથારો કરી પંડિત મરણનો સ્વીકાર કર્યો.

આ પ્રકારે ભરત ચક્રવર્તી ૭૭ લાખ પૂર્વ કુમારાવસ્થામાં રહી એક હજાર વર્ષ માંડલિક રાજારૂપમાં, ૬ લાખ પૂર્વમાં હજાર વર્ષ ઓછા ચક્રવર્તીરૂપમાં રહ્યા. કુલ ૮૩ લાખ પૂર્વ ગૃહસ્થ જીવનમાં રહ્યા. એક લાખ પૂર્વ દેશોન કેવલી પર્યાયમાં રહ્યા. એક મહિનાના સંથારાથી કુલ ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ થતાં સંપૂર્ણ કર્મોને ક્ષય કરી મુકત થયા; બધા દુઃખોનો અંત કર્યો.

આ ભરત ક્ષેત્રના પ્રથમ ચક્રવર્તી રાજા ભરત થયા. એ ક્ષેત્રના માલિક દેવનું નામ પણ ભરત છે. જેમની એક પલ્યોપમની સ્થિતિ છે. આ પ્રકારે આ ભરતક્ષેત્રનું આ નામ શા✓ત છે, અનાદિ કાલીન છે.

## ૧૪ રત્નોનો વિશેષ પરિચય

**(૧) ચક્રરત્ન :–** ચક્રવર્તીનું આ સૌથી પ્રધાન રત્ન છે. એનુ નામ સુદર્શન ચક્ર રત્ન છે. એ ૧૨ પ્રકારના વાદ્યોના ઘોષથી યુક્ત હોય છે. મણિઓ એવં નાની નાની ઘંટડીઓના સમૂહથી વ્યાપ્ત હોય છે. તેના આરા લાલ રત્નોથી યુક્ત હોય છે. આરાના સાંધા વજ્રમય હોય છે. નેમિ પીળા સુવર્ણમય હોય છે. મધ્યાન્હકાલના સૂર્ય જેવું તેજયુક્ત હોય છે. એક હજાર યક્ષોથી(વ્યંતર દેવોથી) પરિવૃત્ત હોય છે. તે આકાશમાં ગમન કરે છે અને રોકાઈ જાય છે. ચક્રવર્તીની શસ્ત્રાગાર શાળામાં ઉત્પન્ન થાય છે અને એમાં રહે છે. ખંડ સાધન વિજયયાત્રામાં નવનિર્મિત શસ્ત્રાગાર શાળામાં રહે છે. આ ચક્રની પ્રમુખતાથી તે રાજા ચક્રવર્તી કહેવાય છે. આ રત્ન વિજયયાત્રામાં મહાન ઘોષ નાદની સાથે આકાશમાં ચાલીને ૬ ખંડ સાધવાનો માર્ગ પ્રદર્શિત કરે છે. બધી ઋતુઓના ફૂલોની માળાઓથી તે ચક્રરત્ન પરિવેષ્ટિત રહે છે.

**(૨) દંડ રત્ન :–** ગુફાનો દરવાજો ખોલવામાં આનો ઉપયોગ થાય છે. આ એક ધનુષ પ્રમાણનું હોય છે. વિષમ પથરાળ જમીનને સમ કરવા આનો ઉપયોગ



થાય છે. આ વજ્રસારનું બનેલ હોય છે. શત્રુ સેનાનો વિનાશક, મનોરથપૂરક, શાંતિકર, શુભંકર હોય છે.

**(૩) અસિ રત્ન :–** ૫૦ અંગુલ લાંબી, ૧૬ અંગુલ પહોળી, ½ અંગુલ જાડી એવં ચમકતી તીક્ષ્ણ ધારવાળી તલવાર હોય છે. એ સુવર્ણમય મૂઠ એવં રત્નોથી નિર્મિત હોય છે. વિવિધ પ્રકારના મણિઓથી ચિત્રિત વેલો આદિના ચિત્રોથી યુક્ત હોય છે. શત્રુઓનો વિનાશ કરવાવાળી દુર્ભેદ્ય વસ્તુઓનો પણ ભેદ કરવાવાળી હોય છે. આને અસિરત્ન કહેવામાં આવેલ છે.

**(૪) છત્ર રત્ન :–** ચક્રવર્તીના ધનુષ પ્રમાણ જેટલું સ્વાભાવિક લાંબુ પહોળુ અને ૯૯ હજાર સુવર્ણમય તાડિઓથી યુક્ત છત્રરત્ન હોય છે. તેની તાડિઓ-શલાકાઓ દંડથી જોડાયેલી હોય છે. તેથી ફેલાયેલુ છત્ર પીંજરા સદશ પ્રતીત થાય છે. તે છત્ર છિદ્ર રહિત હોય છે. તેની મધ્યમાં સુવર્ણમય, સુદઢ દંડ હોય છે. તે વિવિધ ચિત્રોથી મણિરત્નોથી અંકિત હોય છે. ચક્રવર્તીની સંપૂર્ણ સ્કંધાવાર સેનાનું તાપ, આંધી, વર્ષા, આદિથી રક્ષણ કરી શકે છે. એની પીઠનો ભાગ અર્જુન નામના સફેદ સોનાથી આચ્છાદિત હોય છે. તે બધી ઋતુઓમાં સુખપ્રદ હોય છે.

**(૫) ચર્મ રત્ન :–** ચર્મ નિર્મિત વસ્તુઓમાં આ સર્વોત્કૃષ્ટ હોય છે. ચક્રવર્તીના એક ધનુષ પ્રમાણ સ્વાભાવિક હોય છે. ફેલાવતા ચર્મરત્ન અને છત્રરત્ન ૧૨ યોજન લાંબા અને ૯ યોજન પહોળા વિસ્તૃત થઈ જાય છે. ચર્મરત્ન પાણી ઉપર તરે છે. ચક્રવર્તીનો સંપૂર્ણ સેના પરિવાર એમાં બેસી શકે છે અને નદી પાર કરી શકે છે. આ ચર્મ અને છત્ર રત્ન બંને ચક્રવર્તીના સ્પર્શ કરવા પર વિસ્તૃત થઈ જાય છે. એ કવચની જેમ અભેદ્ય હોય છે. ૧૭ પ્રકારના ધાન્યની ખેતી એમાં તત્કાલ થાય છે. હિલ સ્ટેશન(આબુ પર્વત ઈત્યાદિ) પર અત્યારે પણ સામાન્ય વરસાદમાં ચૂનાની ભીંત પર એવં ટીણકવેલુની ત્રાંસી છતો પર ઘણા પ્રકારની લાંબી વનસ્પતિઓ સ્વયં ઉગી જાય છે. આ પ્રકારે આ ચર્મ રત્નમાં કુશલ ગાથાપતિ રત્ન એક દિવસમાં ધાન્ય ઉગાડી શકે છે. એ અચલ અકંપ હોય છે. સ્વસ્તિક જેવો એનો સ્વભાવિક આકાર હોય છે. એ અનેક પ્રકારના ચિત્રોથી યુક્ત મનોહર હોય છે. છત્ર રત્નને એની સાથે જોડીને ડબ્બારૂપ બનાવવા યોગ્ય તેના કિનારા પર જોડાણ માટે સ્થાન હોય છે.

**(૬) મણિ રત્ન :–** આ મણિરત્ન અમૂલ્ય હોય છે. ચાર અંગુલ પ્રમાણ, ત્રિકોણ, છ કિનારાવાળું હોય છે, એવં તેને પાંચતલ હોય છે. મણિરત્નોમાં શ્રેષ્ઠતમ એવં વૈડૂર્યમણિની જાતિનું હોય છે. તે સર્વ કષ્ટ નિવારક, આરોગ્યપ્રદ, ઉપસર્ગ અને વિઘ્ન હારક હોય છે. આને ધારણ કરનારા સંગ્રામમાં શસ્ત્રથી મરતા નથી, યૌવન સદા સ્થિર રહે છે, એવં તેમના નખ વાળ વધતા નથી. તે દ્યુતિયુક્ત એવં પ્રકાશ કરનાર, મનને લોભાવનાર, અનુપમ મનોહર હોય છે. તેને હસ્તીરત્નની જમણી બાજુ મસ્તક પર બાંધી ચક્રવર્તી ગુફામાં પ્રવેશ કરે છે. જેથી આગળનો તથા

આસપાસનો માર્ગ પ્રકાશિત થાય છે.

**(૭) કાકણી રત્ન :–** આ રત્નનું સંસ્થાન અધિકરણી અને સમચતુરસ્ત્ર બન્ને વિશેષણોવાળું હોય છે. અર્થાત્ આ એક તરફ ઓછું પહોળું અને બીજી બાજુ વધારે પહોળું હોય છે. તે ૬ તલા, ૮ ખૂણા અને ૧૨ કિનાર(કોર)વાળું હોય છે. ચાર અંગુલ પ્રમાણ, આઠ તોલાના વજનવાળું વિષનાશક હોય છે. માનોન્માનની પ્રામાણિકતાનું જ્ઞાન કરાવનારું, ગુફાના અંધકારને સૂર્યથી પણ વધારે નાશ કરે છે. તેના દ્વારા ભીંત પર ચિત્રિત ૫૦૦ ધનુષ ના ૪૯ મંડલોથી(ચક્રોથી) સંપૂર્ણ ગુફામાં સૂર્યના પ્રકાશની જેમ દિવસ સમાન પ્રકાશ થઈ જાય છે. ચક્રવર્તીની છાવણીમાં રાખેલ આ રત્ન રાત્રિમાં પણ દિવસ જેવો પ્રકાશ દે છે.

**(૮) સેનાપતિ રત્ન :–** ચક્રવર્તીના જેવા શરીર-માનવાળા અત્યંત બલવાન, પરાક્રમી, ગંભીર, ઓજસ્વી, તેજસ્વી, યશસ્વી, મ્લેચ્છ ભાષા વિશારદ, મધુર ભાષી, દુષ્પ્રવેશ્ય, દુર્ગમ સ્થાનોના અને એને પાર કરવાના જ્ઞાતા, ચક્રવર્તીની વિશાળ સેનાના તે અધિનાયક હોય છે. તે સદા અજેય હોય છે; અર્થશાસ્ત્ર, નીતિ શાસ્ત્ર, આદિમાં કુશલ હોય છે. ચક્રવર્તીની આજ્ઞાઓનું યથેષ્ટ પાલન કરનાર ભરતક્ષેત્રના ૬ ખંડમાંથી ચાર ખંડને સાધનાર(જીતનાર) હોય છે; ચક્રવર્તીના અનેક રત્નોનો(અશ્વ, હસ્તી, અસિ, ચર્મ, છત્ર, દંડ વગેરેનો) ઉપયોગ કરનાર હોય છે.

**(૯) ગાથાપતિ રત્ન :–** ચક્રવર્તી જેટલી જ અવગાહનાવાળા, ચક્રવર્તીના શેઠ, ભંડારી, કોઠારી આદિનું કાર્ય કરનાર ગાથાપતિ રત્ન હોય છે. તે ખેતી કરવામાં કુશલ, એક દિવસમાં ચર્મરત્ન પર ખેતી કરનાર હોય છે.

**(૧૦) વર્ધકી રત્ન :–** ગ્રામ, નગર, દ્રોણમુખ, સૈન્ય, શિવિર, ગૃહ આદિનું નિર્માણ કરવામાં વર્ધકી રત્ન કુશલ હોય છે; ૮૧ પ્રકારની વાસ્તુકલાના જાણકાર, ભવન નિર્માણના બધા કાર્યના પૂર્ણ અનુભવી; કાષ્ટ કાર્ય કરવામાં કુશલ, શિલ્પ શાસ્ત્ર નિરૂપિત ૪૫ દેવતાઓના સ્થાનાદિકના વિશેષ જ્ઞાતા; જલગત, સ્થલગત સુરંગો, ખાઈઓ, ઘટિકા યંત્ર, હજારો સ્તંભોથી યુક્ત પુલ આદિના નિર્માણ જ્ઞાનમાં પ્રવીણ; વ્યાકરણ જ્ઞાનમાં, શુદ્ધ નામાદિ ચયનમાં, લેખન અંકનમાં તથા દેવ-પૂજાગૃહ, ભોજન ગૃહ, વિશ્રામગૃહ, આદિના સંયોજનમાં પ્રવીણ હોય છે. યાનવાહન આદિના નિર્માણમાં તે સમર્થ હોય છે. ચક્રવર્તીના છ ખંડ સાધન વિજયયાત્રાના સમયે પ્રત્યેક યોજન પર આ વર્ધકી રત્ન સૈન્ય શિવિર, તંબૂ અને પૌષધશાળા આદિ બનાવે છે. તેમનું શરીરનું માન ચક્રવર્તી જેટલું હોય છે.

**(૧૧) પુરોહિત રત્ન :–** જ્યોતિષ વિષયના જ્ઞાતા; તિથિ, મુહૂર્ત, હવન વિધિ, શાંતિ કર્મ આદિના જ્ઞાતા; અનેક ધર્મ શાસ્ત્રોના જ્ઞાતા; સંસ્કૃત આદિ ભાષાઓના જાણકાર પુરોહિત રત્ન હોય છે. તેમના શરીરનું માન ચક્રવર્તીના સમાન હોય છે.



**(૧૨) ગજ રત્ન :–** ચક્રવર્તીનો પ્રધાન હસ્તિ ગજરત્ન કહેવાય છે. પ્રાયઃ ચક્રવર્તી તે ગજરત્નની જ સવારી કરે છે, તેના પર બેસીને જ ખંડ સાધન વિજય વિહાર યાત્રા કરે છે.

**(૧૩) અશ્વરત્ન :–** એ ૮૦ અંગુલ ઊંચો, ૯૯ અંગુલ મધ્ય પરિધિવાળો ૧૦૮ અંગુલ લાંબો, ૩૨ અંગુલ મસ્તકવાળો, ચાર અંગુલ કાનવાળો હોય છે. તે સુર-નરેન્દ્રના વાહનને યોગ્ય, વિશુદ્ધ જાતિ કુલવાળો, અનેક ઊચ્ચ લક્ષણોથી યુક્ત, મેધાવી, ભદ્ર, વિનીત હોય છે. તે અગ્નિ, પાષાણ, પર્વત, ખાઈ, વિષમ સ્થાન, નદીઓ, ગુફાઓ ને સહજ જ ઓળંગનારો અને સંકેત અનુસાર ચાલનારો હોય છે. તે કષ્ટોમાં નહીં ડરનારો, મળ મૂત્ર આદિ યોગ્ય સ્થાન જોઈને કરનારો, સહિષ્ણુ હોય છે. તે પોપટની પાંખ જેવા વર્ણવાળો હોય છે, યુદ્ધ ભૂમિ પર નિડરતાથી અને કુશલતાથી ચાલનારો હોય છે.

**(૧૪) સ્ત્રી રત્ન :–** આ ચક્રવર્તીની પ્રમુખ રાણી હોય છે. વૈતાઢય પર્વતની ઉત્તરી વિદ્યાધર શ્રેણીમાં પ્રમુખ રાજા વિનમિને ત્યાં ઉત્પન્ન થાય છે. સ્ત્રી ગુણોના સુલક્ષણોથી યુક્ત હોય છે. ચક્રવર્તીના સદશ રૂપ લાવણ્ય વાન, ઊંચાઈમાં થોડી ઓછી, સદા સુખકર સ્પર્શવાળી, સર્વ રોગોનો નાશ કરવાવાળી હોય છે. એને ''શ્રી દેવી'' પણ કહેવાય છે. ભરત ચક્રવર્તીની શ્રી દેવી સ્ત્રી રત્નનું નામ સુભદ્રા હતું.

આ સાત પંચેન્દ્રિય રત્ન છે. આ ૧૪ રત્નોના એક-એક હજાર દેવ સેવક હોય છે. અર્થાત્ આ ૧૪ રત્નો દેવાધિષ્ઠિત હોય છે.

**ચક્રવર્તીના ખંડ સાધનનાં મુખ્ય કેન્દ્ર અને ૧૩ અઠમ :–** ત્રણ તીર્થ, બે નદીની દેવી, બે ગુફાના દેવ, બે પર્વતના દેવ, વિદ્યાધર, નવ નિધિ, વિનીતા પ્રવેશ અને રાજ્યાભિષેક, એ કુલ ૧૩ અઠમના સ્થાન ચક્રવર્તીના છે. પૌષધ યુક્ત આ અઠમ સંસારિક વિધિ વિધાનરૂપ છે. કિંતુ તેને ધર્મ આરાધના હેતુ નહીં સમજવા જોઈએ.

બે ગુફાના દ્વાર ખોલવા માટે બે અઠમ સેનાપતિ કરે છે. ચુલ્લહિમવંત પર્વતના દેવના અઠમની સાથે જ ઋષભકૂટ પર નામાંકન કરવામાં આવે છે.

બે-બે એમ ચાર નદિઓ પર સ્થાઈ પૂલ અને બન્ને ગુફાઓમાં ૪૯-૪૯ માંડલા સ્થાયી પ્રકાશ કરનારા બનાવવામાં આવે છે. ત્રણ તીર્થ અને ચુલ્લહિમવંત પર્વત પર તીર ફેંકવામાં આવે છે, શેષ ક્યાંય પણ ફેંકવામાં આવતું નથી. ફક્ત મનમાં સ્મરણ યુક્ત અઠમથી તે દેવ દેવીઓ અને વિદ્યાધર ઉપસ્થિત થઈ જાય છે.

ચુલ્લહિમવંત પર્વત પર ૭૨ યોજન દૂર બાણ જાય છે ત્યારે ભવનમાં પડે છે. અહીં ચક્રવર્તીને એક લાખ યોજનનું વૈક્રિયરૂપ બનાવવું પડે છે, ત્યારે બાણ ત્રાંસુ ૭૨ યોજન જાય છે અને તેમનું શરીર ચુલ્લહિમવંત પર્વતની ઊંચાઈ સદશ

(શા✓તા ૧૦૦ યોજનનું) થઈ જાય છે.

આ ૧૪ રત્નોનું થોડું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના ૨૦મા પદમાં પણ છે અને શ્રી દેવીની યોની સંબંધી વર્ણન યોનિ પદમાં છે.

## ચોથો વક્ષસ્કાર

જંબૂદ્વીપના વર્ણન ક્રમમાં ભરતક્ષેત્રનું વર્ણન ઉત્સર્પિણી, અવસર્પિણીના ૬-૬ આરાના વર્ણનની સાથે એવં પ્રથમ તીર્થંકર, પ્રથમ ચક્રવર્તીના વર્ણનની સાથે પૂર્ણ થાય છે. જેમાં ચક્રવર્તી ભરત દ્વારા ૬ ખંડોને સાધવા(જીતવાનું) વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આ રીતે બધા મળીને ભરત ક્ષેત્રનું સાંગોપાંગ વર્ણન ત્રણ વક્ષસ્કારમાં કરવામાં આવ્યું છે. આ ચોથા વક્ષસ્કારમાં અવશેષ જંબૂદ્વીપના વર્ષધર પર્વત અને ક્ષેત્રોનું વર્ણન એના અંતર્ગત આવેલ પર્વતો નદીઓ, ક્ષેત્રો, વિભાગો આદિની સાથે કરવામાં આવે છે.

**આ વક્ષસ્કારનો વિષય ક્રમ :–** (૧) ચુલ્લહિમવંત પર્વત-પદ્મદ્રહ, નદી, કૂટ યુક્ત (૨) હેમવંત યુગલિક ક્ષેત્ર (૩) મહાહિમવંત પર્વત (૪) હરિવર્ષ યુગલિક ક્ષેત્ર (૫) નિષધ પર્વત (૬) મહાવિદેહ ક્ષેત્રના વર્ણનમાં ઉત્તરકુઢ તથા એના વૃક્ષ, પર્વત, દ્રહ, વક્ષસ્કાર ગજદંતા આદિ (૭) પહેલી વિજયથી આઠમી વિજય અને તેની વચ્ચેના પર્વત તથા અંતર નદી (૮) બન્ને સીતામુખ વન (૯) નવમી વિજયથી સોળમી વિજય, અંતર નદી અને પર્વત યુક્ત (૧૦) દેવકુઢ ક્ષેત્ર તથા એના વૃક્ષ, દ્રહ, પર્વત, નદી, ગજદંતા આદિ (૧૧) સત્તરમી વિજયથી ચોવીસમી વિજય (૧૨) બન્ને સીતોદામુખવન (૧૩) પચ્ચીસમી વિજયથી બત્રીસમી વિજય (૧૪) મેઢ પર્વત, ભદ્રસાલ આદિ ચાર વન, અભિષેક શિલા આદિ (૧૫) નીલ પર્વત (૧૬) રમ્યક્ વાસ યુગલિક ક્ષેત્ર (૧૭) ઢક્મી પર્વત (૧૮) હેરણ્યવત યુગલિક ક્ષેત્ર (૧૯) શિખરી પર્વત (૨૦) કર્મ ભૂમિજ એરાવત ક્ષેત્ર. આ ક્રમથી આગળ વર્ણન કરવામાં આવ્યું છે.

**(૧) ચુલ્લહિમવંત પર્વત :–** દક્ષિણ દિશામાં ભરતક્ષેત્રની સીમા કરનારો, ઉત્તરદિશામાં હેમવંત ક્ષેત્રની સીમા કરનારો, પૂર્વ પશ્ચિમમાં લવણ સમુદ્રના સીમાંત પ્રદેશોને સ્પર્શ કરનારો સુવર્ણમય ચુલ્લ હિમવંત નામનો લઘુ પર્વત છે. તે પૂર્વ પશ્ચિમ સમુદ્ર સુધી લાંબો ઉત્તર દક્ષિણ ભરત ક્ષેત્રથી બે ગણો ૧૦૫૨ $\frac{૧૨}{૧૯}$ યોજન પહોળો અને ૧૦૦ યોજન ઊંચો છે. સમ ભૂમિ પર બન્ને બાજુ એક-એક પદ્મવર વેદિકા અને વનખંડથી સુશોભિત છે.

**પદ્મદ્રહ :–** એ પર્વતનું શિખરતલ મૃદંગતલ સમાન ચીકણું સમતલ અને રમણીય ભૂમિભાગવાળું છે. ઘણા વાણવ્યંતર દેવી–દેવતાઓના આમોદ-પ્રમોદને માટે યોગ્ય



છે.આ શિખર તલની લંબાઈ પહોળાઈની ઠીક મધ્યમાં એક પદ્મદ્રહ છે, જે ૧૦૦૦ યોજન લાંબુ, ૫૦૦ યોજન પહોળુ અને ૧૦ યોજન ઊંડુ છે. એમાં ચારે દિશાઓમાં પગથિયા છે. એની ભીંતો રજતમય અથવા તો રત્નમય છે. દ્રહના ઉપરી કિનારા પર પદ્મવર વેદિકા અને વનખંડ છે. એમાં દસ યોજન ઊંડુ પાણી ભરેલું રહે છે. ત્રણ નદિઓથી પાણી નીકળવા છતાં પણ આ દ્રહમાં નવા અપ્કાય જીવોની અને પાણીના યોગ્ય પુદ્ગલોની ઉત્પત્તિ થતી રહે છે. જેથી ૧૦ યોજન પાણીની ઊંડાઈમાં કોઈ ખાસ અંતર પડતું નથી.

**પદ્મકમલ :–** દ્રહની એકદમ વચમાં ૧ યોજન લાંબુ પહોળુ , અર્ધો યોજન પાણીથી બહાર અને ૧૦ યોજન પાણીમાં રહેતુ એક પ્રમુખ પદ્મ છે. જે પૃથ્વીકાયમય છે અર્થાત્ એનુ મૂળ કંદ, નાલ, બાહ્ય પત્ર, આભ્યંતર પત્ર, કેસરા, પુષ્કરાસ્થિ ભાગ, વિવિધ રત્ન મણિમય છે. એની કર્ણિકા-બીજ કોશ, ઉપરી શિખરસ્થ સઘન વિભાગ સુવર્ણમય છે. જેનો ભૂમિ ભાગ સમતલ ચીકણો સ્વચ્છ ઉજ્જવલ સર્વથા સુવર્ણમય છે. આ ભૂમિ ભાગ અર્ધો યોજન(૨ કોશ) લાંબો પહોળો ગોળાકાર છે. એના પર ઠીક વચમાં એક કોશ લાંબુ, અર્ધો કોશ પહોળું, એક કોશ ઊંચુ, સુંદર વિશાલ ઘણા સ્તંભો પર સ્થિત એક ભવન છે. જેની ત્રણ દિશામાં પાંચસો ધનુષ ઊંચા અને ૨૫૦ ધનુષ પહોળા દ્વાર છે. ભવનની અંદર મધ્યમાં ૫૦૦ ધનુષ લાંબો પહોળો ૨૫૦ ધનુષ ઊંચો ચબૂતરો છે. એના પર વિશાળ દેવ શય્યા છે. ઈત્યાદિ વર્ણન ભવનો જેવું છે. આ ભવન શ્રી દેવીનું છે. એની સ્થિતિ એક પલ્યોપમની છે.

**પદ્મોની સંખ્યા :–** મુખ્ય પદ્મથી થોડે દૂર ચારે તરફ ગોળાકાર પરિધિરૂપ ૧૦૮ પદ્મ હારબંધ આવ્યા છે. એની બહાર મુખ્ય પદ્મથી (૧) પશ્ચિમોત્તરમાં ઉત્તરમાં અને ઉત્તરપૂર્વમાં ચાર હજાર સામાનિક દેવોના પદ્મ છે. (૨) પૂર્વમાં ચાર મહત્તરિકાઓના ચાર પદ્મ છે. (૩) દક્ષિણપૂર્વમાં આભ્યંતર પરિષદના દેવોના ૮૦૦૦ પદ્મ છે. (૪) દક્ષિણમાં મધ્યમ પરિષદના ૧૦૦૦૦ પદ્મ છે. (૫) પશ્ચિમ દક્ષિણમાં બાહ્ય પરિષદના ૧૨૦૦૦ પદ્મ છે. (૬) પશ્ચિમમાં સાત અનિકાધિપતિઓના સાત પદ્મ છે. (૭) પછી આ બધા પદ્મોને ઘેરતા ચોતરફ પરિધિરૂપ ગોળાઈમાં આત્મરક્ષક દેવોના ૧૬૦૦૦ પદ્મ છે. આ ૫૦ હજાર એક સો ઓગણીસ પદ્મ અને એના સ્વામી દેવ દેવી પણ શ્રી દેવીના પરિવારરૂપ છે. આ પદ્મોની કર્ણિકા પર બધાના ભવન છે. શ્રી દેવીનું મુખ્ય પદ્મ મળીને ૫૦૧૨૦ કુલ પદ્મ છે. આ બધા પદ્મોને ઘેરતા ત્રણ વેદિકા પરકોટારૂપ પદ્મ છે. જેમાં અંદરથી બહાર ક્રમશઃ ૩૨+૪૦+૪૮ લાખ પદ્મ છે. ત્રણે મળીને ૧ કરોડ ૨૦ લાખ પદ્મ છે. તેમાં ઉપરની સંખ્યા ઉમેરતાં કુલ ૧,૨૦,૫૦,૧૨૦ પદ્મ થાય છે. એ બધા ૧૦ યોજન પાણીમાં હોય છે. પાણીની બહારનું માપ મુખ્ય કમલ જેટલું છે. મુખ્ય પદ્મને પરિવેષ્ટિત કરનાર ૧૦૮ પદ્મો તેનાથી અર્ધાપ્રમાણના હોય છે. તે સિવાયના પદ્મોનું

માપ પાઠમાં સ્પષ્ટ થતું નથી.

બધા પદ્મોના કર્ણિકા વિભાગ સમતલ છે. એના પર ભવન છે અને કર્ણિકાના કિનારે અર્થાત્ પદ્મના ઉપરી ભાગ પર પદ્મવર વેદિકા તથા વન ખંડ છે.

**ત્રણ નદિઓ :–** એ પદ્મદ્રહની પૂર્વથી ગંગા, પશ્ચિમથી સિંધુ નદી અને ઉત્તરથી રોહિતાંશા નદી નીકળે છે. રોહિતાંશા નદી ચુલ્લહિમવંત પર્વતના ઉત્તરી શિખર તલને પૂર્ણ પાર કરી હેમવંત ક્ષેત્રમાં રોહિતાંશ કુંડમાં પડે છે અને એ કુંડમાં ઉત્તરી તોરણથી નીકળી ઉત્તર દિશામાં જાય છે. હેમવંતક્ષેત્રની વચ્ચોવચ સ્થિત વૃત વૈતાઢય પર્વતને બે યોજન દૂર રાખતી પશ્ચિમમાં વળી જાય છે. જે હેમવંત ક્ષેત્રની પહોળાઈની વચ્ચોવચ ચાલતી જગતીને ભેદીને લવણ સમુદ્રમાં પડે છે. અર્થાત્ ત્યાં જગતીમાં નદીના જલ પ્રવેશ જેટલો સ્થાયી માર્ગ સ્વાભાવિક શા✓ત છે. શેષ બન્ને ગંગા સિંધુ નદિઓ ૫૦૦-૫૦૦ યોજન પર્વત પર વહીને દક્ષિણમાં વળે છે. પછી પર્વતના દક્ષિણ કિનારા સુધી ચાલીને દક્ષિણમાં ભરતક્ષેત્રમાં ગંગા અને સિંધુ નામક કુંડોમાં પડે છે. જેનું વર્ણન ભરતક્ષેત્રના વર્ણનમાં કરી દીધું છે. આ પર્વત અને નદિઓના માપ પરિવાર આદિ આગળ ચોથા વક્ષસ્કારમાં તાલિકામાં જુઓ. નદિઓથી બન્ને કિનારે પદ્મવર વેદિકા અને વનખંડ છે.

**કૂટ :–** આ પવર્તના શિખર તલ પર પહોળાઈથી વચમાં ક્રમશઃ પૂર્વથી પશ્ચિમ સુધી ૧૧ કૂટ છે. એમના નામ આ પ્રકારે છે. (૧) સિદ્ધાયતન કૂટ (૨) ચુલ્લહિમવંત કૂટ (૩) ભરતકૂટ (૪) ઈલાદેવી કૂટ (૫) ગંગાદેવી કૂટ (૬) શ્રીદેવી કૂટ (૭) રોહિતાંશ કૂટ (૮) સિંધુદેવી કૂટ (૯) સુરાદેવી કૂટ (૧૦) હેમવંત કૂટ (૧૧) વૈશ્રમણ કૂટ.

સિદ્ધાયતન કૂટ સિવાય બધા કૂટ પર એ નામોના દેવ યા દેવીના ભવન છે. પૂર્વમાં પહેલા કૂટ બધા પર્વતો પર સિદ્ધાયતન કૂટ છે. એના કોઈ સ્વામી દેવ નથી. પશ્ચિમમાં છેલ્લો કૂટ વૈશ્રમણ દેવનો છે. બાકી કૂટ આ પર્વતની બન્ને તરફ આવેલા ક્ષેત્ર, પર્વત, નદી, ગુફા, આદિના માલિક અધિષ્ઠાતા દેવ દેવીના છે. આ માલિક દેવ દેવીની ઉંમર એક પલ્યોપમની હોય છે. કૂટોની લંબાઈ પહોળાઈ આદિ ચાર્ટમાં જુઓ.

મહાહિમવંત વર્ષધર પર્વતની અપેક્ષા આ પર્વત નાનો છે. તેથી એનું ચુલ્લ= નાનો હિમવંત પર્વત એ શા✓ત નામ છે. ચોખૂણ લાંબો હોવાથી આ પર્વતને ઢચક સંસ્થાન કહેવામાં આવેલ છે. કારણ કે ઢચક નામક ગળાનું આભૂષણ આ પ્રકારનું હોય છે.

**(૨) હેમવંત યુગલિક ક્ષેત્ર :–** આ ક્ષેત્રની દક્ષિણમાં ચુલ્લહિમવંત પર્વત છે. પૂર્વ પશ્ચિમમાં લવણ સમુદ્રી સીમાંત પ્રદેશોને અડતુ આ ચોખૂણ લાંબુ પલ્યંક



(પર્યંક) સંસ્થાનવાળું ક્ષેત્ર છે. આ ક્ષેત્રની લંબાઈ, પહોળાઈ થી મધ્યમાં શબ્દાપાતી વૃત વૈતાઢય પર્વત છે. જે એક હજાર યોજન ઊંચો અને એક હજાર યોજન લાંબો પહોળો ગોળ છે. એના સમ ભૂમિ ભાગ પર ચારે બાજુ પદ્મવર વેદિકા અને વનખંડ છે. શિખર તલ પર પણ ચારે બાજુ કિનારા પર પદ્મવર વેદિકા અને વનખંડ છે. શિખર તલની વચમાં શ્રેષ્ઠ પ્રાસાદ છે. જે ૬૨ ૧/૨ યોજન ઊંચો ૩૧ ૧/૪ યોજન લાંબો, પહોળો છે. શબ્દાપાતિ દેવ અહીં સપરિવાર રહે છે.

રોહિતા અને રોહિતાંશા બે નદીઓ અને વૃત(ગોલ) વૈતાઢય પર્વતથી આ ક્ષેત્રમાં ચાર વિભાગ(ખંડ) થાય છે.આ ક્ષેત્રની પહોળાઈ ચુલ્લહિમવંત પર્વતની પહોળાઈથી બે ગણી ૨૧૦૫ ૫/૧૯ યોજનની છે. આ ક્ષેત્રમાં અકર્મભૂમિજ મનુષ્ય રહે છે. ત્યાં અવસર્પિણીના ત્રીજા આરાની શરૂઆતની સમાન ભાવ વર્તે છે. મનુષ્યની ઉંમર ઉત્કૃષ્ટ એક પલ્યોપમની હોય છે. દસ પ્રકારના વિશિષ્ટ વૃક્ષો (પ્રચલનમાં કલ્પ વૃક્ષો)થી આ મનુષ્યોના જીવનનિર્વાહ થાય છે. ઈત્યાદિ વર્ણન ત્રીજા આરાના વર્ણન સમાન જાણવું.

આ ક્ષેત્રની બન્ને બાજુ સુવર્ણમય પર્વત છે. તે સુવર્ણમય પુદ્ગલ એવં સોનેરી પ્રકાશ આ ક્ષેત્રને આપતા રહે છે.આ ક્ષેત્રના અધિપતિ દેવનું નામ હિમવંત છે. એટલે કે આ ક્ષેત્રનું 'હેમવંત' એ અનાદિ શા✓ત નામ છે.

**(૩) મહાહિમવંત પર્વત :–** આ પર્વત દક્ષિણમાં હેમવંત ક્ષેત્રની અને ઉત્તરમાં હરિવર્ષ ક્ષેત્રની સીમા કરે છે. પૂર્વ પશ્ચિમ લવણ સમુદ્રી ચરમાંત પ્રદેશોને સ્પર્શ કરે છે. પૂર્વ પશ્ચિમ લાંબો અને ઉત્તર દક્ષિણ હેમવંત ક્ષેત્રથી બે ગણા ૪૨૧૦ ૧૦/૧૯યોજન પહોળો એવં ૨૦૦ યોજન ઊંચો ઢચક સંસ્થાન મય છે. તે સંપૂર્ણ સુવર્ણમય છે. શેષ વર્ણન વેદિકા, દ્રહ, કૂટ આદિનું ચુલ્લહિમવંત પર્વતના વર્ણન જેવું છે.

અહીં મહાપદ્મ દ્રહ છે, જે પદ્મ દ્રહથી બમણું લાંબુ પહોળું છે. પાણીની ઊંડાઈ પદ્મદ્રહના જેવી છે. આમા મુખ્ય પદ્મ આદિની લંબાઈ પહોળાઈ એવં ભવનની લંબાઈ પહોળાઈ પદ્મદ્રહના વર્ણન થી બે ગણી છે. લંબાઈ પહોળાઈ સિવાય બધુ વર્ણન પદ્મદ્રહના જેવું છે. અહીં 'હ્રી' નામની દેવી રહે છે એનો બધો પરિવાર પદ્મો પર રહે છે.

આ દ્રહમાં પૂર્વ પશ્ચિમથી નદી નીકળતી નથી પરંતુ ઉત્તર દક્ષિણથી નદી નીકળે છે. દક્ષિણી તોરણથી રોહિતા નદી નીકળે છે. જે સંપૂર્ણ પર્વત પર દક્ષિણ દિશામાં ચાલતી કિનારા પર પહોંચીને ૨૦૦ યોજન નીચે હેમવંત ક્ષેત્રમાં રોહિતપ્રપાત કુંડમાં પડે છે અને પછી એ કુંડના દક્ષિણી તોરણથી નીકળી દક્ષિણ દિશામાં હેમવંત ક્ષેત્રમાં ચાલતી શબ્દાપાતી વૃત વૈતાઢયના બે યોજન દૂરથી પૂર્વની બાજુ વળી જાય છે. જે હેમવંત ક્ષેત્રને લંબાઈમાં બે ભાગ કરતી પૂર્વી સમુદ્રમાં

જઈને મળે છે. સમુદ્રમાં જવા માટે જગતીમાં આ નદિઓના શા✓ત માર્ગ હોય છે. એ માર્ગોથી જગતીના નીચે થઈને સમુદ્રમાં મળી જાય છે. આ દ્રહથી નીકળનારી બધી મહાનદિઓ અન્ય હજારો નાની નદિઓને પોતાનામાં સમાવિષ્ટ કરતી સમુદ્ર સુધી આગળ વધે છે.

મહાપદ્મદ્રહના ઉત્તરી તોરણથી હરિકંતા મહાનદી નીકળે છે જે ઉત્તર દિશામાં શિખર તલ પર ચાલતી પર્વતના કિનારે પહોંચે છે. ત્યાં જિવ્હાકાર બનેલા માર્ગ(મોખી)થી ૨૦૦ યોજન નીચે હરિવર્ષ ક્ષેત્રમાં હરિકંત પ્રપાત કુંડમાં પડે છે અને પછી આ કુંડના ઉત્તરી તોરણથી નીકળી હરિવર્ષ ક્ષેત્રમાં ઉત્તર દિશામાં ચાલી જાય છે. ત્યાં વચ્ચોવચ રહેલા વિકટાપાતી વૃત વૈતાઢયની પાસે થઈ પશ્ચિમ બાજુ વળી જાય છે. આગળ પશ્ચિમમાં ચાલતી હરિવર્ષ ક્ષેત્રના લંબાઈમાં બે વિભાગ કરતી કિનારા સુધી જાય છે અને ત્યાં પશ્ચિમ લવણ સમુદ્રમાં સમાવિષ્ટ થઈ જાય છે.

આ મહા હિમવંત પર્વત પર આઠ કૂટ છે. યથા – (૧) સિદ્ધાયતન કૂટ (૨) મહાહિમવંત કૂટ (૩) હેમવંત કૂટ (૪)રોહિત કૂટ (૫) હ્રી કૂટ (૬) હરિકંત કૂટ (૭) હરિવાસ કૂટ (૮) વૈડૂર્ય કૂટ.

ચુલ્લહિમવંત પર્વતથી આ પર્વત બધી અપેક્ષાએ વિશાળ છે. એવં મહાહિમવંત એના અધિપતિ દેવ અહીં રહે છે. એટલે મહાહિમવંત પર્વત એ શા✓ત નામ છે.

**(૪) હરિવર્ષ ક્ષેત્ર :–** હેમવંત ક્ષેત્રના જેવું જ આ ક્ષેત્ર બે નદીઓ અને વૃત વૈતાઢય પર્વતથી ચાર ભાગોમાં વિભાજિત છે. પૂર્વ પશ્ચિમ લાંબુ, ઉત્તર દક્ષિણ મહાહિમવંત પર્વતથી બેગણુ(૮૪૨૧ ૧/૧૯ યોજન) પહોળુ છે. પલ્યંક(પર્યંક) સંસ્થાન સંસ્થિત છે. એના ઉત્તરમાં નિષધ મહાપર્વત છે, દક્ષિણમાં મહાહિમવંત પર્વત છે. પૂર્વ પશ્ચિમમાં લવણ સમુદ્ર છે. એમાં અકર્મભૂમિજ યુગલિક મનુષ્ય રહે છે. ૧૦ પ્રકારના વિશિષ્ટ વૃક્ષ હોય છે, ઈત્યાદિ અવસર્પિણીના બીજા આરાના શરૂઆત કાળનું વર્ણન જાણવું.

લંબાઈ પહોળાઈની વચ્ચોવચ વિકટાપાતી વૃત વૈતાઢય પર્વત છે. જેનું વર્ણન શબ્દાપાતી વૃત વૈતાઢયના જેવું છે. આ વૃત વૈતાઢય પર ભવનમાં અઢણ નામક સ્વામી દેવ રહે છે.

આ ક્ષેત્રનો હરિવર્ષ નામક સ્વામી દેવ છે. જે મહર્દ્ધિક *યાવત્* એક પલ્યોપમની સ્થિતિવાળો છે. આ કારણે આ ક્ષેત્રનું શા✓ત નામ 'હરિવર્ષ ક્ષેત્ર' છે. હરી અને હરિકંતા નામની બે નદિઓ આ ક્ષેત્રમાં છે. હેમવંત ક્ષેત્રના જેવું જ એના પણ ચાર વિભાગ ઈત્યાદિ અવશેષ વર્ણન છે.

**(૫) નિષધ વર્ષધર પર્વત :–** આ પર્વત ઉત્તરમાં મહાવિદેહ ક્ષેત્રની એવં



દક્ષિણમાં હરિવર્ષ ક્ષેત્રની સીમા કરે છે. પૂર્વ પશ્ચિમમાં લવણ સમુદ્રી ચરમાંત પ્રદેશોને સ્પર્શ કરે છે અર્થાત્ બધા પર્વત જગતીને ભેદી સમુદ્ર સુધી પહોંચે છે. એ પૂર્વ પશ્ચિમ લાંબો અને ઉત્તર દક્ષિણ હરિવર્ષ ક્ષેત્રથી બે ગણો (૧૬૮૪૨ ૨/૧૯ યોજન) પહોળો અને ૪૦૦ યોજન ઊંચો, ઢચક સંસ્થાન સંસ્થિત છે. શેષ વર્ણન મહા-હિમવંત પર્વત જેવું જ છે. એના શિખર તલ પર તિગિચ્છ નામક દ્રહ છે. જે મહા-પદ્મ દ્રહ થી બે ગણો છે અને એના અંદર પદ્મ અને ભવન પણ બે ગણી લંબાઈ-પહોળાઈવાળા છે. પદ્મોનું શેષ વર્ણન મહાપદ્મ દ્રહના જેવું જ છે. અહીં ધૃતિ નામક દેવી સપરિવાર નિવાસ કરે છે.

આ દ્રહની ઉત્તર દક્ષિણથી મહાપદ્મ દ્રહની જેમ બે નદિઓ નીકળે છે. દક્ષિણથી હરિ નદી નીકળે છે. જે હરિવર્ષક્ષેત્રમાં હરિપ્રપાત કુંડમાં પડે છે અને ત્યાંથી વિકટાપાતી વૃત વૈતાઢય સુધી દક્ષિણમાં ચાલી પછી પૂર્વ દિશામાં વળે છે. આ નદી પૂર્વી હરિવર્ષ ક્ષેત્રને લંબાઈમાં બે વિભાજન કરતી પૂર્વી લવણ સમુદ્રમાં પ્રવિષ્ટ થાય છે.

આ દ્રહની ઉત્તરથી સીતોદા મહાનદી નીકળે છે. જે ઉત્તરી શિખરતલ પર ચાલતી કિનારા પર આવીને ૪૦૦ યોજન નીચે દેવકુઢક્ષેત્રમાં રહેલ સીતોદાપ્રપાત કુંડમાં પડે છે. પછી કુંડના ઉત્તરી તોરણથી નીકળી દેવકુઢ ક્ષેત્રને બે ભાગોમાં વિભાજિત કરતી આગળ વધે છે. ચિત્રકૂટ પર્વત અને વિચિત્રકૂટ પર્વતોની વચમાંથી નીકળી, પાંચ દ્રહોને બે ભાગોમાં વિભાજિત કરે છે. પછી ૫૦૦ યોજન ભદ્રશાલ વનમાં જઈને એના પણ પૂર્વ પશ્ચિમ બે વિભાગ કરે છે. પછી મેઢ પર્વતથી બે યોજન દૂર રહેલા વિદ્યુત્પ્રભ ગજદંતા પર્વતની નીચેથી નીકળી પશ્ચિમની બાજુ વળી જાય છે. ત્યાં પણ પશ્ચિમી ભદ્રશાલ વનમાં ૨૨૦૦૦ યોજન જઈને એના ઉત્તરી દક્ષિણી બે વિભાગ કરતી આગળ વધે છે. આના પછી પશ્ચિમી મહાવિદેહને બે ભાગોમાં વિભાજિત કરતી ત્યાંના ૧૬ વિજયોથી આવનારી નદિઓને પોતાનામાં સમાવિષ્ટ કરતી આગળ વધે છે. અંતમાં જગતીના જયંત દ્વારની નીચે(૧૦૦૦ યોજન નીચે) જઈને લવણ સમુદ્રની સીમામાં પ્રવેશ કરે છે. કારણ કે પશ્ચિમી મહાવિદેહ આગળ જતાં નીચે ઢોળાવ રૂપમાં રહેલું હોવાથી ૨૪મી અને ૨૫મી વિજય અધોલોકમાં છે અર્થાત્ સમભૂમિથી ૧૦૦૦ યોજન નીચે છે. પૂર્વી મહાવિદેહ આ રીતે નથી પરંતુ સમતળ છે.

નિષધ પર્વત પર ૯ કૂટ છે યથા– (૧) સિદ્ધાયતન કૂટ (૨) નિષધકૂટ (૩) હરિવર્ષકૂટ (૪) પૂર્વવિદેહ કૂટ (૫) હરિકૂટ (૬) ધૃતિકૂટ (૭) સીતોદાકૂટ (૮) પશ્ચિમ વિદેહ કૂટ (૯) ઢચક કૂટ. આ પર્વત બધા તપનીય સુવર્ણમય છે. આ પર્વત પર નિષધ નામક મહર્દ્ધિક દેવ રહે છે. એટલા માટે આ પર્વતનું 'નિષધ' એ શા✓ત નામ છે.

**મહાવિદેહ ક્ષેત્ર :–** આની ઉત્તરમાં નીલવંત પર્વત, દક્ષિણમાં નિષધ પર્વત સીમા કરે છે. પૂર્વ પશ્ચિમમાં લવણ સમુદ્ર છે. જંબૂદ્વીપની મધ્યમાં આ મહાવિદેહ ક્ષેત્ર પૂર્વ પશ્ચિમ એક લાખ યોજન લાબું, ઉત્તર દક્ષિણ ૩૩૬૮૪ ૪/૧૯ યોજન પહોળું પલ્યંક સંસ્થાન સંસ્થિત, જંબૂદ્વીપના બધા ક્ષેત્રોમાં વિશાળ ક્ષેત્ર છે.

આના મુખ્ય ચાર મોટા વિભાગ છે. ૧. ઉત્તરકુઢક્ષેત્ર ૨. પૂર્વ વિદેહ ૩. દેવકુઢ ૪. પશ્ચિમ વિદેહ.

**(૬) ઉત્તર કુઢક્ષેત્ર :–** આ યુગલિક ક્ષેત્ર ઉત્તરમાં નીલવંત મહાપર્વતથી અને પૂર્વ, પશ્ચિમ તથા દક્ષિણ ત્રણ દિશાઓમાં અર્ધ ગોળાકારમાં રહેલા બે ગજદન્તાકાર વક્ષસ્કાર પર્વતોથી, એમ ચારે તરફ પર્વતોથી ઘેરાયેલું ક્ષેત્ર છે. એ પૂર્વ-પશ્ચિમ ૫૩૦૦૦ યોજન લાંબુ, ઉત્તર દક્ષિણ ૧૧૮૪૨ ૨/૧૯ યોજન પહોળું અર્ધ ચંદ્રાકાર સંસ્થાનવાળું છે. જેની ધનુપૃષ્ટ ૬૦૪૧૮ ૧૨/૧૯ યોજનની છે. આની વચમાં નીલવંત પર્વતના શિખર તલથી કુંડમાં પડીને દક્ષિણી તોરણથી નીકળનારી સીતા નદી છે. જે સીધી મેઢપર્વતના દક્ષિણ કિનારા સુધી(બે યોજન પૂર્વ) અર્થાત્ આ ક્ષેત્રના ઉત્તર કિનારા સુધી ગઈ છે. આને કારણે આ ક્ષેત્ર બરાબર બે વિભાગોમાં વિભાજિત છે. યથા– (૧) પશ્ચિમ વિભાગ (૨) પૂર્વ વિભાગ.

**ગંધમાદન વક્ષસ્કાર પર્વત :–** ઉત્તર કુઢક્ષેત્રમાં પશ્ચિમી વિભાગના પશ્ચિમી કિનારે ગંધમાદન ગજદંતાકાર વક્ષસ્કાર પર્વત છે. જે નીલવંત પર્વતની પાસે ૫૦૦ યોજન પહોળો અને ૪૦૦ યોજન ઊંચો છે. મેઢ પર્વતની પાસે અંગુલના અસંખ્યાતમા ભાગનો પહોળો અને ૫૦૦ યોજન ઊંચો છે. આ પ્રકારે આ પર્વત મેઢ પર્વત સુધી ક્રમશઃ ઊંચાઈમાં વધતો ગયો છે અને પહોળાઈમાં ઘટતો ગયો છે. સમભૂમિ પર આની બંને તરફ પદ્મવર વેદિકા અને વનખંડ છે.

**કૂટ :–** આ પર્વતના સાત કૂટ છે. યથા– (૧) સિદ્ધાયતન કૂટ (૨) ગંધમાદન કૂટ (૩) ગંધિલાવતી કૂટ (૪) ઉત્તર કુઢ કૂટ (૫) સ્ફટિક કૂટ (૬) લોહિતાક્ષ કૂટ (૭) આનંદકૂટ. પહેલો સિદ્ધાયતન કૂટ મેઢ પર્વતની નજીક છે, સાતમો આનંદ કૂટ નીલવંત પર્વતની નજીક છે. એમ ક્રમશઃ પાંચમા, સ્ફટિક, છટ્ટા લોહિતાક્ષ કૂટ પર ભોગંકરા અને ભોગવતી બે દેવીઓ રહે છે. બાકીના ૪ પર સમાન નામવાળા અધિષ્ઠાતા દેવ ઉત્તમ પ્રાસાદોમાં રહે છે. બાકી કૂટનું વર્ણન ચુલ્લહિમવંત પર્વતના કૂટોની ઊંચાઈ વિષ્કંભ વગેરે વર્ણન સમાન છે.

નીલવંત પર્વતથી ચાર કૂટ દક્ષિણ દિશામાં છે અને એના પછીના ત્રણ કૂટ ગોળાઈવાળા ભાગમાં નીલવંતથી દક્ષિણ પશ્ચિમમાં અને મેઢથી ઉત્તર પૂર્વમાં છે. આના પર નિવાસ કરનારા દેવ દેવીઓની રાજધાનીઓ વિદિશામાં અન્ય જંબૂદ્વીપમાં છે.

સુગંધી પદાર્થમાંથી જેમ મનોજ્ઞ સુગંધ નીકળે અને પ્રસરે છે, એવીજ રીતે



આ પર્વતમાંથી સદાય ઈષ્ટ સુગંધ ફેલાતી રહે છે, ગંધમાદન નામક પરમ ઋદ્ધિ સંપન્ન દેવ આના પર નિવાસ કરે છે, એના લીધે આ પર્વતનું અનાદિ શા✓ત નામ 'ગંધમાદન વક્ષસ્કાર' સીમા કરવાવાળો પર્વત છે.

ઉત્તર કુઢક્ષેત્રમાં ૩ પલ્યોપમની સ્થિતિવાળા, ૩ કોશની અવગાહનાવાળા યુગલિક મુનષ્ય રહે છે. આ ક્ષેત્રનું અને મનુષ્યોનું સંપૂર્ણ વર્ણન અવસર્પિણીના પ્રથમ આરાના પ્રારંભકાળની સમાન છે.

**યમક પર્વત :–** નીલવંત વર્ષધર પર્વતની ૮૩૪ ૪/૭ યોજન દક્ષિણમાં સીતા નદીની બંને બાજુ હજાર યોજન ઊંચા, હજાર યોજન મૂળમાં પહોળા, ૭૫૦ યોજન વચમાં અને ૫૦૦ યોજન ઉપર પહોળા બે પર્વત છે. બન્નેના નામ યમક પર્વત છે. એ ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. સુવર્ણમય છે. બન્ને ઉપર ૬૨ ૧/૨ યોજન ઊંચા ૩૧ ૧/૪ યોજન લાંબા-પહોળા એક-એક પ્રાસાદાવતંસક છે. એમા યમક નામનો દેવ પોતાના પરિવાર સહિત રહે છે. ઉત્તર દિશામાં એની યમિકા રાજધાની અન્ય જંબૂદ્વીપમાં છે.

**પાંચદ્રહ અને ૧૦૦ કંચનક પર્વત :–** આ બંને પર્વતોથી ૮૩૪ ૪/૭ યોજન દૂર દક્ષિણમાં સીતા નદીના મધ્યમાં નીલવંત દ્રહ છે. પૂર્વ પશ્ચિમ ૫૦૦ યોજન પહોળો અને ઉત્તર દક્ષિણ ૧૦૦૦ યોજન લાંબો છે. લંબાઈના ૧૦૦૦ યોજનની પાસે ૧૦-૧૦ યોજનના અંતરે ૧૦-૧૦ કંચનક પર્વત છે. અર્થાત્ દ્રહના પૂર્વ કિનારે ૧૦ અને પશ્ચિમ કિનારે ૧૦ એમ કુલ ૨૦ કંચનક પર્વત એક દ્રહના બંને તટો પર છે. આ પર્વતો ૧૦૦ યોજન ઊંચા અને મૂળમાં સો યોજન અને શિખર પર ૫૦ યોજન વિષ્કંભવાળા છે; ગોપુચ્છ સંસ્થાનમાં છે. આ દસ-દસ પર્વતોના ૧૦ યોજનનું અંતર અને ૧૦૦ યોજન અવગાહન મળીને કુલ ૧૦૯૦ યોજન ક્ષેત્ર અવગાહન કરેલ છે. જેમાં પહેલો અને અંતિમ કંચનક પર્વત નીલવંત પદ્મદ્રહની લંબાઈની સીમા થી ૪૫-૪૫ યોજન બહાર નીકળેલા હોવાથી ૧૦૯૦ યોજન ક્ષેત્ર હોય છે.

(૧) નીલવંત દ્રહની સમાન જ (૨) ઉત્તર કુઢ દ્રહ (૩) ચન્દ્ર દ્રહ (૪) ઐરાવત દ્રહ (૫) માલ્યવંત દ્રહનું વર્ણન સમજવું અને બંને તરફ મળીને ૨૦-૨૦ કંચનક પર્વતનું વર્ણન પણ જાણવું. આ રીતે કુલ ૫ દ્રહ અને ૧૦૦ કંચનક પર્વત છે. આ બધાના સ્વામી દેવ પલ્યોપમની સ્થિતિવાળા છે.

**જંબૂ સુદર્શન વૃક્ષ નામ શા✓ત :–** ઉત્તર કુઢ ક્ષેત્રમાં સીતા મહાનદીના પૂર્વ કિનારે જંબૂપીઠ છે, જે વચમાં ૧૦ યોજન જાડો છે. કિનારા પર બે કોશ જાડો છે. ૫૦૦ યોજન લાંબો પહોળો ગોળાકાર છે. પદ્મવરવેદિકા અને વનખંડથી ઘેરાયેલો છે. સર્વ જંબૂનદ જાતીય સુવર્ણમય છે. ચારે દિશામાં સોપાન-સીડીઓ છે.

આ જંબૂપીઠની વચમાં ૮ યોજન લાંબો, પહોળો, જાડો ચબૂતરો છે. એ

ચબૂતરા ઉપર જંબૂ સૂદર્શન નામક વૃક્ષ છે. જે આઠ યોજન ઊંચુ અડધો યોજન ઊંડું છે. તેનો સ્કંધ બે યોજન ઊંચો અડધો યોજન જાડો છે. મુખ્યશાખા ૬ યોજન લાંબી(ઊંચી) છે. આ વૃક્ષ મધ્યભાગમાં ૮ યોજનના વિસ્તારવાળું છે. અને ઊંચાઈમાં સર્વાગ્ર ૮ ૧/૨ યોજન છે. આ વૃક્ષના વિભાગ વિવિધ પ્રકારના રત્નો અને સોનાચાંદીના છે.

આની ચાર શાખાઓ છે. એના મૂળ સ્થાનમાં મધ્યમાં સિદ્ધાયતન છે. દેશોન એક કોશ ઊંચુ , એક કોશ લાંબુ , અડધો કોશ પહોળું છે, અનેક સ્તંભો પર સ્થિત છે. ૫૦૦ ધનુષ પ્રમાણ ઊંચા દ્વાર છે. ચારે દિશામાં શાખાઓ પર ભવન પ્રાસાદ છે. પૂર્વ દિશામાં ભવન એક કોશ પહોળું અને એક કોશ ઊંચું છે. આમાં કેવળ દેવ શય્યા છે. બાકીની ત્રણ દિશાઓમાં પ્રાસાદાવતંસક છે. જેમાં સપરિવાર સિંહાસન છે.

આ જંબૂવૃક્ષ ૧૨ પદ્મવર વેદિકાઓથી ઘેરાયેલું છે. એની બહાર ૧૦૮ જંબૂવૃક્ષોનો એક ઘેરો છે. જે મુખ્યવૃક્ષના પ્રમાણવાળા છે. આની પદ્મવર વેદિકા પણ ૬-૬ છે.

જેવી રીતે પદ્મદ્રહમાં શ્રી દેવીના પરિવારના ૫૦૧૨૦ પદ્મ કહેલા છે. એ રીતે જ અહીં પણ આઠે દિશાઓમાં જંબૂ સુદર્શન વૃક્ષના સ્વામી અનાદત દેવના પરિવારના ૫૦૧૨૦ જંબૂ વૃક્ષ છે. એની બહાર ૧૦૦ યોજન પહોળાઈવાળા ત્રણ વનખંડ ઘેરાયેલા છે. જેમાં પહેલા વનખંડમાં ૫૦ યોજન અંદર (જંબૂવૃક્ષથી) જવા પર ચારે દિશાઓમાં શય્યાયુક્ત ભવન છે અને ચારે દિશાઓમાં ચારચાર વાવડીઓ છે. જેમાં વચમાં પ્રાસાદાવતંસક સિંહાસન સપરિવાર યુક્ત છે.

આ ચાર દિશા અને વિદિશાઓમાં આવેલા ભવન અને પ્રાસાદાવતંસકની વચમાં ના ક્ષેત્રમાં ૧-૧ કૂટ છે. એમ કુલ આઠ કૂટ છે. જે આઠ યોજન ઊંચા બે યોજન ઊંડા, ભૂમિ પર આઠ યોજન આયામ વિષ્કંભવાળા, ગોપુચ્છ સંસ્થાન-વાળા છે. ગોપુચ્છ સંસ્થાનવાળા પર્વત યા કૂટોના મૂલની પહોળાઈથી મધ્યમાં ૩/૪ પહોળાઈ હોય છે. અને ઉપર ૧/૨ પહોળાઈ હોય છે. સર્વત્ર ગોળાકાર હોય છે. આ બધા સુવર્ણમય છે. વેદિકા અને વનખંડથી ઘેરાયેલા છે.

મુખ્યદેવીની ૪ મહત્તરિકાઓ હોય છે અને દેવની૪ અગ્રમહિષીઓ હોય છે. મુખ્ય દેવીથી પૂર્વમાં એનું નિવાસ સ્થાન પદ્મ યા જંબૂ આદિ પર હોય છે. અર્થાત્ એના પર ભવન અથવા પ્રાસાદાવતસંક હોય છે. જે દેવ દેવીઓના કેવળ ભવન હોય છે એના શય્યા સિંહાસન વગેરે એમાં હોય છે અને જેના ભવન પ્રાસાદાવતંસક બંને હોય છે, એમના ભવનમાં દેવ શય્યા-શયનીય હોય છે અને પ્રાસાદાવંતસકમાં સિંહાસન સપરિવાર બેસવા આદિની વ્યવસ્થા હોય છે. બધા મુખ્ય દેવ દેવિઓની રાજધાનીઓ મેઢથી જે દિશામાં એમના આવાસ છે એજ દિશામાં આગળના જંબૂદ્વીપમાં ૧૨૦૦૦ યોજન જવા પર આવે છે.



રાજધાની, વેદિકા, વનખંડ, ભવન આદિ વર્ણન જ્યારે જ્યાં પહેલીવાર આવેલ છે ત્યાં તેમનો આવશ્યક પરિચય દેવામાં આવેલ છે. પછી વારંવાર એમનો પ્રસંગ આવવા પર વર્ણન પૂર્વવત્ સમજી લેવું જોઈએ.

જંબૂસુદર્શનનું આ નામ શા✓ત છે. અનાદત દેવ જંબૂદ્વીપના અધિપતિ દેવ આના પર રહે છે. એમની એક પલ્યોપમની સ્થિતિ છે. એના ૧૨ પર્યાય નામ છે.

ઉત્તર કુઢક્ષેત્રમાં ઉત્તર કુઢનામક આ ક્ષેત્રના અધિપતિ દેવ અહીંયા રહે છે. આ ઉત્તરકુઢક્ષેત્ર નામ પણ શા✓ત છે. આ અકર્મભૂમિ રૂપ યુગલિક ક્ષેત્ર છે. અવસર્પિણીના પહેલા આરાના પ્રારંભ જેવું અહીંયાનું ક્ષેત્ર અને માનવ સ્વભાવ તથા અન્ય વ્યવહાર છે.

**માલ્યવાન વક્ષસ્કાર :–** ગંધમાદન ગજદંતાકાર વક્ષસ્કાર પર્વતની સમાન જ આ પર્વતનું વર્ણન છે. ગંધમાદન ઉત્તરકુઢક્ષેત્રના પશ્ચિમી કિનારે છે અને આ માલ્યવાન વક્ષસ્કાર પૂર્વ કિનારે છે. આ બંને વક્ષસ્કાર પહેલી અને બત્રીસમી વિજયની સીમા કરનારા પણ છે. તે લંબાઈમાં અડધી વિજય સુધી અર્થાત્ વૈતાઢ્ય સુધી આ સીમા કરે છે. એની આગળ એ મેઢની તરફ વળેલ હોવાથી વિજયની સીમાથી દૂર થઈ જાય છે.

માલ્યવાન પર્વત પર ૯ કૂટ છે. (ગંધમાદન પર ૭ કૂટ છે) એમના નામ આ પ્રકારે છે. (૧) સિદ્ધાયતન (૨) માલ્યવાન (૩) ઉત્તરકુઢ (૪) કચ્છ(૫) સાગર (૬) રજત (૭) સીતા (૮) પૂર્ણભદ્ર (૯) હરિસ્સહ આ ક્રમશઃ મેઢની તરફથી નીલવંત સુધી છે. સિદ્ધાયતન કૂટ મેઢની પાસે છે. આ કૂટોનું માપ પૂર્વવત્ છે. પરંતુ નવમો હરિસ્સહ કૂટ જે નીલવંત પર્વતની નજીક છે, તે ૧૦૦૦ યોજન ઊંચો છે. યમક પર્વતના જેવું એનું સંપૂર્ણ પરિમાણ છે. પાંચ કૂટ નીલવંત પર્વતથી દક્ષિણ દિશામાં છે અને બાકીના ચાર વળાંકવાળા સ્થાનમાં અર્થાત્ વિદિશામાં છે. આ પર્વત પર ઘણા જ ગુલ્મ ઘણી જગ્યાએ છે, જે ફૂલ વેરતા રહે છે. ઋદ્ધિવાન માલ્યવંત દેવ અહીંયા રહે છે, અતઃ માલ્યવંત વક્ષસ્કાર એ એનું શા✓ત નામ છે.

આ પ્રકારે આ ઉત્તર કુઢક્ષેત્રના વર્ણનમાં બે વક્ષસ્કાર, બે યમક પર્વત, ૫ દ્રહ, ૨૦૦ કંચનક પર્વત, જંબૂ સુદર્શન વૃક્ષ, એના ૧૦૦ યોજનવાળા પ્રથમ વનખંડમાં ભવન પુષ્કરણિઓ, ૮ કૂટ, માલ્યવાન વક્ષસ્કાર અને એના પર ૧૦૦૦ યોજનવાળા હરિસ્સહ કૂટ ઈત્યાદિ વર્ણન કરવામાં આવ્યા છે. આ ઉત્તર કુઢક્ષેત્રનું વર્ણન પૂર્ણ થયું.

**(૭) ૧ થી ૮ વિજય :–** માલ્યવાન પર્વતથી અર્થાત્ ઉત્તર કુઢક્ષેત્રથી પૂર્વમાં પહેલી કચ્છ વિજય છે. એની ઉત્તરમાં નીલવંત પર્વત, દક્ષિણમાં સીતા નદી, પશ્ચિમમાં અડધી દૂર સુધી માલ્યવંત પર્વત અને અડધે દૂર સુધી ભદ્રશાલ વનની

વેદિકા વનખંડ છે, પૂર્વમાં ચિત્રકૂટ વક્ષસ્કાર પર્વત છે. આ વિજય પૂર્વ-પશ્ચિમ ૨૨૧૩ યોજન થોડી ઓછી પહોળી ઉત્તર દક્ષિણ ૧૬૫૯૨ ૨/૧૯ યોજન લાંબી ચોખૂણ છે. વચમાં ૫૦ યોજન પહોળો વૈતાઢ્ય પર્વત છે, જેનાથી ઉત્તરી કચ્છખંડ અને દક્ષિણી કચ્છખંડ ૮૨૭૧ ૧/૧૯ યોજનના બે વિભાગ બને છે. નીલવંત પર્વતના પાસેના ગંગાકુંડ અને સિંધુ કુંડમાંથી ગંગા અને સિંધુ નદી નીકળી કચ્છ વિજયના ઉત્તરીખંડથી થઈ વૈતાઢ્ય પર્વતની નીચેથી ગુફાઓના કિનારેથી પસાર થતી દક્ષિણખંડમાં પ્રવેશ કરે છે. આગળ વધતાં વિદિશામાં ચાલતી એક નદી ચિત્રકૂટ પર્વત અને બીજી નદી ભદ્રશાલવનની પાસે વિજયના કિનારે સીતા નદીમાં મળે છે.

આ પ્રકારે ભરત ક્ષેત્રના સમાન આ વિજયના પણ વૈતાઢ્ય અને ગંગા સિંધુ નદીના દ્વારા ૬ ખંડ થાય છે. બાકી ચક્રવર્તી આદિના બધા વર્ણન ભરતક્ષેત્રની સમાન છે. વિશેષતા એ છે કે ૬ આરાઓનું વર્ણન અને ભરતના કેવલી થયાનું વર્ણન અહીંયા નથી. અહીં સદા ચોથા આરાના પ્રારંભ જેવા ભાવ વર્તે છે. તે વર્ણન અવસર્પિણીના ચોથા આરાની સમાન છે.

વૈતાઢ્ય પર્વત પૂર્વ–પશ્ચિમ બંને દિશાઓમાં વક્ષસ્કાર પર્વતને સ્પર્શેલ છે. (૧) માલ્યવંતને (૨) ચિત્રકૂટને.

ભરતની સમાન અહીંયા ક્ષેમા રાજધાનીમાં કચ્છ નામક રાજા ઉત્પન્ન થાય છે. કચ્છ નામક દેવ આ વિજયનો અધિપતિ દેવ છે, એના લીધે આ વિજયનું 'કચ્છ' એ શાશ્વત નામ છે. બીજીથી આઠમી વિજયનું વર્ણન પણ આ પ્રમાણે જ છે જે ક્રમશઃ પૂર્વ દિશાની તરફ છે. આઠમી વિજય સીતા મુખવનની પાસે છે. આ આઠે ય વિજયોના સાત મધ્ય સ્થાન છે, જેમાં ૩ નદીઓ અને ૪ વક્ષસ્કાર પર્વત છે. સાતે ય વિજયોના નામ અને રાજધાનીના નામ અલગ અલગ છે. ચક્રવર્તી રાજાના નામ અને વિજય ના નામ સમાન છે. યથા–

| ક્રમાંક | ૮ વિજય | ૮ રાજધાની |
|---|---|---|
| ૧ | કચ્છ | ક્ષેમા |
| ૨ | સુકચ્છ | ક્ષેમપુરા |
| ૩ | મહાકચ્છ | અરિષ્ટા |
| ૪ | કચ્છાવતી | અરિષ્ટપુરા |
| ૫ | આવર્ત | ખડગી |
| ૬ | મંગલાવર્ત | મંજૂષા |
| ૭ | પુષ્કલાવર્ત | ઔષધિ |
| ૮ | પુષ્કલાવતી | પુંડરીકિણી |

**ચાર વક્ષસ્કાર ત્રણ નદીઓ :–** ૧) ચિત્રકૂટ પર્વત ૨) ગ્રાહાવતી નદી ૩) પદ્મ કૂટ પર્વત ૪) દ્રહાવતી નદી ૫) નલિનકૂટ પર્વત ૬) પંકાવતી નદી ૭) એક શૈલ



પર્વત.

ચિત્રકૂટ પહેલી બીજી વિજયની વચમાં છે. ગ્રાહાવતી નદી બીજી ત્રીજી વિજયની વચમાં છે. આ પ્રકારે ***યાવત્*** એક શૈલ પર્વત ૭મી ૮મી વિજયની વચમાં છે.

આ ચારે પર્વત ઉત્તર-દક્ષિણ વિજય પ્રમાણ લાંબા, પૂર્વ પશ્ચિમ પહોળા, નીલવંત પર્વતની પાસે ૫૦૦ યોજન છે અને સીતા નદીની પાસે ૪૦૦ યોજન પહોળા છે. ઊંચાઈ નીલવંત પર્વતની પાસે ૪૦૦ યોજન અને સીતા નદીની પાસે ૫૦૦ યોજન છે. આ સર્વે રત્ન મય અને અશ્વસ્કંધના આકાર(ઉપરી ભાગ) વાળા છે. બંને તરફ પદ્મવર વેદિકા અને વનખંડથી સુશોભિત છે. આ પર્વતો પર ૪-૪ કૂટ છે. સીતા નદીની તરફ પહેલો સિદ્ધાયતન કૂટ છે. બીજો પર્વતના નામનો જ કૂટ છે, એના પછી બે આસપાસની વિજયોના નામવાળા કૂટ છે. આ પ્રકારે બધા ના ૪-૪ કૂટોના નામ આગળ પણ સમજી લેવા. પર્વતોના સમાન નામ-વાળા માલિક દેવ પર્વતો પર રહે છે અને પર્વતના આ નામ શાશ્વત છે.

આ ત્રણે અંતર નદીઓ નીલવંત પર્વતના નિતંબથી સમાન નામવાલા કૂંડમાંથી નીકળે છે અને સીધી દક્ષિણમાં જતાં સીતા નદીમાં મળી જાય છે. આ ૧૨૫ યોજન પહોળી ૨ ૧/૨ યોજન ઊંડી સર્વત્ર સમાન છે. સીતા નદીમાં પ્રવેશ કરવાના સ્થાન પર આ બંને બાજુની ગંગા સિંધુની સાથે જ સીતા નદીમાં મળે છે. અર્થાત્ ત્યાં ત્રણે નદિઓનું સીતા નદીમાં પ્રવેશ સ્થાન સંલગ્ન છે. માટે આ અપેક્ષાથી અંતર નદિઓનો પરિવાર ગંગા નદીથી બેગણો કહેવાયેલ છે. વાસ્તવમાં આ સર્વત્ર સમાન પહોળાઈથી જ સંપૂર્ણ વિજયના કિનારે ચાલે છે. આમાં વચમાં કોઈ નદીઓ મળતી નથી.

વચમાં ૬ વિજયોના એક કિનારે ઉક્ત અંતર નદી છે અને બીજે કિનારે ઉક્ત વક્ષસ્કાર પર્વત છે. અંતિમ આઠમી વિજયના એક કિનારે વક્ષસ્કાર પર્વત છે અને બીજા કિનારે ઉત્તરી સીતામુખવન છે.

**(૮) સીતામુખ વન :–** આ વનની વચમાં સીતા નદી હોવાથી એના બે વિભાગ છે. (૧) ઉત્તરી સીતામુખવન (૨) દક્ષિણી સીતામુખવન. આ બંને વનો ઉત્તર-દક્ષિણ લાંબા(વિજય પ્રમાણ) છે. પૂર્વ પશ્ચિમ પહોળા ૨૯૨૨ યોજન છે. આ સીતા નદીની પાસે એટલા પહોળા છે અને નિષધ તથા નીલ વર્ષધર પર્વતની પાસે ૧/૧૯ યોજન માત્ર પહોળા છે. એની પૂર્વ દિશામાં જગતી છે અને પશ્ચિમમાં વિજય છે. એક દિશામાં સીતા નદી અને એક દિશામાં વર્ષધર પર્વત છે. બે તરફ પદ્મવર વેદિકા અને વનખંડ છે, ઉત્તર દક્ષિણમાં નથી.

ઉક્ત આઠેય વિજયના વૈતાઢ્ય પર્વત પર જે ૧૬ આભિયોગિક શ્રેણીઓ છે, એના પર ઉત્તરી લોકાધિપતિ ઈશાનેન્દ્રના આભિયોગિક દેવ છે. કેમ કે એ આઠ વિજય જંબૂદ્વીપના ઉત્તર-દક્ષિણ બે વિભાગમાંથી ઉત્તરી વિભાગમાં

સમાવિષ્ટ છે. ઉત્તરી સીતામુખવન નીલવંત પર્વતની પાસે ૧/૧૯ યોજન પહોળું છે અને દક્ષિણી સીતામુખ વન નિષધ પર્વતની પાસે ૧/૧૯ યોજન પહોળું છે. સીતા નદીની પાસે બંને ૨૯૨૨ યોજન પહોળા છે માટે એનું શા✓ત નામ દક્ષિણી અને ઉત્તરી સીતા મુખવન છે.

**(૯) નવમીથી સોળમી વિજય :–** આ આઠ વિજય નિષધ પર્વતની ઉત્તરમાં સીતા નદીની દક્ષિણમાં છે. એ આઠની વચમાં ત્રણ નદીઓ અને ૪ વક્ષસ્કાર પર્વત છે. જેમનું વર્ણન ઉપરોક્ત આઠ વિજયોના વર્ણનની સમાન છે. પૂર્વોક્ત આઠ વિજય સીતા નદીની ઉત્તરમાં અને જંબૂદ્વીપના ઉત્તરાર્ધ ભાગમાં છે અને આ આઠ વિજય ૪ પર્વત અને ૩ નદિઓ સીતા નદીની દક્ષિણમાં અને દક્ષિણી જંબૂદ્વીપ વિભાગમાં છે. માટે આ વિજયોના વૈતાઢ્ય પર્વતની અભિયોગિક શ્રેણિના દેવ દક્ષિણ લોકના અધિપતિ શકેન્દ્રના આજ્ઞાધીન છે.

આ વિભાગની વિજય, રાજધાની, પર્વત અને નદીના નામોમાં ભિન્નતા છે. યથા–

| ક્રમ | વિજય નામ | રાજધાની નામ | અંતરનદી અને પર્વત |
|---|---|---|---|
| ૯ | વત્સ | સુસીમા | ત્રિકૂટ |
| ૧૦ | સુવત્સ | કુંડલા | તપ્તજલા |
| ૧૧ | મહાવત્સ | અપરાજિતા | વૈશ્રમણ કૂટ |
| ૧૨ | વત્સકાવતી | પ્રભંકરા | મત્તજલા |
| ૧૩ | રમ્ય | અંકાવતી | અંજનકૂટ |
| ૧૪ | રમ્યક | પદ્માવતી | ઉન્મત્તજલા |
| ૧૫ | રમણીય | શુભા | માતંજનકૂટ |
| ૧૬ | મંગલાવતી | રત્નસંચયા | સૌમનસ ગજદંતા વક્ષસ્કાર |

**નોટ :–** અંતરનદી અને પર્વત જે જેની વિજયના સામે સૂચિત કરવામાં આવ્યા છે તે તેના વિજયની પછી પશ્ચિમમાં છે. આ ઉક્ત આખો ક્રમ પૂર્વથી પશ્ચિમ છે, સીતામુખ વનની પાસેથી સૌમનસ(ગજદંતા) વક્ષસ્કાર તરફ છે. સીતામુખ વનની પાસે નવમી વિજય છે. પછી ક્રમથી ૧૦મી આદિ વિજય છે. ૧૬મી વિજય ગજદન્તા સૌમનસની પાસે છે.

**(૧૦) દેવકુઢક્ષેત્ર :–** ઉત્તર કુઢની સમાન અને એની બરોબર સામે દક્ષિણમાં દેવકુઢક્ષેત્ર છે. ૧૬મી વિજયની પાસે સોમનસ વક્ષસ્કાર પર્વત છે. જેનું વર્ણન ગંધમાદન વક્ષસ્કારની સમાન છે. સાતકૂટ આ પ્રકારે છે (૧) સિદ્ધ (૨) સોમનસ (૩) મંગલાવતી (૪) દેવકુઢ (૫) વિમલ (૬) કંચન (૭) વશિષ્ટ. વિમલ અને કંચન કૂટ પર સુવત્સા અને વત્સમિત્રા દેવીનો નિવાસ છે. શેષ ૪ પર સદશ નામના દેવોનો નિવાસ છે. શેષ વર્ણન ગંધમાદન વક્ષસ્કારની સમાન છે.



**ચિત્રવિચિત્રકૂટ પર્વત :–** નિષધ પર્વતથી ૮૩૪ યોજન દૂર, ઉત્તરમાં સીતોદા નદીની પાસે, બંને તરફ બંને યમક પર્વતોની સમાન ચિત્ર વિચિત્ર કૂટ નામક પર્વત છે. એનાથી ૮૩૪ યોજન દૂર ઉત્તરમાં સીતોદા નદીની વચમાં પહેલો નિષધ દ્રહ, એના પછી એટલા જ અંતર પર ક્રમશઃ (૧) નિષધ, (૨) દેવકુઢ, (૩) સુર (૪) સુલસ, (૫) વિદ્યુતપ્રભ આ પાંચ દ્રહ છે અને ૧૦૦ કંચનક પર્વત છે. તેનું વર્ણન ઉત્તર કુઢની સમાન છે.

**કૂટશાલ્મલી પીઠ :–** સીતોદા મહાનદીના દ્વારા દેવકુઢક્ષેત્ર બે વિભાગોમાં વિભાજિત છે. (૧) પૂર્વી દેવ કુઢ (૨) પશ્ચિમી દેવ કુઢ, પશ્ચિમી દેવ કુઢક્ષેત્રની વચ્ચોવચ કૂટ શાલ્મલી પીઠ છે, એના પર ચબૂતરો છે અને એ ચબૂતરા પર કૂટ શાલ્મલી વૃક્ષ છે. સંપૂર્ણ વર્ણન જંબૂ સુદર્શન વૃક્ષની સમાન છે. એનો અધિપતિ ગઢડ દેવ છે. યુગલિકક્ષેત્ર સંબંધી અને અન્ય અવશેષ વર્ણન ઉત્તર કુઢની સમાન છે.

**વિદ્યુત્પ્રભ વક્ષસ્કાર પર્વત :–** આ ગજદંતાકાર પર્વત ૧૭મી વિજયના પૂર્વમાં અને દેવકુઢ ક્ષેત્રના પશ્ચિમી કિનારા પર છે. એનું સંપૂર્ણ વર્ણન માલ્યવંત વક્ષસ્કાર પર્વતની સમાન છે. એના પર ૯ કૂટ છે. યથા (૧) સિદ્ધાયતન (૨) વિદ્યુત્પ્રભ (૩) દેવકુઢ (૪) પદ્મ (૫) કનક (૬) સ્વસ્તિક (૭) સીતોદા (૮) શતંજ્વલ (૯) હરિકૂટ. નવમા હરિકૂટનું વર્ણન હરિસ્સહ કૂટની સમાન છે, જે ૧૦૦૦ યોજન ઊંચો છે. શેષ વર્ણન પૂર્વવત્ છે. આઠ કૂટોનું વર્ણન અન્ય કૂટોની સદશ છે.

આ દેવકુઢ યુગલિક ક્ષેત્રનું વર્ણન અધિકાંશતઃ ઉત્તર કુઢક્ષેત્રના સમાન પૂર્ણ થયું.

**(૧૧) વિજય વર્ણન ૧૭ થી ૨૪ સુધી :–** વિદ્યુત્પ્રભ વક્ષસ્કારની પાસે પશ્ચિમમાં, નિષધ પર્વતથી ઉત્તરમાં, સીતોદા નદીની દક્ષિણમાં ૧૭ મી પક્ષ્મ વિજય છે. એના પછી ક્રમશઃ ૧૮ થી ૨૪ સુધી વિજય છે. એની વચમાં ૩ નદીઓ અને ચાર પર્વત પૂર્વવર્ણન સમાન છે. એના નામ આ પ્રકારે છે–

**વિજય :–** ૧૭. પક્ષ્મ ૧૮. સુપક્ષ્મ ૧૯. મહાપક્ષ્મ, ૨૦. પક્ષ્મકાવતી ૨૧. શંખ ૨૨. કુમુદ ૨૩. નલિન ૨૪. નલિનાવતી(સલિલાવતી)

**એની રાજધાનીઓ :–** ૧. અ✓પુરી ૨. સિંહપુરી ૩. મહાપુરી ૪. વિજયપુરી ૫. અપરાજીતા ૬. અરજા ૭. અશોકા ૮. વીતશોકા.

**વક્ષસ્કાર પર્વત :–** ૧. અંકાવતી ૨. પક્ષ્માવતી ૩. આર્શીવિષ ૪. સુખાવહ.

**નદિઓ :–** ૧. ક્ષીરોદા, ૨. શીત✋ોતા નદી ૩. અંતરવાહિની.

**(૧૨) સીતોદા મુખવન :–** સીતોદા નદીનું જ્યાં લવણ સમુદ્રમાં પ્રવેશ સ્થાન છે એના બંને તરફ ૨૪ મી અને ૨૫ મી વિજયની લંબાઈની સમાંતરે ઉત્તરી અને દક્ષિણી સીતોદા મુખ વન છે. એનું વર્ણન સીતા મુખવનની સમાન છે. અન્યત્ર

આવેલ વર્ણનો અનુસાર આ બંને વન તથા ૨૪ મી અને ૨૫મી વિજય નીચા લોકમાં છે. અર્થાત્ ૧૦૦૦ યોજન ઊંડે છે.

**(૧૩) વિજય ૨૫ થી ૩૨ સુધી :–** ઉત્તરી સીતોદા મુખવનની પાસે પૂર્વમાં ૨૫મી વિજય છે. એ વિજયની ઉત્તરમાં નીલવંત પર્વત છે. પછી ક્રમશઃ ૨૬મીથી ૩૨ મી વિજય પણ પૂર્વ-પૂર્વમાં છે. એની વચમાં ચાર પર્વત અને ૩ નદિઓ પૂર્વવત્ છે. એના નામ આ પ્રકારે છે.–

**વિજય** – ૨૫. વપ્રા ૨૬. સુવપ્રા ૨૭. મહાવપ્રા ૨૮. વપ્રાવતી ૨૯. વલ્ગૂ ૩૦. સુવલ્ગૂ ૩૧. ગંધિલ ૩૨. ગન્ધિલાવતી.

**રાજધાની** – ૧. વિજય ૨. વેજયંતી ૩. જયંતિ ૪. અપરાજિતા ૫. ચક્રપુરી ૬. ખડ્ગપુરી ૭. અવધ્યા ૮. અયોધ્યા.

**પર્વત** – ૧. ચન્દ્ર પર્વત ૨. સૂર્ય પર્વત ૩. નાગ પર્વત ૪. દેવ પર્વત.

**નદિઓ** – ૧. ઉર્મિમાલિની ૨. ફેણમાલિની ૩. ગંભીરમાલિની.

**(૧૪) મંદર મેઢ પર્વત :–** આ પર્વતનું નામ "મંદર" છે. મેઢનો અર્થ છે કેન્દ્રસ્થાન, મધ્યસ્થાન. આ પર્વત પણ જમ્બૂદ્વીપની બધી દિશાઓથી મધ્યમાં છે, અઢી દ્વીપની મધ્યમાં છે, તિર્ચ્છા લોકની મધ્યમાં છે અને આ મહાવિદેહ ક્ષેત્રની પણ લંબાઈ અને પહોળાઈ બંને અપેક્ષાથી મધ્યમાં છે. અર્થાત્ આ પર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં મહાવિદેહ ક્ષેત્ર ૪૫૦૦૦ યોજન છે. ઉત્તરમાં અને દક્ષિણમાં ૧૧૮૪૨ $\frac{૨}{૧૯}$ યોજન છે. વચમાં આ પર્વત ૧૦૦૦૦ યોજનનો ભૂમિ પર લાંબો પહોળો ગોળાકાર છે. ત્રણ ગણી સાધિક પરિધિ છે. ૯૯ હજાર યોજન ભૂમિથી ઊંચો છે. ૧૦૦૦ યોજન ભૂમિમાં ઊંડો છે. શિખર તલ પર ૧૦૦૦ યોજન લાંબો પહોળો ગોળાકાર સમતલ છે. વચમાં ક્રમશઃ વિષ્કંભ ઓછા થતા ગયા છે જે ૧૦૦૦૦ થી ઘટતાં-ઘટતાં શિખર સુધી ૧૦૦૦ યોજન થાય છે. સમભૂમિ પર આ પર્વત વન ખંડ અને પદ્મવર વેદિકાથી ઘેરાએલો છે.

આ પર્વત પર ચાર શ્રેષ્ઠવન છે. ૧. ભદ્રશાલ વન ૨. નંદન વન ૩. સોમનસ વન ૪. પંડક વન.

**(૧) ભદ્રશાલવન :–** આ વન ઉપવન સમભૂમિ પર મેઢની ચારે તરફ પથરાયેલું છે. ઉત્તર દક્ષિણમાં મેઢથી ૫૦૦-૫૦૦ યોજન પ્રમાણ છે. મેઢથી પૂર્વમાં ૨૨૦૦૦ યોજન પ્રમાણ છે. એટલો જ પશ્ચિમમાં છે. આ ભદ્રશાલ વનમાં ચારે ય વક્ષસ્કાર(ગજદંતા) પર્વત પણ મેઢને સ્પર્શ કરી રહ્યા છે. સીતા સીતોદા બંને નદિઓ પણ મેઢના બે યોજન પાસેથી નીકળી રહી છે. આ પ્રકારે ચાર પર્વતોથી ચાર વિભાગ થાય છે અને આ ચારે ય વિભાગોમાં એક એક નદી બે બે વિભાગોમાં જવાથી ચારે વિભાગોના બે બે ખંડ કરે છે. માટે ચાર પર્વત અને બે નદીથી આ



ભદ્રશાલ વનના ૮ વિભાગ થઈ ગયા છે. આ આઠે વિભાગોની એક દિશામાં નદી અને એક દિશામાં વક્ષસ્કાર પર્વત છે અને એક દિશામાં મેઢપર્વત છે. ચોથી દિશા વિસ્તૃત છે જેમાં આગળ જઈને વિજયો છે. અથવા નિષધ-નીલ પર્વત છે.

આ વનમાં મેઢથી આઠ દિશાઓમાં (૪ દિશા ૪ વિદિશામાં) સિદ્ધાયતન અને પુષ્કરણિઓ છે. તે આ પ્રકારે છે– પૂર્વ આદિ ચાર દિશાઓમાં મેઢથી ૫૦ યોજન દૂર એક એક સિદ્ધાયતન છે અને વિદિશાઓમાં ૫૦-૫૦ યોજન દૂર ચાર ચાર પુષ્કરણિઓ છે. એ ચારેની વચમાં એક-એક પ્રાસાદાવતંસક(મહેલ) છે. ચાર પ્રાસાદોમાંથી બે શક્રેન્દ્રના અને બે ઈશાનેન્દ્રના છે. મહાવિદેહની મધ્યરેખાથી ઉત્તરવાળા બંને ઈશાનેન્દ્રના છે અને દક્ષિણવાળા બંને શક્રેન્દ્રના છે.

આ વનમાં રહેલા આઠેય વિભાગોમાં વિદિશામાં એક એક હસ્તિકૂટ છે. જે પોત પોતાના ખંડની મધ્યમાં હોવા સંભવ છે. એના નામ આ પ્રકારે છે. ૧. પદ્મોતર ૨. નીલવંત ૩. સુહસ્તી ૪. અંજનાગિરિ ૫. કુમુદ ૬. પલાસ ૭. અવતંસ ૮. રોચનાગિરિ. ચુલ્લહિમવંત પર્વતના કૂટો જેવી એની ઊંચાઈ આદિ છે. આ વન ચારે દિશામાં કિનારા પર પદ્મવર વેદિકા અને વનખંડથી ઘેરાયેલા છે. ઉત્તર દક્ષિણનું ભદ્રશાલવન દેવકુઢ ઉત્તરકુઢ ક્ષેત્રમાં અવસ્થિત છે અને તે પૂર્વમાં પહેલી, ૧૬ મી વિજય સુધી અને પશ્ચિમમાં ૧૭ મી, ૩૨ મી વિજય સુધી વિસ્તૃત છે.

**(૨) નંદનવન :–** સમભૂમિથી ૫૦૦ યોજન ઉપર નંદનવન છે. જે ૫૦૦ યોજન પહોળું વલયાકાર મેઢની ચારેતરફ છે. અહીંયા પર આભ્યંતર પર્વતનો ૮૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન વિષ્કંભ છે અને નંદનવનની બહારની અપેક્ષા પર્વતનો વિષ્કંભ ૯૯૫૪$\frac{૬}{૧૧}$ યોજન છે. આ વનની ચારે તરફ પદ્મવર વેદિકા અને વનખંડ છે. ભદ્રશાલ વનની સમાન આમાં પણ ચાર દિશાઓમાં સિદ્ધાયતન વિદિશાઓમાં વાવડીઓ પ્રાસાદ તથા ૮ કૂટ છે. કૂટોના નામ– (૧) નન્દનવન કૂટ (૨) મંદર કૂટ (૩) નિષધ કૂટ (૪) હિમવંતકૂટ (૫) રજતકૂટ (૬) રુચકકૂટ. (૭) સાગરકૂટ (૮) વજ્રકૂટ. આ ઉપરાંત એક બલ નામક નવમો કૂટ ઉત્તરપૂર્વમાં વિશેષ છે. જે હજાર યોજન ઊંચો છે. અર્થાત્ હરિસ્સહકૂટના સદશ પરિમાણવાળો છે. આઠ કૂટોના સ્વામી દેવીઓ છે. નવમાં "બલ" કૂટનો સ્વામી બલ નામક દેવ છે. સ્વામી દેવ દેવીના નામ પણ કૂટના સદશ નથી, પ્રાયઃ ભિન્ન નામ છે. જ્યારે ભદ્રશાલ વનના હસ્તિ કૂટોના નામ અને સ્વામી દેવોના નામ પૂર્ણ સદશ છે અને બધા દેવ છે, દેવી નથી.

**(૩) સોમનસવન :–** નંદનવનની સમભૂમિથી ૬૨૫૦૦ યોજન ઉપર ૫૦૦ યોજનના વિસ્તારવાળું વલયાકાર આ વન છે. પદ્મવર વેદિકા અને વન ખંડથી ઘેરાએલ છે. અહીં કૂટ નથી. શેષ પ્રાસાદ આદિ નંદનવનની સમાન છે. આ વનમાં મેઢ પર્વતનો આભ્યંતર વિષ્કંભ ૩૨૭૨$\frac{૮}{૧૧}$ યોજન અને બાહ્ય નિષ્કંભ ૪૨૭૨$\frac{૮}{૧૧}$

યોજન છે.

**(૪) પંડગવન :–** સોમનસ વનની સમભૂમિથી ૩૬૦૦૦ યોજન ઉપર મંદર મેઢનું શિખર તલ છે. ત્યાં ૪૯૪ યોજનના વિસ્તારવાળું વલયાકાર આ વન છે. એની મધ્યમાં મંદર ચૂલિકા નામક મેઢની ચૂલિકા છે. તે ૪૦ યોજન ઊંચી મૂલમાં ૧૨ મધ્યમાં ૮ અને ઉપર ૪ યોજન વિસ્તારવાળી છે. ગોપુચ્છ સંસ્થાન સંસ્થિત છે. વૈડૂર્યમય છે. પદ્મવર વેદિકા વનખંડથી ઘેરાયેલી છે. ચૂલિકાની ઉપર સિદ્ધાયતન છે.

આ વનમાં ભવનો, પુષ્કરણિઓ, પ્રાસાદોના વર્ણન ભદ્રશાલ વનની સમાન છે.

**અભિષેક શિલાઓ :–** પંડગ વનમાં ચારે દિશાઓમાં કિનારા પર ચાર અભિષેક શિલાઓ છે. યથા– (૧) પાંડુશિલા (૨) પાંડુકમ્બલ શિલા (૩) રક્ત શિલા (૪) રક્તકમ્બલ શિલા.

પહેલી પાંડુ શિલા પૂર્વમાં છે. ૫૦૦ યોજન ઉત્તરદક્ષિણમાં લાંબી ૨૫૦ યોજન પૂર્વ પશ્ચિમમાં પહોળી અર્ધ ચંદ્રકાર છે. તે ૪ યોજન મોટી જાડી છે. સ્વર્ણમય છે. પદ્મવર વેદિકા વનખંડથી ઘેરાએલી છે. એની ચારે દિશાઓમાં સીડીઓ છે. એની રમણીય સમભૂમિની વચમાં ઉત્તર તથા દક્ષિણમાં બે સિંહાસન છે. ઉત્તરી સિંહાસન પર ૧ થી ૮ સુધીની વિજયના તીર્થંકરોના જન્મ મહોત્સવ જન્માભિષેક થાય છે. જે દેવ દેવી અને ૬૪ ઈન્દ્ર મળીને કરે છે. દક્ષિણી સિંહાસન પર ૯ થી ૧૬ સુધીની વિજયોના તીર્થંકરોના અભિષેક કરવામાં આવે છે.

ત્રીજી રક્ત શિલા પંડગ વનનો પશ્ચિમ કિનારા પર છે. શેષ વર્ણન પ્રથમ શિલાની સમાન છે. અહીં ૧૭ થી ૨૪ અને ૨૫ થી ૩૨ વિજયોના તીર્થંકરોનો જન્માભિષેક કરવામાં આવે છે.

બીજી ચોથી અભિષેક શિલાઓ ક્રમશઃ દક્ષિણી ઉત્તરી કિનારા ઉપર છે. એમાં સિંહાસન એક એક જ છે બે નથી. બીજી પાંડુ કમ્બલ શિલાના સિંહાસન પર ભરતક્ષેત્રના તીર્થંકરનો જન્માભિષેક કરવામાં આવે છે અને ચોથી રક્ત કંબલ શિલાના સિંહાસન પર ઐરવતના તીર્થંકરનો જન્માભિષેક કરવામાં આવે છે.

| ક્રમાંક | શિલાનામ | દિશા | સિંહાસન | તીર્થંકર વિજય |
|---|---|---|---|---|
| ૧ | પાંડુશિલા | પૂર્વમાં | ૨ | ૧ થી ૮ અને ૯ થી ૧૬ |
| ૨ | પાંડુકંબલ શિલા | દક્ષિણમાં | ૧ | ભરતક્ષેત્ર |
| ૩ | રક્ત શિલા | પશ્ચિમમાં | ૨ | ૧૭ થી ૨૪ અને ૨૫ થી ૩૨ |
| ૪ | રક્તકંબલ શિલા | ઉત્તરમાં | ૧ | ઐરવત ક્ષેત્ર |

બે શિલાઓ સફેદ સુવર્ણમય છે અને બે લાલ સુવર્ણમય છે. સિંહાસન ૫૦૦ ધનુષ લાંબા પહોળા અને ૨૫૦ ધનુષ ઊંચા છે. તે દેવદૂષ્ય વસ્ત્ર રહિત છે.

**મેઢપર્વતના કાંડ :–** બનાવટ વિશેષના વિભાગો અર્થાત્ પુદ્ગલ વિશેષના



વિભાગોને કાંડ કહેવામાં આવે છે. મંદર મેઢ પર્વતના ત્રણ વિભાગ છે. (૧) નીચેનો (૨) મધ્યનો (૩) ઉપરનો.

નીચેનો વિભાગ ચાર પ્રકારનો છે. (૧) પૃથ્વીમય–માટીમય (૨) પાષાણ–મય (૩) વજ્રમય–હીરકમય. (૪) શર્કરા–કંકરમય.

મધ્યમ વિભાગ ચાર પ્રકારનો છે– (૧) અંકરત્નમય (૨) સ્ફટિક રત્નમય (૩) સુવર્ણમય (૪) રજત(ચાંદી) મય.

ઉપરનો વિભાગ એક પ્રકારનો સર્વજમ્બૂનદ સુવર્ણમય છે.

નીચેનો કાંડ ૧૦૦૦ યોજનનો છે. મધ્યમકાંડ ૬૩૦૦૦ યોજનનો છે અને ઉપરીકાંડ ૩૬૦૦૦ યોજનનો છે. એમ કુલ એક લાખ યોજનનો મંદર મેઢ પર્વતનો સર્વાગ્ર છે.

**મંદર મેઢ પર્વતના નામ :–** મેઢ પર્વતના ૧૬ નામ છે– (૧) મંદર (૨) મેઢ (૩) મનોરમ (૪) સુદર્શન (૫) સ્વયંપ્રભ (૬) ગિરિરાજ (૭) રત્નોચ્ચય (૮) શિલોચ્ચય (૯) લોકમધ્ય (૧૦) લોકનાભિ (૧૧) અચ્છ (૧૨) સૂર્યાવર્ત (૧૩) સૂર્યાવરણ (૧૪) ઉત્તમ (૧૫) દિશાદિ(દિશાઓના આદિ સ્થલ) (૧૬) અવતંસક.

મંદર નામક સ્વામી દેવ આ પર્વત પર નિવાસ કરે છે. માટે મંદર મેઢ પર્વત એ એનું અનાદિ શા✓ત નામ છે.(સ્વામી દેવનું રહેવાનું સ્થાન બતાવવામાં આવ્યું નથી, તેના માટે જુઓ આ સૂત્રના અંતમાં પરિશિષ્ટ).

આ પ્રકારે આ સંપૂર્ણ મહાવિદેહ ક્ષેત્રનું વર્ણન પૂર્ણ થયું.

**નીલવાન વર્ષધર પર્વત :–** આ પર્વત દક્ષિણમાં મહાવિદેહ ક્ષેત્રની અને ઉત્તરમાં રમ્યક્વાસ યુગલિક ક્ષેત્રની સીમા કરવાવાળો છે. મેરૂ પર્વતથી ઉત્તર દિશામાં છે. શેષ સંપૂર્ણ વર્ણન નિષધ પર્વતના જેવું છે. નામોમાં અંતર છે. યથા– કેશરીદ્રહ, સીતાનદી, નારીકંતા નદી, કૂટોના નામ– (૧) સિદ્ધ (૨) નીલ (૩) પૂર્વ વિદેહ (૪) સીતા (૫) કીર્તિ (૬) નારી (૭) અપરવિદેહ (૮) રમ્યકકૂટ (૯) ઉપદર્શન કૂટ.

સીતાનદીનું સંપૂર્ણ વર્ણન સીતોદા નદીના જેવું છે. પરંતુ એ કેશરી દ્રહમાંથી નીકળી દક્ષિણમાં જાય છે. સીતા કુંડથી નીકળી દક્ષિણાભિમુખ જઈને મેઢની પાસે પૂર્વાભિમુખ થઈને પૂર્વી મહાવિદેહની વચમાંથી જઈને બંને બાજુ સ્થિત ૧ થી ૮ એવં ૯ થી ૧૬ વિજયોની હજારો નદિઓને પોતાનામાં ભેળવતી જંબૂદ્વીપની જગતીના પૂર્વી વિજયદ્વાર નીચેથી થઈને લવણ સમુદ્રમાં મળે છે.

નારીકંતા નદીનું વર્ણન હરિકંતા નદી જેવું છે. વિશેષ એ કે નારીકંતા ઉત્તરાભિમુખ થઈને રમ્યક્વાસ ક્ષેત્રમાં જાય છે. ગંધાપાતી વૃત વૈતાઢ્યથી પશ્ચિમમાં વળી જાય છે. રમ્યક્વાસ ક્ષેત્રની વચ્ચોવચ થઈને આગળ જગતીના

નીચેથી પશ્ચિમી લવણ સમુદ્રમાં મળી જાય છે.

આ પર્વત નીલા રંગનો નીલી પ્રભાવાળો છે. નીલવંત નામક મહર્દ્ધિક સ્વામી દેવ અહીં નિવાસ કરે છે. એ વૈડૂર્યમય છે. એનું અનાદિ શા✓ત નામ નીલવંત છે.

**રમ્યક્ વર્ષ ક્ષેત્ર :–** આ મેઢથી ઉત્તરમાં છે. ઉત્તર દક્ષિણમાં નીલવંત અને ઢકમી પર્વતથી ઘેરાએલું છે. શેષ વર્ણન હરિવર્ષ ક્ષેત્રના જેવું છે. નામોમાં અંતર છે. યથા– ગંધાપાતી વૃત વૈતાઢ્ય, નારીકંતા નદી, નરકંતા નદી, રમ્યક નામક આ ક્ષેત્રનો માલિક દેવ છે અને રમ્યક આ ક્ષેત્રનું શા✓ત અનાદિ નામ છે.

**ઢકમી વર્ષધર પર્વત :–** આ પર્વત ઉત્તરમાં હેરણ્યવત ક્ષેત્રની એવં દક્ષિણમાં રમ્યક વર્ષ ક્ષેત્રની સીમા કરવાવાળો છે. આનું સંપૂર્ણ વર્ણન મહાહિમવાન પર્વતના જેવું છે. આ પર્વતના શિખર તલ પર મહાપુણ્ડરીક નામનું દ્રહ છે, એમાંથી દક્ષિણમાં હરિકંતા એવં ઉત્તરમાં ઢપ્યકૂલા નદી નીકળે છે. આ પર્વત પર ૮ કૂટ છે. (૧) સિદ્ધ (૨) ઢકમી (૩) રમ્યગ્ (૪) નરકંતા (૫) બુદ્ધિ (૬) ઢપ્યકૂલા(૭) હેરણ્યવત (૮) મણિકંચન.

સર્વથા રજતમય આ 'ઢકમી' પર્વત છે.આને ઢકમી પર્વત કહેવાનું પ્રચલન છે. ઢકમી નામક અધિપતિ દેવ અહીં નિવાસ કરે છે. એટલા માટે આ પર્વતનું "ઢકમી" એ શા✓ત નામ છે.

**હેરણ્યવત યુગલિક ક્ષેત્ર :–** એ મેરૂથી ઉત્તર દિશામાં ઢકમી અને શિખરી પર્વતની વચમાં છે. હેમવંત યુગલિક ક્ષેત્રના જેવું આનું સંપૂર્ણ વર્ણન છે. આમાં માલ્યવંત પર્યાય નામક વૃત્ત વૈતાઢ્ય છે. સુવર્ણકૂલા અને ઢપ્યકૂલા નામની બે નદિઓ આ ક્ષેત્રને વિભાજિત કરે છે. આની બન્ને બાજુ સ્થિત પર્વત સર્વત્ર સુવર્ણ વિખેરતા રહે છે, દેતા રહે છે. હેરણ્યવત નામના સ્વામી દેવ અહીં નિવાસ કરે છે. તેથી એનું શા✓ત નામ હેરણ્યવત ક્ષેત્ર છે.

**શિખરી પર્વત :–** ચુલ્લહિમવંત પર્વતના જેવા જ વર્ણનવાળો આ પર્વત મેઢથી ઉત્તરમાં ઐરાવત અને હેરણ્યવત ક્ષેત્રની સીમા કરવાવાળો છે. આના પર પુંડરીક નામનું દ્રહ છે. એમાંથી સુવર્ણકૂલા નદી દક્ષિણી દ્વારથી નીકળી હેરણ્યવત ક્ષેત્રમાં પૂર્વી સમુદ્રમાં મળે છે. બે નદિઓ પૂર્વી પશ્ચિમી તોરણથી નીકળે છે. જેનું વર્ણન ગંગા–સિંધુ નદીના જેવું છે. આ બન્ને નદીઓના નામ રક્તા અને રક્તવતી છે.આ પર્વત પર ૧૧ કૂટ છે. (૧) સિદ્ધાયતન(૨) શિખરી (૩) હેરણ્યવત (૪) સુવર્ણકૂલા (૫) સુરાદેવી (૬) રક્તા (૭) લક્ષ્મી (૮) રક્તવતી (૯) ઈલાદેવી (૧૦) ઐરાવત (૧૧) તિગિચ્છકૂટ.

અહીં શિખરી નામના દેવ નિવાસ કરે છે. અતઃ 'શિખરી' તે આનું શા✓ત અનાદિ નામ છે. શિખરના આકારમાં અહીં કેટલાય કૂટ છે.



**ઐરાવત ક્ષેત્ર :–** શિખરી પર્વતથી ઉત્તરમાં અને મેઢથી ઉત્તર દિશામાં આ કર્મ ભૂમિ ક્ષેત્ર છે. આનું સંપૂર્ણ વર્ણન ભરતક્ષેત્રની સમાન છે. ક્ષેત્ર સ્વરૂપ, કાલ–આરા પરિવર્તન સ્વરૂપ, તીર્થંકર ચક્રવર્તી આદિનું વર્ણન, ૬ ખંડ સાધન, મનુષ્યોનું વર્ણન આદિ, ગંગા-સિંધુના સ્થાન પર અહીં રક્તા-રક્તવતી નદીઓ છે. બે નદી અને વૈતાઢ્ય પર્વતના કારણે આ ક્ષેત્રમાં પણ ૬ ખંડ છે. ઐરાવત નામના પ્રથમ ચક્રવર્તી અહીં ઉત્પન્ન થાય છે. ઐરાવત દેવ અહીં આ ક્ષેત્રમાં આધિપત્ય કરતા નિવાસ કરે છે. એટલા માટે ઐરાવત તે આનું નામ અનાદિ શા✓ત છે.

આ પ્રકારે ઐરાવતના વર્ણનની સાથે આ જંબૂદ્વીપના ક્ષેત્રીય વર્ણનવાળો ચોથો વક્ષસ્કાર પૂર્ણ થાય છે. આમાં વર્ણિત ક્ષેત્ર પર્વત આદિના સંક્ષિપ્ત સાંકેતિક તાલિકામય વર્ણન આ પ્રકારે છે.

**જીવા આદિનું તાત્પર્ય :–** ધનુષ્યની દોરીને જીવા કહેવાય છે અને ગોળાઈને ધનુષ્ય કહેવાય છે. આ પ્રકારે ગોળાકાર યા અર્દ્ધ ચંદ્રાકાર ક્ષેત્રની સીધી રેખાને અહીં જીવા કહેવાય છે. એવં ગોળાઈના વિભાગને ધનુઃપૃષ્ટ(ધનુષપીઠીકા) કહેવાય છે.

જે પ્રકારે ઝભ્ભા આદિમાં બાંયોનું મૂળ સ્થાન ગોળાઈ લે છે તે પ્રકારે વૃત્તાકાર જંબૂદ્વીપની વચ્ચોવચ આયત આકારના ક્ષેત્ર કે પર્વત છે. એમના ગોળાઈવાળા કિનારાના ભાગને અહીં બાહા કહેવામાં આવેલ છે.

લંબાઈને આયામ અને પહોળાઈને વિષ્કંભ કહેલ છે. ગોળાકાર પર્વત અને કૂટ તથા ક્ષેત્ર આદિની લંબાઈ પહોળાઈ સમાન હોય છે. એને આયામ વિષ્કંભ એક શબ્દથી કહેલ છે.

જે પર્વત લાંબા અને ઊંચા હોય છે, એને ઢચક સંસ્થાનના કહેલ છે. જે ક્ષેત્ર લાંબા વધારે છે અને પહોળા ઓછા છે, ઊંચા નથી પરંતુ સમ ભૂમિ ભાગ-વાળા હોય છે એને પર્યંકના આકારના કહેવામાં આવેલ છે. જે ગોળ પર્વત સમભૂમિ પર અધિક આયામ વિષ્કંભવાળા છે અને ઉપર ક્રમશઃ ઓછા આયામ વિષ્કંભ-વાળા છે તેને ગોપુચ્છ સંસ્થાન(ગોપુચ્છના અગ્રભાગ જેવા)વાળા કહેલ છે.જે ગોળ પર્વત આયામ વિષ્કંભ અને ઊંચાઈમાં સર્વત્ર સમાન હોય છે એને પલ્ય (પાલી)ના સંસ્થાનના કહેલ છે. પલ્યોપમની ઉપમામાં એવા જ લંબાઈ, પહોળાઈ, ઊંચાઈના સમાન પલ્ય લીધા છે.

સમાન આયામ વિષ્કંભવાળા ગોલ પર્વત આદિ સ્થળોની પરિધિ એના આયામ વિષ્કંભથી ત્રણ ગણી સાધિક હોય છે. અર્થાત્ વિષ્કંભનો વર્ગ કરીને, ૧૦ ગણા કરી પછી એનું વર્ગમૂલ કાઢવાથી ત્રણગણી સાધિક સંખ્યા પ્રાપ્ત થાય છે. અથવા આયામ વિષ્કંભને ૧૦ ના વર્ગમૂલથી ગુણાકાર કરવાથી ત્રણ ગણી સાધિક પરિધિ નીકળી જાય છે. આ વિધિ આગળ જ્યોતિષગણ રાજ પ્રજ્ઞપ્તિ(સૂર્ય પ્રજ્ઞપ્તિ)

સૂત્ર સારાંશના પરિશિષ્ટમાં દેવામાં આવી છે તે ત્યાં જુઓ.

પ્રત્યેક પર્વતની સમભૂમિથી જેટલી ઊંચાઈ હોય છે તેનો ચોથાભાગ પ્રમાણ તે ભૂમિમાં હોય છે, તેને ઉદ્વેધ(**ઉવ્વેહ**) કહેવાય છે.

**જંબૂદ્વીપના પ્રમુખ ક્ષેત્ર અને પર્વત :–**

| ક્રમ | નામ | વિષ્કંભ યો./કળા | ઊંચા. | બાહા યો./કળા | જીવા યો./કળા | ધનુઃપૃષ્ટ યો./કળા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભરત ક્ષેત્ર | ૫૨૬/૬ | – | × | ૧૪૪૭૧/૬ | ૧૪૫૨૮/૧૧ |
| ૨ | ચુલહિમવંત પ. | ૧૦૫૨/૧૨ | ૧૦૦ | ૫૩૫૦/૧૫$\frac{૧}{૨}$ | ૨૪૯૩૨/$\frac{૧}{૨}$ | ૨૫૨૩૦/૪ |
| ૩ | હિમવંતક્ષેત્ર | ૨૧૦૫/૫ | – | ૬૭૫૫/૩ | ૩૭૬૭૪/૧૬ | ૩૮૭૪૦/૧૦ |
| ૪ | મહાહિમવંત પ. | ૪૨૧૦/૧૦ | ૨૦૦ | ૯૨૭૬/૯$\frac{૧}{૨}$ | ૫૩૯૩૧/૬ | ૫૭૨૯૩/૧૦ |
| ૫ | હરિવર્ષક્ષેત્ર | ૮૪૨૧/૧ | – | ૧૩૩૬૧/૬$\frac{૧}{૨}$ | ૭૩૯૭૧/૧૭ | ૮૪૦૧૬/૪ |
| ૬ | નિષધપર્વત | ૧૬૮૪૨/૨ | ૪૦૦ | ૨૦૧૬૫/૨$\frac{૧}{૨}$ | ૯૪૧૫૬/૨ | ૧૨૪૩૪૬/૯ |
| ૭ | મહાવિદેહ ક્ષેત્ર | ૩૩૬૮૪/૪ | – | ૩૩૭૬૭/૭ | ૧,૦૦,૦૦૦ | ૧૫૮૧૧૩/૧૬ |
| ૮ | નીલવંત પર્વત | ૧૪૯૪૨/૨ | ૪૦૦ | ૨૦૧૬૫/૨$\frac{૧}{૨}$ | ૯૪૧૫૬/૨ | ૧૨૪૩૪૬/૯ |
| ૯ | રમ્યકવર્ષ ક્ષેત્ર | ૮૪૨૧/૧ | – | ૧૩૩૬૧/૬$\frac{૧}{૨}$ | ૭૩૯૭૧/૧૭ | ૮૪૦૧૬/૪ |
| ૧૦ | ઢક્મિ પર્વત | ૪૨૧૦/૧૦ | ૨૦૦ | ૯૨૭૬/૯$\frac{૧}{૨}$ | ૫૩૯૩૧/૬ | ૫૭૨૯૩/૧૦ |
| ૧૧ | હૈરણ્યવત ક્ષેત્ર | ૨૧૦૫/૫ | – | ૬૭૫૫/૧૫$\frac{૧}{૨}$ | ૩૭૬૭૪/૧૬ | ૩૮૭૪૦/૧૦ |
| ૧૨ | શિખરી પર્વત | ૧૦૫૨/૧૨ | ૧૦૦ | ૫૩૫૦/૧૫$\frac{૧}{૨}$ | ૨૪૯૩૨/$\frac{૧}{૨}$ | ૨૫૨૩૦/૪ |
| ૧૩ | ઐરાવત ક્ષેત્ર | ૫૨૬/૬ | – | × | ૧૪૪૭૧/૬ | ૧૪૫૨૮/૧૧ |
| | **કુલ યોગ** | **૧ લાખ યો.** | | **૧૪૩૫૮૫/૩** | **×××** | **×××** |

**નોંધ :–** ચાર્ટમાં યો. = યોજન. ઊંચા. = ઊંચાઈ, કળા = $\frac{૧}{૧૯}$ યોજન, પ. = પર્વત.

**વિશેષ :–** બાહાના સરવાળાને બેગણા કરીને ભરત ઐરાવતની ધનુષ પીઠિકા ઉમેરવાથી સંપૂર્ણ જંબૂદ્વીપની પરિધિ નીકળે છે યથા–

૧૪૩૫૮૫$\frac{૩}{૧૯}$ × ૨ = ૨૮૭૧૭૦$\frac{૬}{૧૯}$

+૧૪૫૨૮$\frac{૧૧}{૧૯}$ × ૨ = ૨૯૦૫૭$\frac{૩}{૧૯}$

=જંબુદ્વીપની પરિધિ=૩૧૬૨૨૭$\frac{૯}{૧૯}$

**ભરતક્ષેત્ર :–**

| ક્રમ | ક્ષેત્ર નામ | વિષ્કંભ યો./કળા | જીવા યો./કળા | બાહા યો./કળા | ધનુઃપૃષ્ટ યો./કળા | ઊંચાઈ | ઊંડાઈ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વૈતાઢ્ય પર્વત | ૫૦ | ૧૦૭૨૦/૧૨ | ૪૮૮/૧૬$\frac{૧}{૨}$ | ૧૦૭૪૩/૧૫ | ૨૫ યો. | ૬$\frac{૧}{૪}$ યો. |
| ૨ | વેદિકા | ૫૦૦ ધનુષ | – | – | – | $\frac{૧}{૨}$ યો. | – |
| ૩ | વનખંડ | ૧ યો.દેશોન | – | – | – | – | – |
| ૪ | ઉત્તર ભરત | ૨૨૮/૩ | ૧૪૪૭૧/૬ | ૧૮૯૨/૭$\frac{૧}{૨}$ | ૧૪૫૨૮/૧૧ | – | – |
| ૫ | દક્ષિણ ભરત | ૨૨૮/૩ | ૯૭૪૮/૧૨ | – | ૯૭૬૬/૧ સા. | – | – |
| ૬ | બે ગુફાઓ | ૧૨ | ૫૦ | – | – | ૮ | – |



**નોંધ :–** ચાર્ટમાં જે સંખ્યા આપવામાં આવી છે તેને યોજન સમજવા અને યો. = યોજન. કળા = $\frac{૧}{૧૯}$ યોજન. વિષ્કંભ એટલે પહોળાઈ, જીવા એટલે લંબાઈ સમજવી.

**ગોળ પર્વતો એવં કૂટોના પરિમાણ યોજનમાં :–**

| નામ | ઊંચાઈ | ભૂમિ પર વિષ્કંભ | મધ્યમાં વિ. | ઉપર વિ. |
|---|---|---|---|---|
| ઋષભકૂટ (૩૪) | ૮ | ૮ | ૬ | ૪ |
| વૈતાઢ્ય પર્વતનાકૂટ | ૬$\frac{૧}{૪}$ | ૬$\frac{૧}{૪}$ | દેશોન ૫ યો. | ૩ યો. $\frac{૧}{૨}$ ગાઉ |
| અન્યપર્વતોનાકૂટ | ૫૦૦ | ૫૦૦ | ૩૭૫ | ૨૫૦ |
| હરિ,હરિસ્સહકૂટ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૫૦૦ |
| ચિત્રવિચિત્રપર્વત | ૧૦૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૫૦૦ |
| યમકપર્વત | ૧૦૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૫૦૦ |
| કંચન પર્વત | ૧૦૦ | ૧૦૦ | ૭૫ | ૫૦ |
| વૃત વૈતાઢ્ય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ભદ્રશાલવનના ૮ કૂટ | ૫૦૦ | ૫૦૦ | ૩૭૫ | ૨૫૦ |
| નંદનવનના ૮ કૂટ | ૫૦૦ | ૫૦૦ | ૩૭૫ | ૨૫૦ |
| નંદનવનનો બલ કૂટ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૭૫૦ | ૫૦૦ |

**સૂચના :–** વિ. = વિષ્કંભ, યો. = યોજન, ચાર્ટમાં દરેક સંખ્યાને યોજનમાં સમજવી.

**નોટ :–** (૧) મેઢના સોમનસ અને પંડક વનમાં કૂટ નથી. (૨) હરિસ્સહ કૂટ પહેલી વિજયની પાસેના માલ્યવંત ગજદંતાકાર વક્ષસ્કાર પર્વત પર છે અને હરિકૂટ ૧૭ મી વિજયની પાસે વિદ્યુત્પ્રભ ગજદંતાકાર વક્ષસ્કાર પર્વત પર છે. (૩) ભૂમિ પર સ્થિત બધા કૂટ એવં પર્વતોની ઊંચાઈથી ભૂમિગત ઊંડાઈ ચોથા ભાગની હોય છે. પર્વત ગત કૂટોની ઊંડાઈ કહેવામાં આવી નથી. માત્ર મેઢ પર્વત જ ઊંચાઈથી ચોથા ભાગે ઊંડો નથી. તે ૯૯૦૦૦ યોજન ઊંચો અને ૧૦૦૦ યોજન ઊંડો છે. (૪) સાધિક અને દેશોનનો મતલબ ૧/૨ કોશ જાણવો.

**મહાવિદેહ ક્ષેત્ર ગત લાંબા પર્વત :–**

| નામ | આયામ (લંબાઈ) | મૂલમાં ઊંચાઈ | કિનારે ઊંચાઈ | મૂલમાં પહોળાઈ | કિનારે પહોળાઈ |
|---|---|---|---|---|---|
| ગજદંતાકાર પર્વત | ૩૦૨૦૯/૬ | ૪૦૦ | ૫૦૦ | ૫૦૦ | અંગુલનો અસં. ભાગ |
| વિજયનીવચ્ચેના પર્વત. | ૧૬૫૯૨/૨ | ૪૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ |

**નદિઓના યોજન પરિમાણ :–** (કુલ નદીઓ સપરિવાર–૧૪૫૬૦૯૦)

| નામ | વિસ્તાર | | ઊંડાઈ | | પ્રત્યેક નદીનો પરિવાર |
|---|---|---|---|---|---|
| | મૂલમા | મુખમાં | મૂલમાં | મુખમાં | |
| ગંગાસિંધુ | ૬ ૧/૪ | ૬૨ ૧/૨ | ૧/૨ કો. | ૧ ૧/૪ યો. | ૧૪–૧૪ હજાર |
| રક્તા રક્તવતી | ૬ ૧/૪ | ૬૨ ૧/૨ | ૧/૨ કો. | ૧ ૧/૪ યો. | ૧૪–૧૪ હજાર |
| હેમ. હૈરણ્ય.ની નદી | ૧૨ ૧/૨ | ૧૨૫ | ૧ કોશ | ૨ ૧/૨ યો. | ૨૮–૨૮ હજાર |
| હરિ. રમ્યક્.ની નદી | ૨૫ | ૨૫૦ | ૨ કોશ | ૫ યો. | ૫૬–૫૬ હજાર |
| સીતા | ૫૦ | ૫૦૦ | ૧ યો. | ૧૦ યો. | ૫૩૨૦૦૦ |
| સીતોદા | ૫૦ | ૫૦૦ | ૧ યો. | ૧૦ યો. | ૫૩૨૦૦૦ |
| અંતરનદીઓ | ૧૨૫ | – | ૨ ૧/૨ યો. | – | – |
| **કુલ નદીઓ** | | | | | **૧૪૫૬૦૯૦** |

**સૂચના :** ચાર્ટમાં હેમ = હેમવંત, હેરણ્ય = હેરણ્યવત, હરિ = હરિવાસ, રમ્યક્ = રમ્યક્વાસ.

**નોંધ :–** (૧) વિસ્તાર અને ઊંચાઈ બે-બે પ્રકારની બતાવવામાં આવી છે. એક શરૂઆતની બીજી અંતિમ સમુદ્ર પાસેની (૨) અંતર નદીઓ સર્વત્ર સમાન વિસ્તારવાળી છે. અતઃ ગંગા-સિંધુનો પરિવાર જ એમનો પરિવાર છે. અર્થાત્ પરિવાર રહિત છે કેમ કે એમના માર્ગમાં કોઈ નદી એમાં ભળતી નથી. (૩) પાણીની ઊંડાઈથી વિસ્તાર ૫૦ ગણો હોય છે. પ્રારંભની અપેક્ષા અંત ૧૦ ગણો હોય છે. (૪) મહાવિદેહ ક્ષેત્રની ૬૪+૧૨ = ૭૬ નદીઓ ભૂમિગત કુંડોમાંથી નીકળી છે. બાકી બધી નદીઓ પર્વત પરના દ્રહોમાંથી નીકળી છે. (૫) નદીઓની કુલ સંખ્યામાં હેમવત-હેરણ્યવતની નદીઓ ૨૮,૦૦૦×૪=૧,૧૨,૦૦૦ નદીઓ સમજવી. તેમજ હરિવાસ-રમ્યક્વાસની બમણી ૨,૨૪,૦૦૦ નદીઓ સમજવી.(+ ૯૦ મુખ્ય નદી)

**દ્રહોના યોજન પરિમાણ :– (કુલ દ્રહ –૧૬)**

| નામ | લંબાઈ | પહોળાઈ | ઊંડાઈ | દેવી | પદ્મ |
|---|---|---|---|---|---|
| પદ્મદ્રહ/ પુંડરીક દ્રહ | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | શ્રી/કીર્તી | ૧૨૦૫૦૧૨૦ |
| મહાપદ્મદ્રહ/ મહાપુંડરીકદ્રહ | ૨૦૦૦ | ૧૦૦૦ | ૧૦ | હ્રી/લક્ષ્મી | ૨૪૧૦૦૨૪૦ |
| તિગિચ્છદ્રહ/ કેસરી દ્રહ | ૪૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | ધૃતિ/બુદ્ધિ | ૪૮૨૦૦૪૮૦ |
| ૧૦ દ્રહ ભૂમિપર | ૧૦૦૦ | ૫૦૦ | ૧૦ | – | ૧૨૦૫૦૧૨૦૦ |

**પર્વત સંખ્યા (૨૬૯) :–** કંચન ગિરિ ૨૦૦, મહાવિદેહમાં ૧૬+૪ = ૨૦ વક્ષસ્કાર, ૪ યમક, ચિત્ર વિચિત્ર, ૬ વર્ષધર, ૩૪ વૈતાઢ્ય, ૪ વૃતવૈતાઢ્ય, ૧ મેઢ પર્વત. આ પ્રકારે કુલ પર્વત ૨૦૦+૨૦+૪+૬+૩૪+૪+૧ = ૨૬૯.



**કૂટ સંખ્યા–૫૨૫ :–** (૪૬૭+૫૮+ = ૫૨૫)

| | | |
|---|---|---|
| વર્ષધર ૬ પર્વતો પર ૧૧ + ૮ + ૯ = ૨૮ × ૨ = | | ૫૬ |
| ચોત્રીસ વૈતાઢયો પર – ૩૪ × ૯ = | | ૩૦૬ |
| સોળ વક્ષસ્કાર પર – ૧૬ × ૪ = | | ૬૪ |
| ૪ ગજદંતા પર – ૯ + ૯ + ૭ + ૭ = | | ૩૨ |
| મેઢના નંદનવનમાં ૯ = | | ૯ |
| પર્વતો પર કૂટ સંખ્યા | **કુલ =** | **૪૬૭** |
| ભદ્રશાલ વનમાં | | ૮ |
| જંબૂ વૃક્ષના વનમાં | | ૮ |
| કૂટ શાલ્મલી વૃક્ષના વનમાં | | ૮ |
| ૩૪ ચક્રવર્તી વિજયમાં ઋષભકૂટ | | ૩૪ |
| ભૂમિ પર કૂટ સંખ્યા | **કુલ =** | **૫૮** |

**મહાવિદેહ પૂર્વ પશ્ચિમના એક લાખ યોજન :–**

| | | |
|---|---|---|
| મેઢ | | = ૧૦,૦૦૦ યોજન |
| બે ભદ્રશાલ વન | ૨૨૦૦૦ + ૨૨૦૦૦ | = ૪૪,૦૦૦ યોજન |
| ૧૬ વિજય | ૨૨૧૨ ૩/૪ × ૧૬ | = ૩૫,૪૦૪ યોજન |
| ૮ વક્ષસ્કાર | ૫૦૦ × ૮ | = ૪,૦૦૦ યોજન |
| ૬ અંતર નદી | ૧૨૫ × ૬ | = ૭૫૦ યોજન |
| ૨ સીતાસીતોદા મુખવન | ૨૯૨૩ × ૨ | = ૫,૮૪૬ યોજન |
| | **કુલ** | **= ૧,૦૦,૦૦૦ યોજન** |

**નોંધ :–** જગતી મકાનની ભીંતોની સમાન છે. અર્થાત્ મકાન નું જે ભૂમિ ક્ષેત્ર હોય છે એમાં જ એક ફુટ કે બે ફુટની દિવાલનું ક્ષેત્ર સમાવિષ્ટ હોય છે. એજ પ્રકારે જંબૂદ્વીપની ૧૨ યોજનની પહોળાઈવાળી જગતી પણ કિનારા પર જંબૂદ્વીપના એક લાખ યોજન ક્ષેત્ર સીમામાં સમાવિષ્ટ છે. જે સીતામુખ વન, વર્ષધર પર્વત અને ક્ષેત્રોની સીમામાં સંલગ્ન સમજવું જોઈએ.

**સિદ્ધાયતન :–** ૬ વર્ષધર, ૧૬ વક્ષસ્કાર, ૪ ગજદંતા, ૩૪ વૈતાઢ્ય, મેઢના ચાર વનોમાં ૧૬, મેઢ ચૂલિકા પર એક, બે વૃક્ષો પર બે, એમ કુલ ૭૯ સિદ્ધાયતન કહેલ છે.

**નોંધ :–** મેઢના પંડક વનનો પાઠ જોવાથી જાણ થાય છે કે ભવનને જ કાલાંતરમાં સિદ્ધાયતન કહેવાની સર્વત્ર કોશીશ કરવામાં આવી છે. કારણ કે સિદ્ધાયતન કોનું હોઈ શકે છે ? કોઈ પણ સિદ્ધ તો સાદિ અનંત છે અને આ સિદ્ધાયતન અનાદિનું છે તો એમાં પ્રતિમા કોની હોઈ શકે ? પ્રતિમા તો કોઈ સાદિ વ્યક્તિની હોય છે. તેથી

અનાદિ પ્રતિમાઓ અને સિદ્ધાયતનોના હોવાની કાંઈપણ સાર્થકતા એવં સંગતિ થઈ શકતી નથી. જો કોઈ વ્યક્તિની કે મનુષ્યના આત્માની પ્રતિમા ત્યાં નથી તો તે વગર વ્યક્તિત્વની પ્રતિમા કેવી છે ? અને કોની છે ? અર્થાત્ તે વગર અસ્તિત્વની આકાશ કુસુમવત્ હોય છે. આ પ્રકારે વગર વ્યક્તિત્વની પ્રતિમા અને જિનાલયનું હોવું નિરર્થક છે. તેથી એવું પ્રતીત થાય છે કે આ શાશ્વત સ્થાનોના ઉક્ત જિનાલયો સિદ્ધાયતનો અને પ્રતિમાઓથી કોઈ પણ પ્રયોજન નથી. જેથી આ સ્પષ્ટ થાય છે કે મધ્ય કાલમાં કોઈના દ્વારા એવા પાઠ કલ્પિત કરી યત્ર તત્ર આગમમાં જોડી દીધા છે.

આ પ્રસંગમાં નમોત્થુણંના પાઠની પ્રાચીન પ્રતિઓમાં ભેદ મળવા, ઉપાશક દશા એવં વ્યવહાર સૂત્રના ચૈત્ય પાઠમાં પ્રતિભેદ મળવા, રાજપ્રશ્નીય સૂત્રમાં દેવલોક ગત સિદ્ધાયતનમાં, વર્તમાન ચોવીસીના પ્રથમ અને અંતિમ તીર્થંકરના નામ મળવા, પ્રત્યેક સામાનિક આદિ દેવોના સુધર્મા સભાઓની નજીકમાં સિદ્ધાયતનમાં ૧૦૮ પ્રતિમાઓનું હોવું (એ ૧૦૮ વ્યક્તિ કોણ છે જેમને જિન કહેવાય છે અને દેવ એમની પૂજા કરે, એમાં એકનું પણ નામ નથી કહ્યું. વગર નામના આ જિન કેવા) જંબૂ વૃક્ષ અને કૂટ શાલ્મલી વૃક્ષની શાખાઓની વચમાં સિદ્ધાયતન અને એના ચારે બાજુ માલિક દેવના ચાર ભવન, મેઢ ચૂલિકાની ઉપર સિદ્ધાયતન કહેવું અને એજ પાઠમાં કયાંક ભવન શબ્દનું પણ ઉપલબ્ધ હોવું ઈત્યાદિ અનેક પ્રમાણ ઉક્ત અનુમાનના સહયોગી છે. વિશેષ જાણકારી માટે ઐતિહાસિક સંવાદ પરિશિષ્ટનું(સારાંશ ખંડ–૮માં) અધ્યયન કરવું જોઈએ તથા આ સૂત્રમાં પણ આગળ પરિશિષ્ટ જુઓ.

બન્ને વૃક્ષોના વનોમાં દિશાઓમાં ભવન અને વિદિશાઓમાં પુષ્કરણિઓ છે. જ્યારે મેઢના ચારે વનોનું વર્ણન પણ એવા જ ભવન પુષ્કરણિઓ કૂટોવાળા છે. તો ત્યાં સિદ્ધાયતન કેમ હોઈ શકે ? જે પંડકવનના ભલામણયુક્ત (સંક્ષિપ્ત) પાઠમાં ભવન રૂપમાં ઉપલબ્ધ છે.

ભવન સર્વત્ર લંબાઈથી અર્ધા પહોળા કહેલ છે. અર્થાત્ લાંબા અને ચોખૂણ કહેલ છે. જ્યારે સિદ્ધાયતન અન્ય સૂત્રોમાં અને આ સૂત્રમાં વર્ષધર પર્વત આદિ બધા પર્વતો પર ગોળ કહેલ છે. તો પણ ભદ્રશાલ આદિ ચારે વનોમાં ચોખૂણ છે. જંબૂવૃક્ષના પ્રકરણમાં પણ ચોખૂણ છે. આનાથી પણ સ્પષ્ટ છે કે વાસ્તવમાં આ ભવન છે એને જ પાઠ પરિવર્તન કરી સિદ્ધાયતન કહી દીધા છે. જ્યારે એની લંબાઈ, પહોળાઈનું વર્ણન ભવન હોવાના પાઠને સિદ્ધ કરે છે. જે પંડકવનના સંક્ષિપ્ત પાઠથી પણ પુષ્ટ થાય છે.

આ પ્રકારે આ પ્રમાણિત થાય છે કે કયાંક ગોળાકાર કૂટોને સિદ્ધાયતન બનાવી દેવામાં આવેલ છે અને કયાંક લાંબા ચોખૂણ ભવનોને પણ સિદ્ધાયતન



બનાવવામાં આવેલ છે અને ક્યાંક વગર માલિકીના નવા કૂટ કરી દેવામાં આવ્યા છે. માટે સિદ્ધાયતન સંબંધી આ સૂત્રગત બધા પાઠ પ્રક્ષિપ્તિકરણની વિકૃતિઓ થી સૂત્રમાં પ્રવિષ્ટ છે. એવો ફલિતાર્થ નીકળે છે.

**પુષ્કરણીઓ :–**

| | |
|---|---|
| બે વૃક્ષોના વનોમાં | ૧૬ × ૨ = ૩૨ |
| મેઢના ચાર વનોમાં | ૧૬ × ૪ = ૬૪ |
| **કુલ** | **૯૬** |

**ભવન પ્રાસાદ :–**

| | | |
|---|---|---|
| ૬ દ્રહોમાં | = | ૭,૦૧,૬૮૦ |
| ૧૦ દ્રહોમાં | = | ૫,૦૧,૨૦૦ |
| ૩૪×૩ = ૧૦૨ તીર્થોમાં | = | ૧૦૨ |
| ૩૪ × ૨ = ૬૮ નદીઓના કુંડોની મધ્યમાં | = | ૬૮ |
| ૧૪ + ૧૨ = ૨૬ નદીઓના કુંડોમાં | = | ૨૬ |
| ૪૬૭ પર્વતીય કૂટો પર ૪૬૭–૬૦ | = | ૪૦૭ |
| બે વૃક્ષોની શાખાઓપર ૪ × ૨ | = | ૮ |
| બે વૃક્ષોના વનોમાં ભવન ૪ × ૨ | = | ૮ |
| બે વૃક્ષોના વનોમાં પુષ્કરણિઓમાં ૪ × ૨ | = | ૮ |
| મેઢના ચાર વનોમાં પુષ્કરણિઓમાં ૪ × ૪ | = | ૧૬ |
| મેઢના બે વનોમાં ૧૭ કૂટો પર | = | ૧૭ |
| બે વૃક્ષોના આઠ આઠ કૂટો પર | = | ૧૬ |
| ૩૪ ઋષભ કૂટો પર | = | ૩૪ |
| | **કુલ =** | **૧૨,૦૩,૫૯૦** |

**નોટ :–** સિદ્ધાયતનોના પાઠોને પ્રક્ષિપ્ત માનવાથી કૂટોની સંખ્યામાં અને ભવનોની સંખ્યામાં પણ હીનાધિકતા થાય કારણ કે સિદ્ધાયતન નામક કૂટનું અસ્તિત્વ જ નહીં રહે એવં કેટલાક સિદ્ધાયતન તો ભવનની ગણતરીમાં આવી જાય.

## પાંચમો વક્ષસ્કાર

જે કોઈ પણ ક્ષેત્રોમાં તીર્થંકરોની માતા તીર્થંકરને જન્મ દે છે ત્યાં ભવનપતિ દેવોની પ્રસિદ્ધ ઋદ્ધિ સંપન્ન ૫૬ દિશા કુમારી દેવીઓ આવીને તીર્થંકરના જન્મ સંબંધી કૃત્ય ઉત્સવ કરે છે. એના પછી ૬૪ ઈન્દ્ર ક્રમશઃ આવે છે અને બધા મળીને મેઢ પર્વત પર જન્માભિષેક કરે છે. એનું વિવરણ આ પ્રમાણે છે.

**દિશાકુમારીઓ દ્વારા જન્મ કૃત્ય :–** (૧)અધોલોક વાસિની આઠ દિશાકુમારીઓ આસન ચલાયમાન થવાના સંકેતથી મનુષ્ય લોકમાં તીર્થંકરના જન્મ નગરમાં

આવે છે. એમની સાથે ૪ મહત્તરિકા, ચાર હજાર સામાનિક દેવ આદિ અનેક દેવ દેવીઓનો પરિવાર સેંકડો સ્તંભોવાળા વિકુર્વણાથી તૈયાર કરેલા વિશાલ વિમાનમાં આવે છે. આકાશમાં રહેલા વિમાન દ્વારા તીર્થંકર જન્મ ભવનની ત્રણ વાર પ્રદક્ષિણા લગાવીને ઉત્તર પૂર્વ વિભાગમાં યથાસ્થાન વિમાનને ભૂમિ પર ઉતારે છે. તે વિમાન ભૂમિથી ચાર અંગુલ ઉપર રહે છે.

વિમાનથી ઉતરીને બધા દેવ-દેવી શોભાયાત્રારૂપે તીર્થંકરના જન્મ ભવનની પાસે આવે છે. દિશાકુમારીઓ અંદર જઈને તીર્થંકરની માતાને મસ્તક પર અંજલિ કરતા આવર્તન કરીને પ્રણામ કરે છે. 'રત્ન કુક્ષ ધારિણી' આદિ સારા સંબોધન(વિશેષણો)થી એમને સંમાનિત કરી ધન્યવાદ, પુણ્યવાદ અને કૃતાર્થવાદ દેતાં, પોતાનો પરિચય અને આવવાનું કારણ કહે છે તથા 'ભયભીત થશો નહીં' એવું નિવેદન કરે છે. પછી તે એ નગરીની તથા એની આસપાસ એક યોજન પ્રમાણના ક્ષેત્રની સફાઈ કરે છે. જે પણ નાનો મોટો કચરો ગંદકી આદિ હોય એને પૂર્ણતયા સાફ કરી, પુનઃ આવીને તીર્થંકરની માતાથી યોગ્ય દૂર રહીને ગીત ગાતા સમય વ્યતીત કરે છે.

(૨) ઉર્ધ્વ લોકમાં મેરૂના નંદનવનમાં ૮ કૂટો પર રહેવાવાળી ઉર્ધ્વ લોકવાસિની આઠ દિશાકુમારીઓ પણ આવે છે. આના સંબંધી વર્ણન પૂર્વવત્ સમજવું. આ દિશાકુમારીઓ મંદ મંદ વૃષ્ટિ કરી એવં પુષ્પ વૃષ્ટિ કરી તે નગરીને દેવોને આવવાને યોગ્ય સુગંધિત બનાવીને, તીર્થંકરની માતાની પાસે આવીને ગીત ગાતા ઊભી રહે છે.

(૩) રુચક દ્વીપના મધ્યવર્તી રુચક પર્વત પર પૂર્વદિશામાં રહેવાવાળી ૮ દિશા કુમારીઓ પૂર્વવત્ આવે છે, તીર્થંકરની માતાને નમસ્કાર આદિ કરીને હાથમાં દર્પણ લઈને પૂર્વદિશામાં ઉભી રહે છે.

આ પ્રકારે રુચક પર્વતની દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં રહેવાવાળી ૮-૮ દિશાકુમારીઓ આવે છે અને વંદના નમસ્કાર કરીને ક્રમશઃ ઝારી, પંખા અને ચામર હાથમાં લઈને પોત પોતાની દિશામાં ઉભી રહે છે.

ચાર વિદિશાની એક એક એમ કુલ ચાર દેવીઓ રુચક પર્વતથી આવે છે. ઉક્ત વિધિ પૂર્વક ચારે વિદિશામાં દીપક લઈને ઉભી રહે છે.

(૪) મધ્ય રુચક પર્વત વાસિની ચાર દિશાકુમારીઓ આવે છે અને ઉક્ત વિધિથી શિષ્ટાચાર કરીને પછી તીર્થંકરના નાભિનાલને ચાર અંગુલ છોડીને કાપે છે અને યથાસ્થાન પર ખાડો ખોદીને એમાં દાટી દે છે(અવશેષ ખાડાને રત્નોથી પૂરીને હરતાલના દ્વારા એના પર ચબૂતરો બનાવે છે). એની ત્રણ દિશાઓમાં કદલી ગ્રહની રચના કરીને એ ત્રણેમાં એક-એક ચોખંડું બનાવે છે. પ્રત્યેક ચોખંડામાં સિંહાસન બનાવે છે.



પછી તીર્થંકરની માતાની પાસે આવીને તીર્થંકરને હથેળીઓમાં ગ્રહણ કરે છે અને તીર્થંકર માતાને હાથથી પકડીને એ દક્ષિણી કદલી ગૃહના ચોખંડામાં લાવે છે. બંનેને સિંહાસન પર બેસાડીને તેલાદિથી અભ્યંગ કરીને એના પછી ઉબટન કરીને પૂર્વી કદલી ગૃહના ચોખંડામાં લાવે છે. ત્યાં સ્નાન વિધિ કરાવીને પછી ઉત્તરી ગૃહના ચોખંડામાં લાવે છે અને ચુલ્લહિમવંત પર્વતથી મંગાવેલા ચંદનથી હવન કરે છે. પછીએ રાખની રક્ષા પોટલી બનાવીને તીર્થંકર અને એની માતાને ડાકણ, શાકન, નજર આદિ દોષોથી બચાવવા માટે બાંધીદે છે. પછી બે મણિ-રત્નમય પત્થરોને ઘસીને અવાજ ભગવાનના કાનની પાસે કરીને એને પોતાની તરફ આકર્ષિત કરીને દીર્ઘાયુ થવાના આર્શીવચન આપે છે.

પછી યથા સ્થાન લાવીને માતાને સુવડાવી દે છે અને તેની બાજુમાં તીર્થંકર ભગવાનને સુવડાવી દે છે. આ બધા કાર્યક્રમમાં એ બધા દેવ દેવીઓ ભાગ લે છે, ગાવાનું વગાડવાનું વગેરે કરે છે. સુવડાવ્યા પછી એ ૫૬ દિશાકુમારીઓ મળીને ત્યાંજ રહીને મંગળ ગીત ગાય છે.

**ચોસઠ ઈન્દ્રો દ્વારા જન્માભિષેક :–** શક્રેન્દ્રનું આસન ચલાયમાન થતાં અને જ્ઞાનમાં ઉપયોગ લગાવવાથી તીર્થંકર ભગવાનનો જન્મ થવાની જાણ થાય છે. સિંહાસનથી ઉતરીને મુખ સામે ઉત્તરાસંગ લગાવીને ડાબો પગ ઊંચો કરીને ત્રણ વાર મસ્તક નમાવીને વંદન કરે છે. પછી સિદ્ધોને નમોત્થુણં દઈને તીર્થંકર ભગવાનને નમોત્થુણંના પાઠથી સ્તુતિ કરીને નમસ્કાર કરે છે. પુનઃ સિંહાસનારૂઢ થઈને પાયદળ સેનાના અધિપતિ હરિણેગમેષી દેવના દ્વારા સુઘોષા ઘંટા વગડાવીને બધા દેવ દેવીઓને સાવધાન કરીને તીર્થંકર જન્મ મહોત્સવ પર જવાની સૂચના દેવડાવે છે. અવિલંબ બધા દેવો ઉપસ્થિત થાય છે. પાલક વિમાનનો અધિપતિ આભિયોગિક દેવ શક્રેન્દ્રનો આદેશ પામીને વિમાનને સુસજ્જિત અને તૈયાર કરે છે. આ પ્રકારે અવિલંબ પ્રસ્થાન કરે છે. નંદીશ્વર દ્વીપમાં દક્ષિણ-પૂર્વમાં રતિકર પર્વત(ઉત્પાત પર્વત) પર આવીને વિમાનને સંકુચિત કરીને તીર્થંકરની જન્મ-નગરીમાં આવે છે. અધોલોકની દિશાકુમારીની સમાન ***યાવત્*** માતાને ભયભીત નહીં થવાને માટે નિવેદન કરે છે.

**શક્રેન્દ્રના પાંચ રૂપ :–** તત્પશ્ચાત્ માતાને નિદ્રાધીન કરી દે છે અને તીર્થંકર ભગવાનના જેવા શિશુરૂપની વિકુર્વણા કરીને માતાની પાસે રાખી દે છે. શક્રેન્દ્ર સ્વયંના પાંચ રૂપ વિકુર્વિત કરે છે. એક રૂપથી તીર્થંકરને પોતાની હથેળીમાં લે છે, એક રૂપથી છત્ર, બે રૂપોથી બંને બાજુમાં ચામર અને એક રૂપમાં વજ્ર હાથમાં લઈને આગળ ચાલે છે. આ પ્રકારે બધા દેવ દેવીઓની સાથે તે શક્રેન્દ્ર મેરૂ પર્વત પર પંડકવનમાં પહોંચીને દક્ષિણી અભિષેક શિલા પર સ્થિત સિંહાસન પર તીર્થંકરને લઈને બેસી જાય છે.

**બધા ઈન્દ્ર મેઢ પર :–** આ જ ક્રમથી બીજા દેવલોકથી ૧૨મા દેવલોક સુધીના ઈન્દ્ર અને ભવનપતિ વ્યંતર જ્યોતિષીના ઈન્દ્ર પણ જન્મ નગરીમાં ન જતાં સીધા મેઢ પર્વત પર જ પહોંચી જાય છે. તીર્થંકર ભગવાનને વંદન નમસ્કાર કરીને પર્યુપાસના કરે છે.

**અચ્યુતેન્દ્ર દ્વારા અભિષેક પ્રારમ્ભ :–** બારમા દેવલોકના અચ્યુતેન્દ્ર પોતાના આભિયોગિક દેવોને અભિષેક સામગ્રી લાવવાનો આદેશ દે છે. તે દેવ કળશ, કડછી, છાબડી, રત્ન કરંડક આદિ હજારો વસ્તુઓ વિકુર્વિત કરતા જાય છે. ક્ષીર સમુદ્ર, માગધાદિ તીર્થ, પર્વત, ક્ષેત્રો, નદી, દ્રહ, આદિ ક્યાંકથી પાણી, ક્યાંકથી પાણી અને ફૂલ, ક્યાંકથી પાણી માટી આદિ પવિત્ર અભિષેક સામગ્રી સંપૂર્ણ અઢી દ્વીપના ક્ષેત્ર, પર્વતો, નદીઓ તીર્થો આદિમાં જઈને ઉપયુક્ત સામગ્રી લઈને મેઢ પર અચ્યુતેન્દ્ર પાસે પહોંચે છે. પછી અચ્યુતેન્દ્ર તે મંગલ પદાર્થોથી જળ માટી ફૂલ આદિથી તીર્થંકર ભગવાનનો જન્માભિષેક કરે છે. કોઈક દેવ વાજિંત્ર આદિનો ધ્વનિ ફેલાવે છે. અનેક કુતૂહલી દેવ અનેક પ્રકારે હર્ષાતિરેકથી કુતૂહલ કૃત્ય કરે છે. અચ્યુતેન્દ્ર જળ આદિથી અભિષેક કરી મસ્તક પર અંજલિ કરી, નમન કરી, જય જય કાર કરે છે. પછી મુલાયમ રૂંવાટીદાર વસ્ત્રથી ભગવાનના શરીરને લૂછીને ગોશીર્ષ ચંદન આદિ લગાવીને વસ્ત્ર યુગલ પહેરાવે છે, અલંકૃત વિભૂષિત કરે છે. પછી ચોખાથી ભગવાનની સમક્ષ અષ્ટ મંગલ ચિન્હ બનાવે છે. પુષ્પ એવં રત્ન આદિના ભેટણા ચઢાવે છે. જેથી ગોઠણ પ્રમાણ ઢગલા થઈ જાય છે. પછી ૧૦૮ શ્લોકથી ભગવાનની સ્તુતિ કરતાં અનેક ગુણો, ઉપમાઓથી સત્કારિત સમ્માનિત કરી, વંદન નમસ્કાર કરી, યથાસ્થાન રહીને પર્યુપાસના કરે છે.

**શેષ ઈન્દ્રો દ્વારા અભિષેક :–** આ પ્રકારે ૬૩ ઈન્દ્રો જન્માભિષેક કરે છે. અંતમાં ઈશાનેન્દ્ર પાંચ રૂપ બનાવીને ભગવાનને હાથમાં લઈને બેસે છે. ત્યારે શક્રેન્દ્ર ઉક્ત વિધિથી તીર્થંકર ભગવાનનો જન્માભિષેક કરે છે. વિશેષતા એ છે કે ચાર સફેદ બળદ વિકુર્વિત કરીને તેના આઠ શિંગડાંથી પાણીને ઉપર ફેલાવી એક સ્થાનમાં મેળવીને ભગવાનના મસ્તક પર અભિષેક કરે છે.

**સમારોહ સમાપન, શક્રેન્દ્ર જન્મ નગરીમાં :–** આ રીતે સંપૂર્ણ અભિષેક વિધિના સમાપન થવા પર શક્રેન્દ્ર પૂર્વ વિધિ અનુસાર ભગવાનને લઈને જન્મ નગરીમાં આવે છે. ભગવાનને માતા પાસે સુવડાવીને વિકુર્વિત શિશુ રૂપને હટાવીને માતાની નિદ્રા સમાપ્ત કરે છે. વસ્ત્ર યુગલ અને કુંડલ યુગલ ભગવાનના ઓશીકા પાસે રાખી દે છે. એક સુંદર રત્નોનું ઝૂમખું ભગવાનના દૃષ્ટિ પથ ઉપર છત પર લટકાવી દે છે. વૈશ્રમણ દેવના દ્વારા ૩૨ ક્રોડ સોના મહોર આદિ ભંડારમાં રખાવી દે છે. અન્ય પણ અનેક વસ્તુઓ ૩૨-૩૨ ની સંખ્યામાં રખાવી દે છે. પછી નગરીમાં ઘોષણા કરાવીદે છે કે કોઈ પણ દેવ-દાનવ(માનવ) તીર્થંકર ભગવાન અને એમની માતાના પ્રતિ અશુભ અહિતકર મન આદિ કરશે તો એના મસ્તકના ૧૦૦ ટુકડા



કરવામાં આવશે.

પછી બધા દેવો નંદી✓ર દ્વીપમાં મહોત્સવ મનાવે છે અને પોતપોતાના દેવલોકમાં પહોંચે છે.

**૫૬ દિશાકુમારીઓ :–** ૮ અધો લોકમાં, ૮ મેઢના નંદનવનમાં, ૮ × ૪ = ૩૨ રુચક પર્વતની ચાર દિશાઓમાં, ૪ વિદિશાઓમાં અને ચાર મધ્ય ભાગમાં આ પ્રકારે ૮+૮+૩૨+૪+૪ = ૫૬ દિશાકુમારીઓ ભવનપતિના દિશાકુમાર જાતિની ઋદ્ધિવાન દેવીઓ છે.

આઠ અધો લોકની કહેલ દેવીઓના ચાર નામ ગજદંતાકાર વક્ષસ્કારની કૂટની દેવીઓના નામ સમાન છે. અને ચાર નામ જુદા છે. આ અપેક્ષાએ આ આઠ દેવીઓ ને કવચિત્ ગજદંતા પર નિવાસ કરવાવાળી પણ કહેવામાં આવે છે. વાસ્તવિક તથ્ય એ છે કે મૂલ પાઠમાં અધોલોકવાસીની કહેલ છે અને ગજદંતાકાર વક્ષસ્કારના વર્ણનમાં મૂલપાઠમાં દિશાકુમારીઓ હોવાનો કોઈ સંકેત નથી, કેવલ ચાર નામ સદૃશ હોવા માત્રથી કિંચિત્ કલ્પના કરાય છે.

**૬૪ ઈન્દ્ર :–** ૧૦ ભવનપતિના ઉત્તર દક્ષિણની અપેક્ષા ૨૦ ઈન્દ્ર છે. ભૂત પિશાચ આદિ આઠ અને આણપન્ની આદિ આઠ એમ ૧૬ જાતિના વ્યંતરોના ઉત્તર દક્ષિણની અપેક્ષા ૩૨ ઈન્દ્ર છે. જ્યોતિષીના બે ઈન્દ્ર છે અને વૈમાનિકના આઠ દેવલોકોના આઠ ઈન્દ્ર છે. નવમા દસમાના એક અને અગિયારમા બારમાના એક એમ કુલ ૧૦ વૈમાનિકના ઈન્દ્ર છે. આ પ્રકારે ૨૦+૩૨+૨+૧૦=૬૪.

**ઈન્દ્રોના ઘંટા :–** વૈમાનિકના પહેલા, ત્રીજા, પાંચમા, સાતમા, નવમા ઈન્દ્રના સુઘોષા ઘંટા, હરિણેગમેષી સેનાધિપતિ, ઉત્તરમાં નિર્યાણ માર્ગ અને દક્ષિણ પૂર્વમાં રતિકર ઉત્પાત પર્વત છે.

બીજા, ચોથા, છટ્ઠા, આઠમા અને દસમા ઈન્દ્રની મહાઘોષા ઘંટા, લઘુ પરાક્રમ નામક સેનાધિપતિ, નિર્યાણ માર્ગ(દેવલોકથી નીકળવાનો રસ્તો), દક્ષિણમાં એવં ઉત્તર પૂર્વમાં રતિકર ઉત્પાત પર્વત છે.

**વિમાન નામ :–** યાન વિમાન અને એના અધિપતિ દેવના નામ ક્રમશઃ દસ ઈન્દ્રોના આ પ્રકારે છે. (૧) પાલક (૨) પુષ્પક (૩) સૌમનસ (૪) શ્રીવત્સ (૫) નંદાવર્ત (૬) કામગમ (૭) પ્રીતિગમ (૮) મનોરમ (૯) વિમલ (૧૦) સર્વતોભદ્ર

**મંગલ :–** અષ્ટ મંગલ આ છે. (૧) દર્પણ (૨) ભદ્રાસન (૩) વર્ધમાનક (૪) કળશ (૫) મત્સ્ય (૬) શ્રીવત્સ (૭) સ્વસ્તિક (૮) નંદાવર્ત

## છઠ્ઠો વક્ષસ્કાર

પૂર્વ વક્ષસ્કારોમાં જે જંબૂદ્વીપ સંબંધી વિસ્તૃત વર્ણન કર્યું છે. એજ વિષયોને અહીં સંકલન પદ્ધતિથી કહેલ છે. તે સંકલનના વિષય ૧૦ છે.

**(૧) ખંડ :–** એક લાખ યોજન લાંબા પહોળા જંબૂદ્વીપના ભરતક્ષેત્ર પ્રમાણ પહોળાઈ વાળા ૧૯૦ ખંડ થઈ શકે છે. અર્થાત્ ૫૨૬ $\frac{૬}{૧૯}$ × ૧૯૦ = એક લાખ થાય છે.

**(૨) યોજન :–** જો જંબૂદ્વીપ ક્ષેત્રના એક યોજનના લાંબા, પહોળા ખંડ કલ્પિત કરીએ તો ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ સાત અરબ, નેવું કરોડ, છપ્પન લાખ, ચોરાણું હજાર, એક સો પચાસ ખંડ થાય છે.

**(૩) વર્ષ ક્ષેત્ર :–** સાત છે– ભરત, ઐરવત, હેમવત, હેરણ્યવત, હરિવર્ષ, રમ્યક્વર્ષ, અને મહાવિદેહ.

**(૪) પર્વત :–** ૨૬૯ છે. ચાર્ટ જુઓ– ચોથા વક્ષસ્કારમાં.

**(૫) કૂટ :–** ૪૬૭+૫૮ = ૫૨૫ છે. ચાર્ટ જુઓ– ચોથા વક્ષસ્કારમાં.

**(૬) તીર્થ :–** માગધ, વરદામ, પ્રભાસ, આ ત્રણે તીર્થ ૩૨ વિજયમાં અને ભરત ઐરાવતમાં છે. અતઃ ૩૪ × ૩ = ૧૦૨ છે.

**(૭) શ્રેણિઓ :–** ૩૪ વિજયોમાં બે વિદ્યાધરોની અને બે આભિયોગીકોની શ્રેણિઓ છે. અતઃ ૩૪ × ૨ × ૨ = ૧૩૬ શ્રેણિઓ છે.

**(૮) વિજય, ગુફા, રાજધાની આદિ :–** ૩૪ વિજય છે, ૩૪ રાજધાનીઓ છે, ૩૪ ઋષભ કૂટ છે, ૩૪ × ૨ = ૬૮ ગુફાઓ છે અને એમના ૬૮ કૃતમાલક અને નૃતમાલક નામક કુલ દેવ છે.

**(૯) દ્રહ :–** ૧૬ મહાદ્રહ છે. ૫ દેવ કુઢમાં ૫ ઉત્તર કુઢમાં ૬ વર્ષધર પર્વતો પર છે. એમ કુલ ૫+૫+૬ = ૧૬ છે.

**(૧૦) નદી :–** ૬ વર્ષધર પર્વતોમાંથી ૧૪ મહાનદીઓ નીકળી છે. ૩૨ વિજયોમાં ૬૪ નદીઓ કુંડોમાંથી નીકળી છે અને ૧૨ અંતર નદીઓ પણ કુંડોમાંથી નીકળી છે. તે કુલ ૧૪+૬૪+૧૨ = ૯૦ મહાનદીઓ છે.

**ચૌદ મહાનદીઓના નામ આ પ્રકારે છે :–**

(૧) ગંગા (૨) સિંધુ (૩) રકતા, (૪) રકતવતી (૫) રોહિતા (૬) રોહિતાંશા (૭) સુવર્ણ કૂલા (૮) રુપ્યકૂલા (૯) હરિસલિલા (૧૦) હરિકાંતા (૧૧) નરકાંતા (૧૨) નારીકંતા (૧૩) સીતા (૧૪) સીતોદા એમ ક્રમશઃ ભરત ઐરવત, હેમવંત, હેરણ્યવંત, હરિવાસ, રમ્યક્વાસ અને મહાવિદેહની નદીઓ છે. ૬૪ નદીઓ ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી એમ ચારે ૧૬-૧૬ની સંખ્યામાં મહાવિદેહમાં છે. ૧૨ અંતર નદીઓના નામ પહેલી વિજયથી ૩૨ વિજય સુધી ક્રમશઃ આ પ્રકારે છે. (૧) ગ્રાહાવતી (૨) દ્રહાવતી (૩) પંકાવતી (૪) તપ્તજલા (૫) મત્તજલા (૬) ઉન્મત્તજલા (૭) ક્ષીરોદા (૮) શીતશ્રોતા (૯) અંતરવાહિની (૧૦) ઉર્મિમાલિની (૧૧) ફેણમાલિની (૧૨) ગંભીરમાલિની.



આ બધી નદીઓનો કુલ પરીવાર ૧૪,૫૬,૦૦૦ ચૌદ લાખ છપ્પન હજાર છે. એમાં ૭,૨૮,૦૦૦ નદીઓ પૂર્વી સમુદ્રમાં મળે છે અને ૭,૨૮,૦૦૦ નદીઓ પશ્ચિમી લવણ સમુદ્રમાં મળે છે. પરિવારની અલગ અલગ નદીઓ ચાર્ટમાં ચોથા વક્ષસ્કારમાં જુઓ.

## સાતમો વક્ષસ્કાર

(૧) જંબૂદ્વીપમાં ૧૮૦ યોજન ક્ષેત્રમાં ૬૫ સૂર્ય મંડળ છે. લવણ સમુદ્રમાં ૩૩૦ યોજન ક્ષેત્રમાં ૧૧૯ સૂર્ય મંડળ છે. કુલ ૫૧૦ યોજનમાં ૧૮૪ મંડળ છે.

(૨) મેઢ પર્વતથી પહેલું મંડળ ૪૪૮૨૦ યોજન અને અંતિમ મંડલ ૪૫૩૩૦ યોજન દૂર છે.

(૩) પાંચ ચંદ્ર મંડળ જંબૂદ્વીપમાં છે. એવં દસ ચંદ્ર મંડલ લવણ સમુદ્રમાં છે.

**ચંદ્ર મંડલોનો આયામ વિષ્કંભ, મુહૂર્ત ગતિ, ચક્ષુસ્પર્શ :–**

| મંડલ | આયામ વિષ્કંભ | પરિધિ | મુહૂર્તગતિ | ચક્ષુસ્પર્શ |
|---|---|---|---|---|
| આભ્યંતર પહેલું | ૯૯૬૪૦ | ૩૧૫૦૮૯ | ૫૦૭૩ $\frac{૭૭૪૪}{૧૩૭૨૫}$ | ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૧}$ |
| આભ્યંતરથી બીજું | ૯૯૭૧૨ $\frac{૫૧}{૬૧}$, $\frac{૧}{૭}$ | ૩૧૫૩૧૯ | ૫૦૭૭ $\frac{૩૬૭૪}{૧૩૭૨૫}$ | |
| આભ્યંતરથી ત્રીજું | ૯૯૭૮૫ $\frac{૪૧}{૬૧}$, $\frac{૨}{૭}$ | ૩૧૫૫૪૯ | ૫૦૮૦ $\frac{૧૩૩૧૬}{૧૩૭૨૫}$ | |
| બાહ્ય પહેલું | ૧૦૦૬૬૦ | ૩૧૮૩૧૫ | ૫૧૫૨ $\frac{૬૯૯૦}{૧૩૭૨૫}$ | ૩૧૮૩૧ |
| બાહ્યથી બીજું | ૧૦૦૫૮૭ $\frac{૯}{૬૧}$, $\frac{૬}{૭}$ | ૩૧૮૦૮૫ | ૫૧૨૧ $\frac{૧૧૬૦}{૧૩૭૨૫}$ | |
| બાહ્યથી ત્રીજું | ૧૦૦૫૧૪ $\frac{૧૯}{૬૧}$, $\frac{૫}{૭}$ | ૩૧૭૮૫૫ | ૫૧૧૮ $\frac{૧૪૦૫}{૧૩૭૨૫}$ | |

**નોંધ :–** એક ચંદ્ર મંડલનું બીજા ચંદ્ર મંડલથી અંતર ૩૬ $\frac{૨૫}{૬૧}$, $\frac{૪}{૭}$ યોજન છે. એનાથી બે ગણો ૭૨ $\frac{૫૧}{૬૧}$, $\frac{૧}{૭}$ વિષ્કંભ વધે છે. આનાથી ત્રણ ગણી સાધિક પરિધિ અધિક અધિક હોય છે.

મુહૂર્ત ગતિ પ્રતિ મંડલમાં વધે છે. = ૩ $\frac{૯૬૫૫}{૧૩૭૨૫}$ યોજન

પ્રતિ મંડલમાં પરિધિ વધે છે. = ૨૩૦ યોજન.

(૪) નક્ષત્રના આઠ મંડલમાંથી જંબૂદ્વીપમાં બે છે અને લવણ સમુદ્રમાં છ છે.

(૫) નક્ષત્રના પહેલા મંડલોમાં મુહૂર્ત ગતિ = $૫૨૬૫\frac{૧૮૨૬૩}{૨૧૯૬૦}$ યોજન છે.

નક્ષત્રના છેલ્લા મંડલમાં મુહૂર્ત ગતિ = $૫૩૧૯\frac{૧૬૩૬૫}{૨૧૯૬૦}$ યોજન છે.

(૬) ચંદ્ર એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે. = $\frac{૧૭૬૮}{૧૦૯૮૦૦}$ યોજન છે.

સૂર્ય એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે. = $\frac{૧૮૩૦}{૧૦૯૮૦૦}$ યોજન છે.

નક્ષત્ર એક મુહૂર્તમાં મંડલ પાર કરે છે.= $\frac{૧૮૩૫}{૧૦૯૮૦૦}$ યોજન છે.

(૭) બૃહસ્પતિ મહાગ્રહ ૧૨ વર્ષોમાં બધા નક્ષત્રોની સાથે યોગ સમાપન કરે છે. શનિશ્ચર મહાગ્રહ ૩૦ વર્ષોમાં બધા નક્ષત્રોની સાથે યોગ સમાપન કરે છે.

(૮) કરણ ૧૧ હોય છે. યથા– **૧.** બવ **૨.** બાલવ **૩.** કૌલવ **૪.** સ્ત્રીવિલોચન **૫.** ગરાદિ **૬.** વણિજ **૭.** વિષ્ટિ **૮.** શકુનિ **૯.** ચતુષ્પદ **૧૦.** નાગ **૧૧.** કિંસ્તુઘ્ન.

**રાત્રિ-દિવસમાં કરણ :–**

| સુદી | દિવસમાં | રાત્રિમાં | વદી | દિવસમાં | રાત્રિમાં |
|---|---|---|---|---|---|
| ૧ | કિંસ્તુઘ્ન | બવ | ૧ | બાલવ | કૌલવ |
| ૨ | બાલવ | કૌલવ | ૨ | સ્ત્રીવિલોચન | ગરાદિ |
| ૩ | સ્ત્રીવિલોચન | ગરાદિ | ૩ | વણિજ | વિષ્ટિ |
| ૪ | વણિજ | વિષ્ટિ | ૪ | બવ | બાલવ |
| ૫ | બવ | બાલવ | ૫ | કૌલવ | સ્ત્રીવિલોચન |
| ૬ | કૌલવ | સ્ત્રીવિલોચન | ૬ | ગરાદિ | વણિજ |
| ૭ | ગરાદિ | વણિજ | ૭ | વિષ્ટિ | બવ |
| ૮ | વિષ્ટિ | બવ | ૮ | બાલવ | કૌલવ |
| ૯ | બાલવ | કૌલવ | ૯ | સ્ત્રીવિલોચન | ગરાદિ |
| ૧૦ | સ્ત્રીવિલોચન | ગરાદિ | ૧૦ | વણિજ | વિષ્ટિ |
| ૧૧ | વણિજ | વિષ્ટિ | ૧૧ | બવ | બાલવ |
| ૧૨ | બવ | બાલવ | ૧૨ | કૌલવ | સ્ત્રીવિલોચન |
| ૧૩ | કૌલવ | સ્ત્રીવિલોચન | ૧૩ | ગરાદિ | વણિજ |
| ૧૪ | ગરાદિ | વણિજ | ૧૪ | વિષ્ટિ | શકુનિ |
| ૧૫ | વિષ્ટિ | બવ | ૧૫ | ચતુષ્પદ | નાગ |

**નોંધ :–** વદી ચૌદસ રાતમાં, અમાવસમાં દિવસમાં અને રાત્રિના તથા સુદી એકમમાં દિવસમાં ક્રમશઃ શકુનિ, ચતુષ્પદ, નાગ અને કિંસ્તુઘ્ન આ ચાર કરણ સ્થિર રહે છે. શેષ સાત ક્રમશઃ ચાર્ટ અનુસાર બદલતા રહે છે.



(૯) ચંદ્ર, ચંદ્ર, અભિવર્દ્ધિત, ચંદ્ર, અભિવર્દ્ધિત તેપાંચ સંવત્સરનો યુગ હોય છે. આ સંવત્સર ચંદ્રથી શરૂ થનારા હોય છે. અયન બે છે દક્ષિણાયન, ઉત્તરાયન. એમાં પ્રથમ દક્ષિણાયન હોય છે. પક્ષ બે હોય છે– કૃષ્ણ અને શુકલ. એમાં કૃષ્ણ પક્ષ પહેલા હોય છે. એજ પ્રકારે કરણોમાં બાલવ, નક્ષત્રોમાં અભિજિત, અહોરાત્રમાં દિવસ અને મુહૂર્તમાં રૌદ્ર મુહૂર્ત એ બધાથી પહેલા હોય છે.

(૧૦) એક યુગમાં ૧૦ અયન, ૩૦ ઋતુ, ૬૦ મહિના, ૧૨૦ પક્ષ, ૧૮૩૦ દિવસ, ૫૪૯૦૦ મુહૂર્ત હોય છે.

(૧૧) નક્ષત્ર સંબંધી વર્ણન અહીં દસ દ્વારોથી છે– **૧.** પ્રમર્દ આદિ યોગ **૨.** દેવતા **૩.** તારા **૪.** ગોત્ર **૫.** સંસ્થાન **૬.** ચન્દ્ર સૂર્ય યોગ **૭.** કુલ **૮.** પૂનમ અમાસમાં કુલ **૯.** પૂનમ અમાસના કુલોમાં મહિનાઓનો સંબંધ **૧૦.** રાત્રિવાહક. આ દસે દ્વારોનું વર્ણન જયોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં જુઓ અન્ય પણ આ સાતમાં વક્ષસ્કારનું વર્ણન તે સૂત્રમાં જોવું જોઈએ.

(૧૨) અષાઢ મહિનાના અંતિમ દિવસે બે પગની પોરસી છાયા થાય છે. અર્થાત્ પગના ઘૂંટણ પર્યંતની છાયા બે પગ જેટલી હોય છે. શ્રાવણ મહિનાના અંતિમ દિવસે બે પગ અને ચાર અંગુલ છાયા હોય છે. ત્યારે પોરસી આવે છે. આ રીતે પ્રતિ મહિના ૪ અંગુલ વધતા પોષ સુધી ૬ મહિનામાં ૨૪ અંગુલ = ૨ પગ છાયા વધી જાય છે. અર્થાત્ ૨+૨ = ૪ પગ જેટલી છાયા હોય છે. ત્યારે પોરસી આવે છે. આ પગના ઘૂંટણ સુધીના પગની છાયાના માપથી પોરસી જાણવાનું માપ બતાવવામાં આવેલ છે.

(૧૩) સોળ દ્વાર આ પ્રકારે છે– **૧.** તારા અને સૂર્ય ચન્દ્રની અલ્પ અથવા સમ ઋદ્ધિ સ્થિતિ **૨.** ચન્દ્રનો પરિવાર **૩.** મેઢથી અંતર **૪.** લોકાંતથી અંતર **૫.** સમભૂમિથી અંતર **૬.** બધાથી ઉપર નીચે વગેરે **૭.** વિમાનોના સંસ્થાન **૮.** જ્યોતિષી દેવોની સંખ્યા **૯.** વાહક દેવ **૧૦.** શીઘ્ર મંદ ગતિ **૧૧.** અલ્પર્દ્ધિક મહર્દ્ધિક **૧૨.** તારાઓનું પરસ્પર અંતર **૧૩.** અગ્રમહિષીઓ **૧૪.** પરિષદ અને ભોગ **૧૫.** આયુષ્ય **૧૬.** અલ્પબહુત્વ.(આ બધા દ્વારોનું વર્ણન પુષ્પ ૨૮માં જોવું)

**જંબૂદ્વીપમાં તીર્થંકર વગેરેની સંખ્યા :–**

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ | નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|
| તીર્થંકર | ૪ | ૩૪ | નિધિ રત્ન અસ્તિત્વ | – | ૩૦૬ |
| ચક્રવર્તી | ૪ | ૩૦ | નિધિ રત્ન ઉપભોગ | ૩૬ | ૨૭૦ |
| બલદેવ | ૪ | ૩૦ | પંચેન્દ્રિય રત્ન | ૨૮ | ૨૧૦ |
| વાસુદેવ | ૪ | ૩૦ | એકેન્દ્રિય રત્ન | ૨૮ | ૨૧૦ |

**જંબૂદ્વીપ વર્ણનનો ઉપસંહાર :–** આ પ્રકારે આ જંબૂદ્વીપ એક લાખ યોજન લાંબો, પહોળો, ગોળ છે. ૩,૧૬,૨૨૭ યોજન ૩ કોશ ૧૨૮ ધનુષ ૧૩ ½ અંગુલ સાધિક પરિધિ છે. એક હજાર યોજન ઊંડો છે; (૨૪મી અને ૨૫મી વિજયની અપેક્ષા) ૯૯૦૦૦ યોજન સાધિક(મેઢની અપેક્ષા) ઊંચો છે; એક લાખ યોજન સાધિક સર્વાગ્ર છે.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વગેરેની પર્યાયોની અપેક્ષા અશા√ત છે અને અસ્તિત્વની અપેક્ષા સદા હતો અને સદા રહેશે, તેથી શા√ત છે.

આ જંબૂદ્વીપ પૃથ્વી પાણી જીવ અને પુદ્‌ગલ પરિણામ રૂપ છે. બધા જીવ અહીંયા પાંચ સ્થાવર રૂપમાં અનંતવાર અથવા અનેકવાર ઉત્પન્ન થઈ ચૂકયા છે.

આ દ્વીપમાં અનેક જંબૂવૃક્ષ છે, જંબૂવન છે, વનખંડ છે.જંબૂ સુદર્શન નામક શા√ત વૃક્ષ છે. જેના પર જંબૂદ્વીપનો સ્વામી અનાદત મહર્દ્ધિક દેવ રહે છે, આ કારણે આ દ્વીપનું જંબૂદ્વીપ એ શા√ત નામ છે.

**નોંધ :–** વિશેષ જાણકારી માટે આ સૂત્રના અનુવાદ યુક્ત અને વિવેચન યુક્ત સંસ્કરણોનું તથા જંબૂદ્વીપના નકશાનું અધ્યયન કરવું જોઈએ.

## જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશ સંપૂર્ણ

## પરિશિષ્ટ – ૧

## જૈન સિદ્ધાંત અને વર્તમાન જ્ઞાત દુનિયા

*જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં અને જીવાભિગમ સૂત્રમાં ભૂમિભાગ સંબંધી વિસ્તૃત વર્ણન છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં એક જ દ્વીપનું સ્પષ્ટ અને પરિપૂર્ણ વર્ણન છે. એનું ઉપયોગપૂર્વક અને ચિંતનયુક્ત અધ્યયન કરી લેવાથી મસ્તિષ્કમાં પરિપૂર્ણ આ ક્ષેત્રનો નકશો સાક્ષાત્ ચિત્રિત થઈ જાય છે.*

*દક્ષિણથી ઉત્તર અર્થાત્ ભરતથી ઐરાવત સુધી, પૂર્વથી પશ્ચિમ સંપૂર્ણ મહાવિદેહ ક્ષેત્ર અને મધ્ય મેઢ સુદર્શન મંદર પર્વત વગેરે, નદી, પર્વત, ક્ષેત્ર, દ્રહ, કૂટ, ભવન, પુષ્કરણિઓ, પ્રાસાદાવતંસક વગેરે આંખોની સામે શ્રુત જ્ઞાનના રૂપમાં પ્રત્યક્ષ થઈ જાય છે.*

***સવાલ** – આ શ્રુત જ્ઞાનના અનંતર આ સવાલ સ્વાભાવિક થાય છે કે વર્તમાન પ્રત્યક્ષીભૂત પૃથ્વી અને સૈદ્ધાંતિક જ્ઞાનનો સુમેળ કેવી રીતે થાય છે ?*

***સમાધાન** – આના માટે સમાધાન આ પ્રકારે સમજવું જોઈએ. આજના વૈજ્ઞાનિક સાધન તેમજ વૈજ્ઞાનિક મંતવ્ય સીમિત જ છે. માટે એના અનુસાર જ*



*બોધ અને ગમનાગમન થઈ શકે છે. ગમનાગમનના અભાવમાં અવશેષ સંપૂર્ણ ક્ષેત્ર અજ્ઞાતજ રહે છે.*

***વિશાલક્ષેત્રોનું અપ્રત્યક્ષીકરણ કેમ ?** આજે આપણે દક્ષિણ ભરતક્ષેત્રના પ્રથમ મધ્યખંડના એક સીમિત ભૂમિક્ષેત્રમાં અવસ્થિત છીએ; લવણ સમુદ્રીય પ્રવિષ્ટ જળના કિનારે છીએ; આમ ભરતક્ષેત્ર ત્રણ દિશાઓમાં લવણ સમુદ્રથી અને એના પ્રવિષ્ટ જળથી ઘેરાએલું છે. તે સમુદ્ર જળ, આપણે સેંકડો કે હજારો માઈલ જઈએ ત્યારે આવી જાય છે. આપણી ઉત્તરની દિશા જ સમુદ્રી જળથી રહિત છે. આ દિશામાં પર્વત કે સમભૂમિ છે. ઉત્તરમાં પણ ૯-૧૦ લાખથી કંઈક અધિક માઈલ જઈએ ત્યારે વૈતાઢ્ય પર્વત આવે છે, તે ૨ લાખ માઈલનો ઊંચો છે. માટે આટલે ઊંચે જઈને પછી ઉત્તર દિશામાં આગળ જવું આજની માનવીય યાંત્રિક શક્તિથી બહાર છે અને જંબૂદ્વીપમાં વર્ણવેલ બધા ક્ષેત્ર, પર્વત વગેરે વૈતાઢ્ય પર્વત પછી જ ઉત્તરમાં છે. માટે એની જાણકારી અને પ્રત્યક્ષીકરણ ચક્ષુગમ્ય હોવું અસંભવ જેવું થઈ રહ્યું છે.*

***દક્ષિણ ભરતનું પણ અપ્રત્યક્ષીકરણ કેમ ?** શા√ત ગંગા-સિન્ધુ નદીઓ, માગધ, વરદામ, પ્રભાસ તીર્થ, સિંધુ દેવીનું ભવન આદિ અને બંને ગુફાના દ્વારતો આ જ ખંડમાં છે. તેમછતાં આ સ્થળોનું પ્રત્યક્ષીકરણ આજના માનવને થતું નથી એનું પણ કારણ એ છે કે (૧) ઉક્ત સ્થાનોના આગમીય વર્ણનને સમજીને સાચો ક્ષેત્રીય નિર્ણય કરવામાં આવતો નથી. (૨) આ સ્થાનોના અને આપણા નિવાસ ક્ષેત્ર રૂપ જ્ઞાત દુનિયાની વચમાં અગર વિકટ પર્વત અથવા જલીય ભાગ થઈ ગયો હોય તો પણ ત્યાં પહોંચવું અશકય થઈ જાય છે. (૩) આપણા નિવાસ ક્ષેત્રથી, ઉક્ત- સ્થળોનું ક્ષેત્ર માનવ(વૈજ્ઞાનિક) ગમન શક્તિથી અત્યધિક દૂર હોય તો પણ પહોંચી શકાતું નથી.*

*સંભવત : ત્રણ તીર્થ તો જળ બાધકતાથી અગમ્ય થઈ જવાની સ્થિતિમાં છે, એ ઉપરાંત આ બધા સ્થાનો આપણા આ નિવાસક્ષેત્રથી અતિ દૂર રહેલા છે.*

*આપણી વર્તમાન દુનિયા આગમિક વિનીતા– અયોધ્યા, વારાણસી, હસ્તિનાપુર આદિની પાસેની ભૂમિ છે. અતઃ આ પ્રથમ ખંડનો મધ્ય સ્થાનીય ભૂમિ ભાગ છે જે ૩-૪ યોજન પ્રમાણ જ છે. આ સ્થાનથી શા√ત યોજનની અપેક્ષા માગધ તીર્થ અને પ્રભાસ તીર્થ ૪૮૭૪ યોજન છે. વરદામ તીર્થ ૧૧૪ યોજન છે. બંને શા√ત નદીઓનો એક નિકટતમ હિસ્સો ૧૦૦૦ યોજન છે. ગુફાઓ ૧૨૫૦ યોજન છે. એક યોજન ૮૦૦૦ માઈલનો હોય છે. અતઃ આ યોજનોના માઈલ આ પ્રકારે છે–*

*(૧) માગધતીર્થ ૩,૮૯,૯૨,૦૦૦ માઈલ દૂર છે.*

(૨) વરદામતીર્થ ૯,૧૨,૦૦૦ માઈલ દૂર છે.

(૩) પ્રભાસતીર્થ ૩,૮૯,૯૨,૦૦૦ માઈલ દૂર છે.

(૪) ગંગા સિંધુ નદી ૮૦,૦૦,૦૦૦ માઈલ દૂર છે.

(૫) બંને ગુફા ૧,૦૦,૦૦,૦૦૦ માઈલ દૂર છે.

**વર્તમાન જ્ઞાત દુનિયાનો ક્ષેત્રાવબોધ :–** આપણી વર્તમાન જ્ઞાત ભ્રમણ સંચરણશીલ દુનિયા વૈજ્ઞાનિકો દ્વારા ૨૪,૦૦૦ માઈલ સાધિકની પરિધિવાળી માનવામાં આવી છે. જે આગમિક યોજનની અપેક્ષા કુલ અધિકતમ ૩ યોજન પરિમાણ માત્રની છે. અથવા જેટલા પણ માઈલની આંકવામાં આવે છે એ માઈલને ૮૦૦૦ વડે ભાગાકાર કરવાથી આગમિક ક્ષેત્રીય યોજન મળી આવશે. અતઃ ૩-૪ કે ૫-૧૦ યોજનમાં ફરી-ફરીને શોધ કરીને જ સંતુષ્ટ રહેવાવાળા વૈજ્ઞાનિકો, ૧૧૪ કે ૧૦૦૦ અથવા ૧૨૫૦ યોજનની કલ્પના અને પુરુષાર્થ માટે તત્પર પણ થઈ શકતા નથી.

આ પૃથ્વી વાસ્તવમાં ચન્દ્રની સમાન યા પ્લેટની સમાન ચપટી ગોળ છે. નહીં કે દડાની સમાન. વૈજ્ઞાનિક લોકોએ દડા(બોલ)ની સમાન ગોળ હોવાની કલ્પના કરી રાખી છે. જે ચર્મ ચક્ષુઓના સ્વભાવના કારણે થનારા એક ભ્રમ માત્ર છે.

**વૈજ્ઞાનિક માનસની સ્થિતિ :–** વૈજ્ઞાનિક લોકોના માનવાનો કે શોધવાનો હજી કોઈ અંત આવ્યો નથી. અર્થાત્ એને ભ્રમણ કરતા બીજો પણ પૃથ્વીનો હિસ્સો મળી જાય તો એ એને માન્ય કરી શકે છે. આ વૈજ્ઞાનિક લોકો ઉત્તર દિશાનો અંત લેવાનો પરિશ્રમ કરવો પણ મૂર્ખતા ભર્યો પ્રયાસ માને છે. અર્થાત્ ઉત્તર દિશામાં એમને પહાડ અને બરફથી યુક્ત વિકટ ક્ષેત્ર મળે છે, જેથી તેના યાંત્રિક સાધનોની શક્તિ કુંઠિત થઈ જાય છે અને શેષ ત્રણ દિશાઓમાં સમુદ્ર(જળ વિભાગ જ) આગળ જવા પર હતાશ કે નિરાશાના ભાવો ઉત્પન્ન કરી દે છે. માટે વૈજ્ઞાનિક લોકો પોતાની કલ્પિત ૨૪૦૦૦ માઈલવાળી પૃથ્વીના ઘેરાવામાંજ પરિક્રમા કરે છે. કેમ કે લાખો, કરોડો માઈલનું અંતર પગપાળા યા વાયુયાન, વિમાન, રોકેટ આદિથી કેવી રીતે પાર કરી શકાય ? આ જ કારણે ઉક્ત નિર્દિષ્ટ લાખો કરોડો માઈલ દૂર રહેલા તીર્થ આદિનો પતો લગાવવાનું કે મેળવવાનું અત્યંત કઠિન થઈ ગયું છે.

આ કારણે તે ઉક્ત શા✓ત સ્થાનો દક્ષિણ ભરતખંડમાં હોવા છતાં પણ આપણા માટે એ સ્થાનોનું ગમનાગમન અવરુદ્ધ છે. કેમ કે જેટલી(૫-૧૦ યોજન) જ્ઞાત પૃથ્વી વર્તમાન દુનિયા છે એનાથી સેંકડો ગણા ક્ષેત્ર આગળ જવા પર જ તે ઉક્ત તીર્થ આદિ શા✓ત સ્થાન આવી શકે છે.



**પરિણામ સાર :–** આ પ્રકારે આપણું આ ભરતક્ષેત્ર પણ એટલું વિશાળ છે કે એના એક ખંડમાં કે જેમાં આપણે રહીએ છીએ, તેનો પણ પાર આપણે નથી પામી શકતા, તો એક લાખ યોજનનો જંબૂદ્વીપ અથવા અન્ય દ્વીપ સમુદ્રોનો પાર પામવાની તો વાત જ થઈ શકતી નથી. આ કારણે જ્ઞાત દુનિયાના ક્ષેત્ર અને અજ્ઞાત ભરતક્ષેત્રમાં પણ કેટલાક ગણુ અંતર છે. ત્યારે અન્ય દ્વીપ સમુદ્રોની અપેક્ષામાં તો આ આપણી જ્ઞાત દુનિયા અત્યંત જ નાની લાગશે.

આ પ્રકારે જ્ઞાત દુનિયાની સામે આગમ નિર્દિષ્ટ દુનિયાનું સ્વરુપ રાખીને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**સવાલ :–** 'ચર્મ ચક્ષુનો ભ્રમ' આ કઈ ચીજ છે ?

**જવાબ :–** માનવની આંખોની કીકી(શક્તિ સંપન્ન યંત્ર બિંદુ) ગોળ છે. પ્રત્યેક વ્યક્તિનું પોતાનું સ્વતંત્ર દષ્ટિક્ષેત્ર સીમિત હોય છે. એ પોતાના દષ્ટિ ક્ષેત્રથી પણ મોટી વસ્તુ જો એની સામે આવે છે તો એ તેને પોતાના દષ્ટિ ક્ષેત્ર જેટલા ગોળાકાર રૂપમાં જોઈને અવશેષ એ પદાર્થના વિભાગને જોઈ શકતો નથી. એના સ્થાન પર પછી કેવળ શૂન્ય સ્થળ રૂપ આકાશ જ દેખાશે. જે પ્રકારે આપણે જો એક ઈંચના વ્યાસવાળી અને બે ઈંચ લાંબી એક નાનીસી ગોળ નળી આંખોની પાસે રાખીને જોઈશું તો એ નળીની ગોળાઈથી પ્રાપ્ત હોવા જેટલું જ ક્ષેત્ર અને એટલી જ વસ્તુ દેખાશે એ ક્ષેત્રથી મોટી વસ્તુને એ પોતાની સીમા જેટલી ગોળ જોઈને અવશેષને છોડી દેશે.

**પહાડી પર ઉભેલી વ્યક્તિઓનું દષ્ટાંત :–** એજ રીતે કેટલીક વ્યક્તિ એક પહાડી પર ઉભી છે. એમનું ચક્ષુ દષ્ટિ ક્ષેત્ર અર્થાત્ ચક્ષુજ્ઞાન શક્તિ ક્રમશઃ ૫,૧૦,૧૨,૧૫ માઈલની છે. તો એમાં પહેલી વ્યક્તિ ચારે તરફ પાંચ પાંચ માઈલ ક્ષેત્ર જોઈને આગળ કેવળ આકાશ યા ખાડો ભૂમિ રહિત ક્ષેત્ર હોવાનું જ દેખે છે. એ જ સમયે બીજી વ્યક્તિ ૧૦ માઈલ ચારે તરફ ક્ષેત્ર જોઈ લે છે અને ત્રીજી, ચોથી વ્યક્તિ ૧૨ અને ૧૫ માઈલ ગોળાકાર ચોતરફ ક્ષેત્રને જોઈ શકે છે. ત્યાં જ તે સમયે તેને દૂરદર્શક યંત્ર આપવામાં આવે તો તે ૫ માઈલનો ઘેરાવો દેખવા અને કહેવાવાળો ૫૦ માઈલનો ઘેરાવો પણ દેખવા લાગે છે.

અતઃ વાસ્તવમાં પૃથ્વી ન તો ૫ માઈલના ઘેરાવા જેવડી હતી, ન ૧૦ માઈલના અને ન ૧૨-૧૫ માઈલના ઘેરાવા જેવડી હતી. સાથે જ ૫૦ માઈલના ઘેરાવા જેટલી પણ માની શકાતી નથી કેમ કે ૫ માઈલના દષ્ટિક્ષેત્રવાળાને યંત્રથી ૫૦ માઈલ દેખાઈ શકે છે. તો ૧૫ માઈલના દષ્ટિ ક્ષેત્રવાળાને ૧૫૦ માઈલ ક્ષેત્ર દેખાઈ શકશે અને ત્યાંજ જો એક વૃદ્ધ મંદ દષ્ટિવાળો ઉભો હોય તો તે એક માઈલ પછી જ પૃથ્વીનો અંત જોઈ લેશે.

આ પ્રકારે આ આપણી ચર્મ ચક્ષુઓનો ધ્રુવ સ્વભાવ છે કે તે પોતાની

દૃષ્ટિ સીમાથી મોટી વસ્તુને ચારે તરફ ગોળ જોઈને સમાપ્ત કરી લે છે. આ ભ્રમને વશીભૂત થઈને આજના માનવને પૃથ્વીનો અંત દેખાય છે અને તે દડા(બોલ) જેવી ગોળ પૃથ્વી માનવા પર આવી જાય છે. **એ જ ચર્મ ચક્ષુઓનો ભ્રમ** કહેવાય છે.

માટે વૈજ્ઞાનિકોની શોધનો મૂળ સિદ્ધાંત ભ્રમ પૂર્ણ હોવાથી આગળ અધિક સફળ થઈને ભૂભાગનો પતો લગાવી શકતા નથી. કેમ કે પહેલાં લક્ષ્ય બિન્દુનો સિદ્ધાંત સાચો હોય તોજ એનું આગળ ગમન સાચી ગતિને પ્રાપ્ત કરી શકે છે. લક્ષ્ય બિન્દુનો સાચો સિદ્ધાંત સ્વીકાર કરી લેવા પર પણ જો સામર્થ્યનો અભાવ છે તો પણ સફળ ગમન નથી થઈ શકતું. જેમ કોઈની ચાલવાની શક્તિનું સામર્થ્ય દિવસ ભર જો બે માઈલ ચાલવાનું છે તો તે એક લાખ માઈલ ક્ષેત્ર પગે જવાનો સાચો માર્ગ જાણવા છતાં હિમ્મત કરી શકતો નથી અને કોઈ વ્યક્તિ જ્વર રોગથી વ્યાપ્ત છે અને તે જે જ્વરથી એનું સામર્થ્ય અવઢદ્ધ છે તો તે જાણેલા જોયેલા ક્ષેત્રમાં પણ ૫-૧૫ પગલાની મંજીલ પણ પાર કરી શકતો નથી.

એજ કારણે વૈજ્ઞાનિક લોકો મૂળ માન્યતાના ભ્રમથી અને પૂર્ણ સામર્થ્યના અભાવથી જૈન સિદ્ધાંત કથિત આ ક્ષેત્રો સ્થળોને પ્રાપ્ત કરી શકતા નથી અને જૈન સિદ્ધાંત અનુસાર સાચુ જાણવા માનવાવાળા પણ સામર્થ્યના અભાવમાં જઈ શકતા નથી.

પરંતુ જો કોઈને તપ અથવા સંયમથી જપ, મંત્ર, આદિથી કોઈ અલૌકિક શક્તિ ઉત્પન્ન થઈ હોય તો તે જઈ શકે છે અથવા દેવ સ્મરણ કરીને એને બોલાવીને એના સહયોગથી એ દૂર અતિ દૂર સ્થળો પર પણ માનવ ક્ષણ ભરમાં જઈ શકે છે.

**સવાલ :–** શું વૈજ્ઞાનિક લોકો એટલા મૂર્ખ માનવામાં આવે છે કે એવા ભ્રમને પણ નથી સમજી શકતા ?

**જવાબ :–** મોટા વિદ્વાનોના મંતવ્ય પણ અલગ અલગ અને વિપરીત હોય છે. એનાથી એ વિદ્વાનો બધા મૂર્ખ નથી કહેવાતા. એ પોતપોતાની ચિંતન દૃષ્ટિ હોય છે. આજે અનેક ધર્મ, શાસ્ત્ર, પૃથ્વીને પ્લેટ સમાન ગોળ અને અતિ વિસ્તારવાળી માને છે અને વૈજ્ઞાનિક પૃથ્વીને સીમિત અને દડા જેવી ગોળ બતાવે છે તો શું એ બધા ધર્મશાસ્ત્ર પ્રણેતાઓને મૂર્ખ કહેવાય? નહીં. એવું કથન કરવું વિવેકપૂર્ણ નથી. માટે આ દૃષ્ટિ ભ્રમ, ચિંતન ભ્રમને, ભ્રમ શબ્દથી જ જાણવું યોગ્ય છે.

**સાર :–** આ આપણી પૃથ્વી અત્યંત વિશાળ અરબો-ખરબો માઈલની અર્થાત્ અસંખ્ય માઈલની લાંબી પહોળી ગોળ પ્લેટ(રકાબી)ના આકાર જેવી છે. માનવ અને વૈજ્ઞાનિકોની પાસે સાધન શક્તિ અત્યલ્પ છે. અતઃ એમને પ્રાપ્ત અને



જ્ઞાત ક્ષેત્ર જે છે તે પૃથ્વીનું અતિ અલ્પતમ ક્ષેત્ર છે અને ચક્ષુ સીમા ભ્રમથી આ પૃથ્વીનો આકાર દડા જેવો ગોળ દેખાઈ અને મનાઈ રહ્યો છે. પહાડોથી અને સમુદ્રી જળોથી બાધિત અને દૂરસ્થ હોવાથી તે જૈનાગમોક્ત સ્થળોને જોઈ શકવામાં અને ત્યાં પહોંચવામાં અસમર્થ છે.

**ભ ભ ભ ભ ભ**

**પરિશિષ્ટ–૨ :**

## સિદ્ધાયતનોની પ્રક્ષેપ પ્રવૃત્તિનું જ્વલંત પ્રમાણ

કોઈપણ શા✓ત સ્થાનોના માલિક દેવનો એ ક્ષેત્રના યોગ્ય સ્થાનમાં નિવાસ હોય છે. બધા દ્રહોના અધિપતિ દેવ દેવીના એના મધ્યસ્થાનીય પદ્મ પર ભવન હોય છે. ત્યાં તેમના મુખ્ય નિવાસ સ્થાન હોય છે. કૂટોના અને ગોળ પર્વતોના માલિક દેવ એના શિખરસ્થ સ્થાન પર રહે છે. ત્યાં જ એમના ભવન હોય છે. દ્રહોના અનુસાર શા✓ત વૃક્ષોના માલિક દેવના ભવન એના મધ્ય સ્થાનમાં અર્થાત્ ચાર શાખાઓની વચમાં હોવા જોઈએ અર્થાત્ જમ્બૂ સુદર્શન અને પૂરા જંબૂદ્વીપના માલિક દેવનો નિવાસ પણ જમ્બૂ સુદર્શન વૃક્ષની ચાર શાખાઓના મધ્ય સ્થાનમાં હોવો જોઈએ. એજ પ્રકારે કૂટ શાલ્મલી વૃક્ષના માલિક દેવનું નિવાસ સ્થાન ચાર શાખાઓના મધ્યસ્થાનમાં હોવું જોઈએ. ગોળ પર્વતોના અનુસાર મેઢ પર્વતના અધિપતિ દેવનું સ્થાન મેઢની ચૂલિકા પર શીર્ષસ્થ સ્થાન પર હોવું જોઈએ. પરંતુ સિદ્ધાયતનના પાઠ પ્રક્ષેપની ધૂનવાળાએ પોતાના પ્રક્ષેપ પરિવર્તનની સર્વ સત્તાના નશામાં મંદર મેઢ પર્વતના માલિક દેવનું સ્થાન-નિવાસસ્થાન જ ગાયબ કરી દીધું છે. ઉપલબ્ધ મેઢ પર્વતના વિસ્તૃત વર્ણનમાં કયાંય પણ મેઢ પર્વતના સ્વામી અધિપતિ દેવનું ભવન અવશેષ નથી રહ્યું. કોઈ પણ વિદ્વાન શોધીને ગોતવા માગે તો જોઈ શકે છે.

મેઢના ચારેવનોની પૂર્વ આદિ ચારે દિશાઓમાં ૧૬ સિદ્ધાયતન કહેવાયા છે. વિદિશાઓમાં ઈન્દ્રોના પ્રાસાદાવતંસક કહ્યા છે. ભદ્રશાલ વનના આઠ દિશા હસ્તિ કૂટો પર આઠ અન્ય દેવ કહ્યા છે. નંદનવનના આઠ કૂટો પર દેવીઓ છે. બલકૂટ પર બલ દેવ છે. મેઢ ચૂલિકા પર સિદ્ધાયતન કહેવાયા છે. હવે આપ જોશો કે મંદર મેઢના સ્વામી દેવ મંદર માટે એક પણ સ્થાન નથી બચાવ્યું.

વાસ્તવમાં મેઢની ચૂલિકા જ એના માલિક દેવનું નિવાસ સ્થાન આગમમાં હતું. ત્યાં આપણાં પ્રક્ષેપના નશામાં મહારથીઓએ સિદ્ધાયતન લાવીને ગોઠવી દીધું છે. આ રીતે પ્રક્ષેપકારોનો ભાંડો સ્પષ્ટપણે ફૂટી જાય છે.

આ રીતે મહારથીઓએ જંબૂદ્વીપના માલિક દેવ અને જંબૂવૃક્ષના અધિપતિ દેવને માટે પણ વૃક્ષના મધ્ય કેન્દ્ર સ્થાન પર સિદ્ધાયતન લાવીને પટક્યું છે. અને સમૂચે જંબૂદ્વીપના માલિક દેવનું પણ નિવાસ સ્થાન કેન્દ્ર સ્થલ છોડાવી દીધું છે.

જૈન સિધ્ધાંતમાં આ પ્રકારના પ્રક્ષેપ કરનારા લોકો પણ મધ્યકાલમાં થયા છે. જેઓએ સત્ય આગમોને પણ વિકૃતિઓથી ભરવાનો પ્રયત્ન કર્યો છે. તે સમયે જૈન ધર્મમાં મૂર્તિપૂજા માનવા અને મનાવવાનો પ્રયત્ન જોર-શોરથી ચાલ્યું હતું. તે જ આ પ્રક્ષેપોનું મુખ્ય કારણ બન્યુ હોય તેમ શક્ય છે. તો પણ ધર્મી થઈને આવું કૃત્ય કરનારા જે કોઈ થયા હોય તે ખરેખર લાખ-લાખ ધિક્કારને પાત્ર છે અને તેઓ સ્વયં ડૂબનારા અને બીજાને ડુબાવનારા જૈન શાસન પામીને પણ દુર્ગતિના ભાગી બનેલા હોય તો એમાં કોઈ સંદેહ નથી.

**સાર :–** શા√ત સ્થાનોમાં વર્ણિત સિદ્ધાયતન અનાવશ્યક છે અને કલ્પિત જ ફલિત થાય છે. માટે સિદ્ધાયતન વર્ણિતએ કેટલાક સ્થાન તો રિક્ત છે અને કેટલાક સ્થાન માલિક દેવના ભવનથી યુક્ત છે. યથા– દીર્ઘ વૈતાઢય, વર્ષધર, વક્ષસ્કાર આદિ પર્વતના તે સિદ્ધાયતનના સ્થાન રિક્તતાને પ્રાપ્ત થાય છે. સ્વતંત્ર કૂટ, વૃત(ગોલ) પર્વતોના શિખર, પુષ્કરણિઓના મધ્ય સ્થાન, વૃક્ષોના મધ્યસ્થાન, મેઢ ચૂલિકા આદિના સ્થાન, માલિક દેવના નિવાસ, ભવનને પ્રાપ્ત થાય છે.

શા√ત સ્થાનોમાં કોઈ વ્યક્તિ યા સિદ્ધનો સંબંધ સ્થાપિત થઈ જ નથી શકતો. માટે શા√ત સ્થાનોના સિદ્ધાયતન જિનાલય યા મૂર્તિ-પ્રતિમાથી સંબંધ જોડવો વ્યર્થ પ્રયત્ન અને અરણ્ય પ્રલાપ સમાન નિરર્થક હોય છે.

જીવાભિગમ સૂત્રના નંદી√ર દ્વીપમાં સિદ્ધાયતનના વર્ણનમાં ભદ્રાસન આદિ વર્ણન પણ ભવનના સ્થાન પર સિદ્ધાયતનની પ્રક્ષેપતા સિદ્ધ કરે છે.

**પરિશિષ્ટ યુક્ત જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર સંપૂર્ણ**

મુક્તિ માર્ગ
જ્ઞાન દર્શન
સારાંશ પુસ્તકોના વિષયમાં
શંકા-કુશંકા કરી કર્મબંધ ન કરતાં જિજ્ઞાસાથી
આગમ મનીષી મુનિરાજશ્રીથી પત્ર સંપર્ક કરી
જ્ઞાન-વૃદ્ધિ કરવી જોઈએ.
નિવેદક – જીજ્ઞેશ બી. જોષી
ચારિત્ર તપ



# જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર

## [સૂર્ય–ચન્દ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર]

**પ્રસ્તાવના :–**

પ્રત્યેક પ્રાણી આ સંસારચક્રથી મુક્ત થવા ઈચ્છે છે. તો પણ ભાગ્યથી જ કોઈ કોઈ જીવોને સાચા મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે.

જૈન શાસ્ત્રોમાં નિર્વાણ સાધનાના સાધકો માટે વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. જેનાથી એમને આત્મ સ્વરૂપનું અને આજુબાજુ રહેલ પુદ્‌ગલ–અજીવ સ્વરૂપનું તથા સાથે જ જે ક્ષેત્રમાં, લોકમાં તે સુસ્થિત છે ત્યાંની લોક સંસ્થિતિનું, કાલચક્રનું પણ એને પરિજ્ઞાન થાય અને એનાથી તે પોતાના આત્માની લોકગત વિવિધ અવસ્થાઓનું જ્ઞાન કરી શકે અને અધ્યાત્મ ચિંતન પ્રાપ્ત કરી શકે.

આ જ ક્રમમાં કાલમાન પરિજ્ઞાનના હેતુભૂત જયોતિષીમંડલ સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર અને ગ્રહ તારાઓ સંબંધી પરિજ્ઞાનની સંકલના પણ જૈન આગમોમાં કરાઈ છે. પ્રાચીનકાલમાં ગણધર કૃત અંગ શાસ્ત્રોમાં પ્રમુખ રૂપમાં દષ્ટિવાદમાં આ વિષયની વ્યવસ્થા ઉપલબ્ધ રહી છે અને સામાન્ય રૂપમાં ભગવતી આદિ સૂત્રોમાં પણ જયોતિષી મંડલનો વિષયાવબોધ રહ્યો છે.

**સૂત્ર નામ :–** કાલાંતરથી અંગબાહ્ય સૂત્રોની રચના ક્રમમાં પૂર્વ શાસ્ત્રોના આધારથી આ **"જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ"** સૂત્રની સંકલના બહુશ્રુત આચાર્યો દ્વારા કરાઈ છે. આ સૂત્રની પ્રારંભિક ગાથાઓમાં નામ નિર્દેશપૂર્વક કથન પૃચ્છા કહેવાઈ છે એનાથીએ સ્પષ્ટ છે કે આ આગમ જ્યોતિષગણ રાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર અથવા જ્યોતિષ રાજ પ્રજ્ઞપ્તિના નામથી જ બનાવવામાં આવ્યું છે.

જ્યોતિષીમંડલ ના રાજા અર્થાત્ ઈન્દ્ર રૂપમાં ચન્દ્ર અને સૂર્ય બન્નેનો સ્વીકાર આ સૂત્રમાં કરાયો છે. માટે જ વ્યવહાર અને પરિચયમાં કયારેક એના માટે સૂર્ય પ્રજ્ઞપ્તિ યા ચન્દ્ર પ્રજ્ઞપ્તિ સંજ્ઞારૂપ નામ પણ પ્રયુક્ત થવા લાગ્યા છે. કારણ કે આ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિમાં ચંદ્ર અને સૂર્ય બન્ને સંબંધી પ્રાયઃ બધા વિષયોનું સંકલન છે.

કોઈ વ્યક્તિનું એક અથવા અનેક નામ હોય છે. એ જ કાલાંતરથી ભ્રમના કારણે બે ભિન્ન વ્યક્તિ માની લેવાય છે અને કયારેક કોઈ બે સમાન નામવાળા જુદા જુદા વ્યક્તિઓને પણ કાલાંતરે ભ્રમથી એક માની લેવાય છે, એવો ભ્રમ થવો સ્વાભાવિક છે અને કેટલાય ઐતિહાસિક તત્ત્વોમાં પણ એવું થયું છે.

આ જ પ્રકારે આ આગમ સમ્મત સુસ્પષ્ટ નામવાળા જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્રના પણ સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચન્દ્ર પ્રજ્ઞપ્તિ એમ નામ પ્રચલિત થયા છે અને આ

પ્રચલનના પ્રવાહમાં આ સૂત્રમાં સ્પષ્ટ ઉપલબ્ધ નામ ભુલાઈ ગયું છે અને પર્યાય રૂપથી પ્રચલિત નામે જ પૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. કાલાંતરથી સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચન્દ્ર પ્રજ્ઞપ્તિ બે જુદા સૂત્ર પણ માનવામાં આવે છે. આ બધી પરંપરા, પ્રવાહ, લિપિ કાલના દોષોનો પ્રભાવ છે. વાસ્તવમાં આ સૂત્ર પોતાની પ્રારંભિક ગાથાઓમાં પોતેજ બતાવે છે કે માઢ નામ જ્યોતિષ ગણ રાજ પ્રજ્ઞપ્તિ છે. ન તો આમાં સૂર્ય પ્રજ્ઞપ્તિ લખેલ છે અને ન ચન્દ્ર પ્રજ્ઞપ્તિ.

જ્યારે એક જ આ આગમમાં પૂર્ણ સમન્વયની સાથે સૂર્ય ચન્દ્ર સંબંધી બંને પ્રકારના વિષયોનું સાંગોપાંગ પ્રસ્તુતીકરણ કરવામાં આવ્યું છે તો પછી એને કેવળ સૂર્ય પ્રજ્ઞપ્તિ માનીને, ચન્દ્ર પ્રજ્ઞપ્તિનું અલગ અસ્તિત્વ કરવું પણ ભ્રમ મૂલક છે. જે પણ આજે અલગ અસ્તિત્વ ૧-૨ પાનામાં ઉપલબ્ધ છે એમાં કેવળ વિષય પરિચાયક ગાથાઓ અને એવો જ પાઠ માત્ર છે અને લગભગ બધો એ સૂચિત વિષય આ સૂત્રમાં વર્ણિત જ છે. માટે બે સૂત્રોની કલ્પના અને અસ્તિત્વ, પર્યાય નામ અને એના પ્રચલનની પરંપરાથી તથા કાલ વ્યવધાનથી ઉત્પન્ન ભ્રમ માત્ર છે. માટે આ જ્યોતિષ ગણ રાજ પ્રજ્ઞપ્તિ એક જ સૂત્ર પૂર્વાચાર્ય રચિત છે. એને જ ચાહે સૂર્ય પ્રજ્ઞપ્તિ કહેવું અથવા ચન્દ્ર પ્રજ્ઞપ્તિ. આ પ્રકારે આ ત્રણે ય નામો એક જ સૂત્રના પરિચાયક છે.

**રચનાકાલ અને રચનાકાર :–** ગણધર પ્રભુ દ્વારા રચિત બારમા દષ્ટિવાદ અંગમાં વર્ણિત(આવેલ) જ્યોતિષ સંબંધી જ્ઞાનના આધારથી પૂર્વજ્ઞાનધારી કોઈ બહુશ્રુત આચાર્ય દ્વારા આ સૂત્રની રચના કરાઈ છે. ઈતિહાસમાં એ મહાન સૂત્રકારનું નામ પ્રાપ્ત થતું નથી. સાથે જ આની રચના વીર નિર્વાણ પછી કયારે થઈ એ પણ અજ્ઞાત છે.

સંભવતઃ પૂર્વોનું જ્ઞાન જ્યાં સુધી નિરાબાધ ચાલે છે ત્યાં સુધી અંગ બાહ્ય તત્ત્વજ્ઞાન વિષયક શાસ્ત્રોની રચનાની આવશ્યકતા ઉત્પન્ન થતી નથી, એ જ્ઞાનની પૂર્તિ ત્યાંથી જ થઈ જાય છે. અતઃ સંપૂર્ણ પૂર્વ વિચ્છેદ જવાની આસપાસના કે નજીકના પૂર્વના કાલમાં આવા તત્ત્વજ્ઞાનવાળા ઉપાંગ શાસ્ત્રોની પૃથક રૂપમાં સંકલના-રચના કરાય છે. તદ્નુસાર દેવર્દ્ધિગણી(દેવવાચક) કૃત નંદીસૂત્રની પૂર્વે કે સમકાલમાં આવા આગમોની રચના થઈ ગઈ હતી અને એને દેવર્દ્ધિગણિ દ્વારા શ્રુતજ્ઞાનની સૂચિમાં સ્વીકાર કરવામાં આવેલ છે. માટે આ જૈનશાસનની શ્રુત નિધિનું એક પ્રામાણિક શાસ્ત્ર છે. કાલાંતરમાં આનું મુખ્ય સૂત્રોક્ત નામ જ્યોતિષ- ગણરાજ પ્રજ્ઞપ્તિ ગૌણ થઈને સૂર્ય પ્રજ્ઞપ્તિ અને ચન્દ્ર પ્રજ્ઞપ્તિ એ નામ પ્રમુખ બની ગયા છે અને ભ્રમવશ બે સૂત્ર માનવાને કારણે નંદીમાં પણ બે નામ લિપિ- કાલથી સંપાદિત કરવામાં આવે છે. આ પ્રકારે આ શાસ્ત્ર અજ્ઞાત આચાર્યના દ્વારા અજ્ઞાતકાલમાં રચવામાં આવ્યું છે અને જૈનાગમમાં પ્રામાણિક રૂપથી સ્વીકાર કરવામાં આવ્યો છે. જે આજે પરિવર્તિત નામથી પ્રચલિત છે.

**આકાર સ્વરૂપ :–** આ સૂત્ર એક શ્રુત સ્કંધ રૂપ છે. આના અધ્યયન વિભાગોને ''પાહડ-પ્રાભૃત'' સંજ્ઞાથી કહેવાયા છે. આના અધ્યયનોના અવાંતર વિભાગ પણ છે



એને પ્રાભૃત-પ્રાભૃત અર્થાત્ પ્રતિપ્રાભૃત કહેવાયું છે. આ શાસ્ત્ર પૂર્ણરૂપથી પ્રશ્નોત્તર શૈલીમાં છે. પ્રશ્નની અને ઉત્તરની ભાષા શૈલી પણ એક વિલક્ષણ પ્રકારની ''તકાર'' પ્રયોગપૂર્વક છે. ભાષા અને શૈલી સદા રચનાકારના એ સમયના માનસ પર નિર્ભર રહે છે. અનેક પ્રકારની ભાષા શૈલી અને પદ્ધતિઓના જ્ઞાતા વિદ્વાન પણ પોતાના તાત્કાલિક માનસના અનુસાર જ રચના તૈયાર કરે છે. માટે આગમ ભાષા શૈલીથી કોઈ પ્રકારની એકાંતિક કલ્પના ન કરવી જોઈએ.

આ સૂત્રમાં ૨૦ પ્રાભૃત છે. કોઈક પ્રાભૃતમાં પ્રતિપ્રાભૃત પણ છે. દસમા પ્રાભૃતમાં ૨૨ પ્રતિપ્રાભૃત છે. એના પછી ૧૧ થી ૨૦ સુધીમાં પ્રતિપ્રાભૃત નથી.

ગણિત વિષયમાં સ્વાભાવિક જ થોડી વ્યક્તિઓને રસ પડે છે. માટે આ આગમનું અધ્યયન પ્રચલન ઓછું જ રહ્યું છે. જેનાથી આ સૂત્રના અર્થ પરમાર્થના જ્ઞાનમાં વધારે કઠિનતાનો અનુભવ થાય છે. સાથે જ આ વિષયનો પરિચય અલ્પ હોવાને કારણે તથા ભાષા પણ વિચિત્ર હોવાને કારણે લિપિકાલમાં પણ થોડી સ્ખલનાઓ થવી સ્વાભાવિક છે. આ કારણે વર્તમાન યુગના વિદ્વાન સંપાદક આને વ્યવસ્થિત પ્રકાશિત કરવાનાં પ્રયત્ન કરવા છતાં આના પાઠોના સંબંધમાં પણ અનેક શંકાઓ ઉપસ્થિત કરવાની પ્રવૃત્તિ કરે છે. આટલું થવા છતાં પણ એ સમસ્ત સ્ખલનાઓ સુસાધ્ય છે અને એ સંદેહ પણ સમાધાન સંભાવિત છે. જેનો અનુભવ આ સારાંશ પુસ્તિકાથી પણ ઘણું બધું પ્રાપ્ત કરી શકાય છે. વર્તમાને જે રૂપમાં આ જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર ઉપલબ્ધ છે એનું પરિમાણ ૨૨૦૦ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

**સૂત્રવિષય :–** આ સૂત્રનો વિષય સીમિત છે, તે છે જ્યોતિષ મંડલનો ગણિત વિષય અને એનો પરિચય. આચાર અને ધર્મકથા આમાં નથી. આ પ્રસંગથી આ સૂત્રમાં સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા આ પાંચ પ્રકારના જ્યોતિષ ગણનું વર્ણન છે. સૂર્યચન્દ્રની ગતિ, ભ્રમણ મંડલ, દિવસ રાત્રિ માન તથા એની વૃદ્ધિ, હાનિ, પ્રકાશક્ષેત્ર, નક્ષત્રોના યોગ, યોગકાલ, પાંચ પ્રકારના સંવત્સર સંબંધી વિચારણાઓ, ચન્દ્રની કલાવૃદ્ધિ હાનિ, રાહુવિમાન, એ પાંચે ય જ્યોતિષ ગણની સંખ્યા અને સમભૂમિથી અંતર વગેરે વિષયોનું સાંગોપાંગ વર્ણન કરાયું છે. વધારે જાણકારી પ્રારંભિક વિષય સૂચિ અને સૂત્ર સારાંશના અધ્યયનથી જ થઈ શકશે.

આ સૂત્રમાં દસમા પ્રાભૃતનો સત્તરમો પ્રતિપ્રાભૃત જૈન સમાજમાં ચર્ચાનો અને સંદિગ્ધતાનો વિષય બનેલ છે. જે આજથી નહીં સેંકડો વર્ષોથી એક પ્રશ્ન ચિહ્ન બનેલ છે. જ્યાં આવીને પ્રત્યેક સંપાદક વિવેચક કાંતો થોભી જાય છે, અથવા તો કલ્પનાઓમાં ઉતરી જાય છે. આ બાબતમાં પ્રસ્તુત સંસ્કરણમાં પણ નવો ચિંતન અનુભવ પ્રસ્તુત કરેલ છે જેને પાઠક સ્વયં સત્તરમાં પ્રતિ પ્રાભૃતમાં જોઈ શકે છે. એનું તાત્પર્ય એ છે કે માંસ વગેરે અખાદ્ય પદાર્થોના પ્રેરક વાકયવાળા પાઠોને સૂત્રકાર યા ગણધર કે બહુશ્રુત રચનાકાર રચે નહીં પરંતુ એ લિપિકાલમાં દૂષિતમતિ લોકોના દ્વારા પ્રક્ષિપ્ત અને વિકૃત

તત્ત્વ છે. બીજા સૂત્રોમાં પણ એવા તત્ત્વો કોઈક અંશે જોઈ શકાય છે. જૈનશાસ્ત્રોના નિર્માણ કર્તા એવા ભ્રમકારક શબ્દોનો પ્રયોગ, પ્રેરણાત્મક વાક્યોના રૂપમાં, કોઈપણ અન્ય અર્થના લક્ષ્યથી પણ કરી શકતા નથી. કેમ કે એવું કરવું તેઓને માટે યોગ્ય પણ નથી અને સંયમોચિત પણ નથી.

**સૂત્ર સંસ્કરણ :–** આ સૂત્ર પર આચાર્ય મલયગિરિની ટીકા ઉપલબ્ધ છે, જે મુદ્રિત છે. નિર્યુક્તિકાર શ્રી દ્વિતીય ભદ્રબાહુ સ્વામીએ પણ આ સૂત્ર પર નિર્યુક્તિ વ્યાખ્યા કરેલ હતી, એવો સંકેત પ્રાપ્ત થાય છે. આચાર્ય ઘાસીલાલજી મ.સા. એ પોતાની સમસ્ત આગમોની ટીકા કરવાની પ્રતિજ્ઞા અનુસાર આ સૂત્રની પણ ટીકા લખી છે. જે મુદ્રિત હિન્દી, સંસ્કૃત, ગુજરાતી ત્રણેય ભાષાઓમાં ઉપલબ્ધ છે. આના પૂર્વે આચાર્યશ્રી અમોલક ઋષિજી મ.સાહેબે ૩ર આગમોનું હિન્દી અનુવાદ સાથે મુદ્રણ કરાવ્યું હતું. એમાં પણ અનુવાદ સહિત અને આવશ્યક ગણિત વિસ્તાર સાથે આ સૂત્ર મુદ્રિત છે.

વર્તમાન યુગની આધુનિક આકર્ષક પદ્ધતિના સંસ્કરણ આગમ પ્રકાશન સમિતિ બ્યાવરથી મુદ્રિત થયા છે. જે સૂત્રોના અર્થ, વિવેચન, ટિપ્પણો વગેરેથી સુસજ્જીત છે. ૩ર સૂત્રોનું એવું સર્વાંગીણ મુદ્રણ પૂર્ણ થઈ ગયું છે. જે જૈન સમાજ માટે સંપ્રદાયનિરપેક્ષ રૂપની અનુપમ ઉપલબ્ધિ છે. એ શ્રૃંખલામાં આ સૂત્રનું સંપાદન પૂજ્ય પં. રત્ન શ્રી કન્હૈયાલાલજી મ.સા. 'કમલ' એ અર્થ પરમાર્થ ટિપ્પણોની સાથે અનેક પ્રયત્નથી કર્યો, પરંતુ પોતાના કારણોસર બ્યાવરની તે પ્રકાશન સમિતિએ આ સૂત્રને કેવળ મૂળ પાઠ રૂપમાંજ મુદ્રિત કરાવ્યું છે. તો પણ એમાં ટિપ્પણ અને પરિશિષ્ટો દ્વારા સૂત્રનો અલ્પાંશ સ્પષ્ટ કરેલ છે. ત્યાર પછી પૂજ્ય શ્રી કન્હૈયાલાલજી મ.સા.'કમલ' દ્વારા સ્વતંત્રરૂપે આ સૂત્રના અનુવાદનું પ્રકાશન અનુયોગ ટ્રસ્ટ અમદાવાદથી કરવામાં આવ્યું છે. તે સંસ્કરણની ખાસ વિશેષતા એ છે કે તેમાં પ્રક્ષિપ્તતાના સંદેહવાળા અને જૈન સિદ્ધાંતના બાધક, સત્તરમાં પ્રતિપાહુડને યોગ્ય સૂચન સાથે રિક્ત કરી દીધેલ છે. તે તેઓના શાસન પ્રત્યેના પ્રેમ યુક્ત નિડર વ્યક્તિત્વને પ્રગટ કરે છે.

**પ્રસ્તુત સંસ્કરણ :–** આ બધા સંસ્કરણો, વિચારો અને કલ્પનાઓને સમક્ષ રાખતા યથા પ્રસંગ આવશ્યક સમાધાનોથી સંયુક્ત કરીને આ પ્રસ્તુત સારાંશ તૈયાર કરવામાં આવ્યો છે. જે વાચકોની સેવામાં સરળ ભાષામાં જૈનાગમ નવનીતના રૂપમાં અને મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશનાના નામે પ્રસ્તુત છે. જેનું મૂલ્યાંકન વાચક ગણ, સામાન્ય સ્વાધ્યાયી અને વિદ્વાન મનીષી સ્વયં જ કરી શકશે.

**આગમ મનીષી**
**ત્રિલોકમુનિ**



## વિષય સૂચિ

| પ્રાભૃત | પ્રતિપ્રાભૃત | વિષય |
|---|---|---|
| ૧ | ૧ | નક્ષત્રમાસના દિવસ, મુહૂર્ત; |
| – | – | પરિક્રમા અને મંડલ પરિમાણ, નાના મોટા દિવસનું પરિમાણ, દિવસની ઘટ-વધ (હાનિ -વદ્ધિ), હાનિ-વૃદ્ધિનાં કારણ. |
| – | – | વર્ષ પ્રારંભ. |
| – | – | નાના મોટા દિવસ રાત્રિ કયારે અને કેટલીવાર ? |
| – | ૨ | અર્ધ મંડલ ગમન અને મંડલાંતર પ્રવેશ, |
| – | – | કયા દિવસે, કયો સૂર્ય, કયુ અર્ધમંડલ ચાલે? |
| – | ૩ | બે સૂર્યોના નામ, ચલિત અચલિત માર્ગ ગમન, |
| – | – | પુનઃચલિતમાં સ્વ-પર ચલિતનો અને અચલિતનો હિસાબ. |
| – | ૪ | બંને સૂર્યોનું અંતર અને એની હાનિ વૃદ્ધિ હિસાબ, મતાંતર પાંચ. |
| – | ૫ | સૂર્ય ભ્રમણના કુલ ક્ષેત્રનું પરિમાણ અને પાંચ માન્યતાઓ. |
| – | ૬ | વિકમ્પન પરિમાણ અને સાત માન્યતાઓ. |
| – | ૭ | સૂર્ય ચન્દ્ર વિમાનનું સંસ્થાન અને સાત મિથ્યા માન્યતાઓ. |
| – | ૮ | મંડલોનો વિષ્કંભ અને પરિધિ, હાનિ વૃદ્ધિનો હિસાબ, ત્રણ માન્યતાઓ. |
| ૨ | ૧ | બંને સૂર્યોનું ભ્રમણ સ્વરૂપ અને સૂર્યોદય. આઠ માન્યતાઓ. |
| – | ૨ | કર્ણ કલા અને ભેદઘાત ગતિથી સંક્રમણ. |
| – | ૩ | સૂર્યની મંડલોમાં મુહૂર્ત ગતિ અને ચક્ષુ સ્પર્શ, |
| – | – | ચક્ષુ સ્પર્શના ઘટ-વધનું ગણિત, ચાર માન્યતાઓ. |
| ૩ | – | પ્રકાશ ક્ષેત્રાંશ અને અંધકાર ક્ષેત્રાંશ, ૧૨ માન્યતાઓ. |
| ૪ | – | બે સૂર્ય, બે ચન્દ્રની અવસ્થિતિના સંસ્થાન, ૧૬ માન્યતાઓ. |
| – | – | તાપ ક્ષેત્ર અને અંધકાર ક્ષેત્રના સંસ્થાન અને |

| પ્રાભૃત | પ્રતિપ્રાભૃત | વિષય |
|---|---|---|
| | | બાહા વગેરેનું માપ. |
| ૫ | – | તાપક્ષેત્રની ઢકાવટ શેનાથી ? ૨૦ માન્યતાઓ. |
| ૬ | – | પ્રકાશ સંસ્થિતિમાં ઘટ-વધ, ૨૫ માન્યતાઓ. |
| ૭ | – | પુદ્ગલો દ્વારા લેશ્યા વરણ, પ્રકાશ ગ્રહણ ૨૦ માન્યતાઓ. |
| ૮ | – | ચાર વિભાગોમાં સૂર્યોદય, સૂર્યાસ્ત અને ઋતુ પ્રારંભ, ત્રણ માન્યતાઓ. |
| ૯ | – | છાયા પ્રમાણ અને એનાથી દિવસનો ભાગ વીતવાનું જ્ઞાન, |
| – | – | તાપ લેશ્યા દ્વારા અનંતર પરંપર પુદ્ગલોને આતાપિત કરવા, છાયાના પચીસ અને આઠ આકાર, |
| – | – | છાયા પ્રમાણમાં સંપાદન કર્તાનો ભ્રમ. |
| ૧૦ | ૧ | નક્ષત્રોનો ક્રમ, પાંચ માન્યતાઓ. |
| – | ૨ | નક્ષત્રોનો ચન્દ્ર સૂર્યથી સંયોગ કાલ. |
| – | ૩ | નક્ષત્ર ચન્દ્ર સંયોગનો પ્રારંભકાલ, સમાપ્તિ કાલ. |
| – | ૪ | પ્રત્યેક નક્ષત્રનો ક્રમ યુક્ત યોગ અને પછી બીજાને સમર્પણ. |
| – | ૫ | ૨૮ નક્ષત્રોના કુલ, ઉપકુલનો બોધ. |
| – | ૬ | પૂનમ અને અમાસના દિવસે નક્ષત્ર યોગ. |
| – | ૭ | મહિના અને અમાસ પૂનમના નક્ષત્ર યોગ સંબંધ. |
| – | ૮ | નક્ષત્રોના આકાર. |
| – | ૯ | નક્ષત્રોના તારાની(વિમાનોની) સંખ્યા. |
| – | ૧૦ | રાત્રિ વાહક નક્ષત્ર અને એની રાત્રિ વહન સંખ્યા. |
| – | ૧૧ | પ્રમર્દ યોગ પર્યન્ત પાંચ પ્રકારના ચન્દ્ર નક્ષત્ર યોગ, |
| – | – | ચન્દ્ર નક્ષત્રની મંડલ સંખ્યા અને પારસ્પરિક સીધ. |
| – | – | સૂર્ય, ચન્દ્ર, નક્ષત્ર મંડલોનું સીધ સમવતાર. |
| – | – | સૂર્ય, ચન્દ્ર અને નક્ષત્રના મંડલોનું પોતાનું અંતર. |
| – | ૧૨–૧૪ | નક્ષત્ર સ્વામી દેવતાના ૩૦ મુહૂર્તોના અને રાત્રિ-દિવસોના નામ. |
| – | ૧૫ | પંદર તિથિઓના ૫-૫ નામ. |
| – | ૧૬ | નક્ષત્રોના ગોત્ર અને સ્વામી દેવના નામનો ચાર્ટ. |



| પ્રાભૃત | પ્રતિપ્રાભૃત | વિષય |
|---|---|---|
| – | ૧૭ | **× અહીં પરિશિષ્ટ છે.** |
| – | ૧૮ | એક યુગમાં ચન્દ્ર સૂર્યની સાથે નક્ષત્ર યોગ. |
| – | ૧૯ | મહિનાના લૌકિક લોકોત્તરિક નામ. |
| – | ૨૦ | પાંચ પ્રકારના સંવત્સર-પ્રમાણ, શનિશ્ચર સંવત્સર વગેરે. |
| – | ૨૧ | નક્ષત્રોમાં યાત્રા નિર્દેશ, પાંચ મતાંતર. |
| – | ૨૨ | નક્ષત્રોના સીમા વિષ્કંભ હિસાબ; |
| – | – | નક્ષત્ર, ચન્દ્ર, સૂર્યના પૂર્ણિમા અમાસમાં અલગ અને સમ્મિલિત યોગ અને મુહૂર્ત વિશેષ. |
| – | – | એક નામવાળા બે નક્ષત્રોની સાથે ચન્દ્ર સૂર્યથી યોગ કાલનું અંતર. |
| ૧૧ | – | ચન્દ્ર અને અભિવર્દ્ધિત સંવત્સરના તથા યુગના પ્રારંભ અને સમાપ્તિમાં નક્ષત્ર યોગ. |
| ૧૨ | – | પાંચ સંવત્સરોના દિવસ અને મુહૂર્તનું પરિમાણ. |
| – | – | યુગ અને નો-યુગના દિવસ તથા મુહૂર્તનું પરિમાણ પાંચ સંવત્સરોના આદિ અને અંતનું મિલાન (મેળ) વર્ષોમાં |
| – | – | સૂર્ય સંવત્સરના અને અયન પ્રારંભના યોગ, સૂર્ય ચન્દ્રની આવૃત્તિઓ (અયન) |
| – | – | સૂર્ય આવૃત્તિના પ્રથમ દિવસની તિથિ. |
| – | – | છત્રાતિછત્ર યોગ અને ૧૨ યોગ સંસ્થાન પ્રકાર. |
| ૧૩ | – | ચન્દ્રની હાનિવૃદ્ધિ, ચન્દ્રના અયન. |
| – | – | દક્ષિણ ઉત્તરના અર્ધ મંડલ, યુગની સમાપ્તિ મંડલ |
| – | – | ચન્દ્રના ચલિત અચલિત માર્ગ ; સ્વ પર, ઉભય ચલિત માર્ગ. |
| ૧૪ | – | ચન્દ્રનો પ્રકાશ અંધકાર, હાનિ વૃદ્ધિ. |
| ૧૫ | – | ચન્દ્ર સૂર્ય નક્ષત્રની મંડલ વિભાગરૂપ મુહૂર્ત ગતિ. ગતિના કારણે યોગ સંબંધ. |
| – | – | પાંચ પ્રકારના મહિનામાં ચન્દ્ર સૂર્ય નક્ષત્રના મંડલ પાર કરવાના માપ. |
| ૧૬ | – | ચન્દ્ર સૂર્ય લક્ષણ. |
| ૧૭ | – | ચયોપચય. |

| પ્રાભૃત | પ્રતિપ્રાભૃત | વિષય |
|---|---|---|
| ૧૮ | – | સમભૂમિથી ઊંચાઈ, ૨૫ માન્યતાઓ. |
| – | – | ચન્દ્ર સૂર્ય અને તારાની તુલ્ય અને અલ્પ ઋદ્ધિ સ્થિતિથી. |
| – | – | બન્નેનો પરિવાર, મેઢ અને લોકાંત થી જયોતિષ મંડલનું અંતર. |
| – | – | નક્ષત્રોમાં સહુથી ઉપર નીચે, અંદર, બહારના નક્ષત્ર. |
| – | – | જ્યોતિષી વિમાનોના આકાર,લંબાઈ,પહોળાઈ, ઊંચાઈ. |
| – | – | દેવો, દેવીઓની જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ. વાહક દેવ. અલ્પ બહુત્વ. |
| ૧૯ | – | દ્વીપ સમુદ્રોમાં સૂર્ય ચન્દ્ર વગેરેની સંખ્યા. |
| – | – | ઊંચાઈમાં સ્થિરતા અને મંડલમાં સ્થિરતા, અસ્થિરતા. |
| – | – | સુખ દુઃખ નિમિત્તક ચાલ વિશેષ. |
| – | – | તાપક્ષેત્ર પ્રકાશ ક્ષેત્ર, ચલ અચલ જ્યોતિષી. |
| – | – | દ્વીપ સમુદ્રોમાં સૂર્ય ચન્દ્ર જાણવાની વિધિ. |
| ૨૦ | – | ચન્દ્ર, સૂર્ય અને રાહુના સંબંધમાં લૌકિક કથન. |
| – | – | ચન્દ્ર વિમાનનું નામ મૃગાંક. સૂર્ય વિમાનનું નામ આદિત્ય. |
| – | – | "આદિત્ય"નો વ્યુત્પતિ અર્થ અને એની |
| – | – | પ્રમુખતાની વિચારણા પર ટિપ્પણ. |
| – | – | જ્યોતિષીના ભોગ સુખ. |
| – | – | ગ્રહોના ભેદ ૮૮ અને નામ. |
| – | – | ઉપસંહાર સૂત્ર-અધ્યયન વિવેક પર ટિપ્પણ. |
| **–** | **–** | **ચન્દ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર એક વિચારણા** |
| પરિશિષ્ટ – ૧ | | જ્ઞાતવ્ય ગણિત |
| પરિશિષ્ટ – ૨ | | નક્ષત્ર તત્ત્વ વિચાર(થોકડા). |
| પરિશિષ્ટ – ૩ | | જ્યોતિષ મંડલ : વિજ્ઞાન અને આગમની દષ્ટિમાં |
| પરિશિષ્ટ – ૪ | | સત્તરમાં પ્રતિ પ્રાભૃત ના નિર્ણયાર્થ પ્રશ્નોત્તર. |

**વિશેષ વાર્તા :–** પહેલા બીજા અને દસમાં આ ત્રણે પ્રાભૃતમાં ક્રમશ ૮, ૩, ૨૨



પ્રતિ પ્રાભૃત છે. શેષમાં પ્રતિ પ્રાભૃત નથી. મૂલ પાઠમાં આના માટે પાહુડ અને પાહુડ–પાહુડ શબ્દ પ્રયોગ કરેલ છે.

**મતાંતર સંગ્રહ :–** પહેલા પ્રાભૃતના ચોથાથી આઠમા પ્રતિ પ્રાભૃત સુધી બધામાં મતાંતર પ્રરૂપણ છે. દસમા પ્રાભૃતના પહેલા અને એકવીસમા પ્રતિ પ્રાભૃતમાં મતાંતર કથન છે. અઢારમા પ્રાભૃતમાં પણ માન્યતાઓનું કથન છે. શેષ પ્રાભૃતો અને પ્રતિ પ્રાભૃતોમાં મતાંતર રહિત કેવલ જિનાનુમત તત્ત્વોનું કથન છે.

**વિશેષ :–** કુલ ૨૦ પાહુડ છે. પહેલા પાહુડમાં ૮, બીજા પાહુડમાં ૩ અને દસમાં પાહુડમાં ૨૨ પ્રતિ પાહુડ છે. એમ કુલ પ્રતિ પાહુડ ૩૩ છે. પડિવતી કુલ ૩૪૧ છે. યથા –

| પાહુડ | પ્રતિપાહુડ | પડિવતી | પાહુડ | પ્રતિપાહુડ | પડિવતી | પાહુડ | પ્રતિપાહુડ | પડિવતી |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચોથું | ૬ | ૪ | – | ૧૬ | ૧૮ | – | ૨૫ |
| ૧ | પાંચમું | ૫ | ૫ | – | ૨૦ | ૧૯ | – | ૧૨ |
| ૧ | છઠ્ઠું | ૭ | ૬ | – | ૨૫ | ૧૯ | – | ૨૫ |
| ૧ | સાતમું | ૮ | ૭ | – | ૨૦ | ૧૯ | – | ૨ |
| ૧ | આઠમું | ૩ | ૮ | – | ૩ | ૧૯ | – | ૯૬ |
| ૨ | પહેલું | ૮ | ૯ | – | ૩ | ૨૦ | – | ૨ |
| ૨ | બીજું | ૨ | ૧૦ | ૧ | ૫ | ૨૦ | – | ૨ |
| ૨ | ત્રીજું | ૪ | ૧૦ | ૨૧ | ૫ | – | – | – |
| ૩ | – | ૧૨ | ૧૭ | – | ૨૫ | | | |
| | | | | | **કુલ પડિવત્તિ** | | **=** | **૩૪૧** |

**આ સારાંશ પુસ્તકોમાંથી કોઈપણ જિજ્ઞાસા માટે**
**પત્ર સંપર્ક કરો**

આગમ મનીષી ત્રિલોક મુનિજી, આરાધના ભવન, ૬/૧૦ વૈશાલી નગર, ચંદ્રપ્રભુ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, રાજકોટ–૩૬૦ ૦૦૧

# જ્યોતિષ ગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર સારાંશ

## [સૂર્ય – ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર]

### પહેલો પ્રાભૃત : પહેલો પ્રતિ પ્રાભૃત

એક નક્ષત્ર મહિનામાં ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત હોય છે. જ્યારે એક દિવસ રાત્રિમાં ૩૦ મુહૂર્ત હોય છે. નક્ષત્ર મહિનાના દિવસ જાણવા માટે આ મુહૂર્તોની સંખ્યાનો ૩૦ વડે ભાગાકાર કરવાથી ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ ÷ ૩૦ = ૨૭ $\frac{૨૧}{૬૭}$ દિવસ આવે છે. અર્થાત્ સાધિક સત્યાવીસ દિવસનો નક્ષત્ર મહિનો થાય છે.(આ સૂત્ર લિપિ કાળમાં સૂત્રની વચમાંથી ક્યાંકથી નીકળીને ભૂલથી અહીં શરૂઆતમાં લખાઈ ગયું છે. વિષય સૂચક ગાથાઓ અને પ્રકરણથી એ સ્પષ્ટ થાય છે.)

**પરિક્રમા પરિમાણ :–** સૂર્યના ચાલવાના મંડલ(ગોળાકાર માર્ગ) ૧૮૪ છે. જ્યારે સૂર્ય સર્વ આભ્યંતર અર્થાત્ પહેલા મંડલમાં છે અને ત્યાંથી ફરીને બીજા મંડલમાં પરિક્રમા કરીને એ સ્થાનની સીધમાં પહોંચે છે તો એનું તે પરિક્રમારૂપ પ્રથમ ચક્કર હોય છે. ત્રીજા મંડલમાં પહોંચવા પર બે ચક્કર પૂરા થાય છે. એમ ૧૮૪મા મંડલમાં પહોંચવા પર ૧૮૩ ચક્કર પૂરા થાય છે.

સર્વ બહારના ૧૮૪મા મંડલના સ્થાનથી સૂર્ય પાછો ફરે છે. અર્થાત્ અંદરની તરફ ચાલીને ૧૮૩મા મંડલમાં તે સ્થાનની સીધમાં પહોંચે છે, ત્યારે એક ચક્કર થાય છે. જ્યારે ૧૮૨મા મંડલમાં પહોંચે છે તો બે ચક્કર પૂર્ણ થાય છે. એમ ૧૮૩ ચક્કર પૂરા થવાથી તે પ્રથમ મંડલમાં તે સીધવાળા ધ્રુવ સ્થાન પર પહોંચી જાય છે. એમ પ્રથમ મંડલથી ચાલીને ૧૮૪માં મંડલમાં જઈને પુનઃ પ્રથમ મંડલમાં આવવાથી સૂર્યની એક(પરિક્રમા) પ્રદક્ષિણા ૧૮૩ + ૧૮૩ = ૩૬૬ દિવસ રાત પૂર્ણ થાય છે.

પહેલા અને છેલ્લા એમ બે મંડલોમાં સૂર્ય એક એક ચક્કર લગાવે છે. અર્થાત્ એનો સ્પર્શ યા આ બન્ને રસ્તા પર ભ્રમણ એક વાર કરે છે. બાકીના વચ્ચેના ૧૮૨ મંડલો(માર્ગ) પર બે બે વાર ભ્રમણ કરે છે. તેથી ૧૮૨×૨ = ૩૬૪+૨ = ૩૬૬ ચક્કરમાં ૩૬૬ દિવસ રાત થાય છે. એવી એક પ્રદક્ષિણાથી એક સૂર્ય સંવત્સર અર્થાત્ એક વર્ષ પૂર્ણ થાય છે.

[**ટિપ્પણ :–** આ સૂર્ય મંડલની પ્રદક્ષિણાનો રસ્તો જલેબી જેવા આકારનો હોય છે. અર્થાત્ કોઈ અંદરના ઘેરાવથી પ્રારંભ કરી બહાર લઈ જઈને જલેબી પૂરી કરે છે એવી ગતિથી સૂર્ય અંદરથી બહાર જાય છે અને કોઈ કુશળ વ્યક્તિ બહારના સ્થાનથી જલેબીની શરૂઆત કરીને અંદરના સ્થાન પર લાવીને પૂરી કરે. એવી જ



રીતે સૂર્ય બહારથી અંદર આવીને માર્ગ ભ્રમણ કરે છે. બન્ને આકારોમાં વળાંક એક દિશા તરફી જ હોય છે. અર્થાત્ સૂર્ય સદાય પૂર્વથી દક્ષિણ પશ્ચિમ થી ઉત્તરની તરફ આગળ વધે છે. માટે બહાર જવાના ૧૮૩ માર્ગ અને અંદર આવવાના ૧૮૩ માર્ગના સ્થળ કંઈક અલગ અલગ હોય છે.]

**નાના મોટા દિવસનું પ્રમાણ :–** નવા વર્ષની શરૂઆતમાં સૂર્ય જ્યારે પ્રથમ મંડલના છેલ્લા ધ્રુવ સ્થળથી ચાલે છે ત્યારે તે પહેલો દિવસ ૧૮ મુહૂર્તનો હોય છે અને રાત ૧૨ મુહૂર્તની હોય છે. અર્થાત્ સહુથી મોટો દિવસ હોય છે. એ દિવસથી વર્ષની શરૂઆત થાય છે. આ પ્રથમ દિવસના પ્રથમ ચક્કરમાં સૂર્ય બીજા મંડલમાં ચાલ્યો હોય છે.

**વધ–ઘટ :–** આ પ્રકારે ક્રમશઃ સૂર્ય અંતિમ મંડલમાં જઈને તેના અંતિમ ધ્રુવ સ્થળમાં ૬ મહિનાથી ૧૮૩ દિવસે પહોંચે છે. ત્યારે ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત હોય છે. એવી રીતે ૧૮૩ દિવસમાં ૬ મુહૂર્ત ના દિવસો નાના થાય છે અને રાત મોટી થાય છે. અતઃ એક દિવસમાં $\frac{૬}{૧૮૩}$ મુહૂર્ત = $\frac{૨}{૬૧}$ મુહૂર્ત દિવસ નાના હોય છે અને રાત મોટી હોય છે.

**નાના મોટા દિવસનું કારણ :–** જ્યારે સૂર્ય પ્રથમ મંડલથી બીજા ત્રીજા મંડલમાં જાય છે, તેમ તેમ તે દૂર થતો જાય છે. એનાથી તેનું પ્રકાશ ક્ષેત્ર(વિસ્તાર) ઘટતું જાય છે. એ કારણે $\frac{૨}{૬૧}$ મુહૂર્ત જેટલો દિવસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં નાનો થાય છે અને રાત મોટી થાય છે અને જ્યારે બહારના મંડલથી અંદરના મંડલમાં સૂર્ય આવે છે ત્યારે ૬ મહીના સુધી દિવસ મોટો થાય છે અને રાત નાની થાય છે. અર્થાત્ સૌથી નાનો દિવસ(શિયાળાના) સૂર્ય બહારના મંડલમાં અર્થાત્ ૧૮૪મા મંડલમાં રહે છે ત્યારે અને સૌથી મોટો દિવસ સૂર્ય સર્વ આભ્યંતર (પહેલા) મંડલમાં રહે છે ત્યારે થાય છે.

**વર્ષ પ્રારંભ :–** આ હિસાબે વર્ષની શરૂઆત પ્રથમ મંડલથી અર્થાત્ શ્રાવણ વદ એકમથી(ગુજરાતી તિથિ પ્રમાણે અષાઢ વદ એકમથી) થાય છે. એ અનાદિ કુદરતી સિદ્ધાંત છે. પરંતુ લોકો પોત પોતાના આશયોને પ્રમુખતા આપીને કોઈ દિવાળીથી વર્ષની શરૂઆત કરે છે, કોઈ ચૈત્રથી, કોઈ માર્ચમાં સમાપ્તિ કરી ૧ એપ્રિલથી શરૂઆત કરે છે. એ લોકોની પરંપરા પોત પોતાની અપેક્ષા માત્ર છે. તેને કોઈ સિદ્ધાંત માનવાનો ભ્રમ કરવો ન જોઈએ. સિદ્ધાંતથી કુદરતી વર્ષનો પ્રારંભ શ્રાવણ વદ એકમથી અર્થાત્ સહુથી મોટા દિવસના અનંતર દિવસથી થાય છે.

**નાના મોટા દિવસો કયારે અને કેટલીવાર ? :–** સહુથી મોટો દિવસ વર્ષનો અંતિમ દિવસ ગણાય છે. નવા વર્ષનો પહેલો દિવસ $\frac{૨}{૬૧}$ ભાગ ઓછો ૧૮ મુહૂર્તનો હોય છે. પ્રથમ છ મહીનાનો અંતિમ દિવસ ૧૮૪માં મંડલમાં સહુથી નાનો દિવસ હોય છે અને બીજા છ મહીનાનો અંતિમ દિવસ પહેલા મંડલમાં સહુથી મોટો

દિવસ હોય છે. સહુથી મોટો દિવસ ૧૮ મુહૂર્તનો વર્ષમાં એકવાર આવે છે અને સહુથી નાનો દિવસ ૧૨ મુહૂર્તનો વર્ષમાં એકવાર હોય છે. બાકીના સર્વ મધ્યમ દિવસો વર્ષમાં બે વાર હોય છે. કેમ કે પ્રથમ અને અંતિમ મંડલમાં સૂર્યના એકવાર ચાલવાથી આ બન્ને નાના અને મોટા દિવસો એક વાર હોય છે. બાકીના મંડલોમાં આવવાના અને જવાના સમય એમ સૂર્યના બે વાર ચાલવાથી મધ્યમ સર્વે દિવસો બે બે વાર હોય છે.

**રાત કેટલી વાર ? :–** દિવસની જેમ જ નાની અને મોટી રાત ૧૨ અને ૧૮ મુહૂર્તની પ્રથમ અને અંતિમ મંડલમાં એક એક વાર હોય છે અને બાકીની વચ્ચેની રાત વચ્ચેના મંડલોમાં હોવાથી બે-બે વાર હોય છે.

## બીજો પ્રતિ પ્રાભૃત

**અર્ધ મંડલગતિ :–** આ જંબૂદ્વીપમાં બે સૂર્ય છે. બંને મળીને એક દિવસમાં એક મંડલ પૂરું કરે છે. સંવત્સર(વર્ષ) ની શરૂઆતના સમયમાં એક સૂર્ય પશ્ચિમ દિશાના અંતમાં હોય છે. અર્થાત્ ત્યાંથી ભ્રમણની શરૂઆત કરે છે. બીજો સૂર્ય પૂર્વ દિશાના અંતમાં હોય છે. તે ત્યાંથી ભ્રમણની શરૂઆત કરે છે.

પહેલા દિવસે ૩૦ મુહૂર્તમાં બન્ને સૂર્ય બીજા મંડલને પાર કરે છે. અર્થાત્ પશ્ચિમમાં સ્થિત ઐરાવતીય સૂર્ય ઉત્તર અર્ધ મંડલમાં ચાલીને પૂર્વ દિશાના અંતમાં આવીને બીજા મંડલનાં અંતિમ સ્થાને પહોંચે છે, જ્યારે પૂર્વ દિશામાં રહેલ ભારતીય સૂર્ય દક્ષિણી અર્ધ મંડલમાં ચાલીને પશ્ચિમ દિશાના અંતમાં બીજા મંડલના અંતિમ સ્થાને પહોંચે છે. આ રીતે બન્ને સૂર્ય અર્ધા-અર્ધા મંડલ પાર કરી બીજા દિવસના પ્રારંભમાં ત્રીજા આદિ મંડલમાં પ્રવેશ કરે છે. આ રીતે બીજા દિવસે બન્ને સૂર્ય મળીને અર્ધા-અર્ધા ત્રીજા મંડલ પાર કરે છે. ત્યારે પૂર્વી સૂર્ય પુનઃ પોતાની શરૂઆતના સ્થાનની સીધમાં આવી જાય છે. એવી જ રીતે પશ્ચિમી સૂર્ય પણ પોતાની શરૂઆતના સ્થાનની સીધમાં આવી જાય છે. આ રીતે પશ્ચિમી સૂર્ય બીજા મંડલના અર્ધા ઉત્તરી વિભાગને અને ત્રીજા મંડલના અર્ધા દક્ષિણી વિભાગને પાર કરે. જ્યારે પૂર્વી સૂર્ય બીજા મંડલના દક્ષિણી અર્ધ વિભાગને અને ત્રીજા મંડલના ઉત્તરી અર્ધ વિભાગને પાર કરે. આ રીતે અર્ધા-અર્ધા મંડલ સામ સામે દક્ષિણી, ઉત્તરી વિભાગોના બન્ને સૂર્ય મળીને પાર કરી પોતે અર્ધા ચક્કર પછી આગલા મંડલમાં પ્રવેશ કરી જાય છે.

**કયા દિવસે કયા મંડલનો કયો વિભાગ પાર કરે ? :–** વર્ષના પહેલા દિવસે પશ્ચિમી(ઐરાવતીય) સૂર્ય બીજા મંડલનો ઉત્તર વિભાગ પાર કરે છે અને છઠ્ઠા મહિનાના અંતિમ ૧૮૩મે દિવસે ૧૮૪માં મંડલના અર્ધ ઉત્તરી વિભાગને પાર કરે છે. જ્યારે પૂર્વી(ભારતીય) સૂર્ય પહેલા દિવસે બીજા મંડલનો દક્ષિણી અર્ધો વિભાગ



પાર કરે છે અને અંતિમ ૧૮૩માં દિવસે ૧૮૪માં મંડલનો દક્ષિણી અર્ધો વિભાગ પાર કરે છે.

અંદર પ્રવેશ કરતા બીજા છ મહિનાના પ્રથમ દિવસે તે પશ્ચિમી (ઐરાવતીય) સૂર્ય ૧૮૩માં મંડલના દક્ષિણ વિભાગને પાર કરે છે અને વર્ષનાં અંતિમ દિવસે પહેલા મંડલના દક્ષિણી વિભાગને પાર કરી પોતાના પશ્ચિમી સ્થાન પર પુનઃ પહોંચી જાય છે. આ જ પ્રકારે પૂર્વી(ભારતીય) સૂર્ય પણ બીજા છ મહીનાની શરૂઆતમાં ૧૮૩માં મંડલના ઉત્તર વિભાગને પાર કરે છે અને વર્ષના અંતિમ દિવસે પહેલા મંડલના ઉત્તર વિભાગને પાર કરી પોતાના સ્થાન પર પુનઃ પહોંચી જાય છે. આ પ્રકારે બન્ને સૂર્ય મળીને અર્ધા-અર્ધા મંડલ પાર કરી એક વર્ષમાં એક પ્રદક્ષિણા પૂર્ણ કરી પુનઃ પોતાના સ્થાને પહોંચી જાય છે.

## ત્રીજો પ્રતિ પ્રાભૃત

**બે સૂર્ય :–** જંબૂદ્વીપમાં બે સૂર્ય છે– (૧) ભારતીય સૂર્ય (૨) ઐરાવતીય સૂર્ય. જે વર્ષના શરૂઆતના દિવસે પશ્ચિમ કેન્દ્ર સ્થળથી રવાના થઈને ઉત્તરી ઐરાવત ક્ષેત્રની તરફ જાય છે તેને ઐરાવતીય સૂર્ય કહે છે અને જે સૂર્ય વર્ષની શરૂઆતના દિવસે પૂર્વીય કેન્દ્ર સ્થળથી રવાના થઈને દક્ષિણ ભરતક્ષેત્ર તરફ જાય છે તેને ભારતીય સૂર્ય કહે છે.

**ચલિત અચલિત માર્ગ :–** અંદરથી બહાર જતા બન્ને સૂર્ય પોત પોતાના માર્ગથી અર્ધા અર્ધા મંડલ પાર કરે છે. કોઈ પણ ચલિત માર્ગને બન્ને સૂર્ય સ્પર્શ નથી કરતા અર્થાત્ સ્વતંત્ર માર્ગથી તેઓ આગળને આગળ વધતા જાય છે. એ જ પ્રકારે બહારથી અંદર આવતા સમયે પણ સ્વતંત્ર માર્ગથી આગળના મંડલમાં પહોંચતા રહે છે. કોઈના પણ અંદર આવતા સમયે ચાલેલા માર્ગમાં નથી ચાલતા. પરંતુ અંદર આવતા સમય પહેલાના બહાર જતા સમયે ચાલેલા માર્ગને પુનઃ કાપતા જતા એ માર્ગોમાં અવશ્ય ચાલે છે. એ અપેક્ષાથી એ બન્ને સૂર્ય અંદર આવતા સમયે પહેલાના સ્વયંના ચાલેલા માર્ગોને અને અન્યના ચાલેલા માર્ગો કાપતા જતા તેના પર થોડું ચાલે છે.

એક જગ્યા જૂના માર્ગને કાપતા જતા એ સૂર્ય પોતાના મંડલના ૧૨૪માં ભાગમાંથી ૧૮ ભાગ જેટલા ચાલેલા ક્ષેત્ર પર ચાલે છે. પછી એને છોડીને અલગ(અંદરની બાજુમાં) સરકી જાય છે.

**પુનઃ ચાલેલા સ્થાનનો નિર્દેશ :–** કઈ જગ્યાએ સ્વયંના ચાલેલા સ્થાન પર ચાલે છે અને કઈ જગ્યાએ અન્યના ચાલેલા સ્થાન પર ચાલે છે, એ આ ચાર્ટથી સમજાશે–

| ભારતીય સૂર્ય | | | |
|---|---|---|---|
| જંબૂદ્વીપના | દક્ષિણ પૂર્વ ભાગમાં | ૯૨ મંડલોમાં | સ્વચલિત પર |
| જંબૂદ્વીપના | ઉત્તર પશ્ચિમ ભાગમાં | ૯૧ મંડલોમાં | સ્વચલિત પર |
| જંબૂદ્વીપના | ઉત્તર પૂર્વ ભાગમાં | ૯૨ મંડલોમાં | પર ચલિત પર |
| જંબૂદ્વીપના | દક્ષિણ પશ્ચિમ ભાગમાં | ૯૧ મંડલોમાં | પર ચલિત પર |
| **ઐરાવતીય સૂર્ય** | | | |
| જંબૂદ્વીપના | ઉત્તર પશ્ચિમ ભાગમાં | ૯૨ મંડલોમાં | સ્વચલિત પર |
| જંબૂદ્વીપના | દક્ષિણ પૂર્વી ભાગમાં | ૯૧ મંડલોમાં | સ્વચલિત પર |
| જંબૂદ્વીપના | દક્ષિણ પશ્ચિમ ભાગમાં | ૯૨ મંડલોમાં | પર ચલિત પર |
| જંબૂદ્વીપના | ઉત્તર પૂર્વ ભાગમાં | ૯૧ મંડલોમાં | પર ચલિત પર |

**પુનઃ ચલિત ક્ષેત્રનો હિસાબ :–** બન્ને સૂર્ય ૧૮૩ મંડલને ૭૩૨ જગ્યાએ કાપતા જતા તેના પર પુનઃ ચાલે છે. તો એક મંડલ ને તે ૭૩૨ ÷ ૧૮૩ = ૪ જગ્યાએ કાપે છે. એક એક મંડલ ને તે બન્ને સૂર્ય એક દિવસમાં અર્ધા-અર્ધા મંડલ કરીને પાર કરે અતઃ બન્ને મંડલ પાર કરીને તે બંને સૂર્ય પોતાના સ્વતંત્ર એક એક આખા ઘેરામાં ૪ + ૪ = ૮ જગ્યાએ કાપે છે. એક જગ્યાએ કાપતા સમય તે મંડલના $\frac{૧૮}{૧૨૪}$ ભાગ પર પુનઃ ચાલે છે. તો ૮ જગ્યાએ કાપતાં $\frac{૧૮}{૧૨૪} \times ૮ = \frac{૧૪૪}{૧૨૪}$ અર્થાત્ તે બન્ને સૂર્ય એક એક ચક્કર પૂઢં કરવામાં ૧૪૪ ભાગોને પુનઃ સ્પર્શ કરે છે. આ બે મંડલમાં બે સૂર્યો દ્વારા પુનઃ સ્પર્શિત ક્ષેત્રમાન છે. આથી એક મંડળમાં બે સૂર્યો દ્વારા સ્પર્શિત ક્ષેત્રમાં $\frac{૭૨}{૧૨૪}$ ભાગ હોય છે અને એક મંડલમાં એક સૂર્ય દ્વારા સ્પર્શિત ક્ષેત્રમાન $\frac{૩૬}{૧૨૪}$ ભાગ થાય છે. એમાં પણ એક જગ્યા સ્વચલિત ક્ષેત્ર પર પુનઃ ચાલે છે અને એક જગ્યા પર ચલિત પર પુનઃ ચાલે છે.

એ પ્રકારે એક સૂર્ય એક મંડલમાં જંબૂદ્વીપની પરિધિના એક ચતુર્થ વિભાગમાં એકવાર સ્વચલિત માર્ગો પર $\frac{૧૮}{૧૨૪}$ મો ભાગ ચાલે છે અને તે જ મંડલમાં તે જ દિવસે બીજા(આગળના) ચતુર્થ વિભાગમાં એક વાર પર ચલિત માર્ગ પર $\frac{૧૮}{૧૨૪}$ મો ભાગ ચાલે છે. માટે પ્રતિદિવસે પ્રતિ મંડલના કુલ $\frac{૩૬}{૧૨૪}$ ભાગોમાં ચાલેલા પર એક સૂર્ય ચાલે છે અને બીજો સૂર્ય પણ પ્રતિ દિવસે કુલ $\frac{૩૬}{૧૨૪}$ મા ભાગમાં ચાલેલા પર ચાલે છે. માટે બન્ને સૂર્ય મળીને એક મંડલના $\frac{૭૨}{૧૨૪}$ ભાગ ચલિત પર ચાલે છે. એમ બાકીના $\frac{૫૨}{૧૨૪}$ ભાગ અચલિત(નવા) માર્ગ પર ચાલે છે અને એક સૂર્ય $\frac{૨૬}{૧૨૪}$ ભાગ અચલિત માર્ગ પર અને $\frac{૩૬}{૧૨૪}$ ચલિત માર્ગ પર પ્રત્યેક મંડલમાં ચાલે છે.

## ચોથો પ્રતિ પ્રાભૃત

**બંને સૂર્યનું અંતર :–** અંદરથી બહાર જતા અને બહારથી અંદર આવતા સમયે બંને સૂર્યનું પરસ્પરનું અંતર ક્રમશઃ ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વધે છે અને ઘટે છે. યથા–



| બંને સૂર્યોનું અંતર | પહેલા મંડલમાં | બીજા મંડલમાં | ત્રીજા મંડલમાં |
|---|---|---|---|
| અંદરથી બહાર જતા સમયે | ૯૯૬૪૦ યો. | ૯૯૬૪૫ $\frac{૩૫}{૬૧}$ | ૯૯૬૫૧ $\frac{૯}{૬૧}$ |
| બહારથી અંદર આવતા સમયે | ૧૦૦૬૬૦ યો. | ૧૦૦૬૫૪ $\frac{૨૬}{૬૧}$ | ૧૦૦૬૪૮ $\frac{૫૨}{૬૧}$ |

**અંતરની હાનિ વૃદ્ધિ :–** આ ચાર્ટમાં બન્ને સૂર્યોનું અંતર દર્શાવેલ છે. પ્રત્યેક મંડલમાં આપસમાં બે બે યોજન દૂર રહી બન્ને સૂર્ય ગતિ કરે છે. બન્ને સૂર્ય સામ સામે પ્રતિપક્ષ દિશામાં સદા ચાલતા હોય છે. સૂર્ય વિમાન, $\frac{૪૮}{૬૧}$ યોજનના હોય છે. એટલું ક્ષેત્ર બે યોજનથી અધિક વ્યાપ્ત કરે છે. એટલે એક દિશામાં એક સૂર્ય ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન પ્રતિ મંડલમાં આગળ વધે છે અને બીજો સૂર્ય પણ બીજી દિશામાં એટલો આગળ વધે છે. બન્ને સૂર્યોનું પરસ્પરનું અંતર પ્રતિ મંડલમાં ૨ $\frac{૪૮}{૬૧}$ ×૨ = ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વધતું ઘટતું હોય છે.

**વૃદ્ધિનો હિસાબ :–** આ પ્રકારે (૧) પ્રત્યેક મંડલમાં પરસ્પરનું અંતર બે-બે યોજનનું હોય છે. (૨) પ્રત્યેક મંડલમાં સૂર્ય ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન આગળ વધે છે. (૩) પ્રત્યેક મંડલમાં બન્ને સૂર્યોનું પરસ્પરનું અંતર ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વધે છે. (૪) ૬ મહિનામાં એક સૂર્ય ૨ $\frac{૪૮}{૬૧}$ ×૧૮૩ = ૫૧૦ યોજન અંતર વધારે છે. બન્ને સૂર્યો મળીને ૫ $\frac{૩૫}{૬૧}$ ×૧૮૩ = ૧૦૨૦ યોજન અંતર વધારે છે. જેથી પહેલા મંડલમાં રહેલ ૯૯૬૪૦ યોજનનું પરસ્પરનું અંતર વધીને ૯૯૬૪૦+૧૦૨૦=૧૦૦૬૬૦ યોજન થઈ જાય છે.

તેથી બન્ને સૂર્યોનું પરસ્પરનું અંતર સદા પરિવર્તિત થતું રહે છે. એક સરખુ અંતર સ્થિર રહેતું નથી.

**મિથ્યા માન્યતાઓ :–** આ વિષય પર જગતમાં અનેક ભ્રમ પૂર્ણ મિથ્યા માન્યતાઓ ચાલે છે. તે આ પ્રકારે છે. (૧) ૧૧૩૩ યોજન (૨) ૧૧૩૪ યોજન (૩) ૧૧૩૫ યોજન બન્ને સૂર્યોનું અંતર છે. (૪) એક દ્વીપ સમુદ્ર જેટલુ અંતર છે. (૫) બે દ્વીપ બે સમુદ્ર જેટલું અંતર છે. (૬) ત્રણ દ્વીપ સમુદ્ર જેટલું અંતર છે.

## પાંચમો પ્રતિ પ્રાભૃત

**દ્વીપ સમુદ્રમાં સૂર્યનું ભ્રમણ ક્ષેત્ર :–** એક દિશામાં સૂર્ય કુલ ૫૧૦ યોજન ક્ષેત્રમાં અંદરથી બહાર અને બહારથી અંદર આવતા જતા મેઢ પર્વતની પ્રદક્ષિણા કરે છે. આ ૫૧૦ યોજનમાં ૧૮૦ યોજન ક્ષેત્ર જંબૂદ્વીપનું છે અને ૩૩૦ યોજન ક્ષેત્ર લવણ સમુદ્રનું છે. અર્થાત્ બન્ને સૂર્ય ૧૮૦ યોજન જંબૂદ્વીપની અંદર હોય ત્યારે તે પ્રથમ મંડલમાં હોય છે અને જ્યારે ૩૩૦ યોજન લવણ સમુદ્રમાં હોય છે ત્યારે તે બાહ્ય મંડલમાં હોય છે.

**મિથ્યા માન્યતા :–** આ વિષયમાં પણ જગતમાં ઘણી ખોટી માન્યતાઓ છે જેમ કે (૧) ૧૧૩૩ યોજન દ્વીપ અને ૧૧૩૩ યોજન સમુદ્રના ક્ષેત્રમાં સૂર્ય ગમનાગમન કરે છે. (૨) એક એક યોજન વધારે એટલે કે ૧૧૩૪ યોજન. (૩) એક એક યોજન વધારે અર્થાત્ ૧૧૩૫ યોજન દ્વીપ સમુદ્રના ક્ષેત્રમાં સૂર્ય ગમનાગમન કરે છે. (૪) અર્ધા દ્વીપ સમુદ્ર. (૫) કિંચિત્ પણ દ્વીપ સમુદ્રનું અવગાહન કરતા નથી.

## છઠ્ઠો પ્રતિ પ્રાભૃત

**પ્રતિ દિવસ વિકંપન :–** સૂર્ય એક દિવસમાં ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન ક્ષેત્ર વિકંપન કરે છે અર્થાત્ આગળ સરકે છે, એ રીતે ૧૮૩ દિવસ(૬ મહીના) માં ૫૧૦ યોજન આગળ સરકે છે.

આનું વિશેષ સ્પષ્ટીકરણ ચોથા પ્રતિ પ્રાભૃતમાં થયેલ છે.

**મિથ્યા માન્યતા :–** આ વિષય પર જગતમાં મિથ્યા માન્યતાઓ આ પ્રમાણે ચાલે છે– (૧) પ્રતિ દિવસ વિકંપન ૨ $\frac{૪૧}{૧૮૩}$, $\frac{૧}{૨}$ યોજન હોય છે. (૨) પ્રતિ દિવસના ૨ $\frac{૧}{૨}$, $\frac{૧}{૨}$ યોજન વિકંપન થાય છે. (૩) પ્રતિ દિવસ ૨ $\frac{૨}{૩}$ યોજન વિકંપન થાય છે. (૪) પ્રતિ દિવસ ૩ $\frac{૪૬\frac{૧}{૨}}{૧૮૩}$ યોજન વિકંપન થાય છે. (૫) પ્રતિ દિવસ ૩ $\frac{૧}{૨}$ યોજન વિકંપન થાય છે. (૬) પ્રતિ દિવસ ૩ $\frac{૩}{૪}$ યોજન વિકંપન થાય છે. (૭) પ્રતિ દિવસ ૪ $\frac{૫૧\frac{૧}{૨}}{૧૮૩}$ યોજન વિકંપન થાય છે.

## સાતમો પ્રતિ પ્રાભૃત

**સૂર્ય ચંદ્ર વિમાન સંસ્થાન :–** સૂર્ય ચંદ્રના વિમાન છત્રઆકારના છે. અર્ધ કોઠાના ફળના આકારવાળા અર્થાત્ નીચેથી સમતલ, ઉપરથી ગોળ અને ચોતરફથી ગોળાકાર હોય છે.

**મિથ્યા માન્યતા :–** આ વિષયમાં ભ્રમપૂર્ણ માન્યતા આ પ્રકારે છે. ૧. સમ ચોરસ ૨. વિષમ ચોરસ ૩. સમ ચતુષ્કોણ ૪. વિષમ ચતુષ્કોણ ૫. સમચક્રવાલ ૬. વિષમ ચક્રવાલ ૭. અર્ધ ચક્રવાલ.

સર્વજ્ઞોક્ત ઉક્ત છત્રાકાર સંસ્થાન માનવાવાળા પણ લોકો જગતમાં છે તે જિનમતથી સમ્મત છે, મિથ્યા નહિ.

## આઠમો પ્રતિ પ્રાભૃત

**મંડલોનો વિષ્કંભ અને પરિધિ :–** સૂર્યના પ્રત્યેક મંડલ(માર્ગ)ની પહોળાઈ



$\frac{૪૮}{૬૧}$ યોજનની હોય છે. કારણ કે સૂર્ય વિમાનની લંબાઈ, પહોળાઈ એટલી જ છે. મંડલ–મંડલનું અંતર ૨–૨ યોજનનું હોય છે. આખા મંડલનો વિષ્કંભ એક દિશામાં ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન વધે છે. બંને દિશામાં મળીને ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન કુલ વિષ્કંભ પ્રતિમંડલમાં (એક મંડલથી બીજા મંડલનું) વધે છે. તે વિષ્કંભથી ત્રણ ગણી સાધિક પરિધિ રહ્યા કરે છે. ૫ $\frac{૩૫}{૬૧}$ × ૩ સાધિક(૩.૧૬ સાધિક) = ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન પ્રતિ મંડલમાં પરિધિ વધે છે. તેને જ સ્થૂલ દષ્ટિથી ૧૮ યોજન પરિધિ વધવી કહેવાય છે. વાસ્તવમાં દેશોન ૧૮ યોજન પરિધિ વધે છે.

સર્વ આભ્યંતર મંડલ જંબૂદ્વીપના એક કિનારાથી ૧૮૦ યોજન અંદર છે. બીજા કિનારાથી પણ ૧૮૦ યોજન અંદર છે. એમ કુલ એક લાખ યોજનના આયામ વિષ્કંભ(વ્યાસ)માંથી ૩૬૦ યોજન ઓછા થાય છે. આને સાધિક ત્રણ ગણા કરવાથી ૧૧૩૮ યોજન થાય છે. જંબૂદ્વીપની પરિધિમાંથી આટલા યોજન ઓછા કરવાથી અર્થાત્ ૩૧૬૨૨૭–૧૧૩૮= ૩૧૫૦૮૯ યોજન થાય છે. આ પહેલા મંડલની પરિધિ છે. આ પરિધિમાં પ્રતિ મંડલમાં દેશોન ૧૮ યોજન ઉમેરવાથી આગલા મંડલની પરિધિ નીકળી જાય છે.

**મંડલ વિષ્કંભ પરિધિ અને સ્થૂલ કથન ચાર્ટ :–**

| મંડલ | વિષ્કંભ યો. | પરિધિ | સ્થૂલ પરિધિ |
|---|---|---|---|
| પહેલું મંડલ | ૯૯૬૪૦ | ૩૧૫૦૮૯ યો. સાધિક | ૩૧૫૦૮૯ યો. |
| બીજું મંડલ | ૯૯૬૪૫ $\frac{૩૫}{૬૧}$ | ૩૧૫૧૦૬ $\frac{૩૮}{૬૧}$ | ૩૧૫૧૦૭ યો. |
| ત્રીજું મંડલ | ૯૯૬૫૧ $\frac{૯}{૬૧}$ | ૩૧૫૧૨૪ $\frac{૧૫}{૬૧}$ | ૩૧૫૧૨૫ યો. |
| છેલ્લું મંડલ | ૧૦૦૬૬૦ | ૩૧૮૩૧૫ યો. સાધિક | ૩૧૮૩૧૫ યો. |
| છેલ્લેથી બીજું | ૧૦૦૬૫૪ $\frac{૨૬}{૬૧}$ | ૩૧૮૨૯૭ $\frac{૨૩}{૬૧}$ | ૩૧૮૨૯૭ યો. |
| છેલ્લેથી ત્રીજું | ૧૦૦૬૪૮ $\frac{૫૨}{૬૧}$ | ૩૧૮૨૭૯ $\frac{૪૬}{૬૧}$ | ૩૧૮૨૭૯ યો. |
| જમ્બૂદ્વીપ | ૧૦૦૦૦૦ | ૩૧૬૨૨૭ સાધિક | ૩૧૬૨૨૭ યો. |
| જમ્બૂદ્વીપના ૬૫ મંડલ | ૧૮૦×૨=૩૬૦ | ૧૧૩૮ સાધિક | ૧૧૩૮ યો. |
| કુલ ૧૮૪ મંડલ | ૫૧૦×૨=૧૦૨૦ | ૩૨૨૬ સાધિક ૧૭ $\frac{૩૮}{૬૧}$ | ૩૨૨૬ યો. |
| પ્રતિમંડલ વૃદ્ધિ | ૫ $\frac{૩૫}{૬૧}$ | | ૧૮ યો. |

સૂર્યનું વિમાન જ્યારે છેલ્લા મંડલમાં ચાલે છે ત્યારે તે ૫૧૦ યોજનના મંડલક્ષેત્રથી બહાર સ્થિત થાય છે. અતઃ આ અપેક્ષા આભ્યંતર કિનારાથી બાહ્ય અવગાહિત કિનારો ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન અંતરવાળો કહેવાય છે. આભ્યંતર અને બાહ્ય બંને તરફ સૂર્ય વિમાનના અવગાહનને ન ગણીને ફક્ત મંડલ ક્ષેત્રને ગણીએ તો $\frac{૪૮}{૬૧}$ × ૨ = ૧ $\frac{૩૫}{૬૧}$ ઓછા કરવાથી ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ – ૧ $\frac{૩૫}{૬૧}$ = ૫૦૯ $\frac{૧૩}{૬૧}$ યોજન થાય છે.

**નોટ :–** આ વિષયમાં પણ ઘણી મિથ્યા લોકમાન્યતાઓ સૂત્રમાં બતાવવામાં આવી છે. તે અસંગત છે.

## બીજો પ્રાભૃત : પહેલો પ્રતિ પ્રાભૃત

**બંને સૂર્યોનું ભ્રમણ સ્વરૂપ અને સૂર્યોદય :–** બંને સૂર્ય સમભૂમિથી ૮૦૦ યોજન ઊંચાઈ પર પરિભ્રમણ કરે છે. ભારતીય સૂર્ય પૂર્વ દિશા પાર કરી જ્યારે પૂર્વ દક્ષિણમાં પહોંચે છે ત્યારે તે દક્ષિણક્ષેત્રમાં સૂર્યોદય કરે છે. તે સમયે ઐરાવતીય સૂર્ય પશ્ચિમ દિશા પાર કરી પશ્ચિમ ઉત્તરદિશામાં પહોંચે છે અને ઉત્તરીક્ષેત્રમાં સૂર્યોદય કરે છે. પછી આ બન્ને સૂર્ય સંપૂર્ણ દક્ષિણ દિશા અને સંપૂર્ણ ઉત્તર દિશાને સાથે પાર કરતા બન્ને ક્ષેત્રમાં દિવસ કરે છે.

આ પ્રકારે ગતિ કરતા ઉત્તર દિશાને પાર કરનાર ઐરાવતીય સૂર્ય ઉત્તર પૂર્વમાં આવે છે અને દક્ષિણ દિશાને પાર કરનાર ભારતીય સૂર્ય દક્ષિણ પશ્ચિમ દિશામાં આવે છે. આ સમયે આ બન્ને સૂર્ય પૂર્વ પશ્ચિમ ક્ષેત્ર(મહાવિદેહક્ષેત્ર) ને પ્રકાશિત કરે છે.

જ્યારે આ સૂર્ય ઉત્તર દક્ષિણને પ્રકાશિત કરે છે ત્યારે પૂર્વ પશ્ચિમમાં રાત્રિ કરે છે અને જ્યારે પૂર્વ પશ્ચિમને પ્રકાશિત કરે છે, ત્યારે ઉત્તર દક્ષિણમાં રાત્રિ કરે છે.

**નોટ :–** આ વિષયમાં પણ થોડી મિથ્યા લોક માન્યતાઓ સૂત્રમાં બતાવાઈ છે. જેમ કે (૧) સૂર્ય સવારના પૂર્વમાં કિરણ સમૂહ રૂપમાં ઉત્પન્ન થઈને સાંજના પશ્ચિમમાં નષ્ટ થઈ જાય છે. (૨) પૃથ્વીમાંથી ઉત્પન્ન થઈને પૃથ્વીમાં નષ્ટ થઈ જાય છે. (૩) પાણીમાંથી ઉત્પન્ન થઈને પાણીમાં નષ્ટ થઈ જાય છે. અથવા સાંજના પૃથ્વી આદિમાં પ્રવેશ કરી નીચે ચાલ્યો જાય છે. પછી નીચેથી ચાલીને નીચે લોકને પ્રકાશિત કરી પુનઃ પૂર્વમાં નીકળી આવે છે. કોઈ જમ્બૂદ્વીપના બે વિભાગ કલ્પના કરીને બતાવે છે કે પૂર્વમાં સૂર્ય ઉદય થઈને પશ્ચિમમાં સાંજના અસ્ત થાય છે ત્યારે બીજા વિભાગમાં ઉદય થાય છે. ત્યાં દિવસભર રહીને અસ્ત થઈ જાય છે અને પુનઃ પ્રથમ વિભાગમાં ઉદિત થઈ જાય છે. ઈત્યાદિ આ સર્વે કથન સત્યથી દૂર છે અને ભ્રમપૂર્ણ એવં અધૂરી માન્યતાઓ છે.

## બીજો પ્રતિ પ્રાભૃત

**સંક્રમણ ગતિ નિર્ણય :–** એક મંડલથી બીજા મંડલનું અંતર બે યોજનનું છે અને તે બે પ્રકારે પાર કરી શકાય છે. (૧) આખું મંડલ ચાલીને એક નિશ્ચિત સ્થાન પર આવીને બે યોજન સીધા ચાલે અને પછી બીજા મંડલનું ભ્રમણ શરૂ કરે. ભ્રમણ કરીને ફરીથી નિશ્ચિત સ્થાનની સીધમાં આવીને આગલા મંડલમાં સંક્રમણ કરે.



આ ''ભેદ ઘાત-સંક્રમણ'' ગતિ છે. (૨) કર્ણ કલા ગતિનો અર્થ છે જલેબીની જેમ. મંડલ પાર કરવાની સાથે જ એ બે યોજન અંતરને સમાવિષ્ટ કરતાં કરતાં એક નિશ્ચિત સ્થાનની જગ્યાએ સ્વતઃ આગલા મંડલને પ્રાપ્ત થઈ જાય; આ ગતિને કર્ણકલા ગતિ કહે છે.

**કર્ણકલા ગતિ નિર્દોષ :–** આ બન્ને ગતિઓમાં બીજી કર્ણકલા ગતિ સૂર્યના મંડલ ભ્રમણની ઉચિતગતિ છે. અર્થાત્ કર્ણકલા ગતિથી સૂર્યનું ભ્રમણ થાય, તે સાચી માન્યતા છે.

**ભેદ ઘાતગતિ સદોષ :–** ભેદઘાત સંક્રમણમાં બે–બે યોજન ક્ષેત્ર પાર કરવાનો સમય કોઈ મંડલનો કહી શકાય નહીં. તેથી આ ગતિને માનવી અયોગ્ય છે એટલે જ આ માન્યતાને મિથ્યા કહી છે.

## ત્રીજો પ્રતિ પ્રાભૃત

**સૂર્યની મુહૂર્ત ગતિ :–** ૧૮૪ મંડલોમાંથી સૌથી પ્રથમ મંડલની ગતિ સહુથી ઓછી હોય છે અને છેલ્લા મંડલમાં સૌથી વધારે ગતિ હોય છે. આ પ્રકારે સૂર્યની ગતિ એક નથી. ૧૮૪ પ્રકારની ગતિ હોય છે. કેમ કે પ્રત્યેક અર્ધ મંડલને ૩૦ મુહૂર્તમાં જ પાર કરવાનું હોય છે અને મંડલોની પરિધિ આગળથી આગળ વધારે હોય છે. એટલે પ્રત્યેક મંડલની મુહૂર્તગતી અલગ હોય છે તે આ પ્રકારે છે.

**મુહૂર્ત ગતિ એવં ચક્ષુસ્પર્શ :–**

| મંડલ | મુહૂર્ત ગતિ | દષ્ટિ ક્ષેત્ર(યો.) |
|---|---|---|
| પ્રથમ મંડલ | ૫૨૫૧ $\frac{૨૯}{૬૦}$ યોજન | ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૦}$ |
| બીજુ મંડલ | ૫૨૫૧ $\frac{૪૭}{૬૦}$ યોજન | ૪૭૧૭૯ $\frac{૫૭}{૬૦}$, $\frac{૧૯}{૬૧}$ |
| ત્રીજુ મંડલ | ૫૨૫૨ $\frac{૫}{૬૦}$ યોજન | ૪૭૦૯૬ $\frac{૩૩}{૬૦}$, $\frac{૨}{૬૧}$ |
| છેલ્લું મંડલ | ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન | ૩૧૮૩૧ $\frac{૩૦}{૬૦}$ |
| છેલ્લેથી બીજુ મંડલ | ૫૩૦૪ $\frac{૫૭}{૬૦}$ યોજન | ૩૧૯૧૬ $\frac{૩૯}{૬૦}$, $\frac{૬૦}{૬૧}$ |
| છેલ્લેથી ત્રીજુ મંડલ | ૫૩૦૪ $\frac{૩૯}{૬૦}$ યોજન | ૩૨૦૦૧ $\frac{૪૯}{૬૦}$, $\frac{૨૩}{૬૧}$ |

મુહૂર્ત ગતિને ૩૦ મુહૂર્તથી ગુણાકાર કરવાથી અર્ધ મંડલની પરિધિ મળી જાય છે. અર્ધ મંડલ એક સૂર્ય ૩૦ મુહૂર્તમાં પાર કરે છે. અર્ધ મંડલ બીજો સૂર્ય ૩૦ મુહૂર્તમાં પાર કરે છે. દષ્ટિક્ષેત્ર = ચક્ષુસ્પર્શ = આટલે દૂરથી મનુષ્યને સૂર્ય સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયે દેખાય છે.

પ્રત્યેક મંડલમાં $\frac{૧૮}{૬૦}$ યોજન મુહૂર્ત ગતિ વધે છે. પ્રતિ મંડલમાં દષ્ટિક્ષેત્ર ૮૪ યોજનની આસપાસ ઘટે છે. આ સ્થૂલ દષ્ટિથી સમજવું. સૂક્ષ્મ દષ્ટિથી $\frac{૧૮}{૬૦}$

યોજનમાં પણ થોડું ઓછું હોય છે અને દષ્ટિક્ષેત્ર પહેલાથી બીજા મંડલમાં ૮૩ $\frac{૨૩}{૬૦}$, $\frac{૪૨}{૬૧}$યોજન ઘટે છે અને અંતિમ મંડલથી બીજા મંડલમાં ૮૫$\frac{૯}{૬૦}$, $\frac{૬૦}{૬૧}$ યોજન વધે છે. આને જ મૂળ પાઠમાં ૮૪ યોજનથી ઓછી અને ૮૫ યોજનથી વધારે આ પ્રકારે પુઢષ છાયાની હાનિ વૃદ્ધિ કહેલ છે.

પુઢષ છાયા ઘટવામાં સર્વે મંડલમાં કુલ વૃદ્ધિ ૧ $\frac{૪૭}{૬૦}$, $\frac{૨૫}{૬૧}$ યોજન થાય છે અને પ્રત્યેક મંડલમાં$\frac{૪૮}{૬૧}$ચૂર્ણિયા ભાગ પરિવર્તન થાય છે.(વૃદ્ધિ હાનિ થાય છે.) યથા–

૮૩$\frac{૨૩}{૬૦}$, $\frac{૪૨}{૬૧}$ + ૧ $\frac{૪૭}{૬૦}$, $\frac{૨૫}{૬૧}$ = ૮૫$\frac{૧૧}{૬૦}$, $\frac{૬}{૬૧}$ આ ૧૮૪માં મંડલમાં દષ્ટિક્ષેત્ર વૃદ્ધિ. ૮૫$\frac{૧૧}{૬૦}$, $\frac{૬}{૬૧}$ – $\frac{૬૮}{૬૧}$ = ૮૫ $\frac{૯}{૬૦}$, $\frac{૬૦}{૬૧}$ આ ૧૮૩માં મંડલમાં દષ્ટિક્ષેત્ર હાનિ (ઘટ).

આ વિષયમાં પણ ભ્રમિત મિથ્યા માન્યતાઓ અનેક છે. અર્થાત્ કોઈ ૬૦૦૦ યોજન, કોઈ ૫૦૦૦ યોજન, કોઈ ૪૦૦૦ યોજન પ્રતિ મુહૂર્ત ગતિ માને છે આ બધી અસંગત માન્યતાઓ છે.

## ત્રીજો પ્રાભૃત

**પ્રકાશિત ક્ષેત્ર :–** બન્ને સૂર્ય મળીને પહેલા મંડલમાં રહીને જંબૂદ્વીપના $\frac{૩}{૫}$ ત્રણ પંચમાંશ ભાગને પ્રકાશિત કરે છે અને છેલ્લા મંડલમાં $\frac{૨}{૫}$ બે પંચમાંશ ભાગને પ્રકાશિત કરે છે. જો દશાંશમાં કહીએ તો પ્રથમ મંડલમાં ૬ દશાંશ અને છેલ્લા મંડલમાં ૪ દશાંશ જંબૂદ્વીપના ક્ષેત્રને બન્ને સૂર્ય પ્રકાશિત કરે છે.

એટલે એક સૂર્ય પહેલા મંડલમાં $\frac{૩}{૧૦}$ ત્રણ દશાંશ ભાગ ઉત્તર જંબૂદ્વીપક્ષેત્રનો પ્રકાશિત કરે છે. જ્યારે બીજો સૂર્ય $\frac{૩}{૧૦}$ ત્રણ દશાંશ ભાગ દક્ષિણ જંબૂદ્વીપક્ષેત્રમાં પ્રકાશિત કરે છે. આ સમયે પૂર્વમાં $\frac{૨}{૧૦}$ બે દશાંશ ભાગ અને પશ્ચિમમાં $\frac{૨}{૧૦}$ બે દશાંશ ભાગ અપ્રકાશિત રહે છે.

આ રીતે પ્રથમ મંડલમાં ૬૦ મુહૂર્તના $\frac{૨}{૧૦}$ = ૧૨ મુહૂર્તની રાત્રિ હોય છે અને ૬૦ મુહૂર્તના $\frac{૩}{૧૦}$ = ૧૮ મુહૂર્ત નો દિવસ હોય છે.

અંતિમ મંડલમાં પ્રત્યેક સૂર્ય $\frac{૨}{૧૦}$ ભાગને પ્રકાશિત કરે છે તેથી ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત હોય છે.

આ વિષય પર **૧૨ માન્યતા** સૂત્રમાં બતાવવામાં આવેલ છે તેને અસંગત કહેલ છે.

## ચોથો પ્રાભૃત

**મંડલ સંસ્થાન :–** બે સૂર્યને બે ચંદ્રની સમચોરસ સંસ્થિતિ છે. એટલે કે યુગના



પ્રારંભમાં એક સૂર્ય 'દક્ષિણ પૂર્વ'માં હોય છે. જ્યારે બીજો 'પશ્ચિમ ઉત્તર'માં હોય છે. આ સમયે એક ચંદ્ર 'દક્ષિણ પશ્ચિમ'માં હોય છે. જ્યારે બીજો 'ઉત્તર પૂર્વ'માં હોય છે. આ રીતે ચારે વિદિશાઓમાં સમકોણ થાય છે. તેથી આ સંસ્થિતિ સમચોરસ કહેલ છે.

અથવા સૂર્ય ચંદ્રના વિમાન પણ લંબાઈ, પહોળાઈમાં સમાન છે. આ કારણે વિમાનની અપેક્ષાએ પણ સમચોરસ સંસ્થાન સૂર્ય અને ચંદ્ર મંડલના કહેવાય છે.

**તાપક્ષેત્ર સંસ્થાન :–** કદમ્બ વૃક્ષના ફૂલ જેવો અથવા ગાડાની ધૂંસરી જેવો (સગડુદ્ધિ સંસ્થાન)સૂર્યના તાપક્ષેત્રનો આકાર હોય છે. આ તાપક્ષેત્ર મેઢની પાસે સંકુચિત પુષ્પ, મૂલ ભાગના સમાન હોય છે અને લવણ સમુદ્રની તરફ વિસ્તૃત પુષ્પમુખના ભાગ સમાન હોય છે.

પ્રથમ મંડલમાં સૂર્યનો પ્રકાશ મેઢની પાસે મેઢની પરિધિના $\frac{૩}{૧૦}$ ભાગમાં હોય છે અને લવણ સમુદ્રની તરફ અંતિમ પ્રકાશિત થવાવાળા ક્ષેત્રની પરિધિનો પણ $\frac{૩}{૧૦}$ ભાગ પ્રકાશક્ષેત્ર હોય છે. આ સંપૂર્ણ પ્રકાશ ક્ષેત્ર કદમ્બ વૃક્ષના પુષ્પના આકારનું હોય છે.

આ સંસ્થાનમાં ચાર બાહાઓ હોય છે, બે લાંબી અને બે ગોળાઈવાળી. તાપ ક્ષેત્રની પહોળાઈની બન્ને બાજુ લાંબી બાહા હોય છે અને તાપક્ષેત્રના મૂળ અને મુખ વિભાગની તરફ અર્થાત્ મેઢ અને સમુદ્રની તરફની બાહા ગોળાઈ-વાળી હોય છે. જંબૂદ્વીપની અંદર આ બન્ને લાંબી બાહા પરસ્પર સમાન ૪૫-૪૫ હજાર યોજનની અવસ્થિત હોય છે અને બન્ને ગોળ બાહાઓનું માપ પરસ્પર અસમાન હોય છે અને પ્રતિ મંડલમાં પરિવર્તિત થયા કરે છે.

તે પ્રથમ મંડલમાં મેઢની પાસે ૯૪૮૬ $\frac{૯}{૧૦}$ યોજન હોય છે અને સમુદ્રની તરફ ૯૪૮૬૮ $\frac{૪}{૧૦}$ યોજન હોય છે. આ મેઢની પરિધિ એવં જંબૂદ્વીપની પરિધિનો $\frac{૩}{૧૦}$ ત્રણ દશાંશ ભાગ છે. આ જંબૂદ્વીપની અંદરના ક્ષેત્રની અપેક્ષાએ પહેલા મંડલનું માપ કહેવાય છે.

સૂર્યનું તાપ ક્ષેત્ર લવણ સમુદ્રમાં પણ જાય છે. તેથી તાપ ક્ષેત્રની કુલ લંબાઈ ૪૫૦૦૦ + ૩૩૩૩૩ $\frac{૧}{૩}$ = ૭૮૩૩૩ $\frac{૧}{૩}$ યોજન થાય છે. આ લંબાઈ પહેલા અને છેલ્લા આદિ બધા મંડલોમાં સમાન હોય છે.

**અંધકાર સંસ્થાન :–** તાપક્ષેત્રના જેવો જ અંધકારનો આકાર હોય છે. જંબૂદ્વીપની અંદરની બન્ને બાહા તાપક્ષેત્રની સમાન ૪૫-૪૫ હજાર યોજનની હોય છે. અંધકારની સંપૂર્ણ લંબાઈ પણ તાપ ક્ષેત્રની જેમ જ ૭૮૩૩૩ $\frac{૧}{૩}$ યોજન હોય છે. ગોળ આભ્યંતર બાહા પહેલા મંડલમાં મેઢની પાસે મેઢની પરિધિથી $\frac{૨}{૧૦}$ બે દશાંશ હોય છે. અર્થાત્ ૬૩૨૪ $\frac{૬}{૧૦}$ યોજન હોય છે. બાહ્ય ગોળ બાહા જંબૂદ્વીપની

પરિધિનો $\frac{૨}{૧૦}$ બે દશાંશ = ૬૩૨૪૫ $\frac{૬}{૧૦}$ યોજન થાય છે.

આભ્યંતર મંડલમાં જે માપ કહેવામાં આવેલ છે તે બાહ્ય મંડલમાં પણ એ જ પ્રકારે કહેવું પરંતુ આભ્યંતર અને બાહ્ય ગોળાઈ વાળી બાહામાં ફરક છે. તે આ પ્રમાણે છે કે આભ્યંતર મંડલમાં તાપ ક્ષેત્રનું જે માપ છે તે બાહ્ય મંડલમાં અંધકારનું માપ સમજવું અને જે આભ્યંતર મંડલમાં અંધકારનું માપ કહ્યું છે તે બાહ્ય મંડલમાં પ્રકાશનું માપ સમજવું.

સૂર્ય ઉક્ત તાપ સંસ્થાન માપમાં ૧૦૦ યો. ઉપર પ્રકાશ કરે છે. ૧૮૦૦ યોજન નીચે પ્રકાશ કરે છે. અને તિરછા ૪૭૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન આગળ અને એટલા જ યોજન પાછળ બન્ને બાજુમાં પ્રકાશ કરે છે. આ વિષયમાં ૧૬ મિથ્યા માન્યતા સૂત્રમાં કહેલ છે.

| મંડલ | તાપક્ષેત્ર લંબાઈ | સ્થિરબાહા જંબૂદ્વીપમાં | આભ્યંતર પ્રકાશ બાહા | બાહ્ય પ્રકાશ બાહા | ભાગ |
|---|---|---|---|---|---|
| આભ્યંતર | ૭૮૩૩૩$\frac{૧}{૩}$ | ૪૫૦૦૦ | ૯૪૮૬ $\frac{૬}{૧૦}$ | ૯૪૮૬૮ $\frac{૪}{૧૦}$ | $\frac{૩}{૧૦} = \frac{૧\frac{૧}{૨}}{૫}$ |
| બાહ્ય | ૭૮૩૩૩$\frac{૧}{૩}$ | ૪૫૦૦૦ | ૬૩૨૪$\frac{૬}{૧૦}$ | ૬૩૨૪૫$\frac{૬}{૧૦}$ | $\frac{૨}{૧૦}$ અથવા $\frac{૧}{૫}$ |

**નોંધ :–** પ્રકાશક્ષેત્રનું જે માપ આભ્યંતર મંડલમાં છે તે જ અંધકારના બાહ્ય મંડલમાં છે અને જે માપ પ્રકાશક્ષેત્રનું બાહ્ય મંડલમાં છે તે જ અંધકારના આભ્યંતર મંડલમાં છે. ચાર્ટગત સંખ્યાઓ યોજનની છે. આભ્યંતર પ્રકાશ બાહા મેઢ પાસે છે. બાહ્ય પ્રકાશ બાહા જંબૂદ્વીપની જગતીની છે.

## પાંચમો પ્રાભૃત

**તાપ ક્ષેત્રમાં ઢકાવટ(લેશ્યા પ્રતિઘાત) :–** સૂર્યની લેશ્યા અર્થાત્ સૂર્યનો પ્રકાશ-તાપ અંદર મેઢ પર્વત સુધી જાય છે. પછી તેની દિવાલના સૂક્ષ્મ બાદર પુદ્‌ગલોથી રોકાઈ જાય છે. બહાર લવણ સમુદ્રમાં તથા બન્ને બાજુ પ્રકાશ સીમાના કિનારા પર, એમ આ ત્રણે તરફ ચરમ સ્પર્શિત પુદ્‌ગલોથી સૂર્યનો પ્રકાશ રોકાઈ જાય. મતલબ એ કે ત્યાં સુધી જ જાય. આગળ સીમા સ્વભાવથી ન જાય. ત્રણે બાજુની સીમાનું માપ ચોથા પાહુડમાં છે. એના સિવાય તાપક્ષેત્રની સીમામાં પણ જે પદાર્થોથી પ્રકાશ રોકાઈને છાયા થાય ત્યાં પણ તે પદાર્થો વડે સૂર્યની લેશ્યા– પ્રકાશ રોકાઈ જાય છે, પ્રતિહત થાય છે.

આ વિષયમાં બીજી ૨૦ માન્યતાઓ સૂત્રમાં કહેવામાં આવી છે. તેમાં શબ્દોચ્ચારણનું જ અંતર છે. ખરેખર તો બધાનું કહેવું એક સમાન છે.



## છઠ્ઠો પ્રાભૃત

**પ્રકાશ સંસ્થિતિમાં ઘટ વધ :–** આભ્યંતર મંડલથી બાહ્ય મંડલમાં જતા સમયે સૂર્યના પ્રકાશની સંસ્થિતિ એટલે પ્રકાશનું સંસ્થાન અર્થાત્ પ્રકાશ ક્ષેત્ર પ્રતિ મંડલમાં ઘટે છે અને બાહ્ય મંડલથી આભ્યંતર મંડલમાં આવતા સમયે પ્રતિ મંડલમાં પ્રકાશ ક્ષેત્ર વધે છે. પ્રત્યેક મંડલને સૂર્ય ૩૦ મુહૂર્તમાં પાર કરે છે. અતઃ દર ત્રીસ મુહૂર્તે સૂર્યનું પ્રકાશક્ષેત્ર એટલે પ્રકાશ સંસ્થિતિ ઘટે વધે છે. આ સ્થૂલ દષ્ટિની અપેક્ષાએ છે.

સૂક્ષ્મ દષ્ટિથી સૂર્ય પ્રતિક્ષણ આગલા મંડલની તરફ કર્ણ ગતિથી વધે છે. એક મંડલથી બીજા મંડલ પહોંચવા સુધી ક્રમશઃ ગતિ વધારતા બે યોજનક્ષેત્ર વધારે છે અને એટલી ગતિ પણ વધારે છે, જેથી તાપક્ષેત્રમાં થોડી વધ-ઘટ થતી રહે. માટે સૂક્ષ્મ દષ્ટિથી ઘડીયાલની અંદર રહેલા કલાક અને તારીખના કાંટા કે તેના અક્ષરોની સમાન પ્રતિપલ તાપક્ષેત્ર એટલે પ્રકાશ સંસ્થિતિ ઘટતી વધતી હોય છે.

આ પ્રકારે સ્થૂલ દષ્ટિથી એક દિવસના ૩૦ મુહૂર્ત સૂર્ય પ્રકાશ સંસ્થિતિ અવસ્થિત રહે છે અને પછી ઘટે અથવા વધે છે. જે છ મહિના બહાર આવવા સુધી ઘટે છે અને પછી છ મહીના અંદર આવતાં વધે છે.

પ્રતિદિવસ મુહૂર્તનો $\frac{૨}{૬૧}$ ભાગ ઘટે-વધે છે. છ મહિનામાં કુલ $\frac{૩૬૬}{૬૧}$ ભાગ = ૬ મુહૂર્ત દિવસ ઘટે, વધે છે. મંડલની અપેક્ષાએ $\frac{૨}{૧૮૩૦}$ ભાગ તાપ ક્ષેત્ર ઘટે-વધે છે.

આ વિષયમાં અન્ય ૨૫ માન્યતાઓના કથન છે. જેમાં સમય, મુહૂર્તથી લઈને ૧ લાખ સાગરોપમ અને એક ઉત્સર્પિણી અવસર્પિણી કાળના અંતરથી સૂર્યની ઓજ સંસ્થિતિનું બદલવું કહેલ છે.

## સાતમો પ્રાભૃત

**લેશ્યા વરણ :–** સૂર્યના પ્રકાશને સ્પર્શ કરવાવાળા બધા પુદ્‌ગલ તેની લેશ્યાનું વરણ(ગ્રહણ) કરે છે. આથી જોઈ શકાતા અને ન જોઈ શકાતા, સૂક્ષ્મ કે બાદર, જે કોઈપણ પુદ્‌ગલ સૂર્યની પ્રકાશ સીમામાં આવે તે સૂર્ય લેશ્યાને વરણ કરનારા ગણાય, ગ્રહણ કરી પ્રકાશિત થનારા ગણાય.

આ વિષયમાં પણ ૨૦ માન્યતાઓ પાંચમા પાહુડની જેમ જાણવી.

## આઠમો પ્રાભૃત

સૂર્ય ઉત્તર પૂર્વમાં ઉદય થઈને દક્ષિણ પૂર્વમાં આવે છે. દક્ષિણ પૂર્વમાં ઉદય થઈને દક્ષિણ પશ્ચિમમાં આવે છે. આમ જ ક્રમવાર આગળ વધતા ઉદય થાય છે.

જ્યારે જંબૂદ્વીપમાં મેરૂથી દક્ષિણ વિભાગમાં સૂર્ય ઉદય થાય છે ત્યારે ઉત્તરી વિભાગમાં પણ ઉદય થાય છે ને પૂર્વી પશ્ચિમી ભાગમાં અસ્ત થાય છે. જ્યારે દક્ષિણી ભાગમાં ૧૮ મુહૂર્તથી લઈને ૧૨ મુહૂર્તનો દિવસ હોય છે ત્યારે ઉત્તરી ભાગમાં પણ એટલા જ મુહૂર્તનો દિવસ હોય છે. પૂર્વી પશ્ચિમી બન્ને વિભાગમાં એજ સમયે સાથે-સાથે રાત હોય છે. તે પણ બન્નેમાં ૧૨ મુહૂર્તથી લઈને ૧૮ મુહૂર્ત સુધી સરખી હોય છે.

જ્યારે દક્ષિણમાં વર્ષનો, ઋતુનો પહેલો સમયાદિ હોય છે ત્યારે ઉત્તરમાં પણ વર્ષ, ઋતુ આદિનો પ્રથમ સમય આદિ હોય છે. પરંતુ પૂર્વ પશ્ચિમ વિભાગમાં તેના પછીના સમયે વર્ષ, ઋતુ આદિનો પ્રથમ સમય હોય છે.

અહીં જંબૂદ્વીપના ચાર સરખા વિભાગની કલ્પના કરી છે અને એમના પ્રારંભિક પ્રદેશોમાં જ્યારે સૂર્યોદય થાય છે અથવા વર્ષનો પ્રથમ સમય હોય છે ત્યારે આખા એ વિભાગમાં પ્રથમ સમય અપેક્ષિત કરીને કહેવાયો છે. એટલા માટે ઉત્તર દક્ષિણ વિભાગના વર્ષ આદિ પ્રારંભના અનંતર સમયમાં જ પૂર્વ પશ્ચિમ વિભાગમાં વર્ષ આદિની શરૂઆત કહેવાય છે.

અહીંયા કોઈ આ ચાર વિભાગોને ભરત, ઐરાવત, મહાવિદેહમાં આગ્રહિત કરે તો (ઉક્ત) આ વિષયની સાચી સમજ આવશે નહીં અને સંદેહશીલ માનસ બની જશે. એટલામાટે જંબૂદ્વીપના બરાબર ચાર વિભાગની કલ્પના કરીને એક-એક વિભાગને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વિભાગ માનીને આ(ઉક્ત) વિષય સમજવો જોઈએ.

આ પ્રકારે જ લવણ સમુદ્રમાં, ધાતકી ખંડમાં, કાલોદધિ સમુદ્રમાં, અર્ધ પુષ્કરદ્વીપમાં સૂર્યની ઉદય સંસ્થિતિ અને વર્ષાઋતુનો પ્રથમ સમય આદિ સમજી લેવા. સર્વત્ર એ ક્ષેત્રના સમાન ચાર વિભાગ કલ્પિત કરવા અને એમાંથી પ્રત્યેક વિભાગમાં ઉક્ત જંબૂદ્વીપના વિભાગોની સમાન જ સૂર્યોદયની ઉદય સંસ્થિતિ અને વર્ષ આદિની શરૂઆત સમજી લેવી.

આ વિષયમાં ત્રણ પ્રકારની વિસ્તૃત માન્યતાઓ સૂત્રમાં કહેલ છે. જે અશુદ્ધ માન્યતાઓ છે.

## નવમો પ્રાભૃત

**તાપ લેશ્યા :–** સૂર્યમાંથી જે તાપ લેશ્યા નીકળે છે તે સ્પર્શમાં આવનાર પુદ્ગલને આતાપિત કરે છે તથા આ તાપ લેશ્યાના સ્પર્શમાં ન આવનારા પુદ્ગલને પણ આતાપિત કરે છે. તે આ લેશ્યાઓમાંથી જે છિન્ન લેશ્યાઓ નીકળે છે, તેનાથી આતાપિત થાય છે. તાત્પર્ય એ છે કે સૂર્યના કિરણો જે વસ્તુ પર પડે છે તે ગરમ



થાય છે. પરંતુ જ્યાં તડકો નથી પહોંચતો તે પુદ્ગલ, ભૂમિ વગેરે પણ ગરમ થતાં દેખાય છે. એમને સીધા કિરણોથી તાપ નહીં મળતાં, તાપ કિરણોમાંથી જે અંતર કિરણો નીકળે છે એનાથી તાપ મળે છે અર્થાત્ છાયાવાળા ક્ષેત્રને પણ સૂર્યના કિરણો કંઈક પ્રકાશિત અને આતાપિત કરે છે. આ વિષયમાં પણ ત્રણ માન્યતાઓ છે.

**છાયા પ્રમાણ :–** પોરસી છાયાનો મતલબ એ છે કે જે ચીજ જેટલી છે તેની એટલી જ છાયા હોય તે(એક) પોરસી(અર્થાત્ પુરુષની પુરુષ પ્રમાણ) છાયા હોય છે. આ છાયાનું માપ યુગના આદિ સમય અર્થાત્ શ્રાવણ વદ એકમની અપેક્ષાએ અહીં કહેવાયું છે તે આ પ્રકારે છે–

| | છાયાનું માપ | દિવસનો સમય |
|---|---|---|
| ૧ | અપાર્ધ પોરસી(અડધી) છાયા | ત્રીજો ભાગ દિવસ=૬ મુહૂર્ત વીતવા પર. |
| ૨ | પોરસી(પુરુષ પ્રમાણ) છાયા | ચોથો ભાગ દિવસ =૪ ½ મુહૂર્ત વીતવા પર થાય છે. એટલો જ દિવસ શેષ રહેવા પર પોરસી છાયા હોય છે. |
| ૩ | દોઢ પોરસી(દોઢગણી) છાયા | પાંચમો ભાગ દિવસ = ૩ મુહૂર્ત ૩૦ મિનટ વીતવા પર |
| ૪ | બે પોરસી છાયા(બે ગણી) | છઠ્ઠો ભાગ દિવસ = ૩ મુહૂર્ત વીતવા પર |
| ૫ | અઢી પોરસી છાયા(અઢી ગણી) | સાતમો ભાગ દિવસ = ૨ મુહૂર્ત ૨૭ મિનિટ વીતવા પર. |
| ૬ | ૫૮ ½ પોરસી(૫૮ ½ ગણી) છાયા | ૧૯૦૦મો ભાગ= ૨૭ ¼ સેંકડ દિવસ વીતવા પર. |
| ૭ | ઓગણસાઠ પોરસી(૫૯ ગણી) છાયા | ૨૨૦૦૦ મો ભાગ = ૨ ⅓ સેંકડ દિવસ વીતવા પર. |
| ૮ | સાધિક ઓગણસાઈઠ પોરસી છાયા | સૂર્યોદય અને સૂર્યાસ્તનો પ્રારંભિક પ્રથમ સમય થાય છે. અર્થાત્ દિવસનો કોઈ પણ ભાગ વ્યતીત નથી થતો. |

આ વિષયમાં ૯૬ માન્યતાઓ કહેવામાં આવી છે, જે એક પોરસી છાયાથી

લઈને ૯૬ પોરસી છાયા થવા સુધીના એકાંતિક કથનની છે.

**છાયાનો આકાર :–** લાંબી, ચોરસ, ગોળ,અનુકૂલ, પ્રતિકૂલ વગેરે છાયાના પચ્ચીસ પ્રકાર કહેવાયા છે. અર્થાત્ વસ્તુઓનો પોતાનો આકાર, પ્રકાશમાન વસ્તુની સંસ્થિતિ અને અંતર આદિના કારણે છાયા અનેક પ્રકારની હોય છે. પચ્ચીસ પ્રકારમાંથી ગોળ છાયાના પુનઃ અર્ધગોળ, પા ગોળ, સઘન ગોળ, વગેરે આઠ પ્રકાર છે.

## દસમો પ્રાભૃત : પહેલો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્ર નામ ક્રમ :–** (૧) અભિજિત (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) શતભિષક (૫) પૂર્વ ભાદ્રપદ (૬) ઉત્તર ભાદ્રપદ (૭) રેવતી (૮) અશ્વિની (૯) ભરણી (૧૦) કૃતિકા ૧૧) રોહિણી (૧૨) મૃગશીર્ષ (૧૩) આર્દ્રા (૧૪) પુનર્વસુ (૧૫) પુષ્ય (૧૬) અશ્લેષા (૧૭) મઘા (૧૮) પૂર્વા ફાલ્ગુની (૧૯) ઉત્તરા ફાલ્ગુની (૨૦) હસ્ત (૨૧) ચિત્રા (૨૨) સ્વાતિ (૨૩) વિશાખા (૨૪) અનુરાધા (૨૫) જયેષ્ઠા (૨૬) મૂલ (૨૭) પૂર્વાષાઢા (૨૮) ઉત્તરાષાઢા.

આ વિષયમાં પણ વિભિન્ન મત છે. જેમાં નક્ષત્ર ક્રમની શરૂઆત કૃતિકાથી, મઘાથી, ધનિષ્ઠાથી, અશ્વિનીથી, ભરણીથી કરવામાં આવે છે. અભિજિત નક્ષત્રથી જ ઉત્સર્પિણીકાળનો પ્રારંભ થવો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં બતાવેલ છે.

## બીજો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્રોનો ચંદ્ર સંયોગ:–** એના ચાર પ્રકાર છે.

(૧) ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત– અભિજિત.

(૨) ૧૫ મુહૂર્ત– (૧) શતભિષક (૨) ભરણી (૩) આર્દ્રા (૪) અશ્લેષા (૫) સ્વાતિ (૬) જયેષ્ઠા

(૩) ૩૦ મુહૂર્ત– (૧) શ્રવણ (૨) ધનિષ્ઠા (૩) પૂર્વ ભાદ્રપદ (૪) રેવતી (૫) અશ્વિની (૬) કૃતિકા (૭) મૃગશીર્ષ (૮) પુષ્ય (૯) મઘા (૧૦) પૂર્વા ફાલ્ગુની (૧૧) હસ્ત (૧૨) ચિત્રા (૧૩) અનુરાધા (૧૪) મૂલ (૧૫) પૂર્વાષાઢા.

(૪) ૪૫ મુહૂર્ત– (૧) ઉત્તરભાદ્રપદ (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) ઉત્તરા ફાલ્ગુની (૫) વિશાખા (૬) ઉત્તરાષાઢા

**નક્ષત્રોનો સૂર્ય સંયોગ :–** તેના ચાર પ્રકાર છે.

(૧) ૪ દિવસ ૬ મુહૂર્ત–અભિજિત.

(૨) ૬ દિવસ ૨૧ મુહૂર્ત–શતભિષક આદિ ૬ ઉપર પ્રમાણે



(૩) ૧૩ દિવસ ૧૨ મુહૂર્ત–શ્રવણ આદિ ૧૫ ઉપર પ્રમાણે

(૪) ૨૦ દિવસ ૩ મુહૂર્ત–ઉત્તરભાદ્રપદ આદિ ૬ ઉપરવત્

## ત્રીજો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્રોનો ચંદ્ર સંયોગ ક્યારે ? :–** એના ચાર પ્રકાર છે.

| | | |
|---|---|---|
| ૧ | દિવસના પ્રથમ ભાગમાં શરૂઆત થાય અને ત્રીસ મુહૂર્ત રહે. | પૂર્વ ભાગ સમક્ષેત્ર |
| ૨ | દિવસના પશ્ચિમ ભાગમાં શરૂઆત થાય અને ત્રીસ મુહૂર્ત રહે. | પશ્ચાત્ ભાગ સમક્ષેત્ર |
| ૩ | રાત્રિમાં શરૂઆત થાય અને ૧૫ મુહૂર્ત રહે. | નક્ત ભાગ–અર્દ્ધક્ષેત્ર |
| ૪ | રાત્રિ દિવસ બન્નેમાં શરૂઆત થાય અને ૪૫ મુહૂર્ત રહે. | ઉભય ભાગ–દોઢ ક્ષેત્ર |

**(૧) પૂર્વ ભાગમાં :–** (૧) પૂર્વા ભાદ્રપદ (૨) કૃતિકા (૩) મઘા (૪) પૂર્વાફાલ્ગુની (૫) મૂલ (૬) પૂર્વાષાઢા.

**(૨) પશ્ચિમ ભાગમાં :–** (૧) અભિજિત (શ્રવણ નક્ષત્રના સંયોગથી ઉપચારથી માનવામાં આવ્યું છે.) (૨) શ્રવણ (૩) ધનિષ્ઠા (૪) રેવતી (૫) અશ્વિની (૬) મૃગશીર્ષ (૭) પુષ્ય (૮) હસ્ત (૯) ચિત્રા (૧૦) અનુરાધા.

**(૩) નક્ત ભાગમાં :–** (૧) શતભિષક (૨) ભરણી (૩) આર્દ્રા (૪) અશ્લેષા (૫) સ્વાતિ (૬) જયેષ્ઠા.

**(૪) ઉભય ભાગમાં :–** (૧) ઉત્તરભાદ્રપદ (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) ઉત્તરાફાલ્ગુની (૫) વિશાખા (૬) ઉત્તરાષાઢા.

## ચોથો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્ર ચંદ્ર સંયોગ અને સમર્પણ :–** આ પૂર્વેના પ્રતિ પ્રાભૃતમાં સમુચ્ચયથી કહેલ વિષયને અહીં એક-એક નક્ષત્રના ક્રમથી સ્પષ્ટ કર્યો છે. સાથે જ અભિજિત શ્રવણ બન્ને નક્ષત્રોની એક સાથે સંમિલિત વિવક્ષા કરવામાં આવી છે.

(૧-૨)અભિજિત શ્રવણ બન્ને નક્ષત્ર મળીને પશ્ચિમ દિવસમાં યોગ પ્રારંભ કરી ૩૯ મુહૂર્ત સાધિક રહી બીજા દિવસે પશ્ચાત્ ભાગમાં ધનિષ્ઠાને સંયોગ સમર્પણ કરે છે.

(૩) ધનિષ્ઠા નક્ષત્ર પણ ત્રીસ મુહૂર્ત રહીને બીજા દિવસે પશ્ચાત્ ભાગમાં

શતભિષકને સંયોગ સમર્પિત કરી દે છે. અર્થાત્ પહેલા નક્ષત્રનો યોગ સમાપ્ત થતા આગલા નક્ષત્રનો સંયોગ પ્રારંભ થાય છે.

આ પ્રકારે પ્રથમ પ્રતિ પ્રાભૃતમાં કહેલ ક્રમમાં બધા નક્ષત્રોનો સંયોગ જાણવો કારણ કે એ જ ક્રમથી સંયોગ ચાલે છે.

સંયોગના મુહૂર્તની સંખ્યા બીજા ત્રીજા પ્રતિ પાહુડમાં બતાવવામાં આવી છે. એટલા સમય સુધી ચંદ્રની સાથે નક્ષત્ર સંયોગ કરે છે. પછી બીજા નક્ષત્રનો સંયોગ કહેવાય છે. આ પ્રકારે ***યાવત્*** પૂર્વાષાઢા નક્ષત્ર દિવસના પૂર્વ ભાગમાં સંયોગ કરીને ૩૦ મુહૂર્ત રહી બીજા દિવસે પૂર્વ ભાગમાં ઉત્તરાષાઢાને સંયોગ સમર્પિત કરે છે. પછી ઉત્તરાષાઢા પૂર્વ દિવસ ભાગમાં સંયોગ શરૂઆત કરીને ૪૫ મુહૂર્ત રહીને બીજા દિવસે સાંજના અભિજિત શ્રવણ નક્ષત્રને યોગ સમર્પિત કરે છે. આ પ્રકારે આ આખું ચક્ર યથા સમય શરૂ થઈને યથા સમય સમાપ્ત થાય છે અને પુનઃ યથા સમય શરૂ થઈ જાય છે.

## પાંચમો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્રોના કુલ ઉપકુલ વિભાગ :–** જે નક્ષત્રમાં માસની સમાપ્તિ થાય, જે માસના નામવાળા નક્ષત્ર હોય એ કુલ કહેવાય. એના પૂર્વવાળા નક્ષત્ર ઉપકુલ કહેવાય છે અને એના પૂર્વ ક્રમ વાળા નક્ષત્રને કુલોપકુલ કહેવાય. યથા–

**કુલ :–** (૧) ધનિષ્ઠા (૨) ઉત્તરભાદ્રપદ (૩) અશ્વિની (૪) કૃતિકા (૫) મૃગશીર્ષ (૬) પુષ્ય ૭) મઘા (૮) ઉત્તરા ફાલ્ગુની (૯) ચિત્રા (૧૦) વિશાખા (૧૧) મૂલ (૧૨) ઉત્તરાષાઢા.

અહીં ધનિષ્ઠા અને મૂલ આ બે નક્ષત્ર મહીનાના નામ સિવાયના લેવાયા છે. કારણ કે તે મહિનાની સમાપ્તિ કરવાવાળા એ જ નક્ષત્ર છે.

**ઉપકુલ :–** (૧) શ્રવણ (૨) પૂર્વા ભાદ્રપદ (૩) રેવતી (૪) ભરણી (૫) રોહિણી (૬) પુનર્વસુ (૭) અશ્લેષા (૮) પૂર્વા ફાલ્ગુની (૯) હસ્ત (૧૦) સ્વાતિ (૧૧) જ્યેષ્ઠા (૧૨) પૂર્વાષાઢા.

**કુલોપકુલ :–** (૧) અભિજિત (૨) શતભિષક (૩) આર્દ્રા (૪) અનુરાધા.

## છઠ્ઠો પ્રતિ પ્રાભૃત

**પૂર્ણિમાના દિવસે સંયોગ :–** શ્રાવણ, ભાદરવા, પોષ, જ્યેષ્ઠ માસમાં કુલ, ઉપકુલ અને કુલોપકુલ ત્રણ નક્ષત્રનો યોગ હોય છે. બાકી બધી પૂર્ણિમામાં કુલ, ઉપકુલ બે નક્ષત્રનો સંયોગ હોય છે. ૧૨ મહિનાની ૧૨ પૂર્ણિમા હોય છે. એ કુલ, ઉપકુલ અથવા કુલોપકુલ ત્રણેમાંથી કોઈ પણ સાથે યોગ યુક્ત થઈ શકે છે. મહિનાના નામવાળા કુલ અને એમના ઉપકુલ, કુલોપકુલ પાંચમા પ્રતિ પ્રાભૃતમાં કહ્યા છે, તે અનુસાર જ ક્રમથી ૧૨ મહિનાની પૂર્ણિમામાં સમજી લેવું.



**અમાસ અને એના નક્ષત્ર સંયોગ :–** ૧૨ મહિનાની ૧૨ અમાસ હોય છે. જે મહિનાની અમાસના નક્ષત્ર સંયોગ જાણવા હોય એના ૬ મહિના પછી આવનાર મહિનાના કુલ, ઉપકુલ, કુલોપકુલનો સંયોગ આ અમાસનો હોય છે. યથા–

શ્રાવણ મહિનાના ૬ મહિના પછી માઘ(મહા) મહિનો હોય છે. અતઃ માઘ મહિનાના કુલ, ઉપકુલ મઘા અને અશ્લેષાનો સંયોગ શ્રાવણની અમાસના દિવસે થાય છે. આ રીતે માગસર, મહા, ફાગણ અને અષાઢ મહિનાની અમાસમાં ક્રમશઃ જેઠ, શ્રાવણ, ભાદરવા, પોષ મહિનાના કુલ, ઉપકુલ, કુલોપકુલ ત્રણમાંથી કોઈપણ નક્ષત્રનો સંયોગ થવાથી તે અમાસ યોગ યુક્ત હોય છે. બાકી ૮ મહીનાની અમાસમાં એ મહિનાથી આગલા ૬ મહિના પછી એ મહિનાના કુલ ઉપકુલ બન્નેમાંથી કોઈ એકનો સંયોગ થવાથી એ અમાસ યોગ યુક્ત હોય છે.

**નોટ :–** અહીં મૂળ પાઠમાં ફાગણ મહિનાની અમાસમાં ભાદરવા મહિનાના કુલનો પાઠ છૂટી ગયો છે અને ત્રણની જગ્યાએ બે ના સંયોગ કહ્યા છે તથા પોષ મહિનાથી લઈને અષાઢ મહિના સુધીની અમાસના સંયોગનો પાઠ અશુદ્ધ છે. અર્થાત્ કુલને ઉપકુલ લખાઈ ગયું છે અને ઉપકુલને કુલ લખાઈ ગયું છે. આ સંપાદનની પરંપરાગત ભૂલ જાણવી.

## સાતમો પ્રતિ પ્રાભૃત

**મહિનાની અમાસ અને પૂનમનો નક્ષત્ર યોગ સાથે સંબંધ :–** છઠ્ઠા પ્રતિ પ્રાભૃતમાં બતાવ્યું કે શ્રાવણ મહિનાની અમાસના દિવસે મહા મહિનાના કુલ, ઉપકુલનો સંયોગ થાય છે. અર્થાત્ છ મહિના પછીના કુલ ઉપકુલ ૬ મહિના પહેલાવાળા મહિનાની અમાસના દિવસે જોગ જોડે છે અને આ બન્ને મહિનાનો પરસ્પર સંબંધ થાય છે. આ સાતમા પ્રતિ પ્રાભૃતમાં બતાવ્યું છે.

શ્રાવણ મહિનામાં માઘી(માઘ મહિનાના કુલ, ઉપકુલવાળી) અમાસ હોય છે અને શ્રાવણી પૂનમ હોય છે. માઘ મહિનામાં શ્રાવણી અમાસ હોય છે અને માઘી પૂનમ હોય છે.

આ પ્રકારનો સંબંધ ક્રમશઃ (૨) ભાદરવા– ફાગણનો (૩) આસો– ચૈત્રનો (૪) કારતક– વૈશાખનો (૫) માગસર– જયેષ્ઠનો (૬) પોષ–અષાઢનો હોય છે. અર્થાત્ પોષમાં અષાઢી અમાવસ્યા અને પોષી પૂનમ હોય છે. અષાઢમાં પોષી અમાવસ્યા અને અષાઢી પૂનમ હોય છે.

## આઠમો, નવમો પ્રતિ પ્રાભૃત

આ બન્ને પ્રતિ પ્રાભૃતમાં નક્ષત્રોના આકાર અને તારાઓની (વિમાનોની) સંખ્યા કહેલ છે જે ચાર્ટ દ્વારા દર્શાવેલ છે.

**નક્ષત્ર, આકાર, યોગ આદિ :–**

| ક્રમ | નામ | આકાર | તારા | કુલ | પૂનમ સંયોગ | અમાસ સંયોગ | દશ્ય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અભિજિત | ગોશીર્ષ | ૩ | કુલોપકુલ-૧ | | | |
| ૨ | શ્રવણ | કાવડ | ૩ | ઉપકુલ | | | |
| ૩ | ધનિષ્ઠા | પોપટનું પિંજર | ૫ | કુલ | શ્રાવણ | માઘી | |
| ૪ | શતભિષક | પુષ્પ ચંગેરી | ૧૦૦ | કુલોપકુલ-૨ | | | |
| ૫ | પૂર્વ ભાદ્રપદ | અર્ધ વાવ | ૨ | ઉપકુલ | | | |
| ૬ | ઉ. ભાદ્રપદ | અર્ધ વાવ | ૨ | કુલ | ભાદરવા | ફાગણી | |
| ૭ | રેવતી | નાવા | ૩૨ | ઉપકુલ | | | |
| ૮ | અશ્વિની | અશ્વસ્કંધ | ૩ | કુલ | આસો | ચૈત્રી | |
| ૯ | ભરણી | ભગ | ૩ | ઉપકુલ | | | |
| ૧૦ | કૃતિકા | ક્ષુર-ઘર | ૬ | કુલ | કારતક | વૈશાખી | |
| ૧૧ | રોહિણી | ધૂંસઢં | ૫ | ઉપકુલ | | | |
| ૧૨ | મૃગશીર્ષ | મૃગનું શિર | ૩ | કુલ | માગસર | જયેષ્ઠી | |
| ૧૩ | આર્દ્રા | રુધિરબિંદુ | ૧ | કુલોપકુલ-૩ | | | |
| ૧૪ | પુનર્વસુ | તુલા | ૫ | ઉપકુલ | | | |
| ૧૫ | પુષ્ય | વર્ધમાનક | ૩ | કુલ | પોષ | આષાઢી | |
| ૧૬ | અશ્લેષા | પતાકા | ૬ | ઉપકુલ | | | |
| ૧૭ | મઘા | પ્રાકાર | ૭ | કુલ | મહા | શ્રાવણી | |
| ૧૮ | પૂર્વા ફા. | પલિયંક | ૨ | ઉપકુલ | | | |
| ૧૯ | ઉત્તરા ફા. | પલિયંક | ૨ | કુલ | ફાગણ | ભાદરવી | |
| ૨૦ | હસ્ત | હાથ | ૫ | ઉપકુલ | | | |
| ૨૧ | ચિત્રા | ખીલેલા પુષ્પ | ૧ | કુલ | ચૈત્ર | આસો | |
| ૨૨ | સ્વાતિ | ખીલા | ૧ | ઉપકુલ | | | |
| ૨૩ | વિશાખા | દામણિ | ૫ | કુલ | વૈશાખ | કાર્તિકી | |
| ૨૪ | અનુરાધા | એકાવલી | ૪(૫) | કુલોપકુલ-૪ | | | |
| ૨૫ | જયેષ્ઠા | ગજદંત | ૩ | ઉપકુલ | | | |
| ૨૬ | મૂલ | વીંછી | ૧૧ | કુલ | જયેષ્ઠ | માગસરી | |
| ૨૭ | પૂર્વાષાઢા | હાથીનાં પગલાં | ૪ | ઉપકુલ | | | |
| ૨૮ | ઉત્તરાષાઢા | બેઠેલો સિંહ | ૪ | કુલ | આષાઢ | પૌષી | |



## દસમો પ્રતિ પ્રાભૃત

દરેક રાતની શરૂઆત થતા જે નક્ષત્ર ઉદય થાય છે અને સંપૂર્ણ રાતમાં આકાશમાં રહીને રાત સમાપ્ત થતા અસ્ત થાય છે એ નક્ષત્ર રાત વાહક નક્ષત્ર કહેવાય છે. અર્થાત્ તે નક્ષત્ર સંપૂર્ણ રાતનું વહન કરે છે. જેમ સૂર્યથી કાલમાન પોરસી જ્ઞાન થાય છે, એવી જ રીતે રાત વાહક નક્ષત્રને જાણવા જોવાથી રાતના સમયનું અનુમાન થાય છે. ૨૮ નક્ષત્રમાં કોઈ નક્ષત્ર ૭ દિવસ રાત વહન કરે છે તો કોઈ ૧૫ દિવસ વહન કરે છે. તે સિવાય કોઈ મહિનામાં ત્રણ નક્ષત્ર તો કોઈમાં ચાર નક્ષત્ર રાત વહન કરે છે એને ચાર્ટથી જુઓ.

**રાત્રિવાહક નક્ષત્ર :–**

| ક્રમ | મહીના | નક્ષત્ર નામ | રાત્રિ સં૦ | નક્ષત્ર | રાત્રિ સં૦ | નક્ષત્ર | રાત્રિ સં૦ | નક્ષત્ર | રાત્રિ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રાવણ | ઉત્તરાષાઢા | ૧૪ | અભિજિત | ૭ | શ્રવણ | ૮ | ધનિષ્ઠા | ૧ |
| ૨ | ભાદરવો | ધનિષ્ટા | ૧૪ | શતભિષક | ૭ | પૂ.ભાદ્રપદ | ૮ | ઉ.ભાદ્રપદ | ૧ |
| ૩ | આસો | ઉ.ભાદ્રપદ | ૧૪ | રેવતી | ૧૫ | અશ્વિની | ૧ | – | – |
| ૪ | કારતક | અશ્વિની | ૧૪ | ભરણી | ૧૫ | કૃતિકા | ૧ | – | – |
| ૫ | માગસર | કૃતિકા | ૧૪ | રોહિણી | ૧૫ | મૃગશીર્ષ | ૧ | – | – |
| ૬ | પોષ | મૃગશીર્ષ | ૧૪ | આર્દ્રા | ૭ | પુનર્વસુ | ૮ | પુષ્ય | ૧ |
| ૭ | મહા | પુષ્ય | ૧૪ | અશ્લેષા | ૧૫ | મઘા | ૧ | – | – |
| ૮ | ફાગણ | મઘા | ૧૪ | પૂ.ફાલ્ગુની | ૧૫ | ઉ.ફાલ્ગુની | ૧ | – | – |
| ૯ | ચૈત્ર | ઉ.ફાલ્ગુની | ૧૪ | હસ્ત | ૧૫ | ચિત્રા | ૧ | – | – |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૦ | વૈશાખ | ચિત્રા | ૧૪ | સ્વાતિ | ૧૫ | વિશાખા | ૧ | – | – |
| ૧૧ | જયેષ્ઠ | વિશાખા | ૧૪ | અનુરાધા | ૭ | જયેષ્ઠા | ૮ | મૂલ | ૧ |
| ૧૨ | અષાઢ | મૂલ | ૧૪ | પૂર્વાષાઢા | ૧૫ | ઉત્તરષાઢા | ૧ | – | – |

**સૂચના :–** *ચાર્ટમાં– સં૦ = સંખ્યા, ઉ. = ઉત્તરા, પૂ. = પૂર્વા.*

દરેક મહિનામાં તેનું 'કુલનક્ષત્ર' એક જ દિવસ પૂનમની રાત્રિને વહન કરે છે. ચાર મહિનામાં કુલોપકુલ હોય છે. તે મહિનામાં ચાર નક્ષત્ર રાત્રિ વહન કરે છે. શેષ મહિનામાં ત્રણ નક્ષત્ર રાત્રિ વહન કરે છે.

દરેક મહીનાના 'કુલનક્ષત્ર' આગલા મહિનાની શરૂઆતના ૧૪ દિવસ રાત વહન કરે છે. બાકીના ૧૬ દિવસોમાંથી તે મહિનાના છેલ્લા એક દિવસે તે જ મહીનાના કુલ નક્ષત્ર વહન કરે છે. બાકી રહેલા ૧૫ દિવસોમાં જો તે જ મહિનાના ઉપકુલ અને કુલોપકુલ બંને હોય તો ક્રમશઃ ૮ અને ૭ રાત્રિ વહન કરે છે અને માત્ર ઉપકુલ જ હોય તો તે ૧૫ દિવસ સુધી રાત્રિ વહન કરે છે.

## અગિયારમો પ્રતિ પ્રાભૃત

ચંદ્રની સાથે જોગ જોડવાવાળા નક્ષત્રનો પાંચ રીતે સંયોગ થાય છે– (૧) દક્ષિણમાં રહીને સાથે ચાલે છે. (૨) ઉત્તરમાં રહીને સાથે ચાલે છે. (૩) ઉપર નીચેની અપેક્ષાએ સીધાણમાં રહીને પ્રમર્દ યોગથી ચાલે છે. (૪) કયારેક દક્ષિણથી તો કયારેક પ્રમર્દ સાથે ચાલે છે. (૫) કયારેક દક્ષિણથી તો કયારેક ઉત્તરથી તો કયારેક પ્રમર્દથી એમ ત્રણે ય રીતે સાથે ચાલે છે.

**(૧) દક્ષિણથી–** (૧) મૃગ (૨) આર્દ્રા (૩) પુષ્ય (૪) અશ્લેષા (૫) હસ્ત (૬) મૂલ.

**(૨) ઉત્તરથી–** (૧ થી ૯) અભિજિતથી ભરણી સુધી (૧૦) પૂર્વા ફાલ્ગુની (૧૧) ઉત્તરા ફાલ્ગુણી (૧૨) સ્વાતિ.

**(૩) ત્રણેયથી–** (૧) કૃતિકા (૨) રોહિણી (૩) પુનર્વસુ (૪) મઘા (૫) ચિત્રા (૬) વિશાખા (૭) અનુરાધા.

**(૪) દક્ષિણથી અને પ્રમર્દથી–** (૧) પૂર્વાષાઢા (૨) ઉત્તરાષાઢા.

**(૫) પ્રમર્દ યોગથી–** (૧) જયેષ્ઠા.

**સ્પષ્ટીકરણ :–** (૧) છેલ્લા મંડલમાં રહેતા મૃગશીર્ષ આદિ ૬ નક્ષત્રને હંમેશાં ચંદ્રની દક્ષિણમાં રહીને ચાલવાનો યોગ મળે છે.

(૨) આભ્યંતર મંડલમાં રહેતા ૧૨ નક્ષત્ર હંમેશાં એક જ ઉત્તર દિશાના યોગથી સાથે ચાલે છે.

(૩) કૃતિકા આદિ ૭ નક્ષત્રોને જયારે ચંદ્રની સાથે ચાલવા અર્થાત્ યોગ જોડવાનો



પ્રસંગ આવે છે તો ચંદ્ર કયારેક દક્ષિણમાં થઈ જાય છે તો કયારેક ઉત્તરમાં થઈ જાય છે, કયારેક સીધમાં એ જ મંડલમાં ઉપર નીચે ચાલે છે ત્યારે એનો યોગ જોડાય છે અર્થાત્ સાથે ચાલે છે. આનું કારણ એ છે કે ચંદ્ર હંમેશાં મંડલ પરિવર્તન કરે છે, અંદરથી બહાર અને બહારથી અંદરના મંડલોમાં સંક્રમણ કરે છે, જ્યારે નક્ષત્ર પોત પોતાના એક જ મંડલમાં હંમેશાં પોતાની એક જ ગતિથી ભ્રમણ કરે છે. અર્થાત્ તે નથી મંડલ બદલતા કે નથી ચાલ બદલતા.

(૪) પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા નક્ષત્રના ચાર ચાર તારા છે. એમના બે તારા બાહ્ય મંડલથી બહારની તરફ રહે છે અને બે અંદરની તરફ રહે છે. બાહ્ય મંડલવાળા બન્ને તારા હંમેશાં દક્ષિણમાં રહીને યોગ જોડે છે. અંદરવાળા બન્ને તારા હંમેશાં સીધથી ઉપર નીચે રહીને યોગ જોડે છે. અર્થાત્ આની સાથે ચાલતા સમયે ચંદ્ર પણ સદા અંતિમ મંડલમાં હોય છે. અન્ય મંડલમાં રહીને બન્ને નક્ષત્રનાં સાથે ચાલવાના સંયોગ થતા નથી એમ દક્ષિણ પ્રમર્દ મિશ્રિત યોગ જોડે છે.

(૫) જયેષ્ઠા નક્ષત્રનો ચંદ્ર સાથે જયારે યોગ થાય અર્થાત્ તે ચંદ્ર સાથે ચાલે છે ત્યારે ચંદ્રના એ જ મંડલ સાથે ચાલવાનો સંયોગ મળે છે જેથી તે સીધમાં ઉપર નીચે રહીને જ યોગ જોડે છે, તેથી તેને માટે ફકત પ્રમર્દ યોગ કહેલ છે.

**ચંદ્ર અને નક્ષત્રના મંડલ :–** ચંદ્રના ચાલવાના રસ્તા ૧૫ મંડલ છે અને નક્ષત્રના ચાલવાના માર્ગ ૮ છે. આ આઠ મંડલ ચંદ્રના આઠ મંડલોની સીધમાં છે અને ચંદ્રના સાત મંડલોની સીધમાં નક્ષત્રના મંડલ નથી. આ આઠ ચંદ્ર મંડલ ક્રમશઃ આ છે ૧, ૩, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૫ એ કમશઃ પહેલાથી આઠમાં સુધીના નક્ષત્ર મંડલની સીધમાં છે. અતઃ ચંદ્રનાં ૨, ૪, ૫, ૯, ૧૨, ૧૩, ૧૪ આ સાત મંડલ એવા છે જેમની સીધમાં કોઈ નક્ષત્ર મંડલ નથી.

**સૂર્યની સીધમાં ચંદ્ર નક્ષત્ર મંડલ :–** ચંદ્રના ૬, ૭, ૮, ૯, ૧૦ એમ પાંચ મંડલ સૂર્ય મંડલની સીધમાં નથી આવતા. શેષ દસ મંડલ ૧, ૨, ૩, ૪, ૫ અને ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ એ મંડલ સૂર્ય મંડલની સીધમાં આવે છે.

ચંદ્રના ૧, ૩, ૧૧, ૧૫ એમ ચાર મંડલ એવા છે જેમની સીધાણમાં નક્ષત્રના મંડલ પણ છે અને સૂર્ય મંડલ પણ છે.

**નક્ષત્ર, ચંદ્ર, સૂર્ય મંડલ સીધાણ :–**

| સંયોગ | ચંદ્ર મંડલ | નક્ષત્ર મંડલ | સૂર્ય મંડલ |
|---|---|---|---|
| ત્રણે સાથે | ૧ | ૧ | ૧ |
| બે સાથે | ૨ | × | ૧૪ |
| ત્રણે સાથે | ૩ | ૨ | ૨૭ |
| બે સાથે | ૪ | × | ૪૦ |

| | | | |
|---|---|---|---|
| બે સાથે | ૫ | × | ૫૩ |
| બે સાથે | ૬ | ૩ | × (૬૬–૬૭) |
| બે સાથે | ૭ | ૪ | ×(૭૯–૮૦) |
| બે સાથે | ૮ | ૫ | × (૯૨–૯૩) |
| સાથે નહીં | ૯ | × | × (૧૦૫–૧૦૬) |
| બે સાથે | ૧૦ | ૬ | × (૧૧૮–૧૧૯) |
| ત્રણે સાથે | ૧૧ | ૭ | ૧૩૨ |
| બે સાથે | ૧૨ | × | ૧૪૫ |
| બે સાથે | ૧૩ | × | ૧૫૮ |
| બે સાથે | ૧૪ | × | ૧૭૧ |
| ત્રણે સાથે | ૧૫ | ૮ | ૧૮૪ |

**વિશેષ :–** ચંદ્રના છઠ્ઠાથી દસમા સુધીના મંડલ ક્રમશઃ ૬૬, ૭૯, ૯૨, ૧૦૫, ૧૧૮માં સૂર્ય મંડલથી થોડા થોડા આગળ થઈ જવાથી તેનું સીધાણ છૂટી જાય છે જે ૧૩૨મા મંડલમાં જતા એક સૂર્ય મંડલ જેટલું આગળ વધી જવાથી ચંદ્ર મંડલ આગળ થઈ જાય છે. ૧૩૧ના સ્થાન પર ૧૩૨ના સાથે થઈ જાય છે જે ૧૧ થી ૧૫ સુધી પાંચ મંડલમાં સાથે ચાલે છે.

**ચંદ્ર મંડલની વચ્ચે સૂર્ય મંડલ સમવતાર :–** એક ચંદ્ર મંડલની વચ્ચે ૧૨ સૂર્ય મંડલ હોય છે અને ૧૩માં મંડલે સાથે થવાના હોય છે. આમ ૧૩-૧૩ મંડલ પછી સાથે થાય છે, માટે ૧૩-૧૩ ઉમેરવાથી આગલા ચંદ્રમંડલના અને સૂર્ય મંડલના સંગમ મંડલ આવે છે. આ ક્રમ પાંચ મંડલ સુધી ચાલે છે. પછી ૧૩ મું સૂર્ય મંડલ કંઈક પાછળ રહી જાય છે અને ૧૪મા સૂર્ય મંડલ સુધી છઠ્ઠું, સાતમું ચંદ્ર મંડલ પહોંચી શકતું નથી તેથી તેરમાથી આગળ અને ચૌદમાંથી પહેલા, વચમાં રહી જાય છે. આ ક્રમ ચંદ્રના દસમા મંડલ સુધી ચાલે છે. અગિયારમા મંડલમાં સૂર્યના એક મંડલનું અંતર પાર થઈ જવાથી જેમાં ચૌદમા મંડલના અંતરમાં જઈને ચંદ્ર સૂર્યના મંડલ ફરી સીધમાં આવી જાય છે. અગિયારથી પંદરમાં મંડલ સુધી જતા દેશોન એક મંડલ જેટલું અંતર થઈને બન્નેના વિમાન સીધમાં આવી જાય છે. કલ્પનાથી ૧૬ મું ચંદ્ર મંડલ જો હોત તો પછી એમાં સૂર્ય ચંદ્રનો સાથ છૂટી જાત.

આમ ચંદ્રના ૧૫ મંડલમાં ૧૪ અંતર છે. પ્રત્યેકમાં ૧૩ સૂર્ય મંડલ અધિકનું અંતર છે. ૧૪ × ૧૩ = ૧૮૨ થાય. એક મંડલ જેટલું અંતર અગિયારમાં વધી જાય છે. અતઃ ૧૮૩ સૂર્ય મંડલનું અંતર ચંદ્રના પહેલા મંડલથી ૧૫ મંડલની વચમાં પડે છે. કુલ ૧૮૪ સૂર્ય મંડલ છે તેના અંતર ૧૮૩ થાય છે.

**ચંદ્ર મંડલ અંતર :–** પ્રત્યેક ચંદ્ર મંડલમાં ૩૫ ૩૦/૬૧, ૪/૭ યોજનનું અંતર હોય છે અને ૫૬/૬૧ યોજનનું વિમાન હોય છે. અતઃ અંતર અને વિમાનને જોડીને ૧૪ અંતરોથી



ગુણ્યા કરીને ૫૬/૬૧ ઉમેરતાં ૫૧૦ યોજન ક્ષેત્ર આવે છે.

**સૂર્ય મંડલ અંતર :–** પ્રત્યેક સૂર્ય મંડલનું અંતર બે યોજન છે અને ૪૮/૬૧ યોજનનું વિમાન છે. આ બન્નેને જોડવાથી ૧૮૩ અંતરોથી ગુણા કરીને ૪૮/૬૧ જોડવાથી ૫૧૦ યોજન આવે છે.

**નક્ષત્ર મંડલ અંતર :–** નક્ષત્ર મંડલોના અંતરનું એક સરખું ક્રમિક હિસાબ–વાળું માપ નથી, પરંતુ સ્થિર સ્થાઈ હિસાબ વગરનું માપ છે.

તેના આઠ મંડલ છે જેમના **સાત અંતર** વિમાન સહિત આ પ્રમાણે છે– (૧) ૭૨ ૫૧/૬૧, ૧/૭ (૨) ૧૦૯ ૧૫/૬૧, ૫/૭ (૩) ૩૬ ૫/૬૧, ૪/૭ (૪) ૩૬ ૨૫/૬૧, ૪/૭ (૫) ૭૨ ૨૫/૬૧, ૪/૭ (૬) ૩૬ ૨૫/૬૧, ૪/૭ (૭) ૧૪૫ ૪૧/૬૧, ૨/૭. આ સાતેયનો સરવાળો કરતાં ૫૧૦ યોજન થાય છે.

**નોંધ :–** અહીં ૫૧૦ યોજન થવામાં સૂક્ષ્મતમ ફરક હોય શકે છે. કારણ કે સમ ભિન્ન ન હોવાથી કંઈક સાધિક કે કંઈક ન્યૂન અંશ રહી જાય છે.

## બારમો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્ર દેવતા :–** પ્રત્યેક નક્ષત્ર વિમાનના સ્વામી અધિપતિ દેવતા હોય છે. એમના નામ આગળના સોળમા ઉદ્દેશકના ચાર્ટમાં જુઓ.

## તેરમો પ્રતિ પ્રાભૃત

**મુહૂર્તોનાં નામ :–** એક અહોરાત્રમાં ત્રીસ મુહૂર્ત હોય છે. એક મુહૂર્ત ૪૮ મિનિટનું હોય છે. ૬૦ મિનિટનો એક કલાક થાય છે. અર્થાત્ ૨૪ કલાકમાં ૩૦ મુહૂર્ત થાય છે. આ ત્રીસ મુહૂર્તોના નામ સૂત્રમાં કહ્યા છે.

## ચોદમો પ્રતિ પ્રાભૃત

**દિવસ રાતનાં નામ :–** એક પક્ષમાં એકમ બીજ આદિ ૧૫ દિવસ હોય છે. તેમાં ૧૫ રાત અને ૧૫ દિવસ હોય છે. તે સર્વના અલગ-અલગ નામ હોય છે, જે સૂત્રમાં બતાવવામાં આવ્યા છે.

## પંદરમો પ્રતિ પ્રાભૃત

**તિથિઓનાં નામ :–** ૧૫ તિથિઓના વિશિષ્ટ ગુણસૂચક નામ હોય છે. એમાં ૧૫ દિવસ તિથિના ૫ નામ છે અને ૧૫ રાત તિથિના પાંચ નામ છે.

| પ્રસિદ્ધ તિથિ | | | દિવસની તિથિના નામ | રાતની તિથિના નામ |
|---|---|---|---|---|
| એકમ | છઠ્ઠ | અગિયારસ | નંદા | ઉગ્રવતી |
| બીજ | સાતમ | બારસ | ભદ્રા | ભોગવતી |
| ત્રીજ | આઠમ | તેરસ | જયા | જશવતી |
| ચોથ | નોમ | ચૌદસ | તુચ્છા | સર્વ સિદ્ધા |
| પાંચમ | દસમ | અમાસ | પૂર્ણા | શુભનામા |

## સોળમો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્રના ગોત્ર અને અધિપતિ દેવ :–** પહેલું અભિજિત છે અને ૨૮મું ઉત્તરાષાઢા નક્ષત્ર છે આ ક્રમથી ચાર્ટમાં જુઓ

| નક્ષત્ર | દેવનામ | ગોત્ર | નક્ષત્ર | દેવનામ | ગોત્ર |
|---|---|---|---|---|---|
| ૧ | બ્રહ્મા | મદ્ગલાયન | ૧૫ | બૃહસ્પતિ | ઉદ્યાયન |
| ૨ | વિષ્ણુ | શંખાયન | ૧૬ | સર્પ | માંડવ્યાયન |
| ૩ | વસુ | અગ્નિતાપસ | ૧૭ | પિતૃ | પિંગલાયન |
| ૪ | વઠણ | કર્ણલોચન | ૧૮ | ભગ | ગોપાલ્યાયન |
| ૫ | અજ | જાતુકર્ણ | ૧૯ | અર્યમ | કાશ્યપ |
| ૬ | અભિવૃદ્ધિ | ધનંજય | ૨૦ | સવિતા | કોશિક |
| ૭ | પુષ્ય | પુષ્યાયન | ૨૧ | તુષ્ઠ | દર્ભિયાયન |
| ૮ | અ✓ | આ✓દન | ૨૨ | વાયુ | ચામરક્ષા |
| ૯ | યમ | ભગ્નવેશ | ૨૩ | ઈન્દ્રાગ્નિ | સુંગાયણ |
| ૧૦ | અગ્નિ | અગ્નિવેશ | ૨૪ | મિત્ર | ગોલવ્યાયણ |
| ૧૧ | પ્રજાપતિ | ગૌતમ | ૨૫ | ઈન્દ્ર | ચિકિત્સ્યાયન |
| ૧૨ | સોમ | ભારદ્વાજ | ૨૬ | નિરતિ(નૈઋતિ) | કાત્યાયન |
| ૧૩ | ઢદ્ર | લોહિત્યાયન | ૨૭ | જલ | વર્દ્ધિતાયન |
| ૧૪ | અદિતિ | વાશિષ્ટ | ૨૮ | વિ✓ | વ્યાઘ્રાવૃત્ય |

## સત્તરમો પ્રતિ પ્રાભૃત

### આ પ્રાભૃતની ઐતિહાસિક વિચારણા

**અભિજિતથી નક્ષત્રોની શરૂઆત :–** દસમા પ્રાભૃતના પ્રથમ પ્રતિપ્રાભૃતમાં ૨૮ નક્ષત્રોના ક્રમ બતાવ્યા છે. જેમાં સર્વ પ્રથમ કૃતિકાથી શરૂઆત માનવા-વાળાનો મત પણ બતાવવામાં આવ્યો છે. પછી મઘાથી, ધનિષ્ઠાથી, અશ્વિનીથી અને અંતમાં ભરણી નક્ષત્રથી; આમ ૨૮ નક્ષત્રની શરૂઆત કહેનારાના મત બતાવ્યા છે. એ બધા ક્રમ અયુક્ત છે. જિનાનુમત તેમજ ખરો ક્રમ અભિજિતથી શરૂ થઈને ઉત્તરાષાઢામાં સમાપ્ત થાય છે, તેમ સ્પષ્ટ કરેલ છે. તે સિવાય આ સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં જેટલી જિનાનુમતની માન્યતાઓ કે પ્રરૂપણાઓ છે તે સર્વે અભિજિતથી શરૂ કરવાના ક્રમથી કહેલ છે, અન્ય કોઈ ક્રમથી નહીં. અન્ય ક્રમથી અન્ય મતોની પ્રરૂપણા કરી છે.



જિનાનુમત કથનમાં નક્ષત્રોના (૧) નામ (૨)આકાર (૩) તારા (૪) દેવતા (૫) ગોત્ર આદિ વિષય અભિજિતથી શરૂ કરી ને કહેલ છે. જે ૮, ૯, ૧૨, ૧૬ પ્રતિ પ્રાભૃતમાં કહેલ છે. આ રીતે (૬) પૂનમ (૭) અમાવસ્યા (૮) કુલ ઉપકુલ આદિનું સ્વમત કથન પણ શ્રાવણ મહિનાના નક્ષત્રથી શરૂ કરવામાં આવેલ છે.

**કૃતિકા નક્ષત્રથી શરૂઆત :–** આ સત્તરમા પ્રતિ પ્રાભૃતમાં નક્ષત્રોના ભોજન સંબંધી વર્ણન કૃતિકા નક્ષત્રથી શરૂઆત કરીને ભરણી નક્ષત્ર સુધી કહેલ છે. અન્ય કોઈ ક્રમ કે મતાંતર અથવા સ્વમતના અભિજિત નક્ષત્રના ક્રમવાળું કોઈ પણ વર્ણન અહીં નથી. માટે કૃતિકાથી શરૂ કરીને કહેલ આ વર્ણન જિનાનુમત તો નથી જ, એ નિશ્ચિત એવં સ્પષ્ટ છે. કેમ કે જિનાનુમત કથન આ સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રમાં અભિજિત નક્ષત્રથી શરૂ કરવામાં આવે છે, એ પૂર્ણ પ્રામાણિત તત્ત્વ છે, જેના અનેક પ્રાભૃતોના ઉદાહરણ ઉપર દેવામાં આવ્યા છે.

**લિપિ દોષ વિકલ્પ :–** માટે કૃતિકાથી પ્રારંભ કરેલ આ પ્રાભૃતનું કથન પહેલા મતાંતરની માન્યતા છે. ત્યારપછી અન્ય ચાર માન્યતાઓ અને પછી સ્વમત જિનાનુમતના નક્ષત્ર ભોજન સંબંધી સાચી પ્રરૂપણાનો પાઠ આ પ્રતિ પ્રાભૃતમાં ઉપલબ્ધ નથી. જે કયારનો લિપી કાલના દોષમાં અભાવ ગ્રસ્ત થઈ ગયો છે. એવો એક વિકલ્પ પરંપરાથી પ્રાપ્ત થાય છે.

**પ્રક્ષિપ્તાંશ વિકલ્પ :–** બીજો વિકલ્પ એ પ્રાપ્ત થાય છે કે ૧૦મા પ્રાભૃતનો આ ૧૭મો પ્રતિ પ્રાભૃત કોઈના દ્વારા પ્રક્ષિપ્ત કરીને ૨૧ પ્રતિપ્રાભૃતના ૨૨ પ્રતિ પ્રાભૃત બનાવી દીધા છે. કારણ કે અન્ય શાસ્ત્રોમાં પણ લિપિ કાલમાં માંસ ભક્ષણ કરવાનો પાઠ પ્રક્ષિપ્ત કરી જૈન મુનિને આમિષ ભોજી અને મધ સેવી દેખાડવાની ચેષ્ટાઓ કરવામાં આવી છે. તદનુસાર આ પ્રતિ પ્રાભૃત બનાવીને અને અહીં પ્રક્ષિપ્ત કરી એ જ મનોવૃતિનું પોષણ કર્યુ હોય, એમ થઈ શકે છે. કારણ કે આમાં ઘણા એવા ઘૃણિત નક્ષત્ર-ભોજનના કથન કર્યા છે જે સ્પષ્ટપણે અનાર્ય વચન છે, આર્ય વચન નથી.

**જૈન મુનિનો કલ્પ :–** આ પ્રતિ પ્રાભૃતમાં જે કાંઈ નક્ષત્ર ભોજનનું વર્ણન છે તે કોઈપણ જૈન શ્રમણને બોલવા, લખવા, પ્રરૂપણ કરવા અકલ્પનીય છે. આવા પ્રરૂપણ તો શાસ્ત્રોમાં, આગમોમાં, સિદ્ધાંત રૂપથી કોઈ પણ સદ્બુદ્ધિવાળો સામાન્ય અહિંસક સાધક પણ કરી શકતો નથી. ત્યારે છ કાયના પરિપૂર્ણ રક્ષક

જૈન શ્રમણ એવા સચિત પદાર્થોના ખાવા સંબંધી અને આમિષ ભોજન સંબંધી કથન કદાપિ કરી શકતા નથી. કારણ કે આજ સુધી જિન શાસનના ૨૫૦૦ વર્ષોમાં જૈન શ્રમણોમાં એવો માંસ મદ્ય સેવક કોઈ પણ શ્રમણ સમુદાય નથી થયો કે જે આવી હલકી પ્રરૂપણા કરે કે આચરણ કરે.

**આ કેવી વફાદારી ? :–** એટલા માટે આવા શાસ્ત્રના પ્રક્ષિપ્ત પાઠોને જેમ છે તેમ રાખીને છપાવીને પ્રકાશિત કરીને આગમની વફાદારી માનનાર વિદ્વાનોનો એક પ્રકારનો બુદ્ધિ ભ્રમ છે. જ્યારે આ ભગવદ્ વાકય નથી, આગમ વાણી નથી શાસ્ત્રમાં પ્રક્ષિપ્ત પાઠ છે યા ત્રુટિત વિકૃત પાઠ છે, જિનાનુમત નથી, એટલું તો માનવામાં આવે જ છે, તો પછી તેને રાખવામાં વફાદારી ન થતાં કર્તવ્ય હીનતા થાય છે. કેમ કે આ વિકૃત અથવા પ્રક્ષિપ્ત પાઠોને જેમના તેમ રાખી દેવાથી જિનશાસનની ઘણી અવહેલના થાય છે. શ્રદ્ધા નિરપેક્ષ વિદ્વાનોને જિનશાસન પર અસત્ય આક્ષેપ લગાવવાનો મોકો મળી જાય છે. આગમના નામ પર અને આગમ પ્રમાણના આધાર પર એમને આ બેધડક કહેવાનું મળી જાય છે કે **જૈનોમાં તો શું જૈન શ્રમણોમાં પણ માંસ ભક્ષણ એક દિવસ હતું ત્યારે જ એમના શાસ્ત્રોમાં એવા સ્પષ્ટ કથન છે, જેને તેઓ ગોલમાલ કરીને અર્થ પરિવર્તનના નામે છુપાવવાનો પ્રયત્ન કરે છે.**

જ્યારે વાસ્તવિકતા તો આ છે કે જૈનાગમ મદ્ય, માંસના આહારને નરક ગતિમાં જવાનું પ્રબલ કારણ બતાવે છે અને જૈન ધર્મની હાર્દિક શ્રદ્ધા રાખવા-વાળા આજના હુંડા અવસર્પિણી(મહા કલિયુગ) કાલનો નાનામાં નાનો સાધક પણ મદ્ય માંસનું સેવન કરવાનું તો દૂર રહ્યું પરંતુ એના સેવનનો સંકલ્પ પણ કરી શકતો નથી. એટલા માટે સત્ય એ છે કે મહાજ્ઞાની આગમ રચયિતા શ્રમણ એવી રચના કદાપિ કરી શકતા નથી. માટે એવા ભ્રમ મૂલક અને અસત્ય પ્રચારક પાઠોને જેમના તેમ રાખીને પ્રકાશિત કરવા ઉપયુક્ત નથી.

આ રીતે આ પ્રાભૃત દૂષિત, વિકૃત, ત્રુટિત, પ્રક્ષિપ્ત, કંઈ પણ હોય પરંતુ એને આગમ મધ્યે રાખવું યોગ્ય નથી. માટે આનો સારાંશ અહીં આપવામાં આવ્યો નથી.

**વિષય :–** અભિજિતથી શરૂઆત ન કરતા કૃતિકાથી શરૂઆત કરી બધા નક્ષત્રોમાં અમુક પદાર્થ ખાઈને જવાથી કાર્ય સિદ્ધિ બતાવવામાં આવી છે. તે પદાર્થ સચિત પણ છે અને અચિત પણ છે, માદક પણ છે અને આમિષ (માંસ)રૂપ પણ છે.

**સચિત પદાર્થ ભક્ષણ પ્રરૂપક પાઠની અકલ્પનીયતા :–** ઘણાં આધુનિક પરંપરાગ્રહી વિદ્વાન આ આમિષ શબ્દોથી વનસ્પતિ પરક અર્થોના સમન્વય કરવાના પ્રયત્ન કરે છે. કિંતુ આ શ્રમણો સચિત વનસ્પતિઓના ખાવાની પ્રેરણા-વાળા પાઠોના કથન, લેખન અને પ્રચાર કરવાથી પોતાના સંયમ અને કલ્પ મર્યાદાને દૂષિત કરે છે. કારણ કે આ નક્ષત્ર ભોજનના કથનનું પ્રરૂપણ પણ પાપનું પ્રેરણાત્મક છે. આવા સાવદ્ય સચિત ભક્ષણના પ્રેરણાત્મક ભાવોવાળા કથન કે લેખન જૈન શ્રમણોને કદાપિ ઉપયુક્ત થઈ શકતા નથી.



**રચનાકારની યોગ્યતા :–** બીજી વાત એ છે કે આગમ રચના કરનારા બહુશ્રુત શ્રમણ અને મૌલિક રચનાકાર ગણધર આવા ભ્રમિત લોકોમાં પ્રચલિત માંસ સૂચક વનસ્પતિ શબ્દોના પ્રયોગ કરી ભ્રમ ફેલાવવાના કાર્યો કરે એ સંભવ જ નથી. અનેક ભાષા શબ્દોના પ્રકાંડ વિદ્વાન, વિશિષ્ટ અવધિજ્ઞાની, ૧૪ પૂર્વી ગણધર પ્રભુથી એવી રચના કરવાનું માનવું એ એક પ્રકારનો પરંપરાગ્રહ માત્ર છે પરંતુ તર્ક સંગત અને આગમભાવ સંગત નથી. વાસ્તવમાં આવી ક્લિષ્ટ કલ્પનાઓની આવશ્યકતા નથી. કારણ કે અનેક પ્રહારો લિપિ કાળમાં આગમોમાં થયા છે એ નિઃસંદેહ છે. તેથી અનર્થકારી દૂષિત એવા પાઠોને રાખવાનો આગ્રહ કરવો જરા પણ આવશ્યક નથી. વિશેષ વાર્તા માટે જુઓ– ઐતિહાસિક પરિશિષ્ટ સારાંશના આઠમા ખંડમાં સંવાદ અને નિબંધ સંગ્રહ.

**માત્ર મૂલપાઠનું પ્રકાશન ભ્રમ મૂલક છે :–** ઘણા સમર્થ પ્રકાશક અને વિદ્વાનોના ગ્રુપઆ એક પ્રતિ પ્રાભૃતના કારણે સંપૂર્ણ ગણિત જ્યોતિષ શાસ્ત્રના ભંડારરૂપ આ આગમના અનુવાદ વિવેચનને પણ ગોપવી રાખવાની કોશીશ કરતા કેવલ મૂલ પાઠ છપાવી રાખીદે છે અને એમાં આમિષ ભોજનના પાઠ પણ જેમના તેમ રાખી દે છે. આ જિન શાસનની સાચી સેવા નહીં પરંતુ અકર્મણ્યતા અને ડરપોકપણું છે. આ ઈમાનદારી અને વફાદારીનો ભ્રમ માત્ર છે. વાસ્તવમાં આવી ઉપેક્ષાવૃત્તિથી જિન શાસનને કલંકિત કરવાવાળા ભવિષ્યનું નિર્માણ થાય છે.

**દૃષ્ટાંત :–** જે પ્રકારે આપણા શરીરના માંસ ભાગમાં પડેલા કીડાને સંભાળીને છુપાવીને રાખી શકાતા નથી. તેમ આવા પાઠ ભ્રમિત જાણવા છતાં પણ આંખઆડા કાન કરી જેમનું તેમ રાખી દેવું ક્યાં સુધી ઉચિત હોઈ શકે ? અને એની પાછળ આખા શાસ્ત્રના અર્થ વિવેચન છુપાવવાનું તો વધારે હાસ્યાસ્પદ છે.

**યથા :–** કોઈના કપડામાં જૂ પડી જાય તો તેને કાઢવાના પ્રયત્ન કરવાની જગ્યાએ જો તેને છુપાવવાનો અથવા કપડાનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરે તો તે યોગ્ય નહીં કહેવાય. પરંતુ જૂઓ ને શોધી કાઢવાનું જ યોગ્ય કહેવાય. એ જ પ્રકારે આપણે પણ એવા આગમ પ્રક્ષેપોને સંભાળવા કે છુપાવવા આવશ્યક નથી. જ્યારે કોઈએ પ્રક્ષેપ કરી દીધો કે વિકૃત થઈ ગયો હોય તો એને અનાપ્ત વાણી જાણી કાઢીનાંખી આગમને શુદ્ધ રાખવું અને અન્ય તત્ત્વોના અર્થ વિવેચન સ્પષ્ટ પ્રગટ કરવા; આ જ વિદ્વાન આગમ સંપાદકો, પ્રકાશક સમિતિઓ અને વિદ્વાનોથી ભરપૂર સંઘોનું કર્તવ્ય થાય છે.

**ઉપસંહાર :–** આશા રાખીએ છીએ કે આ સૂચન પર જિન શાસનની સેવા

કરનારા આગમ સંપાદક આદિ કંઈક વિચાર કરી ધ્યાન આપશે.

## અઠારમો પ્રતિ પ્રાભૃત

**યુગમાં નક્ષત્ર યોગ ચંદ્ર સૂર્યની સાથે :–** ૫ વર્ષનો એક યુગ થાય છે. આ યુગમાં ચંદ્રની સાથે પ્રત્યેક નક્ષત્ર ૬૭ વાર જોગ જોડે છે અર્થાત્ સાથે ચાલે છે અને સૂર્યની સાથે પાંચ વર્ષમાં પ્રત્યેક નક્ષત્ર ૫-૫ વાર જોગ જોડે છે.

તાત્પર્ય એ કે પાંચ વર્ષમાં ૬૭ નક્ષત્ર માસ હોય છે. એક નક્ષત્ર માસ ૨૮(અઠ્ઠાવીસે ય) નક્ષત્રનો ચંદ્રની સાથે એક-એક વાર યોગ જોડવાથી બને છે.

માટે એમને ૬૭ નક્ષત્ર મહિનામાં ૬૭ વાર ચંદ્રની સાથે યોગ કરવાનો અવસર મળે છે અને સૂર્યની સાથે એક નક્ષત્રનો એક વર્ષમાં એક વાર યોગ કરવાનો સંયોગ હોય છે. માટે પાંચ વર્ષમાં બધા નક્ષત્રોનો પાંચ-પાંચ વાર સૂર્ય સાથે યોગ થાય છે.

## ઓગણીસમો પ્રતિ પ્રાભૃત

બાર મહિનાના લૌકિક નામ પણ છે અને લોકોત્તર નામ પણ છે. જે આ પ્રમાણે છે– લૌકિક નામ શ્રાવણ ભાદરવા આદિ છે.

લોકોત્તરિક નામ શ્રાવણ આદિના ક્રમથી આ પ્રમાણે છે– (૧) અભિનંદન (૨) સુપ્રતિષ્ઠ (૩) વિજય (૪) પ્રીતિવર્ધન (૫) શ્રેયાંસ (૬) શિવ (૭) શિશિર (૮) હેમંત (૯) વસંત (૧૦) કુસુમસંભવ (૧૧) નિદાહ (૧૨) વનવિરોધી.

## વીસમો પ્રતિ પ્રાભૃત

**પાંચ સંવત્સર :–**

**(૧) નક્ષત્ર સંવત્સર :–** દરેક નક્ષત્ર વડે ચંદ્રની સાથે એકવાર યોગ જોડવાથી એક નક્ષત્ર માસ થાય છે. ૧૨ વાર જોડવાથી એક નક્ષત્ર સંવત્સર થાય છે. આ ૧૨ માસ અથવા ૧૨ વાર યોગની અપેક્ષા નક્ષત્ર સંવત્સર બાર પ્રકારના કહેલ છે. અન્ય અપેક્ષાએ નક્ષત્ર સંવત્સર ૧૨ વર્ષનો હોય છે. કારણકે બૃહસ્પતિ મહાગ્રહ એક એક નક્ષત્રની સાથે ક્રમશઃ યોગ કરતા કરતા ૧૨ વર્ષમાં ૨૮ નક્ષત્રોની સાથે યોગ પૂર્ણ કરે છે.

**(૨) યુગ સંવત્સર :–** યુગ પાંચ વર્ષનો હોય છે. શ્રાવણ આદિ મહિનાની અપેક્ષા એક વર્ષ ૧૨ મહિના અર્થાત્ ૨૪ પક્ષનું હોય છે. યુગનું પહેલું ચંદ્ર વર્ષ ૧૨ માસ = ૨૪ પક્ષોનું હોય છે. યુગનું બીજું ચંદ્ર વર્ષ પણ ૧૨ માસ = ૨૪ પક્ષોનું હોય છે.



યુગનું ત્રીજું અભિવર્ધિત વર્ષ ૧૩ માસ = ૨૬ પક્ષનું હોય છે. યુગનું ચોથું ચંદ્ર વર્ષ ૧૨ માસ = ૨૪ પક્ષનું હોય છે. યુગનું પાંચમું અભિવર્ધિત વર્ષ ૧૩ માસ = ૨૬ પક્ષનું હોય છે. આ પ્રકારે પાંચ વર્ષનો યુગ ૬૨ માસ = ૧૨૪ પક્ષનો હોય છે.

**(૩) પ્રમાણ સંવત્સર :–** સંવત્સરનું પ્રમાણ પાંચ પ્રકારથી કહેલ છે. અર્થાત્ પરિમાણ, કાળમાપની અપેક્ષા પાંચ પ્રકારના સંવત્સર હોય છે. તે આ પ્રમાણે છે–

| ક્રમ | નામ | માસ દિવસ | વર્ષ દિવસ |
|---|---|---|---|
| ૧ | નક્ષત્ર સંવત્સર | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ |
| ૨ | ચંદ્ર સંવત્સર | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ |
| ૩ | ઋતુ સંવત્સર | ૩૦ | ૩૬૦ |
| ૪ | સૂર્ય સંવત્સર | ૩૦ $\frac{૧}{૨}$ | ૩૬૬ |
| ૫ | અભિવર્ધિત | ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ | ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ |

**(૪) લક્ષણ સંવત્સર :–** પાંચ સંવત્સરના પરિમાણ ઉપર કહ્યા છે. અહીં તે પાંચેયના લક્ષણ ગુણ બતાવવામાં આવ્યા છે.

(૧) નક્ષત્ર યથા સમય યોગ જોડે, ઋતુ પણ યથા સમય પરિણત થાય, અતિ ગરમી ઠંડી નથી હોતી અને વરસાદ વિપુલ હોય; આવા લક્ષણ 'નક્ષત્ર સંવત્સર' ના છે.

(૨) પૂનમમાં ચંદ્ર નક્ષત્ર યોગ યથા સમયે નથી થતો; ગરમી, સર્દી, રોગ બહુજ હોય છે; દાઢણ પરિણામી અતિ વૃષ્ટિ હોય છે; આ લક્ષણ 'ચંદ્ર સંવત્સર'ના છે.

(૩) વનસ્પતિ યથા સમય અંકુરિત, પુષ્પિત ફલિત થતી નથી; વિષમ સમયમાં ફૂલ કે ફળ લાગે છે, વરસાદ ઓછો થાય છે; આ લક્ષણ 'ઋતુસંવત્સર'ના છે.

(૪) પૃથ્વી પાણી સરસ સુંદર રસોપેત હોય; ફળો ફૂલોમાં યથા યોગ્ય રસ હોય; પ્રચુર રસ હોય; અલ્પ જલથી પણ ધાન્યાદિની સમ્યક્ ઉત્પત્તિ હોય; આ 'સૂર્ય સંવત્સર'ના લક્ષણ છે.

(૫) સૂર્ય અધિક તપે છે; વરસાદથી બધા જલ સ્ત્રોત ભરાઈ જાય છે; આ 'અભિવર્ધિત સંવત્સર'ના લક્ષણ છે.

**(૫) શનિશ્ચર સંવત્સર :–** નક્ષત્રોની સાથે શનિ મહાગ્રહનો યોગ ૩૦ વર્ષમાં પૂર્ણ થાય છે. અતઃ શનિશ્ચર સંવત્સર ૩૦ વર્ષ સુધીનો હોય છે અને ૨૮ નક્ષત્રોના યોગના કારણે ૨૮ પ્રકારના હોય છે.

## એકવીસમો પ્રતિ પ્રાભૃત

**નક્ષત્રોમાં ગમન :–** નક્ષત્રોના ૭-૭ ના ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. (૧)

જેમાં ૧ થી ૭ સુધી અર્થાત્ અભિજિતથી રેવતી સુધીના નક્ષત્ર પૂર્વ દ્વારવાળા છે. અર્થાત્ આ નક્ષત્રોમાં પૂર્વ દિશામાં જવાનું શુભ હોય છે. આ પ્રકારે (૨) અશ્વિનીથી પુનર્વસુ સુધીના નક્ષત્ર દક્ષિણ દ્વારિક છે. (૩) પુષ્યથી ચિત્રા નક્ષત્ર સુધીના સાત નક્ષત્ર પશ્ચિમ દ્વારિક છે. (૪) સ્વાતિથી ઉત્તરાષાઢા સુધીના સાત નક્ષત્ર ઉત્તર દ્વારિક છે. અર્થાત્ આ સાત નક્ષત્રોમાં ઉત્તર દિશામાં જવું શુભ હોય છે.

**મતાંતર :–** આ નક્ષત્રોના ક્રમથી સંબંધિત વર્ણન છે અને નક્ષત્ર ક્રમના વિષયમાં પાંચ મતાંતર છે, જે આ પ્રાભૃતના પ્રથમ પ્રતિ પ્રાભૃતમાં કહ્યા છે. તેથી અહીં પણ પાંચ મતાંતર દર્શાવ્યા છે જે આ પ્રમાણે છે–

આ સાત-સાત નક્ષત્રોના જોડોનું કથન સ્વમતાનુસાર જેમ અભિજિતથી પ્રારંભ કરીને ચાર વિભાગમાં કર્યું છે. તેમ ઉક્ત પાંચ માન્યતાનુસાર (૧) કૃતિકા (૨) મઘા (૩) ધનિષ્ઠા (૪) અશ્વિની અને (૫) ભરણીથી પ્રારંભ કરીને ચાર સપ્તક ક્રમશઃ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દ્વારવાળા કહ્યા છે. આ પાંચે ય ક્રમ અયોગ્ય એવં અમાન્ય છે. અભિજિત આદિનો ક્રમ જ અહીં સ્વમત કથન છે. જે **वयं पुण एवं वयामो** વાકય પ્રયોગની સાથે આપવામાં આવ્યો છે.

## બાવીસમો પ્રતિ પ્રાભૃત

આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર પ્રકાશ કરે છે બે સૂર્ય તપે છે, ૫૬ નક્ષત્ર જોગ જોડે છે યથા બે અભિજિત ***યાવત્*** બે ઉત્તરાષાઢા.

ચંદ્ર સૂર્યની સાથે તેનો યોગ થવાનો સમય બીજા પ્રતિ પ્રાભૃતમાં કહ્યો છે. તેથી ત્યાં જુઓ.

**નક્ષત્રોનો સીમા વિષ્કંભ :–** પોત-પોતાના મંડલના ૧,૦૯,૮૦૦ ભાગ કરવામાં આવે તો એ ભાગોમાંથી નીચેના ભાગ પ્રમાણ નક્ષત્રોનો યોગ જોડવાનો પોતાનો ક્ષેત્ર(સીમા વિષ્કંભ) હોય છે. યથા–

| | નામ | નક્ષત્ર સં૦ | | સીમા વિષ્કંભ | | કુલ યોગ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અભિજિત | ૨ | × | ૬૩૦ = | | ૧,૨૬૦ |
| ૨ | શતભિષક આદિ ૬ | ૧૨ | × | ૧૦૦૫= | | ૧૨,૦૬૦ |
| ૩ | શ્રવણ આદિ ૧૫ | ૩૦ | × | ૨૦૧૦= | | ૬૦,૩૦૦ |
| ૪ | ઉત્તરાભાદ્રપદ આદિ ૬ | ૧૨ | × | ૩૦૧૫= | | ૩૬,૧૮૦ |
| | કુલ | ૫૬ | | | | ૧,૦૯,૮૦૦ |

અહીં જે ૬૩૦ આદિ છે તે મંડલના ભાગ છે. એમને જોડવાથી કુલ ૧,૦૯,૮૦૦ ભાગ થાય છે. ઉપરના સીમા ક્ષેત્ર નક્ષત્રોના આગળ પાછળ મધ્ય



મળીને કુલ ક્ષેત્ર છે. આ ક્ષેત્રની સીધમાં ચંદ્ર સૂર્ય રહે ત્યાં સુધી એમનો યોગ ગણવામાં આવે છે. એમના વિમાન આ સીમા ક્ષેત્રની વચમાં હોય છે. ૬, ૧૫ આદિ નક્ષત્ર સંખ્યાના નામ આ પ્રાભૃતના બીજા પ્રતિ પ્રાભૃતમાં છે.

જે નક્ષત્રને જેટલા દિવસનો ચંદ્ર સાથે યોગ હોય છે તેના સડસઠિયા ભાગના ત્રીસ ભાગ કરવાથી ઉક્ત રાશિ થઈ જાય છે. યથા–જે નક્ષત્ર ૩૦ મુહૂર્ત = ૧ દિવસ યોગ જોડે છે એનો સીમા વિષ્કંભ ૧×૬૭×૩૦= ૨૦૧૦ ભાગનો છે. એટલા માટે સૂત્રમાં **'सत्तसट्ठि भाग तीसइ भागाणं'** ૬૭ મા ભાગનો ત્રીસમો ભાગ વિશેષણ લગાવ્યું છે.

**નક્ષત્ર અમાવસ્યા યોગ :–** અભિજિત નક્ષત્ર ૬૨ ૪૪મી અમાવાસ્યાએ સવાર સાંજ ચંદ્રની સાથે યોગ જોડે છે. એના સિવાય કોઈ પણ નક્ષત્ર ચંદ્રની સાથે અમાવસ્યાના દિવસે યોગ જોડતા નથી પરંતુ પૂર્ણિમાના દિવસે રાતમાં જ ચંદ્રની સાથે યોગ જોડે છે.

**ચંદ્ર પૂર્ણિમા યોગ :–** ચંદ્ર જે મંડલમાં જે સ્થાન પર યુગની અંતિમ ૬૨ મી પૂર્ણિમા પૂર્ણ કરે છે તે સ્થાનથી $\frac{૩૨}{૧૨૪}$ મંડલ ભાગ જેટલા ક્ષેત્રમાં આગળ જઈને પ્રથમ પૂર્ણિમા(નવા યુગની) પૂર્ણ કરે છે. એ જ પ્રકારે બીજી ત્રીજી પૂર્ણિમા પણ આગળની પૂર્ણિમા કૃત મંડલ સ્થાનથી $\frac{૩૨}{૧૨૪}$ મંડલ ભાગ આગળ જઈને પૂર્ણ કરે છે. આ રીતે કરતાં કરતાં યુગ સમાપ્તિની ૬૨ મી પૂર્ણિમા મંડલના દક્ષિણી ચતુર્થાંશ ભાગમાં $\frac{૨૭}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગ જવાપર અને $\frac{૩}{૩૧}$, $\frac{૨}{૨૦}$ ભાગ એ જ ચતુર્થાંશ દક્ષિણી ભાગનો શેષ રહેવા પર ત્યાં સમાપ્ત થાય છે.

**સૂર્ય પૂર્ણિમા યોગ :–** સૂર્ય પણ યુગની ૬૨ મી પૂર્ણિમા જ્યાં સમાપ્ત કરે છે એ જ સ્થાનથી $\frac{૯૪}{૧૨૪}$ મંડલ ભાગ જેટલા ક્ષેત્રમાં આગળ જઈને પ્રથમ પૂર્ણિમા (નવા યુગની) પૂર્ણ કરે છે. એ જ પ્રકારે બીજી ત્રીજી પૂર્ણિમા તે પહેલી પૂર્ણિમા કૃત મંડલ સ્થાનથી $\frac{૯૪}{૧૨૪}$ મંડલ ભાગ આગળ જઈને પૂર્ણ કરે છે. આ રીતે કરતાં કરતાં યુગ સમાપ્તિની ૬૨ મી પૂર્ણિમા મંડલના પૂર્વી ચતુર્થાંશમાં $\frac{૨૭}{૩૧}$ , $\frac{૧૮}{૨૦}$ ભાગ ગયા પછી અને $\frac{૩}{૩૧}$ , $\frac{૨}{૨૦}$ ભાગ તે પૂર્વી ચતુર્થાંશનો અવશેષ રહેવા પર ત્યાં સમાપ્ત કરે છે.

**ચંદ્ર અમાવસ્યા યોગ :–** ચંદ્ર જે મંડલમાં જે સ્થાન પર યુગની અંતિમ અમાવસ્યા પૂર્ણ કરે છે એ જ સ્થાનથી $\frac{૩૨}{૧૨૪}$ ભાગ મંડલ જેટલું ક્ષેત્ર આગળ જઈને યુગની પ્રથમ અમાવસ્યા પૂર્ણ કરે છે. એ જ રીતે પૂર્ણિમાના વર્ણન સમાન જાણવું.

જ્યાં ચંદ્ર ૬૨ મી પૂર્ણિમા પૂર્ણ કરે છે ત્યાંથી $\frac{૧૬}{૧૨૪}$ ભાગ મંડલ પહેલાથી ૬૨ મી અમાવસ્યા પૂર્ણ કરે છે. અર્થાત્ દક્ષિણી ચતુર્થાંશ મંડલના $\frac{૧૧}{૩૧}$ , $\frac{૧૮}{૨૦}$ ભાગ ગયા પછી અને $\frac{૧૯}{૩૧}$, $\frac{૨}{૨૦}$ ભાગ એ દક્ષિણી ચતુર્થાંશ ભાગનો અવશેષ રહેતાં તે સ્થાન પર ચંદ્ર ૬૨ મી અમાવસ્યા સમાપ્ત કરે છે.

**સૂર્ય અમાવસ્યા યોગ :–** સૂર્ય પહેલા પહેલાની અમાવસ્યા સમાપ્તિ સ્થાનથી $\frac{૯૪}{૧૨૪}$

મંડલ ભાગ આગળ આગલી અમાવસ્યા પૂર્ણ કરે છે. જે સ્થાને ૬૨ મી પૂર્ણિમા પૂર્ણ કરે છે તે જ સ્થાનથી ૪૭/૧૨૪ મંડલ ભાગ પહેલા જ સૂર્ય ૬૨ મી અમાવસ્યા પૂર્ણ કરે છે.

**ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર પૂર્ણિમા યોગ :–**

| પૂનમ | ચંદ્ર – | મુહૂર્ત | સૂર્ય – | મુહૂર્ત |
|---|---|---|---|---|
| પહેલી પૂનમ | ધનિષ્ઠા | ૩ ૧૯/૬૨ , ૬૫/૬૭ | પૂર્વા ફાલ્ગુની | ૨૮ ૩૮/૬૨ , ૩૨/૬૭ |
| બીજી પૂનમ | ઉત્તરા ભાદ્રપદ | ૨૭ ૧૪/૬૨ , ૬૨/૬૭ | ઉત્તરા ફાલ્ગુની | ૭ ૩૩/૬૨ , ૨૧/૬૭ |
| ત્રીજી પૂનમ | અશ્વિની | ૨૧ ૯/૬૨ , ૬૩/૬૭ | ચિત્રા | ૧ ૨૮/૬૨ , ૩૦/૬૭ |
| બારમી પૂનમ | ઉત્તરાષાઢા | ૨૬ ૨૬/૬૨ , ૫૪/૬૭ | પુનર્વસુ | ૧૬ ૮/૬૨ , ૨૦/૬૭ |
| બાસઠમી પૂનમ | ઉત્તરાષાઢા | ચરમ સમય | પુષ્ય | ૧૯ ૪૩/૬૨ , ૩૩/૬૭ |

જે મુહૂર્ત પ્રમાણ દીધા છે, એટલા સમયના યોગ કાલ અવશેષ રહેતાં તે નક્ષત્ર પૂર્ણિમા પૂર્ણ કરે છે.

**ચંદ્ર સૂર્ય નક્ષત્ર અમાસ યોગ :–**

| અમાસ | ચંદ્ર–સૂર્ય | મુહૂર્ત |
|---|---|---|
| પહેલી અમાસ | અશ્લેષા | ૧ ૪૦/૬૨ , ૬૨/૬૭ |
| બીજી અમાસ | ઉત્તરા ફાલ્ગુની | ૪૦ ૩૫/૬૨ , ૬૫/૬૭ |
| ત્રીજી અમાસ | હસ્ત | ૪૦ ૩૦/૬૨ , ૬૨/૬૭ |
| બારમી અમાસ | આર્દ્રા | ૪ ૧૦/૬૨ , ૫૪/૬૭ |
| બાસઠમી અમાસ | પુનર્વસુ | ૨૨ ૪૨/૬૨ |

**નોંધ :–** ચંદ્ર અમાવસ્યાના દિવસે સૂર્યની સાથે જ રહે છે. માટે બન્નેના નક્ષત્ર યોગ એક જ સમાન હોય છે. એટલા માટે ચાર્ટમાં બંનેયને સાથે રાખવામાં આવ્યા છે.

**ચંદ્ર નક્ષત્રનો યોગ કાળ :–** એક નામના બે-બે નક્ષત્ર છે. જે નક્ષત્રની સાથે ચંદ્ર આજે જે સમયે યોગ પૂર્ણ કરે છે, એનાથી ૮૧૯ ૨૪/૬૨ , ૬૨/૬૭ મુહૂર્ત પછી એજ નામ-વાળા બીજા નક્ષત્રની સાથે અન્ય સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે. ૧૬૩૮ ૪૯/૬૨ , ૬૫/૬૭ મુહૂર્ત પછી પુનઃ એ જ નક્ષત્રની સાથે અન્ય સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે. ૫૪૯૦૦ મુહૂર્ત પછી એ જ નામવાળા બીજા નક્ષત્રની સાથે એ જ સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે. ૧૦૯૮૦૦ મુહૂર્ત પછી એ જ નક્ષત્રની સાથે એ જ સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે.

**સૂર્ય નક્ષત્રનો યોગ કાળ :–** ૩૬૬ દિવસ બાદ સૂર્ય એ જ નામવાળા બીજા નક્ષત્રની સાથે યોગ પૂર્ણ કરે છે. ૭૩૨ દિવસ પછી પુનઃ એ જ નક્ષત્રની સાથે એ જ સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે. ૧૮૩૦ દિવસ પછી એ જ નામવાળા બીજા નક્ષત્રની સાથે એ જ સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે. ૩૬૬૦ દિવસ પછી એ જ નક્ષત્રની સાથે



એ જ સ્થાનમાં યોગ પૂર્ણ કરે છે.

**ઉપસંહાર :–** જંબૂદ્વીપમાં ૨ સૂર્ય ૨ ચંદ્ર અને બધા નક્ષત્ર પણ બે–બે છે. જ્યારે એક સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર ગતિ કરતા હોય છે ત્યારે બીજા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર પણ એ જ સીધમાં પ્રતિપક્ષ દિશામાં ગતિ કરતા થકા પ્રતિપક્ષ ક્ષેત્રને પ્રકાશિત અને આતાપિત કરે છે.

જ્યારે એક ચંદ્ર જે નક્ષત્રની સાથે યુક્ત હોય છે ત્યારે બીજા ચંદ્ર પણ એજ નામવાળા બીજા નક્ષત્રથી યોગ યુક્ત હોય છે. એ જ રીતે બન્ને સૂર્ય પણ સદશ નક્ષત્રથી યોગ યુક્ત હોય છે. આ પ્રકારે બન્ને સૂર્ય, ચંદ્ર યથાક્રમથી ગ્રહ, નક્ષત્રના યોગથી યુક્ત થતા રહે છે. આ દસમા પ્રાભૃતનો ૨૨ મો પ્રતિપ્રાભૃત પૂર્ણ થયો.

## અગિયારમો પ્રાભૃત

**સંવત્સર યુગની આદિ સમાપ્તિ યોગ :–**

| ક્રમ | સંવત્સર યુગની આદિ સમાપ્તિ | ચંદ્ર યોગ મુહૂર્ત | સૂર્ય યોગ મુહૂર્ત |
|---|---|---|---|
| ૧ | યુગનો પ્રારંભ | અભિજિત– પ્રથમ સમય | પુષ્ય– ૨૧ ૪૩/૬૨ , ૩૩/૬૭ |
| ૨ | પ્રથમ ચંદ્ર સંવત્સરની સમાપ્તિ | ઉત્તરાષાઢા– ૨૬ ૨૬/૬૨ , ૫૪/૬૭ | પુનર્વસુ– ૧૬ ૮/૬૨ , ૨૦/૬૭ |
| ૩ | બીજા ચંદ્ર સંવત્સરની આદિ | ઉત્તરાષાઢા– ૨૬ ૨૬/૬૨ , ૫૪/૬૭ | પુનર્વસુ– ૧૬ ૮/૬૨ , ૨૦/૬૭ |
| ૪ | બીજા ચંદ્ર સંવત્સરની સમાપ્તિ | પૂર્વાષાઢા– ૭ ૫૩/૬૨ , ૪૧/૬૭ | પુનર્વસુ– ૪૨ ૩૫/૬૨ , ૭/૬૭ |
| ૫ | ત્રીજા અભિ. સંવત્સરની આદિ | પૂર્વાષાઢા– ૭ ૫૩/૬૨ , ૪૧/૬૭ | પુનર્વસુ– ૪૨ ૩૫/૬૨ , ૭/૬૭ |
| ૬ | ત્રીજા અભિ. સંવ. સમાપ્તિ | ઉત્તરાષાઢા– ૧૩ ૧૩/૬૨ , ૨૭/૬૭ | પુનર્વસુ– ૨ ૫૬/૬૨ , ૬૦/૬૭ |
| ૭ | ચોથા ચંદ્ર સંવત્સરની આદિ | ઉત્તરાષાઢા– ૧૩ ૧૩/૬૨ , ૨૭/૬૭ | પુનર્વસુ– ૨ ૫૬/૬૨ , ૬૦/૬૭ |
| ૮ | ચોથા ચંદ્ર સંવત્સરની સમાપ્તિ | ઉત્તરાષાઢા– ૪૦ ૪૦/૬૨ , ૬૪/૬૭ | પુનર્વસુ– ૨૯ ૨૧/૬૨ , ૪૭/૬૭ |
| ૯ | પાંચમા અભિ.સંવ. આદિ | ઉત્તરાષાઢા– ૪૦ ૪૦/૬૨ , ૬૪/૬૭ | પુનર્વસુ– ૨૯ ૨૧/૬૨ , ૪૭/૬૭ |
| ૧૦ | પાંચમા અભિ. સંવ. સમાપ્તિ | ઉત્તરાષાઢા– ચરમ સમય | પુષ્ય– ૨૧ ૪૩/૬૨ , ૩૩/૬૭ |

***સૂચના :–*** *ચાર્ટમાં અભિ. = અભિવર્ધિત, સંવ. = સંવત્સર.*

**નોંધ :–** સમાપ્તિમાં જે મુહૂર્ત સંખ્યા છે એટલા મુહૂર્ત એ નક્ષત્રના અવશેષ રહેતા એના પૂર્વના સમયમાં જતા એ નક્ષત્ર, ચંદ્ર-સૂર્યની સાથે યોગ કરતાં વર્ષની સમાપ્તિ કરે છે. માટે આ ચાર્ટમાં આપવામાં આવેલી સંખ્યા મુહૂર્ત વિશેષ સંખ્યા છે. એના પૂર્વ સમયમાં સમાપ્તિ અને એ નિર્દિષ્ટ સમયમાં નક્ષત્રના રહેતાં આગળના સંવત્સરની શરૂઆત થાય છે. અર્થાત્ સમાપ્તિમાં નક્ષત્રનો અવશેષ સમય કહ્યો છે. એટલા માટે એ સમય આગલા વર્ષનો પ્રારંભ યોગ છે.

આ પ્રકારે યુગની સમાપ્તિના સમયે ચંદ્રની સાથે ઉત્તરાષાઢા નક્ષત્રનો અંતિમ સમય હોય છે અને યુગ પ્રારંભમાં અભિજિતનો પ્રથમ સમય હોય છે. જ્યારે યુગની સમાપ્તિમાં સૂર્યની સાથે પુષ્ય નક્ષત્રના રહેવાનું ૨૧ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ મુહૂર્ત અવશેષ રહી જાય છે અને નવા યુગનો પ્રારંભ ઉક્ત અવશેષ સમયના પ્રથમ સમયથી થાય છે.

## બારમો પ્રાભૃત

**સંવત્સરોના કાળમાન :–** સંવત્સર ૫ પ્રકારના હોય છે. યથા– (૧) નક્ષત્ર (૨) ચંદ્ર (૩) ૠતુ (૪) સૂર્ય (૫) અભિવર્ધિત. એના દિવસ અને મુહૂર્ત સંખ્યા આ પ્રકારે હોય છે.

| સંવત્સર | માસદિન | વર્ષદિન | માસના મુહૂર્ત | વર્ષના મુહૂર્ત |
|---|---|---|---|---|
| ૧ નક્ષત્ર | ૨૭ $\frac{૨૧}{૬૭}$ | ૩૨૭ $\frac{૫૧}{૬૭}$ | ૮૧૯ $\frac{૨૭}{૬૭}$ | ૯૮૩૨ $\frac{૫૬}{૬૭}$ |
| ૨ ચંદ્ર | ૨૯ $\frac{૩૨}{૬૨}$ | ૩૫૪ $\frac{૧૨}{૬૨}$ | ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ | ૧૦૬૨૫ $\frac{૫૦}{૬૨}$ |
| ૩ ૠતુ | ૩૦ | ૩૬૦ | ૯૦૦ | ૧૦૮૦૦ |
| ૪ સૂર્ય | ૩૦ $\frac{૧}{૨}$ | ૩૬૬ | ૯૧૫ | ૧૦૯૮૦ |
| ૫ અભિવર્ધિત | ૩૧ $\frac{૧૨૧}{૧૨૪}$ (૩૧ $\frac{૨૯}{૩૦}$, $\frac{૧૭}{૬૨}$) | ૩૮૩ $\frac{૪૪}{૬૨}$ | ૯૫૯ $\frac{૧૭}{૬૨}$ | ૧૧૫૧૧ $\frac{૧૮}{૬૨}$ |
| **કુલ** | **૧૭૯૧ $\frac{૧૯}{૩૦}$, $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ વર્ષ** | | **૫૩૭૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ મુહૂર્ત** | |

**નોંધ :–** આ જે યોગ બતાવવામાં આવ્યા છે તેને આગળના ચાર્ટમાં 'નો યુગ' (કાંઈક ન્યૂન) કાલ કહેવામાં આવ્યો છે.

**યુગના કાલમાન :–**

| | દિન | મુહૂર્ત | બાસઠીયા ભાગ |
|---|---|---|---|
| એક યુગમાં | ૧૮૩૦ | ૫૪૯૦૦ | ૩૪૦૩૮૦૦ |
| નો યુગમાં | ૧૭૯૧ $\frac{૧૯}{૩૦}$, $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ | ૫૩૭૪૯ $\frac{૫૭}{૬૨}$, $\frac{૫૫}{૬૭}$ | |
| યુગ પ્રાપ્ત થવામાં | ૩૮ $\frac{૧૦}{૩૦}$, $\frac{૪}{૬૨}$, $\frac{૧૨}{૬૭}$ | ૧૧૫૦ $\frac{૪}{૬૨}$, $\frac{૧૨}{૬૭}$ | |

**નોંધ :–** નો યુગ = યુગમાં કંઈક ન્યૂન. ઉક્ત દિવસ અને મુહૂર્ત સંખ્યા નક્ષત્ર સૂર્ય ચંદ્ર, ૠતુ અને અભિવર્દ્ધિત એ પાંચે સંવત્સરોના દિવસોના અને મુહૂર્તોના યોગ, **નો યુગની** અપેક્ષા છે.

**સંવત્સરના પ્રારંભ અને અંતની સમાનતા :–**

(૧) સૂર્ય ચંદ્ર સંવત્સરના ક્રમશઃ ૩૦ અને ૩૧ સંવત્સર વીતવાથી સમાનતા થાય છે.



(૨) સૂર્ય સંવત્સરના ૬૦, ૠતુ સંવત્સરના ૬૧, ચંદ્ર સંવત્સરના ૬૨, નક્ષત્ર સંવત્સરના ૬૭ વર્ષ વીતવાથી ચારેય સંવત્સરોની સમાનતા થાય છે અર્થાત્ અંત સમાન હોય છે અને આગળનો પ્રારંભ પણ સાથે થાય છે.

(૩) એ પ્રકારે બે(ચંદ્ર, સૂર્ય)ની સમાનતા ૩૦ સૂર્ય સંવત્સરોમાં થાય છે; ચારેયની ૬૦ સૂર્ય સંવત્સરમાં અને પાંચેયની ૭૮૦ સૂર્ય સંવત્સરોમાં સમાનતા થાય છે ત્યારે સૂર્ય સંવત્સર–૭૮૦, ૠતુ સંવત્સર ૭૯૩, ચંદ્ર સંવત્સર ૮૦૬, નક્ષત્ર સંવત્સર ૮૭૧, અભિવધિત સંવત્સર ૭૪૪ થાય છે.

(૪) એક યુગમાં સૂર્ય મહિના ૬૦, ૠતુ મહિના ૬૧, ચંદ્ર મહિના ૬૨, નક્ષત્ર મહિના ૬૭, અને અભિવર્ધિત માસ = ૫૭ મહિના, ૭ દિવસ અને ૧૧ $\frac{૨૩}{૬૨}$ મુહૂર્ત થાય છે.

**ૠતુ :–** (૧) પ્રાવૃટ (૨) વર્ષા (૩) શરદ (૪) હેમંત (૫) વસંત (૬) ગ્રીષ્મ આ ૬ ૠતુઓ ૫૯-૫૯ દિવસની હોય છે.

ચંદ્ર સંવત્સરમાં ૬ તિથિઓ ઘટે છે– (૧) ત્રીજા (૨) સાતમા (૩) અગીયારમા (૪) પંદરમા (૫) ઓગણીસમા (૬) ત્રેવીસમા પક્ષમાં એમ ચંદ્ર ૠતુના ૫૯ દિવસો છે.

સૂર્ય સંવત્સરમાં ૬ તિથિઓ વધે છે– ચોથા,આઠમા, બારમા, સોળમા, વીસમા, ચોવીસમા, પક્ષમાં. આમ સૂર્ય ૠતુના ૬૧ દિવસ હોય છે.

આ કારણે ચંદ્ર સંવત્સરના બે મહિના ૫૯ દિવસના હોય છે અને સૂર્ય સંવત્સરના બે મહિના ૬૧ દિવસોના હોય છે. જેથી ચંદ્ર સંવત્સર ૩૫૪ દિવસનો અને સૂર્ય સંવત્સર ૩૬૬ દિવસનો હોય છે. પાંચ ચંદ્ર સંવત્સર ૧૭૭૦ દિવસના અને પાંચ સૂર્ય સંવત્સર ૧૮૩૦ દિવસના હોય છે. ચંદ્ર સંવત્સરમાં ૬૦ દિવસ ઓછા હોય છે. તેને જ મેળવવા માટે પાંચ વર્ષમાં બે મહિના વધારવામાં આવે છે.

**સૂર્ય સંવત્સરના પ્રારંભિક માધ્યમિક યોગ :–** સૂર્ય પ્રથમ મંડલમાંથી બીજા મંડલમાં જાય છે ત્યારે સંવત્સર(વર્ષ)ની શરૂઆત થાય છે અને સૂર્યની પરિક્રમા પણ ત્યાંથી જ પ્રારંભ થાય છે. તે પ્રારંભ સમયમાં ચંદ્ર સૂર્યની સાથે યુગના પાંચ વર્ષોની અપેક્ષા નક્ષત્ર યોગ આ પ્રમાણે છે–

| પરિક્રમા | ચંદ્ર-નક્ષત્ર યોગ | મુહૂર્ત | સૂર્ય-નક્ષત્ર યોગ | મુહૂર્ત |
|---|---|---|---|---|
| ૧ | અભિજિત | પ્રથમ સમય | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |
| ૨ | મૃગશીર્ષ | ૧૧ $\frac{૩૯}{૬૨}$, $\frac{૫૩}{૬૭}$ | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |
| ૩ | વિશાખા | ૧૩ $\frac{૫૪}{૬૨}$, $\frac{૪૪}{૬૭}$ | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |
| ૪ | રેવતી | ૨૫ $\frac{૩૨}{૬૨}$, $\frac{૩૬}{૬૭}$ | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |
| ૫ | પૂર્વા ફાલ્ગુની | ૨ $\frac{૪૭}{૬૨}$, $\frac{૧૩}{૬૭}$ | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ |

**બાહ્ય મંડલથી અંદર પ્રવેશ કરતા સમયે :–**

| ક્રમ | સમય | નક્ષત્ર | મુહૂર્ત | નક્ષત્ર | મુહૂર્ત |
|---|---|---|---|---|---|
| ૧ | પહેલા શિયાળામાં | હસ્ત | ૫ $\frac{૫૦}{૬૨}$, $\frac{૬૦}{૬૭}$ | ઉત્તરાષાઢા | ચરમ સમય |
| ૨ | બીજા શિયાળામાં | શતભિષક | ૨ $\frac{૨૮}{૬૨}$, $\frac{૪૬}{૬૭}$ | ઉત્તરાષાઢા | ચરમ સમય |
| ૩ | ત્રીજા શિયાળામાં | પુષ્ય | ૧૯ $\frac{૪૩}{૬૨}$, $\frac{૩૩}{૬૭}$ | ઉત્તરાષાઢા | ચરમ સમય |
| ૪ | ચોથા શિયાળામાં | મૂલ | ૬ $\frac{૫૮}{૬૨}$, $\frac{૨૦}{૬૭}$ | ઉત્તરાષાઢા | ચરમ સમય |
| ૫ | પાંચમા શિયાળામાં | કૃત્તિકા | ૧૮ $\frac{૩૬}{૬૨}$, $\frac{૬}{૬૭}$ | ઉત્તરાષાઢા | ચરમ સમય |

આભ્યંતર મંડલથી બાહ્ય મંડલ સુધી અને બાહ્ય મંડલથી આભ્યંતર મંડલ સુધી; એ સૂર્યની બે આવૃતિઓ(અયન)કહેલ છે. એવી ૧૦ આવૃત્તિઓ એક યુગ (૫ વર્ષ)માં થાય છે.

ચંદ્રની એવી આવૃત્તિઓ એક યુગમાં ૧૩૪ થાય છે. ચંદ્રની એક આવૃત્તિ ૧૩ $\frac{૪૪}{૬૭}$ દિવસની હોય છે. સૂર્યની એક આવૃતિ ૧૮૩ દિવસની હોય છે. ૧૮૩ × ૧૦ = ૧૮૩૦ અને ૧૩ $\frac{૪૪}{૬૭}$ × ૧૩૪ = ૧૮૩૦ થાય છે.

**સૂર્ય આવૃત્તિના પ્રથમ દિવસ :–** (૧) શ્રાવણવદી એકમ (૨) માઘવદી સપ્તમી (૩) શ્રાવણવદી તેરસ (૪) માઘ સુદી ચોથ (૫) શ્રાવણ સુદી દસમી (૬) માઘવદી એકમ (૭) શ્રાવણ વદી સપ્તમી (૮) માઘવદી તેરસ (૯) શ્રાવણ સુદી ચોથ (૧૦) માઘ સુદી દસમી.

**છત્રાતિછત્ર યોગ :–** ઉપર ચંદ્ર, વચમાં નક્ષત્ર અને નીચે સૂર્ય એ રીતે ત્રણેનો એક સાથે યોગ થાય છે તેને છત્રાતિછત્ર યોગ કહેવાય છે.

દક્ષિણ પૂર્વના મંડલ ચતુર્ભાગના $\frac{૨૭}{૩૧}$, $\frac{૧૮}{૨૦}$ ભાગ જાય અને $\frac{૩}{૩૧}$, $\frac{૨}{૨૦}$ ભાગ ચતુર્થાંશ મંડલના શેષ રહે તે સ્થાને ચંદ્ર, સૂર્ય, નક્ષત્રનો છત્રાતિછત્ર યોગ થાય છે. આ યોગમાં ચિત્રા નક્ષત્ર ચરમ સમયમાં હોય છે.

આ ઉક્ત ભાગ આખા મંડલનો ૧૨૪મો ભાગ છે અને ચતુર્ભાગ મંડલનો ૩૧મો ભાગ છે. અર્થાત્ ૨૭ ભાગ ચાલવાથી અને ૨૮મા ભાગનો $\frac{૧૮}{૨૦}$ ભાગ જતાં અને $\frac{૨}{૨૦}$ બે વીશાંશ ભાગ અવશેષ રહે, તે છત્રાતિછત્ર યોગનું સ્થાન છે. એમજ જુદા-જુદા યોગના કુલ ૧૨ પ્રકાર કહેવાયા છે જેમાં છત્રાતિછત્ર યોગ છટ્ઠો યોગ પ્રકાર છે.

## તેરમો પ્રાભૃત

**ચંદ્રની વધઘટ :–** ચંદ્ર માસમાં ૨૯ $\frac{૩૨}{૬૨}$ દિવસ હોય છે. જેના ૮૮૫ $\frac{૩૦}{૬૨}$ મુહૂર્ત હોય છે. એમાં બે પક્ષ હોય છે. તેથી એક પક્ષમાં ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત હોય છે. એક પક્ષમાં ચંદ્રની હાનિ અને બીજા પક્ષમાં વૃદ્ધિ થાય છે. આથી ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત સુધી ઘટ



(હાનિ) થાય છે. તે વદીપક્ષ, કૃષ્ણ પક્ષ, અંધકાર પક્ષ છે અને પછી ૪૪૨ $\frac{૪૬}{૬૨}$ મુહૂર્ત સુધી વૃદ્ધિ થાય છે. તે સુદ પક્ષ, ઉદ્યોત પક્ષ, જયોત્સના પક્ષ છે.

અમાવસ્યાના દિવસે એક સમયે ચંદ્ર પૂર્ણ આચ્છાદિત(ઢંકાયલો) રહે છે અને પૂનમના દિવસે એક સમયે ચંદ્ર પૂર્ણ પ્રગટ રહે છે. બાકીના બધા સમયોમાં કંઈક આચ્છાદિત તો કંઈક પ્રગટ રહે છે. એક યુગમાં ૬૨ ચંદ્રમાસ અને ૧૨૪ પક્ષ હોય છે. ૬૨ અમાસ, ૬૨ પૂનમ હોય છે. એના અસંખ્ય સમય હોય છે. અર્થાત્ યુગમાં અસંખ્ય સમય ચંદ્રની હાનિ અને અસંખ્ય સમય વૃદ્ધિ થાય છે.

**ચંદ્રનું અયન :–** અર્ધ ચંદ્ર મહિનામાં ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડલ ચાલે છે. અર્થાત્ ૧૪ મંડલ પૂરા પાર કરીને ૧૫માં મંડલના $\frac{૩૨}{૧૨૪}$ મા ભાગ ચાલે છે.

સૂર્યના અર્ધ માસમાં ચંદ્ર ૧૬ મંડલ ચાલે છે. આભ્યંતરથી બહાર જતા સમયે અમાસના અંતમાં $\frac{૮}{૧૨૪}$ ભાગ મંડલ સ્વ–પર અચલિત મંડલમાં ચાલે છે. પ્રવેશ કરતા સમયે પૂનમના અંતમાં $\frac{૮}{૧૨૪}$ ભાગ મંડલ અચલિતમાં ચાલે છે.

લોકરૂઢિથી વ્યક્તિ ભેદની અપેક્ષા ન કરીને કેવળ જાતિ ભેદના આશ્રયથી એવું કહેવાય છે કે ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ મંડલ ચાલે છે, પરંતુ વાસ્તવમાં બે ચંદ્ર મળીને એટલું ચાલે છે. તેથી એક ચંદ્ર ૧૪ $\frac{૧૬}{૬૨}$ અર્ધ મંડલ ચાલે છે.

માટે પ્રથમ અયનમાં ચંદ્ર ૨, ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૪ મું અર્ધ મંડલ દક્ષિણમાં અને ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૫નો $\frac{૧૩}{૬૭}$ ભાગ અર્ધ મંડલ ઉત્તરમાં ચાલે છે. એ પ્રકારે ૭ અર્ધ મંડલ દક્ષિણમાં, ૬ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડલ ઉત્તરમાં એમ કુલ ૧૩ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડલ ચાલવાથી પ્રથમ ચંદ્ર અયન થાય છે.

ચંદ્ર, યુગની સમાપ્તિ અંતિમ મંડલમાં પૂનમમાં કરે છે. માટે નવા પ્રથમ અયનને બહારથી આભ્યંતર મંડલમાં પ્રવેશ કરતા સમયે પ્રારંભ કરે છે. બીજું અયન આભ્યંતરથી બહાર જતા સમયે કરે છે.

ચંદ્ર, નક્ષત્ર અર્ધ માસમાં ચંદ્ર અર્ધ માસની અપેક્ષા ૧ $\frac{૪}{૬૭}$, $\frac{૮}{૩૧}$ અર્ધ મંડલ અધિક ચાલે છે. પૂર્ણ માસની અપેક્ષા બમણા સમજવા. તેથી ઉક્ત ૧૩ $\frac{૧૩}{૬૭}$ અર્ધ મંડલ નક્ષત્ર અર્ધ માસથી કહેલ છે.

**ચંદ્રના ચલિત અચલિત માર્ગ :–** બીજા અયનમાં આભ્યંતરથી બહાર જતા સમયે ચંદ્ર ઉત્તરમાં $\frac{૫૪}{૬૭}$ અવશેષ ભાગ અર્ધ મંડલના ચાલીને, પછી બીજા મંડલના $\frac{૧૩}{૬૭}$ ભાગ દક્ષિણમાં અર્ધ મંડલના ચાલીને બીજા અયનનું પ્રથમ અર્ધ મંડલ પૂર્ણ કરે છે. આ રીતે ૧૩ $\frac{૧૩}{૬૭}$ મંડલ પાર કરીને બીજું અયન પૂર્ણ કરે છે ત્યારે ૭ × $\frac{૫૪}{૬૭}$ ભાગ પૂર્વમાં પર–ચલિતમાં ચાલે છે. ૭ × $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વચલિત ઉપર ચાલે છે અને પશ્ચિમમાં ૬ × $\frac{૫૪}{૬૭}$ ભાગ પર ચલિત ઉપર ચાલે છે. ૬ × $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વચલિત ઉપર ચાલે છે. અવશેષ ૨ × $\frac{૧૩}{૬૭}$ ભાગ અચલિત ઉપર ચાલે છે. આમાં આભ્યંતર

મંડલમાં $\frac{૧૩}{૬૭}$ અને બાહ્ય મંડલમાં $\frac{૧૩}{૬૭}$ ભાગ અચલિત ઉપર ચાલે છે.

ત્રીજા અયનમાં બહારથી અંદર જતાં સમયે પહેલા મંડલમાં $\frac{૪૧}{૬૭}$ બંનેના ચલિત ઉપર ચાલે છે. $\frac{૧૩}{૬૭}$ ભાગ પરચલિત ઉપર અને $\frac{૧૩}{૬૭}$ ભાગ સ્વચલિત ઉપર ચાલે છે. એટલું જ બીજા મંડલમાં ચાલે છે. ત્રીજા મંડલમાં $\frac{૮}{૬૭}$, $\frac{૧૮}{૩૧}$ બંનેના ચલિત પર ચાલે છે.

**આ રીતે આખા મહિનામાં–** ૧૩ × $\frac{૫૪}{૬૭}$ + ૨ × $\frac{૧૩}{૬૭}$ પરચલિત પર, ૧૩ × $\frac{૧૩}{૬૭}$ પોતાના ચલિત ઉપર, ૨ × $\frac{૪૧}{૬૭}$ + ૨ × $\frac{૧૩}{૬૭}$ + $\frac{૮}{૬૭}$, $\frac{૧૭}{૩૧}$ ઉભય ચલિત ઉપર ચાલે છે. અને ૨ × $\frac{૧૩}{૬૭}$ અચલિત પર ચાલે છે.

## ચૌદમો પ્રાભૃત

શુકલ પક્ષમાં નિરંતર પ્રકાશ વધે છે. વદ પક્ષમાં નિરંતર અંધકાર વધે છે. શેષ વિવરણ તેરમા પ્રાભૃતના પ્રારંભમાં કહ્યા અનુસાર છે. $\frac{૧}{૧૫}$ ભાગ ચંદ્ર પ્રતિ દિન આવૃત્ત અનાવૃત્ત થાય છે.

## પંદરમો પ્રાભૃત

**ગતિ(ચાલ) :–** બધાથી ધીમી ગતિ ચંદ્રની છે. એનાથી સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાની ક્રમશઃ વધારે-વધારે ગતિ છે.

ચંદ્ર એક મુહૂર્તમાં પોતાના મંડલનો $\frac{૧૭૬૮}{૧૦૯૮૦૦}$ ભાગ ચાલે છે.

સૂર્ય એક મુહૂર્તમાં પોતાના મંડલનો $\frac{૧૮૩૦}{૧૦૯૮૦૦}$ ભાગ ચાલે છે.

નક્ષત્ર એક મુહૂર્તમાં પોતાના મંડલનો $\frac{૧૮૩૫}{૧૦૯૮૦૦}$ ભાગ ચાલે છે.

ચંદ્રથી સૂર્ય ૬૨ ભાગ વધારે ચાલે છે. ચંદ્રથી નક્ષત્ર ૬૭ ભાગ વધારે ચાલે છે. સૂર્યથી નક્ષત્ર પાંચ ભાગ વધારે ચાલે છે.

**ગતિ સાથે યોગનો સંબંધ :–** આ ગતિની હીનાધિકતાના કારણે ચંદ્રની સાથે નક્ષત્ર થોડો સમય ચાલીને યોગ જોડીને આગળ વધી જાય છે. પછી પાછળ-વાળું નક્ષત્ર આગળ વધીને સાથે થઈ જાય છે અને જોગ જોડે છે. આ પ્રકારે એક એક નક્ષત્ર ક્રમશઃ ૧૫, ૩૦ કે ૪૫ મુહૂર્ત યોગ જોડીને આગળ નીકળી જાય છે. આટલા મુહૂર્ત સાથે રહેવાનું કારણ એ છે કે નક્ષત્રોનો સીમા વિષ્કંભ વિમાનની આગળ પાછળ પણ બહુ હોય છે. એ સીમા જ્યારે ચંદ્રની સીધમાં રહે છે ત્યારે યોગ એજ નક્ષત્રનો ગણવામાં આવે છે. એની સીમા સમાપ્ત થવા પર પાછળ-



વાળા નક્ષત્રની આગળની સીમા ચંદ્રની સીધમાં આવે છે. પછી એનું વિમાન અને પછી એની પાછલી સીમા. આમ પુરી સીમાની અપેક્ષા એટલા વધારે અર્થાત્ ૪૫ મુહૂર્ત સુધી યોગ કહેલ છે.

આ રીતે ચંદ્રની સાથે ગ્રહોનો યોગ ક્રમ પણ ઉત્તરોત્તર મુહૂર્તોમાં ચાલતો રહે છે.

સૂર્ય અને નક્ષત્રની ગતિમાં વધારે અંતર નથી માટે આ બન્નેનો યોગ અનેક દિવસો સુધી ચાલે છે. જેથી ૨૮ નક્ષત્રોનો યોગ થવામાં ૧ વર્ષ પૂર્ણ થઈ જાય છે. જ્યારે કે ચંદ્રની સાથે આ બધા નક્ષત્ર એક મહિનામાં યોગ પૂર્ણ કરે છે. એમના યોગકાળનું વર્ણન ૧૦મા પ્રાભૃતના બીજા પ્રતિ પ્રાભૃતમાં કહ્યું છે. આ જ રીતે સૂર્ય અને ૮૮ ગ્રહોનો યોગ કાળ પણ એક વર્ષમાં પૂર્ણ થાય છે.

**ચંદ્ર-સૂર્ય-નક્ષત્રની મંડલ ગતિ :–**

| માસ આદિમાં | ચંદ્ર મંડલ ગતિ | સૂર્ય મંડલ ગતિ | નક્ષત્ર મંડલ ગતિ |
|---|---|---|---|
| નક્ષત્ર માસમાં | ૧૩ $\frac{૧૩}{૬૭}$ | ૧૩ $\frac{૩૪}{૬૭}$ | ૧૩ $\frac{૪૬\frac{૧}{૨}}{૬૭}$ |
| ચંદ્ર માસમાં | ૧૪ $\frac{૧૬}{૬૨}$ | ૧૪ $\frac{૪૭}{૬૨}$ | ૧૪ $\frac{૯૯}{૧૨૪}$ |
| ઋતુ માસમાં | ૧૪ $\frac{૩૦}{૬૧}$ | ૧૫ | ૧૫ $\frac{૫}{૧૨૨}$ |
| સૂર્ય માસમાં | ૧૪ $\frac{૧૧}{૧૫}$ | ૧૫ $\frac{૧}{૪}$ | ૧૫ $\frac{૧}{૪}$, $\frac{૩૫}{૧૨૪}$ |
| અભિવર્ધિત માસમાં | ૧૫ $\frac{૩૩}{૮૬}$ | ૧૫ $\frac{૨૪૫}{૨૪૮}$ | ૧૬ $\frac{૪૭}{૧૪૮૮}$ |
| એક અહોરાત્રમાં | $\frac{૧}{૨}$ માં $\frac{૩૧}{૯૧૫}$ ઓછું | $\frac{૧}{૨}$ | $\frac{૧}{૨}$ થી $\frac{૨}{૭૩૨}$ વધુ |
| એક મંડલ ચાલવાનો સમય | ૨ $\frac{૩૧}{૪૪૪}$ દિન | ૨ દિવસ | ૨ દિવસમાં $\frac{૨}{૩૬૭}$ ઓછું (૧ $\frac{૩૬૫}{૩૬૭}$ દિવસ) |
| એક યુગમાં | ૮૮૪ | ૯૧૫ | $\frac{૧૮૩૫}{૨}$ |

## સોળમો પ્રાભૃત

**લક્ષણ :–** (૧) ચંદ્રનું લક્ષણ પ્રકાશ કરવાનું છે. (૨) સૂર્યનું લક્ષણ પ્રકાશ અને તાપ કરવાનું છે. (૩) છાયા (ચંદ્રાચ્છાદન—સૂર્યાચ્છાદન)નું લક્ષણ અંધકાર કરવાનું છે.

## સત્તરમો પ્રાભૃત

**ચયોપચય :–** ચંદ્ર સૂર્ય દેવ સાધિક એક પલ્યોપમ સ્થિતિ પૂર્ણ થતાં, એક ચવે છે, બીજા ઉત્પન્ન થઈ જાય છે. આ રીતે પરંપરાથી અનંતકાળ સુધી થતું રહે છે. ચંદ્ર સૂર્ય વિમાનમાં પણ પૃથ્વીકાયના પુદ્ગલ ચવતા રહે છે અને નવા આવતા રહે છે.

આ વિષયમાં ૨૫ માન્યતા છે. યથા સમય–સમયમા ચવે ઉપજે છે. મુહૂર્ત મુહૂર્તમાં ***યાવત્*** પ્રત્યેક અવસર્પિણી ઉત્સર્પિણીમાં ઉત્પન્ન થાય છે અને મરે છે. પરંતુ આ માન્યતાઓ બધી અસમીચીન(અશુદ્ધ) છે.

## અઠારમો પ્રાભૃત

**ઊંચાઈ :–** (૧) સમભૂમિથી સૂર્ય વિમાન ૮૦૦ યોજન ઊંચાઈ પર છે. ૮૮૦ યોજન ઊંચાઈ પર ચંદ્ર વિમાન છે. ૭૧૦ યોજનથી ૯૦૦ યોજનના વચમાં ગ્રહ, નક્ષત્ર તારા વિમાન છે. આ વિષયમાં ૨૫ માન્યતાઓ છે. કોઈ એક હજાર યોજન ઊંચા કહે છે. ***યાવત્*** કોઈ ૨૫ હજાર યોજન સૂર્ય અને ૨૫ $\frac{૧}{૨}$ હજાર યોજન ચંદ્રને ઊંચા કહે છે. આ બધી અસમીચીન માન્યતાઓ છે.

(૨) ચંદ્ર સૂર્યની નીચે પણ તારા વિમાન છે અને ઉપર પણ તારા વિમાન છે. આ ઉપર નીચેના તારા વિમાનમાં રહેનારા દેવ ચંદ્ર સૂર્ય વિમાનવાસી દેવોની અપેક્ષા કોઈ અલ્પ ઋદ્ધિવાળા પણ છે અને કોઈ તુલ્ય(સમાન) પણ છે. પૂર્વ ભવની તપ આદિ આરાધનાના કારણે એમ સંભવ છે, તે પણ ઈન્દ્ર સિવાયના દેવોની અપેક્ષાએ સમજવું. કારણ કે સામાન્ય સૂર્ય દેવોની ઉંમર જઘન્ય $\frac{૧}{૪}$ પલ્યોપમ હોઈ શકે છે અને તારા વિમાનવાસી દેવોની ઉત્કૃષ્ટ ઉંમર $\frac{૧}{૪}$ પલ્યોપમની હોય છે. તેથી સ્થિતિની અપેક્ષા જે સમાન છે તે સમાન ઋદ્ધિવાળા હોઈ શકે છે. પછી ભલે એ ઉપરના વિમાનમાં હોય કે નીચેના વિમાનમાં હોય. સૂર્ય ચંદ્રના ઈન્દ્રથી વિશેષ ઋદ્ધિવાળા તારા દેવ નથી હોતા કારણ કે એમની સ્થિતિ ઈન્દ્રથી વધારે કે સમાન હોતી નથી. દેવોની ઋદ્ધિની મહત્તા, ન્યૂનતામાં સ્થિતિનું પ્રમુખ કારણ હોય છે.

(૩) ચંદ્ર સૂર્ય બન્ને બલદેવ વાસુદેવની જેમ હોય છે. તે બંનેની રાજ્ય ઋદ્ધિ એક જ હોય છે. પછી ભલે એને બલદેવની ઋદ્ધિ કહો કે વાસુદેવની. એજ પ્રકારે ચંદ્ર અને સૂર્ય બન્નેનો સંયુક્ત પરિવાર છે. ૨૮ નક્ષત્ર ૮૮ ગ્રહ ૬૬૯૭૫ ક્રોડા ક્રોડી તારા આ એક સૂર્ય ચંદ્રનો પરિવાર છે.

(૪) મેઢથી જ્યોતિષી દૂર રહે છે– ૧૧૨૧ યોજન અને લોકાંતથી જ્યોતિષી દૂર રહે છે–૧૧૧૧ યોજન.

(૫) જ્યોતિષી ક્ષેત્રમાં (૧) અભિજિત નક્ષત્ર બધા નક્ષત્રોમાં મેઢથી અધિક નજીક છે અને આભ્યંતર મંડલમાં છે. (૨) મૂલ નક્ષત્ર બધાથી વધારે બાહ્ય ક્ષેત્ર સુધી લવણ સમુદ્રમાં છે. (૩) સ્વાતિ નક્ષત્ર બધાથી ઉપર છે અને (૪) ભરણી નક્ષત્ર બધા નક્ષત્રોથી નીચે છે.

(૬) ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા બધાના વિમાન અર્ધ કપીત્થ(કોઠા) ફળના આકારવાળા હોય છે. બધા નીચે સમતલ હોય ઉપરથી ગોળ ગુંબજના સમાન



આકારવાળા હોય છે. સર્વ સ્ફટિક રત્નમય છે. તપનીય સુવર્ણની રેતી વિમાનમાં પથરાયેલી હોય છે.

(૭) લંબાઈ પહોળાઈ આદિ આ પ્રમાણે છે–

| નામ | આયામ વિષ્કંભ | બાહલ્ય | વાહકદેવ | સ્થિતિ | | દેવીની ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|---|
| | | | | જઘન્ય | ઉત્કૃષ્ટ | |
| ચંદ્ર | $\frac{૫૬}{૬૧}$ યો. | $\frac{૨૮}{૬૧}$ | ૧૬૦૦૦ | $\frac{૧}{૪}$ પલ. | ૧ પ. ૧ લા. વર્ષ | $\frac{૧}{૨}$ પલ. ૫૦ હ. |
| સૂર્ય | $\frac{૪૮}{૬૧}$ યો. | $\frac{૨૪}{૬૧}$ | ૧૬૦૦૦ | $\frac{૧}{૪}$ પલ. | ૧ પ. ૧ હ. વર્ષ | $\frac{૧}{૨}$ પલ. ૫૦૦ |
| ગ્રહ | ૨ કોશ | ૧ કોશ | ૮૦૦૦ | $\frac{૧}{૪}$ પલ. | ૧ પલ. | $\frac{૧}{૨}$ પલ. |
| નક્ષત્ર | ૧ કોશ | $\frac{૧}{૨}$ કોશ | ૪૦૦૦ | $\frac{૧}{૪}$ પલ. | $\frac{૧}{૨}$ પલ. | $\frac{૧}{૪}$ પલ. સાધિક |
| તારા | $\frac{૧}{૨}$ કોશ | ૫૦૦ ધ. | ૨૦૦૦ | $\frac{૧}{૮}$ પલ. | $\frac{૧}{૪}$ પલ. | $\frac{૧}{૮}$ પલ. સાધિક |

**સૂચના :–** ચાર્ટમાં યો. = યોજન, ધ. = ધનુષ, પ. = પલ્યોપમ, પલ. = પલ્યોપમ, લા. = લાખ, હ. = હજાર. ચંદ્ર અને સૂર્યની દેવીની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ૫૦ હ. અને ૫૦૦ વર્ષ સમજવા.

(૮) તારા, નક્ષત્ર, ગ્રહ, સૂર્ય, ચંદ્ર ક્રમશઃ એક બીજાથી મહર્દ્ધિક હોય છે, જાતિ વાચકની અપેક્ષાથી. વ્યક્તિગત અપેક્ષાથી સ્થિતિ અનુસાર યથાયોગ્ય હીનાધિક થઈ શકે છે. અર્થાત્ સમાન સ્થિતિ હોય તો આ ક્રમિક મહર્દ્ધિકતા સમજવી.

(૯) હાથી, ઘોડા, બળદ અને સિંહના આકારમાં વાહક દેવ ચારે દિશાઓમાં વિમાનની નીચે રહે છે. આ કેવલ ઔપચારિકતા માત્ર છે. વિમાન સ્વાભાવિક રીતે અનાદિથી ગતિ કરે છે. ચાર્ટમાં જેટલા વાહક દેવ કહ્યા છે એને ચાર ભાગોમાં વિભાજીત કરી ચારે દિશાઓમાં સમજી લેવું જોઈએ.

(૧૦) મેઢ પર્વત અને નિષધ નીલ પર્વતોનાં કૂટના કારણે તારાઓનું પરસ્પર અંતર જઘન્ય ૨૬૬ યોજન છે, ઉત્કૃષ્ટ ૧૨૨૪૨ યોજન છે. સ્વાભાવિક અંતર જઘન્ય ૫૦૦ ધનુષ, ઉત્કૃષ્ટ ૨ કોશ છે. ચંદ્ર સૂર્યનો દેવી પરિવાર જીવાભિગમ સૂત્રમાં અને સુખ ભોગ સંબંધી વર્ણન ભગવતી સૂત્રમાં શ. ૧૨, ઉદ્દે. ૬ માં છે.

## ઓગણીસમો પ્રાભૃત

(૧) જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્ર, ૫૬ નક્ષત્ર, ૧૭૨ ગ્રહ, ૧૩૩૯૫૦ ક્રોડાક્રોડી તારા છે. આગળ પ્રત્યેક દ્વીપ સમુદ્રમાં વધારે વધારેની સંખ્યા છે. જીવાભિગમ સૂત્રમાં જુઓ.

અહીં આ વિષયમાં ૧૨ માન્યતા કહી છે. એમાં એ બતાવવામાં આવ્યું છે કે સંપૂર્ણ લોકમાં એક સૂર્ય, ચંદ્ર પ્રકાશ કરે છે. એ પ્રકારે ૩, ૩ $\frac{૧}{૨}$ , ૭, ૧૦, ૧૨,૪૨,

૭૨, ૧૪૨, ૧૭૨, ૪૨૦૦૦, ૭૨૦૦૦, ચંદ્ર, સૂર્ય સંપૂર્ણ લોકમાં થવાની માન્યતા છે. પરંતુ આ માન્યતાઓ સાચી નથી. સંપૂર્ણ લોકમાં અસંખ્ય સૂર્ય અને અસંખ્ય ચંદ્ર છે અને એ બધાનો પોતાનો સ્વતંત્ર પરિવાર છે.

(૨) નક્ષત્ર અને તારા હંમેશાં એક મંડલમાં રહીને પરિક્રમા કરે છે. સૂર્ય, ચંદ્ર ગ્રહોના મંડલ બદલતા રહે છે. આ બધા પોત પોતાના મંડલમાં મેઢ પર્વતની પરિક્રમા કરે છે.

(૩) આ સૂર્ય, ચંદ્ર આદિ ઊંચાઈની અપેક્ષા જયાં છે ત્યાં જ રહે છે. નીચે કે ઊંચે નથી થતા, એ જ ઊંચાઈમાં મંડલ પરિવર્તન કરે છે.

(૪) આ ચાર(તારાઓ છોડીને) જ્યોતિષીઓની ગતિ વિશેષથી મનુષ્યોના સુખ દુઃખના સંયોગ વિયોગ થાય છે. અર્થાત્ એમના નિમિત્તથી સુખ દુઃખના સંયોગનું જ્ઞાન થાય છે.

(૫) બાહ્યથી આભ્યંતર મંડલમાં આવતા સમયે સૂર્યનું તાપ ક્ષેત્ર વધે છે અને બહાર જતા સમયે ઘટે છે. ચંદ્રની નીચે ચાર અંગુલ દૂર નિત્ય રાહુનું વિમાન ચાલે છે. એક દિવસમાં $\frac{૧}{૧૫}$ ભાગ ચંદ્ર ઘટવધ થાય છે અને ૬૨ ભાગ કરવાની અપેક્ષાએ સ્થૂળ દષ્ટિથી $\frac{૪}{૬૨}$ ભાગ પ્રતિ દિન વધે ઘટે છે.

(૬) મનુષ્યક્ષેત્રમાં સૂર્ય ચંદ્ર આદિ ચાલે છે. તેનાથી બહાર બધા ચંદ્ર, સૂર્ય પોતાના સ્થાને જ સ્થિર છે.

(૭) ધાતકી ખંડના આગળ આગળના દ્વીપ સમુદ્રોમાં એના પછીના પૂર્વના દ્વીપ સમુદ્રની સૂર્ય સંખ્યાથી ત્રણ ગણા કરીને એની અંદર બધા દ્વીપ સમુદ્રોના સૂર્યની સંખ્યા ઉમેરવાથી જે રાશિ આવે તેટલા સૂર્ય, ચંદ્ર અને એના પરિવાર હોય છે.

(૮) અઢી દ્વીપની બહાર ચંદ્રની સાથે અભિજિત નક્ષત્રનો યોગ છે અને સૂર્યની સાથે પુષ્યનક્ષત્રનો યોગ રહે છે. આ પ્રકારે તે હંમેશાં સ્થિર હોય છે. ત્યાં પ્રત્યેક સૂર્ય-સૂર્યનું અને ચંદ્ર-ચંદ્રનું પરસ્પર અંતર ૧,૦૦,૦૦૦(એક લાખ) યોજન છે તથા સૂર્ય અને ચંદ્રનું અંતર ૫૦ હજાર યોજનનું હોય છે.

(૯) જ્યોતિષીના ઈન્દ્રનો વિરહ ૬ મહિનાનો હોઈ શકે છે. એ સમયે ૪–૫ સામાનિક દેવો મળીને એ સ્થાન સંબંધી કાર્યની પૂર્તિ કરે છે.

(૧૦) દ્વીપ સમુદ્રનું વર્ણન જીવાભિગમ સૂત્રમાં જુઓ.

**નોટ :–** ગ્રહોના મંડલ આદિનું સ્પષ્ટીકરણ આગમમાં નથી. અર્થાત્ એમના મંડલ કેટલા છે ? મુહૂર્ત ગતિ કેટલી છે ? ઈત્યાદિ કોઈ પણ વર્ણન ઉપલબ્ધ નથી.

## વીસમો પ્રાભૃત

(૧) ચંદ્ર, સૂર્યને કોઈ અજીવ પુદ્ગલ છે એમજ માને છે. રાહુને પણ ૧૫ પ્રકારના



કાળા પુદ્ગલ માને છે અને કોઈ જીવ પણ માને છે. વાસ્તવમાં આ બધા વિમાન છે અને એના સ્વામી ચંદ્ર, સૂર્ય, રાહુ આદિ મહાન ઋદ્ધિ સંપન્ન વૈક્રિય શક્તિ સંપન્ન દેવ છે.

(૨) રાહુના વિષયમાં લોકમાં વિવિધ કથન છે કે તે એક હાથથી સૂર્ય ચંદ્રને ગ્રહણ કરી બીજા હાથથી છોડે છે. મુખથી ગ્રહણ કરે છે અને મુખથી કાઢે છે. જ્યાંથી ગ્રહણ કરે છે ત્યાંથી કાઢે છે અથવા બીજી તરફથી કાઢે છે.

(૩) વાસ્તવમાં રાહુ મહર્દ્ધિક દેવ છે. એના પાંચ રંગના વિમાન છે. કાળા રંગ–વાળા વિમાન સૂર્ય, ચંદ્રને આચ્છાદિત કરે છે. અર્થાત્ મનુષ્યો અને સૂર્ય, ચંદ્રની વચમાં રાહુ આવી જાય છે. તેથી જોવામાં બાધક થઈ જાય છે અને એમના પ્રકાશને આચ્છાદિત કરી દે છે. આ રાહુ વિમાન સૂર્ય ચંદ્રની પાસે નીચે આવી જાય છે. ત્યારે મનુષ્ય લોકમાં સૂર્ય, ચંદ્ર પૂર્ણ નથી દેખાતા. એમના પ્રકાશ પુંજ પણ અપૂર્ણ જેવા થઈ જાય ત્યારે સૂર્ય, ચંદ્ર ખંડિત કે આચ્છાદિત દેખાય છે. નિત્યરાહુ ચંદ્રના પૂર્ણ દેખાવમાં હંમેશાં બાધક બની રહે છે. કાંઈને કાંઈ ઓછું હીનાધિક સીધમાં આવતો રહે છે, સરકતો રહે છે. પર્વ રાહુ, સૂર્ય, ચંદ્ર બન્નેની નીચે ક્યારેક ક્યારેક આવે છે. એના પુદ્ગલ નિત્ય રાહુથી પણ વધારે કાળા હોય છે.

(૪) પર્વ રાહુ ચંદ્રની નીચે ઓછામાં ઓછા ૬ મહિના પછી આવે છે અને ઉત્કૃષ્ટ ૪૨ મહિના પછી આવે છે. એનાથી, વધારે સમય નથી હોતો. સૂર્યની નીચે આવતા ઓછામાં ઓછા ૬ મહિનાનો સમય વ્યતીત થઈ જાય છે અને ઉત્કૃષ્ટ ૪૮ વર્ષ સુધી પણ એ પર્વરાહુ સૂર્યની નીચે આડે નથી આવતો.

(૫) રાહુના દ્વારા ચંદ્ર, સૂર્ય પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ કયાંય પણ આચ્છાદિત કરી શકાય છે. કારણ કે એ ત્રણે મંડલ પરિવર્તિત કરે છે. એક જ મંડલમાં નથી ચાલતા. એ કારણે આચ્છાદિત થતા સૂર્ય ચંદ્ર વિવિધ આકારમાં(આડા, ઊભા, તિરછા, બેઠા, સુતા ઈત્યાદિ કલ્પિત આકારોમાં) દષ્ટિ ગોચર થાય છે, માનવામાં કે કહેવામાં આવે છે. વાસ્તવમાં આ સર્વેય આચ્છાદિત થવાના વિવિધ પ્રકાર છે અને મંડલ પરિવર્તનના કારણે એમ બને છે.

(૬) રાહુ, ચંદ્ર, સૂર્યને ગળી રહ્યો છે, વમન કરી રહ્યો છે, કુક્ષિ ભેદી રહ્યો છે, ઘાત કરી રહ્યો છે, ઈત્યાદિ કથન પણ આચ્છાદિત કરવાની ભિન્નતાઓના કારણે કલ્પના કરી લોકો દ્વારા કહેવામાં આવે છે, માનવામાં આવે છે, એવી સંજ્ઞા આપવામાં આવે છે.

(૭) ચંદ્ર વિમાનનું નામ મૃગાંક છે. તે સુંદર સુરૂપ છે. તે દેવ પણ સુંદર, સૌમ્ય, કાંતિવાળા હોય છે. એટલા માટે ચંદ્રને શશિ પણ કહેવામાં આવે છે. વિમાનના રત્નોની પ્રભામાં કંઈક હીનઅધિક એવં વિશેષતા આ પ્રકારની છે કે જેમાં મનુષ્ય લોકમાં દેખાતા ચંદ્રની વચમાં મૃગ જેવા આકારનો આભાસ થાય છે.

(૮) લોકમાં સમય, આવલિકા, મુહૂર્ત, દિવસને આદિ કરનારો સૂર્ય જ છે. સૂર્યોદયથી નવા વર્ષ, નવા દિવસ, નવા યુગ અને ઉત્સર્પિણી-અવસર્પિણીનો પ્રારંભ થાય છે, આદિ થાય છે માટે એને આદિત્ય કહેવામાં આવે છે. દિવસ અને રાત પણ સૂર્યની પ્રમુખતાથી થાય છે. આકાશ મંડલમાં પ્રકાશ અને તાપરૂપે પણ સૂર્યનું સામ્રાજય છે. સૂર્યના અભાવથી અંધકાર એવં રાત થાય છે. એના સમકક્ષ ચંદ્ર આદિ બધા પ્રકાશમાન પદાર્થ ફિક્કા નજરે પડે છે. આ રીતે સૂર્ય કાળ, દિવસ સંવત્સર, યુગ વિગેરેની આદિનું અને નિર્માણનું પ્રધાન નિમિત્ત છે. એટલા માટે એને આદિત્ય કહેવામાં આવ્યો છે.

**[ટિપ્પણ :– આ કારણે પંચાંગનું નિર્માણ કરનારા સૂર્યોદયની પ્રધાનતાથી જ તિથિ, તારીખ સૂચિત કરતા થકા સંપૂર્ણ પંચાંગ બનાવે છે.**

**એટલું હોવા છતા પણ લોકમાં વિદ્વાન ગણાવાવાળા લોકો પંચાંગમાં સૂચિત તિથિને છોડીને અસ્ત તિથિથી પર્વ દિવસના ઉપવાસ આદિ વ્રત કરે છે. આ એમનો લૌકિક ભ્રમિત પ્રવાહ માત્ર છે. કારણ કે બધી તિથિઓની, યુગની, સંવત્સરની આદિ કરવાવાળો તો સૂર્યને જ આગમમાં કહ્યો છે. તો પર્વ તિથિની આદિ એના કરવામાં અસ્વીકાર કરવો કેમ ઉપયુક્ત હોઈ શકે છે ?**

**આગમોના પ્રાચીન વ્યાખ્યાનકારોએ પણ ઉપવાસ આદિ વ્રત પ્રત્યાખ્યાન બધા સૂર્યોદયની પ્રમુખતાની તિથિથી કરવાનું વિધાન કર્યું છે.** *પ્રમાણે માટે જુઓ– અભિધાન રાજેન્દ્ર કોશ 'તિહિ' શબ્દ.* **તો પણ જૈનાગમવેત્તા લૌકિક પ્રવાહથી પર્વ તિથિ સંવત્સરીનો ઉપવાસ પણ ભાદરવાસુદી પાંચમ પંચાંગ સૂચિત સૂર્યોદય તિથિને છોડીને કરવા લાગે છે, આ લૌકિક નકલ આગમ સમ્મત નથી. કારણ કે આદિત્ય–સૂર્ય દિવસ આદિની આદિ કરવા–વાળો કહ્યો છે. અતઃ કોઈ પણ પર્વ દિવસની અસ્ત સમયથી આદિ(પ્રારંભ) માનવી તે આગમ સમ્મત નથી. એટલા માટે પંચાંગકાર પણ બધી તિથિઓને સૂર્યોદયના લક્ષ્યથી અંકિત કરે છે. કોઈ પણ પંચાંગ સૂર્યાસ્તના લક્ષ્યથી આજ સુધી બન્યુ નથી કે બનવાનું નથી.**

**નિષ્કર્ષ એ છે કે પર્વ તિથિના ઉપવાસ આદિ પંચાગમાં લખેલી તિથિથી કરવા જોઈએ. આગમમાં પર્વ તિથિ, અષ્ટમી, ચતુર્દશી, અમાવસ્યા, પૂર્ણિમા એવં સંવત્સરી કહેવામાં આવી છે. એમાંથી અષ્ટમી ચતુર્દશી આદિના ઉપવાસ વગેરે વ્રત નિયમ પંચાંગમાં લખેલી તિથિમાં કરાય છે. પરંતુ પાખી કે સંવત્સરીના ઉપવાસ આદિને માટે આ પંચાંગની તિથિને છોડીને અસ્ત તિથિને શોધાય છે. આ અપૂર્ણ અને ભ્રમિત નકલ પરંપરા છે કિન્તુ આગમથી સંગત નથી.]**

૯) જ્યોતિષી દેવોના કામ ભોગ જનિત સુખ આદિનું ઉપમાં યુક્ત વર્ણન ભગવતી



સૂત્રમાં કથિત વર્ણનની સમાન સમજવું.

૧૦) ગ્રહ ૮૮ છે. એમના અલગ-અલગ ૮૮ નામ સૂત્રમાં છે. જેમાંથી શનિશ્ચર, ભસ્મ, ધૂમકેતુ, બુધ, શુક્ર, બૃહસ્પતિ, રાહુ, કાલ, મહાકાલ, એક જટી, દ્વિજટી, કેતુ આદિ ગ્રહોના નામ લોકમાં વિશેષ પ્રચલિત એવં પરિચિત છે.

શ શ શ શ શ

**આગમ ઉપસંહાર :–** વિનયવાન, ધૈર્ય સંપન્ન અને અનેક યોગ્યતાઓથી યુક્ત શિષ્ય માટે જ આગમનું અધ્યયન ગુણ વૃદ્ધિ કરવાવાળું હોય છે. અવિનીત, ઘમંડી, કુતુહલી, અસ્થિર પરિણામી, વિષમભાવીને આગમ જ્ઞાનનું સાચું પરિણમન થતું નથી. તેથી આ શાસ્ત્રના અધ્યયન માટે પણ સાચી યોગ્યતાનું વિશેષરૂપથી ધ્યાન રાખવું જોઈએ. કેમ કે આમાં આધ્યાત્મિક વિષય નહીં હોઈને તાત્ત્વિક વિષય છે અને એમાં પણ ગણિત વિષય વધારે છે. તેથી સાધકની પરિણમન શક્તિનો વિચાર કરીને જ આ સૂત્રનું અધ્યયન કરવું જોઈએ. પરંતુ યોગ્ય શિષ્યને પણ આ શાસ્ત્રનું અધ્યયન ન કરાવવું એ તો જૈન શાસનનો એક અપરાધ જ છે.

**ટિપ્પણ :–** આગમ સદા કંઠસ્થ પરંપરામાં જ બધા તીર્થંકરોના શાસનમાં ચાલે છે. ત્યારે જ ઉક્ત ઉપસંહાર સૂચિત નિર્દેશનું યથાર્થ પાલન થાય છે. પરંતુ હુંડા-અવસર્પિણીના ચોવીસમાં તીર્થંકરના આ શાસનમાં ઘણા કારણોથી આગમોના લેખન અને પ્રકાશનનો યુગ ચાલે છે. એમાં ઉક્ત નિર્દેશનું પાલન બંને તરફથી વિકૃત થઈ રહ્યું છે. અર્થાત્ યોગ્ય અયોગ્ય કોઈ પણ વાંચી શકે છે. આર્ય અનાર્ય કોઈ પણ વ્યક્તિ આ સૂત્રોની નકલ કરીને પોતાની પાસે રાખી શકે છે અને પ્રકાશિત થવાથી તે નિયમ, નિયમ સુધી જ રહે છે. આચાર્ય ઉપાધ્યાય પદનું માન સમ્માન લેવાવાળા પણ યોગ્ય શિષ્યોને સૂત્રોનું અને પ્રસ્તુત સૂત્રનું અધ્યયન કે ક્રમિક અધ્યયન નથી કરાવતા અને કંઈક(ઘણા) મનમાની અધ્યયન પણ કરે છે અને ઘણા યોગ્ય હોવા છતાં પણ યોગ્ય સમયે અધ્યયન નહીં કરીને અન્ય પ્રવૃત્તિમાં લાગી જાય છે. આ શાસન રક્ષક પદવીધરોનો વિશેષ પ્રમાદ અને દોષ કહી શકાય છે. આ દોષના નિવારણની પ્રમુખતા થી પ્રાદેશિક ભાષાઓમાં ભાષાંતર, વિવેચન અને સારાંશસૂત્રોના સર્જનની આવશ્યકતા સમાજમાં ઉત્પન્ન થાય છે.

એટલું બધુ થવા છતાં પણ પ્રત્યેક આગમ જીજ્ઞાસુને આ ઉપલબ્ધ ભાષાંતરિત આગમોથી પોતાની પ્યાસ છિપાવવામાં ગુણવૃદ્ધિનો વિવેક રાખવો જોઈએ. ગંભીરતા, નમ્રતા ગુણોમાં ઉપસ્થિત રહીને અને લક્ષ્યને કાયમ રાખીને જ જ્ઞાન વૃદ્ધિ કરવી જોઈએ. આવું કરવાથી યુગની ઉપલબ્ધિનો લાભ લેવા છતાં પણ હાનિથી બચી શકાય છે. આ જ સામાન્ય પાઠકો અને સાધકો માટે શ્રેયસ્કર છે. કેમ કે ઘણાખરા શ્રમણો, ગુઢઓ, આચાર્ય, ઉપાધ્યાયો, પ્રવર્તકોએ પોતાના

શિષ્યોને અને યોગ્ય શ્રમણોપાસક પરિષદને આગમજ્ઞાન દેવાના પોતાના કર્તવ્યને ઉપેક્ષિત કરી નાંખ્યું છે અને કરી પણ રહ્યા છે. એવા સમયમાં પ્રકાશિત ઉપલબ્ધ આગમોનો વિવેક પૂર્ણ ઉપયોગ કરવો જ લાભપ્રદ છે અને આવશ્યક પણ બની ગયો છે.

પ્રસ્તુત આગમ સારાંશ લેખન પણ એવા જ યુગની આવશ્યકતાની પૂર્તિ હેતુ છે અને અત્યંત સરળ રીતે આવશ્યક જ્ઞેય તત્ત્વોને સામાન્ય જિજ્ઞાસુ સાધકો, પાઠકોની અપેક્ષાએ તૈયાર કરવામાં આવ્યું છે. માટે વિવેકપૂર્વક ગુણોની વૃદ્ધિ કરતા જતાં વિનય તેમજ સરલતાની સાથે આનું અધ્યયન કરી પોતાની આગમવાણી પાનની તૃષાને શાંત કરવી જોઈએ.

## ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર

**એક વિચારણા :–** આ સૂત્રના નામથી એક બે પાના જેટલો જ પાઠ ઉપલબ્ધ છે. એમાં પણ વિષયોનું સંકલન સૂચન માત્ર છે અને તે વિષય પ્રાયઃ સૂર્ય પ્રજ્ઞપ્તિ રૂપ જયોતિષ ગણ રાજ પ્રજ્ઞપ્તિમાં અંકિત છે. માટે આ સૂત્ર લિપિ કાલના દોષથી દૂષિત છે. આ સૂત્ર સ્વતંત્ર હતું કે કયા રૂપમાં હતું, આના ૧-૨ પાના કેમ કેવી રીતે અવશેષ રહ્યા ? જેમાં પણ સૂર્ય પ્રજ્ઞપ્તિના વિષયોનું સંકલન માત્ર છે પાહુડ પ્રતિ પાહુડ પણ એમ જ કહ્યા છે. અતઃ ઉક્ત પ્રશ્નો ઈતિહાસજ્ઞોના શોધકાર્ય માટે છે.

વાસ્તવમાં આ સૂત્ર થોડી પણ સ્વતંત્રતા સાથે આજે ઉપલબ્ધ નથી. અતઃ આને સૂત્ર કહેવું અને ગણત્રીમાં ગણવું એ પણ એક પ્રવાહ પરંપરા માત્ર છે. વસ્તુતઃ આ બન્ને સૂત્રોને એક સૂત્ર જ ગણવું જોઈએ. ઉપલબ્ધ બંને સૂત્રની શરૂઆતની સૂચક ગાથાઓમાં કયાંય સૂર્ય પ્રજ્ઞપ્તિ કે ચંદ્ર પ્રજ્ઞપ્તિ નામ નથી. બન્ને જગ્યાએ જ્યોતિષ(ગણ)રાજ પ્રજ્ઞપ્તિ જ નામ અંકિત છે.

યથા – **णामेण इन्दभूइत्ति, गोयमो वंदिऊण तिविहेण ।**
**पुच्छइ जिणवर-वसहं, जोइस रायस्स पण्णत्तिं ॥**
**एवं जोइस गण राय पण्णत्तिं ।** *[ચંદ્ર પ્ર. ગાથા-૪, સૂર્ય પ્ર. ગાથા-૪]*

સારાંશ એ છે કે આજે ન તો સૂર્ય પ્રજ્ઞપ્તિ નામક કોઈ શાસ્ત્ર ઉપલબ્ધ છે અને ન કોઈ ચંદ્ર પ્રજ્ઞપ્તિના નામે. આ નામથી પ્રચલિત આ બંને સૂત્રોમાં **જ્યોતિષ (ગણ)રાજ પ્રજ્ઞપ્તિ** નામ જ મૂળ પાઠની ત્રીજી અને ચોથી ગાથાઓમાં અંકિત છે. એટલા માટે આ સૂત્ર **જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ** સંજ્ઞક છે અને એક જ છે. એક સૂત્રના જ આ અલગ-અલગ નામ પ્રચલિત થયા છે અને નંદી સૂત્રમાં પણ નામ સંકલન એમજ પ્રચલનથી પરિવર્તિત થયા છે. કેમ કે નંદી સૂત્રની નામાવલીમાં એવા પ્રચલિત પરિવર્તનોની સમય-સમય પર અસર થઈ જ છે.



ત્યારે જ નિરિયાવલિકા–ઉપાંગ સૂત્રના ૫ વર્ગોના ૫ સૂત્ર રૂપમાં નામ અંકિત થયા છે.

**નોંધ :–** આ સૂત્ર સારાંશમાં વિષયોને સ્પષ્ટ કરવાનો પ્રયત્નતો કર્યોજ છે. છતાં પણ વિશેષ અધ્યયનના જિજ્ઞાસુઓએ આ સૂત્રની ટીકા અનુવાદ આદિ જે પણ તેઓને ઉપલબ્ધ હોય તેનાથી પોતાની ઈચ્છા પૂરી કરી લેવી જોઈએ.

## જ્યોતિષગણ રાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર સંપૂર્ણ

**પરિશિષ્ટ – ૧ :–**

### જ્ઞાતવ્ય ગણિત

(૧) એક યુગમાં ૧૮૩૦ દિવસ હોય છે, જેમાં નક્ષત્ર માસ ૬૭ હોય છે. અતઃ ૧૮૩૦માં ૬૭નો ભાગ કરવાથી નક્ષત્ર માસના દિવસ નીકળી જાય છે અને તેને ૩૦ વડે ગુણવાથી નક્ષત્ર માસના મુહૂર્ત નીકળે છે. યથા – ૧૮૩૦ ÷ ૬૭ = ૨૭ $\frac{૨૧}{૬૭}$ = ૨૭ દિવસ ૯ $\frac{૨૭}{૬૭}$ મુહૂર્ત. ૨૭ $\frac{૨૧}{૬૭}$ × ૩૦ = ૮૧૭ મુહૂર્ત હોય છે નક્ષત્ર માસમાં. આ પ્રકારે જ ચન્દ્ર માસ આદિમાં દિવસ અને મુહૂર્ત કાઢવામાં આવે છે.

(૨) સૂર્ય એક વર્ષના ૩૬૬ દિવસોમાં ૧૮૪ મંડલમાં સંચરણ કરે છે. જેમાં પહેલા અને અંતિમમાં એકવાર અને શેષ ૧૮૨ માં બે વાર એવી રીતે ૧૮૨ × ૨ + ૨ = ૩૬૬ દિવસ એક વર્ષમાં થાય છે. ૫ વર્ષનો યુગ કહેવાય છે. અતઃ ૩૬૬ × ૫ = ૧૮૩૦ દિવસનો યુગ હોય છે. એના જ આધારથી ચન્દ્ર નક્ષત્ર આદિના માસ દિવસ આદિ કાઢવામાં આવે છે. મુખ્યતા સૂર્ય વર્ષથી જ છે. યુગ પણ સૂર્ય સંવત્સરના દિવસોનો યોગ છે. શેષ ચન્દ્ર નક્ષત્ર આદિના માસ વર્ષ આદિનો આમાં સમવતાર કરવામાં આવે છે. એટલે જ બધા જ્યોતિષોમાં સૂર્ય લોકવ્યવહારમાં પ્રધાન છે. યુગ તિથિ આદિનો આદિ કર્તા પ્રારંભ કર્તા છે, એટલે જ લૌકિક પંચાગમાં સૂર્યના ઉદયની મુખ્યતાથી તિથિઓ અંકિત કરવામાં આવે છે.

(૩) સૂર્ય મંડલ ૧૮૪ છે અને તેઓના અંતર ૧૮૩ છે. અંતર ૨–૨ યોજનના છે અને મંડલ $\frac{૪૮}{૬૧}$ યોજનના છે આને પરસ્પર ગુણીને યોગ કરવાથી પૂર્ણ સંચરણ ક્ષેત્ર નીકળી જાય છે. યથા – ૨ × ૧૮૩ = ૩૬૬ અને $\frac{૪૮}{૬૧}$ × ૧૮૪ = ૧૪૪ $\frac{૪૮}{૬૧}$. આ બંનેનો સરવાળો કરતાં ૩૬૬ +૧૪૪$\frac{૪૮}{૬૧}$, $\frac{૪૮}{૬૧}$ = ૫૧૦ $\frac{૪૮}{૬૧}$ યોજન સંચરણક્ષેત્ર છે.

**મંડલ પરિધિજ્ઞાન :–** આભ્યંતર મંડલની પરિધિ ૩,૧૫,૦૮૯ યોજન છે, એનો

આયામ વિષ્કંભ(વ્યાસ) ૯૯૬૪૦ યોજન છે. વ્યાસનો વર્ગ કરીને ૧૦ ગણા કરીને પછી વર્ગમૂલ કાઢવાથી જે રાશિ પ્રાપ્ત થાય છે તે પરિધિનું પરિમાણ હોય છે. યથા – ૯૯૬૪૦ × ૯૯૬૪૦ × ૧૦ = ૯૯,૨૮,૧૨,૯૬,૦૦ આનું વર્ગમૂલ કાઢવાથી ૩,૧૫,૦૮૯ પૂર્ણાંક આવે છે અને ૧૮૦૭૯ શેષ રહે છે. માટે પરિધિ ત્રણ લાખ ૧૫ હજાર નેવ્યાસી યોજન સાધિક હોય છે.

દરેક આગળના મંડલમાં ૫ $\frac{૩૫}{૬૧}$ વ્યાસ વધવાથી ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન પરિક્ષેપ વધે છે. આ જાણવા માટે ૫ $\frac{૩૫}{૬૧}$ ના એકસઠિયા ભાગ કરીને એની ઉક્ત વિધિથી પરિધિ કાઢી પુનઃ એ એકસઠિયા ભાગોથી યોજન બનાવી લેવા જોઈએ.

યથા– ૫ $\frac{૩૫}{૬૧}$ = ૬૧ × ૫ + ૩૫ = ૩૪૦ એકસઠિયા ભાગ પ્રમાણ વિષ્કંભ (વ્યાસ) પ્રતિમંડલ માં વધે છે. એની પરિધિ પરિમાણ ૩૪૦ × ૩૪૦ × ૧૦ = ૧૧,૫૬,૦૦૦ આનું વર્ગ મૂલ આ પ્રકારે કાઢવું જોઈએ.

| | ૧૦૭૫ એકસઠિયા ભાગ | |
|---|---|---|
| ૧ | ૧,૧૫,૬૦,૦૦ | ૧૦૭૫ ÷ ૬૧ = ૧૭ $\frac{૩૮}{૬૧}$ યોજન. |
| ૧ | ૧ | સ્થૂલ દષ્ટિથી ૧૮ યોજન પ્રતિ મંડલમાં |
| ૨૦૭ | ૦૧૫૬૦ | પરિધિ વધવાનું કહેવાય છે. |
| ૭ | ૧૪૪૯ | વૃદ્ધિ+પ્રથમ મંડલ = અંતિમ મંડલ. |
| ૨૧૪૫ | ૧૧૧૦૦ | ૧૭ $\frac{૩૮}{૬૧}$ × ૧૮૩ = ૩૨૨૫ + ૩૧૫૦૮૯ = |
| ૫ | ૧૦૭૨૫ | ૩૧૮૩૧૪. |
| ૨૧૫૦ | ૦૦૩૭૫ | |

સર્વ બાહ્ય મંડલનો પરિક્ષેપ(પરિધિ) ઉપરોક્ત વર્ગમૂલ પદ્ધતિથી ૩,૧૮,૩૧૪ યોજન અને શેષ ૮૩૯ અંશ રહે છે. જે સ્થૂલ દષ્ટિથી (વ્યવહારથી) ૩૧૮૩૧૫ યોજન કહેવાય છે.

યથા – ૧૦૦૬૬૦ × ૧૦૦૬૬૦ × ૧૦ = ૧૦,૧૩,૨૪,૩૫,૬૦૦૦ આ સંખ્યાનું વર્ગમૂલ ઉક્ત વિધિથી કાઢતાં ૩,૧૮,૩૧૪ યોજન સાધિક નીકળી આવે છે.

(૪) પ્રત્યેક મંડલની પરિધિમાં ૬૦ મુહૂર્તને ભાગ દેવાથી એ મંડલની મુહૂર્ત ગતિ નીકળી આવે છે. યથા – ૩૧૫૦૮૯ ÷ ૬૦ = ૫૨૫૧ $\frac{૨૯}{૩૦}$ યોજન પ્રથમ મંડલની મુહૂર્ત ગતિ છે. ૩૧૮૩૧૫ ÷ ૬૦ = ૫૩૦૫ $\frac{૧૫}{૬૦}$ યોજન અંતિમ મંડલની મુહૂર્ત ગતિ છે.

(૫) ચંદ્રની સાથે શતભિષક નક્ષત્ર ૧૫ મુહૂર્ત યોગ કરે છે અર્થાત્ અર્ધો દિવસ યોગ કરે છે અને એક દિવસના ૬૭ ભાગની અપેક્ષા $\frac{૬૭}{૧}$ × $\frac{૧}{૨}$ = ૩૩ $\frac{૧}{૨}$ ભાગ દિવસ. સૂર્યની સાથે એના પાંચમા ભાગ જેટલા દિવસના યોગ હોય છે. $\frac{૬૭}{૨}$ × $\frac{૧}{૫}$ = $\frac{૬૭}{૧૦}$ દિવસ = ૬ દિવસ ૨૧ મુહૂર્ત. ૩૦ મુહૂર્તવાળાના એનાથી બે ગણા ૪૫ મુહૂર્તવાળાના એનાથી ત્રણ ગણા હોય છે. અર્થાત્ ચંદ્રના યોગ કાલથી સૂર્યના



યોગ કાલ $\frac{૬૭}{૫}$ ગણા હોય છે.

૬) એક યુગ ૧૮૩૦ અહોરાત્રનો હોય છે. જેમાં સૂર્ય ૧૮૩૦ અર્ધ મંડલ ગતિ કરે છે. ચંદ્ર ૧૭૬૮ અર્ધ મંડલ ગતિ કરે છે. નક્ષત્ર ૧૮૩૫ અર્ધ મંડલ ગતિ કરે છે.

અતઃ એક અહોરાત્રમાં સૂર્ય $\frac{૧૮૩૦}{૧૮૩૦}$ અર્ધ મંડલ; ચંદ્ર $\frac{૧૭૬૮}{૧૮૩૦}$ અર્ધ મંડલ અને નક્ષત્ર $\frac{૧૮૩૫}{૧૮૩૦}$ અર્ધ મંડલ ગતિ કરે છે. અર્થાત્ એક અહોરાત્રમાં સૂર્ય એક અર્ધ મંડલ, ચંદ્ર એક અર્ધ મંડલમાં $\frac{૬૨}{૧૮૩૦}$ ભાગ ઓછું, નક્ષત્ર એક અર્ધ મંડલથી $\frac{૫}{૧૮૩૦}$ ભાગ અધિક ચાલે છે.

જ્યારે ચંદ્રને ૧૭૬૮ અર્ધ મંડલમાં ૧૮૩૦ દિવસ લાગે છે. ત્યારે ૧ અર્ધ મંડલમાં = $\frac{૧૮૩૦}{૧૭૬૮}$ દિવસ. તો ચંદ્રને એક પૂર્ણ મંડલમાં = $\frac{૧૮૩૦}{૧૭૬૮}$ × ૨ = $\frac{૧૮૩૦}{૮૮૪}$ = ૨ $\frac{૩૧}{૪૪૨}$ દિવસ લાગે છે.

મ મ મ મ મ

પરિશિષ્ટ – ૨ :

## ૐ નક્ષત્ર તત્ત્વ વિચાર (નક્ષત્રનો થોકડો) ૐ

બાર દ્વારોથી અહીં નક્ષત્રોનો વિચાર કરવાનો છે. યથા– (૧) નક્ષત્ર નામ (૨) આકાર (૩) તારા સંખ્યા (૪) મંડલમાં નક્ષત્ર (૫) રાત્રિ વાહક (૬) મંડલ સંબંધ (૭) યોગ (૮) સીમા વિષ્કંભ (૯) યોગકાલ (૧૦) મુહૂર્ત ગતિ (૧૧) મંડલઅંતર (૧૨) માસ સંવત્સર કાલમાન.

**(૧ થી ૩) નામ આકાર તારા :–** એમનો ચાર્ટ ૧૦ મા પ્રાભૃતના આઠમા નવમા પ્રતિ પ્રાભૃતમાં આપવામાં આવ્યો છે.

**(૪) મંડલમાં નક્ષત્ર :–** નક્ષત્રના આઠ મંડલ છે એમાં નક્ષત્ર આ પ્રકારે છે– (૧) પહેલા મંડલમાં – અભિજિત, શ્રવણ, ઘનિષ્ઠા, શતભિષક, પૂર્વાભાદ્રપદ, ઉત્તર ભાદ્રપદ, રેવતી, અશ્વિની, ભરણી, પૂર્વા ફાલ્ગુની, ઉત્તરા ફાલ્ગુની અને સ્વાતિ એ ૧૨ નક્ષત્ર છે.(૨) બીજા મંડલમાં – પુનર્વસુ, મઘા એ બે છે.(૩) ત્રીજા મંડલમાં – કૃતિકા. (૪) ચોથા મંડલમાં – ચિત્રા, રોહિણી (૫) પાંચમા મંડલમાં – વિશાખા (૬) છઠ્ઠા મંડલમાં – અનુરાધા (૭) સાતમા મંડલમાં – જયેષ્ઠા (૮)

આઠમા મંડલમાં – મૃગશીર્ષ, આર્દ્રા, પુષ્ય, અશ્લેષા, હસ્ત, મૂલ, પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા નક્ષત્ર છે.

**(૫) રાત્રિ વાહક :–** આનો ચાર્ટ દસમા પ્રાભૃતના દસમા પ્રતિપ્રાભૃતમાં છે.

**(૬) મંડલ સંબંધ :–** (૧) ચંદ્રના મંડલથી નક્ષત્ર મંડલનો સંબંધ – ૧, ૩, ૬, ૭, ૮, ૧૦, ૧૧ અને ૧૫.(૨) નક્ષત્ર મંડલનો સૂર્યના મંડલથી સંબંધ – ૧, ૨, ૭, ૮ (૩) સૂર્ય મંડલનો ચંદ્ર મંડલથી સંબંધ – ૧, ૨, ૩,૪,૫, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫ (૪) ચંદ્ર મંડલ સાથે સૂર્ય અને નક્ષત્ર મંડલનો અર્થાત્ ત્રણેનો મંડલ સંબંધ :– ચંદ્રનો ૧-૩-૧૧-૧૫. નક્ષત્રનો ૧-૨-૭-૮. સૂર્યનો ૧-૨૭-૧૪૪-૧૮૪.

**(૭) જોગ :–**

| ક્રમ | યોગ | નક્ષત્ર |
|---|---|---|
| ૧ | દક્ષિણ યોગ | ૬–નક્ષત્ર મૃગશીર્ષ આદિ |
| ૨ | ઉત્તર યોગ | ૧૨–નક્ષત્ર અભિજિત આદિ |
| ૩ | ત્રણે યોગ | ૭–કૃતિકા, રોહિણી, પુનર્વસુ, મઘા, ચિત્રા, વિશાખા અનુરાધા |
| ૪ | દક્ષિણ અને પ્રમર્દ | ૨–પૂર્વાષાઢા, ઉત્તરાષાઢા |
| ૫ | પ્રમર્દ | ૧–જ્યેષ્ઠા |

**(૮) સીમા વિષ્કંભ :–** પોત પોતાના મંડલના ૧૦૯૮૦૦ ભાગમાંથી નિમ્ન ભાગ પ્રમાણ આ નક્ષત્રોનો સીમા વિષ્કંભ (પોતાનો યોગ ક્ષેત્ર) છે.

| | |
|---|---|
| ૬૩૦ ભાગ | અભિજિત |
| ૧૦૦૫ ભાગ | શતભિષક, ભરણી, આદ્રા, અશ્લેષા, સ્વાતિ, જ્યેષ્ઠા |
| ૨૦૧૦ ભાગ | શ્રવણ ધનિષ્ઠા આદિ– ૧૫. (પ્રાભૃત ૧૦/૨) |
| ૩૦૧૫ ભાગ | ઉત્તરા ભાદ્રપદ, રોહિણી, પુનર્વસુ, ઉત્તરા-ફાલ્ગુની વિશાખા, ઉત્તરાષાઢા |

**(૯) યોગ કાલ :–**

| નક્ષત્ર | ચંદ્રની સાથે | સૂર્યની સાથે |
|---|---|---|
| અભિજિત | ૯ ૩૭/૬૭ મુહૂર્ત | ૪ દિવસ ૬ મુહૂર્ત |
| ૬ નક્ષત્ર | ૧૫ મુહૂર્ત | ૬ દિવસ ૨૧ મુહૂર્ત |
| ૧૫ નક્ષત્ર | ૩૦ મુહૂર્ત | ૧૩ દિવસ ૧૨ મુહૂર્ત |
| ૬ નક્ષત્ર | ૪૫ મુહૂર્ત | ૨૦ દિવસ ૩ મુહૂર્ત |



**(૧૦) મુહૂર્ત ગતિ :–**

| | પ્રથમ મંડલ | છેલ્લું મંડલ |
|---|---|---|
| સૂર્ય | ૫૨૫૧ ૨૯/૬૧ | ૫૩૦૫ ૧૫/૬૦ |
| ચંદ્ર | ૫૦૭૩ ૭૭૪૪/૧૩૭૨૫ | ૫૧૨૫ ૬૯૯૦/૧૩૭૨૫ |
| નક્ષત્ર | ૫૨૬૫ ૧૮૨૬૩/૨૧૯૬૦ | ૫૩૧૯ ૧૬૩૬૫/૨૧૯૬૦ |

**(૧૧) મંડલ અંતર :–** સૂર્ય વિમાન ૪૮/૬૧ યોજન, ચંદ્ર ૫૬/૬૧ યોજન, નક્ષત્ર વિમાન એક કોશ છે. આ લંબાઈ પહોળાઈ છે. ઊંચાઈ એનાથી અડધી છે. આઠ નક્ષત્ર મંડલમાં સાત અંતર–

(૧) ૭૨ ૫૧/૬૧, ૧/૭ (૨) ૧૦૯ ૧૫/૬૧, ૫/૭ (૩) ૩૬ ૨૫/૬૧, ૪/૭, (૪) ૩૬ ૨૫/૬૧ ૪/૭ (૫) ૭૨ ૨૫/૬૧, ૪/૭ (૬) ૩૬ ૨૫/૬૧, ૪/૭ (૭) ૧૪૫ ૪૧/૬૧, ૨/૭

સૂર્ય મંડલનું અંતર ૨-૨ યોજન છે. ચંદ્ર મંડલનું ૩૫ ૩૦/૬૧, ૪/૭ યોજનનું અંતર છે.

**(૧૨)પાંચ સંવત્સરનું કાળમાન :–**

| ક્રમ | સંવત્સર | માસના દિવસ | યુગમાં માસ | સંવત્સરના દિવસ | યુગના દિવસ |
|---|---|---|---|---|---|
| ૧ | નક્ષત્ર | ૨૭ ૨૧/૬૧ | ૬૭ | ૩૨૭ ૫૧/૬૧ | ૧૬૩૮ ૫૪/૬૭ |
| ૨ | ચંદ્ર | ૨૯ ૩૨/૬૨ | ૬૨ | ૩૫૪ ૧૨/૬૨ | ૧૭૭૦ ૬૦/૬૨ |
| ૩ | ઋતુ | ૩૦ | ૬૧ | ૩૬૦ | ૧૮૦૦ |
| ૪ | સૂર્ય | ૩૦ ૧/૨ | ૬૦ | ૩૬૬ | ૧૮૩૦ |
| ૫ | અભિવર્ધિત | ૩૧ ૧૨૧/૧૨૪ | ૫૭મા. ૭ દિ. ૧૧ ૨૩/૬૨ મુહૂર્ત | ૩૮૩ ૪/૬૨ | ૧૯૧૮ ૩૪/૬૨ |

**સૂચના :–** ચાર્ટમાં મા. = માસ, દિ. = દિવસ.

**મેળાપ ક્યારે ? :–** (૧) ચંદ્ર સૂર્યના માસનો મેળાપ–૨ ૧/૨ વર્ષમાં લગભગ (૨) ચંદ્ર સૂર્ય સંવત્સરનો મેળાપ–૩૦ વર્ષમાં (૨ ૧/૨ ×૧૨) (૩) ચંદ્ર, સૂર્ય, ઋતુ અને નક્ષત્ર સંવત્સરનો મેળાપ–૬૦ વર્ષમાં (૪) પાંચેયનો મેળાપ– (૧) ૭૮૦ સૂર્ય સંવત્સરમાં (૨) ૮૦૬ ચંદ્ર સંવત્સરમાં (૩) ૮૭૧ નક્ષત્ર સંવત્સરમાં (૪) ૭૯૩ ઋતુ સંવત્સરમાં (૫) ૭૪૪ અભિવર્ધિત સંવત્સરમાં થાય છે.

પરિશિષ્ટ–૩ :

## જ્યોતિષ મંડલ

### વિજ્ઞાન અને આગમની દષ્ટિમાં

જૈન સિદ્ધાંતાનુસાર પૃથ્વી પ્લેટના આકારે ગોળ અસંખ્ય યોજન રૂપ છે. તે સ્થિર છે. પ્રાણી જગત એના પર ભ્રમણ કરે છે. યાન, વાહન એના પર ભ્રમણ કરે છે. અને આ ભૂમિની ઉપર ઊંચે આકાશમાં જ્યોતિષ મંડલ, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, સ્વાભાવિક અનાદિ કાલથી ભ્રમણ કરે છે અને યાન વિમાન માનવિક દૈવિક શક્તિથી આકાશમાં ગમન કરે છે. પક્ષી આદિ તિર્યંચ યોનિક જીવ પણ સ્વભાવથી આકાશમાં ગમનાગમન કરે છે. જ્યોતિષ મંડલમાં પણ ઉત્તર દિશામાં દેખાતો લોકમાન્ય ધ્રુવ તારો સદા ત્યાં સ્થિર રહે છે. અર્થાત્ મનુષ્યો અને વૈજ્ઞાનિકોને તે સર્વદા એક જ સ્થળ પર દેખાય છે. હજારો વર્ષથી પહેલાં પણ ત્યાં દેખાતો હતો અને હજારો વર્ષ પછી પણ એ જ નિશ્ચિત સ્થળ પર દેખાતો રહેશે.

**ગોળ અને પરિભ્રમણ કરતી પૃથ્વી :–** વૈજ્ઞાનિક લોકો પૃથ્વીને ગોળ દડાના આકારે માને છે. પરંતુ તેને એક કેન્દ્ર બિંદુ પર સદા કાલ ફરતી માને છે અને સૂર્યને સ્થિર માને છે. સાથે જે સૂર્ય માનવને ચાલતો દેખાય તેને ભ્રમ પૂર્ણ માને છે. પૃથ્વીને પણ ૧૦૦૦ માઈલ પ્રતિ કલાક ચાલવા વાળી માને છે. આ ચાલથી તે પોતાની ધરી પર ફરતી રહે છે. સાથે બીજી ગતિથી તે પોતાનું સ્થાન છોડીને પૂર્ણતઃ સૂર્યની પરિક્રમા પણ લગાવે છે.

**ટ્રેન એવં પક્ષીનું ઉદાહરણ :–** ચાલુ ટ્રેનમાં જેમ પૃથ્વી, વૃક્ષો ચાલતા દેખાય છે, તે ભ્રમ છે. તેમજ સૂર્ય આદિ આપણને ચાલતા દેખાય છે, તે પણ ભ્રમ છે એમ વૈજ્ઞાનિકો માને છે. પણ જ્યારે ટ્રેન ચાલે છે ત્યારે તેની અંદરની વ્યક્તિ ચાલી ફરી શકે છે, દડાથી રમી શકે છે. પણ ટ્રેનની બહાર યા ઉપર કોઈ કૂદીને રમી શકતા નથી અથવા દડાથી રમી શકતા નથી. આ પ્રકારે જો પૃથ્વી ટ્રેન જેવી ચલન સ્વભાવવાળી હોય અને ૧૦૦૦ માઈલ પ્રતિ કલાક ચાલતી હોય તો આનાપર આકાશમાં પક્ષી ઉડીને પુનઃ પોતાના સ્થાન પર બેસી શકતું નથી. કારણ કે પૃથ્વી જે દિશામાં ૧૦૦૦ માઈલની ગતિથી ચાલી રહી છે એનાથી વિપરીત દિશામાં બે માઈલ આકાશમાં એક કલાક ચાલીને પક્ષી ફરીથી પોતાના સ્થાન પર બીજા કલાકમાં નથી પહોંચી શકતું. કારણ કે પૃથ્વી ૧૦૦૦ માઈલ આગળ ચાલી જાય છે. જ્યારે પક્ષી પોતાના સ્થાન પર પુનઃ આવતું જતું દેખાય છે.



આ પૃથ્વી પર મનુષ્ય કૂદે છે, દડા, રિંગ આદિથી રમે છે. એમાં કોઈ હરકત નથી થતી. પરંતુ ટ્રેનના છાપરા પર બેસીને કોઈ વ્યક્તિ સફળ થઈ શકતી નથી. અને ટ્રેનની અંદર પોતાની ઈચ્છા સફળ કરી શકે છે. એથી સ્પષ્ટ છે કે ટ્રેનની બહારનું વાયુમંડલ એના સાથે નથી ચાલતું. આ પ્રકારે પૃથ્વીનું બાહ્ય આકાશીય વાયુમંડલ પણ એની સાથે નથી ચાલી શકતું.

**વાયુ મંડલ :–** વાયુ મંડલ સાથે ચાલવાની વાત પણ કલ્પિત છે અને પૂર્ણ સત્ય નથી. જે પ્રકારે ટ્રેનની અંદરનો વાયુ મંડલને સાથે ચાલવાનો સંભવ છે પરંતુ બાહ્ય વાયુમંડલ સાથે નથી ચાલતું. એજ પ્રકારે પૃથ્વીના બાહ્ય વિભાગના વાયુ મંડલને સાથે ચાલતું કહેવું અપ્રમાણિત, મન ઘડંત કથન છે અને અસંભવ છે. આ કેવળ પોતાના આગ્રહનું પ્રકટીકરણ માત્ર છે. વાસ્તવમાં તો પૃથ્વી સ્થિર છે. એટલે એનું સમગ્ર બાહ્ય વાતાવરણ એની સાથે છે. પક્ષી આદિ નું નિરાબાધ ગમન પણ એજ કારણે હોઈ શકે છે. વાયુયાન પણ પોતાની ગતિથી મંજિલ પાર કરે છે. પૃથ્વીની ગતિથી નહીં.

એટલા માટે આ સત્ય સ્પષ્ટ છે કે પૃથ્વી સ્થિર છે ભ્રમણશીલ નથી. સૂર્ય આદિ જ્યોતિષ મંડલ ભ્રમણ શીલ છે. આ સંપૂર્ણ જ્યોતિષ મંડલ સમભૂમિથી ૭૯૦ યોજન ઉપર જવા બાદ ૯૦૦ યોજન સુધી અર્થાત્ કુલ ૧૧૦ યોજન મોટા ક્ષેત્રમાં અને હજારો યોજન લાંબા પહોળા ક્ષેત્રમાં છે.

**ધ્રુવતારો ક્યાં છે ? :–** ભૂમિથી એટલી ઊંચાઈ પર રહેતા સૂર્ય આદિ સદા ભ્રમણ કરે છે. એક ધ્રુવ કેન્દ્રની પરિક્રમા લગાવતા રહે છે. તે ધ્રુવ કેન્દ્ર મેરુ પર્વત છે, જે ૯૯૦૦૦ યોજન ઊંચો છે. એની ચૂલિકાને આપણે ધ્રુવ તારા રૂપે જોઈએ છીએ. મેરુ પણ સ્થિર ભૂમિનો એક અંશ છે. અતઃ ધ્રુવ તારો જે દેખાય છે અને જે માનવામાં આવે છે તે તારો નહીં કિંતુ ધ્રુવ કેન્દ્ર રૂપ મેરુ પર્વતનું ચોટી સ્થલ છે. જે વૈડૂર્ય મણિમય હોવાથી ચમકતું નજરે આવે છે. તે ભરતક્ષેત્રની મધ્યથી ૪૯૮૮૬ યોજન દૂર અને સમભૂમિથી ૯૯૦૦૦ યોજન ઊંચું છે. માઈલની અપેક્ષા ૮૦ કરોડ માઈલથી અધિક ઊંચું અને ત્રણ કરોડ માઈલથી વધારે દૂર છે. સપ્તર્ષિ મંડલ એની અત્યંત નજીક પરિક્રમા લગાવતું દેખાય છે. પરિક્રમા સ્થિર વસ્તુમાં લગાવાય છે. મેરુ સ્થિર કેન્દ્ર છે. સંપૂર્ણ જ્યોતિષ મંડલ એની જ પરિક્રમા લગાવે છે. વૈજ્ઞાનિક સૂર્ય, પૃથ્વી આદિને ગતિમાન માનીને પણ તેને જ પરિક્રમા કેન્દ્ર માને છે, જે તેમનું એક વ્યાપક ભ્રમ છે.

**વૈજ્ઞાનિકોના સિદ્ધાંત :–** વૈજ્ઞાનિક લોકો સૂર્યને આગનો ગોળો માને છે. ચંદ્રને પૃથ્વીનો ટુકડો માને છે. ચંદ્ર પૃથ્વીને ચક્કર લગાવે છે. પૃથ્વી સૂર્યને ચક્કર લગાવે છે. સૂર્ય અન્ય સૌર મંડલને ચક્કર લગાવે છે. પૃથ્વી પોતાની

ધરી પર ૧૦૦૦ માઈલ પ્રતિ કલાકની ચાલથી ફરે છે. એ પ્રકારે સૂર્યને પણ ચક્કર મારવાવાળો બતાવે છે. પૃથ્વી તથા ચંદ્રને ત્રણ-ત્રણ પ્રકારની ગતિમાં કલ્પિત કર્યો છે. યથા પૃથ્વી– (૧) પોતાની ધરી ઉપર ફરે છે. (૨) સૂર્યને ચક્કર લગાવે છે. (૩) સૂર્ય કોઈ સૌર મંડલને ચક્કર લગાવે છે, એની સાથે પૃથ્વી પણ ફરે છે. ચંદ્ર પણ– ૧. પૃથ્વીને ચક્કર લગાવે છે. ૨. પૃથ્વીની સાથે સૂર્યને પણ ચક્કર લગાવે છે. ૩. અને સૂર્યની સાથે સૌરમંડલને પણ ચક્કર લગાવે છે. આ કલ્પનામાં પૃથ્વી અને ચંદ્રની ત્રણ ગણી ગતિ અર્થાત્ કરોડો માઈલ પ્રતિ ૧ કલાકની ગતિ હોય છે. આ પ્રકારની તીવ્ર ગતિ કરવાવાળા ચંદ્ર પર કોઈના જવાની કલ્પના કરવી, પ્રયત્ન કરવો અને પ્રચાર કરવો કેવલ ભ્રમ મૂલક છે. તથા હાસ્યાસ્પદ પણ છે.

**ત્રિવિધ ગતિઓની અવાસ્તવિકતા :–** પૃથ્વી ત્રણગણી ગતિઓથી દોડે છે. તો ગરમીના દિવસોમાં કોઈ વાર હવા નામ માત્રની નથી રહેતી, એવું કેમ ? સામાન્ય ગતિથી ચાલનારા વાહન જ્યારે ઊભા હોય ત્યારે ગરમી થાય છે પણ જ્યારે તે ચાલે છે ત્યારે હવાનો સંચાર સ્વતઃ થઈ જાય છે. જો પૃથ્વી ત્રણ ગતિઓથી નિરંતર દોડે છે તો ઘરની અંદર અથવા મેદાનમાં નિરંતર જોરદાર હવાનું તોફાન રહેવું જોઈએ. પરંતુ એવું દેખાતું નથી. આ દષ્ટાંતથી અને પક્ષીઓના ઊડીને પુનઃ પોતાના સ્થાનમાં આવવાના દષ્ટાંતથી પૃથ્વીનું સ્થિર રહેવું સુસંગત છે.

**વાસ્તવિક સત્ય :–** સૂર્ય, ચંદ્ર આદિ જ્યોતિષ દેવોના વિમાન છે. જે ગતિ સ્વભાવવાળા હોવાથી સદા અનાદિથી ગતિમાન રહે છે. એ વિવિધ રત્નોના અનાદિ શાશ્વત વિમાન છે. એ પોતાના નિશ્ચિત સીમિત મંડલો(માર્ગો)માં એક સીમિત ગતિથી સદા નિરંતર ભ્રમણ કરતા રહે છે અને આ રત્નમય વિમાનોના રત્ન મનુષ્ય લોકને પ્રકાશિત એવં પ્રતાપિત કરે છે. ન તો એ અગ્નિ પિંડ છે અને ના તો પૃથ્વીના કપાયેલા ટુકડા રૂપે છે.

પૃથ્વીથી કપાયા ટુકડા પૃથ્વીથી ઉપર જઈને ગોળ ચંદ્ર બની જાય અને ચમકવા લાગી જાય, પ્રકાશ દેવા લાગી જાય, ઈત્યાદિ બધી વૈજ્ઞાનિક લોકોની પ્રત્યક્ષીકરણ વિનાની કલ્પના માત્ર છે.

**સત્ય સૂચન :–** જ્યારે વૈજ્ઞાનિકો પ્રત્યક્ષ ગયા વગર અને જોયા વગર પોતાની રુચિ કે કલ્પના માત્રથી સૂર્યને આગનો ગોળો માની શકે છે, મનાવી શકે છે; તો પછી એના કરતાં તો વગર જોયે આગમ શ્રદ્ધાનો સ્વીકાર કરી તેને દેવોના ભ્રમણશીલ વિમાનપણે સ્વીકાર કરી લેવો જોઈએ અને પૃથ્વીને સ્થિર માની લેવી જોઈએ. જો કલ્પના જ કરવી છે તો વૈજ્ઞાનિકોએ લોકમાં પ્રચલિત ધર્મ સિદ્ધાંતમાં અને જ્યોતિષ શાસ્ત્રમાં એમનું જે સ્વરૂપ અંકિત છે એને જ સ્વીકાર



કરી લેવું જોઈએ. અને તે પ્રમાણે જ સત્યની શોધ કરવી જોઈએ.

**વૈજ્ઞાનિકોનો સત્યાવબોધ :–** વૈજ્ઞાનિકોએ ક્યારેય પૃથ્વીને ચાલતી જોઈ નથી. કોઈએ ચંદ્રને પૃથ્વીનો ટુકડો થતો જોયો નથી. સૂર્યને અગ્નિ પિંડરૂપ ગોળાકારમાં કોઈ વૈજ્ઞાનિકે જઈને જોયો નથી. કલ્પનાઓથી માન્ય કરી વૈજ્ઞાનિક સદા પોતાની માન્યતા અને કલ્પનાઓની તે રીતે શોધ કરે છે. એમની શોધનો અંત નથી આવતો. આજે પણ તે શોધ કરીને નવી હજારો લાખો માઈલની પૃથ્વી સ્વીકાર કરી શકે છે. કેટલાક વૈજ્ઞાનિકો પૃથ્વીને દડા સમાન ગોળ માનતા નથી. આ પ્રકારે વૈજ્ઞાનિક કલ્પના, શોધ, ઉપલબ્ધિ, ભ્રમ, અપૂર્ણતા, પ્રયાસ, નિરાશ, પુનઃ કલ્પના, ઉપલબ્ધિ, ભ્રમ એવા ક્રમિક ચક્કરમાં ચાલતા રહે છે. કોઈ વૈજ્ઞાનિકે આ શોધને સમાપ્તિનું રૂપ નથી આપ્યું. તે અત્યારે પણ કાંઈક નવું શોધી શકે છે. નવો નિર્ણય લઈ શકે છે. જૂના નિર્ણય ફેરવી પણ શકે છે.

**સાર :–** અત્યારે વૈજ્ઞાનિકોનો જ્યોતિષ મંડલ સંબંધી નિર્ણય ભ્રમિત એવં વિપરીત છે. એની જ વિપરીતતાથી પૃથ્વીના સ્વરૂપને પણ વાસ્તવિકતાથી વિપરીત માનીને પોતાના ગણિતનું સમાધાન મેળવી લે છે.

અનેક ધર્મ સિદ્ધાંતોમાં આવેલ પૃથ્વી અને જ્યોતિષ મંડલના સ્વરૂપથી વૈજ્ઞાનિકોની કલ્પના વિપરીત છે. જ્યારે આ વૈજ્ઞાનિકોની પોતાની કલ્પના જ છે તો એની કલ્પનાને સત્ય માનીને ધર્મ શાસ્ત્રના સંગત વચનોને ખોટા ઠરાવવાનું કોઈ પણ અપેક્ષાએ ઉચિત થઈ શકતું નથી. કારણ કે વિજ્ઞાનનું મૂળ જ કલ્પના છે અને પછી શોધ પ્રયત્ન છે. માટે શોધનું અંતિમ પરિણામ ખરૂં ન આવે ત્યાં સુધી એને સત્ય હોવાનો નિર્ણય નથી આપી શકાતો. જ્યારે જૈન શાસ્ત્રોક્ત સિદ્ધાંત કલ્પના મૂલક નથી પરંતુ જ્ઞાન મૂલક છે. માટે તુલનાત્મક દષ્ટિથી પણ આગમોક્ત સિદ્ધાંત વિશેષ આદરણીય, ભ્રમ રહિત એવં વિશાળ દષ્ટિકોણવાળા છે. એવા જ્ઞાન મૂલક સિદ્ધાંતોને વિજ્ઞાનના કલ્પના મૂલક કથનોથી પ્રત્યક્ષીકરણનું જ ખોટું આલંબન લઈને બાધિત કરવું અને ગલત કહેવું, સમજ ભ્રમ માત્ર છે.

**ચંદ્ર લોકની યાત્રા વ્યર્થ :–** વૈજ્ઞાનિકોની ચંદ્રલોક યાત્રા અને એના પ્રયાસ માટે કરેલ ખર્ચ અત્યાર સુધી સફળ થયો નથી. એમને અસફળતા સિવાય કાંઈ પણ હાથ લાગ્યું નથી. વાસ્તવમાં મૂળ દષ્ટિકોણ સુધાર્યા વગર વૈજ્ઞાનિકોને જ્યોતિષ મંડલના સંબંધમાં કોઈ પણ પ્રકારની ઉપલબ્ધિ નથી થઈ શકતી, એ દાવા સાથે કહી શકાય છે. કારણ કે જ્યોતિષ મંડલ વૈજ્ઞાનિકોની શક્તિ સામર્થ્યથી બાહ્ય સીમામાં છે અને એમના સંબંધી વૈજ્ઞાનિકોની કલ્પનાઓ પણ સત્યથી ઘણી દૂર છે. માટે કલ્પનાઓમાં વહેતા

રહેવામાં જ તેઓને સંતોષ માનવાનું રહેશે. પૃથ્વી સંબંધી શોધ કરતાં આગળ ને આગળ કોઈ ક્ષેત્રની ઉપલબ્ધિ એમને થઈ શકે છે. કોઈ નવા-નવા સિદ્ધાંતોની પ્રાપ્તિ પણ થઈ શકે છે. પરંતુ દૈવિક વિમાનરૂપ જ્યોતિષ મંડલ જે અતિ દૂર છે એને આગનો ગોળો કે પૃથ્વીનો ટુકડો માનીને ચાલવાથી કાંઈ વળે નહીં, વ્યર્થ જ મહેનત થાય અને દેશને ખર્ચ થાય.

માટે વૈજ્ઞાનિકોએ જ્યોતિષ મંડલના સંબંધમાં મહેનત કરતાં પહેલા ધર્મ સિદ્ધાંતોનું અધ્યયન મનન અને તેની સાચી શ્રદ્ધા કરવી, એ વિશેષ લક્ષ્ય રાખવું જોઈએ. કારણ કે ધર્મ સિદ્ધાંત અને જ્યોતિષ શાસ્ત્ર જ જ્યોતિષ મંડલના અધિકતમ સાચા જ્ઞાનના પૂરક છે. સ્વતંત્ર કલ્પનાઓથી એમને સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી.

**પુનશ્ચ :–** પૃથ્વી સ્થિર છે. અસંખ્ય યોજનમય એક રાજુ પ્રમાણ વિસ્તૃત છે. સૂર્ય ચંદ્ર આદિ ગતિ માન છે. સદા ભ્રમણશીલ છે. સદા એક જ ઊંચાઈ પર રહેતાં પોત-પોતાના મંડલો(માર્ગો)માં ચાલતા રહે છે. આપણે જોઈએ છીએ તે સૂર્ય, ચંદ્ર, તારા આદિ જ્યોતિષી દેવોના ગતિમાન વિમાન છે. તે આપણને પ્રકાશ એવં તાપ આપે છે. દિન રાત રૂપ કાલની વર્તના કરે છે. તે જુદી-જુદી ગતિવાળા છે. માટે તે એક બીજા ક્યારેક આગળ, ક્યારેક પાછળ અને ક્યારેક સાથે ચાલતા જોવા મળે છે. આ સંબંધી વિવિધ વર્ણન પ્રસ્તુત જ્યોતિષ ગણ રાજ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં બતાવેલ છે, જેનું ધ્યાનપૂર્વક અધ્યયન મનન તેમજ શ્રદ્ધાન કરવું જોઈએ.

**પરિશિષ્ટ–૪ :**

## ૧૭ પ્રતિપ્રાભૃતના નિર્ણયાર્થ પ્રશ્નોત્તર

**(૧) સવાલ :–** સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્રના દસમા પાહુડનો ૧૭ મો પાહુડ ભગવાન ભાષિત છે ?

**જવાબ :–** આ વિષયમાં જો હા કહીએ તો માંસ આદિ ખાવાનું કથન ભગવદ્ કથિત માનવું પડે જે સર્વથા અનુચિત છે. જો એમ કહીએ કે આ કથન ભગવદ્ ભાષિત નથી; ત્યારે "આ જિનવાણીના વિપરીત પાઠને ૩૨ આગમના સૂર્ય પ્રજ્ઞપ્તિ ઉપાંગમાં કેમ રાખ્યો હટાવી દેવો જોઈએ", આ પ્રશ્ન ઉભો થાય છે.

**(૨) સવાલ :–** શું આ પાઠની આગળ પાછળ કોઈ પાઠ છૂટી ગયો હશે ?



**જવાબ :–** હા, જો છૂટી ગયો હોય તો એને પૂર્ણ કરવો જોઈએ. કોઈ પૂર્ણ નથી કરી શકતું તો અપૂર્ણ અને અનર્થકારી પાઠને રાખવામાં શું સમજદારી છે ? નથી. માટે એને હટાવી દેવો એ જ ઉપયુક્ત છે.

**(૩) સવાલ :–** સૂત્રની નકલમાં અક્કલ ન બતાવવી જોઈએ ને ?

**જવાબ :–** સૂત્રમાં એક અક્ષર પણ ઘટાડવો કે વધારવો એ અનંત સંસાર વૃદ્ધિનું કારણ બને છે. આનો આશય એ છે કે ભગવદ્વાણીમાં છદ્મસ્થે બુદ્ધિ લગાવવી પાપ છે પરંતુ ભગવદ્ વાણીથી વિપરીત છદ્મસ્થની ભૂલથી અનર્થ થતો હોય તો એને સુધારવું કોઈ પાપ કહેવાતું નથી.

જ્યારે બધા ધુરંધર વિદ્વાનો એક મતથી સ્વીકારે છે કે આ પાઠ ભગવદ્-વાણીનો નથી. તો એને હટાવવામાં શું દોષ હોઈ શકે ? અર્થાત્ કાંઈ પણ દોષ નથી.

**(૪) સવાલ :–** શું કોઈ સાધુ આ કહી શકે છે કે અમુક નક્ષત્રમાં અમુક વસ્તુ ખાવાથી કાર્ય સિદ્ધ થાય છે ?

**જવાબ :–** સાધુને આ પ્રશ્નનો ઉત્તર દેવો જ કલ્પતું નથી. તો આપણા આગમમાં એવા પ્રશ્ન અને ઉત્તરને સ્થાન કેમ હોઈ શકે ?

**(૫) સવાલ :–** સૂર્ય પ્રજ્ઞપ્તિના આ પાઠમાં તો અનેક પ્રકારના માંસ આદિ ખાવાના જવાબ છે. તો શું તીર્થંકર કે જૈન સાધુ તેવી રચના કરી શકે છે ?

**જવાબ :–** માંસ આદિ તો દૂર રહે પરંતુ અન્ય પદાર્થ ખાવાના ફલાર્થવાળા પ્રશ્નના ઉત્તર દેવાનું પણ જૈન આગમ અને જૈન મુનિના આચારથી વિપરીત છે. માટે આ આખો પાહુડ જ સાધુ કૃત ન હોય, બલ્કે કોઈ દુર્બુદ્ધિના દ્વારા પ્રક્ષિપ્ત હોવાની જ પૂર્ણ સંભાવના લાગે છે. એટલું સ્પષ્ટ છે. છતાં એવા જિનવાણી વિપરીત પાઠોને રાખવામાં આગમ સેવા અને આગમ નિષ્ઠા ન કહી શકાય પરંતુ ચિંતન રહિત ગાડરિયો પ્રવાહ જ કહેવાય.

**(૬) સવાલ :–** આ પાહુડનું કથન અન્ય મતનું હોય તો ?

**જવાબ :–** આ દસમા પાહુડના ૨૨ પાહુડ-પાહુડ છે જેમાં ફક્ત બે પાહુડ પાહુડમાં જ અન્ય મતોનો સંગ્રહ છે. શેષમાં માત્ર જિનમતનું જ કથન છે. ઉપલબ્ધ આ સત્તરમા પાહુડ પાહુડની જે પણ રચના ઉપલબ્ધ છે એનાથી જ સ્પષ્ટ થાય કે મતાંતરોનું કથન આમાં નથી. આમાં તો માત્ર એક જ કથન સળંગ છે.

સૂર્ય પ્રજ્ઞપ્તિના રચનાકાર સ્વમત કથનમાં નક્ષત્રોનોક્રમ અભિજિતથી જ શરૂ કરે છે. જ્યારે કે આ પાહુડ પાહુડમાં કૃતિકાથી શરૂ કરેલ છે. સાથે જ સર્વત્ર **कज्जं साधेति** એવી ક્રિયા લગાવાઈ છે તથા આમાં આગળ પાછળનો પાઠ છૂટવા જેવું પણ કાંઈ લાગતું નથી.

માટે ૨૨ પાહુડ પાહુડની જગ્યાએ ૨૧ જ રહ્યા હશે અને એક કોઈના દ્વારા વધારાએલો પ્રક્ષિપ્ત થયો હશે એમ સમજવું જોઈએ. તેથી સમીક્ષા કરીને એનો નિકાલ કરી પાછા ૨૧ પાહુડ પાહુડ કરી લેવા જોઈએ.

**(૭) સવાલ :–** પૂર્વોના વર્ણનમાં અનેક વિદ્યાઓ એવં નિમિત્તોનું વર્ણન હોય છે એના આધારથી અનેક અંગ બાહ્ય સૂત્રોની રચના થાય છે તેથી સૂર્ય પ્રજ્ઞપ્તિનું એવું વર્ણન ત્યાંથી જ આવ્યું હોય તો એને પ્રક્ષિપ્ત માનવાની શું આવશ્યકતા છે?

**જવાબ :–** પૂર્વોમાં અનેક વિદ્યા આદિના વર્ણન હોઈ શકે છે તથા અન્ય અંગ સૂત્રોમાં પણ હોઈ શકે છે. પરંતુ એની ભાષા રચના એવી અયોગ્ય નથી હોઈ શકતી. આ સૂર્ય પ્રજ્ઞપ્તિના પાઠમાં સ્પષ્ટ સાવદ્ય પ્રેરક, પંચેન્દ્રિય વધ પ્રેરક તથા માંસ ભક્ષણ પ્રેરક ભાષા રચના છે. આ પ્રકારની વીતરાગ શાસનના આગમોની રચના હોઈ શકતી નથી. આગમોને લિપિ બદ્ધ કર્યા ત્યારે કેટલાક વિષયો હટાવી દીધા હતા, સંપૂર્ણ પ્રશ્ન વ્યાકરણ સૂત્ર તથા આચારાંગ સૂત્રનું સાતમું અધ્યયન પણ હટાવી દેવામાં આવ્યું. અંગ સૂત્રના ચમત્કાર આદિનો પાઠ પણ હટાવી દીધો. તો પછી આવા અનર્થ મૂલક પાઠને કેમ રાખ્યો હોય ?

એટલે સ્પષ્ટ છે કે આ પાઠ મૌલિક રચનાનો નથી; આગમ લિપિ-કાળમાં પણ ન હતો અને પછીનો જ પ્રક્ષિપ્ત થયેલો પાઠ છે.

**(૮) સવાલ :–** આ પાઠ પ્રક્ષિપ્ત હોવાનો અન્ય કોઈ તર્ક છે.

**જવાબ :–** હા દસમા પાહુડના પ્રથમ પાહુડ પાહુડમાં નક્ષત્રોના ક્રમની પૃચ્છા છે. જવાબમાં ૫ મતાંતર બતાવ્યા છે. જેમાં પહેલા મતમાં કૃતિકાથી નક્ષત્ર ક્રમની શરૂઆત બતાવી છે. છટ્ઠો મત સ્વયં આગમકારે પોતાનો બતાવ્યો છે કે અભિજિત નક્ષત્રથી નક્ષત્રોનો ક્રમ પ્રારંભ થાય છે. એવી જ રીતે અનેક પ્રશ્નોના ઉત્તરમાં અનેક પાહુડોમાં આગમકારે પોતાના મતને અભિજિત નક્ષત્રથી પ્રારંભ કરીને બતાવ્યો છે. કિંતુ આ ૧૭મા પ્રાભૃતમાં જે વર્ણન છે તે કૃતિકાથી પ્રારંભ કરીને બતાવેલ છે. જે આગમકારના અભિમતથી ભિન્ન છે. માટે ક્યારેક કોઈ કૃતિકાથી નક્ષત્ર ક્રમનો પ્રારંભ માનનારા લિપિ કર્તાના દ્વારા પ્રક્ષિપ્ત કરાયો હોય એવો સંભવ છે.

**(૯) સવાલ :–** આજ સુધી કોઈ વ્યાખ્યાકારે એને પ્રક્ષિપ્ત કહેલ છે ?

**જવાબ :–** ટીકાકાર શ્રી મલયગિરિજીએ આ વિષયમાં પોતાનું કોઈ મંતવ્ય ન દઈને ઉપેક્ષા જ દેખાડી છે તથા એક નક્ષત્રના ભોજન(દહીં)નો નિર્દેશ કરીને કહ્યું છે કે શેષ નક્ષત્રનું વર્ણન આ રીતે સમજી લેવું. આથી એ અનુમાન પણ થાય છે કે મલયગિરિ આચાર્ય સમક્ષ આવા માંસ પરક શબ્દ નહીં રહ્યા હોય.



અન્યથા તે પણ કંઈક ઉહાપોહ અવશ્ય કરત. કિંતુ વ્યાખ્યાકાર આચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજે આને સ્પષ્ટ શબ્દોમાં પ્રક્ષિપ્ત ઘોષિત કરેલ છે. જે એમની ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્રના આ પાઠની ટીકામાં જોવા મળે છે. આગમજ્ઞ શ્રી અમોલક ઋષિજી મહારાજે પણ પાઠ પર ટિપ્પણ દઈને પોતાનું મંતવ્ય પ્રગટ કર્યું છે.

**(૧૦) સવાલ :–** પ્રક્ષિપ્ત માનવાની અપેક્ષાએ અન્ય મતની માન્યતા રૂપ પ્રતિપત્તિ માની લેવાથી આપત્તિ સમાપ્ત થઈ શકે ?

**જવાબ :–** આ દસમા પાહુડના ૨૨ પાહુડ છે એમાં ૨૦ પાહુડ-પાહુડમાં અન્ય મતની પ્રતિપત્તિ નહીં કહેતાં કેવળ એક પોતાની જ માન્યતા આગમકારે બતાવી છે. તદ્નુસાર પ્રક્ષિપ્ત કરનારાએ પણ એક માન્યતા રૂપ પાઠ રચેલો છે. અન્ય મતની પ્રતિપત્તિ બતાવવા યોગ્ય જવાબનો પ્રારંભ પણ આ પાહુડનો નથી. માટે પ્રતિપત્તિ માનવાનું કોઈ પ્રમાણ કે આધાર કિંચિત્ પણ નથી. પ્રક્ષિપ્ત કહેવાના તર્ક અને પ્રમાણ ઉપર કહેવાયા છે.

જો અન્ય મતની પ્રતિપત્તિ રૂપ પાઠ રહ્યો હોત અને એ માત્ર અન્ય મતની એક પ્રતિપત્તિ માત્ર હોય એવી કલ્પના કરાય તો એવો અધૂરો અનર્થકારી અવશિષ્ટ પાઠ તો સર્વથા હેય જ ગણાય. જ્યારે વિદ્યા ચમત્કારના પૂર્ણ સૂત્ર અને અધ્યયન પણ પૂર્વાચાર્યોએ લિપિ પરંપરા માટે વિચ્છેદ કરી દીધા, ત્યારે આવા ભ્રામક અને સંસ્કૃતિ વિરુદ્ધ અધૂરા પાઠને તો પ્રકાશનને સર્વથા અયોગ્ય જ સમજવો જોઈએ.

**(૧૧) સવાલ :–** આનું પ્રકાશન ન કરવાથી એક પાહુડ ઓછો થઈ જશે અને પ્રારંભની ગાથામાં આ પાહુડ-પાહુડના વિષય નિર્દેશનનો શબ્દ પણ છે, એનું શું થશે ?

**જવાબ :–** આચારાંગના સાતમાં અધ્યયનનું શું થયું ? તે જ થશે. અથવા સંપૂર્ણ પ્રશ્ન વ્યાકરણ સૂત્રનું શું થયું ? તે જ થશે.

અથવા ૨૧ જ પાહુડ બતાવી શકાય છે અને ગાથા નં. ૧૮ ના બીજા ચરણના અંતમાં આવેલ **भोयणाणि** ના સ્થાન પર અન્ય ગાથાઓના બીજા ચરણના અંતમાં આવેલ શબ્દ પ્રયોગના અનુસારે અહીં પણ પૂર્તિ કરી શકાય છે. યથા –

***तिहि गोत्ता भोयणाणि य*** ના સ્થાન પર ***तिहि गोत्ता य आहिया*** રાખી શકાય છે. તથા ગાથા ૧૯માં ***बावीसं पाहुड पाहुडा*** ના સ્થાન પર ***एकवीसं पाहुड पाहुडा*** કરી શકાય છે. ખરેખર તેમજ હશે અને પ્રક્ષિપ્ત કરનારાએ જ એમ કર્યું હશે.

**(૧૨) સવાલ :–** સૂત્રમાં એક અક્ષર પણ ઓછુ વધુ કરવું મહાન અપરાધ છે

અને અનંત સંસાર વૃદ્ધિનું કારણ છે, તો એવું કેવી રીતે કરી શકાય છે ?

**જવાબ :–** 'રચનાકાર ગણધર આદિએ આ ઠીક નથી રચ્યું' એમ વિચારીને ઓછુંવધુ કરવું આપત્તિજનક છે. પરંતુ લિપિ દોષ, પ્રક્ષિપ્ત પાઠ આદિનો નિર્ણય કરી સંશોધન કરવું, હટાવવું, યોગ્ય સંપાદન કરવું, કોઈ દોષ જનક નથી થઈ જતું. ભવિષ્યમાં નુકશાનનું નિમિત્ત જાણીને પૂરા સૂત્ર પ્રશ્ન વ્યાકરણનું પરિવર્તન પણ પૂર્વાચાર્યોએ કર્યું. ગણધર કૃત સૂત્રને પણ પરિવર્તિત કર્યું. અતઃ આવા આપત્તિજનક સર્વજ્ઞ માર્ગના વિઢદ્ધ અર્થના પ્રરૂપક પ્રસ્તુત પાઠનો વિચ્છેદ કરવો સંસાર વર્ધક ન હોઈને પ્રશંસનીય જ થશે.

**(૧૩) સવાલ :–** પૂર્વ કાળમાં તો એવો પ્રચાર હતો કે આગમમાં કોઈ પરિવર્તનનો સંકલ્પ કરવો પણ મહાન અપરાધ છે તો આટલા બધા પાઠ પ્રક્ષિપ્ત કેવી રીતે થયા ?

**જવાબ :–** એવું વાતાવરણ પહેલા હતું અને હજી પણ છે. કેટલાક ભવભીરુ હોય છે તો કેટલાક દુઃસાહસવાળા કોઈ પણ કાળમાં હોઈ શકે છે. આગમ અને ગ્રન્થોના અધ્યયન કરવાથી અને ઈતિહાસનું પરિશીલન કરવાથી જાણકારી મળે છે કે આગમ લિપિબદ્ધ થઈ ગયા પછી જે રીતે મધ્યકાલ વીત્યો એમાં કંઈક આગમ સેવા કરનારા પણ થયા છે અને કંઈક અનેક ઉટપટાંગ રચનાઓ પણ થઈ છે. બધા મતાવલંબીઓએ પોત પોતાના મત કે વિચારોની જડ મજબૂત કરવા માટે અને અન્યોને ઉખાડી ફેંકવા માટે અનેક જઘન્ય(ઘૃણિત) પુઢષાર્થ કર્યા છે. તે સમયે એવું ઘણુ બધુ થવું સંભવિત થઈ શકે છે. ઉદાહરણ માટે મહાનિશીથ સૂત્રનું પરિશીલન પર્યાપ્ત થશે. તેને ✓.મૂ. પૂજક જૈનો આગમ માને છે ૪૫ આગમમાં ગણે છે. છતાં તેમાં વિચિત્ર ગપ્પ ગોળા ભરેલા છે.

અતઃ સારાંશ રૂપે કહેવાનું એટલું જ છે કે કોઈ દુર્બુદ્ધિ લિપિકર્તા પંડિત દ્વારા આ પાઠ પ્રક્ષિપ્ત કરવામાં આવ્યો છે એવું સ્પષ્ટ સમજમાં આવે છે. માટે આગમ અધિકારી પ્રબુદ્ધ નિર્ણાયક સંપાદકોએ આ વિષય પર અવશ્ય વિચાર કરવો જ જોઈએ.

**(૧૪) સવાલ :–** જે કોઈ લોકોને જે પાઠ આપત્તિજનક લાગશે, તેઓ જો તે પાઠને કાઢતા જશે તો આગમોની શું દશા થશે ?

**જવાબ :–** વ્યક્તિગત વિચારણામાં બાધક પાઠ કાઢવો અલગ સ્થિતિ છે અને સર્વજ્ઞ પ્રઢપિત સિદ્ધાંત વિપરીત પ્રક્ષિપ્ત પાઠોને કાઢવા અલગ વસ્તુ છે.

**(૧૫) સવાલ :–** આ પાઠ પ્રક્ષિપ્ત જ છે, એનું નિશ્ચિત પ્રમાણ આપણી પાસે ક્યાં છે ?

**જવાબ :–** પ્રક્ષિપ્ત હોવા માટે નિશ્ચિત પ્રમાણનો અભાવ અનુભવ કરતા જતા



એ પણ ન ભૂલવું જોઈએ કે ૬૦૦-૭૦૦ વર્ષ પૂર્વ સુધીની જ હસ્તલિખિત પ્રતો પ્રાયઃ આગમોની ઉપલબ્ધ થાય છે એના પહેલાના આગમોના પાઠ કેવા હતા ? એના પહેલા કેટલો લિપિકાલ અને કેટલો મૌખિક કાલ વીત્યો હતો ? એના વચલા કાળમાં કેટલું વિવેકપૂર્વક પરિવર્તન સંઘ સમ્મતિથી થયું ? કેટલું પરિવર્તન વ્યક્તિગત સમજથી થયું અને કેટલું દુર્બુદ્ધિ યા સ્વાર્થ બુદ્ધિથી થયું ? એના માટે કલ્પસૂત્ર, મહાનિશીથ સૂત્ર અને અન્ય અનેક પ્રાચીન ગ્રંથોના સ્વાધ્યાય અને ચિંતનથી અને આગમ પાઠોની સાથે સરખામણી કરવાથી જાણી શકાય છે તેમજ અનુભવ પ્રાપ્ત કરી શકાય છે.

માટે ૧૦૦૦ વર્ષ પૂર્વનું તો કોઈ પણ પ્રમાણ કેવી રીતે કહી શકાય ? સુધર્મા, જંબૂથી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ સુધીની કોઈ હસ્તપ્રત મળતી નથી. દેવર્દ્ધિગણીના શાસ્ત્ર લેખનના પછી ૫૦૦ વર્ષ સુધી વચ્ચેના કાળમાં શું ઘટ્યું, શું વધ્યું એનું પણ ચોક્કસ પ્રમાણ નથી મળતું. કેમ કે ૧૫૦૦ વર્ષ પ્રાચીન કોઈ પણ પ્રત મળતી નથી.

આ કારણે સંપૂર્ણ જૈન સમાજથી અને જૈનાગમોથી સ્પષ્ટ રૂપથી વિઢદ્ધ દેખાવવાળા પાઠ માટે નિશ્ચિત પ્રમાણની આવશ્યકતા સમજવી જ વ્યર્થ છે.

કૃતિકા નક્ષત્રથી નક્ષત્રોના પ્રારંભ સંબંધી તર્ક પણ પ્રક્ષિપ્તતા સિદ્ધ કરવામાં બહુજ સચોટ છે, તે ઉપેક્ષા કરવા યોગ્ય છે જ નહીં. લિપિ પરંપરા પ્રાપ્ત આગમો પ્રત્યે વિવેકપૂર્ણ શ્રદ્ધાથી નિર્ણય કરી શકાય છે.

આગમોમાં મદ્ય, માંસ આહારને નરક ગમનનું કારણ બતાવ્યું છે. સાધુ માંસ, માછલી, મદ્યનું સેવન કરનારા હોતા નથી, એવું આગમ વાક્ય છે. એથી એ ચોક્કસ છે કે આગમકાલમાં આ શબ્દો આજ અર્થમાં પ્રચલિત હતા. માટે આચારાંગ સૂત્રમાં સાધુના આહાર ગ્રહણ સંબંધી પાઠમાં ભ્રમણા ઉત્પન્ન કરનારા આ શબ્દોનો પ્રયોગ આગમકાર નથી કરી શકતા. શું એમના શબ્દકોષમાં અન્ય શબ્દો ન હતા કે જેથી નિષિદ્ધ અને નરકગમન યોગ્ય ખાદ્ય પદાર્થોના નામથી સાધુના આહારનું વર્ણન કરે કે– **मंसगं मच्छगं भोच्चा । अट्ठियाइं कंटए य गहाय ॥**

તેથી દેવર્દ્ધિગણીના લિપિકાલ પછી અને ટીકાકાર(શીલાંકાચાર્ય અને મલયગિરી) આચાર્યોની પહેલાં મધ્યમ કાળનું યા પછીનું આ પ્રક્ષિપ્ત દૂષણ છે. આ દૂષિત પાઠોને ગણધરો અને પૂર્વધરો પર નાખવા ઉચિત નથી.

અહિંસા મહાવ્રતીને ભાષાનો પૂર્ણ વિવેક રાખવાનું આગમોમાં કહેલ છે. એજ સાધક એવા હિંસા મૂલક વાક્ય કહે અથવા લખે; એ કેટલું અનર્થકારી છે? યથા– 'અમુક સચિત પદાર્થ ખાઈને જાય યા અમુકનું માંસ ખાઈને જાય તો કાર્ય

સિદ્ધ થાય'.

અન્ય આગમોમાં તો વનસ્પતિ પરક અર્થ કરવા અને ખેંચતાણ કરીને જમાવી દેવાથી સંતોષ કરી પણ શકાય છે. પરંતુ સૂર્ય પ્રજ્ઞપ્તિમાં એમ કરતાં પણ સાવદ્ય ભાષાનો દોષ તો જ્યાંનો ત્યાં સુરક્ષિત બની રહે છે; તેને પૂર્વધર અને ગણધરો પર નાખવામાં આવે છે.

૧૪ પૂર્વધરોની રચનામાં ખેંચતાણ કરી અર્થ જમાવવો પડે, એવા પ્રયાસ કરવાની અપેક્ષા મધ્યકાલના પ્રક્ષિપ્ત પાઠ માનવાનું અધિક ઉચિત પ્રતીત થાય છે. કેમ કે આગમકારોના સમયમાં પણ માંસ, માછલી અને મદ્યનો પ્રચલિત અર્થ એ જ હતો અને તેઓએ એ જ શબ્દોથી નિષેધ અને નરક ગમનનું કથન કર્યું છે.

૧૪ પૂર્વીતો પોતાના જ્ઞાનને કારણે આગમ વિહારી કહેવાય છે. તેઓ ભવિષ્યની અર્થ પરંપરાઓનો વિચાર કરીને જ અસંદિગ્ધ રચના કરે છે. અતઃ જેટલા સંદિગ્ધ સ્થાન આગમોના છે તેને શ્રદ્ધાના બહાને ગણધરો આદિ પર આરોપિત નહીં કરવા જોઈએ. અપિતુ મધ્યકાલમાં પ્રક્ષિપ્ત કરેલું પ્રદૂષણ જ સમજવું જોઈએ. અન્યથા અંધશ્રદ્ધાથી પ્રમાણિક પુરુષોની પ્રમાણિકતા પર જ પ્રહાર થશે. જેથી અશાતનાથી બચવાને બદલે વધારે અશાતના જ લાગશે.

**(૧૬) સવાલ :–** આચારાંગનું આઠમું અધ્યયન વિચ્છિન્ન થયું કે કાઢયું ? સાચુ શું છે ? ટીકાકારોએ વિચ્છિન્ન થયું એમ કહ્યું છે ?

**જવાબ :–** આચારાંગના આઠમા અધ્યયનના વિચ્છિન્ન હોવા સંબંધમાં આમ વિચારવું જોઈએ કે દેવર્દ્ધિ ગણીના ૫૦૦-૬૦૦ વર્ષ પછી આચારાંગના ટીકાકાર શીલાંકાચાર્ય થયા છે. તથા સેંકડો સાધુ દેવર્દ્ધિગણીના સમયે ભારતમાં હતા. તેઓને ૧૧ અંગ, એક પૂર્વનું જ્ઞાન તથા ૮૪ આગમ કંઠસ્થ રહી ગયું હતું, ત્યારે આચારાંગના જ વચમાંથી કેવળ સાતમું અધ્યયન બધા સાધુ અને એક પૂર્વધરો ભૂલી જાય અને વિસ્મૃત થઈને વિચ્છેદ થઈ જાય એવી કલ્પના કરવી સર્વથા અસંગત છે તથા અઘટિત છે.

માટે લિપિકાલ પછી ક્યારેય પણ એ પાઠ લુપ્ત થયો એમ માની શકાય છે.

મૂળ પાઠમાં એ સ્થાન પર ચૂર્ણી વ્યાખ્યાકાળ સુધી વિચ્છેદ આદિ કંઈ પણ લખેલ ન હતું, પછી જેને જે સમજમાં આવ્યું તેણે તે જ અનુમાન કર્યુ. પરંતુ સારો વિચાર કરવાથી જ કરેલા અનુમાનની કસોટી થઈ શકે છે.

**(૧૭) સવાલ :–** પ્રક્ષિપ્ત માનવાથી મૌલિક રચનાનું શું મહત્ત્વ રહેશે ?

**જવાબ :–** આ વિષય પર આ નિવેદન છે કે અક્ષરશઃ બધી મૌલિક રચના જ નહીં માની લેવી જોઈએ. કેમ કે પૂર્વધરોની રચના એવી હોઈ શકતી નથી.



પ્રમાણ માટે– (૧) દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનનો પ્રારંભ– હે આયુષ્યમાન મેં સાંભળ્યું છે કે **એ ભગવાને આ પ્રકારે ફરમાવ્યું** છે કે આ જૈન શાસનમાં છ જીવનિકાય અધ્યયન **કાશ્યપ ગોત્રી શ્રમણ ભગવાન મહાવીરે** કહ્યુ છે, સમજાવ્યું છે, પ્રરૂપિત કર્યુ છે, કે **મને એ ધર્મ પ્રજ્ઞપ્તિ** અધ્યયનનું અધ્યયન કરવું શ્રેયસ્કર છે.

આ રચનાના નાના નાના વાક્ય પર, શબ્દ પર તથા તેને સંબંધિત કરવાથી શું અર્થ થાય છે તેના પર વિચાર કરીએ અને ૧૪ પૂર્વી ગણધરની યોગ્યતાને સામે રાખીને કસોટી કરીએ. જોઈએ શું નિર્ણય આવે છે ?

અહીં ભગવાન પાસેથી પ્રત્યક્ષ સાંભળવાના ભાવ બતાવ્યા છે. ભગવાને શું ફરમાવ્યું એ બતાવતા એ કહ્યું છે કે આ જૈન શાસનમાં.........મહાવીરે ........... પ્રજ્ઞાપિત કર્યુ કે મને............ અધ્યયન કરવું શ્રેયષ્કર છે, શું શ્રુત કેવલીની એવી રચના હોય છે ? શું એમાં અસંબદ્ધતા નથી લાગતી ?

(૨) દશાશ્રુત સ્કંધ દશા ૧૦નો મુખ્ય વિષય પ્રારંભ ત્થા અંત આ પ્રકારે છે– તે કાળે અને તે સમયમાં રાજગૃહ નામે નગર હતું શ્રમણ ભગવાન મહાવીર ધર્મની આદિ કરવાવાળા **યાવત્** નમોત્થુણં પાઠ કથિત ગુણ કહેવા **યાવત્** પધાર્યા. ભગવાને મનુષ્ય દેવ યુક્ત પરિષદને ઉપદેશ આપ્યો.......... સાધુ સાધ્વીએ નિયાણા કર્યા.......... હે આર્યો ! આ પ્રકારે સંબોધનથી શ્રમણ ભગવાન મહાવીરે ઘણાજ નિર્ગ્રન્થ નિર્ગ્રન્થિઓ ને કહ્યું ............

"હે આયુષ્યમાન શ્રમણો ! મેં જે આ ધર્મ કહ્યો .......... નિયાણા વર્ણન.

ત્યારે ઘણા બધા નિર્ગ્રન્થ નિર્ગ્રન્થિઓએ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી આ ગહન અર્થ સાંભળીને શ્રમણ ભગવાન મહાવીરને વંદનપૂર્વક **યાવત્** પ્રાયશ્ચિત્ત કર્યું. એના પછી આ પાઠ છે કે એ કાળે અને એ સમયમાં ત્યાં ભગવાને આ આખું અધ્યયન ઘણાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ઘણાં દેવદેવીની પરિષદમાં અર્થ હેતુ કારણ સહિત તથા સૂત્ર અને અર્થ તથા તદુભય રૂપમાં વારંવાર કહ્યું, વારંવાર સમજાવ્યું. વિચાર કરો... અનેકવાર ભગવાનના પૂરા નામ યુક્ત ગુણ યુક્ત આ અધ્યયન ભગવાને ફરમાવ્યું હતું ?

અંતમાં પુનઃ **तेणं कालेणं तेणं समएणं** આદિ રચના કેમ કરવામાં આવી ?

ભગવાને એ નગર તથા બગીચામાં અને સંપૂર્ણ પરિષદમાં પોતાના નામોથી ભરેલું એ અધ્યયન વારંવાર કેમ અને કેટલીવાર ફરમાવ્યું ? અથવા ત્યાં પરિષદમાં આ ઘટના જ ઘટી હતી ? વગેરે ઉપલબ્ધ રચના ક્રમની વિચિત્રતા પ્રત્યક્ષ છે. આ રીતે અનેક સૂત્રોમાં અધ્યયનોમાં રચના ક્રમ વિચિત્ર છે જેને

૧૪ પૂર્વી કે ગણધર દ્વારા રચિત કહેવું તે પ્રક્ષિપ્ત કહેવાની અપેક્ષા વધારે જ આપત્તિજનક હોય છે.

(૩) ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયન ભગવાન મહાવીર સ્વામીએ અંતિમ સમયમાં ફરમાવ્યા એવું પ્રચલન છે, પરંતુ કેટલાય અધ્યયનોની રચનાથી આ સંગત પ્રતીત નથી થતું.

આઠમા અધ્યયનમાં જે સંયમ આદિનો ઉપદેશ દેવાયો છે તે ભગવાને સ્વતંત્ર રૂપથી ફરમાવ્યો છે ? કે કપિલ મુનિએ ફરમાવેલાનું જ પુનર્કથન કર્યું છે ? તેમજ ૨૦મા અધ્યયનમાં પણ અનાથી મુનિના ઉપદેશનું શું ભગવાને પુનર્કથન કર્યું છે ? શું એવું પુનર્કથન તીર્થંકર કરે ? આઠમા અધ્યયનના વિષયમાં અનેક સંપાદનોમાં એ સમજાવાય છે કે અધ્યયન કથિત ઉપદેશ કપિલ મુનિએ ચોરોને આપ્યો, જેનાથી પ્રતિબુદ્ધ થઈને તેઓ દીક્ષિત થઈ ગયા. કોઈ ચોર ૧-૨ ગાથાથી પ્રતિબુદ્ધ થયા, તો કોઈ આખા અધ્યયનથી.

વિચારવા જેવો વિષય છે કે આ અધ્યયનનો વિષય તો સંયમી શ્રમણો માટે વધારે ઉપયુક્ત છે. ચોરોને પ્રતિબુદ્ધ કરવામાં એ વિષય કેવી રીતે ઉપયુક્ત થઈ શકે છે ?

ભગવાને એ અધ્યયનો ફરમાવ્યા તો કોણે સાંભળીનેએ અધ્યયનોની રચના કરી એતો અજ્ઞાત જ છે. જ્યારે દશવૈકાલિક, નંદી સૂત્ર, છેદસૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર આદિના રચનાકારોના નામ તો ઉપલબ્ધ છે. તો આ ઉત્તરાધ્યયન સૂત્ર ક્યારે બન્યું ? બનાવવાવાળાનું નામ કેમ અજ્ઞાત છે ?

ભગવાન પાસેથી સાંભળવાવાળા રચના કરે તો અત્યારે સુધર્મા વાચના અને જંબૂ કે પ્રભવ પરંપરા ચાલી રહી છે. એમાં તો અન્યોની રચના પરંપરા કેવી રીતે ચાલી ?

માટે ઉત્તરાધ્યયન ભગવાનની અંતિમ વાણી કહેવી અને આઠમું અધ્યયન ચોરોને ઉપદેશ કપિલ મુનિ દ્વારા કહી બતાવવું આદિ પણ સંગત નથી.

**મધ્યકાલમાં પ્રક્ષિપ્ત કરવાની પ્રવૃત્તિનું ઉદાહરણ :–** દશાશ્રુત સ્કંધસૂત્ર ભદ્રબાહુ સ્વામી રચિત(સંકલિત) છે. એના નિર્યુક્તિકાર(છટ્ઠી શતાબ્દીના) દ્વિતીય ભદ્રબાહુ(વરાહમિહિરના ભાઈ) છે. નિર્યુક્તિકારે પ્રથમ ગાથામાં સૂત્રકર્તા "પ્રાચીન ભદ્રબાહુ" ને વંદન કર્યા છે. સૂત્ર પરિચય દેતા નિર્યુક્તિકારે કહ્યુ કે એમાં નાની નાની દશાઓ કહેવાઈ છે મોટી દશાઓ અન્ય સૂત્રોમાં છે. આઠમી દશામાં(પર્યુષણા કલ્પમાં) કેવળ સાધુ સમાચારી સંબંધી સૂત્રોની વ્યાખ્યા તેઓએ કરી છે.



કલ્પસૂત્રને મહત્ત્વ દેવાની રુચિવાળા મધ્યકાલીન તથા કથિત મહાપુરુષોએ એ પ્રચાર કર્યો છે કે બારસો શ્લોક પ્રમાણ ઉપલબ્ધ આખું કલ્પસૂત્ર દશાશ્રુત સ્કંધનું આઠમું અધ્યયન જ છે જે ભગવદ્ કથિત અને ગણધર ગૂંથિત તથા ચૌદ પૂર્વી ભદ્રબાહુથી સંકલિત છે.

આ પ્રચારને પુષ્ટ કરવા માટે આઠમી દશામાં કોઈએ પૂરા બારસો શ્લોકનું કલ્પસૂત્ર લખી પણ દીધું જે ૪૦૦ વર્ષથી વધારે જૂની દશાશ્રુત સ્કંધની હસ્તલિખિત પ્રતિ અમદાવાદની એલ.ડી. લાયબ્રેરીમાં જોઈ છે. એમાં આખું કલ્પસૂત્ર આઠમી દશામાં ઉપલબ્ધ છે. જે મહાન પ્રક્ષિપ્તિકરણનું ઉદાહરણ છે.

આ કલ્પસૂત્રના અંતમાં સ્પષ્ટ મૂલ પાઠ છે કે આ પૂરૂં કલ્પસૂત્ર(આઠમી દશા) ભગવાને પરિષદમાં વારંવાર ફરમાવ્યું, અર્થ હેતુ આદિ સહિત.

**કલ્પસૂત્રનો વિષય :–** ભગવાનના પોતાના નામપૂર્વક પૂરા જીવનનું કથન, અંતમાં ૯૮૦મું વર્ષ ચાલી રહ્યું છે એવું કથન અને મતાંતર, સાધુઓની પટ્ટાવલી, દેવર્દ્ધિગણી આદિને વંદન, ભગવાને સંવત્સરી કરી, તેમજ ગણધર કરતા, તેમજ આજના આચાર્ય કરે અને એવી જ રીતે આપણે કરીએ, વગેરે વગેરે પાઠ છે.

આ બધુ ભગવાનના મુખમાંથી પરિષદમાં કહેવડાવવું અને અર્થ હેતુ સહિત વારંવાર કહેવડાવવું વગેરે સફેદ જૂઠ અને પૂર્ણ ખોટું નહીં તો શું છે ? તો પણ લેખિત મૌખિક ચાલી જ ગયું. આ કરામતમાં આઠમી દશાનું સ્વરૂપ પણ બગડી ગયું. આટલા મોટા પ્રક્ષેપનો અનર્થ મધ્યકાળમાં થયો છે.

માટે નિશ્ચિત કરેલા દષ્ટિકોણમાં પુનઃ વિચાર કરવો આવશ્યક લાગે તો વિચાર કરવો જોઈએ. એટલે પૂરા જૈન સમાજને આગમ વિપરીત લાગતા સૂર્ય પ્રજ્ઞપ્તિના પાઠને પ્રક્ષિપ્ત નહીં માનવાના માનસને પરિવર્તિત કરવાની આવશ્યકતા સમજવી જોઈએ. આ જ નિવેદન કરવાનો આશય છે.

**(૧૮) સવાલ :–** માંસ પરક હોવાને કારણે પાઠ કાઢી નાખવાની વાત મનમાં જામતી નથી. પુષ્ટ પ્રમાણોના વગર એવા પાઠોને કાઢવા ન જોઈએ. એવા બાધાજનક પાઠ આચારાંગ, ભગવતી સૂત્ર આદિમાં પણ છે ને ?

**જવાબ :–** પૂના શ્રમણ સંઘ સાધુ સમ્મેલનના પ્રસ્તાવોથી નિર્મિત સમાચારી (ફોટોકોપી) પૃ-૨૦ માં આ પ્રકારે છે–

**'ચન્દ્ર પ્રજ્ઞપ્તિ, સૂર્ય પ્રજ્ઞપ્તિ અને બીજા અન્ય સૂત્રોમાં પણ એવા પાઠ છે જે વીતરાગ માર્ગની માન્યતાઓની વિરુદ્ધ પ્રતીત થાય છે'**

આ વાક્યનો આશય સ્પષ્ટ એજ છે કે ભગવતી સૂત્ર, આચારાંગ સૂત્ર અને સૂર્યપ્રજ્ઞપ્તિ સૂત્રના "માંસ" વિષયક પાઠ વીતરાગ માર્ગની માન્યતાથી

*વિઢદ્ધ છે.*

*આ સમાચારીના વાક્યનો નિર્ણય લેવાવાળા શ્રમણ આ સૂત્રોના આ પાઠોને સર્વજ્ઞ ભાષિત કે ગણધર રચિત નથી માનતા એ સુનિશ્ચિત છે. કેમ કે કોઈ પણ સુજ્ઞજન નિર્ણાયક કોઈ પાઠને ગણધર રચિત માનીને પણ તેને વીતરાગ માર્ગની માન્યતાથી વિઢદ્ધ હોવાના આક્ષેપથી અલંકૃત કરી શકતા નથી.*

*ગણધર રચિત પણ માનવું અને એવા આક્ષેપથી અલંકૃત પણ કરવું વિદ્વત સમાજ માટે પ્રશંસનીય હોઈ શકતું નથી.*

*કેમ કે ગણધરોની રચનાને જિનવાણીની વિઢદ્ધ કહેવી તે મહાન આશાતનાનું કારણ છે. જે નિર્ણાયકો જે સૂત્ર પાઠને જિન માર્ગથી વિપરીત હોવાની ઘોષણા કરી શકે છે, પ્રકાશિત કરી શકે છે, તેઓ એ જ પાઠને ગણધરકૃત યા પ્રામાણિક પુઢષકૃત તો માની જ નથી શકતા.*

*જ્યારે ગણધર કૃત કે પ્રામાણિક પુઢષ કૃત ન માને તો કોના રચિત માની શકાય ? જ્યારે ભગવતી સૂત્ર અને આચારાંગ સૂત્ર સ્વયં ગણધર રચિત છે. સૂર્ય પ્રજ્ઞપ્તિ પણ પૂર્વધર રચિત છે અને તેમના આ માંસ વિષયક પાઠ તેમના રચિત હોવાનું સ્વીકાર્ય નથી. કેમ કે 'આગમ વિઢદ્ધ' તે કહેવાયું છે. માટે સ્વતઃ જ એ સિદ્ધ થઈ ગયું કે સ્વાર્થ બુદ્ધિ કે દુર્બુદ્ધિથી કોઈના દ્વારા પ્રક્ષિપ્ત જ કરેલા એ સૂત્રોના તે પાઠો છે.*

*જ્યારે પૂના સમ્મેલનની સમાચારીથી એ સુનિશ્ચિત અને સ્પષ્ટ સિદ્ધ થઈ રહ્યું છે કે પ્રક્ષિપ્ત થયેલા માંસ પરક પાઠ એ આગમના રચનાકારના સ્વયંના નથી. ત્યારે* ***એવા પાઠોને કાઢવા તો ન જોઈએ*** *એ વાક્ય રચનાની પાછળ કેવી બુદ્ધિ સમજી શકાય ? કોઈ પણ વિચારક તટસ્થ બુદ્ધિવાળો વિદ્વાન આ વાક્યની ઉચિતતા નહીં સમજી શકે.*

*વાસ્તવમાં આ સમાચારી નિર્ણાયક વાક્યથી એ જ પ્રેરણા મળે છે કે એ સૂર્યપ્રજ્ઞપ્તિ આદિના પાઠ આગમની મધ્યમાં અનુચિત અને વીતરાગ માર્ગ વિઢદ્ધ પ્રક્ષિપ્ત પાઠ છે.*

*આ પ્રકારે સમજમાં આવવા છતાં પણ, કોઈની ભૂલથી પ્રવિષ્ટ ખરાબી છે એવું જાણીને પણ, એના અર્થ ભાવાર્થને છુપાવવાની અને માત્ર મૂળપાઠને છપાવવાની નીતિ કયારે ય પણ પ્રશંસનીય હોઈ શકતી નથી.*

*માટે પોતાના દષ્ટિકોણમાં ફરી વિચાર કરવો જોઈએ તથા આગમ વિપરીત પાઠને પ્રક્ષિપ્ત નહીં માનવાના સમસ્ત જૈન સમાજના માનસને પણ પરિવર્તિત કરવું આવશ્યક સમજવું જોઈએ. એજ નિવેદન કરવાનો આશય છે.*

***સાર :–*** *સૂર્ય પ્રજ્ઞપ્તિ આદિ શાસ્ત્રોના માંસ ભક્ષણ પ્રેરક પાઠ પ્રક્ષિપ્ત છે.*



*જ્યારે પ્રક્ષિપ્ત છે તો એને દૂર કરીને આગમનું શુદ્ધ સંપાદન કરવામાં દોષ કઈ વાતનો છે ? અર્થાત્ એનું સાચું સંપાદન કરવામાં કંઈપણ દોષ નથી.*

***નોંધ :–*** *આગમમાં અન્ય પ્રક્ષેપો સંબંધી જાણકારી માટે આ સારાંશ પ્રકાશનના આઠમા ખંડનું લક્ષ્યપૂર્વક અધ્યયન કરવું જોઈએ.*

## હિન્દી જૈનાગમ નવનીતના અનુમોદકો

**શ્ર. સં. મહામંત્રી મુનિ શ્રી સૌભાગ્યચંદ્રજી મ.સા. 'કુમુદ' :** સંવત્સરી વિચારણા સંવાદ પુસ્તિકા પ્રાપ્ત હુઈ. પ્રસ્તુત સંવાદ સે વિષય વિસ્તાર કે સાથ સ્પષ્ટ હુઆ હે તથા અનેક દષ્ટિ સે વિવેચન હો સકા હૈ. સંવત્સરી કે વિષય મેં જિસ તરહ ધારણાએ આમ જનતા મેં ફૈલી હુઈ હૈ, ઉસકો ઈસ સંવાદ સે યથાર્થવાદી દષ્ટિકોણ પ્રાપ્ત હોગા. આપને સુંદર ઔર સરાહનીય પ્રયાસ કિયા હૈ . એસા મહામંત્રી મુનિ શ્રી કા મંતવ્ય હૈ.

**પં. રત્ન શ્રી ગૌતમ મુનિજી 'પ્રથમ' (ઉજ્જૈન–ઈન્દોર) :** આપની આગમ સેવા સાધુ સમાજ કો માર્ગદર્શન દેગી. સમાજ સદા આપકે ઉપકાર સે ઉપકૃત રહેગા .

આપને જો શાસન કી સેવા કી હૈ વહ સદા પ્રશંસનીય એવં અનુકરણીય હૈ. આપકા નવનીત રૂપ સાહિત્ય યુગોં યુગોં તક માર્ગદર્શક બનેગા. સમાજ સદા આપકા ઋણી રહેગા. આપ જૈસે આગમ મર્મજ્ઞ મુનિ પ્રવર કો પાકર સંઘ ધન્ય હો ગયા. આપ શ્રી કે દ્વારા લિખિત – 'મુર્તિપૂજા એવં મુખવસ્ત્રિકા નિર્ણય' નામક પુસ્તિકા બહુત ઉપયોગી એવં સંઘ રક્ષક મહસૂસ હુઈ.

**પં. રત્ન શ્રી હીરામુનિજી મ.સા. (ઢોલ) :** ઐતિહાસિક પરિશિષ્ટ ખંડ પહલા મિલા. પઢ઼કર બડ઼ી પ્રસન્નતા હુઈ. આગમ મનીષી મુનિશ્રીને આગમોં કે સાથ એતિહાસિક મક્ખન ભી જનતા કે લિયે પ્રસારિત કિયા હૈ. આપશ્રી કે દ્વારા પ્રકાશિત આગમ નવનીત કી પુસ્તકેં ભી બહુત આદરણીય હૈ.

**મધુર વ્યાખ્યાની શ્રી રામચંદ્રજી મ.સા. (બડગાંવ–માવલ) :** આપકે દ્વારા ભેજી ગઈ પુસ્તકેં પ્રાપ્ત હુઈ. 'સૂયગડાંગ સૂત્ર કા સારાંશ એવં એકલ વિહાર ચર્યા' પુસ્તક પઢકર કે બહુત ખુશી હુઈ હૈ. પ્રમાણ-આગમ, ટીકા, ચૂર્ણી કે આધાર પર બહુત હી અચ્છે દિયે હૈ.

જબ કિ કઈ સંત સતીજી એકલ વિહાર કરને કી ભગવાન કી આજ્ઞા નહીં હૈ એસી પ્રરૂપણા કરતે હૈં કિંતુ આપને બહુત સે આગમ પ્રમાણ દેકર કે સમજાયા. જિસસે એકલ વિહાર કે બારે મેં શ્રાવક લોગોં કા ઔર સંત સંતિયોં કા ભ્રમ દૂર હો જાતા હૈ.

**પં. રત્ન શ્રી અજીત મુનિજી મ.સા. (ઈન્દૌર) :** આપ દ્વારા પ્રેષિત જૈનાગમ નવનીત ખંડ મિલે . આગમ જ્ઞાન કે જિજ્ઞાસુઓં કે લિયે વાસ્તવ મેં જૈનાગમ નવનીત કા પ્રયાસ સુંદર હૈ.

**સંત શિરોમણી પૂજ્ય શ્રી નેમચન્દ્રજી મ.સા. (કાલકા–અમ્બાલા) :** આપકી ભેજી

એતિહાસિક પરિશિષ્ટ ખંડ ૧ પુસ્તક મિલી. જો બહુત હી સુંદર હે ઔર શંકા સમાધાન કે લિયે ઉપયોગી પુસ્તક હે. ૩૨ આગમોં કા દો સેટ હમારે લિયે (૧) પભાત (૨) કાલકા, અવશ્ય ભિજવાવેં.

**ઉપપ્રવર્તક શ્રી રામકુમારજી મ.સા. (નાલાગઢ) :** જૈનાગમ નવનીત ખંડ મિલે એતદર્થ ધન્યવાદ. આપ લોગોં ને એક સ્તુત્ય પ્રયાસ કિયા જો કિ સભી ૩૨ આગમોં કો સંક્ષિપ્ત સાર રૂપ ઔર વહ ભી સરલ હિન્દી ભાષા મેં પ્રકાશિત કરકે ઈચ્છુક પ્રત્યેક શ્રાવક સંઘ કો ભેજને મે પ્રયાસ રત હે.

જૈનાગમ નવનીત કે પ્રણેતા આગમ મનીષી પંડિત રત્ન સ્નેહી સાથી શ્રી તિલોક મુનિજી મ.સા. કો બહુત બહુત બધાઈ દેવેં. બહુત બહુત સાધુવાદ. તથા ઉનકે સંયમી જીવન કી મંગલ કામના. હમ ઔર ભી એસે સાહિત્ય સૃજન કી ઉનસે આશા કરતે હૈં.

આનેવાલે સમય મેં આગમ મનીષી મુનિરાજ શ્રી કા યહ સાહિત્ય અત્યધિક ઉપયોગી હોગા.

**આગમ પ્રેમી વિદ્વાન શ્રમણ શ્રી જ્ઞાન મુનિજી મ.સા.(લુધિયાના—પંજાબ) :** આપને આગમ સેવા કે મહાપથ પર જો ચરણ ચિહ્ન સ્થાપિત કિયે હૈં વે સચમુચ સરાહનીય એવં અનિનંદનીય હૈં. કિન શબ્દોં મેં મૈં આપકા ધન્યવાદ કરૂં સમઝ નહીં પા રહા હું. ફિર સે આપકા મન કે ઔદાર્ય કે સાથ ધન્યવાદ.

આપકા યહ પ્રયાસ જૈનાગમોં કી એસી સેવા હે જો સદા સ્મરણ રહેગી. આગમોં કે સારાંશ બડી સુંદર ઔર પ્યારી ભાષા મેં લિખે ગયે હૈં લેખક મુનિવર કો ધન્યાવદ.

આપકી ઈસ આગમ સેવા કે લિયે હૃદય કે કણ કણ સે ધન્યાવદ. આપકા બુદ્ધ શુદ્ધ પ્રયાસ અભિનંદનીય એવં અભિવંદનીય હે.

સચમુચ શાસ્ત્રોં કા નવનીત હી નિકાલા ગયા હે. આગમ મનીષી શ્રી તિલોક મુનિજી કા હાર્દિક ધન્યાવદ.

મૂર્તિપૂજા જૈનાગમ વિપરીત નામક પુસ્તિકા પ્રાપ્ત હુઈ. પઢકર મન કો અપાર હર્ષ હુઆ. યહ ઠીક હે કિ આજકલ ખંડન કા યુગ નહીં હે પરંતુ જો વ્યક્તિ સ્થાનકવાસી માન્યતા કી ખંડના(ભર્ત્સના) કરે ઉસકા ખંડન તો હોના હી ચાહિયે.

અપની માન્યતા કા પ્રસાર કરના જન—મન તક ઉસે પહુંચના હમારા કર્તવ્ય બનતા હે. આપ ઈસ દિશા મેં પૂર્ણતયા જાગરૂક હૈં એતદર્થ ધન્યવાદ.

**તપસ્વી રત્ન શ્રી મગન મુનિજી એવં પં.ર. શ્રી નેમિચંદ્રજી મ.સા. (અહમદનગર) :** પુસ્તકેં મિલી બહુત બહુત ધન્યવાદ. પુસ્તકોં કી છપાઈ સાફ સુથરી સુવાચ્ય એવં શાસ્ત્રોં સે સંબંધિત મૂલાર્થ તથા આધુનિક પરિપ્રેક્ષ્ય મેં ઉઠનેવાલે પ્રશ્નોં કા સટીક સશક્ત સમર્થ સમાધાન ભી સુંદર ઢંગ સે દિયા ગયા હૈં.— **લેખક — વસંતલાલ પૂનમચંદ્ર ભંડારી**

**શ્રમણ સંઘીય ઉપપ્રવર્તક શ્રી પ્રેમ મુનિજી મ.સા. (ગાંવ બડૌદા—હરિયાણા) :** ૩૨ સૂત્રોં



કા સારાંશ રૂપ ૩૨ સૂત્રોં કા લેખન કાર્ય આપને અતિ પરિશ્રમ કિયા હે જો અત્યંત પ્રશંસા કે યોગ્ય હે.

શ્રાવક કે ૧૨ વ્રતોં કી ૧૪ નિયમોં કી પુસ્તકેં પઢ઼ી, બડી અચ્છી લગી. પ્રત્યેક વિષય કા પ્રતિપાદન બહુત સુંદર ઢંગ સે તથા સ્વ અનુભવ સે કિયા હે . ભાવના તો યહી રહતી હે કિ આપકે સભી સૂત્રોં કો યથાશક્તિ પઢ લૂં. અભી થોડ઼ે રૂપ મેં પઢે હૈં.

મેરા યહ ભી આત્મ વિ√ાસ હે કિ આપકે ઈન સૂત્ર સારાંશોં કો સમસ્ત સાધુ-સાધ્વી પસંદ કરેંગે. કારણ યહ કિ યે શીઘ્ર સમઝ મેં આ જાતે હૈં.

**શ્રુતપ્રેમી વિદ્વાન શ્રી ભાસ્કર મુનિજી મ.સા. (ગુંદાલા—કચ્છ) :** આપ આગમ શ્રુત કી અચ્છી સેવા કરતે હૈં એતદર્થ ધન્યવાદ.

પૂજ્ય શ્રી તિલોકમુનિજીને અપને આગમ જ્ઞાન કા ચતુર્વિધ સંઘ કો અપૂર્વ લાભ દિયા હે અતઃ સાધુવાદ.

આજ કે યુગ મેં જહાં દેખો વહાં સમય કા અભાવ હે. છોટી જિંદગાની મેં આગમ રત્નાકર મેં ડુબકી લગાકર રત્નોં પાના મુશ્કિલ હે. એસે સમય મેં બત્તીસી કા સંક્ષેપીકરણ કી યોજના અતિ અતિ સમાદરણીય, નીતાંત આવશ્યક હે એવં સ્વાધ્યાયશીલ સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા કે લિયે અતિ હિતકર હે.

પૂજ્ય મુનિરાજ શ્રી કા પુઢષાર્ષ ઉત્તમોત્તમ હે. જિન શાસન પર મહત્ ઉપકાર સદા બના રહેગા. પૂજ્ય મુનિરાજ શ્રી કો એવં પ્રકાશન સમિતિ કે સભી કર્ણધારોં કો એસી યોજના બનાને કે સ્વપ્ન દષ્ટાઓં કો હમ હાર્દિક અભિનંદન સમર્પિત કરતે હૈં.

ગુજરાતી ભાષા મેં ઈન બત્તીસી કા અનુવાદ યથાશીઘ્ર પ્રારંભ કરના પરમ આવશ્યક હે. અગર ગુજરાતી ભાષા મેં અનુવાદ કી યોજના બનાઈ જાય તો વૃહત્ લીંબડી સંપ્રદાય કે કચ્છ ઔર સૌરાષ્ટ્ર ગુજરાત કે ચાતુર્માસિક બડે બડે ક્ષેત્રોં કે જ્ઞાન ભંડારોં કે લિયે આવશ્યક હે તાકિ ઉન ક્ષેત્રોં મેં વિચરતે હુએ પૂજ્ય સંત સતીજીઓં એવં સ્વાધ્યાય પ્રેમી સુશ્રાવકોં કે લિયે બહુત લાભપ્રદ સિદ્ધ હોગેં. આપ આગમ શ્રુત કી અનુપમ સેવા કર રહે હૈં એતદર્થ પુનઃ ધન્યવાદ.

**લેખક— ભાવેશ કુમાર દેઢિયા**

**જૈનાગમ નવનીત—૭**

**મીઠી મીઠી લાગે છે મહાવીરની દેશના**

**॥ તત્ત્વ શાસ્ત્ર : ખંડ—3 સંપૂર્ણ ॥**

## સૌજન્ય દાતાઓને આભાર સહ ધન્યવાદ

૧. શ્રી શરદભાઈ જમનાદાસ મહેતા, રાજકોટ
૨. સ્વ. પ્રભાબેન મોહનલાલ મહેતા(ગુઢકુલવાળા) પોરબંદર
૩. શ્રીમતી ભાવનાબેન વસંતલાલ તુરખીયા, રાજકોટ
૪. શ્રી લાલજી કુંવરજી સાવલા (તુંબડી), ડોંબીવલી
૫. શ્રીમતી જ્યોત્સનાબેન પ્રકાશભાઈ વોરા, રાજકોટ
૬. શ્રી નવલ સાહિત્ય પ્રકાશન ચેરીટેબલ ટ્રસ્ટ, સુરેન્દ્રનગર
૭. શ્રીમતી મધુબેન રજનીકાંત કામદાર, રાજકોટ(તરંગ એપા૦)
૮. શ્રી નરેન્દ્રભાઈ શાંતિલાલ કામદાર, લાતુર
૯. શ્રીમતી કીનીતાબેન દીલીપકુમાર ગાંધી, રાજકોટ
૧૦. શ્રી નંદાચાર્ય સાહિત્ય સમિતિ, બદનાવર
૧૧. શ્રી પ્રફુલભાઈ ત્રીભોવનદાસ શાહ, રાજકોટ
૧૨. શ્રી મનહરલાલ છોટાલાલ મહેતા, રાજકોટ.
૧૩. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, મલાડ (વેસ્ટ)
૧૪. શ્રી આચાર્ય ૐકારસૂરિ આરાધના ભવન, સુરત
૧૫. શ્રી હરીલાલ મંગળજી મહેતા, મુંબઈ
૧૬. ડૉ. ભરતભાઈ સી. મહેતા, રાજકોટ
૧૭. ધીરેન્દ્ર પ્રેમજીભાઈ સંગોઈ, માટુંગા
૧૮. શ્રી ચંદુભાઈ વોરા, મોમ્બાસા
૧૯. ડો. સુધાબેન ભૂદરજી હપાણી, રાજકોટ(૮ સેટ)
૨૦. શ્રી શાંતિલાલ છોટાલાલ શાહ (સાયલાવાળા) અમદાવાદ
૨૧. શ્રી વલ્લભજી ટોકરશી મામણીયા, મુંબઈ
૨૨. શ્રી મણીલાલ ધનજી નીસર, થાણા

જૈન શ્રમણોની ગોચરી અને શ્રાવકાચાર – પ્રકાશિત થઈ ગયેલ છે.
(પોકેટ સાઈઝમાં) મૂલ્ય : રૂા. ૫/–
૧૦૦ અને તેથી વધારે માટે મૂલ્ય : રૂા. ૩/–